No. 8

Presented to the
Bombay Branch of the
Royal Asiatic Society
by
Byramji Nusserwanji
March 10-1874. Servai Esq

EX-9-22.

No. 8

Presented to the
Bombay Branch of the
Royal Asiatic Society
by
Byramji Nusserwanji
Servai Esq
March 10 - 1874.

Ex - 9 - 22.

અપરાધીઓની શેશનમા ચુકેલા

દોખમાને લગતા મુકદમાનો

તુલોતવીલ હેવાલ,

એ મુકદમાને લગતા

વરતમાન પતરોના મત

તથા

અગતજોગ નોંધો

અને

ખોલાસેવાર દીબાચા તથા સાંકલીઆં સાથે.

છપાવી પરગટ કરનાર

કેખોશરો નવરોજજી કાબરાજી.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાંનાના મધે

બેહરામજી ફરદુનજીની કુંપનીએ છાપીઉં છે.

કોટ—બેહરામજી હોરમજજી સ્ટ્રીટ, ના૦ ૬ તથા ૧૧.

સને ૧૮૭૩ ઇસવી.

દીબાચો.

મુંબઈ શેહેરમા ચોપાટી ખાતેની દોખમાવાલી ડુંગર ઉપરની જરતોશતી ફેરકાની ધરમની મીલકતને લગતા મોટા મુકદમાના હેવાલના આ સાથે જોડેલા સફાઓ આલમના લોકોને જાણવા તથા વાંચવા કીજે તથા હવે પુછેના વખતને માટે નોધ તથા બોધ કીજે પરગટ કરી વાંચનારી ખાશ વ આમની હજુર રજુ કરવામા આવયાછે. સાધારણ મારામારી કરતાં પણ નાહના વાંકને લગંતા એક મુકદમાનો એક કામન જુરી આગળની તપાસને એટલી અગતનું રૂપ આપી દેવામા આવયું કે તેને માટે ગીરગાંમની પોલીશ કોરતમા ૧૧ દીવશ શુધી તપાશ ચાલીઆ ઉપરાંત મુંબઇ ઈલાકાની વડામા વડી અદાલતની દેત્રરાંએ નવ દીવસ સુધી ધારા જાણનારા અંને ઈનસાફના કરનારાઓને રોકાવું પડયું, જરતોશતી ફેરકાને નજદીક તીસ હજાર રૂપીઆના મોટા ખરચને ઘર જાવું પડયું, મહીનાઓ સુધો તેને લગતી અનેક પરકારની ચરચા જારી રહી અને તેના શેવટના ફળ તરીકે આ દલદાર ચોપાનીઆમાં તે સરવેની નોધ જાલવી રાખવાની જરૂરીઆત માલમ પડી—એવું મોટું રૂપ અને અગત એ મુકદમાને કેમ અને સા માટે મળયું તેના ખોલાસામા થોડાક શબદો હેઠલ લખવાની રજા લઈએ છઈએ.

આ મોટા મુકદમા મધે પેહેલાં પોલીસ કોરટમાં પોણાસો અને પછે હાઈ કોરટમા અડધા સો પારસી ભાઈઓ ઉપર હુલડ અને ફેંસાદ કરવાનો અનેઆએ મેળવામા આવયો હતો. એ અનેઆએ તરફ નહી પણ એ શંખયા તરફ જોતાં તરતજ એ મુકદમાની અગતનો ખોલાસો મળી આવેછે. આ અનેઆએ કાંઈ એકાદ બે ખાનગી આસામીઓ ઉપર કાંઇ ખાનગી ટંટાસર ઉભો થયો નહી હતો, પણ આટલાબધા માંણસો જાંહાં સામેલ હોય તાંહાં ઘણું કરીને બનેછે તેમ, એક જાહેર ઇઆને પરજા સંબંધી, સરવે લોકોની સાધારણ મકસદ અને સાધારણ બાબત સંબંધી, એ ટંટો ઉઠયો હતો. વળી જે જગા ઉપર અને જે જગાને લગતો આ ટંટો હતો તે જગા તરફ નજર કરતાં, કસી મારામારી થવા વગરના "મારામારી" ના આ મુકદમાને આટલીબધી મોટાઈ મળવાનો બીજો સબબ મળી આવેછે. એ જગા હેવી કીશંમનીછે કે જે કુલે આદમ જાતને વાહાલામા વાહાલી લાગે છે, જેને સરવે લોકો પવીતરમા પવીતર ગણેછે અને જેને માટે તેઓ મો

ટામા મોટું માન ધરાવેછે. એ જગા તેછે કે જે ઉપર ફકત મુંબઈનાજ જર તોશતી અનજુમનનો નહી પણ દેશ પરદેશ ચોખુંદ પરૂથવીના દર એક ભાગ ઉપર વસનારા જરતોશતીઓનો હક અને તાલુકો છે, જે ઉપર પારસી નામેની નજર ગંભીર માન સાથ, વાહાલી યાદદાસતો સાથ અને દીલોજાંનો ભરેલી મોહોબત સાથ ખેંચાયલી રેહછે.

તેવી ઉતમ જગાને લગતા ખાશ અને પવીતર હકના બચાવ ઉપરથી આ ટંટો ઉઠયો અને તેમાંની ચરચામા આખા ટોલાના લોકો સાંમેલ થયા એટલે પછે આ મુકદમો અનેઆએમાં ગમે એટલો નજીવો હોય પણ અગ તમાં અતી ઘણો વધી જાય એ ખુદરતી છે. ટુકમાં કહીએતો આલમની મીલકતના બચાવને માટે ઉપાયો કરવામાં આલમે ભાગ લીધો—એ આ સરવે ખોલાસાનો સાર છે, અને જારે આલમ એક કાંમમાં ઉલટ અને ઈનતેજારી પકડે તારે તે કાંમ મોટું કેહેવાય તેની નવાઈ નથી. અને તે ઈ નતેજારી તથા ઉલટ પણ કાંઈ અનઅરથ અથવા અકારત નહી હતી. દુનીઆંની હસતી આગળ માણસની ઉમર કાંઈ બીસાદમાં નથી. જમાનાઓ અને સદીઓ અને હજારો શાળના યુગોના અરસામાં માણસ પલેપલ જનમેછે અને પલેપલ પોતપોતાનો ખુદરતે સરજેલો ભાગ બજાવી પાછો અટવાઈ જાયછે. કવી પોપના બોલોમાં માણસ ને માતર "આસપાસ લગાર નજર ફેરવવા અને પાછો મરી જવા નેજ" વખત મળેછે. પણ એ વખત જોકે ટુંક છે, તોપણ આ દમીની મોટામા મોટી ઉમેદજ એ છે કે આ જીંદગીના ટુક વખત કરતાં મોત પછેના હજારો શાલના લાંબા વખતમાં—બલ કે અનંત હમેશગીમાં—તેનાં હાડકાં અને મીટી ઠર પડે તથા રંજલ તાં નહી થાય. જરતોશતીઓનો એવો જે શેવટનો આરામઘા, જાં હાં બુજરગવારોના હજારો વાહાલાં રવાંનોને આસાએશ મળેલી અ ને જાંહાં વાહાલામાં વાહાલાં ખેશ કુટંબોનો વાસો થયલો, તાંહાં જારે દુશમની ભરેલી દુરવંદીની તરાપનો પંજો માલમ પડયો તારે તેના બ ચાવને માટે પારસીઓ જહનુનથી બાહેર પડે એમા નવાઈ નથી.

એતો આ અસલમા નજીવા મુકદમાને અગતનું રૂપ મળવાના ખુદરતી શબબો થયા. પણ વળી આ મુકદમાં પાછળ જે તન અને મનની મેહેનત તથા ધન અને વખતનો ખરચ કરવામાં આવયો, જે ચરચાના રજાલાં બાજારમાં જુબાંનના સોદાની ઉથલ પાથલ થઈ અને તકરારના મેદાંનમાં કલમની કતલ તથા શાહીની રેલ ચાલી તે સરવેના બીજા કેટલાક આરકતરા શબબો હતા. તે સબબો આ ટં ટાની વેળા સતાવાલાઓની ચાલથી મળયા હતા. જેઓનું કાંમ ર ઈએતમાં સુખ, સંપજ અને સગવડ સાચવવાનું, તે સતાવાલાઓએ આ મુકદમાં મધે બેહુ બોરદને સરખી નજરે જોવા અને સરખા વી

ચારે તપાસવાને બદલે એક બોરકુની પખશમાં ભેલાઈ જવાની ભુલ કીધી; તેઓએ અદલાઈ અને વાજબીપણાથી અલગ રહી બેહુ પખ શકારોને પોતપોતાની બોરકુ સાબેત ઈઆ નાસાબેત કરવા દેવાને બદલે પેહેલેથીજ આ મુકદમા મધે માથું ઘાલીને એક પખશની તરફેણમાં ભાગ લેવા માંડયો. એવી જે બોરકુ સતાવાલાઓએ હાથ ધરી તે ડુંગરની જગોના માલેક જરતોશતી આલમની વીરૂધની પખશ હતી. એ બીનાએ ઉપલા મુકદમાને જેવું મોટું રૂપ આપયું તેવું બીજા કોઈ સાંધનથી બનયું નહી હશે. જરતોશતીઓની પવીતર મીલકત ઉપર ખાંનગી દુશમનની ઈઆ સવારથને લીધે ગમે એટલો ધસારો થાયતો જરતોશતી અનજુમન પોતાનો બચાવ કરવા અને સાંમી બોરકુ ઉપર પોતાનો દાવો ખરો ઠરાવાને પુરતી રીતે શકતીવાન હતી. પણ જારે સાંમી બોરકુના તે ખાનગી આસામીઓ સરકારી અમલદારોની સતા સાથની મદદથી સામી હરોલમાં ઉભેલા માલમ પડયા, જારે એવું જણાયું કે જે સતાવાલાઓથી આપણે દાદખાહી ચાહાવાની અને ઈનસાફ મેળવવાનો તેજ સતાવાલાઓ આગમચથી વચે પડી ચુકેલા હતા, એટલુંજ નહી પણ સાંમી બાજુએ સરકારી વગ, હોધા અને નાણાની વટીક મદદ આપી ચુકેલા હતા, તારે તેજ સતાવાલા જોડે પોતાને માટે મદદ અને ઈનસાફ મેળવવાનું એટલું મુશકેલ દીસવા લાગું કે જરતોશતી અનજુમનને ગમે તે થાય તોપણ શેવટ સુધી લડવાની પુરતી હીમત તથા પુરતી તાકાત હોવા છતાં—તેઓને ઘણો ધભરાટ અને કચવાટ, ઘણી બેદીલી અને ઉદાસી, ઘણી નામુરાદી અને નાસીપાસી પેદા થઈ હતી.

આ પરમાણે સાંમી બોરકુની તરફેણમાં નામદાર સરકાર તરફથી સરકારી તીજોરીને ખરચે સરકારી વકીલની મારફતે મદદ મળી હતી. પાસેના સફાઓ કહી આપશે કે આ મુકદમો એક ખાનગી મીલકતના હક અને દાવા સંબંધી હતો, જે હક બજા લાવતાં અગર બખેડો પણ થયો હોય તોપણ તેમાં સરેસતાની અને સદાની ધારા પરમાણેની રીતીઓને પડતી મેળીને એક પખશની તરફ થવા, બલકે જેમ આ વેળા સતાવાલાઓએ કીધું તેમ એક પખશને ટંટામાથી ખસેડી મેળી પોતેજ તે પખશ માથે લેવા, પોતેજ તે ફરીઆદી ચલાવા, પોતેજ પોતાને નામે, પોતાના ખરચે, પોતાના વકીલોથી કામ કોરટે ચહડાવાને તે સતાવાલાઓને કાંઈજ કારણ નહી હતું. આ પાસેના સફાઓ માહેલો ફરીઆદીની પોતાની તરફનો હેવાલ દેખાડી આપશે કે આ મુકદમાંના ખરચ અને મેહેનતમાથી ડુંગરવાડી ઉપરના દુરવંદ દાવાદારો ખીસી ગયા અને બચી ગયા, એવી રીતે નામદાર સરકારને જે વચે નાખવામા આવી, તેમા સરકારે સરીઆમ ભુલથાપ ખાધી હતી

અને સતાવાલાઓની એ ભુલથાપથીજ ઘણું કરીને આ મુકદમો મોટો, લંબાણ અને અગતનો થઈ પડયો હતો. સરકારે પોતેજ સાંમે થઈ કામ ચલાવાથી જરતોશતીઓ પોતા ઉપર એક ખોટો કલંગ લાગવાના ભયમા આવી પડયા. પોતાના હક તથા દાવાના ખરાપણા છતાં સાાંમાં ખોટા દાવાદારોની પખશમાં સરકારી મદદ નોધાયલી જોઈ અને પારસીઓને ફોજદારીમાં સરકારે પોતે ઘસડેલા જોઈ આખી જરતોશતી આલમે પોતાની સુલેહ સંપજ, પોતાની વફાદારી અને પોતાની નામદારી ઉપર નાહેક દાઘ લાગવાની વાજબી ધાસતી ખાધી અને તેથી તન, મન અને ધનના પુરતાં બલ સાથ પોતાનો બચાવ કરવાની ફરજ તેમને માંથે આવી પડી.

અગરજો ડુંગરવાડી ઉપરની મીલકતના સામા દાવાદારોને આ પરમાંણે નામદાર સરકારને નામે મદદ મળી નહી હતેતો આ મુકદમો એટલો લંબાણ અને ભારી થતે નહી. તે સામી બોરદુના ખાંનગી આસાંમીઓ જરતોશતી આલમના કેહેવા મુજબ પોતાના ખોટા દાવાને થકી આટલોબધો ગરથ ખરચીને ગરજ અને ગજા ઉપરાંત કજીઓ ચલાવા સરખું કરતે નહી. અગર કજીઓ લડવાને તેમને અગત પડતે તોપણ તેઓ કજીઆનું પુછડું આવું નકામું નહી લંબાવતે. વળી બીજા હાથ ઉપર અગર આ ટંટો મુદલ મંડાયો હતે તોપણ જરતોશતીઓને આટલું લંબાંણ જવાની પણ જરૂર રેહેતે નહી અને એ રીતે આ ટંટાનું ટુકમાં શેવટ આવતે, કદાચ પોલીસમાંથીજ તેનો ચુકાદો થઈ જતે. અગરજો સતાવાલાઓ અણઘટતી પખશમાં આડી રીતે વચે પડયા નહી હતેતો આ મુકદમો ફકત એક ખાનગી ટંટાની હદમાં રેહેતે અને જે થોડાક પારસીઓ તથા થોડાક જુદદીનો વચેનો એક નજીવો બખેડો હતો તે એક બાજુએ સરકાર અને બીજી બાજુએ આખો જરતોશતી રઈએત વચેના મુકદમાં સરીખો નહી થઈ પડતે. હીંદુસતાંનમાં ઈંગરેજ સરકારની પારસીઓ સરખી એક પણ પરજા મળવી મુશકેલ છે. જેમ વેપારમાં તેમ વેપારની બેહેન આબાદાંનીમાં, જેમ ઉદયોગમાં તેમ ઉદયોગની ઉતપંતી ચઢતી કળામાં, જેમ દોલતમાં તેમ દોલતના સુલ ઉપયોગ શખાવતમાં, જેમ કેળવણીમા તેમ કેળવણીના ફળ સુધારામા પારસીઓએ જેટલો ભાગ લઈ રાજની ખીલવણી અને વરૂધીમાં મદદ કરીછે તેટલી કોઈ રઈએતે કરી નહી હશે. પણ ઈંગરેજ સરકારની માયા અને મેહેરબાંની ઉપર પારસીઓનો વધારે મુસતકીમ દાવો તેમની અખુટ, અથાગ, અપરમપાર વફાદારીથી છે—વફાદારી રાજ તરફ, વફાદારી વાવટા તરફ, વફાદારી રાંણી તરફ, વફાદારી રાજ કુટુંબ તરફ ફુનતા ઝહરાની મુઆફેક

જોસથી અને જીગરથી હંમેશ અને હરપલ, દીન અને રાત દોડેછે. તેવી એકમારગી, ઉદાર, અને આબરૂદાર રઇએત વીશે સરકારે વસ વસા ભરેલી રીતે આ મુકદમો ઉભો કરયો એટલે સાઇરસ અને દા રાએસની આ ઉધરતી ઓલાદને ભારી ખેદ પેદા થયો અને એ રીતે આ મુકદમાં ઉપર આખી આલમનું મન રોકાઈ ગયું.

સતાવાલાઓની આ આપખુદ, જાસતી ભરેલી અને દુખદાએક ભુલ અને ગફલતનો મુખીઅ ઠપકો એ વખતના મુંબઈનાં પોલીસ ખાતાંને માંથે લાગુ પડયોછે. એ ખાતાંએ જરતોશતીઓની સામી પખશમાં હદથી જીઆદે એકતરફી વલાંણુ દેખાડવાથી આ મુ કદમાએ એ માનવંત ફેરકામા નહી ધારેલી ઉસકેરણી પેદા કરી હતી. પાસેના સફાઓ માહેલા સાદા સવાલ જવાબ જાબજા દેખાડી આપશે કે ડુંગરવાડીની પવીતર મીલકતના જે ભાગ ઉપર આ બખે ડો.ઉભો થયો તે ભાગ ઉપર આજ ઘણા વરશ થયાં સાંમી બોરકુના દાવાદારો ઉભા થયાછે. તેઓએ પોતાનો દાવો તથા હક બજા લા વવાના એકથી વધારે વાર ઉપાયો કરેલા હતા, પણ તે દરએક વેળા જરતોશતી અનજુમનની તરફથી તે દાવાદારોની સામે થવામા આવ તું હતું, અને તે વેળા જે કાંઇ ઉપાયો લેવાતા હતા, તે આ છેલી વાર જે ઉપાયો લેવામા આવયા અને જે ઉપરથી સતાવાલાઓએ આટલી ગડબડ મચાવી તેથી કોઇ પણ પરકારે જુદા ઉપાયો તે મજકુર ન હી હતા. તે ઉપાયો એજ કે અગંરજો દાવાદારો આ મીલક ત ઉપર કાંઇ પણ જાસતી ભરેલો ધસારો લઇ આવેતો તેમને હાંકી કાહાડવા. અલબતાં ધારાને લગતો દરએક ઉપાય લે વાની તે દાવાદારોને પુરતી છુટ હતી, પણ આ બખેડાના વખત સુ ધી કોઇબી વખત ઉપલા દાવાદારોએ પોતાનો દાવો ધારાંની કોરટમા સાબેત કરયો નહી હતો, બલકે તેઓ એ વોશે ધારાની અદાલતની દેવ રીએ વટીક કદી ચહડયા નહી હતા. તેઓએ પોતાનો દાવો ખરો કરવા માટે ઉપાયમા ઉપાયજ માતર એ કરયો હતો કે થોડાં થોડાં વર શને ગાલે મીલકત ઉપર ધસી આવીને ધામો નાખવો. અલબતાં એ કસું ધારા પરમાણે નહી હતું, પણ પારસીઓ તરફથી તેમને જ બરાથી હાંકી કાહાડવા એ સરીઆમ ધારા પરમાણે હતું અને ધારાની સલાહ પણ તેવીજ મળી હતી.

આ સલાહના ઘંણા કારણો હતાં. જરતોશતી ટોળો આ મીલક તના કબજામા હતો, એટલે ધારાનો આસરો લેવાની ફરજ સામા દાવા દારોની હતી અને તેઓ જો ધારાની અદાલતમા નહી જાયતો પારસી ઓએ જવું એતો ખચીત બેહુદું હતું. પારસીઓએ માતર પોતાના કબજા ઉપર મુસતકીમ અને મુસતાક રહી દાવાદારોના હાથમા કબજો

જવા નહી દેવો એટલુંજ જરૂરનું હતું. ઈંગરેજી ધારાનો એક પર
સીધ અને માન ભરેલો કાનુન આ કેહેવતથી પરખેઆત થયલોછે કે
"દરએક માણસનું ઘર તેનો કીલલો છે" અને તેની મતા ઉપર તેની
રજા વગર પગ મેળવાનો કોઈ પણ બેગાનાને હક નથી. પણ જો તે
એવી જાસતી ચલાવા જાયતો તેને બરજોરાંથી બાહાર કાહાડવો એ તે
મીલકતના માલેકનો ખુદરતીજ નહી પણ ધારાથી સાચવેલો હક છે.
પોતા ઉપર એવી ચાલને માટે ગુજરતી જબરી અથવા બરજોરાને ધા
રો પીછાણતો નથી ઈઆ ઈનસાફ આપતો નથી પણ તેઓને હાંકી
કાહાડવાના મારગને ધારો પીછાંનેછે તથા બાહાલ રાખેછે.
ધારાની સલાહ એવી મળી હતી કે જારેબી ટંટો ઉઠે તારે જર
તોશતી અનજુમને એ ટંટામા વાદી નહી પણ પરતીવાદી થઈને
કોરટમા જવું, અને તેથી આ દાવાદારો તરફ અનજુમને પકડેલો ઉપલો
મારગ કેવલ ઉપલી ધારાની સલાહને અનુસરતો હતો. એ વાજબી મારગ
માં આજસુધી પોલીસના સતાવાળાઓ તરફથી જરતોશતી અનજુમન
ને ટેકો મળયા કરતો હતો. આ પુસતકની શેવટે આપેલા દસતાવે
જો ઉપરથી જણાશે કે આગળ મજકુર દાવાદારોને ડુંગરવાડીનો પાક
જમીન ઉપરથી જારેબી હાંકી કાહાડયા તારે પોલીસને તે વીશે ખબર
કરવામાં આવતી હતી, પોલીસ એ કાંમથી વાકેફ હતી અને તેમનો
એ કાંમમાં ઘટતો ટેકો પણ હતો.

એજ પરમાંણેના વાજબી મારગ ઉપર જરતોશતી આલમ તરફથી
આ છેલી વેળા પણ ચાલવું કરયું હતું. પણ આ વેળા ઉપલા દાવા
દારો વધારે મજબુતીથી અને વધારે મદદ સાથે વધી આવયા હતા
અને તેથી જરતોશતીઓ તરફથી પણ ઉપલા ઉપાયો વધારે મજબુતી
સાથ લાગુ કરયા હતા. આ મુકદમાના સાહેદોઓ કેહેછે કે આ વે
ળા તે દાવાદારો અચબુચ ધસી આવયા હતા; આ વેળા તેઓએ
એક દીવસ અને એક રાતમાં વાંધા ભરેલી જગા ઉપર ચાલી અને
જુપડાં ઉભાં કરી દીધાં હતાં; તેને માટે તેઓ ઘડેલાં લાકડાં અને
સામાંન આઈનો લાવયા હતા; તેને માટે તેઓએ એક "ગોરા સાહે
બ" ને ઉપરી તરીકે એક મોટા તંબુમાં લાવી રાખયો હતો; અને
છેલે પરદેશીઓ તથા પઠાંણોની એક ફોજ સાથ તેઓએ તાંહાં આ
ધસારો આણયો હતો. એટલુંજ નહી પણ વધારે ઘભરાટ ઉપજાવના
રૂં એ હતું કે તેઓ આ વેળા પોલીસની મદદ સાથ આવયા હતા.
તેઓ ચાલી બાંધવા આગમચ જમીન માંપી ગયા, તે વેળા પોલીસની
મદદ હાજર હતી; તેઓએ ચાલી બાંધી તે વેળા પોલીસની હાજરી
માલમ પડતી હતી; તેઓએ દોખમાંની પહોશમાં સુરંગો ફોડી અને
ડુંગર ખોધી ખણી નાખવા માંડયો તે પોલીસની રજાથી કરયું. આવી

મજબુતી સાથ તેઓ આવી લાગા હતા. શાંમે બાજુવાલાની એટલી મ જબુતી છતાં અનજુમનની તરફથી જે ધણીને એ જગો ભાડે આ પેઆમાં આવીછે તે ધણીએ ઘટતા ઉપાઓથી મચકુર મીલકતનો કબજો પોતાના શવાધીનમાં લીધો, ખોટા દાવાદારોને હાંકી કાહાડયા અને એ જગો ઉપર અંમલાની જે નડ હતી તે કોઈનેબી ઈજા ક રીઆ વગર તોડી પાડી. પોલીસની આપખુદીથી પારસીઓ આ મીલકત ઉપરથી પોતાનો કબજો તરતજ પાછો ખોહી બેઠા તેનો આ વખતે આપણે વીચાર કરતા નથી.

હવે આ બનાવોના સંબંધમાં મુંબઈ શેહેરના પોલીસખાતાંએ જે ચાલ ચલાવી તે કેટલી ભુલ ભરેલી અને ઠપકાને લાએક હતી તે હીઆં જણાવવાની અગત નથી, કેમકે આ પુસતકમાં આપેલા એક તરફથી બંધવાઓના બચાવના ભાશણો અને બીજી તરફથી મુકદમા ઉપર વરતમાંન પતરોના મત પોલીસ ખાતાંની એ ભુલ અને ખાં મી જાબજા કહી આપેછે. હીઆં તે સઘલી ચુનોચરાની વધારે ખો લી સમજ આપવા બાબે સારાઉંસમાં એટલુંજ કહીશું કે પોલીસને લા ગુ પાડેલો આ સઘલો ઠપકો તરણ મુખીઅ કાંમોના સંબંધમાં છે. એ તરણડે વખતે અને તરણડે કાંમોમાં પોલીસે જે જબરી અને જાસ તી વાપરીછે તે ઈનસાફનો અદાલતમાં પુરેપુરી ઉઘાડી પડીછે અને બાર આબરૂદાર માણસોની જુરીએ એ પોલીસખાતાંના રજુ કરેલા પચાસે પચાસ બંધવાઓને છોડી મેળયા એટલે એ પચાસ બંધવા ઓ તરફથી રજુ થયલી એ ખાતાંની ફરીઆદને તે જુરીએ બાહાલ રાખીછે એમ ગણાઈ શકાય. એવાં જે તરણ મથાલાં હેઠલ પોલીસ ની આ સઘલી વરતણુક વેંહેંચાઈ શકાયછે તે આ પરમાંણેછે:— પેહેલું એકે—સાંમી બોરદુવાલાઓને જમીન માંપી તથા તે ઉપર કાંમ ચલાવી જમીનનો કબજો લેતી વેળા એ ખાતાંએ મદદ આપી; બીજું—તેઓને ધારા પરમાંણે જમીન ઉપરથી હાંકી કાહાડતી વેળા પોલીસે તે લોકોને અણઘટતી મદદ આપી; અને તરીજું એકે— તે વેલા જરતોશતીઓ ઉપર અણઘટતી જાસતી તથા શખતાઈ એ ખાતાંએ વાપરી. હવે આ દરએક મથાલાં હેઠલની પોલીસની વરત ણુકનો સેજ ગોર કરીએ, તે એટલાજ માટે કે આ મુકદમાંની તપાસ પુરી થવા પછે એ ખાતાં ઉપર જારે ચોમેરથી પરજા મતના પોકારના બાંન છુટાં, તારે એ ખાતાં તરફથી એવો બચાવ કરવામાં આવયોછે કે તેઓએ જે કાંઈ કરયું તેથી પારસીઓની સાંમેના દાવાદારોની કો ઈ પખશ ખેંચી મદદ આપી નહી હતી પણ પરજાનો સુલેહ જાલ વવાની માતર ફરજ બજાવી હતી. હવે પોલીસે જે કાંઈ કીધું તે જાંણી બુજીને અથવા પારસી ટોલાને હીનુ લગાડવાના હેતુથી કર

યુંછે, એમ આપણ કેહેતા નથી, પણ પોલીસે ઘણીજ ઠપકાને લાએક ગફલત એ વરતણુકમા દેખાડીછે, તેમાં કશો શક નથી, અને હવે એ ભુલ સામે થયલા પોલીસના એ બચાવની ટુક તપાસ લેવાની આ દીબાચામાં તક મળેછે.

પેહેલું—સામા દાવાદારોએ જમીન માંપીને કબજો લેતી વખતની પોલીસની વરતણુક.—પોલીસખાતાં તરફથી બચાવ કરવામાં આવેછે કે આ દાવાદારોએ ખબર આપી કે અમારી જમીનનો કબજો લેવા જતી વખતે પારસીઓ બખેડો કરશે એવી ધાસતી છે; તેટલા માટે તે વખતે સુલેહની જાલવણી કરવા સારૂં પોલીસખાતાંએ પોતાના માણસો આપયાં હતાં. આ દલીલ પોતેજ પોતાને ખોટી પાડેછે. અગરજો એક બોરદુ પોતાની મીલકતનો કબજો લેતી વેળા સાંમી તરફથી મારામારીની ધાસતી દેખાડેતો પોલીસે તે મારામારી થાય તેની સમાધાની કરવા જવું નહી જોઈએ, પણ તે મારામારી થવાની આગમચથી તેને અટકાવવી જોઈએ, તે મારામારીનું જે મુળ—આ કબજો લેવાનું કાંમ—તેને અટકાવવું જોઇએ. એક મીલકતનો કબજો લેતી વેળા અગરજો મારામારીની ધાસતી હોયતો એક બચું પણ કહી શકે કે તે મીલકત ઉપર કોઈ બીજાઓનો દાવો હોવો જોઈએ અને એ રીતે જે મીલકત વાંધામાં હોય તેમાં એક બોરદુવાલાને કબજો લેતી વેળા વચે પડવાથી પોલીસે દુર રેહેવું જોઈએ. મીલકતનો કબજો લેવા ઇચ્છા ખોહોવાની દાદ આપવી એ દીવાંની અદાલતોનું કાંમછે; પણ તેવા ટંટામાં પોલીસથી એક બાજુવાલાની પખશ લીધા વના વચે પડી શકાયજ નહી; જારેબી પોલીસ એવા દીવાંની કાંમના વાંધામાં વચે પડે તારે એકુ જણને ગેરવાજબી મદદ અને બીજાને ગેરઈનસાફ થવોજ જોઈએ. હવે આ ડુંગરવાડી ઉપરના દુરવંદ દાવાદારો જારે પોલીસખાતાંની મદદ માંગવા ગયા તારે એ ખાતાંને પારસીઓના દાવાની ખબર નહી હતી એવું સાબેત થયું નથી. આ સામા દાવાદારો પોલીસની મદદ માંગવા ગયા તેજ કાંમ ગોયા પોલીસને ખબર પોહોચાડી આવવા બરાબર હતું કે એ મીલકત ઉપર બીજાઓનો દાવો છે. પણ એટલુંજ નથી, પોલીસને તેની ઘણું વરશ આગમચની ખબર હતી. પોલીસ જાણતી હતી કે આ મીલકત જરતોશતી અનજુમનના કબજામાં હતી, કે એ મીલકત ઉપર ડુંગરવાડીના ખારવા અને તરવારા ભાડુતો રેહેતા હતા, કે એ મીલકતનું ભાડું આજ ઘણાં વરશ થયાં જરતોશતી અનજુમનને મળતું આવયુંછે, કે સામા દાવાદારોએ એ મીલકતનો કબજો લેવાને ઘણાં ફાંફાં મારેલાંછે, અને તેઓને પોલીસની મદદથી હાંકી કાહાડેલા છે. પોલીસ કોરટમાં મી૦ સુપરીનટેનડંટ બરાઉન પોતે પોતાની શાખશીમાં

મી૦ સુટરના પોતાના શબદો કેહેછે કે સાંમા દાવાદારોએ જમીનનો કબજો લેતી વેળા "પોલીસનો આસરો" માંગયો અને તે "આસરો" આપવા સારૂં મી૦ બરાઉન તાંહાં ગયો હતો. વળી એજ ડુંગર ઉપર સુરંગ ફોડવા માટે ઉપલા પારસીઓના સામેના દાવાદારોએ રજા માંગવાથી એજ મી૦ બરાઉન તાંહાં બટાકી ફેરવવા ગયો, તારે તેને જરતોશતી અનજુમન તરફના ભાડુતે પણ ખબર કીધી કે આ જમીન ઉપર અનજુમન તરફથી તેનો દાવો ચાલેછે અને આ દુર વંદો તેની મીલકતને ખરાબ કરેછે તથા એ ભાડુતે મી૦ બરાઉનને આગમચથી ખબર વટીક આપી હતી કે તેનાં શવાધીનની જગો ઉપર શામેં વાલાઓએ બાંધેલી ચેહેલી તે ભાંજી નાખશે. તરી જી અગતની દલીલ એ છે કે સઘલા હુવાલદાર, જમાદાર વગેરેને પોતાની શાખશીમાં ઘણુંક વામાટામા કીધા પછે અંતે કબુલ કરવાની ફરજ પડીછે કે આ જગાના ધણીઓ પારસીઓ હતા એમ કદાચ ન હીતો એ જગા ઉપર લોકો વસતાં હતાં એટલુંતો તેઓ ચોકસ જાણતા હતા અને કદાચં તેઓએ પોતાના વડા અમલદારોને તેમ કહયું પણ હોય. ચોથી અગતની દલીલ એ છે કે ખારવાઓ વગેરેને સામા દાવાદારોના ઓવરસીઅર મી૦ ડફીએ જમીન ઉપરથી કાઢી મેળવા માગયા હતા, અને એવીજ બીજી રીતે પોલીસની જાણમાં આવેલું હતું કે આ જગા ઉપર ઉપલા દાવાદારો કબજો લેવા ગયા તેની આગમચ તાંહાં બીજાઓ રેહેતા હતા. પાંચમી અને સઉથી અગતની દલીલ પોલીસ કમીશનર મી૦ સુટરની સાહેદી ઉપરથી મળી આવેછે. તે કબુલ કરેછે કે મેં હોધો લીધા પછે થોડાજ વખતમાં આ જગાના બચાવને માટે આમન સાંમન બેહુ બોરદુવાલાઓ મારી જોડે રામોસીઓ માંગવા લાગા હતા, પણ મેં પોતે ડુંગર ઉપર જઈને તપાસ કરી હતી અને પછે એવો ઠરાવ કરયો હતો કે આ એક દીવાની કાંમનો વાંધો હતો માટે મારે કોઈને રાંમોસી આપવા નહી ઈઆને મારે કોઈને મદદ કરવી નહી. આ સઘલી દલીલો ખોલલું દેખાડેછે કે આ જગા ઉપર પારસીઓના કબજાની તથા દાવાની પોલીસને પુરતી ખબર હતી, પોલીસે પોતે પારસીઓનેજ એ જગા ઉપર મદદ આપેલી હતી, અને ટંટામાં કોઈની તરફથી વચે નહી પડવું એવો પોલીસનો ઠરાવ હતો; તોપણ તે સઘલી ખબર, વાકેફી અને ઠરાવ ઉપર પાણી ફેરવીને પોલીસખાતાંએ આ છેલી વેળા સામા દાવાદારોને જમીનનો કબજો લેવામાં અણઘટતી મદદ આપી.

બીજું—મજકુર દાવાદારોને હાંકી કાહાડતી વેળા પોલીસની વરતણુક. આ અથાલાં હેઠલ સઉથી અગતની દલીલ વીચારવાની એ છે કે જારે મજકુર દાવાદારો આ મીલકત ઉપર કબજો લેવાને આવયા

અને તાંહાં એક રાતમાં ચાલી બાંધી બેઠા તારે અનજુમનના ધરમના ફંડોના સેકરેટરી મી૦ નસરવાંનજી બેહેરાંમજી પોલીસ કમીશનર મી૦ સુટરની મુલાકાતે બીજેજ દીને ગયા તથા તેને મજકુર દાવાદારોએ કરેલા ધસારાની ખબર કીધી અને કહયું કે જેમ ધારા પરમાંણે તેઓને અમે હંમેશ હાંકી કાહાડતા આવયાં છઈએ તેમ આ વખત પણ તેઓને હાંકી કાહાડવાને ધારાની સલાહા મલીછે પણ તેમ કરવાને હમો ખુશી નથી અને આગલની માફક પોલીશે મદદ આપવી. આ મુલાકાતની વેળા મી૦ નસરવાંનજીને મલેલો-જવાબ આ બીજાં મથાલાં તલેની તકરાર ઉપર અગતનું અજવાલું પાડેછે. મી૦ નસરવાંનજીને એવી મતલબનો જવાબ મળયો કે તમારા હકને માટે તમોને ગમે તે ઉપાય કરો, પણ એટલું સંભાલજો કે સુલેહનો કાંઈ બીગાડ નહી થાય, કાંએકે જો મારામારી થશેતો પોલીસને વચે પડવાની ફરજ પડશે. એ ઉપરથી મી૦ નસરવાંનજીએ સુલેહનો બગાડ નહી થાય એટલા માટે આગમચથી સંભાલ રાખવા સારૂં પોલીસની મદદ માંગી, તારે તેવી મદદ આપવાને જવાબમાં ના પાડવામાં આવયું. મી૦ નસરવાંનજીએ દેખાડયું કે સામા દાવાદારોને કબજો લેવાના કાંમમાં પોલીસ મદદ આપી ચુકીછે, તેમજ હવે તેમને હાંકી કાહાડી પાછો જરતોશતીઓનો કબજો કરતી વેળા પણ એજ પરમાંણે પોલીસ સરખી મદદ કરવી જોઇએ. મી૦ નશરવાંનજીએ બીજું એવું જણાવીઉં કે prevention is better than cure ઇઆને હરેક દરદ થવા પછે તેનો ઈલાજ કરવાને બદલે તે દરદ અટકાવવાનો ઈલાજ કરવો બેહેતરછે. મારામારી થવા પછે પોલીશ વચે પડે તેનાં કરતાં તે મારામારી થતી અંટકાવવાનો જે શેહેજ ઈલાંજ પોલીસનાં હાથમાંછે તે કરે તો ઘણું બેહતર. અદલ ઈનસાફને મળતા આ મી૦ નસરવાંનજીના મુકાબલાની, તથા તેવણની વાજબી સુચનાંની બરાબર અસર મી૦ શુટર ઉપર થઈ નહી. પણ મી૦ નસરવાંનજીને તે વેળા એટલીતો ધીરજ મળવી જોઇએ ખરી કે અગરજો કાંઇ બખેડો ઇઆ ફેસાદ થવા વગર જરતોશતીઓ પોતાના હરીફોને હાંકી મેળી કબજો પાછો મેળવશે તો પોલીસ તેમાં વચે પડશે નહી. આ ભરૂસો થોડો નહી હતો. આ ભરૂસામા રઈએતના પોતાની મીલકત ઉપરના હકનાં સઘલી જાલવણી જલવાયલી હતી. આ ભરૂસામા મી૦ એનસટીનાં કેહેવા પરમાણે ગોએઆ ખોલલી સુચના હતી કે કોઈ પણ રઇએતનો હક છે કે તેની જગા ઉપર જે ઘુસી આવે તેને હાંકી કાહાડવો, તે હક તમો કહોછો કે તમે આગળ ભોગવેલોછે અને તેજ હક તમે આ વેલા ભોગવવા માંગોછો, તો બેલાસક ભોગવજો. તેમાં અમારી પોલીસે વચે પડવાની કાંઇ અગત નથી, પણ તેમાં કાંઇ મારામારી ન

હી થાય તે તપાસજો. આવો ભરૂસો મળ્વા પછે કબજો પાછો લેતી વેલાએ કાંઈ જાશતી ભરેલી ચાલ ચલાવી હોય, કાંઈ ટંટો ફેસાદ ક રયો હોય, કાંઈ માથાં ફોડયાં હોય, હાડકાં ભાંજયાં હોય ઇઆ લોહો કાઢયું હોયતો એ વખતની પોલીસની વરતણુક વાજબી ઠરે. પણ પાસેના સફા ખોલું સાબેત કરશે કે તેવું કસું બનયું નથી અને પોલીશના પોતાના શાખસીઓ કેહેછે કે કશીબી મારામારી થઈ નથી. તે છતાં પોલીસખાતું પોતાના ઉપલા ભરોસાથી ઉલટી રીતે અનજુમ નની જગાના ભાડુતને પોતાનો કબજો પાછો લેતાં વચે પડયું હતું. તારીખ ૪ થી એપરેલનો દીવસ એ દુરવંદોને હાંકી કાહાડી પોતાનો કબજો પાછો લેવા માટે ઠરાવેલો હતો. એ કાંમ ઘણું થોડાંમાં અને ગુપચુપ થવાનું હતું. પણ તે દીને જરતોશતીઓનું મેહેરીઆંનનું જશન હતું તેથી દોખમાના કંપાઉંડની અંદર થયલા લોકોના મેલાવ રાથી તેમજ આસપાસના બીજા દેખાવથી પોલીસના મનમાં ખેઆલ ભરાયો કે એ દીને પારસીઓ મારામારી કરવાનાછે. એવા ખેઆલ થી પોલીસ આગમચથી આ જગા ઉપર હાજર થઈ અને દુરવંદોને હાંકી કાહાડવા તથા ચાલીની હરકતને તોડી પાડવાનું કાંમ ચાલે તે ની અગાઉથી પોલીસે તેમાં હરકત કરવાનું દોલ દેખાડયું. એવું કેહેવામાં આવેછે કે ઘણાક પારસીઓના હાથમાં લાકડીઓ અને સો ટા હતા અને તેજ મારામારીની નીશાણુ હતી. પણ આ મુકદમાની તપાસમાં એટલું વટીક પુરવાર થયું નથી. ઓર એવું સાબેત થયું છે કે આ લોકોએ ચાલી તોડી પાડતામાં વાપરેલા સોટા અને કોહાડા અને પાવરા મી૦ ડફીના પોતાના હતા અને તેબી હુલડ કરનારાં જેટલાં માણસો પોલીસે રજુ કરયાં તેમાના એક ચતુરથાંઉસ હથીઆ રો વટીક પુરતી ખોલ કરતાં અને ખુણે ખંટોલેથી એકડાં કરતાં પોલી સને હાથ લાગાં નહી હતાં. શાખસીઓ સઘલા કબુલ કરેછે કે બંધ વાઓ મારામારી કરવાને ખંતી ઇઆ ખાંહેશમંદ દીસતા નહી હતા. તેથી ઉલટું તેઓ મારામારીથી પરહેજ રેહેવાની ઘણી સંભાલ લેતા હતાં. તેઓમાના મુખીઅ દાખલ જે બંધવાને રજુ કરયો હતો, તેણે પોતે ઇઆને ઉપલી જગોનાં રેંડદાર માંણેકજી દોરાબજીએ પો લીસના માણુસોને કહયું હતું કે અમારી જગા ઉપર ઘુસી આવેલા ઓને અમે બાહાર કાહાડીએ છઇએ અને ચાલીની હરકતને તોડી પાડીએ છઇએ, તેથી વધારે અમારી મતલબ કાંઇ નથી, અમે કાંઇ મારામારી કરવાના નથી અને અમે કોઇને ઇજા દેવાના નથી. હ મો પોલીસની વચે પડતા નથી તેમજ પોલીસે હમારા કાંમની વચે પ ડવું નહી. આ પરમાણેની સઘળા બંધવાઓની વરતણુક હતી એ વું સઘળા શાખસીઓ દેખાડેછે. એકાદ ઇરાંણી બંધવો જહનુનમા

આવી ગયો તેને બીજા પારસીએ વારયો તથા એકાદ બંધવો મી૦ બ રાઉનની પાછળ દોડતો હતો તેને બીજા પારસીએ અટકાવયો એવું પણ પોલીસનાજ શાખશીઓ કેહેછે. મારામારી સાબેત કરવા માટે પોલીસ તરફથી કંઈબી શાખસી પડી નથી પણ સાંમી બોરદુ વાલા દુરવંદોની ચાકરીમાના એક પઠાણને શાખસી દાખલ આણુયો તે પોતેબી સોગંદ લઈ બોલયો કે મનેતો મારામારીની શાખશી આપવા સારૂં પોલીસના જમાદારે શીખાંડયુંછે. એ પરમાણે મારામારીની વાત સઘળી ખોટી ઠરીછે. આ વેલા દંગો ફીસાદ અને જીવ જેવો કસો ટંટો બખેડો થયો નહી હતો. ને છતાં પો લીસખાતાં તરફથી પોતાની આગળી વરતણુક અને છેલા ભરૂસાને ભુલી જઈ પારસીઓને તેમની મીલકતનો કબજો લેતી વેળા અટકાવા ની આ અણઘટતી કોશેશ કરવામા આવી.

તરોજું—ઉપલા હીગામમાં જરતોશતીઓ ઉપર ગુજારેલી જાસતી. આ મથાલાં તલે જાજું બોલવાનું નથી. એ જાસતો શું છે તેનું પાસેના સફાઓ ઉપર સાદા સવાલ જવાબના આકારમાં આપેલું ચી તર પોલીસખાતાંના પોતાનાજ શાખશીઓ તરફથી અજવાલામાં આ વયુંછે અને થોડા બોલોમાં તેનો સાર આ છે:—પોલીસે ઉપર મુજ બ પોતાની હાજરીથી જરતોશતીઓની સાંમી બોરદુના દાવાદારોને જમીનનો કબજો લેવામાં મદદ આપી એટલુંજ નહો, પણ જારે જરતો શતીઓની તરફથી એ પોતાનો કબજો પાછો મેળવવાની યતન કીધી તારે તેમના એ ખરા, ખાશ અને ખાલેશ હકના ધારા પરમાંણેના ભોગવટામા પોલીસ ખાતાંએ હરકત નાખી. ચાલી તોડી પાડવા માટે ગયલાં માણસોએ જારે એક લેહેજામાં ચાલીને તમાંમ તોડી પાડી ભોંય બરોબર કરી નાખી, તારે તે જમીન તથા તેને લગતા હક જરતોશતી ઓના કબજામાં આવી ચુકયા હુતા, કેમકે સામા દાવાદારોના માણસો સ ઘલાં નાહાસી ગયાં હતાં અને એ જગા ઉપર થોડાક પારસીઓ તથા પારસી અનજુમનના મજકુર રેનડારના માણસો સીવાએ બીજું કોઈ રહયું નહી હતું. હવે જારે ચાલી તોડી પાડતી વેળા આ એકમારગી લોકોએ મારામારી કરી નહી હતી, તો ચાલી તોડી પાડી ને પોતાનો કબજો પાછો મેળવવા પછે દંગા ફેસાદની ધારણા તેમના સવપનામાં પણ નહી હોય. પોતાની જમીન ઉપરથી ધાઈખોરાપેરે ધુસી આવનારાઓને બાહાર કાઢવા પછે, થોડાકો જમીનના માલેક તરીકે સમાધાંનીથી ગુપચુપ તે જગા ઉપર બેઠા હતાં. આ વખતે મારા મારી કસી નહી થઈ એટલુંજ નહી, પણ મારામારી થવાનો કાંઈ સં ભવબી નહી હતો—અને તોપણ જે વધારે મોટી જાસતી તેઓ ઉપર ગુજરવાનો શોહોર ઉઠી રહયોછે તે જાસતી આવી સમાધાની વચે ગુ

જારવામા આવી તે શું હતી ? ચાહાલી ભાજીને પોતાની જગોનો કબ
જો શમાધાનીથી પાછો લીધાબાદ લગભગ અરધો કલાક ગીઆ પછે
પોલીશનો વડો અમલદાર આવી પોહોતો અને દોખમાના કંપાઉંડની
બાહાર ચુપચુપ બેઠેલા સરવે પારસીઓને એકદમ વગર ઓળખવે,
પીછાણવે પકડવાનો હુકમ થયો; તે મુજબ તેઓને તરતજ પકડવામાં
આવયા અને એ રીત તેઓએ હાથ કરેલો પોતાની મીલકતનો કબ
જો પાછો છોડી દેવાની તેમને પોલીસે ગોએઆ ફરજ પાડી; તાર
પછે કંપાઉંડની દેવાલના બારણાનો અટકાવ જબરીથી તોડીને તેની
અંદરના પવીતર ઘેરાવા વચે પોલીસના સતાવાળા દાખલ થયા;
દોખમાંઓને લગતી સગડી સુધી પોલીસ કમીશનર પોતાનો ઘોડો
લઈ ગયા અને સીહીડીનો ઉપર ઘોડો ચહડાવીને સગડીના ઓ
ટલા તરફ ગયા; તાંહાંથી પારસીઓની મોટી શંખયાને પકડી
ને દેવાલની બાહેર લઈ ગયા, કે જાંહાં પેહેલા કેદીઓને રાખેલા હ
તા; તે સઘળાઓને કેદી તરીકે ઉભા રાખી ઓળખાવામા આવયા
અને જેઓને પોલીસે નહી ઓળખયા તેઓને તાંહાંજ છોડી દીધા,
તેઓ તેટલો વખત કેદ રહયા તેનોતો જાને કે મુજાખો ઇઆ બદલો
કાંઇજ નહી હોય; બાકીના સરવે ૭૫ માણુસોના હાથમા બેડીઓ ના
ખી તેમને મજગામની ચોકીમા મોકલવામા આવયા; તેઓને ભર વ
સતીના રસતાઓ ઉપરથી ખરીબપોરે બેડીઓ સુધાં ચલાવી લઈ જવા
મા આવયા; મજગામની ચોકીમાથી તેમને બેડી સાથેજ જુદી જુદી
ચોકીઓમા મોકલીને વીખરી નાખયા; તેમને જાંમીન ઉપર છોડતી
વેળા ઘણી હરકત અને આનાકાની કરવામા આવી; અને તેમને જા
મીન ઉપર છોડવવા ગયલા આબરૂદાર ગરહસથો સાથ તો
છડાઈ અને ગેરસલુકાઈ વાપરવામાં આવી. પોલીસ ખાતાંની
આ સઘલી જુલમાત ભરેલી વરતણુક ઉપરથી તરતજ સવા
લ ઉઠેછે કે આવી જાસતી ચલાવા લાએક "આ બંધવાઓ
એ શું તકસીર કરી હતી ? તેઓ ઉપર તકસીરતો કાંઈ સાબે
ત થઈ નથી. તેઓમાના પચીસ માણુસો પોલીસ કોરટની પેહેલી
તપાસમાંજ છુટી ગયા અને બાંકીના પચાસ માણસોને વડામા વડી
નેઆએની અદાલતમાં બાર આબરૂદાર ગરહસથોની જુરીએ બેગુના
હ ઠરાવયા, તારે પોલીસના સતાવાલાઓની આ વરતણુક વગર કાર
ણની ઠરેછે કે નહી ? અને તે વરતણુક અફસોસ કરવા જોગ જાસ
તીનું રૂપધારણ કરેછે કે નહી ? તેઓને વગર વાંકે પકડેલા કેહેવાય
કે નહી ? તેઓને બીન તકસીરે બેડીઓ ઠોકેલી કેહેવાય કે નહી ?
તેઓની આબરૂ ઉપર ફોકટ હીનપસતી અને બદનામીનો બટો લ
ગાડેલો ઠરે કે નહી ? પોલીસ કમીશનર સાહેબ પોતાના ઘોડા સમેત

સગડી ઉપર ચઢી ગયા, તે બાબતમાં તેનો બચાવ તદન લુલો અને નાપાએદાર છે. તેવણુ કેહેછે કે તેવણુનો ઘોડો ઘણો ઉંચો હતો, તેથી ઘડીએ ઘડી ચહડ ઉતર કરવાની તકલીફ તથા મેહેનત દુર કરવા સારૂં તેવણુ સાહેબ ઘોડા સુધાં અંદર ગયા તથા ઘોડા સુધાં સગડીની ઉપર ગયા. પણ તે એ બાહાનુ કેટલું લુલુ હતું તે આ પરથી જનાએચ જે વાંધાવાળી જગાપરથી જે બારણે મી૦ સુટર દખમાના કમપાંઉંડમા દાખલ થાઓ તે બારણું એટલું નીચુછે જે ઘોડા ઉપર બેશીને જવાઈ શકાએજ નહી ને જો મી૦ શુટર તેબારણામા દાખલ થાવાને ઘોડાપરથી ઉતરીઓ તો શો બશો કદમ શગડી જે દુર હતી તેટલું ચાલવાને શું અડચણ હતી. આ બચાવનો અરથ એટલોજ કે પોતાની સેજ તસદી બચાવા સારૂં સઉથી રાંક, સઉથી સમાધાંની ભરેલી અને સઉથી વફાદાર પરજાના ધરમના મકાન ઉપર ઘોડો ચહડાવી લઈ જવાને તેવણે જરા આનાકાની કીધી નહી તથા આ પવીતર જગામા ઘોડાનાં પગલાં જોઈ નેક જરતોશતી આલમના દીલ દુખાય અથવા મન ઉસકેરાય તેની ફકત પોતાની ચહડ ઉતરને ખાતર એ અમલદારે પરવા રાખી નહી. એજ પરમાણે આ બેગુનાહ બંધવાઓને બેડી ઠોકવાના બચાવમા પણુ તદનજ બેવજન બાહાનું બતાવામા આવયુંછે. આપણુને કેહેવામા આવેછે કે બંધવાઓનો શંખ્યાને બસ થાય એટલી પોલીસની ફોજ નહી હતી. પણુ તે ફોજ કેટલી હતી તેની ગણુતરી આપતાં પોલીસ ખાતાંના શાખશીઓ કબુલ કરેછે કે ફોજ મોટી હતી, માણુસો ઘણાં હતાં, બે વાર પોલીસના વધારે માણસોને બોલાવી મંગાવયાં હતાં અને લગભગ દર બે બંધવાએ એક પોલીસમાનનું પરમાણુ હતું. આટલું છતાં પણુ જારે તે બંધવાઓને બેડી ઠોકવામા આવી તારે બીચારાઓને અપરાધીનો આરોપ—ખોટો આરોપ—કેવો દીલ દુખવનારો થઈ પડયો હશે! વળી જો તેઓ તાબે થવાને ના પાડતા હતે અથવા જો તેઓ સામાં થયા હતેતો કદાચ બેડી ઠોકેલી વાજબી કેહેવાતે. પણુ પોલીસખાતાંના પોતાના ઘણાક શાખસીઓ કબુલ કરેછે કે સગડીની અંદરથી તેમને બાહાર નીકલવાની જરૂર માલમ પડી નહી તાંહાંસુધી તેઓ બાહેર નહી આવયા, તે છતાં જારે તેમને બાહેર આવવાની જરૂર બતાવી તથા તાબે થવાની ફરજ પાડી તારે તેઓ ગરીબ મેંઢાંની મીશાલે એકકની પછવાડે મુગે મોહોડે નીકલી ચાલયા અને સામે થવાના કાંઈ પણુ ચીનોહો તેઓએ દેખાડયાં નહી. આવી રીતની તેમની વરતણુક પછે તેમને બેડી ઠોકવાને નહી, પણુ નહી ઠોકવાને કારણુ હતાં. તે શાથે બંધવામાના કેટલાએક આબરૂવાલા, મીલકતવાલા ને પોલીશ અમલદારોની ઓલખ

વ્રાલા હતા તેઓને બેડી ઠોકીને હીનપશતી લગાડવાની શું જરૂર હતી. શગડીમાંથી પારસીઓને પકડતા હતા તે વાતની ખબર મી૦ નસરવાનજી બેહેરામજીને પડીઆથી દેખમાવાલા ડુંગર ઉપર એવણ આવીઆ પણ દેખમાંના કંપાઉંડના સઘળાં બારણા બંધ હોવાથી એવણે પોતાનો કારડ મોકલીને મી૦ સુટરની મોલાકાત કરવાની મરજી બતલાવી તે હેવી મકશુદથી કે ખોલાસો કરીને સમજુતી કરવી પણ મી૦ શુટરે સમજુતી નહી કરવા ઈઆ ખોલાશો નહી શાંભલવાનો ગોએઅી ઠરાવ કીધો હોએ તેમ પાછો જવાબ કેહેવાડીઓ કે હું મેલાપ લેતો નથી.

એ પરમાણે હવે દેખમાને લગતા આ મોટા મુકદમાંને અગત તથા મોટાઇ મળવાના સબબો ઉપલા ખોલાસા મધે ટુકમા સમજાવયા પછે, આ ખોલાસો સમાપત કરતાં તે હકતાલાની હજુર એટલાજ શુકરાના કરવાનાછે કે આ સઘલી શખતી અને શંકટ વચે તે કરીમેકારસાજે જરતોશતી અનજુમનની દાદ લીધીછે અને બારીકે બારીક તપાસ તથા મજબુતમાં મજબુત બચાવ કરીને બંધવાઓ અને તેમની મારફતે જરતોશતી અનજુમન તદન નીરદોશ અને નીખાલશ દીલનું પુરવાર થયું છે. ગમે એટલી મેહેનત પડી, ગમે એટલો ખરચ થયો, ગમે એટલો કંટાલો ઉપજયો, ગમે એટલી ઈનતેજારી પેદા થઈ, પણ તે સરવેનું જસ અને ઈનામ આ મુકદમાં મધે જુરીના ઈનસાફથી મળી ચુક્યુંછે. જે પરમાણે સરકારની તરફથી આએ વખતે ચાંપતા ઉપાઓ લીધામા આવીઆ હતા તથા વકીલ બારીસટરોનો ખરચ દુલા હાથથી કીધામા આવીઓ હતો, તેજ પરમાણે જો જરતોશતી અનજુમન તરફથી ઘટતા ઉપાઓ તથા વકીલ બારીશટરોનો મોહોટો ખરચ કીધામા નહી આવતેતો ગરીબ બંધવાઓનો શું હાલ થતે તેનો વીચાર વાંચનારા સાહેબોએજ કરવો. પારસીઓ પરજા તરીકે કેટલા સુલેહ ભરેલા અને રઈએત તરીકે કેટલા વફાદાર છે, તે તેઓએ સાબેત કરયુંછે, અને તેનીજ સાથે આ મુકદમા પાછળની પોતાની જેહેમત અને રંજથી તેઓએ આટલું પણ સાબેત કરવાની અછી જોગવાઈ હાથ કીધીછે કે તેઓ જેટલા વફાદાર અને ઈમાનદાર છે, તેટલા મજબુત અને મુસતાક છે—તેઓ જેટલા બેગુનાહ અને એકમારગી છે, તેટલા સંપીલા અને સંપજી છે. જે બંધવાઓ આ તપાસને માટે ઈનસાફના બારમા ઉભા હતા, તેઓના છુટકારાને માટે ટોળાના લોકોએ બતાવેલી હોંશ અને ઉલટ, તેઓની મદદને માટે બતાવેલી કાલજી અને કજબેશી તથા તેઓનાં દુખમાં ભાગ લેવા માટે બતાવેલું દયાલુ દીલ પારસી ટોળાના નામ અને કામને જેબ દેનારૂં છે. આ બંધવાઓમા એવા ઘ

ણુ નીકલશે કે જેઓ ધરમના જહનુનથી, પોતાના ટોળાની પાક અ ને પવીતર મીલકતને બચાવાના હેતુથી, તે ઉપર ધસારો લાવનારા દીનદુશમનોને દુર કરવા સારૂં ગયા હશે. એમાં પોતાના ખાંનગી સવારથ કાંઈ સાંધવાના નહી હતાં; એમાં સરવે જરતોશતીઓને એક સરખું લાગતું વલગતું હતું; અને તેથી જોકે અપરાધીનાં પીંજરાંમાં થોડાઓનેજ ઉભા રેહેવાનું હતું, તોપણ પોતા ઉપર જાંણે કે અપરાધ આવયો હોય તેમ ઘણાખરા પારસીઓએ દુખ હઈડે ધરયું હતું. તે સઘલી આતુરતા અને ઉલટનો બદલો મળયોછે. એક બોલમાં કહીએતો પારસીઓની ફતેહ થઈછે.

આ ફતેહનું માન જેહેમત અને જરથી કામની પુંઠ લાગી તેને પાર ઉતારનારી પારસી આલમ તથા તેમના આગેવાંનો ઉપરાંત-મુકદમો ચલાવનારા, ધારા જાણનારા, અને ચુકાદો આપનારાઓને પણ ઘટેછે. અલબતાં જુરીના ગરહસથોએ વાજબી ઈનસાફ કરીને પારસી આલમ ઉપર નાહાનો આભાર કીધો નથી, તેમજ મીશીઅરસ. મેહયુ, સટારલીંગ, બરાનસન, ફીરોજશાહ અને બીજા બારીસટરોએ તથા વકીલોએ આ મુકદમા પાછળ પારસીઓની થોડી સેવા બજાવી નથી. પણ આ વેળા એક આદમીની શેવા અગત કરીને કબુલ કરવી જોઈએછે કે જે આ મુકદમાની તપાસની વેળા એક સીંહના સરખાં બલથી આપણી ઈનસાફની અદાલતને ગગડાટ પેરે ગજાવતો હતો, પણ તાર પછે તેના એ માહાભારત કામની આ નોધ લેવા આગમચ જેની જીંદગીએ યારી આપી નથી. અફસોસ! મી૦ ટામસ ચીસહોમ આનસટી આ મુકદમો ફતેહમંદીથી ચલાવીને મરણ પામયોછે. તે આ મુકદમાની આગમચથી માંદો હતો, પણ ગોયા પારસી ટોલાની આ મોટી ફતેહમા ભાગ લેવા સારૂં તેટલોજ વખત તેને વધારે જીવવાની તેની સરજત હતી. આ મુકદમો ફતેમંદીથી પાર ઉતારવા પછે તરત ૩૧ દીવસમાં તા૦ ૧૩ મી આગસટેને દીને તેણે પોતાનો પરાણ તે કીરતારને હવાલે કરયો; અને દુનીઆંવરણનો એ બારીસટર, નબલા આદમજાતનો એ બાહાદુર હીમાએતી તથા જુલમગારો અને બુરાઓનો એ દોર તથા તહરાસ આ દોખમાને લગતા મુકદમાંનો ભોગ થવાનું શાંતક બનીઆથી પારસી અનજુમનને ઘણી ઉદાસીમાં નાખી ગયો. મી૦ આનસટીના દુખદાએક મરણને લીધે આ મુકદમા મધે તેણે કરેલાં નામીચાં ભાશણની વીગતવાર નોધ મેળવવામાં ઢીલ થઈ પડી અને ઢીલ થતાં પણ જેવી જોઇએ એવી નોધ મળી શકી નહી.

ઉપલી ફતેહનું બીજું માન આ મુકદમાના સંબંધમાં મેહેનતથી મેનીજ કરનારા જરતોશતી ભાઈઓને ઘટેછે, અને તેઓના નામ આ નોધ મધે જાલવી રાખવાને અમો વાજબીની રાહે હમારી ફરજ

સમજીએ છઈએ. એ મધે પેહેલું નામતો અંનજુમનના ફંડોના સેકરેટરી મી૦ નસરવાંનજી બેહેરાંમજીનું છે. તેવણે આ મુકદમાં પાછળ જે ભારે હેજગારી અને રંજ ખેંચોછે તે જાણીતીછે. અવલથી તે આખેર શુધી એ મુકદમાની મેનીજ એવણે ઘણી ખાતરી ભરેલી રીતે કીધીછે તથા બંધવાઓના બચાવ મારે શરવે ઘટતા ઉપાએઓ કરવામાં એવણે કશું બાકાત રાખીઉં નથી. તેવણની શરોબરી મદદ કરનાર મી૦ કાવસજી એદલજી પટેલને પણ શાબાસી ઘટેછે કે મુકદમો ચલાવતી વેળા તેવણ સઘલું કાંમકાજ ચુકીને આ કજીઆને લગતી મેનીજમાં સાત દીન રોકાયલા હતા તથા મી૦ નશરવાંનજીને તેવણે અછછી મદદ આપી હતી. એ અને બીજા ગરહસથોની મેહેનત મનશકતી સાથ વધારે તાલુકો રાખતી હતી. પણ વળી આ મુકદમા પાછલ પોતાના તન બદનથી રંજ અને આપદા ખમીને મેહેનત કરનાર મી૦ હોરમજી શાપુરજી પાવરીનું નામ આ મુકદમાના કાંમકાજ જાણનારાઓ વખાંણ સાથ બોલેછે, તથા તેવણ સાથ વળી મી૦ હોરમજી નવરોજી ભરૂચા અને જમશેદજી શોરાબજી માદનની મેહેનતની પણ અતરે નોધ કરવી દરૂસત છે. વકીલના કલારકો મી૦ માંણેકજી પેસતનજી તબાક અને મી૦ રૂશતંમજી કાવશજી ખંબાતાના નામ તેમની દીલસોજીને મારે અકશર કરીને અમારી જાણમાં લાવવામાં આવયાંછે, અને ઉપલાં એ તથા બીજાં સરવે નામો તરફ નજર કરતાં આટલી વાત ચોકસ દીસે છે કે જારે પરોપકારી દેશાભીમાન માણસો એક કાંમમાં ભેગાં મળે તારે ફતેહ તેમાં ચોકસ છે. આ ગરહસથો સઘલા વચલા વરગના છે. વચલા વરગના પારસીઓમાં જાહેર હીમત અને આપએખતીઆરી વધેતો પારસીઓની એક પરજા તરીકેની ચહડતી કળાની તે એક નીશાણ સમજવી. દોખમાને લગતા આ મુકદમાંના હીગામમાં એ નીશાણો અછી તરેહથી માલમ પડીછે અને તે ઉપરથી એ ટોલાના ખેરખાહોને ખરી ખુશાલીનુ કારણ મળેછે.

પાસેના સફા જેમ ઉપલી જાસતીની તેમજ ઉપલી ફતેહની નોધ તરીકે જલવાઈ રેહેશે. એ નોધની આ કેતાબ પારસીઓની જાંહાં વસતી હશે તાંહાં આરજુ અને શોખથી વંચાશે. આ પુસતક માંહેલો બીનાઓ એક મતલબીઆ કજીઆના લુખા હેવાલ જેવી નહી પણ એક રમુજી કાહાનીના દાસતાન જેવી લાગેછે; અને આ સફાઓ માહેલા સવાલ જવાબના સેરા ઉપર સેરા વાંચી જતી વેળા ગોયા કોઈ રસીલો નાટક વાંચતા હોઈએ એટલી ગમત ઉપજેછે. એ હેવાલ ઈંગરેજીમા સઘલો છપાયોછે તે ઉપરથી ગુજરાતી વાંચનારી આલમને મારે તરજુમો કરવાની ખાશ ફરમાસ થવાથી આ પુસતક બાહાર પાડવામાં આવયુંછે. તેમા આ દીબાચા સીવાએ

બાકીનો સઘલો તરજુમો અને ઉતારો કરેલો છે, પણ તે ઉપર કેટલી મેહેનત લેવામા આવીછે તે વીચારવાનું કામ કદરદાંન વાંચનારી આલમનું છે. આ પુસતક છપાવનારને શંતોશ એટલોજ છે કે તેની મદેહેનજર છપાતાંવાર એ પુસતક ખરીદ કરી જરતોસતી આલમે તેને આસરો આપયોછે અને તેને માટે આ જોગવાઈએ તેમનો ઉપકાર માનવામા આવેછે. શેવટે જે સખી ગરહસથોએ છપાવનારના પોતાના માગવા વના એ પુસતકની શંખયાબંધ નકલો લીધીછે તેમનો એ પુસતક છપાવનાર નમનતાઈ સાથે આભાર માનેછે.

મુંબઈ, તારીખ ૨૪ મી નવેમબર ૧૮૭૩.

કે૦ ન૦ કા૦

શાંકળીઉં.

પ્રૃ.

વધારો.

દોખમાને લગતી મીલકત સંબંધી અગતજોગ નોધો.

દોખમાને લગતા મુકદમા ઉપર વરતમાન પતરોના મત.

દોખમાને લગતા મુકદમાનો હેવાલ.

હાઈ કોરટ.

અપરાધીઓની છાંડણ કરનારી શેશન.

હાનરએબલ મી૦ જસટીસ ગરીનની હજુરમાં.

પેહેલો દીવસ—સોમવાર, તા૦ ૭ મી જુલાઈ ૧૮૭૩.

બાંધવા.

આ અગતના મુકદમાની તપાસ ઉપલે દીને શેશન કોરટમાં હાનરએબલ મી૦ જસટીસ ગરીનની હજુરમાં શરૂ થઈ હતી, જે વેળા હેઠલ ટાંકેલા પરતીવાદીઓ પોતાની તપાસ કરાવા માટે હાજર થયા હતા:—

૧, માંણેકજી દોરાબજી; ૨, કાવસજી સોહરાબજી; ૩, ડોસાભાઈ માણેકજી; ૪, દાદાભાઇ બેહેરામજી; ૫, કાવસજી હોરમજજી; ૬, આદરજી ફરાંમજી; ૭, કાવસજી ભીખાજી; ૮, શાપુરજી ભીખાજી; ૯, સોહરાબજી મેહેરવાનજી; ૧૦, દારાશાહ પાલનજી; ૧૧, દાદાભાઈ આદરજી; ૧૨, સોહોરાબજી હોરમજજી; ૧૩, બહમન સેહરીઆર; ૧૪, પેસતનજી નવરોજજી; ૧૫, જમશેદ ખોદાબખશ; ૧૬, મેહેરવાનજી જમશેદજી; ૧૭, કાવસજી સોહરાબજી; ૧૮, હોરમજજી ભીખાજી; ૧૯, બેહેરામ જમશેદ; ૨૦, દાદાભાઈ માણેકજી; ૨૧, રતનજી દોરાબજી; ૨૨, ખોશરૂ હોરમજજી ૨૩, ખોશરૂ કીકાભાઈ; ૨૪, કાવસજી માણેકજી; ૨૫, હોરમજજી ખરશેદજી; ૨૬, રૂસતમ ખોદાદાદ; ૨૭, કાવસજી ફરાંમજી; ૨૮, અરદેસર મેહેરવાંનજી; ૨૯, બેજનજી બેહેરામજી; ૩૦, સોહોરાબજી પેસતનજી; ૩૧, રૂસતમ મેહેરવાંન; ૩૨, શેહેરીઆર જમશેદ; ૩૩, એદલજી પેસતનજી; ૩૪, અરદેસર અસપં

દીઆર; ૩૫, પેસતનજી નસરવાંનજી; ૩૬, પુલાદ અસપંદીઆર; ૩૭, કાવસજી બહમનજી; ૩૮, નસરવાંનજી હોરમજી; ૩૯, લીમજી માણેકજી; ૪૦, મહમદ ઇશમાએલ; ૪૧, ધનજીભાઈ શેહેરયારજી; ૪૨, રતનજી શેહેરયારજી; ૪૩, એદલજી દાદાભાઈ; ૪૪, જાંહાંગીર બેહેરામ; ૪૫, બાલીઆ મકુંદા; ૪૬, દાદાભાઈ બહમનજી; ૪૭, જાંહાંગીર રસતમજી; ૪૮, રાઘુ રામજી; ૪૯, રૂભા રામજી; ૫૦, ગનુ માધુ.

ધારાના હીમાએતીઓ.

મીo ફરગયુસન અને મીo ઇનવરારીટી સરકારની તરફથી ફરીઆદી ચલાવાને હાજર હતા.

મીo આનસટી અને મીo ફીરોજશાહ મેહેરવાંનજી મેહેતા, મીશીઅરસ ચાક અને ટરનર વકીલોની ફરમાશથી નંબરો ૫, ૮, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭ વાલા બંધવા પરતીવાદીઓનો બચાવ કરવાને હાજર હતા.

મીo આનસટી અને મીo સટારલીંગ, મીશીઅરસ કરેગી, લીચ અને ઓવન વકીલોની ફરમાસથી નાo ૧, ૩૫, ૪૦, ૪૫, ૪૮, ૪૯ અને ૫૦ વાલા બંધવાઓનો બચાવ કરવાને હાજર હતા.

મીo મેહ્યુ અને મીo જાકસન, મીશીઅરસ જેફરસન અને પેએન વકીલોની ફરમાશથી નાo ૨ જાવાલા બંધવાના બચાવને માટે હાજર હતા.

મીo બરાનસન અને મીo લીઠ, મીશીઅરસ ડાલાસ અને લીંચ વકીલોની ફરમાશથી નાo ૩, ૪, ૬, ૭, ૯, ૧૦, ૧૧, અને ૨૨ વાલા બંધવાઓના બચાવને માટે આવયા હતા.

તોહોમતો.

દરએક બંધવાની હાજરી લેવા પછે કરાઉનના કલારક મીo માકફરસને બંધવાઓ સામેના તોહોમતો વાંચી સંભળાવયાં, જે નીચે લખવા મુજબ હતાં:—

"તમે અને બીજા તરેહવાર અણજાના શખસો ગઇ તાo ૪ થી એપરેલને દીને, મુંબઈ ખાતે, નુકસાંની કરવાની ઇઆને એક ચાલી અને તંબુઓનો નાસ કરવાની, સઘળા વચે એક સાધારણ મકસદ સારૂં ભેગા મળયા તથા તેમ કરીને તમોએ અને મજકુર બીજા શખસોએ એક બેકાયદે મંડળીમાં શામેલ રેહેવાનો અપરાધ કરયો.

"અને તે સાથે તમારી ઉપર એવું તોહોમત મેળયું છે કે સદરહુ દીવસે, મુંબઈ ખાતે, એક જાન ડફી ઉપર ગુનાહ ભરેલી જાસતી વા

પરીને એક ચોકસ જમીનના કકડાના કબજાનો એક ધારેલો હક અમલમા લાવવાની સઘલાઓ વચે એક સાધારણ મકસદથી, ભેગા મળીને, તમોએ અને મજકુર બીજા શખસોએ બેકાયદે મંડળીમા શાનેલ થવાનો અપરાધ કરયો.

"અને તે સાથે તમારા ઉપર એવું તોહોમત મેળયુંછે કે સદરહુ તારીખે, મુંબઈ ખાતે, તમો બીજા અણજાના શખસો સાથ બેકાયદે રીતે ભેગાઃ મળયા તથા તેમ કરીને બેકાયદે મંડળીમાં શામેલ રેહેવાનો તમોએ અપરાધ કરયો.

"અને તે સાથે તમારા ઉપર એવું તોહમત મેળયુંછે કે સદરહુ તારીખે, મુંબઈ ખાતે, તમો બીજા જુદા જુદા શખસો સાથ બેકાયદે રીતે ભેગા મળયા તથા રૂસતમજી ખોદાદાદે તારેજ અને તાંહાંજ તે મંડળીની સાધારણ મકસદ ચલાવા જતાં એક જાનુ કરશટણાને માર મારીને જાસતી વાપરી તથા તેમ કરીને તમો અને બીજા મજકુર શખસોએ હુલડનો અપરાધ કરયો.

"અને તે સાથે તમારા ઉપર એવું તોહોમત મેળયુંછે કે સદરહુ તારીખે, મુંબઈ ખાતે, બેકાયદે રીતે તમો ભેગા મળયા તથા કાવસજી હોરમજજીએ તારેજ અને તાંહાંજ તે મંડળીની સાધારણ મકસદ ચલાવા જતાં એક સદાનશાહ સુલતાનશાહને માર મારીને જાસતી વાપરી તથા તેમ કરીને તમોએ અને મજકુર બીજા શખસોએ હુલડનો અપરાધ કરયો.

"અને તે સાથે તમારા ઉપર એવું તોહોમત મેળયુંછે કે સદરહુ તારીખે, મુંબઈ ખાતે, જેકબ જમાલ અને કુવરજી પરાગજીને નુકસાન કરવાની ધારણાથી તમો બીજા જુદા જુદા શખસો સાથ ભેગા મળયા તથા રૂ૧૦૫૦ ની કીમતની ચાલ, તંબુ અને શાચરચીલાંનો નાશ કરયો તથા તેમ કરીને તમોએ મજકુર બીજા શખસો સાથે રૂ૫૦ પચાસ કરતાં વધારે રકમની નુકસાની કીધી."

આ તોહોમતો સઘલા બંધવાઓએ નાકબુલ કીધાં.

જુરી.

એ પછે જુરીને ભરતાં અને સપત આપતાં બંધવા ના૦ ૧ લાની તરફથી મી૦ સટારલીંગે ઉઠાવેલા વાંધાઓને લીધે ઘણો વખત રોકાયો. મી૦ સટારલીંગે વાંધો લીધેલા ગરહસથોના નામ હીઆં આપીએછે:—મીશીઅરસ ઈ. જી. મોબરલી, એચ. ડબલયુ. વીડલ, જાન ફીડ, એચ. જી. રાવેલ, પી. મેકઆરઠર, જે. જી. એ. એનજલ, ઈ. કલારીડજ, ડબલયુ. ટી. એચ. બરાઉન, ઓ. એન. ટામલીનસન, સી. એફ. ટરનર, એ. ઉલી, ડબલયુ. નાઉલસ, સી. ગાડફરે, પી. જે.

આલમેડા, એ. રોન, આબરાહામ, જાન મહમદ, નુર મહમદ, નેણસી ખેરાજ, દીંકર બલલાલ, વીનાએક ઢોંડે, તરીમબક રામચંદર, બાલાજી વીશવનાથ, વી. એસ. એ. ફરટાડો, વી. મારટીન, બી. હેનરીકસ, એસ. એ. બરાગાનની, અને એસ. આલન, મીશીઅરસ બમનજી એદલજી અને સાવકશાહ ધનજીશાહને જુરીમા બેસાડવા સામે ફરીઆદી તરફથી વાંધા લેવામા આવયા હતા.

એ પછે હેઠલ ટાંકેલા ગરહસથોની જુરી નકી થઈ હતી—

મી૦ ડબલયુ જે. આડીસ—ફોરમાન.	મી૦ જે. સી. હાફલેંડ.
" ડબલયુ સી. મેકલમફા.	" એફ. રેઆેલાંડ.
" ઈ. આર. ફરીબારન.	" જે. આજેવેડો.
" એ. અરડાઘ.	" ડાસાભાઈ ધનજીભાઈ.
" જે. પીઅરસ.	" સદાનદ બાલકરશના, અને
" જે. બરક.	" જે. ડી. સોજા.

બીમારીની સરટીફીકેટ ઉપરથી એક જુરર મી૦ જાન કરડાસને જુરીમાથી છુટો કરવામા આવયો અને પોતાનું નામ પોકારતી વેળા હાજર નહીં થવા માટે મી૦ જોશુઆ બરૂકસને રૂ૫૦) નો દંડ થયો.

બંધવાઓ ઉપર મુકેલા અનેઆએ જુરીને વાંચી સંભળાવા પછે મી૦ ફરગયુસન મુકદમો ચલાવાને ઉભો થયો.

શાખસીઓ—મી૦ સુટરની શાખસી.

મી૦ આનસટીએ નામદાર જડજને અરજ કીધી કે સઘલા શાખસીઓ અને તેમજ પોલીસના કમીશનર મી૦ સુટર, કે જે ઘણુંકરીને આ તંટામાં શાખસી હોવો જોઈએ, તેમને કોરટની બાહેર રેહેવાને ફરમાવવું.

મી૦ ફરગયુસન—મી૦ સુટર કાંઈ શાખસી નથી.

મી૦ આનસટી—હું મને થયલી ફરમાશ ઉપરથી બોલું છઉં. મી૦ સુટરનુ નામ આ ટંટામા જેવી રીતે વપરાયુંછે, તે મુજબતો તે એક શાખસી હોવો જોઈએ. અગર તેમ નહી હોયતો હું મારાં કુલની તરફથી તેને શાખસી બોલાવાનું માથે લઉં છઉં.

બેહુ બોરડુના સઘલા શાખસીઓ જેઓને સમન થયા હતા, તેઓને હુકમ થયો કે કોરટમાંથી ઉઠી જવું.

મી૦ આનસટી—એટલુંજ નહી, પણ હું માગુછઉં કે તેઓએ કોરટમા આવવુંબી નહી, કેમકે કેટલાકો હાલ હાજર નથી, તેઓ હવે પછે આવશે.

મી૦ ફુરગયુસનનું ભાશણ.

મી૦ ફરગયુસને ફરીઆદીની તરફથી જુરીની આગળ નીચે મુ જબ ભાશણ ચલાવયું.

"જુરીના ગરૃહસથો—તમો સઘલા સાહેબો જેઓ છેલા થોડાક માંસ થયા મુંબઈમાં હશો, તેમને ખબર હોવી જોઈએ કે આ મુકદમાને લગતી કેફીએતથી જાહેરમા ઘણું ધેઆન ખેંચાયુંછે. તે ઉપર દરએક વરગના લોકોએજ તકરાર ચલાવી નથી, પણ એ સઘલી કેફીઅતે વર તમાન પતરોમાં જોસભરી તકરાર ઉભી કીધીછે, જે તકરારે, ગરહસથો, ઘણાક પતરોમાં મજબુત એકતરફી આકાર વટીક પકડયોછે. એટલા વાસતે આ તપાસની શરૂઆતમા હું તમારી જોડે માગું છઉં કે તો હોમતવાળાઓનું અપરાધી ઈઆ નીરઅપરાધીપણું સોધી કાહાડવા ના જુરર દાખલ શપત લેવા આગમચ આ મુકદમાના સંબંધમા ત મોએ જે કાંઈ વાંચયુ ઈઆ સાંભળયું હોય તે તમારા મનમાથી કાહ ડી નાખજો અને તમારી આગળ જે શાહેદોઓ બોલાવામા આવે તે મની શાખસી ઉપર, અને કાંઈજ નહી પણ શોખસી ઉપર તમારો અભીપરાએ બાંધજો, કેમકે તે રીતે અને તેજ રીતે તાજ અને તોહો મતવાળાઓ વચે તમે અપખશપાતપણે ઈનસાફ કરી શકશો. આ મુ કદમો ચલાવાને મને અને મારા કાબેલ મીતર મી૦ ઈનવરારીટીને પ બલીક પરાસીકીઉટરે ફરમાસ કરીછે. આ તપાસ કમીટ કરનારા મા જીસટરેટ આગળ ચાલતી હતી, તેના નજદીકના હીગામમા આ મુકદ મો ઉચકી લેવાને સરકારે પબલીક પરાસીકીઉટરને ફરમાવયું અને એ બીના, ગરહસથો, તમોને એટલી ખબર કરવા સારૂં જણાઉં છઉં કે કદાચ તમો ધારતા હોવો તેમ કાંઈપણ મતલબીઆ ઈઆ દવેશભાવી હેતુથી આ ફરીઆદી ચલાવી નથી અથવા તોહોમતવાળાઓથી જે ખાનગી શખસો પોતાને માઠું લાગેલું અથવા નુકસાન થયલું સમજેછે તે મની પોતાની તરફથી એ ફરીઆદી ચલાવી નથી. અમે ઈછીએ કે આ મુકદમાની તમારે હાથે વાજબી અને બારીક તપાસ થાય, અને અગર તમો તોહોમતવાળાઓને અપરાધી ઠરાવોતો અમે ઈછીએ છઈએ કે તેમને કાંઈ શખત શીખસા કરવી નહી—કેમકે તેને માટે કસુ દબાન કરવાને મને ફરમાસ થઈ નથી—પણ એવી શીખસા કરવી કે જે તે તેમની લાએકી પરમાણેની હોય તથા હવેપછે બીજા લોકો તેમના દા ખલાથી ચેતવણી લઈને એજ જાસતી ભરેલી ચાલ નહી ચલાવે એ વી હોય. તમારી આગળ અમે જે કેસ રજુ કરીશું તેમા જુદા જુદા બંધવાઓના અપરાધના પરકાર જુદા જુદા છે. કેટલાક બંધવાઓ નો અપરાધ વધારે અને કેટલાકોનો અપરાધ ઓછો જુદો મા લમ પડે એવી બીનાઓ છે અને જો તમે તેમને ગુનેહગાર ઠરાવ

શો તો મારી ખાતરી છે કે કોરટ એ સઘલી બીનાઓને ધ્યાનમા રાખશે. પણ મારે તમને કેહેવું જોઈએ કે એ ઓછી વધતી બીનાઓને તમે કસો વજન આપવો નહી જોઇએ. શીખસા અથવા કેટલી શીખસા કરવી એ જુરર દાખલની તમારી ફરજમાં કસું આવતું નથી. હવે ગરહસથો, પેહેલાં તો આ બંધવાઓ ઉપર ઇંડીઅન પીનલકોડની ૧૪૧ મી કલમ મુજબ તોહોમત મેળયુંછે અને તે કલમ જેટલી એ તોહોમતને લગતી છે, તે આ પરમાણેછે—"પાંચ અથવા તેથી વધારે શખસોની એક મંડળીમાં સામેલ રહેલા શખસોની સાધારણ મતલબ કાંઈ પણ ખરાબી કરવાની હોયતો તે મંડળીને બેકાયદે મંડળી કેહેછે." તોહોમતોમાનું પેહેલું આ ચોકસ કલમ ઉપરથી આણયુંછે. નુકસાન કરવા—એક ચાલી અને તંબુનો નાશ કરવા—ની એક સાધારણ મતલબ સારૂં ભેગા મળવા અને તેથી એક બેકાયદે મંડળીમાં સામેલ રેહેવાનો તેમના ઉપર વાંક મેળયોછે. બીજું તોહોમત આ કલમ મુજબ રચયુંછે—"અગરજો કોઈ પણ શખસો ગુનાહ ભરેલી જાસતીથી અથવા ગુનાહ ભરેલા જાસતીના સરખા દેખાવથી કોઈ પણ હક ઇઆ કેહેવાતા હકને અમલમા લાવવાની સાધારણ મકસદથી ભેગા મળે તો" ઈતીઆદી; અને એ કલમ મુજબ મેળેલું તોહોમત એ છે કે એક કેહેવાતો હક—જેમકે એક જમીનને કબજામાં લેવા ધારેલો હક—એક જાન ડફી તરફ ગુનાહ ભરેલી જાસતી ચલાવીને અમલમા આણવાની સાધારણ મતલબ સર બંધવાઓ ભેગા મળયા. ગરહસથો, મારે કેહેવું જોઈએ કે ખતનો સવાલ—ઈઆને આ જમીન ઉપર કોણનો હક હતો—એ સવાલ આ કલમ ઉપરથી તદન નજીવો છે, અને એ વીશે પીનલકોડ વીશે મો૦ મેએનના ગરંથને સફે ૧૧૨ માથી હું આ વાંચી સંભળાઉં છઉં:—"ખતના આસરા હેઠલ ઇઆ તે વગર જે ધણીકબજો લેવા માગયો હોય, જે હક રજુ કરયો તે ખરો હોય ઇઆ ખોટો હોય, તોપણ કલમ ૧૪૧ નો ફકરો ૪ થો લાગુ પડેછે. એ ફકરાની મતલબ એટલીજ છે કે દરએક જણ જે એક વાંધામા પડેલો હક બજાવા જતાં સુલેહનો બગાડ કરે, તેને ધારાની સતાથી અટકાવવો." ગરહસથો, આ શબદો ખોલલા છે, અને હું કહું છઉં કે આ કલમને લગતા ધારાની એજ બરાબર સમજછે, મેં હમણાજ કહયું તેમ આ જમીન કેઈ બે રદુવાળાની છે, તે તદન નજીવુંછે. બેશક તમો સાભળશો કે આ જમીનનો દાવો કરનારા બે શખસો અથવા શખસોની ટોલીઓ છે. એક હાથ ઉપર જેકબ જમાલ અને કુવરજી પરાગજી નામના બે દાવાદારો છે, અને બીજા ઉપર પેહેલો બંધવો માણેકજી દોરાબજી પારસી પંચાએતની તરફથી એ જગા ઉપર દાવો કરેછે. હીઆં, ગરહસથો મારે કે

હેવું જોઈએ કે લોકોને પોતાની જમીનના બચાવને માટે ઉપાયો લેવા ની ચોકસ હદસુધી ઈંડીઅન પીનલકોડમા છુટ મુકેલી છે. એવું ધારીએ કે કુવરજી પરાગજી અને જેકબ જમાલે પોતાના કાબુમા માણેકજી દોરાબજીની જમીન એવે વખતે લીધી કે જારે તે તેના કબજામા હતી, તારે માણેકજી દોરાબજી પોતાનો હક જાહેર કરવા તે જમીન ઉપર બેશક એક ચોકસ રીતે જઈ શકતે. ગરહસથો, એ વીશે મી૦ મેએનના પુસતકના ૩૧૦ મા સફા ઉપરથી ફરીથી એક ફકરો વાંચી સંભળાઉં છઉં—"એક શખસ જે જમીન પોતાની સમજતો હોય તાંહાં તે શખસ જાયતો તે કાંઈ ફોજદારી 'ટરેસપાસ' કેહેવાય નહી, તો જોકે તે જમીન બીજાના અખતેઆરમા પણ હોય—કેમ કે તેજમીન ઉપર જવાની ખરી મતલબતો તે જમીન ઉપર હક જાહેર કરવાની છે, અને કોઈની વચે પડવા, અપમાન કરવા અથવા હેરાન કરવાની મતલબ નથી. તોપણ જે હકીકતથી બેકાયદે મંડળીનો અપરાધ થાય તેવી રીતે તે જમીન ઉપર તેણે જવું નહી જોઈએ." ફરીઆદી તરફનો મુકદમો એ છે કે માણેકજી દોરાબજી એવી રીતે આ જગામા દાખલ થયો તેથી કે કાએદે મંડળીનોજ નહી, પણ હુલડ કરવાનો પણ અપરાધ થયો. એ પછે તોહોમતોની ટીપમાં પીનલકોડની ઉપલી આખી કળમ લાગુ પડે એવું એક સાધારણ તોહોમત મુકવા પછી બીજાં બે તોહોમતો આવેછે કે જેમાં આ શખસો ઉપર બેકાયદે મંડલીમા શામેલ રેહેવાના અને તેમ શામેલ રહેલા હતા તેવામાં તેઓમાના એક રૂસતમ ખોદાદાદે તે મંડલીની સાધારણ મતલબ પરમાણે એક જાનુ કરશનાને મારવા અથવા તેના તરફ ગુનાહ ભરેલી જાસતી વાપરવાના વાંક મેલયાછે. અને તેમજ એ બેકાયદે મંડલીના એક સામેલગાર કાવસજી હોરમજજીએ એજ પુરમાણે એક સદાનશાહ સુલતાનશાહ ઉપર જાસતી ચલાવાનો વાંક મેલયોછે; અને એ શખસો સામેલ થવાથી અમે કહીએ છઈએ કે કોરટની હજુરમા ઉભેલા આ સઘલા બંધવાઓ હુલડના અપરાધી છે. છેલે ખરાબી કરવાનુ તથા તેમ કરીને એક હજાર અને કાંઈ વધારે રૂપીઆની કીમતની એક ચાલી, એક તંબુ અને મી૦ ડફીના કપડાં તથા ફરનીચરને નુકસાન ઇઆ હાની પોહોંચાડી રૂ૫૦ અથવા તેથી વધારે રકમની નુકસાની કરવાનું તોહોમત આવેછે. આ તોહોમતોને ખરાં ઠરાવા માટે જે કેફીએત તમારી આગળ રજુ કરીશું તે આ મતલબની છે:— જેકબ જમાલ અને કુવરજી પરાગજી નામના બે શખસોએ થોડુંકની વાત ઉપર વાલકેશીવરના ડુંગરને મથાલે જમીનનો એક કકડો ખરીદ કીધો અને તેનું વેચાણ ખત નકી કીધું. એ જમીનનો કકડો ઉતર દસાએ દોખમાઓના કંપાઉંડની દેવાલના ઘણાક ભાગ આગળ લગો

લગ આવેલોછે. દખણ બાજુએ મીઉનીસીપાલ ખાંતાંની કચરો બા
લવાની જગા છે; અને એક છેડે બાકબેના રસતા ઉપર આવવાનો
એક જાહેર મારગ છે તથા બીજે છેડે સર કાવસજી જાંહાંગીરના બં
ગલા તથા કંપાઉંડ તરફ આવવાનો જાહેર મારગ છે. હવે ગરહ
સથો અમે એક નકસો મેળીશું અને તેને ખરો ઠરાવી આપીશું, કે
જેથી આ જમીનની ચોકસ જગા, હું તમારી આગળ બેઆન કરૂં
તેના કરતાં વધારે સારી રીતે તમો પોતેજ સમજવાને આગમચથી શ
કતીવાન થશો. મેં હમણાજ કહયું તેમ આ જગા ઉપર પારસી પં
ચાએતના ભાડુત તરીકે પેહલો બંધવો માણેકજી દોરાબજી પણ
દાવો કરેછે. હવે ઉપલા બે શખસોએ આ જગા ઉપર રસ
તા અને બંગલા બાંધવા, જગાને ખોદવાનો ઠરાવ કરયો અને
તેથી તેઓએ એક ઘણા અનુભવ વાલા શાહ મીસતરી મી૦ જે૦ ડફી
ને પોતાની નોકરીમા રાખયો તથા એવી ગોઠવણ કીધી કે આ જગા
ની ચતુરદસી મી૦ ડફીએ બરાબર ઓલખવા માટે તા૦ ૨૭ મી
મારચને દીને એ જમીન ઉપર એક સરવેઅરને હાજર રાખીને પલાન
મુજબ જમીનમા નીશાણ કરી લેવી. પણ મેં કહયું તેમ એ જ
ગા ઉપર એક બીજી બોરડુ દાવો કરેછે એવું જણાયલું હતું તેથી,
તથા તે લોકો કદાચ કાંઈ હેરાનગતી પોંહોંચાડવા આવશે એવું આ
શખસોએ ધારયું તેથી, તથા એઓની તરફથી કાંઈ પણ સુલેહનો બ
ગાડ નહીં કરવો એવી સંભાલ લેવાની હતી તેથી તેઓએ પો
તાના વકીલ મી૦ આરથર પીલને લખયું, જેણે પોલીસનાં ક
મીશનર સાથ સંધેસો ચલાવયો. આ મારગ લેવામાં, ગરહસ
થો, કાંઈ શક નથી કે તેઓએ ખરોજ રસતો પકડયો. અગર
જો એક. શખસને માનવાને કારણ હોય કે હું જે કરશ તેની સાં
મે. કોઈ બીજો શખસ જાસતી ચલાવાનો છે, તો તેની જાસતીની
સામે પાછી જાસતી ચલાવા અથવા ચલાવાની કોશેશ કરવાને ધારા
પરમાણે તેને કસો હક નથી. આ વીચારને જો કાંઈબી ટેકો જોઈ
તો હોય—કેમકે તમારી સાદી સમજ તમને કેહેશે કે એક સુધરેલા
દેશમાં તેમજ થવું જોઈએ—તો તેના ટેકામાં "રસલ આન કરાઈ
મસ" ના ૧ લા પુસતકના સફે ૩૮૮ મેથી હું એક ફકરો વાંચું છઉં.
મારે કેહેવું જોઈએ કે એ પુસતક ફોજદારી ધારા વીશે મુખીઅ અને
સતા વાળું ગણાયછે. તેમા લખેછે કે—"એક જણ ચોકસ બજાર
મા જાયતો તેને મારવાની ધમકી આપનારાઓની સામે પોતાના શરી
રનો બચાવ કરવા માટે જબરીને ભેગી કરવી એ કાયદાથી ઉલટું છે;
કેમકે જે ધણીને એવાં અપમાનની ધાસતી હોય, તેણે પોતાને ધમ
કી આપનારાઓની સુલેહ ભરેલી ચાલના જામીન લેવાડી પોતાની સ-

લામતી સાચવવી જોઈએ, અને જે જાસતી ભરેલી રીતીઓથી પરજાની સુલેહ ધાસતીમા આવી પડેછે તેવી રીતીઓ તેણે વાપરવી નહી જોઈએ." ગરહસથો, આ ઘણી મજબુત દલીલ છે. અગરજો એક જણ ચોકસ બજારમા ચોકસ રસતે જતાં માર ખાવાની ધાસતીમા તો હોય તેણે પોતાના બચાવને માટે દોસતો ભેગા કરેલા વાજબી નથી; પણ તેવા શખસોની પોતા સાથની સુલેહ બાબે તેણે જામીનગીરી મેળવવી જોઈએ. હવે ઉપલા બે જણાઓએ પકડેલો મારગ ખરો હ તો તે ખોલલું દેખાડનારી તથા તેને બરાબર લાગુ પડતી બીજી વધારે મજબુત દલીલ મને મળતી નથી. અગરજો તેઓ એથી ઉલટા ચાલીને ગુનાહ ભરેલી જાસતીના સઘલાં ચીનીહો સાથ તેઓ પોતાની જગા ઉપર ગયા હતે, તો કદાચ તેઓ પોતેજ બેકાયદે મંડળી કરવાના ગુનેહગાર થતે અને જાંહાં હાલ બંધવાઓ ઉભા છે, તાંહાં તેમને ઉભું રેહવું પડતે. પણ તેઓએ પોલીસના કમીશનરને ખબર આપી; અને પોલીસના કમીશનરની ફરજ હતી તેમ તેણે એક યુરોપીઅન કાનસટેબલ અને તરણ સીપાઈઓને તે જમીનની નજદીકીમાં જવાને ફરમાવયું કે કાંઈ પણ સુલેહનો બગાડ થતો અટકે. મારે તમને યાદ આપવાની અગત નથી કે સુલેહનો બગાડ અટકાવવો એ પોલીસનુ કામજ છે. કેઈ બોરદુ ખરી છે, અને કેઈ બોટી છે તે બાબે તલાશ કરવાની તેમની કાંઈ ફરજ નથી, પણ ફકત સુલેહનો બગાડ નહી થાય એટલીજ તેમની ફરજ છે. અને એક સવાળના ખરાં ખોટાપણાંનો ચુકાદો દીવાંની અદાલતોને સોંપવા દેવો જોઈએછે. ગઈ તા૦ ૨૦ મી મારચને દીને મી૦ ડફી, એક યુરોપીઅન સરવેઅર અને થોડાક બેગારીઓ આ જગા ઉપર ગયા—જે વેળા પોલીસનો તે જીલાનો સુપરીનટેનડંટ મી૦ બરાઉન તરણ સીપાઇઓ સાથ હાજર હતો—અને તે જગાની ચતુરદસી નકસા પરમાણે ઘેરી લેવામા આવી. તે દીને પાછલા પોહોરે મોડેથી એક જુપડું અથવા ચાલી બાંધવાનો અસબાબ તાંહાં લાવવામા આવયો અને થોડાક મજુરો પણ આવયા. તે સાંજનાં તાંહાં કાંઈ થયું નહી અને પોલીસના માણસો પાછા ગયાં. તમોને મી૦ ડફી કેહેશે કે તેઓએ ચાલી બાંધવાનું શરૂ કીધું કે જે આઠ ગાલાની અને આ જગા ઉપર કામે લાગેલા બેગારીઓને રેહેવા કીજે બાંધવાની હતી. તા૦ ૨૯ મીએ ચાલી બંધાઇ રહી અને તા૦ ૩૦ મીએ મી૦ ડફીએ પોતાને રેહેવા કીજે ડબલ પોલનો જબલપોરનો એક તંબુ તથા બીજો એક નાહનો તંબુ મારયો. તે તંબુમાં તેનુ ચોકસ ફરનીચર હતું, જેવું કે એક બીછાનું, થોડીક ખુરસીઓ અને તેના કપડાં. તે તંબુઓની કીમત ૩૫૦ અથવા ૪૦૦ રૂપીઆની હતી. ફરનીચર અને કપડાંની કીમત ૮૦ રૂપીઆની હતી અને ચાલીની કીમત ૬૦૦ રૂપીઆની

હતી. પારસી દોખમાઓમાથી આ જગા ઉપર આવવાનો એક નાહનો દરવાજો પણ મી૦ ડફીએ એક બાજુની વાડ કરીને બંધ કરી લીધો કે તે જગોએ બાહાર આવતાં અને આવજાવનો હક માગતાં લોકો અટકે. તા૦ ૨૭ મીથી તે તા૦ ૩૦ મી મારચ સુધી કાંઈજ બનાવ બનયો નહી. મી૦ ડફી તમોને કેહેશે કે તેના હાથ તલેં કામે લાગાડેલાં માણસો ૩૦ હતાં—૧૦ પરદેશી અને ૨૦ પઠાણો. રસતાઓને મારે ખરી ભાંજવા તથા ફતરાના ઢગ કરવા ઉપર પઠાણોને રાખયા હતા અને પરદેશીઓને ચોકીને મારે રાખયા હતા. આ એક લાંબો આડો અટારો જમીનનો કકડો છે, અને તે ઉપર અસબાબનો એક મોટો જથો લાવી નાખ્યો હતો તેની ચોકી કરવી હતી. પરદેશી લોકો પોતાની સાથે જે સાધારણ લાકડીઓ રાખેછે, તે પેહેલેથીજ આ પરદેશીઓને રાખવા દીધી નહી હતી, તે તેમના પાસથી લઈ લીધી હતી. તા૦ ૩ જી એપરેલને દીને કુવરજી પરાગજીએ આ જગાના વાવીઅદસાના ભાગ ઉપર દોખમાથી થોડેક તફાવતે સુરંગ ફોડવાની અરજી કરવાથી મી૦ બરાઉન અને એક જમાદાર તે જગા ઉપર મનાડી ફેરવવા ગયો. બટાકી શું તે તમારામાના ઘણા સાહેબો જાણતા હશો તોપણ હું તે જણાઉં છઉં. જારે એક જણ કાંઈ પણ એવું કામ કરવાની રજા માગેછે કે જે કામ તાંહાં રેહેનારા લોકોને અથવા પરજાને હરકત ભરેલું હોય, તારે એક પોલીસનો સીપાઇ અથવા બીજો કોઈ હોદેદાર હાથમા એક થાલી લઈને તાંહાં વગાડેછે તથા ઢંઢેરો જાહેર કરેછે. એ ગોઠવણ ઈંગલંડના ઘાંટ વગાડનારા તથા જાહેર પોકારનારાઓને મળતી છે. મી૦ બરાઉન અને એક જમાદાર એ કારણસર તે જગા ઉપર ગયા અને તાંહાં પુછયું કે આ સુરંગ ફોડવાનો પરવાનો કુવરજી પરાગજીને કાંએ નહી આપવો તેનું કારણ કોઈને કાંઈ દેખાડવાનું છે ? જારે બટાકી વગાડી તારે કોઈએ દેખાવ દીધો નહી, પણ ઉપલા માણસોને પાછા ફરતાં પેહેલો બંધવો માંણેકજી દોરાબજી મળયો, અને મી૦ બરાઉને તેને પુછયું કે "કુવરજી પરાગજીને સુરંગ ફોડવાનો પરવાનો આપવા સામે તમોને કાંઈ વાંધો છે ?" માણેકજીએ એવી મતલબનો જવાબ દીધો કે "મને જો કાંઈ વાંધો હશેતો હું આફીસમાં તે વાંધો મોકલશ, પણ આ લોકો મારાં ઝાડોને ખરાબ કરેછે અને હું તેમની ચાલીને ખરાબ કરશ." તે વખતેબી ગરહસથો, કાંઈ વધારે બનયું નહી. પોલીસ વાળા પોતાને મારગે ગયા અને હું ધારૂં છઉં કે માંણેકજી દોરાબજીએ પણ તેમજ કરયું હશે. આ અરસામા, મારે તમને કેહેવું હતું કે બંધવો નાં૦ ૪૩, જે મીશીઅરસ કરેગી, લીંચ અને ઓવનની નોકરીમા નોટીસ પોંહોંચાડનારોછે, તે આ જગા ઉપર આવયો અને તેણે મી૦

ડફીને પુછયું કે કુવરજી પરાગજી તથા જેકબ જમાલ કાંહાં છે. મી૦ ડફીએ તેને જવાબ દીધો કે "તમે તેમના કામકાજની તથા રેહેવાની જગા સારીપડે જાણોછો. આ જગા ઉપર આવવાનું તમારૂં કાંઈ કામ નથી. નીકલી જા આ જગા ઉપરથી." એ ઉપરથી તે જતો રહયો. બીજી ઇઆને તા૦ ૪ થીની સહવારના ૭॥ કલાકે ચાર પરદેશીઓને તેમના હાથમાં મોટી લાકડીઓ અથવા સોટા સાથે પોલીસ ચોકીમા મી૦ બરાઉનના ઘર આગળ લાવવામાં આવયા અને તેથી (આ લોકો બરાબર દોખમા ઉપર જવાની ગલીમાજ મલી આવવાથી) મી૦ બરાઉને દોખમા ઉપર જવાના સઘલા રસતાઓ ઉપર પોલીસના માણસોને ઉભા રાખવાનો હુકમ કરયો અને તેજ તા૦ ૪ થી એપરેલની સહવારના ૭॥ તથા ૯ વાગાની વચે ૬૧ પરદેશીઓ અને મુસલમાનો, ૬ સીદીઓ, ૧ પારસી, અને ૧ ઇરાનીને મી૦ બરાઉનને ઘેર લાવવામા આવયા. એમાના દરએક જણાના હાથમા જાડી લાકડીઓ અથવા સોટા હતા અને તે સઘલા જણને છ છ અથવા આઠ આઠની ટોલી માં દોખમાઓ તરફ ચઢી જતાં પકડયા હતા. આમાની એક ટોલી સાથ ઉપલો પારસી અને ઇરાની સામેલ હતા. હું ધારૂં છંઉ કે પરદેશીઓ કોણ છે, તે તમો ઘણાખરા જાણો છો. એ બોલનો અરથ અણજાનો થાયછે, પણ વાવીઅ ખુણાના પરાંતો ખાતેથી આવેલા પાહાડી લોકોને એ બોલ લગાહેલોછે, તથા તમો સાંભલશો કે મુંબઇમાં તેઓને ઘણુ કરીને ચોકીદારના કામ ઉપર રાખવામા આવેછે, અને એવાં થોડાંજ પારસી ઘરો છે કે જેમા એક પરદેશી ચોકીદારને રાખેલો નહી હોય. સીદીઓ, અલબતાં તમો જાણોછો કે આફરીકન લોકો છે. આ સરવે ૬૧ જણને મી૦ બરાઉનના ઘરના કમપાંઉડમાં ખોટી રાખવામા આવયા અને એટલાબધા શખસો દોખમા આગળ જતાં પકડાય એજ બીનાથી મી૦ બરાઉનને ધારવાને બની આવયું કે કાંઈ સરેસતાથી ઉલટું કામ થાયછે ખરૂં. એ ઉપરથી પોતાની સાથે એક યુરોપીઅન કાનસટેબલ મી૦ મેંકડરમાટને લઈને તે દોખમા તરફ ગયો અને આ જગા ઉપર આવયો કે જેનો કુવરજી પરાગજી અને જેકબ જમાલે દાવો ઉઠાવયોછે, અને જેનો માણેકજી દોરાબજીએ પણ ભાડુત દાખલ દાવો ઉઠાવયોછે. આ જગા ઉપર મી૦ બરાઉને આગળ જે કાંઈ જોયું હતું તેજ પરમાણે બરાબર તેણે આ વખતે પણ દરએક ચીજ જોઈ. ચાલીનું લાકડકામ સઘલું સંપુરણ ઉભેલું હતું; મી૦ ડફીનો તંબુ તાંહાં હતો તથા તે સાથે બીજા તરણ કે ચાર તંબુઓમા ખેડુતો રેહતા હતા અને બેગારીઓની તેટલીજ શંખયા ફતરાની ઠરીઓ મારવામાં કામે લાગેલી હતી. પણ દોખમાના કંપાઉંડની અંદર ભેગી મલેલી ઇરાનીઓ અને પારસીઓની એક મોટી ભીડ ઉપર પોલીસના

જમાદારે મી૦ બરાઉનનું ધેઆન દોડાવયું. તે કંપાઉંડનો કેટલોક ભાગ આ જગા ઉપરથી ખોલી રીતે દેખાયછે. એ મોટી ભીડ આ જગા તરફ ઈઆનેજાંહાં ચાલી તથા તંબુ ઉઠાવયા હતા તાંહાંજ જોતી હતી. મી૦ બરાઉને આ જગા ઉપર પોલીસના એક હવાલદાર, ૧૦ અથવા ૧૧ સીપાઈઓ અને પોતાના આસીસટંટ મી૦ માકડરમાટને રાખયા તથા તે પોતે અને જમાદાર પોલીશના કમીશનર મી૦ સુટરને ઘર ગયા. એ વખતે સહવારના સુમારે ના થયલા હતા. પોલીસને કમીશનરને તાંહાં જવા માટે તે જગાએથી નીકલવા પછે, મી૦ માકડરમાટ કાનસટેબલ મી૦ ડફીના તંબુમા જઈ બેઠો, કે જે તે વેળા પોતાનો નાસતો ખાતો હતો. તેઓ તંબુમા બેઠેલા હતા, તેવામા મી૦ ડફીનો એક બેગારી તંબુમા આવયો તથા તેમને કાંઈ કહયું અને તે ઉપરથી મી૦ મેકડરમાટ તંબુની બાહાર ગયો. તે તમોને કેહેશે કે બાહાર જવાપછે તેણે જોયું અથવા સાંભળયું કે ચોકસ શખસો દોખમાના કંપાઉંડની દેવાલના નાહના દરવાજા ઉપર મી૦ ડફીની મેળેલી બાંબુની આડી કુરને ભાંજી નાખતા માલમ પડયા. એ બાંબુની વાર તંબુથી ૧૮૫ ફીટ અને ચાલીથી ૧૮૪ ફીટને તફાવતે હતી. મી૦ મેકડરમાટે એ તફાવત ઉપરથી ચાલી જઈને આ કામમા મશગુલ માણસો સાથ વાત કીધી. એ કામમાં ગુંતેલા કોઈપણ માણસોને અમે ઓળખવા એ નહી બને એવુંછે માટે તાંહાં શું વાત થઈ તેમા હું દાખલ થતો નથી. પણ મી૦ મેકડરમાટ તેઓ સાથ વાત કરતો હતો તેવામા અને તેઓ આ વાર ભાંજી નાખવામાં ફતેહ પામયા એટલામા પારસીઓ, ઈરાનીઓ, મોગળો, મહમદીઆનો અને હીંદુઓની એક મોટી શંખયા દોખમાં ઉપર જવાના મુખ્ય રસતા તરફથી આ જમીન ઉપર આવી લાગી. તમે સાંભળશો કે એ માણસો આસરે ૨૦૦ હતાં. હું ધારૂં છઉં કે હું ખરૂ કહું છઉં કે તેઓનો મોટો ભાગ મોટી લાકડીઓ, લાંબા બાંબુઓ, ચુનો કુટવાના વાંસાઓ અથવા બીજાં કોઈ હથીઆરથી હથીઆરબંધ થયલો હતો. આ ટોલું જે મુખીઅ દરવાજેથી આવયું તેની સાથ પેલી બાંબુની વારમા જબરીથી રસતો કફી આવેલું ટોળું મળી ગયું અને તેજ પરમાંણે એક સીહીડી મુકીને દેવાલ ઉપરથી ચહડી આવેળા થોડાક પારસીઓ અને ઈરાનીઓ પણ તેમને મળી ગયા. આ ઠઠ હવે ૩૦૦ થી વધારે માણશોની થઈ અને સઘલાઓના હાથમા હું ધારૂં છઉં કે, લાકડીઓ ઈઆ બીજાં કોઈ હથીઆરો હતાં. એ રીતે મળી જઈને તેઓએ પોકારો ઉઠાવયો તથા ચાલી અને તંબુ ઉપર ધસી ગયા તથા થોડા વખતમાં શું બનયું તે તમોને કેહેતાં વખત લાગેછે તેના કરતાંબી થોડા વખતમા તંબુ તથા ચાલીને ભોંયબરોબર કરી નાખવામા આવી. તંબુના દોર

ડાં કાપી નાખવામા આવયાં, તેના કંતાન ઉપર કોરાડીઓને કામે લ ગાડી અને પછે તેને ફાડીને કકડા કરવામાં આ ભેગા મળેલા શખ સોએ પોતાના હાથ વાપરયા, જે અરસામા વળી ચાલીને મથાલેથી તલીઆં સુધી તોડી પાડવામા આવી અને તેના કાટને ડુંગરની બે રકુઓ આગળથી બાકબે ઉપર ફેંકી દેવામા આવયો. બેગારીઓ ના ખાનું પકાવાના વાસણોનો નાશ કરવામા આવયો, તથા તંબુના પોલ તથા કંતાનને મીઉનીસીપાલ ખાતાંની કચરો બા લવાની જગા આગલ લઇ જવામા અને બાલી નાખવામા આ વયું. ટુકમાં તે જમીન ઉપરથી દરએક ચીજને સાફ જાહાડી કાહાડવામા આવી; પણ તેટલાંથીજ તેઓ શંતોશી થયા નહી. તેઓએ મરજી પડે તેવી—હું કહું છંઉ કે કીના ભરેલી—ખરાબી કરવાની જરૂર જોઇ. હવે તેઓ મી૦ ડફીનુ ફરનીચર ભાંજી નાખવા ત થા તેના કપડાં ફાડી નાખવા પડયા. તે જે ચીજને બચાવી શકયો તે માતર એક દગલો હતો, અને જેવો એક પારસી તેના બે ફાડયાં કર વા જતો હતો તેવામાં તેના હાથમાથી તે મુકાવયો હતો. આ શખ સોમાંના ઘણાક, જેઓ ખરાબીના આ કામમાં ખરેખાત ગુંતાયલા હતા, તેઓને કેટલાક શાખસીઓ પીછાણશે: પણ ગરહસથો એઓ માહેલા મુખીય શખસો જેઓએ આ મોટી જફામા, બીજાઓને જાસતી ચલાવાને ઉસકેરવામા આગેવાની ભરેલો ભાગ લઈ પોતાને આગલ પાડયા હતા તેઓ ના૦ ૧, ૨, ૩, ૭, અને ૨૪ વાલા બંધવા ઓ છે. બીજાઓને નાશના આ કામની ઉસકેરણી કરતાં અને તેને આગલ ચલાવતાં તેમને જોયલા એવી રીતે સઘલા નહી તો ઘણાક શા ખસીઓ તેમને પીછાણશે. આ લોકો પેહેલ વેહેલા આ જગા ઉપર આવયા તારે તાંહાં આસપાસ ઉભેલાં કેટલાંક માણસોએ તે મની વચે જવાની કોશીશ કીધી. હું નથી જાણતો કે તેમને અટકા વાની પોલીસના તે માણસોએ કોશીશ કીધી હોય, કેમકે લોકોના આવા મોટા જથાની વચે પડવું એ પોલીસની આવી નાહની એક ટુકડીના ભાગ ઉપર ઘેલાપણુંજ ગણાતે. દોખમાની તરફથી પેહે લાં જે બે માણસો આવયાં તે પેહેલાજ એ બંધવાઓ હતા. પાંડુરંગ નામનો એક પોલીસનો માણસ જે સંજોગે તાંહાંજ ઉભેલો હતો તેણે તેમને ઉભા રાખવાની કોશેશ કીધી અને કહયું કે "આજે શું છે? તમો લોકો સંધા શું કરવા માગો છો?" તેમનો જવાબ એ હતો કે "અમે પોલીસની વચે આવવા ચાહતા નથી, પણ અમે આ ચાલી અને તંબુનો નાશ કરવા માગીએ છઇએ. સરકારને ગમે તો અમોને દંડ કરે, પણ તે દંડ ભરવા માટે પારસી પંચાએતે એક ફંડ એકઠું કરેલું છે." આ શબદો તે વખતે

વાપરવામા આવયા હતા. ખરાબીનું આ કામ સઘલું પુરૂં થવા અગાઉ મી૦ બરાઉન અને જમાદાર તે જગા ઉપર પાછા આવયા. મી૦ બરાઉન તમોને કેહેશે કે જારે તે પાછો આવયો તારે તંબુ જમીનદોસત થયલો હતો તથા ચાલી લગભગ નીચે આવેલી હતી, તથા તે ચાલીના ભાગોને ડુંગરની ખોરડુએથી નીચે નાખી દેતાં લોકોને તેણે જોયા હતા, તથા તંબુના ભાગોને આતશમા બાલવા સારૂં લઈ જતાં તેણે બીજા શખસોને જોયા હતા. તે પોતે એક ઈરાની પાસે ગયો, જેને તે હાલ ઓલખી શકતો નથી, અને ઘરના સામાણમો એક દાગીનો જે તે વખતે ભાંનવામા મશગુલ હતો તે ભાંજતાં તેને અટકાવા માંગયો, તે ઉપરથી તે ઈરાંની તરતજ મારામારીની ઢપમા ઉભો તથા મી૦ બરાઉન પોતે પોતાના બચાવની ઢપમા ઉભો, પણ એમાથી કાંઈ નીવડી આવે તેની આગમચ એક પારસીએ તે ઈરાનીને પછવાડે ખેંચી લીધો. મી૦ બરાઉન તમોને બીજું એવું કેહેશે કે પેહેલા બે બંધવાઓને આ હુલડ કરનારાઓની વચે ચાલીની નજદીક ઉભેલા જોઈને, તે તેમને નજરે ઓળખતો હતો માટે તેમની પાસે ગયો અને તેમને તથા ના૦ ૨૪ વાલા બંધવાને જમાદારની સંભાલમાં કેદ રખાવયા તથા તેમને ચેતવણી આપી કે તેઓએ કેદમાથી જવું નહી, કેમકે તે તેઓને ઓળખતો હતો. એ પછે તેણે તરતજ પોતાના આસીસટંટ મી૦ મેકડરમાટને પોલીસના કમીશનરને તેડી લાવવા સારૂં મોકલયો, અને તે ગયો તેટલામાં મોગલો, ઈરાનીઓ અને પારસીઓની એક શંખયા ડુંગરની ખોરડુઓ પાસેથી નાહાસી ગઈ, તથા બીજાઓએ દોખમાની દેવાલ માહેલા નાહના દરવાજામાથી અંદર હટી જવા માંડયું. બાકીનાઓને નાહાસી જતાં અટકાવા સારૂં મી૦ બરાઉને પોતાથી બની શકે તેમ પોલીસને તે જગાની આસપાસ વેંહેંચી નાખી. પોલીસને હુકમો આપવા સારૂં મી૦ બરાઉન કંપાઉંડની દેવાલના નાહના દરવાજા તરફ દોડતો હતો, તેવામા, તમો સાંભળશો કે, એક ચુંનો કુટવાનો વાંસ ઉંચકીને એક પારસી તેની પછવાડે દોડયો. તે પારસી તેની પાસે આવી ગયો હતો અને તેને મારવા જતો હતો, પણ તેવામાં પોલીસનો એક હવાલદાર અથવા સીપાઈએ પછવાડેથી આવીને તેના હાથમાથી ચુનો કુટવાના વાંસને નાખી દીધો. તમો મી૦ ડફીથી એવું પણ સાંભળશો કે મીશીઅરસ કરેગી, લીંચ અને ઓવનના નોટીસ પોંહોંચાડનાર (ના૦ ૪૩ વાલા એદલજી દાદાભાઈ) ને મી૦ ડફીએ હુલડ કરનારાઓની વચમા જોયો હતો. તે મી૦ ડફીનો આગળ આવયો અને બોલયો કે " ગઈ કાલે મને આ જગા ઉપરથી કાહાડી મેળવાનો સવાદ શું મળયો તે જુવો. " ડુંગરની કીનારી

ઉપરથી તથા દોખમાઓની અંદર હવે નાહાસી જતાં બીજાઓને પોલીસે અટકાવયા અને મી૦ સુટર પોતાની સરેસતાની ઉલટ તથા ઝડપથી ઘણા થોડા વખતમાં તાંહાં આવો પુગો તારે આસરે ૩૦ શખસો તે જગા ઉપર રહેલા હતા. તેણે આવતાંનેવાર એ ૩૦ શખસોને કેદ કરવાનો હુકમ આપયો, તે ઉપરથી તેમને તરતજ પકડીને એક જમાદારના તથા થોડાક પોલીસના સીપાઈઓના સવાધીન તલે આપવામાં આવયા. તે જગા ઉપરજ પકડેલા બંધવા નંબર ૧, ૨, ૫, ૧૨, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૩૦, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, અને ૫૦ હતા. આ શખસોને, ગરહસથો, મેં આગળ કહયું તેમ તે જગા ઉપરજ મી૦ સુટરના હુકમથી કેદ પકડવામા તથા જમાદાર અને થોડાક પોલીસના શીપાઈઓના સવાધીન તલે સોંપવામા આવયા હતા. આ ચોકસ બંધવાઓની કેફીએત પડતી મેળવા આગમચ મારે કેહેવું જોઈએ કે તેમને આ રીતે કેદ પકડવાની પેહેલાં મી૦ બરાઉને બંધવા ના૦ ૩૫ ને એક લાકડી વડે એક સીપાઈને મારવા જતાં જોયો હતો, જે ઉપરથી તેણે (મી૦ બરાઉને) આગળ ધસી જઈ એ બંધવાને પકડયો અને એક પોલીસના સીપાઈની ચોકી તલે આપયો. આ કામકાજની વચે એક જાનુ કરશના, કે જે તમોને કેહેશે કે તે મી૦ ડફીના હાથ તલે મજુરી કરવા રહયો હતો, તેને રૂસતમ ખોદાદાદ ના૦ ૨૬ વાલા પારસી અથવા ઇરાંનીએ મારયો હતો. જાનું તમોને કેહેશે કે તે ચાલીથી થોડેક તફાવતે ઉભેલો હતો, તેવામા તેને દેખીતાં કસાં કારણ વગર તેને મારનારે ફકત અદાવતને લીધે મારયો હતો. એજ પરમાણે મી૦ ડફીના હાથ તલેનો બીજો બેગારી સદાનશાહ સુળતાનશાહ તમોને કેહેશે કે જારે તેણે આ ચાલીને જમીન દોશત કરવાનુ કામ ચાલતું જોયું તારે પોતાના કેટલાંક કપડાં ચાલીમા મુકી આવેલો હોવાથી તે કપડાં—જે આ દુનીઆંમાં તેની એટલીજ મીરાસ હતી તેમને—પાછાં લેવા ગયો. તે તમોને કેહેશે કે તેને તરણ શખસોએ મારયો—શખત મારયો અને જમીન ઉપર પાડયો—પણ જે એકજ શખસે તેને આગલી બાજુથી મારયો અને માતર જેને તે ઓળખી શકેછે તે ના૦ ૫ વાલો બંધવો હતો. તમો એવું પણ સાંભળશો કે તે વખતે અથવા તેની સેજ પછે તેણે પોતાપર માર પડવા વીશે ફરીઆદ કીધી, અને તેને દવા દારૂને સારૂ પાછળથી હાસપીટાલ મધે મોકલવામા આવયો. એ મારામારીના પાયા ઉપર અમે હુલડનું તોહોમત રચયું છે. અમે કહીએ છઈએ કે આ જગા ઉપર એક હક અથવા એક કેહેવાતો હક રજુ કરવા જતાં નુકસાન કરવાની સઘળાઓની એક સાધારણ મતલબથી

આ શખસોને મારવામા આવયા. હું હીઆં તમોને કેહેવા સારૂં ચોહું છઉં કે આ બાબતમા બંધવાઓ ઉપર મેળેલા અપરાધ સંપુરણ છે. અગર જો તે ચાલી અને તંબુનો નાશ કરવાની સાધારણ મકસદથી તેઓ પાંચથી વધારે થઈને આ જમીન ઉપર આવયા તો બેકાયદે મંડળીમાં સામેલ હોવાથી તેઓ એકેએક અને સઘલા જણ ગુનેહગાર છે. અથવા જો પાંચ જણથી વધારે થઈને જાસતીના દેખાવથી આ જમીન ઉપર પોતાનો હક અથવા પોતાનો કેહેવાતો હક રજુ કરવાની સઘળાઓની સાધારણ મતલબ રાખી તેઓ આવયા હોયતો બેકાયદે મંડળીમાં સામેલ રેહેવાના તેઓ એકસરખા ગુનેહગાર છે. ગરહસથો, આ બાબતના ધારા વીશેતો કસો શક નથી. એ ધારો ખોલલો છે, અને અગર જો હું તે ખોટો સમજાવતો હોઉંતો નામદાર જડજ આ મુકદમાંનો સાર કાઢતી વેળા એ મારી ભુલ સુધારશે. બીજું અગર જો તમો એવું મત બાંધો કે આ શખસો અથવા તેમાના હરએક જણ બેકાયદે મંડળીમા શામેલ રહીને આ જગા ઉપર આવયા, તથા તેઓમાના એક જણે સરવેની એક સાધારણ ધારણા મુજબ તે જગા ઉપર એક જણને માર મારયો તથા જાસતી • ઈઆ શખતાઈ ચલાવી તો પછે તે મંડળીમાનો દરએક જણ હુલડના વાંકનો તકસીરવાર છે. વળી અગરજો તમોને તમારી આગળ પડતી શાખસી ઉપરથી એવું માલમ પડે કે તેઓએ રૂ૫૦) અથવા તેથી વધારે રકમની હાંની પોંહોંચાડી, તારે તેઓ એ વાંકના પણ એકસરખા ગુનેહગાર છે. ૫૦ રૂપીઆની રકમ એટલા વાસતે જણાવીછે કે ધારામાં રૂ૫૦) ની અંદરની ખરાબી તથા તેથી વધારે કીમતની ખરાબી વચ્ચે તફાવત કાહાડવામાં આવેલોછે. ગરહસથો, આ ૩૦ જણાઓને પકડવા પછે તેઓને સલામતી તથા મજબુતીથી પરહેજ રાખવા માટે તરતજ એક ખેડુતનાં જુપડામાં તેમને રાખયા હતા. હુવે હું તમોને બીજું જે કાંઈ કેહેવા માગું છઉં તે બંધવાઓ ઉપર મુકેલાં તોહોમતોમાં તમોને કાંઈ નવો ખોલાસો આપનાર નથી. તે તમોને માતર એટલુંજ દેખાડશે કે બંધવાઓને કેમ પકડયા હતા; અને કદાચ તેઓની ચાલચલણ ઉપરથી તમો સાર બાંધી શકશો કે પોતાનું કામ કાયદાથી ઉલટું અને ગેરવાજબી છે એવું તેઓ પોતાની મેળે સારીપઠે જાણતા હતા કે નહી ? બંધવાઓને પકડવાની બાબતમા જે કાંઈ કરવામા આવયું તે પોલીસના કમીશનરની આંખ આગળ કીધું હતું; એટલા માટે તમે ખાતરી રાખી શકશો કે કેવલ જરૂરનું નહી હોય એવું કાંઈ કામ કરવામા આવયું નથી. મી૦ સુટરની મેહેનત અને ઉલટ આપણુ સરવેને સારીપઠે જાણીતી છે. હવે મેં તમોને કહયું તે

મ પેલા શખસોમાના ઘણાક જણ દોખમાના કંપાઉંડની દેવાલના ના હના દરવાજામાથી નાહાસી ગયા. કમીશનરે તે બારણું ઉંઘાડવાનો હુકમ કીધો અને તે પોતે તથા થોડાક પોલીસના માણુશો દોખમાના કંપાઉંડની અંદર ગયા. તમો સાંભળશો કે એ કંપાઉંડ જમીનનો એક ઘણો મોટો કકડો છે, અને બાહેરની દેવાલથી અથવા આ જે દરવાજેથી પોલીસ અંદર ગઈ તે દરવાજાથી ઘણે તફાવતે દોખમાઓ અથવા મુદડાંઓને મુકવાના ઠેકાંણાઓ એ જમીન ઉપર દુર દુર વીખરાયલાં બાંધેલાંછે. કંપાઉંડમા જવા પછે જે દરવાજેથી તેઓ ગયા તેના કરતાં લગાર વૃધારે ઉંચાઇએ ઉઠાવેલી એક ઈમારતમા પારશીઓની એક શંખયાને પોલીસે ભેગી મળેલી જોઈ. તાંહાં જે પારસીઓ હતા અને હું હવે જે કાંઇ કેહેવા માગું છઉં તેમા જેઓએ મુખીઅ ભાગ લીધો, તેઓમાના ના૦ ૬ અને ના૦ ૧૪ વાલા શખસો બારીમાથી દેખાતા હતા. પોલીસ તે જગા તરફ ગઈ અને નજદીક જતાં એક પારસી એવું બોલતો સંભળાયો કે "જો પોલીસ હીઆં આવશેતો અમે તેમને મારી નાખશું." તે ઈમારતની અંદરના શખસો સાથે કમીશનરને ઘણીક વાત થઈ, અને તમો સાંભળશો તેમ તેઓ વચે ના૦ ૬ અને ૧૪ મુખીઅ બોલનારાઓ હતા, અને તેઓ બીજાઓને હેઠલ ઉતરી આવતાં અટકાવતા હોય એમ દીસતું હતું, ન હીતો કે તે બીજાઓ ઉતરીને હેઠલ આવતે. એ ઉપર સબુરી નહી પકડીને, બે આબરૂદાર પારસીઓ જે કંપાંઉંડમા હતા તેઓને આ લોકો પાસે જવા અને તેમને બાહેર આવવા માટે સમજાવા સારૂં કમીશનરે મોકલયા. હું ધારૂં છઉં કે હું જે કહું છઉં તે ખરૂં છે કે તેઓને તે ઈમારતની બાહેર આવવા સારૂ કમીશનરે પા થી અડધો કલાક સુધી સમજાવાની કોશેશ કીધી; પણ તેઓએ આવવાને ના પાડયું અને પોલીસની સતાનો સદનતર તીરસકાર કીધો. એ ઉપરથી મી૦ સુટરે પોલીસની વધારે મદદ મંગાવી તથા કામચલાઉ ડેપયુટી કમીશનર મી૦ વીનસેંટને તેડવા મોકલયો. મી૦ વીનસેંટ આવયો અને તેણે પણ આ લોકોને બાહેર આવવા સારૂં અરધો કલાકસુધી સમજાવાની કોશેશ કીધી, પણ હજી તેઓએ ના પાડયું. એ પછે મી૦ સુટરે પોલીસને હુકમ કરયો કે ઈમારતની અંદર જઈને તેમને બાહર કાહાડવા. એ ઈમારત બંધાઇને પુરી થઈ નથી, અને સોહીડી ઉપર તાંહાં એક અડધું બારનું (બારી) છે કે જેમાં દાખળ થવાનું પોલીસને માટે ઘણું સેહેળ હતું. દાખલ થતાં તેઓએ જોયું કે તાંહાં લોકોની એક મોટી શંખયા ભેગી મળી હતી, જેઓમાં મુખીઅ ઈરાનીઓ અને ઈરાની પ્રારસીઓ હતા. તેઓને બાહાર લાવવામા આવયા અને જે જગા ઉપર ચાલી તથા તંબુ હતા,

તે જગા ઉપર તેમને લઇ ગયા. તેઓમાના જેટલા જણને પોલીસે ઓલખ્યા, તેટલાને પરહેજ કરયા, અને જેટલા નહી ઓળખાયા તેટલાને છુટા જવા દીધા. પેહેલે પકડેલા સઘલા ૩૦ જણાઓને હવે સાથે કાહાડવામા આવયા અને તેઓને મજગામની ચોકીમાં લઈ ગયા. હું ધારૂં છઉં કે તમો એવી ફરીઆદ સાંભળશો કે કેટલાક બંધવાઓને હાથમા સાથે બેડી ઠોકી હતી. બંધવાઓની આવી મોટી શંખ્યાને પોલીસના આટલા નાહના રસાલા સાથે નેટીવ ટાઉનમાંથી લઈ જવાની પોલીશ કોશેશ કરતેતો તે બેશક ગેરસલામતી ભરેલું થઈ પડતે. માટે બેડીમા નાખ્યવા વગર બેશક એઓમાના કેટલાકો નાહાસી ગયા હતે અને જો તેમની આસપાસ ભીડ મળી હતેતો પોલીસ તેમનો અટકાવ કરી શકતે નહી. આવી કીસમની એક જાસતી ગુજારવામા આવી, તારપછે તેમને પરહેજ કરવા અને માજીસતરેટ આગળ સલામત ઉભા રાખવા એ ખચીત પોલીસની ફરજ હતી. હું ધારૂં છઉં કે હવે આ મુકદમાની સઘલી બીના મેં તમોને કહીછે, કે જે કેફીએત સઘલી તમારી આગળ સાબેત કરવાને અમે સકતીવાન થઇશું. તમારી આગળ તોહોમત મેળી ઉભા કરેલા કેટલાક બંધવાઓ તરફથી એવું કેહેવામા આવશે કે તે કેટલાકો અથવા સઘલાઓ તે સહવારે આ બેકાયદે મંડળીમા ભાગ લેવાની મતલબ અથવા હેતુથી દોખમાઓ આગળ ગયા નહી હતા. ગરહસથો, અગરજો તેમજ હોય અને અગરજો તમારી આગળ સાબેત થાય કે તેઓ ખરેખર તેવી મતલબથી ગયા નહી હતા, તોપણ તેઓનો ગુનાહ કોઈ રીતે ઓછો થતો નથી. લોકો પેહેલાં કોઇ બેકાયદે સબબસર ઈઆ નીરદોશ સબબસર ભેગા મળે તેની સાથ કાંઈજ લાગતું વલગતું નથી. અગરજો તેઓ પેહેલ વેહેલાં કોઈ નીરદોસ મતલબથી ભેગા મળયા હોય અને કોઈ બેકાયદે કામ કરવા સારૂ નહી મળયા હોય, તોપણ પેહેલેથીજ ગોયા તેઓ તે બેકાયદે કામ સારૂ મળયા હોય એટલાજ તેઓ એકસરખા ગુનેહગાર છે. એટલા માટે જાંહાંસુધી આ મુકદમા સાથ નીસબત છે, તાંહાંસુધી અગરજો તે જગા ઉપર હુલડમાં ભાગ લેનાર તરીકે ઓલખાયંલા એ લોકો તમોને માલમ પડે, તો તે સહવારના તેઓ પેહેલાં શું કારણસર, દોખમા આગલ ગયા હતા, તે બીના તદન અલગ છે. વલી ગરહસથો, તમારી આગલ કદાચ એવું કેહેવામા આવશે કે જારે આ એકસંપી મંડલી પેહેલાં મલી તારે કેટલાક બંધવાઓ તેમાં એકસંપથી ભેગા મલયા વટીક નહી હતા. એ પણ એક નજીવી બાબત છે. અગરજો એવું માલમ પડે કે આ શખસો એ બેકાયદે મંડલી સાથ ખરે ખુદ સંબંધમા હતા, તો જેઓએ પેહેલાં આ જાસતીઓ ચલાવા બાબે એકસંપ કીવો તેમના સરખાજ તેઓ ગુનેહગાર છે. એ પરમાણે

ગરહસથો મને જાંહાં સુધી ખબર મલીછે તાંહાં સુધી બંધવાઓની તરફ ઈઆ વીરૂધની સઘલી ખરી બીના તમારી આગલ મેં રજુ કીધી છે; અને અગર જો તમારી ખાતરી થાય કે તે સહવારના જેઓ તે જગા ઉપર આવયા હતા તેઓમાં આ શખસો હતા, તથા તેમની સાધારણ મતલબ ખરાબી કરવાની હતી, અથવા ગુનાહ ભરેલી જાસતીથી ઈઆ જાસતીના દેખાવથી એક ધારેલો હક જાહેર કરવાની મતલબ હતી—કે જે સઘલું, ગરહસથો, તેમના શુખનો અને કામકાજ ઉપેરથીજ તમો સમજી શકશો—એ સઘલાં વીશે જો તમારી ખાતરી થાય તો જે જે તોહોમતો સારૂ તેમને તમારી આગલ ઉભા કરયા છે તે સઘલાં અથવા તેમાનાં થોડાં તોહોમતોના તેમને ગુનેહગાર ઠરાવાની તમારી ફરજ છે. અને, ગરહસથો, એવી રીતનો ચુકાદો આપવાથી જે કાંમકાજ અમોને ઘણું તોફાની, સારી સુલેહ સંપજયી ઉલટું અને પરજાની સુલેહ તથા રાજના ભલાંને હાની પોંહોંચાડનારૂ કામકાજ દીસેછે, તેનો તમે એકસરખી રીતે અટકાવ કરશો.

મી૦ વીલકાકસ સરવેઅરની શાખસી.

મી૦ એચ. વીલકાકસને મી૦ ઈનવરારીટીએ તપાસયો. હું એક સીવીલ ઈજનેર અને સરવેઅર છઉં. મેં મી૦ ડફીની સાથે દોખમાઓ તરફ જઈને તેમની આસપાસની જમીનનો નકસો બનાવયો.

કોરટને—અગત કરીને દખણ અને પુરવ તરફની જમીનનો.

તેણે મને દોખમાઓની દખણે એકવાર ચાલી અને તંબુ હતા તેની જગા તથા કંપાઉંડની દેવાલમાનું એક નાહનું બારણું દેખાડયું. મોટો દરવાજો મને દેખાડયો નહી. તે નાહના બારણાથી તેણે કહેલી તંબુવાલી જગા મેં ભરી જોઈ, તેમા ૧૮૫ ફીટનો તફાવત હતો. તે નાહના બારણાથી ચાલીવાલી જગા જે મી૦ ડફીએ દેખાડેલી તે મેં ભરી જોઈ તારે ૧૮૪ ફીટ થઈ. ચાલી અને મીઉનીસીપાલ ખાતાંની કચરો બાલવાની જગા વચેની જમીન ભરી જોતાં તે ૧૭૬ ફીટ થઈ.

કોરટને—એટલે જે કચરો બાલવાની જગાની હદ સુધી.

તંબુ અને ચાલીથી રોકાયલી જગાઓ જે ઉપર મી૦ ડફીએ ખુંટી મારેલી હતી તે પણ મેં ભરી જોઈ. તંબુ વાલી જગા ૩૦ ફીટ લાંબી, ૧૮ ફીટ પોહોલી હતી. ચાલી વાલી જગા ૬૦ ફીટ લાંબી, ૧૦ ફીટ પોહોલી હતી. બાલવાની જગાથી તંબુનો અને ચાલીનો તફાવત એકજ હતો. નકસા ઉપર રાતી લીટીએ જે આ જગા ઘેરી લીધેલીછે, તે વાંધા વાલી જમીનનો કકડો છે, જે મને મી૦ ડફીએ દેખાડયો, જે જગા ઉપર તે બાંધતો હતો. આ બલુ લીટી દોખમાઓના કંપાઉંડની ફરતી દેવાલને બરાબર દેખાડેછે. પલાનમા તરણ નાહના

અને એક મોટો દરવાજો છે, અને તેમની જગા એમા ચીતારેલીછે તે બરાબર છે. આ બુરા રંગની લીટીઓ મીલકત ઉપરના વાટ અને રસતા બરાબર બતાવેછે. આ બલુ લાઈન તે ગામદેવીના રસતા ઉપરથી દોખમાઓ ઉપર જવાની સીહીડીઓ છે. મેં માપેલી મીલકતનો આ સુધ નકસો છે, જે દર ૧૦૦ ફીટે ૧ ઈંચના મરપાના ઉપર બનાવયોછે.

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

સવાલ—તમે કાંઈ પારસી અથવા જરતોશતી નથી? તમે છો? જવાબ—નહી.

સ૦—તારે કંપાઉંડમા તમે કેમ ગયા? જ૦—હું નહી ગયો.

સ૦—તારે જો તમે નહી ગયા તો ૧૦ ફીટની એક દેવાલ પછવાડે આ ઝાડોના જુમખા તથા માણસો જેવાં ઝાડો તમારા મગજના ખેઆલથીજ ચીતારયાં કે? જ૦—મેં માતર ખાલી જગા પુરી આપી.

સ૦—ઓ! તે તમારી ખેઆલ શકતીથી કે હે? હવે સાહેબ કહો કે કંપાઉંડમાના શાત દોખમાનાં છ કરવાને તમેં શી તદબીર લગાવી? જ૦—તે મેં મેજર લાફ્ટનના પલાન ઉપરથી ચીતારયાંછે પણ આ કાંઈ મેજર લાફ્ટનના પલાનની માતર નકલ નથી. તે પલાન તપાસીને આ બનાવેલોછે. આ ચીતારેલી સીહીડીઓ બાબે રેકલેમેશન કંપનીથી કપાઈ ગઈછે કે નહી તે હું કહી શકતો નથી.

સ૦—પણ તે બે સીહીડીતો કપાઈ ગયલીછે, તારે એકવાર ફરી તમે તમારી ખેઆલશકતી ઉપરથી ચીતારયું, નહી વારૂં?

જ૦—હું તે ભાગ સારી પડે ઓલખું છઉં, માટે જાણતો હતો કે હીઆં સીહીડીઓ હતી.

સ૦—હવે આ વાત ખરી છે કે નહી કે બાહેરથી દોખમાઓની દેવાલની પછવાડે જોઈ શકવું એ કોઈથી પણ બને એવું નથી?

જ૦—જાંહાં તંબુ હતો તાંહાં ઉભો રહીને જોતાં કાંઈક ઉંચાણ ઉપર મને દોખમા દેખાતાં હતાં, તેથી વધારે મને કાંઈ દીસતું નહી હતું. મને દોખમાના મથાલાંજ નહી પણ એકુ બેના તલીઆં પણ કદાચ દેખાયાં હશે.

સ૦—મી૦ વીલકાકસ, મેહેરબાની કરીને તમારા "કદાચ" છોડી દેઓ. મને ખોલેખોલું, તમારા સપત ઉપર કહો કે દેવાલની બાહેરથી એકબી દોખમાનો નીચલો ભાગ તમને દીસતો હતો?

જ૦—મને યાદ નથી.

સ૦—ગમે તેમ, પણ તમે કોઈ માણસો જોઈ શકયા નહી?

જ૦—દેવાલ ઉપર એક માણસ ઉભેલો મને દેખાતો હતો.

સ૦—પણ જો તે દેવાલ ઉપર ઉભેલો નહી હતેતો તમારી નજર ને તેનો અટકાવ થતે? જ૦—હા.

સ૦—ચુનો કુટવાની ચકી નામની એક નાહની ઈમારત આ નકસામા નહીં દેખાડવી એવી તમને કાંઇ ખાશ ફરમાસ થઇ હતી?

જ૦—નહી, મને કાંઈ ફરમાશ થઈ નથી.

સ૦—પણ તમે, તે જગા ચીતારી નથી? જ૦—નહી.

સ૦—ખંબાલાના તલાવ ઉપરનો નવો રસતો છોડી દેવાને તમોને કાંઇ શીખાડયું હતું? જ૦—નહી.

સ૦—તારે આ નકસામા જુવો કે તે રસતો એમા છે કે નહી?

જ૦—હું જાણતો નથી.

સ૦—તમે કાંઇ મત આપી શકતા નથી? તમો સોગંદ ખાઓ છો? જ૦—તે તરફ એ રસતો છે એટલું હું જાણું છઉં.

સ૦—મારા સવાલનો જવાબ દો, તમો સોગંદ લેશો કે તે તરફ આવો એક રસતો છે તે તમે જાણતા નથી? જ૦—હું કહી શકતો નથી.

સ૦—હવે જારે તમે ચુનો કુટવાની ચકી જોઇ નહી, તારે આ સીહીડીઓ કેમ જોઇ શકયા?

જ૦—તે ચકી ઉપર મારી નજર ગઇ નહી.

સ૦—પણ શું તમે એવું કેહેવા માગો છો; કે તે ચકી જુરી નહી જાણે એ અગતનુ હોવાથી, એ ચકીને ખાઇ જવાની તમોને કાંઇ ફરમાશ થઇ નથી? જ૦—એ બીના પેહેલીજવાર મેં હીઆં સાંભલીછે.

સ૦—આ સીહીડીઓને કોણે ભરી જોઈ? જ૦—મેજર લાફટનના પલાનમાથી મને તે મલી.

સ૦—મેં પુછ્યું છે કે કોઈએ એ સીહીડી ભરી જોઈ છે?

જ૦—મેં તેના ભરતને રોકીને તપાસ્યું ("ચેક" કીધું) છે.

સ૦—કોઇએ તેમને ભરી હતી કે નહીં? હા કે ના કહો.

જ૦—મેં રોકીને તપાસી ("ચેક કીધી) હતી.

સ૦—તમે મને રોકો છો, ("ચેક" કરો છો) સાહેબ, હું તમોને ફરીથી પુછું છઉં તે હા કે ના કેહેજો, કોઇએ આ સીહીડીઓ માપી હતી? જ૦—નહી.

સ૦—તારે એ સીહીડીઓના માપને માટે પણ તમે મેજર લાફટનના પલાનને આભારી છો? જ૦—હા.

સ૦—તારે હવે કહો કે આખો પલાન શું તમે તે ઉપરથી નથી લીધેલો? જ૦—નહી. મેં તે પલાન ઉપરથી એક ખરડો કીધો અને ડુંગર ઉપર જઈ સરખાવી જોયો અને હવે તેની સચાઇ વીશે સોગંદ ખાઉં છઉં.

સ૦—હવે કહો મી૦ વીલકાકશ કે મેજર લાફટનનો પલાન જોવાની તમારી ઉપર મેહેરબાની કેમ થઈ? જ૦—મને મી૦ પીલે મુંબઈના કલેકટર ઉપર ચીઠી આપી હતી.

સ૦—હા! મેં ધારયુંતુંજ. મી૦ પીલ કે જે ફરીઆદીનો તથા કુવરજી પરાગજી અને જેકબ જમાલનો પણ વકીલ થાય છે?

જ૦—હું તે જાણુતો નથી.

સ૦—તમો જાણો છો કે આ પલાન દેખાડવાની સરકારે સતા આપેલી નથી, એવાં કારણ ઉપરથી તોહોમત વાલાઓના વકીલો તે નકસાની નકલ મેલવી શકયા નથી? જ૦—નહી. હું જારે કલેકટરને તાંહાં ગયો તારે મને ખબર મળી કે તે પલાન વેચવા મુકેલા હતા. હું ગયાં અઠવાડયાંમા એક દાહાડે ગયો હતો. મને કલેકટરે ખબર આપી કે એ પલાન ચેશન અને ઉડહાલની દુકાન ઉપર મેળયા છે. મેં વેચાતો લીધો નહી, પણ આફીસમાથી એક નકલ કરી લીધી.

સ૦—મેજર લાફટનનો પલાન ઘણોજ ભુલ ભરેલો કેહેવાયછે, તે શું તમે જાણુતા નથી? જ૦—હું નથી જાણુતો.

સ૦—તે જેવો છે તેવો તેની સઘળી ખામીઓ સાથે તમે તેની નકલ કરી લીધી અને પછે પોતાનો કરી બેસાડયો? જ૦—મેં તેને તપાસયોછે અને હું કહું છઉં કે તે ખરો છે. આસરે દસ દાહાડા ઉપર આ પલાન બનાવાનો મને હુકમ થયો હતો. સનીવારે ૫) વાગતે મેં તે પુરો કરી આપયો. મી૦ પીલે મને તે બનાવા આપયો.

સ૦—તમે સરવઈ કરવા ગયા તારે કુંવરજી પરાગજી અથવા પેલો સઉથી આબરૂવાળો આસામી જેકબ જમાલ તમારી સાથે આવયો હતો કે? જ૦—નહી.

સ૦—હું ધારૂં છઉં કે તમે ગયા તારે હાઈ કોરટના એક રીસીવરને તે જગાના દરવાજામા તમે જોયો હશે? જ૦—મારી સાથ મી૦ ડફી હતો; તે સીવાએ મેં કોઈને જોયો નહી.

સ૦—તેની સાથ રસતા ઉપર તમને કાંઈ વાત થઈ હતી?

જ૦—સા વીશે?

સ૦—આ મોટા ટંટા વીશે? જ૦—નહી.

સ૦—શું તમોને તેણે કહયું નહી કે તે સહવારના જે ૬૧ સીપીઓ પકડાયા હતા તે જેકબ જમાલનાં અને કુંવરજીના મીતરો હતા અને આ સઘળું માતર એક ઢોંગ હતો? જ૦—તેણે મને નહી કહયું.

સ૦—તેણે તમને નહી કહયું કે તેની બૈરદુ વાળાઓને મી૦ સુટરનો બચાવ હતો અને સઘળું ઠીકજ હતું? જ૦—નહી.

સ૦—તેણે તમને નહી કહયું કે આ જગા ૨૦ વરશ થયાં પારસી પંચાએતના તાબામા હતી? જ૦—નહી.

સ૦—પોલીસે પોતાની સફ સમારીને ૧ લા બંધવા તરફના એક પુરા માણસ ઉપર ધસારો કીધો તે બાહાધુરીની વાતબી હું ધારૂં છઉં કે તેણે તમને કહી નહી હશે ? જ૦—નહી, તેવું કાંઈજ નહી.

ફરીઆદી તરફથી ફરી તપાસયો.

આ રાતી લીટી વાળી જગા મી૦ ડફીએ દેખાડેલી તેજ બરાબર છે. મેં ભરતથી તપાસી હતી. તે ખરીછે.

માહોમાહેની તકરાર.

મી૦ આનુસટી—આ સવાલ મારો ઉલટ પાલટ તપાસમાથી શી રીતે ઉભો થયો કે તે પુછવામા આવયોછે ? અગરજો તે નવી જુબાની હોયતો, હું અરજ કરૂં છઉં કે તે સાંભળવી નહી જોઈએ.

મી૦ ફરગયુસન—હું અરજ કરૂં છઉં કે આ પલાનને ખોટો પાડવાની મતલબ ઉલટ પાલટ તપાસમા હતી અને તેથી મારા સવાલ લાગુ પડતાછે.

જડજ—ઠીક છે. હજી સુધી રાતી લીટીની સરહદ કરતાં કશું વધારે બોલવામા આવયું નથી.

શાખસીની તપાસ આગળ ચાલી.

દોખમાની અંદર ઉંચી જગા મને દેખાતી હતી અને જો તેમા માણુસો હતેતો તેઓ મને દેખાતે.

મી૦ ડફીની શાખસી—(પેહેલી વારની).

મી૦ ફરગયુસન—અગરજો પરતીવાદીઓ ચાહેતો નકસાની સચાઈ પુરવાર કરવા સારૂં મી૦ ડફીને તપાસવા માગું છઉં.

મી૦ આનસટી—હા, અમોનેબી તેજ જોઈએછે.

મી૦ ફરગયુસન—મુકદમાની બીજી બીનાઓ જીશે શાખસી આપવા તેને હું પછે બીજી વાર બોલાવશ.

જાન ડફીએ શાખસી આપી—હું ઢોંડફોડાઓનો ઇનસપેકટર છઉં. મારચની આંખરી અથવા એપરેલની શરૂઆતમાં હું કુવરજી પરાગજી અને જેકબ જમાલ એ બે જણાઓની નોકરીમા હતો. દોખમાઓની પડોશમાં દખણે આવેલી તેમની ચોકસ જમીનનો મારા સવાધીનમા આપી હતી. તા૦ ૨૯ મી મારચને દીને જારે તે જમીનની હદ ઉપર ખુંટીઓ મારી તારે હું હાજર હતો. દસ દીવસ ઉપર હું તે જગા ઉપર જમીનના સરવેઅર મી૦ વીલકાકસ સાથ ગયો હતો. તા૦ ૨૭ મીએ મારેલી ખુંટી મુજબ ચતુર દસીનો ઉપલો ભાગ મેં તેને દેખાડયો. એ જગા ઉપર મેં ચાલી અને તંબુ ઉઠાવયા હતા. મેં તેમની જગા મી૦ વીલકાકસને બરાબર દેખાડી હ

તો. દોખમાઓની દેવાલમાનો એક નાહાનો દરવાજો પણ મેં દેખાડયો હતો, કે જેની આગળ મેં બાંબુનો એક પદડો ભરી લીધો હતો. મી૦ વીલકાકસે મારા દેખતાં આ દરવાજાથી ચાલી અને તંબુ સુધીનો તફાવત ભરી જોયો, પણ બાલવાની જગા વચેનો તફાવત ભરયો નહી હતો.

મી૦ આનસટીએ ઊલટપાલટ તપાસીઓ.

સ૦—તમે બીજું શું દેખાડયું? જ૦—મેં તંબુ, બારણું, ચાલી, તથા જમીનનો ઉપલો ખુટીઓ મારેલો ભાગ બતાવ્યો.

જડજ—ઉપલો ભાગ એટલે શું?

શાખસી—ઉગમણુ તરફનો આ ભાગ (નકસા ઉપર દેખાડેછે).

બાકીની ચતુરદસી મેં દેખાડીતી નહી. અથવા મારી હાજરીમા બીજા કોઈએ દેખાડી નહી. મુખય દરવાજા ઉપર જવાની આ પલાનમાની સીહીડીઓ મેં દેખાડી નહી હતી. જારે છેલો શાખસી તેમના તરફ જોતો હતો તારે હું હાજર નહી હતો.

સ૦—આ સીહીડીઓ આગળ ચુનાની એક ચકી હોવી જોઈએ, નહી વારૂં? જ૦—હું નથી જાણુતો.

સ૦—તાંહાંથી ખબાલાના તલાવપર જવાનો એક નવો રસતો શું નહી હોવો જોઈએ? જ૦—હા, તાંહાં એક રસતો છે.

સ૦—પણ જોયું કેની, આ નકસા ઉપર તે નથી?

જ૦—નહી, હું તેને ચીતારેલો જોતો નથી.

સ૦—એ રસતો કેમ નહી પાડયો તેનું કાંઇ કારણ આપશો?

જ૦—નહી.

સ૦—ટુકમા હું ધારૂં છઉં કે આ પલાન બનાવા સારૂં તેને તમે કાંઈ શીખાડયું-નહી હતું? જ૦—નહી, માતર બારણાથી ચાલી અને તંબુ શુધીની વેગલાઈન ભરી બતાવી હતી.

સ૦—જારે તે સરવેઅર આવયો તારે મારચમા જે જગા ખુંટી મારેલી તમે જોઈ હતી તેનો એક ભાગ તમે માપી આપયો? જ૦—હા.

જડજ—તમે માપી આપી? જ૦—નહી. તેણે માંપી.

મી૦ આનસટી—તારે તમેતો માતર દેખાડી? જ૦—જારે ખુંટીઓ મારી તારે હું હાજર નહી હતો. તેતો એક ગામઠી સરવેઅરે કરયું હતું.

સ૦—તેને શાખસી દાખલ તપાસયોછે? જ૦—નહી.

સ૦—તેને તપાસવાનોછે? જ૦—હું નથી જાણુતો.

સ૦—તેણે જગા કેમ માપી? જ૦—તેનો પોતાનો નકસો હતો.

સ૦—તમે તે જોયોતો? જ૦—હા.

સ૦—તે નકસો એક ખતને જોડેલો હતો?—જ૦—મેં જોયો તારે ખત નહી હતું.

સ૦—તે નવો કે જુનો નકસો હતો? જ૦—તે મેજર લાફ્ટન ની સરવઈ ઉપરથી લીધો હતો.

સ૦—ખુંટી મારેલી જગાનો ચતુરદસીની લીટીઓ તેમા તમે જોઈ હતી? જ૦—હા. તેમા ચતુરદસીની નીશાન હતી.

સ૦—નવા પલાન ઉપર આ નીશાનો હતી? (દેખાડેછે)

જ૦—હા. એવું કાંઈ હતું ખરૂં.

સ૦—નવો પલાન તમે જોયો હતો? જ૦—નહી.

મેજર લાફ્ટનનો પલાન.

મી૦ આનસટી—મારા લારડ, હું નથી જાણુતો કે મારો કાબેલ મીતર એ પલાન રજુ કરશે કે નહી?

મી૦ ફરગયુસન—અલબતાં નહી.

મી૦ આનસટી—તારે મારા લારડ, હું અરજ કરૂં છઉં કે મેજર લાફ્ટનનો પલાન ઘટતા દફતરખાંનામાથી મંગાવવો. તે મેળવવાને અમે નીશફળ થયાં છઈએ, અને ફરીઆદીની બોરદુ તેને રજુ કરવા ના પાડેછે.

જડજ—આ દેખીતી તેની નકલ છે. અને વળી તે બીજો પલાન ઘણો મોટો છે.

મી૦ ફરગયુસન—તે અસલ પલાન કાંહાં છે, તે અમે જાણતા નથી, અને અતાર તલક તેને વીશે સાંભળયુંતુંબી નહી.

મી૦ આનસટી—મુંબઈ વીશે મારા કાબેલ મીતરનું ગ્નાન થોડુંજ છે.

મી૦ ફરગયુસન—તે શેહેરમા વેચવા મુકયોછે, એમ શાખશી કેહેછે.

મી૦ આનસટી—એક બીજા મુકદમાં મધે મી૦ ટરનર મને ફરમાશ કરનાર વકીલ હતો, તેણે આ નકસો રજુ કરવા માટે કલેકટરને સમન કરવો પડયો હતો. અગરજો નકલો વેચવા મેળી હોયતો છેલા બે માશ ઉપર મેળી હશે, કેમકે ચેસન અને ઉડહાલના દીવાલાં પાછે સરકારે તે વેચાણ બંધ કરયુંછે અને જોકે મી૦ ટરનરે ૩૮ બંધવાઓની તરફથી એક નકલની માગણી કરીછે તોપણ તે મેળવવાને અશકત છે.

મી૦ ફરગયુસન—કોરટ ઉઠવા પછે તલાસ કરવામા આવશે. અને અગરજો એ પલાન વેચાતો હશેતો મારા કાબેલ મીતરને તે વીશે તથા તે કાંહાં મળશે તે વીશે જણાવવામા આવશે.

એ પછે ઉલટપાલટ તપાસ પાછી ચાલી.

સ૦—ખુંટી મારવામા બીજા કોણ કોણે મદદ આપી?

જ૦—ઉપલો હીંદુ સરવેઅર, એક પારસી, જેનું નામ હું જાણતો નથી, હું પોતે અને બે મજુરો હતા.

સ૦—તમે મી૦ પીલ અને મી૦ બરાઉનને કેમ ભુલયા ?

જ૦—ખુંટીઓ મારવામા તેઓએ મદદ આપી નથી.

સ૦—"મદદ આપી" એ બોલ હું ફરેંચ ઢપમાં કહું છઉં. તે મી૦ પીલ પબલીક પરાસીકીઉટર હતો કે મી૦ આરઠર પીલ હતો ?

જ૦—મી૦ આરઠર પીલ.

સ૦—તે વકીલોની પેહેડીનો ભાગીઓ છે નહી ? જ૦—હું જાણુ તો નથી. આ લીટીઓ વાલી જગા હીંદુ સરવેઅરે ભરી હતો. તેને "ચેક" કરનાર બીજું કોઈ નહી હતું. કંપાઉંડની દેવાલની અંદરના દોખમા મી૦ વીલકાકસને મેં દેખાડયાં હતાં. મેં કહયું કે એ દોખમા આપણ હીઆંથી જોઈ શકીએ છઈએ.

સ૦—હીઆં તે કાંહાંથી ? જ૦—ચાલી આગળથી.

સ૦—અને હું ધારૂં છઉં કે તેણે પોતાની આંખ ચઢાવીને જોયું, નહી વારૂં ? જ૦—હા.

સ૦—વારૂં, તારે દોખમાઓના મથાલાં સીવાએ બીજું કાંઈ દેખાતું હતું ? જ૦—અરે ! તેમાના બેના તલીઆંબી હું તો જોઈ શકતો હતો.

સ૦—તમે જોયો તે કુવોતો નહી હોય ? જ૦—નહી મને આના અને આના મથાલાં દીસતાં હતાં (નકસામા દેખાડેછે).

સ૦—તમારી ખાતરી છે કે જમીનની સપાટી ઉપરથી તે તમને દીસતાં હતાં ? જ૦—હા. હું કસી ઉંચાણપર ઉભેલો નહી હતો.

સ૦—હું ધારૂંછું કે દેવાલ ૧૦ ફીટ ઉંચી છે, તે તમે જાણો છો ? જ૦—હા. તે ૮ કે ૧૦ ફીટ હશે.

સ૦—તે દોખમા વાજો ભાગ વારૂં ઉંચી જગા ઉપર છે ?

જ૦—નહી, બીજા ભાગો કરતાં તે નીચો છે.

સ૦—અને તોપણ તમો કહોછો કે તમને બેજ દોખમાના તલીઆં દીસતાં અને બાકીનાઓના નહી દીસતાં હતાં તે કેમ ?

જ૦—કેમકે તે બીજાં વધારે નીચાણમાં હતાં.

સ૦—તમે છ કે સાત કહોછો અને તાંહાં તો પાંચજ છે ? આ નકસામાં તમે જોવોછો કેની ?

જ૦—મેં ચોરસ દોખમું પણ ગણયું હતું.

સ૦—તારે તમે સાત થોકી દીધાં ?

જ૦—નહી. મેં માતર છ ગણયાં.

સ૦—તે હશે. પણ મોટા નકસાપર જુવોની ? જ૦—તે બનાવવા સાથ મારે કાંઈ લાગતું વલગતું નહી હતું.

સ૦—પણ મી૦ ડફી, તમોને હીઆં મેં નહી પણ તમારી તરફ વાલાઓએ એટલા માટે બોલાવયાછે કે મી૦ વીલકાકસને તમે જે ચોકસ ચીજો દેખાડી તેની સચાઈ સાબેત કરો. હવે તારે ખરો કીઓ છે—આ નાહનો પલાંન કે પેલો મોટો ?

જ૦—હું ધારૂં છઉં કે મોટો ખરો છે.

મી૦ આનસટી—કલેકટરને તાંહાંથી તે પલાન આવશે તારે આ શાખસીને ફરીથી તપાસવાની હું રજા માગશ.

ફરીઆદી તરફથી ફરી તપાસયો.

જે નવા રસતા વીશે મને પુછ્યું તે મુદલ આ જગા ઉપર આવવાનો નથી. મેં મી૦ વીલકાકસને તંબુ તથા ચાલી વાલી જગા અને કંપાઉંડની દેવાલમાના બારણાંસુધાં ચતુરદસી દેખાડી. તાંહાં હાજર થઈ મી૦ વીલકાકસને મલવાને મને પબલીક પરાસીકીઉટરે ફરમાશ કીધી હતી. હું કંપાઉંડની અંદર કદી ગયો નથી અને તાંહાંનુ જે કાંઈ જાણું છઉં તે બાહારથી જે કાંઈ જોયું તે ઉપરથી જાણું છઉં.

જુરીનો ફોરમેન—અમે જાણવા ચાહીએ છીએ કે મી૦ વીલકાકસે જમીનને કેમ માપી—"ટેપ" કે નહી ?

જ૦—હા એક "ટેપ" થી માપી.

ફોરમેન—તેને કોણ મદદ કરતું હતું ?

જ૦—તેની સાથે એક દેશી નોકર હતો.

મી૦ વીલકાકસના પલાન બાબે તકરાર.

મી૦ ફરગયુસન—હવે હું એવી રજા માગું છઉં કે આ પલાનનો જેટલો ભાગ શાખસીથી સાબેત થયો છે તેટલોજ રજુ કરવા દેવો. આ ચતુરદસીની બાહેરનો ભાગ હું કાપી નાખું છઉં, કે જે અમારા કામને માટે તો માતર એક ચીતર સરીખો છે. હું માતર તેટલુંજ ચોકટું કોરટમા મુકવા માગું છઉં કે જે શાખસી કેહેછે કે તેણે મી૦ વીલકાકસને દેખાડયું હતું.

મી૦ આનસટી—અગર જો આ પલાન કોરટમા મુકવો હોય તો મી૦ વીલકાકસે જેવો સાબેત કીધો છે તેમજ મુકવો જોઈએ. હું તેના ચોકસ ભાગો ઉપર જુરી આગલ રેહેતે રેહેતે ટીકા કરવાથી અટકવાનો નથી. તેના કોઈ પણ ભાગને કાપી નાખવા ઉપર હું વાંધો લઉં છઉં, કેમકે એ પલાન જેવો છે તેમજ તે આખો રેહેવો જોઈએ ઇઆ નીકલી જવો જોઈએ. શાબેતી બનાવા સારૂં એ પલાનમાં કાંઈબી ચુંથચાથ કરવા સામે હું વાંધો લેઉં છઉં.

મી૦ ફરગયુસન—હું માગું છઉં કે અમે આટલો ભાગ સાબેત કરયો છે, તે શાખસી તરીકે રજુ કરવો જોઈએ.

જડજ—મી૦ વીલકાકસ પાસે બીજો પલાન કાંએ નથી કરાવતા?

મી૦ ફરગયુસન—કેમકે આ એક નવો પલાન છે, અને હું કહુ છઉં કે તેનો જે ભાગ પુરાવા તરીકે રજુ કરવાનો છે, તેની સચાઈ અમે સાબેત કીધીછે.

જડજ—પણ હું ધારૂં છઉં કે જમીનના તે ભાગનો મી૦ વીલ કાકસ પાસે એક બીજો પલાન કરાવાનુ તમારા હકમા બેહેતર થશે.

મી૦ ફરગયુસન—જેમ તમો નામદારની મરજી. હું ધારૂં છઉં કે પબલીક પરાસીકીઉટર એ બાબે જરૂરનો હુકમ આપશે.

મી૦ આનસટી—મને એવી ખબર છે કે આ (પરતીવાદીઓ તરફથી દેખાડેલો) પલાન મી૦ ફરગયુસનેં પોતાનાજ પલાનના સર ખોજ કહેલોછે. અગર જો તેમ હોયતો મારા કાબેળ મીતરે તેની સચાઈ કબુલ રાખી એજ પલાંનને રજુ કરવામાં હરકત શું છે?

મી૦ ફરગયુસન—મને કેવો પલાન જોઈએછે. તે એ ઉપરથી થોડું દેખાયછે. પણ હું તે કબુલ રાખવા માગતો નથી. હું મી૦ વીલકાકસ પાસે બીજો પલાન તઈઆર કરાવશ.

એ પછે કોરટ ટીફીનને માટે ઉઠી.

મી૦ બરાઊનની શાખસી.

મી૦ જેમસ બરાઉને કહયું કે હું D ડીવીજનમા પોલીસનો ડેપયુટી સુપરીનટેનડંટ છઉં કે જે ડીવીજનમાં વાલકેશવરનો ડુંગર, ખંબાલાનો ડુંગર અને ચોપાટી પણ આવેલુંછે. ગઈ તા૦ ૨૭ મી મારચને દીને પોલીસ કમીશનર મી૦ સુટર તરફથી ચોકસ ફરમાશ મળવાથી, હું દોખમાની એ જમીનના કકડા ઉપર ગયો હતો. મારી સાથ મારો આસીસટંટ, એક પોલીસ હવાલદાર અને હું ધારૂં છઉં કે બે સીપાઈઓ હતા. હું જઈ પુગો તારે તે જગા ઉપર મેં કોઈને જોયા નહી. મને કોઈએ તે જગા દેખાડી નહી હતી. હું પેહેલે ઉપર ગયો તારે તે જગા કેઈ તે મને ચોકસ માલમ પડયું નહી. કચરો બાલવાની દખણ પુરવ દસાએ બાકએની તરફની કીનારી ઉપર હું ખોટી રહયો. હું તાંહાં ઉભો હતો તેવામાં મી૦ આરદર પીલ, કુવરજી પરાગજી, જેકબ જમાલ, મી૦ ડફી અને બીજાઓને તાંહાં એક જમીનના કકડા ઉપર આવતાં મેં જોયા. એક પારસીને જમીન ભરવાની ફીટ સાથ તે જમીનને ભરતાં મેં જોયો અને બીજાઓએ તાંહાં લાકડાંની ખુટીઓ મારવાનુ શરૂં કીધું. બીજું કાંઈ કરતાં તેઓને જોયલા મને યાદ નથી. મેં તેઓને જાંહાં જોયા તે જમીન દોખમા

ઓનો દખશીણે આવેલીછે. બીજી વખત હું તાંહાં તા० ૩ જી એપ રેલની સાંજે ગયો હતો. જારે હું તાંહાંથી પેહેલે દાહાડે પાછો આ વયો તારે હું ધારૂં છઉં કે એક હવાલદાર અને એકુ બે માણુસો ને હું પછવાડે મેળી આવયો હતો. તેઓ તાંહાં કેટલો વખત શુધી રહયા તે હું કહી શકતો નથી. એ જમીનનો કકડો પોલીસની ચો કીથી લાંબા તફાવત ઉપર છે. ૩ જી તારીખે હું ફરીથી ગયો તારે સાં જ પડેલી હતી. હું મનાડી ફેરવવા ગયો હતો. તે દખણુ પુરવે વ ધારે નીચી જગા ઉપર ફેરવી હતી. કંપાઉંડની દેવાલના ખુણા આગ ળથી આસરે ૧૦૦ કદમ દુર અમે થાલી પોટાવો હતી. બાલવાની જગા અને દોખમાની દેવાલની વચે મનાડી ફેરવી નહી હતી, પણ તેથી ઘણી હેઠલની જમીન ઉપર ફેરવી હતી. તે વખતે સુરંગ ફોડવા નો પરવાનો આપવાની સામે કોઇએ કાંઇ વાંધો લીધો નહી. બટાકી વગાડયા પછે આ તોહોમત વાળાઓમાનો પેહેલો માણેકજી દોરાબજી મને મળયો. તે પેલો ઉભોછે તેજ. મેં તેની આગળ પેહેલે વાત કા હાડી. મેં પુછયું કે શુરંગને માટે પરવાનો માગવામા આવયોછે તે આપવાને તુંને કાંઇ વાંધો છે? તેણે કહયું કે "હમ આફીસમે જવા બ દેંગા." ઈંગરેજીમા તેની માએની એમ થાયછે કે "મારો વાંધો ઇઆ જવાબ હું આફીસમા આપશ." તેણે મને કહયું કે "એ લો કો મારાં જાહડની ખરાબી કરેછે અને હું તેમના ઘરો અથવા જુપડાં ઓની ખરાબી કરશ."

મી० ઈનવરારીટી—"એ લોકો" કહયા તે કોણુ?

મી० આનસટી—મેહેરબાની કરી જરા થોભો.

જડજ—તેણે ઘરો અથવા જુપડાંઓને માટે એકજ બોળ કે વા કીઅ કહયો? શાખસી—હા મારા લારડ. તેણે "ઘર" બોલ કહયો.

મી० ઈનવરારીટી—તમે તેની માએની શું સમજયા?

મી० આનસટી—નહી. એ સવાળ ઉપર હું વાંધો લઉં. જુ રી પોતેજ "સમજશે." તેઓને કાંઇ એક પોલીસ સુપરીનટેનડંટેમા એની વીશે રસતો દેખાડવો નહી જોઇએ.

મી० ઈનવરારીટી—જારે માણેકજી દોરાબજી એ પરમાણે જાહાદો અને જુપડાંઓ વીશે બોલયો તારે તેણે શા વીશે એસારો કરયો?

મી० આનસટી—હું એ ઉપર વાંધો લેઉં છઉં અને હું નહી સમજતો કે શાખસીને એ સવાલનો જવાબ આપવાને હક હોય.

જડજ—ખચીત, એ વાંધો હું બાહાલ રાખું છઉં. મી० ઈનવ રારીટી, શાખસીને તમારેથી એ સવાલ નહી પુછાય. તાંહાં શું કાંઇ જુપડાં હતાં?

શાખસી—હા. એક ચાલી અને કાંઇ જુના જુપડાં હતાં.

મી૦ ઈનવરારીટી—આ વાત થઈ તારે માણેકજી દોરાબજી કાંહાં હતો?

જ૦—જે જગા ઉપર પાછલથી આ બખેડો થયો તાંહાં તે ઉભેલો હતો. તે જગા ચાલીથી કેટલી દુર હતી તે હું કહી શકતો નથી; પણ તે થોડીક દુર હતી. તાંહાંથી ચાલી દેખાતી હતી. તા૦ ૨૭ મી મારચે હું તે જગા ઉપર ગયો તારે તાંહાં એ ચાલી નહી હતી.

જડજ—એ જગા ઉપર કોઈ પણ ચાલી હતી.

શાખસી—હા. બોલવાની જગા આગળ એક ચાલી હતી, જેમાં ખારવી લોકો રેહેતા હતા.

મી૦ ઈનવરારીટી—જારે માણેકજી દોરાબજી બોલયો કે "એઓ મારાં જાહાડોને નુકસાન કરેછે અને હું એઓના જુપડાંને નુકસાન કરશ" તારે તમે તેને કાંઈ કહયું?

જ૦—મેં તેને સલાહા આપી કે એવું કાંઈ કરવું નહી. મેં કહયું કે એ દેવાંની કોરટને લગતો ("સીવીલ") વાંધો છે, અને જો તું તેમ કરશે તો હું તુને કેદ કરશ. તે જગા ઉપર તા૦ ૨૭ મી મારચે નહી અને ૩ જી એપરેલે હતું એવું, ચાલી ઉપરાંત જે બીજું બાંધકામ મેં જોયું તે ડબલ પોલનો એક તંબુ અને જાંહાં બટાકી અફાડી હતી તે જગા આગળ કાંઈ નાહના જુપડાં મેં નવાં જોયાં. તા૦ ૪ થી એપરેલની સહવારે ૭ કલાકે એક જમાદાર મારે ઘર આવયો. તેણે મને કહયું કે લાકડી સાથના ચાર પરદેશીઓને હું લાવયો છઉં.

મી૦ આનસટીની અરજ ઉપરથી જડજે પુછેલા સવાલના જવાબમાં—તે ચારમાનાં કોઈને આવેલા મેં જોયા હોય એવું હું ધારતો નથી. મેં તેમને ઘરની હેઠલજ રાખવા ફરમાવયું.

જમાદારે મને જે કાંઈ કહયું તે ઉપરથી મેં ચોકસ હુકમો આપયા. તે હુકમો ઉપરથી આસરે ૩૦ પરદેસીઓને હાથમા લાકડી સાથે પકડીને મારે બંગલે લાવવામા આવયા. મેં તેમને જોયા. એ રીતે સઘલા મળીને ૬૧ જણને મારે બંગલે આણુયા હતા.

જડજ—તમારો બંગલો કાંહાંછે?

શાખસી—ગાયદેવીના રસતા ઉપર, મારા લારડ, ચોપાટીના છેડા ઉપરજ છે.

મી૦ ઈનવરારીટી—તમો કહોછો કે ૩૦ પરદેશીઓ હતા. તારે બાકીના ૩૧ કોણ હતા?

મી૦ આનસટી—મારા લારડ, હું પાછું પુછવા માગુ છઉં કે બાકીના ૩૧ જણને શાખસીએ જોયા હતા?

મી૦ ઈનવરારીટી—તમે તેમને જોયા હતા. જ૦—પછવાડેથી મેં જોયા હતા. ૩૦ જણને ઘરમાથી બાહેર જતાંજ મેં જોયા, બાકીનાઓને પછે જોયા.

મી૦ આનસટી—તારે એ જવાબ ઉપર હું વાંધો લઉં છઉં, અને ચાહું છઉં કે શાખસીની આ જુબાની મારો કાબેલ મીતર સમજાવશે નહી. હું કહું છઉં કે તેણે નજરે જોયું નહી તે શાખસીમા લેવાઈ શાકાયજ નહી.

જડજ—તેનાથી જે કેહેવાઇ શકાય તે એટલુંજ કે ૩૦ જણને તેણે પોતાના કંપાઉંડમા જોયા, અને બાકીનાઓને તે દાહાડે પાછળથી જોયા. તમારા કંપાઉંડમા તમે જોયલા ૩૦ જણ કોણ હતા?

જ૦—સઘલા ભેળસેળ હતા. થોડાક ઈરાની પારસી, થોડાક સીધી હતા.

મી૦ ઈનવરારીટી—આ ૩૦ જણના હાથમા કાંઈપણ છેકે નહી તે તમે જોયું'તું? જ૦—નહી. એ ૬૧ જણમાના કોઈના હાથમા મેં કાંઈ જોયું નહી હતું.

સ૦—અંદર આણેલી લાકડીઓ તમે જોઇ હતી?

જ૦—હા મેં જોઈતી.

મી૦ આનસટી—એ ઘણો ગેરવાજબી સવાલ પુછયોછે. વાજબી સવાળતો એછે અને બંધવાઓના હકને માટે તેમ પુછાવાની હું ઓહોસ કરૂં છઉં કે "પોલીસે કાંઈ લાકડીઓ આણી તે તમે જોઈ હતી?"

મી૦ ઈનવરારીટી—વારૂ' તમે જોઇ હતી? જ૦—હા. મેં જોઈ હતી. મેં બાહાર જવા આગમચ તેમને જોઈ હતી. દોખમાઓ તરફ ડુંગર ઉપર હું સહવારના ૯ વાગતે ગયો, ઉપર જઈને હું પેલી આગલીજ જગાપર ગયો. હું પેહેલે ગયો તારે તાંહાં ચાલી અને તંબુ અનામત હતા.

સ૦—તમો તાંહાંથી મી૦ સુટર પાસ ગયા?

જડજ—તમે તાંહાં કોઈ લોકને જોયાં!

શીખસી—તાંહાં નહી જોયાં. કંપાઉંડની દેવાલની ઉતર પુરવે કે ઉતર પશચીમે પોલીસને રાખેલી હતી તે જોવા સારૂં હું દેવાલ બાહેરથી ફરીને ગયો. કંપાઉંડની દેવાલની અંદર એક ઉંચાણ જમીન ઉપર મેં લોકોની એક શંખયા જોઈ. હું ધારૂં છઉં કે તે આસરે ૫૦ ની હતી. તેઓ મુખીઅ કરી ઈરાંની પારસીઓ દીસતા હતા.

જડજ—ઈરાંની પારસી ને મુંબઇના પારસીથી તમો કેમ ઓલખી શકશો?

શાખસી—ઘણુંકરીને તેમના પોશાકથી, મારા લારડ.

મી૦ ઇનવરારીટી—તે પોશાકમાં તફાવત શું છે ? જ૦—પાર સીઓ લાંબી ટોપી પેહેરેછે અને ઇરાંનીઓ બાંધેલી પાઘડી પેહેરેછે. આ લોકોમાના કેટલાક જણને માથે પારસી ટોપીજ હતી, પણ હમ ણા તેઓમાના ઘણાકોએ પોતાનો પોશાક બદલયોછે.

મી૦ આનસટી—સાહેબ, તમે જે જાણતા હોવો તેજ કેહેશો કે વધારે ? મારા લારડ, આ શાખસીને જારે તેનો બારીસટર પુછતો વ ટીક નથી, તોપણ તે એ પરમાણે વચમાં પોતાના વીચાર આપે તેની સામે હું વાંધો ઉઠાઉં છઉં.

જડજ—મી૦ બરાઉન, તમોને પુછેલા સવાલ ઉપરજ રહો અને હા કે ના કહો.

શાખસી—મારા લારડ, એ લોકોએ પોલીસ કોરટમાં એમજ કી ધું હતું અને આજે પાછું હું તેમ જોઉં છઉં.

પોલીસની થોડીક ગોઠવણ કીધા પછી હું જે રસતે આવયો તે રસતે પાછો ફરયો. તે પોલીસની ગોઠવણો મેં એવી કીધી કે મારો આસી સટંટ મી૦ માકડરમાટ જે બાહાર તડકામા હતો તેણે તંબુમા જઈ ને બેસવું. બીજી ગોઠવણ એ કીધી કે મેં કેટલાક હુકમો આપયા. એ પછે હું પોલીસ કમીશનર પાસે ગયો અને તેને કેટલીક ખબર આપી. તારપછે હું તે જગા ઉપર પાછો ફરયો. કમીશનરને તાંહાં હું માતર બે તરણ મીનીટ થોબયો હતો. દોખમાની જગા ઉપર સઘ લું સમાધાન છે કે નહી તે જોવા માટે હું પાછો આવયો. હું પાછો આવયો તારે મારી સાથ માતર જમાદાર હતો. તે મારી સાથ કમી શનરને તાંહાં આવયો હતો. તેનું નામ લખશમણ છે, તેનું ના૦ ર જું છે. પોલીસ કોરટમા તેની શાખસી લીધેલીછે. હું પાછો ફ રયો તારે લોકોની મેં એક મોટી શંખયા જોઈ. તેઓ આસરે ૨૦૦ થી ૩૦૦ હતા. તાંહાં જે ચાલી અને બીજી ચીજો હતી તેમને તોડી પાડવામાં તથા ફરનીચર અને બીજો સામાન, જેમકે લખવાની મેજ અને એક જુની ટેબલને ભાંજી નાખવામા તેઓ મશગુલ હતા. ફર નીચર અને બીજી જે ચીજો તેઓએ ભાંજી નાખા, તેના ઘણાક કકડા તેઓએ ડુંગર ઉપરથી બાકબે તરફ નાખી દીધા.

જડજ—તે કકડાઓને બીજું કાંઈ કરતાં તમે જોયા ? જ૦—કચ રો બાલવાના આતશ તરફ કાંઈ ચીજને ઘસડતાં મેં તેમને દીઠા, પણ તે શું ચીજ હતી તે મને યાદ નથી.

જડજ—તે વખતે આતશ બળતો હતો ? જ૦—હા, બલતો હતો.

જડજ—તમે કહી શકશો કે તેઓ તાંહાં કચરો બાલવા લઈ જતા હતા ? જ૦—નહી, તે કચરો નહી હતો.

આ ઘણાખરા સઘલા જણના હાથમા લાકડીઓ હતી. બસોથી તરણસોમાના બાકીના કેટલાકોના હાથમા કાંઇજ નહી હતું. તેઓ મુખ્યતવે પારસીઓ હતા. તેઓના મોટા ભાગના હાથમા લાકડીઓ હતી. મેં કોઇએકના હાથમાથી લાકડી લીધી હતી.

સ૦—તે લાકડી હું તમને દેખાડું તો તમે ઓલખશો?

મી૦ આનસટી—બંડળમાથી તે લાકડી શાખસી પાસે શોધી કહડાવેતો બેહેતર.

જડજ—હા, લાકડીના બંડળો લાવો. (તે બંડલો લાવવામા આવયાં.)

શાખસી—નહી તે આ બંડળમા નથી. પેલા શીપાઇના હાથમા છે તે ખરી. હું તેને બરાબર પીછાણું છઉં. બંડળમાં તેના જેવી બીજી એક નથી. તે લાકડી જેના હાથમાથી મેં લીધી તેને હું ઓળખી શકશ.

મી૦ ઇનવરારીટીની ફરમાશ ઉપરથી પીનજરામાથી ઉતરીને શાખસી પરતીવાદીઓ તરફ જઇ જોવા લાગો અને જેની પાસથી લાકડી લીધી તે શખસ દાખલ ના૦ ૩૬ વાલા પોલાદ અસપંદીઆરને શાખસીએ ઓળખાવયો.

એ લાકડી વટે એક સીપાઇને ગોયા મારવા જતો હોય તેમ ધમકી આપવાની ઢપમાં તે સીપાઇ ઉપર એ લાકડી તેણે ધરેલી હતી. તે સીપાઇનુ નામ મને હીઆં યાદ નથી આવતું અને પોલીસ કોરટમાં પણ યાદ નહી આવયું. તે લાકડી છીણવી લીધી તારે તે શીપાઇ બે કે તરણ કદમ દુર હતો. મેં તે શખસ તથા તેની લાકડી બેઉને તેજ સીપાઇના સવાધીનમા કેદ આપયાં. તે વખતે હાજર રહેલા અને ચાલી તથા તંબુનો નાશ કરવામાં ભાગ લેનારા દાખલ (ઉતરીને ઓળખાવેછે) હું ના૦ ૧, ૨, ૬, ૧૪ અને ૨૪ વીલાઓને ઓળખી શકુ છઉં. એ પાંચ અને ના૦ ૩૬ વાલો જે પેહલાં ઓળખાવયો તે મળી છ જણનેજ હું ખાતરીથી ઓલખું છઉં. ચાલી ભાજી નાખવાને તે ફીસાદી ટોલીને ઉસકેરતાં ના૦ ૧ લાને મેં જોયો હતો. તેણે તે વખતે વાપરેલા બોલો યાદ કરવાને પોલીસ કોરટમાં હું અશકત હતો અને હીઆં પણ યાદ કરી શકતો નથી. ઇસારતથી તેમજ મોહોડેથી ચાલી ભાંજનારા લોકોને કામ આગલ ચલાવવા મેં તેને કેહેતાં જોયો હતો. માણેકજીને મેં એટલુંજ કરતાં જોયો હતો. ના૦ ૨ જો ના૦ ૧ લાની સાથેનો સાથે હતો. તેને કાંઇ ચોકસ કામ કરતાં મેં જોયો નહી હતો. તેઓ ચાલીની છેક નજદીક હતા અને ભીડમા ભેલાઇ ગયા હતા. તેઓ તે જગા છોડીને મારી પાસે આવયા. ના૦ ૧ લો બોલયો કે "અમે કાંઇ પોલીસને હરકત કરતા નથી. અમે આ જગા ઉપરથી

ચાલી અને બીજી ચીજોને બાહાર કાહાડી નાખીએ છઈએ." મેં તે બેહુ જણાઓને જમાદાર તથા બીજા સીપાઈઓ, જે તાંહાં હતા તેમના સવાધીનમા કેદ આપયા. નાં૦ ૨૪ વાલો પોતાને હાથે કાંઈ ચીજોને ભાંજીને કકડા કરતો હતો એવી મને યાદ છે; તેનો પાસે લાકડી હતી એમ મને યાદ નથી. તે ચાલીની નજદીક હતો. તેણે ભાંજીને કકડા કરેલી ચીજ મને યાદ નથી. એ શખસને મેં કેદ કરાવયો. નાં૦ ૬ અને ૧૪ વાળાને તે જગા ઉપર મેં જોયલા મને યાદ છે, પણ તેઓ શું કરતા હતા તે મને યાદ નથી. તેઓ ચાલીની નજદીક ભીડમાજ હતા. તે સહુવારના જમાદાર અને હવાલદાર સીવાએ બીજા આસરે ૧૦ સીપાઈઓ તે જગા ઉપર હતા. તે સાથે હું અને મી૦ મેકડર માટ હતા.

સ૦—આ ભીડમાના કોઈએ તમને પોતાને ધમકી આપી હતી? જ૦—હા.

સ૦—તે વીશે જે કાંઈ હોય તે સઘલું કહો. જ૦—એક જણુ કાંઈ ભાંજતો હતો. હું ધારૂં છઉં કે મેં આગળ કહેલી ટેબલજ હતી. મેં તેને અટકાવાની કોશેશ કીધી, તારે તે પોતે સામો મારામારીની ઢપમા ઉભો.

સ૦—વારૂં, તે કેમ, દેખાડો? જ૦—તેની પાસે લાકડી હતી, (દેખાડેછે) આના સરખી કાંઈ હતી, તેણે પોતાના માથાં ઉપર આ પરમાણે ઉંચકી (દેખાડેછે) મારીથી બની શકયું તેમ પોતાનો બચાવ કરવાની ઢપમાં હું ઉભો.

સ૦— તે કોણ હતો? જ૦—તે એક ઈરાંની પારસી હતો.

સ૦—તેણે તમોને મારયા કે માતર મારવાની ધમકી આપી?

જડજ—માણુકજી અને બીજાઓને તમે કેદમા આપયા તેની આગમચ એ બનયું કે તેની પછે? જ૦—હું ધારૂં છઉં કે તેની આગમચ બનયું.

સ૦—તેણે તમોને મારયાં કેમ નહી? જ૦—ભીડમાથી એક પારસી નીકલી આવયો, જેણે તેને ખેંચી લીધો.

સ૦—તમોને મારવાની ધમકી આપનાર તે શખસને તમે઼ ઓળખી શકશો? જ૦—નહી, મને શક છે કે તે બેમાનો એકબી જણુ હીઆં હોય.

જારે હું કમીશનરને તાંહાંથી તે જગા ઉપર પાછો ફરયો તારે મેં કેટલાક લોકોને તે જગા ઉપરથી નાહાસી જતાં જોયા. કેટલાકો ડુંગરની કીનારી ઉપરથી ચોપાટી તરફ નાહસી જતા હતા. બીજાઓ નાહના બારણા વાટે દોખમાના કંપાઉંડમા નાહાઠા હતા. આ આખી ભીડમા પારસીઓ, ઈરાની પારસીઓ, થોડાક હીંદુઓ, અને મ

ને યાદ છે તેમ થોડાક કાબુલીઓ હતા. પોલીસ કમીશનર પાધરોજ મારી પછવાડે આવી પુગો નહી. શું થાયછે તે જોઈને તેને તેડવા સારૂં મેં મારા આસીસ્ટંટ મી૦ માકડરમાટને પાછો મોકલયો. કમીશનર આવયો તારે ચાલી અને તંબુ તોડી પાડી જમીનને સઘલી ચીજથી સાફ કરી નાખેલી હતી. કમીશનરે આવીને તે જમીન ઉપર જે કોઈ હતા તે સઘલાઓને પકડયા.

જડજ—પકડવાનો હુકમ આપયો ? જ૦—હા.

તેની આવવા આગમચ લોકોને દોખમાઓની અંદર જતાં અટકાવાને મેં હુકમ આપયો હતો. જગ્રા ઉપર જેટલા હતા તેમને પકડયા પછે કમીશનર બાહેરથી દોખમાના કંપાઉંડની અંદર જવાના નાહના બારણામાથી અંદર ગયો. જે બારણેથી લોકો દોખમામાં નાહાસી ગયલાં મેં કહયાં, તેજ એ બારણું. કમીશનરે એ બારણું ઉઘાડવાનો હુકમ કરયો, અને તેવણ, હું, મી૦ મેકડરમાટ, બે સવાર, અને કેટલાક સીપાઈઓ અંદર દાખલ થયા. શીપાઈઓની શંખયા મને યાદ નથી. કદાચ તરણ કે ચાર હશે.

જડજ—શું તે બારણું અંદરથી બંધ હતું ? જ૦—પોલીસે તે જબરીથી ઉઘાડયું.

કંપાઉંડમાં કોઈને પણ જોયલા મને યાદ નથી. મોટા દરવાજા આગળની એક નાહની ઈમારત આગળ અમે ગયા. તાંહાં લોકોની એક શંખયા અમે જોઈ. તે ઈમારતને એક અડધા દરવાજા જેવું બારણું હતું. તેની અંદરના લોકો અમારા કરતાં ઉંચે હતાં. ૧૦ ઈઆ ૧૨ ફીટની ઉંચાઈપર હતાં.

સ૦—એટલી ઉંચાઈએ તે લોક હતાં કે ઈમારત હતી ?

જ૦—ઈમારત. તે ઉંચાણ જગાપર હતી અને તે ઉપર જવાને બે સીહીડીઓના ખટકા હતા.

તે અંદરના લોકો સાથ કમીશનરે વાત કીધી. તેણે તેઓને બાહાર આવવા કહયું. તેઓએ કહયું કે નહી. તે ઉપરથી કમીશનરે શું કહયું અને લોકોએ શું કહયું તે સઘલું મને યાદ નથી. મને એટલું યાદ છે કે "જો તમે હીઆં ઉપર આવશો તો તમોને મારી નાખવામાં આવશે" એવું અંદરથી કોઈ બોલયા હતા. ઈમારતના ખાંચાઓમાથી તેમના ચેહેરા દીસતા હતા. પણ તેઓમાના દસ કે બાર જણ બાહેર આવયા હતા. તેઓ બાહેર જાંહાં અમે હતા તાંહાં નહી આવયા, પણ સીહીડીને મથાલે ઉભા રહયા. એક વખતે તો તેઓની મરજી નીચે આવવાની થઈ, પણ તેમાના બે જણ જેઓને મેં ઓળખાવયાછે, તેઓ (ના૦ ૬ અને ૧૪ વાલા) તેમને અટકાવતા હોય એમ દેખાતા હતા. કમીશનર અને પોલીસે તેમની સાથ એક કલાક

સુધી રકજીક કરી. એ સઘલો વખત પોલીસ સીહીડીને તલીએ જમીન ઉપરજ રહી. મી૦ મેકડરમાટ જે લગભગ બેસુધ થતો હતો તેને હું થોડું પાણી આપતો હતો. થોડો વખત તેમને અજમાવયા પછે કમીશનરે થોડો વખત ખાંચો નાખ્યો. તેણે વધારે પોલીસ મંગાવી, જે થોડા વખતમાં આવી લાગી, પછે છેલે અંતે અમે તે ઈમારતમા દાખલ થયા. તેમ કરવા આગમચ બે દેખીતા આબરૂદાર પારસીઓ કંપાઉંડમા આવયા. કમીશનરે તેમને કહયું કે આ લોકોને નીચે આવવા માટે સમજાવાની કોશેશ કરવી. તેઓએ કોશેશ કીધી, પણ ઉપલા લોકો નીચે આવયા નહી. અમે ઈમારતમા દાખલ થવા આગમચ તે બે પારસીઓ તાંહાંથી જતા રહયા. હું તેઓને ઓલખતો નથી, અને તે ઈમારતમા દાખલ થયા, તારે તેનુ બારણું બંધ નહી હતું. તેનુ માતર એક અડધું બારણું (બારી) હતું, જેને અંદરથી સાંકલ હતી, તે બારણા ઉપરથી હાથ મુકી, સાંકલ ઉંઘાડીને હું અંદર ગયો. મારા સીવાએ બીજા એક બે પોલીસ વાળા અંદર આવયા હતા. અંદર અમે આસરે ૩૦ માણસોને જોયાં. તેઓને તાંહાંથી કંપાઉંડની બાહેર પેલી જગા ઉપર લાવવામા આવયા. મી૦ સુટરે મંગાવેલી પોલીસ ફોજ એની અગાઉની આવી ચુકેલી હતી. તે વખતે સઘલી મળીને કેટલી પોલીસ ફોજ થઈ તે હું કહી શકતો નથી, પણ યુરોપીઅન અને દેશી પોલીસની એક શંખ્યા હતી. કામચલાઉ ડેપયુટી કમીશનર મી૦ વીનસેંટ પણ આવયો હતો. બાહેર લાવીને સઘલાઓને એક હારમા ઉભા કીધા અને તેમાથી જેટલા ઓળખાય તેટલાને ઓળખવાને પોલીસને ફરમાવામા આવયું.

સ૦—સઘલા ઓલખાયા હતા? જ૦—નહી, સઘલાઓ નહી.

સ૦—તેઓને કોણ તરીકે, શા વીશે, ઓળખાવામા આવયા?

જ૦—સહવારના બખેડામાં ભાગ લેનાર તરીકે.

જેઓ ઓળખાયા તેમને કેદ રાખયા અને બાકીનાઓને તાંહાંજ છોડી દીધા. આ ભીડમાના કેટલાકોના હાથમા મેં જે લાકડીઓ જોઈ હતી, તે (બંડલમાં દેખાડેછે) એના સરખા સોટા હતા. મેં જોયું હતું કે તે ઘણાખરા સંગીન બામબુ હતા. તે દાહાડે કેટલા જણને પરહેજ કરયા, તે હું જાણતો નથી, પણ ૭૫ જણને ખોટી કરયા હતા. તેઓને મજગામ પોલીસ આફીસ મધે લઈ જવામા આવયા. ના૦ ૧ લા તથા ૨ જાને અમે કંપાઉંડમાં દાખળ થવાની આગમચ કચરો બાલવાની જગા આગળ ખારવીઓની ચાલીની એક કોઠડીમા રાખયા હતા. આ જગા ઉપર નહી પકડાયલા એવા પણ એક જણને કેદ કરયો હતો, તે આ બંધવાઓમાં છે. તેનુ નામ હું જાણતો નથી, પણ તે આ રહયો (ના૦ ૮ વાલાને દેખાડેછે).

સ૦—તમારી ખાતરી છે કે એ તેજ છે?

જ૦—હું એમ વીચારૂં છઉં.

આ તેળા મારામારી થવાની ફરીઆદ મારી પાસે આવી હતી. તે ફરીઆદ કરનાર બે જણ હતા. એકનુ નામ જાનુ અને બીજાનુ નામ મને યાદ નથી, પણ તેને હું નજરે ઓલખું છઉં. તે પઠાણની જાતનો છે. જાનુ મરાઠો હશે, હીંદુતો ખચીત છે. જે એક શખસને પકડયો તે તે જગા ઉપર નહી હતો, તેને જાનુની ફરીઆદથી પકડયો છે. તે બીજો પઠાંણ આ રહયો. (તેને રજુ કરવાથી ઓળખેછે).

મી૦ આનસટીએ ફીલટ પાલટ તપાસયો.

પરદેશીઓને મુંબઈમા સાધારણ રીતે ચોકી કરવાના કામ ઉપર રાખવાનો સરેસતો છે અને તેઓ પોતાની સાથે ઘણુંકરીને લાકડીઓ રાખેછે. મારે બંગલે જે ૬૧ પરદેશીઓને આણયા હતા, તેઓને મેં મજગામ મોકલયા અને સેવટે તેમને છોડી દેવામા આવયા.

સ૦—પણ મી૦ બરાઉન એ ૬૧ જણ તમારી તરફના હતા કે નહી? જ૦—મારી તરફના? મારા કોઈ દોસતો નથી.

સ૦—તારે કુવરજી અને જેકબ જમાલની તરફના?

જ૦—તે હું કહી શકતો નથી.

સ૦—ચાલો ચાલો વારૂં, જરા વીચાર કરો. તે જગાની ઉપર જેબી પરદેશી હતો તે એકેએક આ બેમાના એકની ચાકરીમા હતો તે શું તમે જાણતા નથી? જ૦—તે હું કહી શકતો નથી.

સ૦—તમારા સપત યાદ કરો સાહેબ, ને કહો કે શું તમે એ વાત નથી માનતા? જ૦—હું એમ કહું એ તદન નહી બને એવું છે. તે જગા ઉપર પરદેશીઓનું એક ટોલુ હતું અને મેં કેટલાએકોને જોયા, કે જેઓ કુવરજી અને જેકબ જમાલની ચાકરીમા હતા એમ હું જાણતો હતો.

સ૦—શું તમે જાણતા નથી કે કેટલાક પરદેશીઓને પકડવામા આવતા હતા, તેવામા તેઓ પોકારી ઉઠયા કે અમે કુવરજીના માણસો છઈએ અને તેથી તેઓને જવા દીધા હતા?

જ૦—નહી, હું જાણતો નથી.

સ૦—તમે તેના સોગંદ ખાશો? જ૦—હા, હું સપત લેવશ.

સ૦—હવે હું તમોને ચેતવણી આપું છઉં કે તમોને ખોટા પાડવામા આવશે અને જે ધણીએ જુઠા સોગંદ લીધા હશે તેનો કોઈ દાહાડે ઈનસાફ થશે. હવે હું તમોને એજ સવાલ ફરીથી પુછું છઉં.

જ૦—મને એવું કાંઈ યાદ નથી. કોઈ પણ કાબુલી ઈઆ પઠાણ પારસીની બોરકુના હતા કે નહી તે હું કહી શકતો નથી. તા૦

૨૭ મીને દીને હું તે જગા ઉપરથી ગયો તારે તાંહાં ૨૦ પરદેશી અને ૧૦ પઠાણ હતા એમ મેં કહ્યું નથી.

જડજને—તે જગા ઉપર પરદેશી હતા પણ કેટલા હતા તે મને યાદ નથી.

જારે કુવરજી અને જેકબ જમાલ જમીનનો કબજો લેવા જાય તારે તેમને અમે ટેકો આપવો એવી ગોઠવણ કાંઈ કીધી નહી હતી.

સ૦—તમે પોલીસ કોરટમા મી૦ જેફરસનને આ રવેસે કહ્યું હતું કે નહી:—"ગઈ તા૦ ૨૭ મી મારચને દીને પોલીસના કમી "શનરે મને તેડાવયો અને મને કહ્યું કે કુવરજી પરાગજીની તરફ "થી આરઠર પીલ આવીઓ હતો તથા પોલીસનો આસરો માગતો "હતો કેમકે તે જમીનનો કબજો લેવા જનાર હતો. એ ઉપરથી "કમીશનરે મને ફરમાવયું કે બપોર પછે એક વાગતે મારે તે જગા "ઉપર હાજર થવું." ? જ૦—હા. મેં એમ કહ્યું હતું.

જડજ સાથે તકરાર.

જડજ—હું નથી ધારતો કે એણે અતરે આપેલા જવાબોથી એ કાંઈ જાજો જુદો હોય.

મી૦ આનસટી—મારા લારડ, હું ઉલટ પાલટ તપાસ કરૂં, તેમા આ પરમાણે હરકત થવા સામે હું વાંધો લઉં છઉં.

જડજ—મેં માતર એક વીચાર જણાવયો.

મી૦ આનસટી—એક કોરટ એક બંધવાની તરફથી વચે બોલે એ હું સમજી શકું છઉં, પણ આવી રીતે હરકત થવી નહી જોઈએ.

જડજ—હું એક શાખસી તરફથી વચે બોલયો કે જેની જુબાની તમે વાંચતા હતા.

મી૦ આનસટી—મારા લારડ, હું ઉલટ પાલટ તપાસ ચલાઉ તેમા આવી હરકત થવા સામે હું ફરીથી વાંધો લઉં છઉં. કોઈ કોરટને તેમ કરવાનો હક નથી.

જડજ—મી૦ આનસટી, મને જેમ દરૂસત લાગશે તેવી રીતે હું વચે બોલશ.

મી૦ આનસટી—તારે મારા લારડ, એ બાબત આગળ વધશે. બસ એટલુંજ. બંધવાઓને ઈનસાફ મળવો જોઈએ અને મારીથી બને તાંહાંસુધી તેઓને ગુનેહગાર ઠરાવા નહી દેવશ. હું મારો વાંધો ફરી રજુ કરૂં છઉં અને તમો નામદારને અરજ કરૂં છઉં કે તેની નોધ લેવી.

ઉલટ પાલટ તપાસ પાછી ચાલી.

મેં હીઆં તથા પોલીસમા આપેલા બેહુ જવાબો ખરાછે.

સ૦—સાહેબ, તમે જાણોછો કે તમારા જીલામા તમારી આગળ થઇ ગયલા મી૦ લાકીઅરે, જે ધણીઓ હમણા આ જમીન જપત કરવા માગેછે, તેજ શખસોની સાંમે મદદ આપી હતી—હું કુવરજી અને જેકબ વીશે બોલું છઉં?

જ૦—મને તે વીશેની કાંઇજ ખબર નથી.

સ૦—તારે હું તમોને કહું છઉં કે ૧૮૬૫ ની ૫ મી સપટેમબરની તારીખનો, મીસીઅરસ આકલંડ, પરેનટીસ અને બીશપનો, મી૦લાકીઅર જોગ એ બાબે લખેલો કાગજ રજુ કરવામા આવશે. તે સાથે વળી મી૦ ચારલસ ફ્રારજેટ જોગ તા૦ ૨૪ મી મારચ ૧૮૬૪ નો પતર અને તેનો જવાબ પણ રજુ કરીશું. ૧૮૬૪ ના આગસટ મહીનામા જે શખસ ડેપયુટી કમીશનર હતો તેજ શખસ આ મી૦ સુટર છે, નહી વારૂં?

જ૦—મને યાદ નથી.

સ૦—હવે સાહેબ તમોને યાદ નથી કે તા૦ ૫ મી આગસટ ૧૮૬૪ થી ગયા મારચ મહીના સુધી પંચાએતની તરફથી આ જગાની સંભાલ લેવા સારૂં પોલીસ છ રામોસીઓને મોકલતી આવીછે?

જ૦—હું કહી શકતો નથી.

સ૦—તારે હું કાગળ વાંચું છઉં અને તમો તેને યાદ કરજો. (બે વધારે રામોસીઓ મોકલવા બાબે મી૦ નસરવાનજી બેહેરામજી સેકરેટરીનો કાગજ વાંચેછે). હવે આ વાત તમોં જાણોછો કે નહી?

જ૦—હું એટલું જાણું છઉં કે દોખમાંઓની ચોકી કરવા કાંઇક રામોસીઓને રાખેલાછે.

માહોમાહેની તકરાર.

મી૦ ફરગયુસન—અગરજો મારો કાબેલી મીતર આ પતર રજુ કરવા માગતો હોયતો તે પેહેલાં વાંચવું અને પછે રજુ કરવું એ ઘણું ગેરસરેસતે છે અને હું તેનાં સામે વાંધો લઉં છઉં.

મી૦ આનસટી—એમ કરવાનો મને પુરતો હક છે અને શાખસીની યાદદાસત તાજી કરવા સારૂં મને ગમશે તેટલી વખત હું તેમ કરશ.

જડજ—મારૂં મત એવુંછે કે એ પતર રજુ કરવાની તઇઆરી દેખાડવા આગમચ તે વાંચવો એ સરેસતા મુજબ નથી. શાખસી એ કાગજ વીશે કાંઇ જાણેછે કે નહી તે તેને પેહેલાં પુછવું હતું.

મી૦ આનસટી—મેં એ સવાલ પુછયો હતો.

જડજ—નહી. તમે કહયું કે એ કાગલો રજુ કરવા માટે તમે પોલીસને સમન કરવાના છો.

મી૦ આનસટી—હા. અને પછે તેમને વાંચીને રજુ કરવાનો પણ છઉં.

મી૦ ફરગયુસન—બરાબર. અને જો મારો કાબેલ મીતર તેમ કરવા માગશે તો હું સામો થવશ.

મી૦ આનસટી—તમો નામદારે એ બીનાનો ફડચો કરયોછે. પણ બેશક જેની શકતી મધીઅમ હોય તે શોધી કાહાડે તેવો દરએક વાંધો લેવામાં આવશે.

ઉલટ પાલટ તપાસ પાછી ચાલી.

રામોસીઓને ચોકી કરવા મુકેલાછે તે વીશે હું કાંઇ જાણતો નથી. આ મુકદમાં મધે તરણ સીવાએ બીજા સઘલા શાખસીઓ પોલીસને લાગતા વલગતા છે.

સ૦—આ મુકદમાના કીઆ તબકામાં, ફરીઆદી ચલાવાનું કામ જેકબ જમાલ અને કુવરજી પરાગજી જેવા આબરૂદાર માણસોના હાથમાથી લઈને રાંણીને નામે ચલાવાનું સરકારને સમજાવામા આવયું હતું? જ૦—હું કહી શકતો નથી.

સ૦—જમીનને લગતા ટંટામા પોલીસના માણસ તરીકે વચે પડવા માટે તમે આ પેહેલીજ વાર મેહેનતમા પડયા નથી, ખરૂં કે? છબીલદાસ લલુભાઇની ચાલી તોડી પાડવાનો મુકદમો તમને યાદ છે કે જેને માટે તમોને સર ચારલસ સારજંટે ઠપકો આપયો હતો?

જ૦—હું જાણું છઉં તાંહાંસુધી સર ચારલસ સારજંટે મને કદી ઠપકો આપયો નથી.

સ૦—તે બાંધકામને થયલું નુકસાન ભરી આપવું પડયું હતું તેતો તમને યાદ નહી હોય? જ૦—મેં કદી તલાસ કીધી નથી.

સ૦—તારે બીજા લોકોની મીલકતને બચાવામાં તમે આ પેહેલીજ વાર વચે હરકત કીધી, ખરૂં કે? જ૦—આવી રીતે મુકેલા સવાલનો હું જવાબ આપી શકતો નથી. તેઓ બીજાની મીલકતનો કબજો લેવા ગયાછે એવી મને ખબર નહી હતી. હુંતો સુલેહનો બગાડ થતો અટકાવા સારૂં ગયો હતો.

સ૦—તમોને મી૦ સુટરે કહયું નહી કે તે જગા પારસીઓના સવાધીનમા છે, અને મારામારી વગર તેઓને તાંહાંથી કાહાડી શકાવાના નથી? જ૦—મને નહી કહયુંતું અને મને તેવો ભેઆ લબી નહી હતો.

સ૦—તમો જાણોછો કે પોલીસના અમલદારોને પોતાને માથે પોતાના કામનો જોખમ છે?

જ૦—હું મી૦ સુટરના હુકમ મુજબ ચાલયો.

સ૦--હા! મી૦ બરાઉન, એ ખેઆલ તમારા મગજમાથી જેમ જલદી કાહાડો તેમ સારૂં. તારે જો તમોને મી૦ સુટરે ફરમાવયું હતે કે જુરીના એક ગરહસથના કંપાઉંડમા જઈને તાંહાં એક બીજો ધણી ઘર બાંધેછે તેનો બચાવ કરવો તો તમે તે બચાવ કરતે કે?

જ૦—એ દાખલો હીઆં લાગુ પડતો નથી.

સ૦—તમે એમ ધારી શકોછો? જ૦—ધારેલી વાત આ કોરટમાં સાહેદી ગણાતી નથી. ઘણાક કેદ પકડેલા પારસીઓ નહી ઓળખાવાથી છુટી ગયા હતા.

સ૦—હવે મી૦ બરાઉન, તમે તમારા જમાદાર અથવા હવાલદારના હાથ ઉપર આ મુકદમા મધે ભોગ નથી થયા? જ૦—નહી. હું તેઓના નહી, પણ તેઓ મારા હુકમ તલે હતા. હું નથી જાણતો કે કુવરજી અને જેકબ પઈસાદાર છે. પોલીસની ચાકરીમા મને ૧૪ વરશ થયાંછે અને મારા હાલના જીલામાં હું ૧૨ માસ થયાં છઉં.

સ૦—તમે કદી સાંભળયુંજ નથી કે મંગેશ પરશોતમ જેની મારફતે તમારા મીતરો જેકબ જમાલ અને કુવરજી આ જગાનો દાવો કરેછે તેણે બે વખત એ જગા ઉપર ધામો નાખવાની કોશેશ કીધી હતી અને બેહુ વેળા પારસી પંચાએતે તેને કાહાડી મેળયો હતો તથા અને તે ઉપરથી પંચાએતની સામે તે તોહોમત લાવયો હતો, પણ તેઓએ પોતાના કામનું વાજબીપણું દેખાડવાથી બેહુ વેળા તે તોહોમત ઉડી ગયું હતું? જ૦—નહી મેં એ વાત સાંભળી નથી. હું ધારૂં છઉં કે મી૦ ડફી એ જગા ઉપર હાલ રહલો છે. પોલીસનું કોઇ માણસ હાલ તાંહાં નથી. ૧૮૬૫ માં સમાલકાજ કોરટમા કામ ચાલેલું મેં સાંભળયું નથી.

સ૦—તમે કદી સાંભળયું નહી હતું કે છ વરસમા માતર બેજ દાહાડા ઓછા હતા તેમ, ઈઆને તા૦ ૨૯ મી મીરચ ૧૮૬૭ ને દીને મીશીઅરસ આકલંડ, પરેનટીસ અને બીશપે તે શખસનો છેલવેલો તુછકાર કરયો કે, જે શખસની મારફતે જેકબ જમાલ અને કુવજી દાવો કરેછે? જ૦—મેં નથી સાંભળયું. તેમજ હું નથી જાણતો કે છ કે સાત વરશ ઉપર પંચાએતે એ જગા ઉપર એક ઘર બાંધયું હતું".

આ ઠેકાંણે શાખસીને મી૦ આનસટીએ અતીશય ધમકાવીને તથા ઘભરાવીને સવાલો પુછયા હતા, જેની વચે શાખસીએ કબુલ કીધું કે આ જગા ઉપરના પારસીઓના દાવાની તેને આગમચથી ખબર હતી. હું એ જગા ઉપર તા૦ ૨૭ મીની આગમચ કદી ગયો હોઉં એમ ધારતો નથી. પેહેલાં મને એમ લાગતું હતું કે કચરો બાલવાની જગા આગળ ચાલીમા રેહેતા ખારવાઓ સામા થસે. હું સમજતો હતો કે તેઓને માતર રેહેવા દીધાથી તેઓ તાંહાં રેહેછે. મને

મારા હાથ હેઠલના દેશી માણસોએ કહયું હતું કે પારસી પંચાએત આ જગા ઉપર દાવો કરેછે. તાંહાં આ શખસોને કબજો લેવામા મ દદ કરવા સારૂ મને મોકલયો હતો, એ હું કબુલ રાખતો નથી. જો મને ફરમાવામા આવેતો મારા માનવા મેલે એવાજ સંજોગમા એવું જ કામ હું ફરીથી કરશ. કમીશનરને તાંહાં જવા આગમચ હું હવા લદારને ફરમાવી ગયો હતો કે મારી ગેરહાજરીમાં બખેડો થતો અટ કાવાની કોશેશ કરે. મી૦ મેકડરમાટને મેં તંબુમા એટલા વાસતે મોકલયો કે તેનો તડકામા બચાવ થાય.

સ૦—તમે કોઈનાબી હાથમા મી૦ ડફીના પેલા ખમીશ અથવા દગલાના કકડાઓ જોયા હતા કે જે કીમતી અલુશણ વીશે પેહેલીજ વાર આપણે હમણા સાંભળયુંછે ?

જ૦—મેં કોઈના હાથમા નહી જોયા હતા.

સ૦—તમે "ચીજો" વીશે બોલયાછો—લાકડીઓ અને બીજી "ચીજો" તેનો અરથ શું ? તે બીજી ભય ભરેલી ચીજો શું હતી—છતરી કે ? (હસવાનું). જ૦—મેં કોઇ જોઈતી નહી.

સ૦—સમજો કે મારા દસ બાર શાખસીઓ કેહે કે દરએકના હાથમા છતરી હતી, તો તમે શું કેહેશો ? જ૦—હું કાંઇ નહી કેહેવશ.

સ૦—તેઓ પાસ છતરી હોયતો તમે તેને હથીઆર કેહેશો કે ? (હસવાનુ) જ૦—નહી હું નથી ધારતો.

સ૦—વારૂં તમે એક ઓરતની વાત સાંભળી હશે કે જેણીએ પોતાની છતરીથી—બલકે નાહની છતરી ("પારાસોલ") થી—એક વાઘને બીહીવાડી મારયો હતો. (હસવાનુ) હવે, મી૦ બરાઉન, આ સઘલી લેખાનતી અને લોહીલુવાન લડાઈ એક ઢોંગ નહી હતો ? તમે તે દાહાડે રાતના ઘરમા તમારાં કુટુંબની છાતીસે લાગા (હસવાનું) તારે તમે એવું નહી વીચારયું ? જ૦—નહી.

સ૦—તારે તમે શું વીચારયું ? જ૦—મેં વીચારયું કે ૨૦૦ થી ૩૦૦ બેકાયદે ભાડુતીઓને આવાં કારણસારૂં ભેગા મળવાનો કાંઈ હક નહી હતો.

સ૦—તમે એવું ધારયું વારૂં કે પારસીઓ સરકાર સામે એક ભયંકાર જંગ મચાવા નીકળયાછે અથવા વાલકેસવરના સઘલા રેહેવા સીઓને વટલાવીને આતશપરસત નીકલયાછે ? (હસવાનું) નહી. પણ તે બખેડો મોટો હતો.

સ૦—તમેં એવું વીચારીઉં વારૂં કે પારસીઓ બરીટીશ સરકાર ની સતાની સામે એક ભયાંનક અને નરકમા જવા લાએક બલવો ક રવા નીકલયાછે ? જ૦—તે એક સુલેહનો બગાડ હતો.

સ૦—તમેં તે દીને બીધા સાથી ? તમે એવું વીચારયું કે પારસી

ઓ—જેઓ એક પરજા તરીકે બાહાદુર અને પેહેલવાની છે—તેઓ લડાઈ ઉઠાવા નીકલયાછે ? જ૦—પારસીઓને લડાઈએ જવાનો મા હાવેરો નથી.

સ૦—જેઓ તે ખરાબોના ડુંગર ઉપર ઉતરી પડયા તેમને તમે બદનામ નથી કરતા હેં ? ડુંગરો ઉપરથી આવેલા તે વીકરાલ અને લોહીના પેઆસા જંગલીઓ હેં ? તેઓ દોખમામાથી ઉડી આવયાછે એવું તો તમે નહી જોયું હોય ? જ૦—નહી.

સ૦—અને જારે તેઓને આવતા જોયા તારે મી૦ મેકડરમાટ બેહોશ થઈ ગયો. (હસવાનું) જ૦—હા, તે ઘણી થાકથી બેહોશ થ યો. નહી, તે બેહોશ નહી થયો.

સ૦—તમે કહયું કે તેને તમે પાણી આપયું હતું તેમા કાંઇ ભે લેલું હતું કે ? જ૦—નહી, મેં પોતે તે પાંણી પોંહોંચાડયું હતું.

સ૦—મી૦ સુટરે પેલા શખસ સદાનશાહને પોતાની લાકડી મારી જમીનપર નાખી દીધો તે વખતે તમે હાજર હતા ?

જ૦—નહી, મેં તે સાંભળયુંબી નથી.

સ૦—તમે નહી સાંભલયું હોય કે તે માણુસ મી૦ સુટર આગળ પોતાના બચાવને માટે દોડતો આવતો હતો તેની ધારણા ઉલટી સ મજીને મી૦ સુટરે તેને પોતાની લાકડીવરે તોડી પાડયો.

જ૦—નહી, મેં નથી સાંભળયું.

સ૦—તે દાહાડે તમે ઠંડા ને ધીરા હતા ? જ૦—નહી.

સ૦—તારે તમે બાવરા બની ગયલા અને ઘણા હેબતાયલા હતા?

જ૦—મેં જે કાંઈ જોયું તેથી હું લગાર ગુચવાયળો હતો. હું ઠંડો અને ધીરો નહી હતો.

સ૦—તમે તે દાહાડે કોઈના જાન ગયલા જોયા ? જ૦—નહી.

સ૦—તમે કોઇના હાથપગ ભાગેલા ઈઆ કોઈની આંખો ખેંચી કાઢેલી જોઈ ? જ૦—કોઇ સામે થયું નહી હતું. જો કોઈપણ સાં મે થયું હતેતો તેના પરીનામ ઘણા માઠાં નીપજતે.

સ૦—તમે જાણોછો કે હીઆં હરએક બંધવાની મીશાલે તમે પણ તપાસને, સારૂ આવયાછો ? જ૦—હું નહી ધારતો. હું માતર હુ કમોને બજા લાવયો હતો.

સ૦—તે લોકોને કાયદાથી ઉલટી રીતે કેદ રાખવાના પરીનામો શું તમે જાણતા નથી ? તમે નહી ધારતા કે તેમને કેદ કરવા માટે ત થા લોકોને તેમના પોતાના પવીતર કંપાઉંડમા બેડીઓ ઠોકવા માટે નુકસાનની ફરીઆદીઓ મંડાશે ? જ૦—હું ધારૂં છઉં કે મારા દેખતાં કંપાઉંડમા માતર બે જણને બેડી ઠોકી હતી અને તેઓ મેંજ દેખાડેલા બે જણ હતા. મારા હુકમથી કોઇને બેડી ઠોકી નહી હતી.

સ૦—તારે શું મી૦ સુટરના હુકમથી બેડીઓ નાખી હતી?

જ૦—તે હું જાણુતો નથી.

સ૦—તેઓ સરવેને કસાબી તફાવત વગર બેડી ઠોકી નહી હતી?

જ૦—હું ધારૂં છઉં કે મનગામની ચોકીમા લઈ જવા આગ મચ સઘલાઓમે બેડી ઠોકી હતી.

સ૦—શેખમાના કંપાઉંડની દેવાલનો દરવાજો મી૦ સુટરે જબરીથી ભંજાવયો તેની સામે તમે પરોટેસટ કીધો હતો? જ૦—નહી.

સ૦—પવીતર મીલકત ઉપર ધસારો કરવા સામેના એક ઢંઢેરા વીશે તમે કાંઈ બોલયા હતા? શેખમાની ઉપર ધસારો કરવા સામે મુંબઈના પરેસીડંટ ઈન કાઉનસીલના છેક ૧૭૯૨ ના શાલના ઢંઢેરા વીશે કોઈ પણ કાંઈ બોલયું હતું? જ૦—નહી.

સ૦—તારે હું એ ઢંઢેરો તમને દેખાડું છઉં અને પછે તે હું રજુ કરશ.

મી૦ ફરગયુસન—એ ઢંઢેરો અમને કબુલ નથી અને અમે તેની રજુઆતની સામે છઈએ.

મી૦ આનસટી—સામે થવાનો બરાબર વખત તારે કે જારે હું તે રજુ કરૂં.

જડજના પુછવાથી મી૦ આનસટીએ હજી લંબાંણથી તપાસ ચલાવાની ધારણા જણાવાથી નામદાર જડજે મુલતવી રાખવા કહયું. હીઆં મી૦ ફરગયુસને જુરીને છોડવાની સામે બોલવા માગયું પણ મી૦ આનસટીએ વાંધો લીધો કે કોરટે ઉઠવાની ધારણા બતાવાથી હું બેસી ગયો છઉં, નહીતો ઉભો રેહેતે, મારે કોરટમાં હુંજ ઉભેલો ગણાઉં અને મારી વચે મી૦ ફરગયુસને બોલવું નહી જોઈએ.

જડજ—એજ (જુરીમે છોડવાની) બાબતમાં મેં વીચાર કીધોછે અને જુરીને એકઠી રાખવાની જરૂર હોય એવું હું ધારતો નથી. તેઓને છુટા પડવાની રજા આપીશું, પણ આ તપાસ વીશે તેઓ પોતાનો વીચાર હેલાએરો રાખશે અને કોઈ સાથ સંધેસો નહી ચલાવશે અથવા કોઈને પોતા સાથ સંધેસો ચલાવા નહી દેશે.

બંધવાઓને તેમના જામીન ઉપર પાછા છોડયા અને કોરટ બીજી સહવારપર મુલતવી રાખી બરખાસત થઈ.

બીજો દીવસ—મંગલવાર, તા૦ ૮ મી જુલાઈ ૧૮૭૩.

મો૦ આનસટીએ મી૦ બરાઉનની ઉલટ પાલટ તપાસ પાછી જારી કીધી.

સ૦—હવે સાહેબ શું તમે એવું સમજાવા માગોછો કે તમે જેટલો વખત* પોલીસ સાથ જોડાયલાછો, તે સઘલા વખતમા સરકાર અથવા તેમના નોકરોએ તમોને કદી સમજાવયું નથી કે દોખમાઓની પવીતરાઈ તમે સંભાલવી અને તેમા દાખલ થવું નહી, એ વીશે તમે સપૈત લેશો? જ૦—મને એ વીશે કોઈએ કદી કહયું નથી.

સ૦—તમે જાણોછો કે નહી કે ઈંગરેજી કબરસતાંન પવીતર જગા ગણાયછે? જ૦—હા, પણ તેમા હર કોઈબી દાખલ થઈ શકેછે.

સ૦—તમે આ પણ જાણતા હશો કે એક દેવલ પણ પવીતર જગા ગણાયછે? જ૦—હા. પણ તેમા કોઈબી દાખલ થઈ શકેછે.

સ૦—તમે કદી દેવલમા જબરીથી દાખલ થયાછો?

જ૦—નહી, કદી નહી.

સ૦—તમને ખબર નહી હશે કે પારસીઓની ધરમ સંબંધી કીરીંઆએ રાત અને દીસ ચાલુ છે? જ૦—હું તે જાણતો નથી.

સ૦—તમે, મી૦ બરાઉન, પોલીસના એક માણસ તરીકે જે જાણવું જોઈએ તેથી ઘણાખરા અગ્નાન છો શું? જ૦—મને નથી ખબર કે એ સઘલું જાણવાની મારી ફરજ છે.

સ૦—તમો જાણોછો કે તે પાક જગા, સગરી, જેને તમે એક નાહાની ઈમારત કહોછો, તેને પારસીઓ પાએદસત પછે પોતાને પવીતર કરવા માટે વાપરેછે, જાંહાં તેઓ અંદર જંઈને પાએદસતના કપડાં ઉતારેછે અને ગુજરી ગયલાંને માટે બંદગી કરેછે?

જ૦—નહી, મને ખબર નથી.

સ૦—તમે શું એવું ધારોછો કે ગુજરી ગયલાંને માટે બંદગી—પારસીઓની બંદગી, હો, મી૦ બરાઉન—કાંઇ અગતની નથી અને તેમા ઘુસી જવાઈ શકાય?

જ૦—તે તેઓને અગતની હશે; પણ મને નથી.

સ૦—અગરજો તમે એક રોમન કાઠલીક પાદરીને "માસ" ભણતો જોવો અને તમે વીચારતા હોવો કે તેની જરા અગાઉ તેણે સુલેહનો બગાડ કરેલો છે, તો શું તમે તેના કુરબાનઘા ઉપર ઘસી જઈ, તેને કેદ પકડસો? જ૦—નહી. હું નહી પકડશ.

સ૦—એક પારસી મોબેદ અને એક રોમન કાઠલીક મોબેદ વચે, મી૦ બરાઉન, શું તફાવત છે? જ૦—હું જાણું છઉં તાંહાંસુધી તેઓમાં ધરમ સંબંધી સમજ કાંઈજ નથી. મને ખબર નથી કે તે દાહાડો મેહેર મહીનામા સઉથી પવીતર હતો. જારે હું તાંહાં પેહેલે

ગયો તારે અંદર મેં કેટલાક ઈરાંની પારસીઓને દીઠા. અને તેઓ એબાદતને માટે આવયા હતા, એવું મારા મનમાં મુદલ લાગયું નહી.

સ૦—તારે મી૦ બરાઉન, આ શેહેરના પારસીઓ શું એવું સમજે કે પોતાની તે ધરમ સંબંધી જગામા જારે તેઓ ભેગા મળે તારે આવા જાસતો ભરેલાં કારણ સારૂંજ ભેગા મળવાનો તેઓ ઉપર વેહેમ લાવવામા આવશે? જ૦—હું તેમ ધારતો નથી. મેં તે દીને બે પાએદસતો જોઇ નહી હતી. મેં એકબી જોઇ નહી હતી. મારા સીપાઈઓએ મને તેમ કહયું પણ નહી હતું. મેં તે કદી સાંભળયું નહી હતું, તે વખતેબી નહી અને તારપછેબી નહી.

સ૦—તમોને એ વીશે પોલીસ કોરટમાં પુછયું હતું કે નહી?

જ૦—મને યાદ નથી.

સ૦—તમોને શું એ વીશે પોલીસમા નથી પુછેલું?

જ૦—મને યાદ નથી.

સ૦—અંહું! તમોને યાદ નથી. હવે કહો કે એ વીશે તમોને પોલીસમા પુછેલું છે કે નહી. જ૦—પુછયું હોય, મને કાંઇ પાએદસત વીશે પુછયું તું નહી, પણ યેતની ઉપર એક રવાનને વીશે પુછયું હતું.

સ૦—તેમા તફાવત શું? હવે, તમારી સાખશી પુરી થવાપછે તમે પોલીસ કોરટમા હતા. તારે આ વાત ખરી છે કે નહી કે એકે એક શાખશીને એ બીના પુછવામા આવી હતી?

જ૦—હું જાણુતો નથી.

સ૦ તમો શીવાએ કોઈ બીજાને એ વાત પુછી હતી?

જ૦—ઘણું કરીને હશે.

સ૦—તમે સારીપઠે જાણોછો કે દરએક જણને પુછયું હતું, નહી વારૂં? જ૦—હું કહી શકતો નથી. જુબાનીઓ ઉપરથી તમોને માલમ પડશે. આ ઢંઢેરો મેં આગળ કદી જોયો નથી. દોખમાના કંપાઉંડમાં હું આગળ કદી ગયો નથી. પાછળથી મી૦ ફલીન, મી૦ ઓવન, મી૦ લીડ, પારસી પંચાએતના સેકરેટરી અને એક દેશી દુભાશીઆની સાથે હું તાંહાં ગયો હતો. હું ધારૂં છઉં કે તે બીજી વાર અમે પારસી પંચાએતની રજા લઈને ગયા હતા. એ વખતે જે જગા ઉપર ઈરાંની પારસીઓને દીઠા હતા તાંહાં તથા પેલી નાહની ઈમારતમા હું ગયો હતો.

સ૦—તે સગરી છે, તમે જાણોછો? જ૦—નહી, હું નથી જાણુતો. હું તેના બારણાની અંદર ગયો અને આસપાસ નજર કીધી.

સ૦—તાંહાં તમે કોઇને કેદ પકડયા?

જ૦—નહી તાંહાં કોઇ નહી હતું.

સ૦—તમે પારસી પંચાએતના સેકરેટરીને નહી કેદ પકડયો ?
જ૦—નહી.
સ૦—પણ તેવણ તાંહાં હતા, તારે તેને કાંએ નહી પકડયા ?
જ૦—તેવણ કાંઈ હુલડ કરતા નહી હતા. જે ઉંચી જગા ઉપર મેં ઈરાંની પારસીઓને જોયા હતા, તે જગા બાગમા નહી પણ બાગની બાહેર હતી.
સ૦—તમે આ મી૦ ઓવનને જોવોછો. હવે તમેં સોગંદ ખાશો કે તમે મી૦ ઓવનને કહયું નથી કે જાંહાં તમે પારસીઓને દીઠા હતા, તે જગાતો આ બાગ હતો એવી તમારી ખાતરી થઈછે ?
જ૦—હું મી૦ ઓવનને તારપછે મળયોજ નથી.
સ૦—તારપછે નહીતો તે દાહાડે કહયું હતું ? જ૦—નહી.
સ૦—તારે એવણના દેખતાં તમે કોઇને એ રવેસે કહયું નથી ?
જ૦—નહી.
સ૦—તમે સોગંદ ખાશો ? જ૦—હા ખાવશ અને મી૦ ફ્લીન મને ટેકો આપશે કે મી૦ ઓવનના દેખતાં હું કોઈ આગળ તેમ બોલયો નથી.
સ૦—ઠીક. હવે, તમે શું એમ નથી બોલયા કે મારી ખાતરી થઈછે કે એ લોકો બંદગી કરતા હતા ? જ૦—તે રવીવારને દીને કે ? નહી. મેં કદી એમ કહયુંજ નથી, અને વધારે એ છે કે તેઓ માના એકબી જણના હાથમાં મેં ચોપડી જોઈ નહી હતી.
સ૦—એક જણ જે પારસી ધરમ વીશે કશું જાણતો નથી, અને ધરમના મકાનોની પાકીજગી વીશે કસું જાણતો નથી, તેવો એક જણ તમે એવું કેહેવાને માથે લેઓછો કે કાંએકે પારસીઓના હાથમા ચોપડી નહી હતી, તેથી તેઓ બંદગી પણ કરતા નહી હતા ?
જ૦—મેં એમ નથી કહયું.
સ૦—તમે જાણોછો કે બંદગી કરવા માટે ચોપડી વાપરનાર દરએક પારસીએ તીસ પારસીઓ ચોપડી વગર બંદગી કરેછે ?
જ૦—હશે, પણ મેં ઘણાકોને ચોપડી વાપરતાં દીઠાછે.
સ૦—તારે તા૦ ૪ થી એપરેલને દીને જે માણસોને, ઉંચાણ જગાપર ઉભેલા, તમો કહોછો કે તમે બાહારથી દીઠા, તેઓ બાગની દેવાળ અને જાંહાં તમે ઉભેલા હંતા તેટલી જગાની વચે હોવા જોઈએ ?
જ૦—હા.
સ૦—અને તે દેહ્રાંણું બાગની પાસેજ છે ? જ૦—હા.
સ૦—હવે જારે તમે પારસીઓને તાંહાં અંદર જોયા તારે કંપાંઉંડની દેવાલની બાહેર તમે પારસીઓને દીઠા નહી હતા. ખરૂં ?
જ૦—બાહાર કોઈ પારસીને જોયલા મને યાદ નથી.

સ૦—પણ તેજ વખતે ઇઆને જારે તમે તેઓને અંદરની ઉંચાણ જગાપર જોયા તારેજ કુવરજી પરાગજીના પરદેશીઓને અને તમારા પોતાના માણસોને તમે બાહાર ઉભેલા જોયા, ખરૂં ?

જ૦—નહી, મેં તેમને નહી જોયા હતા.

સ૦—તમે તેમને આ (વાંધાની) જગા ઉપર નહી જોયા ?

જ૦—જાંહાં પછવાડેથી હુલડ થયું તાંહાં તેઓને મેં દીઠા હતા.

સ૦—તમે તેને હુલડ કહો, પણ કેટલાકો તેને ફારસ કેહેછે, પણ મને મારા સવાલનો જવાબ જોઇએછે. જારે પારસીઓ દેવાલની અંદર હતા, તારે તમારા માણસો અને કુવરજી પરાગજીના માંણસોને દેવાલની બાહાર તમે દીઠા હતા કે નહી ?

જ૦—એટલુંજ મેં જોયું હતું.

સ૦—ઠીક. હવે માજીસટરેટની આગળ મી૦ સટારલીંગે તમોને ઉલટ પાલટ તપાસયા તારે તમે એમ બોલયા હતા કે એ જગા ઉપર પેહેલાં તમે ગયા તે વેળા તાંહાં માતર કુવરજી પરાગજીના માણસો અને ૧૦ કે ૧૨ શીપાઇઓ હતા. એ ખરૂંછે કે નહી ? જ૦—હા.

જડજ—એ શખસો જેમને તમે કુવરજી પરાગજીના માણસો કહોછો, તેમના હાથમાં કાંઇ હથીઆર હતાં ?

જ૦—તા૦ ૪ થી એપરેલે તેમના હાથમાં કાંઇ નહી હતું.

સ૦—હવે મને કહો કે જારે તમે મી૦ સુટરને બોળાવા સારૂ તે જગા ઉપરથી પેહેલીવાર ગયા તારે આ પરદેસીઓ નીકલી ગયલા હતા, ખરૂં ? જ૦—હું જાણતો નથી.

સ૦—તમે જાણતા નથી. ખરેખર તમારી મુખજુબાનીનાં મોટા જઠામાંથી એટલું વારેવાર પસાર થવું એ ઘણું થાકવી નાખનારૂં છે. જારે તમે જમાદારની સાથે તે જગા ઉપરથી નીકલયા તારે કોઇ પરદેશીને દીઠા નહી હતા એમ તમે મી૦ સટારલીંગને કહયું હતું કે નહી ? અને વળી જારે તમે પાછા ફરયા તારે કુવરજીના માણસો ઝપાટામાં નીકલી જતા હતા એમ પણ તમે કહયું હતું કે નહી ? જ૦—હા, મેં કહયું હતું.

સ૦—હવે તારે તેઓ તમારા જવાપછે તરતજ નીકલી જવા જોઇએ એમાં શું કાંઇપણ શક છે ? જ૦—તેઓ સઘલા હુલડની જગા ઉપરથી નીકલી જવાને ઘણા ખંતી દેખાતા હતા.

સ૦—હુલડ ! તેઓ નીકલી ગયા તારે તો તે હુલડ શરૂબી થયું નહી હતું. તમે માજીસતરેટ આગળ બોલયા કે તમો માતર ૧૫ મોનીટ તે જગાથી દુર હતા ? જ૦—હા. અને જારે હું પાછો આવયો તારે મેં તેમને નીકલી જતાં જોયા.

સ૦—હવે હું લાકડીઓ ઉપર આઉં છઉં, મી૦ બરાઉન. હું આશા રાખું છઉં કે તમારી જુબાની વાંચવાની મને મેહેનત આપવા વગર તમો મને જવાબ દેશો. તમે માજીસતરેટ આગળ એવું બોલયા કે જારે તમે તમારી પેહેલી જુબાંની ઉપર સપત લીધા તારે પોલીસ કોરટમા લાકડીઓ કાંઈ નહી હતી; પણ તારપછે એક વખતે લાકડીઓ લાવવામા આવી અને તમે તેમને ઓળખી?

જ૦—એમ બોલવાની મને ખાતરી નથી.

સ૦—તારે મારી આશા રદ ગઈ. તમો આ પરમાણે બોલયા હુતા કે નહી કે (વાંચેછે) "આ લાકડીઓ, જે પરદેશીઓ પાસેથી લીધેલી હતી તે પેહેલી વેળા હીઆં આંણી નહી હતી. બે બંડલો પછેથી આણયાં હતાં." ? જ૦—હા. હું એમ બોલયો હતો.

સ૦—હવે આ વાતમા શું કાંઈ પણ શક છે કે જો કુવરજીના માણસોના હથીઆર મુકાવાને તમે હુકમ આપયો તો પેહેલી વેળા વહી જવા પછેજ તેમની લાકડીઓ છોડાવી હશે? જ૦—લાકડીઓ મારી પાસે તા૦ ૪ થી પછે આણવામા આવી અને મેં તેમને મજગામની પોલીસ આફીસમા મોકલાવી. તેમને એટલા માટે રજુ નહી કીધી કે કોરટે તે મંગાવી નહી હતી.

સ૦—નહી તેની બીજે દાહાડે કે નહી જે દીને તમે જુબાની ઉપર સપત લીધા તે દીને તેમને લાવવામાં આવી? જ૦—હું જાણું છઉં તાંહાંસુધી તે રજુ થઈ નહી તેની આગમચ તેમને મેં કદી ફરીથી જોઈ નહી હતી.

સ૦—તમે તેમને પછવાડેથી રજુ કીધી, નહી વારૂં? જ૦—હા.

સ૦—હવે તેમને છેલીવાર કોણના સવાધીનમાથી લાવયા હતા?

જ૦—હું ધારૂં છઉં કે તેમને મારો જમાદાર લાવયો હતો.

સ૦—ઓ હો! તમારો જમાંદાર! એનો આ કામનો જીવ અને જીવનગારો છે, નહી વારૂં?

જ૦—નહી. તા૦ ૪ થીને દીને મેં એક પણ લાકડી હાજર કીધી નહી હતી અથવા હાજર કરેલી જોઈ નહી હતી. મેં પેહેલી જુબાંની ઉપર સપત લેતી વેળા આડા પેઠોયાં જેવી આ એકજ લાકડી મેં રજુ કીધી હતી. બીજે વખતે લાકડીઓના કેટલાંક બંડલો લાવવામાં આવયાં. પેહેલે દાહાડે બે અને બીજે દાહાડે તરણ હતાં. પેહેલી વખતના બે બંડલો મારો જમાદાર લાવયો હતો. બીજે દાહાડના તરણ કોણ લાવયો તે હું કહી શકતો નથી. જારે હું તે જગા ઉપર ગયો તારે તાંહાં બાંબુ ઉગેલા પેહેલીવાર મેં જોયા નહી, પણ પાછળથી તે મારા જોવામાં આવયા.

સ૦—તારે હું ધારૂં છઉં કે જાને કે તમે એટલુંતો પોતેજ કબુલ કરતા હોવો એમ મારે સમજવું કે પારસી પંચાએતે તે જગા ઉપર પાછળથી બાંબુ ઉગાડયાછે, એવું તમે જુરીને સમજાવવા ચાહોછો?

જ૦—નહી.

સ૦—શું તમે નથી જાણતા કે જે ખારવીઓ વીશે તમે બોલયા છો, તેઓએ ફરીઆદ કીધી હતી કે તમારા મીતરોએ તેમના બાંબુ કાપી નાખયા હતા? જ૦—મને તેની કાંઈ યાદ નથી.

સ૦—હું ધારૂં છઉં કે જમાદાર સાબેત કરી શકશે કે તે લાકડીઓ કેમ લાવયો અને કાંહાંથી લાવયો?

જ૦—તે કેહેવાને હું શકતીવાન નથી.

સ૦—તમે નહી કહી શકતા હેં? જ૦—નહી.

સ૦—ઘણું સારૂં. તારે એ વીશે હું તમોને વધારે તસદી આપશ નહી. હવે મને જરા પેલી જગાનું વધારે બેઆન કહી સંભળાવો. તમે જે કાટ વીશે કહયું તે કાહાડીને ફેંકી દેવાની ડુંગર ઉપર માતર બેજ જગા હોય. એક બાકબેની બાજુ અને બીજી મીઉનીસીપાલ કચરો બાલવાની જગાની બાજુ? જ૦—હું જાંણું છઉં તાંહાંસુધી એ બેજ બાજુઓ સગવડ ભરેલી છે.

કંપાઉંડની દેવાલ અને કચરો બાલવાનો જગા વચેનીજમીન લગભગ સપાટ છે અને બાકબેની બોરડુએથી તે ઢેલાવદાર છે. D ડીવીજનમા હું એક વરશ થયું ડેપયુટી સુપરીનટેનડંટ છઉં. તારીખ ૨૭ મીની આગમચ કચરો બાલવાની આ જગા મેં જોઈ નહી હતી. તા૦ ૪ થીની સહવારના જારે હું તે જગા ઉપર ગયો તારે કચરો બાલવાની જગા મેં જોઈ.

સ૦—હું ધારૂં છઉં કે તાંહાં રાખ અને કચરાનો ઢગલો હશે?

જ૦—હા.

સ૦—હું ધારૂં છઉં કે "કચરા" માં ખાતાં વધેલું અજીઠું અને બીજી તરેહવાર ચીજો તમે દીઠી હશે કે જે સેહેલાઇથી બળી શકતી નથી? જ૦—હા. મેં વસતુઓ જોઇ, જેવું કે ઘાસ.

સ૦—પણ તેતો સેહેલાઇથી બલી જાયછે, નહી વારૂં?

જ૦—હા, પણ મેં ગલીચ ઘાસ દીઠું.

સ૦—તે શું સેહેલાઇથી નથી બળતું મી૦ બરાઉન?

જ૦—નહી, હંમેશ નહી.

સ૦—હવે હું પુછું છઉં કે સેહેલથી બળે નહી એવી ચીજો, જેમકે અજીઠું ખાંનું તે જગા ઉપર નથી બાલતા? જ૦—હા. જારે હું તાંહાં પેહેલે ગયો તારે મેં તે જગા ઉપર આતશ દીઠો હતો. જારે હું પેહેલવેહેલો પાછો આવતો રહયો, તારે તે જગા ઉપર મેં આતશ

દીઠો હતો. તે ધુમાડો હતો કે આતશ તેની મેં બરાબર ખબર લીધી નહી હતી. હું પાછો આવયો તારે કાંઈ બલતું જોયલું મને યાદ નથી. એ આતશ તરફ કેટલાકો કાંઈ ચીજ ધસડતા હતા. તેઓને મેં કેહેતાં સાંભળયા કે "આગ પર ડાળો." કેટલા જણ એમ બોલયા તે હું જાણતો નથી. કોણ એમ બોલયા તે હું ઓળખતો નથી. "આગકી ઉપર ડાળો" એમ બોલવાને બદલે તેઓ ટુકમા બોલયા કે "આગ પર ડાળો."

સ૦—હું ધારૂં છઉં, મી૦ બરાઉન, કે તમે શખત ટીકાકાર ("હાઈપરકરીટીકલ") છો—ઠગારા ("હાઈપોકરીટીકલ") નહી હો. હવે સાહેબ, અગરજો તમો ખરીસટી હોવોતો ખરીસટી તરીકે સપત લઈને તમે કેહેશો કે તેઓ જે બોલયા તે આ બોલો નહી હતા કે "આગકી ઉપર મત ડાળો."?

જ૦—હું મારાં આગળાં કેહેવાને વલગી રહું છઉં.

સ૦—કાંઈ ચીજ ધસડનારા આ શખસો પારસી હતા?

જ૦—હું ધારૂં છઉં કે તેઓ ઈરાની પારસી હતા.

સ૦—એમ તમે શા ઉપરથી કહોછો?

જ૦—મને યાદ છે તે ઉપરથી કહું છઉં.

સ૦—પણ તેઓ ઈરાંની હતા એમ શા ઉપરથી વીચારો છો?

જ૦—મને યાદ છે, તે ઉપરથી.

સ૦—મી૦ બરાઉન, મારા સવાલનો જવાબ આપો. તમે સા ઉપરથી એમ વીચારયું?

જ૦—કેમકે ઈરાની પારસીઓને હું ઘણું કરીને ઓળખું છઉં.

સ૦—તમે કેમ ઓલખોછો?

જ૦—તેમના પોશાક અને સાધારણ દેખાવથી.

સ૦—મુંબઈના પારસી અને ઈરાની પારસી વચ્ચે તફાવત શું છે?

જ૦—ચેહેરો અને પોશાક બેહુમાં તફાવત છે.

સ૦—તારે તેમના ચેહેરાના નાના પરકાર તપાસવાનો તે દીને તમને વખત મળયો ખરો?

જ૦—નહી, મને વખત નહી મળયો હતો.

સ૦—તારે તમે શા ઉપરથી ધારયું કે તેઓ ઈરાની હતા?

જ૦—હું તમોને કહી ચુકો કે તેમના પોશાક ઉપરથી મેં ધારયું.

સ૦—તમે સારીપઠે જાણોછો કે મુંબઈના પારસીઓ જેમ ગમે તેમ બેદરકારપણે ટોપી ઈઆ પાઘડી પેહેરેછે?

જ૦—કોઈ વખત તેમ કરેછે.

સ૦—તમે જાણતા નહી હશો કે મુંબઈની પુરવે કલકતામા તેઓ ઘણું કરીને પાઘડી પેહેરેછે?

જ૦—નહી, મેં કલકતામાં કોઈને જોયા નહી હતા.

સ૦—તેઓની ભાશા તમે જાંણોછો ?

જ૦—મેં જેમને સાંભળયા તેઓ હીંદુસતાંની બોલતા હતા. હું તે બરાબર સમજુ છઉં. ગુજરાતી બરાબર સમજતો નથી. "આ ગપર ના નાખો" એમ ગુજરાતીમા હું કહી શકતો નથી. ગુજરાતીમાં તેઓ તેમ બોલયા હોય અને તે ઉપરથી હું ઉપલા બોલ લઈ નાહાઠો હોઉં એ માનવાજોગ નથી. મેં જે બોલ વાપરયાછે તેજ તેઓ બોલયા હતા.

સ૦—આતશપર નહી નાખવાના બોલ તમે સાંભળયા નથી એવા સોગંદ લેશો ? જ૦—હું જાણુંછઉં તાંહાંસુધી મેં નથી સાંભળયા.

સ૦—પણ તમારા પોતાનાજ કેટલાક શાખશીઓએ તેમજ સાંભળેલું પોલીસમા કબુલ કીધું હતું, તે તમે સાંભળયુંછે કે નહી ?

જ૦—મને યાદ નથી. જુબાનીઓમા તે હશે.

સ૦—જેને તમે હુલડ કહોછો, તે તમે મી૦ સુટરને તેડવા બીજીવાર ગયા તેની આગમચ ખલાસ થયલું હતું નહીં વારૂં ?

જ૦—તરતનુંજ ખલાસ થયલું.

સ૦—બીજીવાર જવા આગમચ, તમે તમારી પોલીસને હુકમ આપયો હતો કે કોઈબી માણસને કંપાંઉડમા દાખલ થતો અટકાવવો ?

જ૦—હા, મેં હુકમ આપયો હતો.

સ૦—તે કોણની સતાથી આપયો હતો ?

જ૦—મારી પોતાની સતાથી.

સ૦—તમે ઘણીક ચીજો તમારી સતાથી કરોછો કે જેને માટે તમોને શીખસા થતી નથી. તમે શું જાણતા નથી કે જો તે હુલડ પુરૂં થયુંતો ફરીથી ઉઠવાની ધાસતી નહી હતી અને તેથી તેઓને જતા મેળવાની તમારી ફરજ હતી ? જ૦—હું એમ ધારતો નથી.

સ૦—અગરજો તેઓ વાલકેસવરની બીજી બાજુએ રેહેનારા ગરહસથો હતે તોપણ તમે તેમને જવા નહી દેતે ?

જ૦—તારે કદાચ હું જવા દેતે. તેમ કરવાની મારી ફરજ થતે.

સ૦—હા, પણ મી૦ બરાઉન, શું તમે હંમેશ તમારી ફરજ બજાવોછો ? શું તમે જાણતા નથી કે દોખમાઓની બીજી બાજુએના કેટલાક લોકોને દોખમાઓ એક પીડા છે, અને તેઓ પારસીઓને તાંહાંથી કાહાડવા માગેછે ? જ૦—હું જાણતો નથી.

સ૦—હવે મી૦ બરાઉન, તમે પારસીઓ વીશે જાજુ જાણતા નથી અને તોપણ તમો જાણોછો, તારે ખરૂં કીઉં ? પણ હું તમોને એમ પુછું કે પારસીઓ આતશને માન આપેછે તે તમે જાણોછો ?

જ૦—મેં એમ સાંભળયુંછે.

સ૦—કેટલાકોતો એવું કેહેછે કે તેઓ આતશની પરસતેશ કરેછે ?

જ૦—હા, મેં તેમ સાંભળયુંછે.

સ૦—હવે એવું ધારીએ મી૦ બરાઉન, કે તેઓ તમારી મીશાલે (બાઈબલની) ૩૯ કલમ માનતા નથી—કેમકે હું ધારૂં છઉં કે તમોતો ધરમપર ચુસત માણશ છો—તો તમોને શું એવું કાંઈ નહી લાગયું કે આ પવીતર તતવ (આતશ) ઉપર કચરો નાખી તેને અપવીતર કરવાને આ માંણસો છેલાંજ હોવાં જોઈએ ?

જ૦—મને એમ લાગયું હોય એવું હું કહી શકતો નથી.

સ૦—પણ હવે તે ઉપર તમારૂં ધેઆંન દોડાવયા પછે તમોને લાગેછે કે નહી કે પારસીઓ આતશને અપવીતર કરે એમ કેહેવું ભુલ ભરેલુંછે ?

જ૦—મને નથી લાગતું. મેં જે કહયુંછે તે વીશે મારી ખાતરી છે.

સ૦—હવે, મી૦ બરાઉન, તમે તેઓમાના કેટલાકોને કંપાઉંડમાં જતા અટકાવયા, એટલુંજ નહી પણ સુટરની સતા તલે તમે તાંહાં જબરીથી તેમની પછવાડે ગયા. જ૦—હા.

સ૦—અને સગરી, અથવા જેને તમે નાહાની ઈમારત કહોછો તેમાં જબરીથી દાખલ થવામાં આવયું ?

જ૦—તેમાં હું દાખલ થયો હતો.

સ૦—પણ કોઈનીબી રજા વગર ? જ૦—હા.

સ૦—તમોને તેમ કરવાનો શું હક હતો ?

જ૦—મેં મારા પોતાના જોખમે તેમ કરયું.

સ૦—ઓ હો ! તેતો તમે તમારા જોખમે કીધું દેખું હું ? ઘણું સારૂં. હવે તમે બીજીવાર તે જગા ઉપરથી (મી૦ સુટરને તેડવા) ગયા અને પછે આ ઈમારતમાં ધસી ગયા, તેની વચે કેટલો વખત ગુજરી ગયો ? જ૦—મને યાદ નથી, પણ હું ધારૂં છઉં કે પા કલાકથી વધારે વખત લાગો નહી હતો.

સ૦—હવે, મી૦ બરાઉન તમે માજીસર્ટરેટની કોરટમાં કહયું હતું અને પુરતી સચાઈથી કહયું હતું—કે તમે પોતે કોઈને કેદ કીધા નહી પણ તે સઘલું મી૦ સુટરના હુકમ તલે કીધું હતું. ખરૂં કે ?

જ૦—હું ધારૂં છઉં કે તરણ જણને પેલી જગા ઉપરથી કેદ પકડયા તે મેં કહયું હતું.

સ૦—પણ મી૦ સુટર તાંહાં આવયો તારે તમે કોઈને કેદમાં આપયોતો ? જ૦—નહી. હું ધારૂં છઉં તાંહાંસુધી નહી.

સ૦—અને તોપણ તમે પોલીસ કોરટમાં આ પરમાંણે કહયું તે ખરૂં છે કે ખોટું ? કે—"જારે મી૦ સુટર તે જગા ઉપર આવયો તારે આસરે ૨૦ થી ૩૦ માણુસોને બાહાર તે જગા ઉપરજ કેદ પકડયા.

હું ધારૂં છઉં કે બાહારના સઘલા જણુને પકડયા હતા. એઓમાના એકબી જણુને ઓળખાવવા અથવા પકડવા સાથ મને કાંઈ લાગતું વલગતું નહી હતું !" જο—મેં જેઓને પકડયા, તે સીવાએ બીજાઓ સાથ લાગતું વલગતું નહી હતું.

સο—પણ તે તમારા પકડેલાતો મીο સુટરના આવવા આગમચ ?

જο—તેનાં આવયા પછે મેં એક જણુને કેદ કાંધો હતો.

સο—પણ તમે કહોછો કે મીο સુટરના આવયા પછે પકડેલા કોઈ સાથ તમોને લાગતું વલગતું નથી. તારે માજીસટરેટ આગળ સોગંદ ખાઈને કહેલું ખરૂં નથી ?

જο—આ એક જણુ જેની આ લાકડી (દેખાડેછે) મેં લીધી તે શીવાએ બીજાઓને પકડવા સાથ મને કાંઈ નહી હતું.

સο—પણ તારે એટલી હદ સુધી તમારી જુબાની ખરી નથી કે ?

જο—શું મારી એ જુબાંનીમા એમ લખેલું નથી ?

સο—નહી. તેમતો નથી ? જο—હું ધારૂં છઉં કે હેઠલી (પોલીસ) કોરટમા મેં તેમ કહેલું હતું.

સο—તારે શું તમે તમારી આગળી જુબાનીમા એટલો ફેરફાર કરવા ચાહોછો કે તમે એક જણને પકડયો હતો કે જેના હાથમા આ લાકડી A I. (મારકાની) હતી ? જο—હું કહી ચુકો છઉં કે મીο સુટરના આવયા પછે મેં એ ધણીને પકડયો હતો.

જડજ—શું તમો એમ કહોછો કે જેના હાથમાથી તમે આ લાકડી લીધી તેને કેદ પકડવાની બીના તમોએ માજીસટરેટ આગળ મુખીઅ મુખજુબાની આપતાં કહી હતી ?

શાખશી—મેં કહી હતી, મારા લારડ, અને હીઆં પણ મેં તેમ જ કહયુંછે.

મીο આનસરી—અને સાહેબ તમે પકડેલા એ શખસના હાથમાં આ લાકડી A (મારકાની) હતી ? તેબી તમે પોલીસમા કહયું હતું ?

જο—હા.

સο—બેઅદબી માફ છે, મીο બરાઉન, તમે એવું કાંઈજ કહયું નથી. તમે તાંહાં શું કહયું તે આ રહયું—"આ લાકડી A (મારકાની) નાο ૧ લા વાળા બંધવાના હાથમા હતી, જેવરે તે એક પોલીસના સીપાઈને મારવા જતો હતો. તેના પાસેથી મેં એ લાકડી લીધી." તમે માજીસટરેટને કહયું કે તમે નાο ૫૧, ૧, ૨ અને ૩૨ વાળા બંધવાઓને કાંઈ ચીજ આગ ઉપર નાખતી વેળા પકડયા ?

જο—માજીસટરેટની કોરટમા જેવી રીતે સવાલો પુછવામા આવયા તે ઉપરથી મેં એવો જવાબ આપયો હતો. આ લાકડીવાલા શખસને સહવારનાજ પકડયો હતો એવું મેં કહયું નહી હતું.

સ૦—તમે શું હવે એવું સમજાવા માગોછો કે એક અણજાનો સીપાઇ—જે તમને યાદ નથી—તેના સવાધીનમાં જે ધણીને કેદ આપવાનું તમે ગુમાન ધરાવોછો, તેને મી૦ સુટરના આવયા પ છે તમે પકડયો ? જ૦—હા.

સ૦—(બંધવો ના૦ ૩૬ ઉભો થવા પછે) તમે લાકડી A સાથ પકડેલો શખસ એજ કે ? જ૦—નહી.

મી૦ આનસર્ટી—(જડજને) એ તેજ છે, મારા લારડ. ના૦ ૫૧ નો હાલ ના૦ ૩૬ થયોછે. હવે તારે મી૦ બરાઉન, આ ના૦ ૩૬ વાલા બંધવા સીવાએ બીજા કોઈને કેદી તરીકે સવાધીન કરના રૂં જો કોઈ નહી હતું, તો આટલાબધા જણ કેદ કેમ થયા ?

જ૦—મી૦ સુટરના હુકમથી.

સ૦—પણ તેમને તેના સવાધીનમાં કોણે આપયા ?

જ૦—કોઈએ મી૦ સુટરના સવાધીનમાં તેમને આપયા નહી.

સ૦—પણ તમે જાણોછો, મી૦ બરાઉન, કે સુલેહનો બગાડ પોલીસના જે માણસે નજરેનજર જોયો હોય, તે સીવાએ બીજા કોઇથી તે બીગાડ કરનારને પકડી શકાય નહી ?

જ૦—હું તે જાણું છઉં.

સ૦—પણ તમે કહોછો કે મી૦ સુટરના આવયા પછે દરએક જણ જેને પકડયો હતો, તેને એકલા મી૦ સુટરની સતાથી પકડયો હતો ? જ૦—હા.

સ૦—તમારી ધારા સંબંધી ફરજો અને કાનુનો શું છે તે બાબે મી૦ સુટર તમોને શું કાંઈ સીખાડતો નથી ?

જ૦—તે દાહાડાને સારૂં તેણે મને કાંઈ શીખવયું નહી હતું.

સ૦—પણ તમારી ફરજો શીખાડવાની કોઈ છાપેલી ચોપડી નથી ?

જ૦—હા, એક નાહની ચોપડી છે, જેમાં સમજ આપેલીછે. તેનું નામ કાંઇ નથી. તેમાં તોહોમતો અને બીજી ચીજો સમજાવેલીછે. તે હાલ મારી પાસે નથી. હુલડ થઈ ચુકા પછે કોઈને કેદ પકડવા વીશે તેમાં કાંઈજ લખેલું નથી.

સ૦—હવે જારે આ ચાર શખસોને તમે અને મી૦ સુટરે તે નાહાનાં મકાંનમાં ઘેરી લીધા, તારે, તમે કહોછો કે, "અમે નથી આવવાના" એમ કેહેતાં તમે તેઓને સાંભલયા. પણ "અમે કાંઈ તકસીર કીધી નથી" એવું શું તેઓ નહી બોલયા ?

જ૦—મને તે યાદ આવી શકતું નથી.

સ૦—તેઓ બોલયા હોય ખરા ? જ૦—હા, તે બને એવું છે.

સ૦—તેઓને કાંઈ એવું પુછતાં સાંભળેલા તમને યાદ આવેછે

કે "જો અમે નીચે આવીએતો તમે અમોને દુખ દેશો અથવા હે રાન કરશો"? જ૦—નહી. મેં સાંભળયા નથી.

સ૦—તેઓ તેમ બોલયા હોય ખરા કે? જ૦—હા.

સ૦—મી૦ સુટરે હું ધારૂં છઉં કે કોઇબી સરત વગર તેમને તાબે કરવા માગયા. ખરૂં કે?

જ૦—તે બોલયો કે "બાહાર આઓ".

સ૦—મી૦ સુટરબી તમારા જેટલીજ ગુજરાતી જાણેછે કે?

જ૦—હું નથી જાણતો. "બાહાર આઓ" એ ગુજરાતી નથી, પણ હીંદુસતાંની છે. તેને ગુજરાતી દાખલ હું જાણતો નથી.

સ૦—હવે આ જમીનનો કબજો લેવાના સંબંધમાં હું પુછું છઉં કે તેને માટે કલાક મુકરર કરેલો હતો?

જ૦—હા, મારે કેટલે વાગતે જવું તે મુકરર કરેલું હતું.

સ૦—અને તમે એક વાગતે જવાના હતા નહીં?

જ૦—હા. તા૦ ૨૭ મી અને તા૦ ૩ જી વચે મારી જાણ મુજબ તાંહાં શુરંગનું કાંઈ કામ ચાલયું નહી હતું. તા૦ ૩ જી પછે શુરંગ મેળાયલી મને કેહેવામા આવી હતી. થાલી પીટાવાનું કારણ એકે જેને વાંધો હોય તેને તે જાહેર કરવાની તક મળે. હું નહી જાણતો કે પારસી પંચાએત પાસે અગતકરીને પરોટેસટ કરાવા સારૂં થાલી પીટાવી હતી.

સ૦—શું તમે નથી જાણતા કે શુરંગ ફોડવાનું પરીનામ દોખમાઓની આસપાસ જે ભખશ કરનારાં પખશીઓ ભમેછે તેઓને બીહીવાડીને નહસાડી મેળવાનું નીપજતે?

જ૦—હું નથી જાણતો. એ પખશીઓ સેહેલથી બીહે તેવાં નથી.

સ૦—કહો સાહેબ કે ગીદ વીશે તમો શું જાણોછો? તમે કોઈ બી ગરૂડને કાંહાં જોયાંછે? જ૦—મેં મુંબઈમા ઘણા જોયાંછે.

સ૦—તે દોખમા આગળ જોયાંછે? જ૦—નહી.

સ૦—તારે મી૦ ગીબસને તાંહાં જોયાંછે? જ૦—નહી.

સ૦—હવે મી૦ કમુનો સગો જેકબ જમાલ તમોને રસતામા નહી મળયો હતો?

આ ઠેકાણે જુરીના ફોરમેને નામદાર જડજને ખબર કરી કે એક જુરર (મી૦ પીઅરસ) તાવથી બીમારછે, અને વધારેવાર જુરીમા બેસવાને અશકત છે.

મી૦ પીઅરસ જુરીમાં બેસવાને અશકત હોવાથી જુરી બાકસ માંથી ઉઠી ગયો. નામદાર જડજે ફરમાવયું કે તબીબની સલાહ લેવા માટે અડધો કલાક કોરટ બંધ રાખવી. વીસ મીનીટ પછે જુરી કોરટમાં પાછી આવી અને નામદાર જડજે તેમને ખબર કરી કે બી

માર પડેલો જુરર ચાર પાંચ કલાક સુધી જુરીમા બેસી શકશે નહીં એવું તબીબનુ મત છે. એ ઉપરથી બીજા દીવસ સુધી કોરટ મુલત વી રાખવી બેહેતર કહોને નામદાર જડજે સહવારના ૧૧॥ કલાકે કોરટને બરખાસત કીધી અને બંધવાઓને તેમના આગલા જામીન ઉપર પાછા છોડયા.

તરીજો દીવસ—બુધવાર, તા૦ ૯ મી જુલાઇ ૧૮૭૩.

કાંમ ચલાવા અગાઉ જડજે મી૦ પીઅરસને પુછયું કે મુકદમો ચલાવા લાએક રીતે તમો સારીપડે છો ?

મી૦ પીઅરસે હા કહયું તથા જડજનાં સવાલનાં જવાબમાં બીજું એવું કહયું કે તાવ તેના ઉપર દર પખવાડીએ એકવાર હોમલો કરેછે.

જડજે કહયું કે આજે મુકદમો ચલાવાનું બેહેતર થશે. મેં શરીફને કહેલુંછે કે જુરરને તપાસવા સારૂં ડાકટર જાંઇટને બોલાવવો. મુકદમો ખલાસ થવા આવે તેવે વખતે નવી જુરી ભરવી પડે તેના કરતાં પેહેલેથીજ તેમ કરેલું બેહેતર થશે.

એ પછે મી૦ આનસટીએ મી૦ બરાઉનની ઉલટ પાલટ તપાસ પાંછી ચાલુ કરી.

સ૦—મી૦ બરાઉન તમે કાલે કહયું કે વારંટોને બજા લાવતી વેળા જુદી જુદી કોમોની ધરમ સંબંધી અથવા તેમના મંદીરો અને મકાંનો સંબંધી લાગણીઓને માનં આપવાને તમારા કોઇ પણ વડા—પોલીસના ઇઆ બીજા—તરફથી તમોને કાંઇ પણ હુકમ થયો નથી. મારા બીજા સવાલના જવાબમાં તમે મને પોલીસ આકટનો હવાલો આપયો હતો. હવે, સાહેબ, તમે તે આકટની ૪૨ મી કલમ શું કદી નથી વાંચેલી, કે જે આ પરમાંણે છે ? "હરએક શખસની જગા ઉપર અથવા હરએક ધરમ સંબંધી કીરીઆને માટે વપરાતી ઇઆ હેલાએદી કાઢેલી હરએક જગા ઉપર, કોઇબી શખસને કાંઇ પણ ધરમ સંબંધી કામ ઇઆ કીરીઆમા ખલલ કરવાની મતલબથી અથવા કોઇ પણ શખસનું ધરમ સંબંધી દીલ દુખવવાની મતલબથી જેપી ધણી જાણીબુજીને ધુસી જાય તે રૂ૧૦૦ સુધીના દંડની શીખસાને લાએક છે" (શાખસી ચુપ છે) મને જવાબ દેઓની સાહેબ ?

જ૦—તમે શું સવાલ પુછયો ?

સ૦—હું તે સવાલ ફરીથી નથી પુછવાનો. તમારી હટીલી ચુપકીદી ઉપરથી મુનસફી કરવાનું અને તમોને રદ કરવાનું હું જુરીને સોપું છઉં. એ પરમાંણે મારો અને જુરીનો વખત હું કાંઇ ગુમાવા માગતો નથી.

જ૦—તમે એ કલમ જેવી રીતે હાલ વાંચી સંભળાવી તેમ મેં વાંચેલી મને યાદ નથી. પણ હું એટલું જાણું છઉં કે મંદીરોમાં ધુસવું અથવા કોઈના ધરમમાં હરકત કરવી એ અતીઘણું વાંધા ભરેલું છે.

સ૦—તમે એકવાર લશકરમાં હતા, નહી વારૂં ? જ૦—હા.

સ૦—તારે શું તમે નથી જાણતા કે લશકરમાં વટીક એક સીપાહ કાયદાસર હુકમોનેજ તાબે થવાને બંધાયલોછે અને અગર જો તે બેકાયદે કામ બજાવેતો તેના વડા અમલદારનો હુકમ કાંઈ તેને શીખસામાથી બચાવતો નથી ? જ૦—તે હું કહીં શકતો નથી. હું લશકરમા હતો તેને ઘણા વરશ થયાંછે.

સ૦—હવે ગઈ કાલે જારે કમનશીબે આપણા કામમા ખલલ થઈ અને જુરરની બીમારીના વધારે કમનશીબ બનાવથી થઈ, તારે હું તમોને પુછવા જતો હતો કે જે વખતે જેકબ જમાલનો સગો મી૦ કમુ દોખમાઓ આગળ અથવા હાનરએબલ મી૦ ગીબસના રેહેઠાણ આગળ હતો, તે વખતે તમોએ ગીદોને રેહવાની જગા—ઇઆને દોખમાઓ—ની મુલાકાત લીધી હતી ? જ૦—જારે હું આ જગા ઉપર બીજીવાર આવતો હતો, તારે હું પગે ચાલતો બલકે દોડતો હતો, તેવામા મી૦ કમુ સુલેમાન એક ગાડીમા આવતો મને મળયો.

સ૦—તેને જેકબ જમાલના સગા દાખલ તમે ઓળખોછો ?

જ૦—નહી.

સ૦—તમે એવું માનોછો ? જ૦—હું જાણતોજ નથી. તેણે મને પુછયું કે કાંહાં દોડોછો ? મેં કહયું કે પોલીશ કમીશનરને તાંહાં. મેં તેને કારણ કહયું. તેણે મને ગાડીમા લીધો અને કમીશનરના બંગલા તરફ ગાડી હાંકી, પણ કમીશનર ચાર પગે ઘોડો મારતો આવતો અમોને મળયો.

સ૦—મી૦ કમુએ આ મુકદમા વીશે તમોને શું કહયું ?

જ૦—તેણે મને પુછયું કે એ શું બીના છે.

સ૦—કે જે બીના હું ધારૂં છઉં કે તે આગમચથી સારીપડે જાણતો હતો ? જ૦—તેની મને ખબર નથી.

સ૦—અને તમે તેને કહયું કે તારા દુશમનોને મેં નહસાડયાછે ?

જ૦—જે બનતું હતું તે મેં તેને કહયું.

સ૦—તારે તેણે શું કહયું ? જ૦—તે બોલયો કે એ મોટી શરમછે.

સ૦—શું મોટી શરમ છે ? જ૦—મેં જે કહી તે બીના.

સ૦—કોણની ચાલ તેણે શરમ ભરેલી કહી ?

જ૦—તેણે માતર એટલુંજ કહયું કે એ મોટી શરમ છે.

સ૦—તેનો સગોતો અલબતાં શરમ નહીજ ? જ૦—હું ધારૂં છઉં કે મારા કહેલા બનાવ વીશે તે બોલતો હતો.

સ૦—તેણે તમોને કહયું નહી કે પોલીસે જે કાંઈ મેહેનત કીધી છે તેને માટે તેમને સારો બદલો મળશે ? જ૦—નહી.

સ૦—શું તમે એવું કેહેવા માગો છો કે ગીદ પખશીઓ, જે દોખમાઓમા જરૂરના છે, તેઓ એટલાં બીધાં હતાં કે સુરંગ ફોડવા સામે "ઈનજંકશન" નું હુકમનામું માગવું પડયું હતું અને તે મલયું હતું, તે કશું તમે જાણતા નથી ?

જ૦—તેઓ બીધાછે એવી મને ખબર નહી હતી.

સ૦—હું ખચીત કહું છઉં, મી૦ બરાઉન, કે અગર જો તેઓ બોહીને તદન નાહાઠાં હતે અને જો પારસીઓને પોતાના મુવેલાંઓ ઈંગલંડના "ચરચ" ના સથાપેલા કાયદામુજબ દાટવાની ફરજ પાડી હતે તો તમારે મનસે તે ઘણું સારૂ થતે ? જ૦—હું એવું કાંઈ સમજતોજ નથી. તેઓના એતેકાદ સામે મને કસી હરકત નથી.

સ૦—ઓહો ! તમોને હરકત નથી ? તમે ઘણાજ મોટા મનના છો, મા૦ બરાઉન, ઘણાજ મોટા મનના. ગમે તેમ હોય તે પણ ગીદ પખશીઓ તાંહાં રેહ, તેની તમે સંભાલતો નહી ચાહો ?

જ૦—મને તેમના સામે કસો વાંધો નથી.

સ૦—પણ તેઓ તાંહાં રેહે એવી તમારી ઉમેદતો નહી હશે ?

જ૦—નહી. એ બાબતમાં મને કસું લાગતુંજ નથી.

સ૦—આં સઘલું કહીને શું તમે એવું ડોલ ઘાલવા માગો છો કે જારે તમે થાલી પીટાવી તારે સુરંગથી તેમના પખશીઓ નાહાસી જવા બાબેની ફરીઆદ પારસી પંચાએત કરશે, એ બીના તમારા મન મા નહી હતી ? જ૦—એ વીચાર મારા મનમા મુદલે આવયો હોય એમ હું ધારતો નથી.

સ૦—હું નહી જાણતો કે બાંબુના પડદા વીશે તમે કે તમારા કાબેલ હીમાએતી ઘણી વખત બોલયા છો ? જ૦—હું નથી બોલયો.

સ૦—તારે તમે અને પોલીસવાલા બાકીનાઓએ કરેલી બીજી દસતદરાજી વચે આ પણ તમે મને કહી શકશો કે દોખમાંની અંદર થી આ જગા ઉપર આવ જાવ અટકાવા માટે બાંબુની એક આડી ભીત કરેલી હતી નહી વારૂ ?

જ૦—મેં કાંઈ બાંબુનો પડદો દીઠો નહી હતો.

સ૦—તારે તમે શું દીઠું ? બારણાની આગલ કાંઈ અટકાવ જેવું ઉભું કરેલું હતું ? જ૦—મેં તેમાનુ કાંઈ દીઠું નહી હતું.

સ૦—ખચીત, મી૦ બરાઉન, મારી યાદદાસત ઘણી ખરાબ હો

વી જોઈએ, કેમકે ગઈ પરમ દીને મેં તમોને એક પદડો બાંજી ના ખવા બાબે બોલતાં સાંભળયા હતા ! જ૦—નહી. હું નથી બોલયો.

સ૦—પારસીઓને પોતાના ધરમ સંબંધી કંપાઉંડની બાહાર અટકાવી રાખવા અથવા અંદરવાલા પારસીઓને બાહાર આવતાં અટકાવા સારૂં કોઈ પણ પદડા અથવા અટકાવ જેવું તમે કશું દીઠું નહી હતું ! જ૦—તા૦ ૪ થી એપરેલને દીને નહી.

સ૦—તારે કીએ દાહાડે દીઠું ?

જ૦—ગયા રવીવારની આગમચના રવીવારે મેં તે પદડો જોયો.

સ૦—શું તેને પાછો ઉભો કરયોછે ? જ૦—હા.

સ૦—તારે તે શું પોલીસની સતાથી ઉભો કીધોછે, કે જે પોલીસના અમલ તલે સારાં ભાએગે આપણ આવા સુખી વસીએ છઈએ ?

જ૦—હું ધારતો નથી.

સ૦—તમે એવું કેહેવા માગોછો કે એ પદડો પારસી પંચાએતની મરજીની વીરૂધ ઉભો કરયોછે એમ તમે કદી સાંભળયું નથી ?

જ૦—હું ધારૂં છઉં કે તેમજ ઉભો કાધોછે.

સ૦—પણ હું તમોને પુછું છઉં કે અગરજો તેને ફરી ઉભો કરવાથી સુલેહમાં પાછો બીગાડ થવાનો હોય, તો તાબરતોબ તમે એ પદડાને કાહાડી કેમ નહી નાખયો ?

જ૦—મેં નહી ધારયું કે તેને અડકવાનોબી મને હક હોય.

સ૦—કારણ કે તે દીવાની મુકદમો છે તેથી વારૂં ?

જ૦—તેજ કારણ.

સ૦—પણ તારે શું અફસોસ જેવું નથી કે તા૦ ૨૭ મી મારચને દીને જમીનનો ખોટો કબજો લેવા માટે બપોરના ૧ કલાક ઠરાવા અગાઉ તમે એજ પરમાંણે વીચાર નહી કીધો કે આ દેવાની મુકદમો છે ?

શાખસી ચુપ ઉભો રહયો.

સ૦—કેમ ? ચુપ થઈ ગયા ? ઠીક. હવે મીC બરાઉન હું જાણવા માંગું છઉં કે સુરંગનો પરવાંનો આપવાની સાંમે કાંઈ વાંધો હોયતો તે તમે માણેકજી દોરાબજી પાસેથી શા માટે જાણવા માગયો ?

જ૦—કાંએકે મનાડી ફેરવી તારે તે જમીન ઉપર હાજર નહી હતો.

સ૦—પણ તેથી મારો સવાલ મજબુત થાયછે. એક જણ જેણે બટાકી સાંભલી નથી તેને તમે શા માટે પુછવા ગયા કે પરવાના સાંમે તારો વાંધો હોયતો કેહે ? જ૦—કેમકે મને એવી ખબર હતી કે તેને જાહાડોની ઉપર કાંઈ દાવો હતો.

સ૦—તેણે તમોને એમ કહયું હતું ? જ૦—મને પકી યાદ છે કે મારા હાથ તલેના માણશોથી મને એ ખબર થઈ હતી.

સ૦—એ પરમાણે તેઓએ તમોને સઘળી વખંત કહયું હતું ?

જ૦—કેટલુંક આગળનું મેં તેમ સાંભળયું હતું.

સ૦—અને તોપણ તેથી આ બે જણાઓનો બચાવ કરતાં તથા બચાવ કરીને મેદાનને અનામત રાખતાં તમો અટકયા નહી ?

જ૦—હું કોઈ બીજાઓ કરતાં તેમનો વધારે બચાવ કરવા ગયો નહી હતો.

સ૦—તમારી સોગંદ સાથની મુખજુબાની અમારી પાસે જો !

જ૦—હું તો પરજાનો બચાવ કરવા તાંહાં ગયો હતો.

સ૦—આ ખુદ જમીનના એક ભાગને ખરીદ કરવા અથવા પટે રાખવા મી૦ સુટરે અથવા તેના કોઈ પણ દોસતે કુંવરજી પરાગજી અને જેકબ જમાલને માગણી કરીછે તે બાબે તમે કાંઈ તલાસ કીધીછે. જ૦—મેં કાંઈ તલાશ કીધી નથી.

માહોમાહેની અને જડજ સાથની તકરાર.

સ૦—હવે સાહેબ, હું કદાચ ફરીથી ભુલતો હોઉં, પણ તમોને પુછું છઉં કે ચુનો કુટવાના વાંસા વીશે તમો બોલયાછો ?

જ૦—હું ધારતો નથી.

મી૦ આનસટી—તારે એ બોલ મી૦ ફરગયુસને વાપરેલો હશે.

મી૦ ફરગયુસન—મેં કાંઈ આ મુકદમા મધે શાખશી આપી નથી.

મી૦ આનસટી—મારો કાબેલ મીતર કેહેછે કે તેણે આ મુકદમા મધે શાખશી આપી નથી. પણ તેણે આપીછે. આ શખસ શું કેહેશે તે તેણે (મી૦ ફરગયુસંને) આગમચથી કહયું હતું, જેને આ શખસ મનજુર રાખતો નથી. તેટલા વાસતે તે મારા કાબેલ મીતરની પોતાનીજ શાખસી હોવી જોઈએ.

મી૦ ફરગયુસન—હું ખોલલી રીતે એ વાતનો ઈનકાર કરૂં છઉં.

મી૦ આનસટી—એ તદન ખરી વાત છે.

મી૦ ફરગયુસન—એ તદન ખોટી વાત છે અને મારો મીતર કોરટની બાહેર એવા વચન કહી શકે નહી. (કોરટમા હોહા)

મી૦ આનસટી—મારા લારડ, આમ કહીને શું મારી જાતી હીમતને પુછવામા આવેછે ?

જડજ—મી૦ આનસટી, તમે આ શાખશીને તપાશશો ?

મી૦ આનસટી—મને કેહેવામા આવયુંછે કે એ શખુનો કોરટની બાહેર ઓચરવાની હું હીમત ચલાઉં નહી. "બાર" ના ચોકસ અધીકારીઓમા એ વાકીઅ એક માનીતી કેહેવત થવા લાગીછે.

જડજ—આ મુકદમા મધે એ વાકીઅ મેં આગળ સાંભળયો નથી.

મી૦ આનસટી—અને મેં પણ નહી. મગર એક બીજા ટંટામા એજ પરમાણે કેહેવામા આવયું હતું. એતો કેથો "કરાઉન" (સરકાર) ની તરફનો વાકીઅ થયો દેખું. અગરજો એવા ટીકાઓની સા

જે તમો નામદાર મારો બચાવ નહી કરોતો મારે મારીમેલે મારો બ ચાવ કરવો જોઈએ.

જડજ—ઠીક છે મી૦ આનસટી, પણ હું નહી ધારતો કે તેથી કોરટના કામમા ખલલ કરવાની જરૂર હોય.

મી૦ આનસટી—તે ખલલ તો થઈ ચુકી છે.

જડજ—તમે પોતેજ એ હરકત લાવી નાખીછે.

મી૦ આનસટી—હું તમો નામદારથી માફ માગું છઉં.

જડજ—હું ફરીથી કહું છઉં કે તમે પોતે આ હરકત લાવી નાખીછે.

મી૦ આનસટી—હું ફરીથી કહું છઉં કે પેહેલી હરકત મી૦ ફર ગયુસન તરફથી થઈછે.

જડજ—તમે શાખસીને તપાસોછો કે નહી ?

મી૦ આનસટી—હું તપાસશ. પણ આ ખલલ મારા પોતાથી થઈછે એમ કેહેવું બરાબર નથી. ખલલ તો મી૦ ફરગયુસન તર ફથી થઈછે.

જડજ—હું એકવાર ફરીથી કહું છઉં કે આ ખલલ તમે પોતે તમારા ઉપર આણીછે.

મી૦ આનસટી—હું વળી ફરીથી કહું છઉં કે પેહેલી ખલલ કરનાર મી૦ ફરગયુસન છે, કે જે બોલયો કે—

જડજ—મી૦ આનસટી તમે શાખસીને તપાસો છો કે નહી? જો તમે કોરટના કામમા ખલલ કરવાની હુજત કરશો તો મારે તમો ને દંડ કરવો પડશે.

મી૦ આનસટી—જો તમે મને દંડ કરશો તો હું બીજી કોરટનું મત પુછી જોવશ. બસ એટલુંજ.

જડજ—ઘણું સારૂં.

એ પછે મી૦ બરાઉનની ઉલટ પાલટ તપાસ પાછી ચાલી.

અતારમા તો હું તે જગાને સારીપઠે ઓલખી ચુકયો છઉં. દોખમાના કંપાઉંડના મુખીઅ દરવાજાની આગળની સીહીડીઓ હું જાણું છઉં. તેની પાસે ચુનો કુટવાની એક ચકી છે. તે મને નંચાએતના સેકરેટરીએ દેખાડી હતી. તે પારસીઓની છે, એવું મને જણાવવામા આવયું હતું. જારે તેમા કામ ચાલે છે, તારે ચુનો કુટવાના વાંસાની જરૂર પડે છે કે નહી તે હું કહી શકતો નથી. ઉ પલે વખતે કોઈનાબી હાથમાં ચુનો કુટવાના વાંસા હતા, એવી મને યાદ નથી. એ મારી જાણમા નથી. તા૦ ૨૭ મી મારચને દીને કુંવરજી પરાગજીની આબરૂ હું નહી જાણતો હતો; પણ જેકબ જમાલને વીશે હું કાંઈ જાણતો હતો ખરો. હું તેને કેટલાંક વર સનો ઓલખું છઉં.

સ૦—તમે જાંણોછો કે જેકબ જમાલ એક મોટાં ટરકટનો ગુનેહગાર ઠરયો હતો તથા નોકરોને તેમના શેઠો ઉપર કાવતરૂં ચલાવાની લાંચ આપવા અને લલચાવાનો વાંક તેના ઉપર શાબેત થયો હતો અને હાલના ચીફ જસટીસે તેને સખત મજુરી સાથનાં કેદખાંનાંની શીખસા કીધી હતી?

જ૦—તેના ઉપર તોહોમત મેળી અપરાધીના પીંજરામા તેને ઉભો કરેલો મને યાદ છે તથા હું ધારૂં છઉં કે તે તકસીરવાર ઠરયો હતો અને તેને કાંઇ મુદતનાં કેદખાંનાંની શીખસા થઈ હતી. આ જગા ઉપર તાડીના અને બીજાં જાહાડ છે, જે ઉપર ખલીરો બેસેછે. તાંહાં કાંઈ આંબા જોયલા મને યાદ નથી.

સ૦—તમે કહોછો કે બાંમણુના જાહાડ એ જગાપર છેક પડોશમાં નથી તારે તે કેટલાં દુર છે? જ૦—મને બરાબર તફાવત યાદ નથી, પણ કદાચ ૬૦ કદમ દુર હશે.

સ૦—તે કાંઈ ઘણા દુર નહી કેહેવાય?

જ૦—થોડાંજ દુર છે.

સ૦—શું તમે નથી જાણતા કે કુંવરજી પરાગજી અને પેલો ગુનેહગાર જેકબ જમાલ જેટલી જગાનો દાવો કરેછે, તે સઘલી જમીન અને વળી તેની બાહેરની આ ઝાડોવાલી જમીન ઉપર પણ પારસી પંચાએતનો દાવો છે? જ૦—તેઓ દાવો કરતા માલમ પડેછે ખરા.

સ૦—સને ૧૮૬૪ થી આજ સુધી પારસી પંચાએત અને તેના ભાડુતના હાથમાં આ જમીન હતી એટલુંજ નહી પણ તે કબજામાં પોલીસ અને માજીસટરેટો તેમનો બચાવ કરતા આવયાછે, એવું જે મેં તમોને કહી સંભળાવયું હતું, તે બાબે તમોએ કાંઇ તલાસ કીધીછે? જ૦—નહી.

સ૦—અને તે વીશે તમારા હાથ તલેના માણસોએ એક બોલ તમોને કહયો નથી? જ૦—હું જાણું છઉં તાંહાંસુધી નહી.

સ૦—મી૦ સુટરે વટીક નહી કહયો?

જ૦—મારી જાણ પરમાંણે નથી કહયો.

સ૦—તમોને ખબર છે કે આ શખસોનો બચાવ કરવા સારૂં તથા સુલેહ જાલવવા સારૂં તમોને મી૦ સુટરે મોકલયા હતા, એવી રીતે પોલીસમા તમોએ શાખસી આપવા ઉપરથી મી૦ સુટરને પુછવામા આવયુંછે કે એ પરમાણે સુલેહમા બગાડ કરવાની કોઈની પણ ધારણા વીશે કોઈબી વખતે કાંઈ પણ લખેલી ઇઆ સપત સાથની મુખજુબાની તમારી આગળ લીધીછે, જેના જવાબમા મી૦ સુટરે કહયું છે કે એવી કોઈ જુબાની મારી આગળ આવી નથી?

જ૦—એ બાબે મને પોતાને કાંઈ ખબર નથી.

સ૦—તમે કહોછો કે તમોને તમારા હાથ હેઠલના માણસોએ ખબર કરી હતી કે પેહેલા પરતીવાદી માણેકજી દોરાબજીનો ઈઆતો તે જમીન ઉપર અથવા તેના ઝાડો ઉપર દાવો છે, અને તે જાણવા છતાં તમે તા૦ ૩ જી એપરેલને દીને ઈઆને પેલા ધણીઓને જમીનનો કબજો લેવાને તમે શકતીવાન કીધા પછે એક અઠવાડીએ તમે મનાડી ફેરવાવી, તેના કરતાં હું એમ પુછું કે એ પરમાણે પારકી મીલકત ઉપર દસત દરાજી શરૂ થવાની આગમચ ઈઆને તા૦ ૨૭ મી મારચને દીને મનાડી ફેરવવાનું વધારે દરૂસત છે એમ શું તમોને કદી નહી લાગું ?

જ૦—એ મનાડી ફેરવવા સારૂં તા૦ ૨૭ મી મારચને દીને મને કાંઇ અરજી કરવામા આવી નહી હતી. જેવી અરજી થઈ કે મેં ડુંગર ઉપર જઈને મનાડી ફેરવાવી.

સ૦—અને તોપણ તમે જાણતા હતા કે તા૦ ૨૭ મી મારચને દીને તેઓ જમીન ઉપર માતર ખુંટીજ મારતા નહી હતા, પણ બાંધકામ કરવાની ધારણાથી લાકડાંનો અને બીજી ચીજોનો મોટો જથો જમીન ઉપર લાવયા હતા ? જ૦—તા૦ ૨૭ મી મારચને દીને તે જમીન ઉપર કેટલાંક ગાડાં ભરાય તેટલું લાકડું પડેલું હતું. મી૦ ફારજેટ અને મી૦ એડજીંગટન સુરંગ વીશે પોતાને ગમે તારે મનાડી ફેરવાવતા નહી હતા. વાંધામા પડેલી જમીનો ઉપર કબજો લેવાનો હોય અને તેથી સુલેહનો બગાડ થવાની વકી હોય, તારે આગળા પોલીસ કમીશનરોએ મનાડી ફેરવેલી એવા કોઈબી દાખલા મને યાદ નથી. મનાડી ફેરવવાને મને અરજી નહી થાય તોપણ તે ફેરવવાનો મને એ ખતીઆર હોય એવું હું જાણતો નથી. એક ખોહોવાઈ ગયલું ઈઆ ચોરાયલું ઘડીયાલ મળી આવેતો તેના ધણીને શોધી કાહાડવા માટે મનાડી ફેરવવાનો સરેસતો નથી. તે જહેલો માલ આફીસમાં મોકલીએ છઇએ અને તાંહાંથી ઘણું કરીને વરતમાન પતરોમા છાપવા કાજે રીપોરટરોને ખબર આપવામાં આવેછે. જારે ગમે તારેં મનાડી ફેરવવાનો પોલીસને એખતીઆર છે, એ હું નામુકેર જતો નથી. જારે બચું ખોહોવાયછે તારે થાલી પીટાવાનોજ સરેશતો છે.

સ૦—એ સઘલા એકસરખા મુકાબલાનો વીચાર કરતાં હું તમોને ફરીથી પુછું છઉં કે આ જગાના સંબંધમાં તમે તા૦ ૨૬ મી અથવા ૨૭ મી મારચને દીનેજ બટાકી વગાડી હતે અને તા૦ ૩ જી એપરેલ સુધી તમે થોભયા નહી હતેતો બેહેતર થતે કે નહી ?

જ૦—હું ફરીથી કહું છઉં કે બટાકી જે વગાડી હતી, તે માતર સુરંગ ફોડવાનો પરવાનો માંગવાની એક અરજી થવા ઉપરથીજ પીટાવી હતી.

મી૦ મેહુયુએ ઉલટ પાલટ તપાસયો.

સ૦—તા૦ ૨૭ મી મારચને દીને તમો તે જમીન ઉપર ગયા તેની અગાઉ શું તમને ખબર નહી હતી કે એ જમીનં ઉપર પારસીની પંચાએત દાવો કરેછે ? જ૦—મને યાદ નથી.

સ૦—તમારા હાથ તલેના માણસોએ તમોને કાંઇ નહી કહયું ?

જ૦—તેઓએ નથી કહયું એવા હું સોગંદ ખાઇ શકતો નથી; પણ મંને યાદ નથી. ૨૭ મી તારીખ પછે જમાદાર મને એક મુકદમા વીશે કેહેતો હતો કે જેમા એ જગા ઉપર એક પરભુના દાવાની સામે પારસીઓ થયા હતા.

સ૦—તમે તમારી સાથે કીઆ આસીસટંટને લઇ ગયા હતા ?

જ૦—મી૦ લાંગડનને. તેને શાખશી દાખલ બોલાવયો નથી; કેમકે તે આ બીના વીશે કશું જાણતો નથી. તે ૨૭ મી તારીખે મારી સાથે તાંહાં ગયો હતો, પણ જલદી પાછો આવયો હતો.

સ૦—જારે તમે તા૦ ૨૭ મીને દીને તે જમીન ઉપર ગયા તારે તમે થોડાક જુપડાં, ખારવીઓ તથા જાહાડો જેયાં હતાં ? જ૦—હા.

સ૦—તેમા તાડી છેજાઇ શકાય એવાં કેટલાંક જાહાડો તમે દીઠાં હતાં ? જ૦—હા, હું ધારૂં છઉં.

સ૦—તાંહાં તમે ખારવીઓને જેયાતા ?

જ૦—હા, તેમની ચાલીમા થોડાક હતા.

સ૦—અને તોપણ તા૦ ૨૭ મીને દાહાડે તમને એવું નહી લાગું કે તે જમીન તેજ વખતે કોઇના કબજામા હતી ? જ૦—નહી લાગું.

સ૦—તમે અથવા તમારા દેખતાં કોઇ બીજાઓએ એ ખારવી લોકોને પુછયુંબી નહી કે આ જમીન તમારા કબજામા છે કે નહી ?

જ૦—મારે વાસતે હું ના પાડું છઉં. બીજાઓએ પુછયું હોય કે નહી તે હું જાણતો નથી.

સ૦—એવી તલાસ કરવાને તમે સુચનાબી કીધી હતી ?

જ૦—નહી.

સ૦—કાંએ નહી ? જ૦—કેમકે તાંહાં જો કાંઇ બખેડો થાયતો માતર સુલેહની જાલવણી કરવા માટેજ હું તાંહાં ગયો હતો.

સ૦—પણ તારે બખેડો કીઆ લોકથી થવાની વકી છે, તે બાબે તમોને કાંઇ આગમચથી કેહેવામાં આવયું હશે ? જ૦—મને યાદ નથી.

સ૦—તમે એ ખારવી લોકોથી બખેડાની વકી રાખતા હતા ?

જ૦—મને એવો ખેઆલ છે ખરો.

સ૦—તારે તમે એટલીતો વકી રાખી ખરી કે આ જમીન ઉપર જેકબ જમાલ અને કુવરજી પરાગજીને જવા દેવા સામે તે જમીનને

કબજામાં ધરાવનાર લોકો વાંધો લેશે ? જ૦—બખેડાની કોણથી વકી રાખવી તે વીચારવાને મારી પાસે કાંઈ સાધણ નહી હતું.

સ૦—આ જમીનનો જાસતીર્થી કબજો લેવા સરખું કુંવરજી અને જેકબનું આ કાંમ નહી દીસીઉં ? જ૦—હું તે કહી શકતો નથી.

સ૦—જોકે તે વખતે તમે જોયું કે જમીનનાં કબજામાં બીજા લોકો હતા, અને તમારાં દેખતાં તેમની રજા લેવામાં આવી નહી હતી, તે છતાં તમે કહી શકતા નથી ?

જ૦—નહી; એમાંની કાંઈબી ચીજ હું તે વખતે સમજતો હતો એમ હું કહી શકતો નથી.

સ૦—પણ હવે જારે તમને એ સઘલી બાબતોનો વીચાર કરવાને વખત મળયોછે, કેમકે તે વખતે તમને એ વીચારો આવયા નહી હતા એમ તમે કબુલ કરેલુંછે, તારે હવે તે દાહાડાના કાંમકાજ તમને શું એવો વાચાર નથી પેદા કરતાં કે બીજાઓના હાથ માંહેલી જગાને જબરીથી છીણવી લેવાની તે કોશેશ હતી ? હવે તમોને તેમ લાગેછે કે નહી ? જ૦—અગરજો પછવાડેથી.—

સ૦—પછવાડેથી ઈઆ આગળથી શું બનયું તે હું માંગતો નથી.

જ૦—બેઅદબી માફ છે. હું ધારૂં છઉં કે તમોને તમારા સવાલનો જવાબ જોઈએછે:

સ૦—તારે સીધો જવાબજ દેઓ.

જ૦—પછવાડેથી જો કાંઈ બીગાડ થયો નહી હતેતો તેઓએ સુલેહ સંપજથીજ કબજો લીધેલો કેહેવાતે.

સ૦—તા૦ ૨૯ મી મારચને દીને જારે તમને મી૦ સુટરનો હુકમ મળયો તારે તેણે તમોને નહી કહયું કે તે જગા ઉપર પારસીની પંચાએતનો દાવો હતો ?

જ૦—તેણે મને કહેયું હોય કે નહીબી હોય, પણ મને યાદ નથી.

સ૦—હા ! હવે બરાબર. તા૦ ૨૭ મીને દીને શા શબબો ઉપરથી કુંવરજી પરાગજી અને જેકબ જમાલ સાથ પોલીસને મોકલવી પડી તે મી૦ સુટર પાસેથી તમે જાણયું હતું ?

જ૦—પોલીસને કાંઈ તેમની સાથે મોકલી નહી હતી.

સ૦—હા ! તમે ખરા છો. પણ તારે વલી હું બીજી રીતે પુછું તેનો વીચાર કરો! આ જમીન ઉપર જેકબ જમાલ અને કુંવરજીને જાઈ મળવા સારૂં મી૦ સુટરે જે કારણો ઉપરથી હુકમ આપયો તે કારણોની તમને ખબર હતી કે નહી ?

જ૦—મી૦ આરઠર પીલે કરેલી અરજ વીશે હું જે કાંઈ કહી ચુકયો તેથી વધારે હું કસું જાણતો નહી હતો.

સ૦—પણ તમે મી૦ સુટરને એમ નહી પુછયું કે જે માણસો સમાધાનીથી જઈને પોતાની જમીનનો મુગા મુગા કબજો લેવાનાછે, તેમને મળવા સારૂં પોલીસને જવાનો શું ખપ હતો ?

જ૦—તેણે મને એટલુંજ કહયું કે મારે જઈને સુલેહ જાલવવી, મારૂં કામ તેટલુંજ હતું.

સ૦—તમે મારા સવાલનો બરાબર જવાબ આપોતો સારૂં ?

જ૦—તારે મારો જવાબ એ છે કે મને યાદ નથી.

સ૦—હા, બરાબર છે. પણ મી૦ બરાઉન, બંધવાઓ તરફના બારીસટર—ખોટા હોય કે નહીબી હોય—તેઓ એવું માનેછે કે જે કાંઈ જાહેર થયુંછે તે કરતાં ઘણી વધારે વાત તમો અને મી૦ સુટર વચે ચાલેલીછે ? જ૦—જો મને કાંઈ ચોકસ ચીજ યાદ હતેતો હું કેહેતે.

સ૦—તારે તમારી યાદદાસત ભુલાવો ખવાડતી હશે ?

જ૦—નહી. તે જાજી ભુલે એવી નથી. કમીશનરે પેહેલાંતો એક હવાલદાર અને એકુ બે માણશ મોકલવા કહયાં, અને પછે વળી વીચાર કરીને મને કહયું કે “ નહી તમે પોતે જાજો.”

સ૦—તે બીજાં માણસોની સાથે કે તેઓ વગર ?

જ૦—તેઓની સાથે.

સ૦—હા ! હવે બરાબર. કેટલા જણે જવું તે શંખયા તેણે નહી ફરમાવી ? જ૦—નહી. મારા આસીસટંટ મેકડરમાટને વટીક લઈ જવા તેણે મને કહયું નહી. તેને હું મારી ખુશીથી લઈ ગયો હતો. તા૦ ૨૭ મીને દીને મને કોઈ પારસીએ આવીને કહયું હોય કે એ જગા ઉપર પંચાએતનો દાવો છે, એવું મને યાદ નથી. પારસી પંચાએતના સેકરેટરી તા૦ ૨૭ મી આગમચ નહી પણ પછે તા૦ ૨૮ મીને દીને મી૦ સુટરને મળવા આવયા હતા તે વેળા હું હાજર હતો.

સ૦—તે વખતે શું સેકરેટરીએ કમીશનરને નહી કહયું કે કુંવરજી પરાગજી અને જેકબ જમાલે પંચાએતની જમીનનો કબજો લીધો હતો ? જ૦—તેમ તેવણ બોલયા કે નહી તે હું કહી શકતો નથી.

સ૦—તેવણે નહી કયું કે તા૦ ૨૭ મીની આગમચ પારસી પંચાએત પોતાના ભાડુતોની મારફતે આ જમીનનો કબજો ધરાવતા હતા ? જ૦—એવું કાંઈ સાંભળેલું મને યાદ નથી.

સ૦—તમે સોગંદ ખાશો કે સેકરેટરી એમ નહી બોલયા હતા ;

જ૦—હું કહું છઉં કે હું જાણતો નથી. કમીશનર સાથ તેવણને વાત થતી હતી અને તેવણના બોલેલા ચોકસ બોલો હું સાંભળી શકયો નહી હતો. પણ મેં કમીશનરનો જવાબ સાંભળયો હતો, જે એમ હતો કે—

સ૦—જવાબની કાંઈ ચીંતા નહી. તે આપણ પછે લઈશું. પણ આ શખસોએ જાસતીથી કબજો લીધોછે એમ પંચાએતના સેકરેટરીએ કહયુંતું કે નહી ?' જ૦—હું કહી શકતો નથી. તેવણુ એમ નથીજ બોલયા એવા હું શપત લઈ શકતો નથી. સેકરેટરી અને કમીશનર વચેની વાત મને સંભળાતી નહીં હતી.

સ૦—પણ તમેતો સંભળાય એટલાજ તફાવતે હતા ?

જ૦—હા, પણ મેં ધેઆંન નહી રાખયું.

સ૦—બરાબર. અલબતાં મી૦ બરાઉન હું એમ નથી કેહેતો કે તમે એક "પાલ પરાઈ" છો. પણ હવે એમ ધારીએકે આ જમીન જાને કે એક ઘર છે, અને તેમાં લોકો રેહેછે, તો એ પરમાંણે જેકબ જમાલ અને કુંવરજી પરાગજીને તે ઘરનો કબજો લેવામાં તમે મદદ કરતે ? જ૦—કોઈબી ચીજનો કબજો લેવામાં હું જઈને 'કોઈનેબી મદદ નહી આપતે. હુંતો માતર સુલેહ જાલવવાનીજ કોશેશ કરતે.

સ૦—પણ તારે આ જમીન અને તે ઘર વચે શું તફાવત રહયો ?

જ૦—તફાવત કાંઈજ નથી.

સ૦—આ સુલેહ ભરેલા પારસી લોકોને જમીન ઉપરથી લઈ જતી વેળા હાથમાં બેડી ઠોકી હતી, તે વીશે તમોને ઘણુંક પુછવામાં આવયુંછે. હવે તમે મને કેહેશો કે જારે મહમદીઆંનોનું હુલડ થયું, જારે ઘણા લોકોના જાન ગયા, તારે કેદ પકડેલા કોઈબી શખસોને પોલીસની ચોકી ઉપર લઈ જવા આગમચ હાથે બેડી ઠોકી હતી ?

જ૦—મને યાદ નથી.

જડજ—તમે તે વખતે પોલીસની ચાકરીમા હતા ?

જ૦—હું હતો, મારા લારડ. હું ધારૂં છઉં કે પરારને વરશના મોહોરમના હુલડ વીશે મી૦ મેહયુ બોલેછે.

સ૦—આ પારસીઓની વખતે બેડી ઠોકી એ ઘણુંજ નવાઈ જેવું હતું, નહી વારૂં ? જ૦—હું તેમ ધારતો નથી. દોખમાં આગળ એક ઈમારતનું કાંમ ચાલેછે. બંધવો ના૦ ૨ જો તે ઈમારતનો કનટરાકટર છે એમ હું જાણતો નથી. પકડતી વેળા તે આ જગા ઉપર શા માટે આવયો તે વીશે મેં કોઈને પુછયું નહી હતું.

મી૦ લીડે ઊલટ પાલટ તપાસયો.

સ૦—જારે તમે અને મી૦ સુટર જઈ પુગા તારે કંપાઉંડની અંદર પણ સગરીની બાહાર કોઈ પારસી હતો ?

જ૦—મેં કોઈને જોયો નહી.

સ૦—તમે સોગંદ ખાશો કે તે વખતે આ ઈમારતની બાહાર કોઈ પારસી નહી હતો ? જ૦—કોઈને પણ જોયલો મને યાદ નથી.

સ૦—તમે માજીસટરેટ આગળ આ બોલો બોલયા હતા કે નહી કે "આ શખસ ખોશરૂને મેં તે મકાનની બાહાર સીહીડીઓના તબકા ઉપર જોયો હતો ? ઈમારતમાં દાખલ થતો મેં કોઇને જોયો નહીં હતો." જ૦—તેતો માલી વીશે કહયું, તેને મેં સીહીડીઓને મથાલે જોયો હતો, કંપાઉંડમા નહી.

સ૦—પણ તારે એ મકાનની બાહેર એક પારસી હતો, એ ખરૂં છે કે નહી ? જ૦—આ ઈરાની સીવાય બીજો કોઈ બાહાર નહી હતો. એ હું માતર એક તાલ સમજું છઉં.

જડજ—તાલ હોય કે નહી તેનુ કાંઇ નહીં.

મી૦ લીથની ફરમાસ ઉપરથી મી૦ બરાઉન કોણ વીશે બોલેછે તે દેખાડવા સારૂ તેણે ના૦ ૨૨ વાલા ખશરૂ હોરમજને બતાવયો.

સ૦—તારે તમે અને મી૦ સુટર જારે અંદર જઈ પુગા તારે ખશરૂ કંપાઉંડમા હતો ? જ૦—ઈમારતની અંદર હતા, એટલે સઘળા એઓ કંપાઉંડની અંદરજ હતાં.

સ૦—હું તમારી પાસે બોલલો જવાબ માગું છઉં. તમે માજીસટરેટ આગળ બોલયા તે સાચું છે કે નહીં ? જ૦—હા. તેઓ સઘળા કંપાઉંડમા હતા, પણ તેઓ સઘળા ઈમારતમાં હતા.

સ૦—તમો જાણોછો કે એ ધણી પારસી પંચાએતની નોકરીમા માલી છે, તથા કંપાઉંડની અંદરનો બાગ સંભાલે છે ?

જ૦—મેં તપાસ ચાલવા પછે એમ સાંભળયું છે. મેં તેને આગળ જોયો નહી હતો. મેં તેને પકડયો નહી. પણ પરસેવથી હોય તેમ તેનો સુદરેહ ઘણો ભીંગાયલો હોવાથી મેં તે કમીશનરને દેખાડયો હતો.

સ૦—કોઇક બાબત ઉપર તમારી યાદદાસત ઘણી સારી છે. હવે હું તમોને પુછું કે બખેડાને વખતે તમે એ ધણીને જમીનની ઉપર જોયો હતો કે નહી ? જ૦—મારી જાણમુજબ તો તે તાંહાં નહીં હતો. ના૦ ૩ જા ને પેહેલાં મેં ઓળખયો હતો, પણ પછે મેં વાજબીની રાહે ના પાડયું હતું, અને હજીબી હું સોગંદ લઈ નહી શકનો કે એ બંધવો જગા ઉપર હતો. ના૦ ૬ ઠા વાલો બખેડાની વખતે તે જમીન ઉપર હતો એમ મેં કહયું નથી.

સ૦—મી૦ બરાઉન, કેટલીક બાબતોમા તમારી યાદ દાસત ઘણો ભુલવો ખાય છે. માજીસટરેટ આગળની તમારી જુબાનીમાં તમે બોલયા કે (વાંચે છે) "બાંનફોડનુ જારે કામ ચાલતું હતું તારે મારી યાદદાસત પરમાણે ના૦ ૩ વાલા માણકજી દોરાબજીને તથા ના૦ ૬ વાલા આદરજી ફરામજીને તે જમીન ઉપર મેં જોયા હતા" ?

જ૦—ના૦ ૬ ની બાબતમા એ કહેલી બીનાને હજી હું નામુકેર જાઉં છઉં.

સ૦—તારે જો એ પરમાણે તમારી જુબાંનીમા આવયું હોયતો તે સાચું નથી? જ૦—જુબાની બરાબર લખી લીધેલી નથી. ના૦ ૬ ને મેં તેના ચેહેરાથી ઓળખ્યો હતો. આખી દુનીઆમાં તેના જેવા બે ચેહેરા કઠણાઈથી મળી આવશે. શગરીની અંદર પાએદસતના કપડાં સાથ મેં કોઇ પારસીને જોયો નહી હતો. એ વીશે હું સોગંદ ખાઉં છઉં. ના ૬ ને એક તમાશગીર દાખલ મેં જોયો નહી હતો. તોફાનની અંદર તેણે ચોકશ શું ભાગ લીધો તે હું કહી શકતો નથી. તે તમાશગીર દાખલ આવયો હોય, પણ તેમ દીસતો નહીં હતો, કેમકે તે ભીડમા ભેલાઈ ગયલો હતો.

જડજ—બખેડો ચાલતો હતો તારે તે કાંહાં હતો? જ૦—ચાલીને જાંહાં ભાંજી નાખતા હતા તાંહાં લોકો સાથે મળી ગયલો મેં તેને જોયો હતો.

ના૦ ૬ ઠાએ કમીશનર સાથ રકજીક કીધી હતી કે નહી તે હું કહી શકતો નથી. તે એકલો રકજીક કરતો હતો એમ મેં માજીસટરેટ આગળ કહયું નથી. મેંતો એમ કહયું હતું કે એ ના૦ ૬, ના૦ ૧૫ અને બીજાઓ સાથે મળીને રકજીક કરતા હતા.

સ૦—તમે સોગંદ ખાશો કે તેણે (ના૦ ૬ ઠાએ) તાંહાં પોલીશના કમીશનરને આવવાનું કારણ પુછયું નહી હતું?

જ૦—એવું મને કસું પણ યાદ નથી.

સ૦—સંભાલ રાખો. જ૦—હું સંભાલ રાખું છઉં.

સ૦—તમારી ચમતકારીક યાદદાસતને તાજી કરો ને કહો કે પોલીશ કમીશનરને તેણે શું કહયું? જ૦—તેણે કાંઇ પણ કહયું હોય એવું હું કહી શકતો નથી.

સ૦—તમે ખાતરીથી કહોછો કે બખેડાની વેળા તમે એને તાંહાં બાહેર જોયો હતો?

જ૦—હા. એનો ચેહેરો મને એવો પુરતી રીતે યાદછે.

સ૦—તમે તેને શું કરતાં જોયો? જ૦—તે કાંઈ પણ ચોકસ કામ કરતો હોય એવું મેં નહી જોયું.

સ૦—ના૦ ૧૦ વાળો (દાદાભાઈ પાલણજી) તમોને યાદ છે?

જ૦—તે મને મુદલ યાદ નથી.

સ૦—હુલડને દાહાડે તમે મજગાંમની પોલીસ આફીસમા કારે ગયા? જ૦—સઘળા બંધવા તાંહાં જઈ પુગા પછે.

સ૦—તારે કોઈ પણ બંધવાએ કાંઈ હથીઆર છુપાવયાંછે કે નહી તે જાણવા સારૂં તેમના ખીસાના જાહાડા લીધેલા તમોને યાદછે ?

જ૦—મને યાદ નથી.

સ૦—ના૦ ૧૦ માના ખીસામાંથી એક ભણવાની ચોપડી નીકલેલી તમે દીઠી હતી ?

જ૦—નહી. કોઈ પણ બંધવા પાસથી બંદગીની કેતાબ નીકલેલી મેં જોઈ નથી. ડુંગરથી અડધો માઈલ દુર પારસીઓને લગતી એક ધરમશાળા છે. બીજી કોઈ હું જાણતો નથી. દોખમાંથી બોકબેપર જતાં, સંગેમરમરની તખતી મારેલી એક ધરમશાળા મેં દીઠી નથી. તે લતો મારા જીલામાં છે. હું સોગંદ ઉપર કહું છઉં કે દોખમાના કંપાઉંડમાં કમીશનર આગળ ના૦ ૬ ઠાએ આ ભણવાની ચોપડી કાહાડી આપેલી મેં જોઈ નથી.

સ૦—અમેતો પાએદસતે આવયા છઈએ એવું કેહેતાં કંપાઉંડમાં તમે કોઈ પારસીઓને સાંભળયા હતા ? જ૦—નહી.

સ૦—તમોને યાદ નહી હશે ?

જ૦—એવી કસી ચીજ મને યાદ નથી.

સ૦—કંપાઉંડની દેવાલના નાહના દરવાજામાંથી પારસીઓને અંદર જતાં અટકાવા મારે તમે તાંહાં સીપાઈઓને બેસાડયા નહી હતા ? જ૦—તે બારણેથી અંદર જનારા પારસીઓને ઉભા રાખવા મેં સીપાઈઓને બુમ મારી કહયું હતું.

સ૦—સાહેબ, તમે તે બારણાપર સીપાઈ રાખયા હતા કે નહી ?

જ૦—નહી, મેં માતર સીપાઈઓને બુમ મારી કહયું હતું.

સ૦—તમોને બરાબર યાદ નથી. માજીસટરેટ આગળની તમારી જુબાંનીમાંથી ફરી મારે તમોને તસદી આપવી પડેછે. (વાંચેછે) "કેટલાક પારસીઓ દોખમાંમાં દાખલ થવાની કોશેશ કરતા હતા, અને તેઓને ઉભા રાખવા મેં તે બારણા ઉપર સીપાઈઓ રાખયા." તમે સોગંદ ખાશો કે આ પરમાંણે તમે શાખશી નથી આપી ?

જ૦—મેં કહયું તે રીતે સીપાઈઓને રાખયા હતા.

સ૦—હા કે ના કહો. માજીસટરેટ આગળ તમે એ પરમાંણે કહેલુંછે કે નહી ?

જ૦—બરાબર એજ બોલો હું બોલયો હતો, એવી મને યાદ નથી.

સ૦—માજીસટરેટ આગળ તમે શું કહયું તે તમો યાદ રાખતા નથી ? જ૦—હું યાદ રાખું છઉં.

સ૦—તારે તમે આ શબદો બોલયા હતા કે નહી ?

જ૦—મેં કહયું તે પરમાણે મેં સીપાઈઓને રાખયા હતા.

સ૦—તમારી જુબાનીમાથી મેં વાંચી સંભળાવેલા બોલો તમે બોલયા હતા કે નહી? જ૦—હું બોલયો હોઉં. હું એમ નહી બોલયો એવું કેહેવાને માથે લેતો નથી.

સ૦—તારે તમે તાંહાં સીપાઈઓને રાખયા હતા ખરા કે?

જ૦—પારસીઓને અંદર જતા અટકાવવા મારે મેં મારા માણસોને બુમ મારી કહયું હતું. હું તે વેળા જરા દુર ઉભેલો હતો.

સ૦—તે વખતે તે બારણાની આગળ કાંઈ ફુર ઈઆ વાર ભરી લીધેલી હતી? જ૦—નહી હતી.

સ૦—તા૦ ૨ જીને દીને મી૦ ડફીએ તમોને તે બારણું દેખાડયું હતું? જ૦—મારી યાદદાસત પરમાણે નહી દેખાડયું હતું.

સ૦—તા૦ ૩ જીએ તમે તે બારણું જોયું હતું? જ૦—નહી. હું જમીનના બીજાજ ભાગ ઉપર ગયો હતો. હું બારણા આગળ હતોજ નહી.

સ૦—એ બારણું મીઉનીસીપાલ કચરો બાલવાની જગાની બરાબર સામે નથી? જ૦—હા.

સ૦—અને તમે આ જગા ઉપર કીએ રસતે આવયા?

જ૦—કચરો બાલવાની જગાનેજ રસતે.

સ૦—તારે તમે તે નાહાનું બારણું કેમ નહી જોયું? તે તમારા મોહડાં સામેજ હતું. જ૦—હું કહી શકતો નથી.

મી૦ ફરગયુસને ફરીથી તપાસયો.

નાહાના બારણામાથી નાહાસી જતા પારસીઓને અટકાવવાની મેં બુમ પાડી અને થોડાક શીપાઈઓ તે બારણા આગળ ગયા હતા.

સ૦—ઉલટપાલટ તપાસની પેહેલી બારીમા સઘળી વખત કુંવરજી પરાગજી અને જેકબ જમાલને તમારા-દોસત તરીકે કેહેવામા આવયાછે. તેઓને વીશે તમો શું જાણોછો તે સઘળું કહો. જ૦—કુંવરજી વીશે હું કાંઈ જાણતો નથી. જેકબ જમાલને હું માતર પીછાણતો હતો. કેટલાંક વરશ ઉપર મેડો સ્ટ્રીટમા એક કાપડની દુકાનમા હું તેને ઓળખતો હતો.

એઓ સાથ મને પોતાને મીતરાચારી કાંઈ નહી હતી. તા૦ ૩ જી એપરેલની સાંજે મી૦ ડફીના એક પરદેશીના હાથમા મેં એક લાકડી જોઈ હતી. તે મેં તેની જોડેથી લઈ લીધી. લાકડી સાથે મી૦ ડફીના બીજા કોઈ માણસોને મેં જોયા નહી. છબીલદાસ લલુભાઈના ઘરના મુકદમા મધે સર ચારલસ સારજંટે મને ઠપકો આપયો હતો, એવું કેહેવામા સચાઈનો એક બોલ નહી હતો. તે ઘર વીશે હું પોતાની તરફથી કસું જાણતો નથી. કોરટે કાંઈ નુક

સાની ભરી અપાંવી હોય, તે પણ હું જાણતો નથી. તા૦ ૪ થી એપરેલને દીને કાનસટેબલ માકડરમાટને તંબુની અંદર બેસાડવાની મારી મતલબ એટલીજ કે બાહાર અતીશય તડકો હતો. હું લશ કરમા હતો. વડાના હુકમો કસી પણ તલાસ કીધાવના બજા લાવ વાને હું બંધાયલો છઉં. પોલીસના માણસ તરીકે મારા વડાના હુકમમાં કાંઈ નવાઈ જેવું હોય નહી તાંહાં સુધી હું તેનું કારણ પુછું નહી. તા૦ ૨૭ મી મારચને દીને મને આ જગા ઉપર મોક લવાનું કારણ મેં મી૦ સુટરને પુછ્યું નહી હતું.

સ૦—પરદેશીઓના હાથમાંથી લાકડીઓ લીધેલી તમે જોઈ હતી?

મી૦ આનસટી—મારા લારડ, એ સવાલ ઉપર હું વાંધો લઉં છઉં.

જડજ—શાખસી કહી ચુકોછે કે તેણે લાકડીઓ નહી જોઈ હતી.

મી૦ ફરગયુસન—સારૂં તારે હું એ સવાલ નહી પુછશ.

સ૦—તે લાકડીઓને પોલીસ કોરટમાં આણી હતી?

જ૦—જે પેલીજ લાકડીઓ કેહેવાતી હતી, તેમને બીજે દીને ૨ જુ કરી હતી. તા૦ ૪ થી એપરેલને દીને જારે આ જગા ઉપર ક મીશનર આવયો તારે જે જગા ઉપર સુરંગ ફોડવાની હતી તાંહાંના કોઈક નાહાના ઝુંપડાં સીવાએ કાંઈબી ચીજની એક નીશાણ વટી ક રહી નહી હતી.

સ૦—તમે આ મુકદમા મધે પેહેલી ખબર ("ઈનફરમેશન") લખાવનાર હતા? જ૦—નહી, મારી માતર શાખસી તપાસી હતી.

મી૦ આનસટી—મારા લારડ, લખેલી મુખજુબાંનીમાં સાફ આ બોલો છે. "ખબર અને જુબાંની," તે છતાં તેને ખોટું પાડવા સારૂં આ ધણીને આવો સવાલ પુછયોછે, તેની સામે હું વાંધો લઉં છઉં.

શાખસી—હું એમ સમજું છઉં કે ખબર લખાવવી અને જુબાં ની લખાવવી બેહુ એકજ છે.

જડજ—સીલાપર છાપેલા ફરમામા "ખબર" બોલ છે, પણ તે વ ખતે બંધવા પોતાના હીમાએતી સાથ હાજર હતા. ફરીઆદી ચલાવા ને કોણને બાંધી લીધો હતો?

મી૦ ફરગયુસન—ફરીઆદી ચલાવાને કોઈ બંધાયો નહી હતો. સરકારી વકીલ પોતે બીજે દીને હાજર થયો હતો.

સ૦—શું તમે એવું ધારોછો કે ધારાની શામે થનારાઓનો ફુંબા લો પકડવા માટે પોલીસ આકટની ૪૨ મી કલમ તમોને તોડવી પડેછે?

જ૦—નહી.

સ૦—તમે ખરી વાત તરીકે જાણોછો કે જેકબ જમાલ અને ક મુ સુલેમાન વચે સાલા બંનેવીનું નાતું નથી? જ૦—હું નથી જા ણતો. તા૦ ૨૭ મી પછે તે જગાની નજદીકમા પોલીસ રહી હતી.

હુવાલદાર અને એકુ બે સીપાઇઓને મેં તાંહાં રાખ્યા હતા. એ પછે મેં જમાદારને કહયું હતું કે તાંહાં નજર રાખે અને સુલેહનો બગાડ થાય એવું જો કાંઇ પણ માલમ પડેતો મને કેહે. તાંહાં જમાદાર ફરતો હતો, તે સીવાએ બીજા કોઇને રાખેલો મારી જાણમા નથી. પોલીસનાં કમીશનર અને પારસી પંચાએતના સેકરેટરી વચેની વાતનો એક ભાગ મેં સાંભળયો હતો. તે વાતચીત ઉપર મેં કાંઇ ખાશ ધેઆન આપયું નહી હતું, પણ કમીશનર સરેસતા મુજબ લગાર મોટેથી બોલતો હતો. સેકરેટરીનું બોલવું એટલું બરાબર સંભળાતું નહી હતું. કમીશનરનો જવાબ એ હતો કે પોલીસ ત્યાંહાં સુલેહની જાળવણી કરવા માટે ગઇછે અને કોઇ બીજી રીતે વચે પડવાની નથી.

સ૦—પારસીઓને બેડી ઠોકવા બાબે કહો કે વધારે શંખયા કોણની હતી—પારસીઓની કે પોલીસની?

જ૦—બંધવાઓની ઘણી મોટી શંખયા હતી.

સ૦—શું તમે ધારોછો કે તેમને હાથે બેડી નાખી નહી હતેતો નેટીવ ટાઉનમાથી થઇને તેમને મજગામની ચોકી ઉપર લઇ જવાતે?

જ૦—હું ધારૂં છઉં કે ચોકીપર જતાં જો તેઓ રસતા ઉપરથી વીખરાઇ જવા માગતેતો તેમને પાછા હાથ કરવા મુશકેલ પડતે.

સ૦—બંધવાઓ અને પોલીસનું પરમાણ કેટલું હતું તે કહી શકશો? જ૦—હું કઠણાઇથી કહી શકશ. પણ પોલીસ ઘણી નાહની હતી.

સ૦—બંધવો ના૦ ૨૨, જેને માટે મી૦ લીડે તમોને પુછયુંછે, તે શું શીહીડીની નીચે પોલીસ પાસે આવયો હતો? જ૦—નહી. તે સઘળો વખત સીહીડી ઉપર રહયો હતો કે ઇમારતની અંદર ગયો હતો તે મને યાદ નથી. પણ હું ધારૂં છઉં કે તે આલહાલ કરતો હતો. તે ભીડમા પોલીસ અને મી૦ ડફી સીવાએ બીજાં કોઇ તમાશગીર દીસતા નહી હતા. ડુંગરની હેઠાણમા અડધો માઇલ દુર એક ધરમશાળા મને પંચાએતના સેકરેટરીએ દેખાડી હતી, તે સીવાએ બીજી કોઇ ધરમશાળા મારા જીલામા હું જાણતો નથી.

એ પછે મી૦ ફરગયુસનના ફરમાવાથી શાખસીએ બંધવાઓ વચે જઇને ઇરાંનીઓ કોણને કેહેછે, તે દેખાડવા સારૂં કેટલાક ઇરાનીઓને ઓળખાવયા.

હીઆં મી૦ બરાઉનની શાખશી સમાપત થઇ.

કરનલ લાફ્ટનનો પલાન.

કોરટની ફરમાશ ઉપરથી વાલકેશવરના ડુંગરના આ વાંધાવાળા ભાગની લફટનંટ કરનલ લાફટનના પલાન ઉપરથી ઉતારેલી સતાવાર નકલ મી૦ ફરગયુસને રજુ કીધી.

મી૦ સુટરની સાહેદી લેવા બાબે.

જડજ—મને એવું લાગેછે કે, હીઆં મી૦ સુટરનું નામ જે રીતે વપરાયુંછે, તેમ જોતાં તમે તેને શાખસી દાખલ બોલાવવો ઘટેછે.

મી૦ ફરગયુસન—તેમ કરવાને અમે અતીઘણા ખુશી થઈશું. પણ તમો નામદાર જાણોછો કે મી૦ સુટરને તપાસવા આગમચ અમે અમારો મુકદમો સાબેત કરી શકશું. આ જગા ઉપર થયલાં ખુદ હુલડ વીશે મી૦ સુટર ઘણુંજ થોડું જાણેછે.

જડજ—હું એમ સમજું છઉં. પણ આ ઠેકાંણે એ બીના સુચવવાને મેં વાજબી ધારયુંછે. મી૦ સુટરની શાખસીથી કાંઈ નુકસાન થવાનું નથી.

મી૦ ફરગયુસન—હું તમો નામદાર સાથ એકમળતો થાઉં છઉં.

મી૦ વીલકાકસની શાખસી (બીજીવારની).

મી૦ વીલકાકસને ફરીથી બોલાવયો અને મી૦ ઈનવરારીટીના પુછવાથી પોતાની છેલી શાખસી આપવા પછે તેણે બનાવેલો નવો પલાન રજુ કરયો. તેણે કહયું કે આ પલાનમાં દોખમાની દખણે આવેલી જગા ચીતારીછે. એ જગા મેં પોતે ભરી જોઇછે અને તંબુ તથા ચાલીની જગા મી૦ ડફીની દેખાડેલીછે. ચાલીથી બારણા સુધી ૧૮૪ ફીટ છે, તથા ચાલીથી મીઉનીસીપાલીટીની જમીન સુધી ૧૭૬ ફીટ છે. દર ૫૦ ફીટે ૧ ઈંચના માપ ઉપર આ પલાન બનાવયોછે.

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

સ૦—મી૦ વીલકાકસ, આ પલાનમાતો તમારા આગલા પલાન કરતાંબી ઓછું છે? જ૦—હા.

સ૦—તારે આગલામાં જે કાહાડી નાખેલું હતું તે આ પલાનમા દાખલ કીધું નથી? જ૦—નથી દાખલ કીધું.

સ૦—તમે આ પલાનમાં ફેરફાર એટલોજ કરયોછેની કે આગલા પલાન કરતાં તેનું પરમાણ ઓછું કીધુંછે?

જ૦—મેં જગાનો માતર એક ભાગ દેખાડયોછે.

સ૦—પણ તમે આ નવો પલાન બનાવા સારૂં તે જગા ઉપર ફરીથી ગયા નથી? જ૦—નહી.

સ૦—તારે કહો સાહેબ કે આ નવો પલાન બનાવાના તમારી પાસે સાંધન શું હતાં? જુનોજ પલાન કે?

જ૦—અને તે સાથે મારી "ફીલડ બુક".

સ૦—હું જોઉં છઉં કે જે જગા ઉપર એક દોખમું નથી, તાંહાં

સાત કે આઠ મુકવાને બદલે એક દોખમું ઓછું કરવાની તમે આ વખતે બુધી ખરચીછે; નહી વારૂં ? જ૦—હા.

સ૦—એ વધારે સલામત છે. પણ પેલો બેમાલુમ ભાગ, જે ઘણા દાહાડા થયા કાપી નાખયોછે, અને તોપણ જેણે તમારા આગલા પલાનમા દેખાવ દીધો હતો તે કાંહાં છે ?

જ૦—તે ભાગબી કાહાડી નાખયોછે.

મી૦ આનસટી—બરાબર.

બીજા બારીસટરોએ આ શાખસીઓને ઉલટ પાલટ તપાસવા ના પાડયું.

મી૦ માકડરમાટની શાખશી.

જોસફ માકડરમાટને શાખસી દાખલ બોલાવામાં આવયો, પણ તેને સપત આપવા આગમચ,

બંધવાઓને હેરફેર બેસાડવા બાબે

મી૦ આનસટીએ અરજ કરતાં કહયું કે—મારે તમો નામદારને એક અરજ કરવીછે. પણ હું માગું છઉં કે મારી અરજનો તમો નામદાર ફેસલો કરો તાંહાંસુધી મી૦ મેકડરમાટને કોરટની બાહેર જવા કેહેવું, કેમકે તેને હું મારી અરજ સંભળાવા માંગતો નથી.

જડજે મેકડરમાટને હુકમ કીધો કે તેણે કોરટની બાહેર જવું.

મી૦ આનસટી—જે કાંઈ બનયુંછે તે સાબેત કરવાની ધારણાથી જેટલા નહી તેટલી બંધવાઓને ઓળખવાની ધારણાથી, જે વરગના શાખસીઓને બોલાવામાં આવશે, તે વરગમાંનો આ પેહેલો શાખસી છે. હવે મારી તમો નામદારને અરજ એટલીજ છે કે તમો નામદારે રજા આપવી કે આજની સાંજ સુધી બંધવાઓને તેમની જગા બદલીને બેસાડવા, અને તેઓને એક, બે, તરણ, એમ સરખી ગણતરીમા નહી બેસાડવા, તે એવી મતલબથી કે તેમને ઓળખવા સારૂ જેઓને બોલાવામાં આવે તેમની વધારે કઠણ પરખ થઈ શકે. જો જરૂર પડેતો આવતી કાલે તેમ પાછું કરવું.

આ અરજ બાહાલ રાખવામાં આવી અને બંધવાઓ એકેક સાથ જગા અદલ બદલ કરી બેઠા.

જોસેફ માકડરમાટને મી૦ ફરગયુસને તપાસયો.

હું મુંબઈની પોલીસમા કાનસટેબલ છઉં. ગયા એપરેલ મહીનાની શરૂઆતમાં હું D ડીવીજનમાં મી૦ બરાઉનનો આસીસટંટ હતો. પાંચ મહીના થયા હું પોલીસમાં નોકરીએ છઉં. તેની આ

ગમચ હું પુણા ખાતે ૫૬ મી રીજમીટમાં સીપાહ હતો. હું નાન કમીશનડ હતો. ગઈ તા૦ ૪ થી એપરેલની સહવાર મને યાદ છે.

સ૦—તે સહવારે તમે મી૦ સુપરીનટેનડંટ બરાઉન સાથ કેથે ગયા હતા? જ૦—દોખમાંઓની પહોશમાં જમીનના એક કકડા ઉપર અમે ગયા હતા.

સ૦—દોખમાની કેઈ બાજુએ?

જ૦—હું ધારૂં છઉં કે વાલકેસવરની બાજુએ.

સ૦—એ જમીનના કકડાની પાસે શું છે?

જ૦—પાસે પારસીની પંચાએત છે. (હસવાનું).

જડજ—આ જગાની પાસે શું કહયું?

જ૦—પારસી પંચાએત, મારા લારડ. (ઘણી હસાહસ).

મી૦ ફરગયુસન—પારસી પંચાએત એટલે શું?

જ૦—પારસી કબરસતાન.

સહવારના ૯ કલાકે અમે એ જગા ઉપર ગયા. તાંહાં એક ચાલી, થોડાંક જુપડાં અને એક તંબુ મેં જોયો. તે જગા ઉપર ૨૦ થી ૩૦ માણસો પણ જોયાં. તેઓ કામ કરતાં હતાં. ફતરા ભાંજવાનું કામ. મી૦ ડફીને મેં તાંહાં દીઠો. મી૦ બરાઉને તે જગાના કેટલાક ભાગો ઉપર સીપાઈઓ રાખયા. કેટલા સીપાઈ હતા તે હું બરાબર કહી શકતો નથી પણ આસરે ૨૦ સીપાહીઓ હતા. એ પછે મી૦ બરાઉન મને હવાલો આપીને કમીશનરને બંગલે ગયો. હું મી૦ ડફીના તંબુમા ગયો. તે વખતે ૯॥ વાગેલા હતા. મી૦ ડફી પણ તંબુમા હતો. કેટલુંક ફરનીચર મેં જોયું હતું. થોડીક ખુરશીઓ, એક સોફા, એક પદડો, કાંઈ ચીનીકામ હતું. તાંહાં એક દેશીએ આવીને મને ચોકસ ખબર આપી. એ ઉપરથી હું બાહેર નીકળીને દોખમાઓના કંપાઉંડની દેવાલ માહેલાં એક નાહના બારણા તરફ ગયો. તે બારણાની આગળ બામબુની એક કુર ભરેલી મેં જોઈ હતી. તે આસરે ૮ ફીટની હતી. મેં જોયું તો લોકો મોટા ફતરોથી તે બાંબુની ભીતને તોડી પાડતા હતા. હું તેમના ચેહેરા જોઈ શકતો હતો. મેં તેઓ સાથ વાત કીધી. તે સઘળા પારસી હતા. એ પદડો ભાંજનારા સીવાએ બીજા કોઈને મેં દીઠા નહી. મેં હીંદુસતાનીમા વાત કીધી. દેવાલની ઉપર બેઠેલા એક શખસે મને ઈંગરેજીમા જવાબ દીધો. તેને હું ઓળખી શકતો નથી. તેમને કેહેવા પછે મેં એક સીપાઈને મોકલયો કે બાકીના સીપાઈઓને બોલાવી લાવે. તે તેડવા ગયલો હતો તેવામા મોટા દરવાજાના રસતા ઉપરથી બસો કે તરણસો દેશીઓ આ જગા ઉપર ધસી આવયા. તેઓના હાથમા મોટા સોટા, પાવરા અને પીકાંઉં (કોહાડી) હતી.

સ૦—તેઓ કેઈ બાજુએથી આવતા દેખાતા હતા ?

જ૦—બાકબે ગમના મોહડાં વાળા દરવાજા તરફથી.

સ૦—તારે જે દરવાજા આગળ બામણુનો પદડો કરેલો હતો તેથી એ જુદો દરવાજો છે ? જ૦—હા.

સ૦—જારે તે ટોલુ આ જગા ઉપર આવયું તારે તેઓએ શું કીધું ?

જ૦—તેઓ ચાલી ઉપર ધસી ગયા અને તેને ભાંજી નાખવા લાગા.

સ૦—તેઓએ ચાલી ઉપર ધસતાં ધસતાં બીજું શું કીધું ?

જ૦—તેઓએ મોટો પોકાર મારયો.

સ૦—તંબુને તેઓએ કાંઈ કરયું ? જ૦—હા. તેનો તેઓએ નાશ કરી નાખયો. એવું જોઈને મેં તેઓને થોબવા કહયું. તેઓએ હીંદુસતાનીમા જવાબ દીધો કે "તુમ બીચમે મત આઓ." (અમારી વચે નો આવો) મેં એવું સાંભળીને એક સીપાઈને મોકલયો કે મી૦ બરાઉનને બોલાવી લાવે. બાંબુની વારની પછવાડેના ૨૦ કે ૩૦ માણસો પણ ચાલી ઉપર ધસી ગયાં. લોકોને ધસી જતાં જોઈ મી૦ ડફીના માણસો નાહાસી ગયાં. આ ચાલી ભાંજી નાખતાં તેમને કોઈએ અટકાવયા નહી.

એ પછે મી૦ ફરગયુસનની ફરમાશ ઉપરથી શાખસીએ બંધવાઓની વચે જઈને ના૦ ૧, ૨, ૧૫, ૩૮, ૧૩, ૫, ૩, ૨૪, ૬, ૭, ૧૦ અને ૨૨ નંબરોવાળા બંધવાઓને ઓળખાવયા.

આ વખતે પીંજરાંની પાસે ઉભેલા એક પારસી તમાશગીરને પણ એક બંધવા લેખે શાખશીએ ઓળખાવયો અને જારે તેને કેહેવામાં આવયું કે તે કાંઈ કેદી નથી તારે એ શાખસી ઘણોજ હેરત રહયો.

મી૦ આનસટીની અરજ ઉપરથી નામદાર જડજે એ બનાવની નોધ લીધી.

સ૦—તમે ઓળખાવેલા આ બંધવાઓમાના કોઈ કોઈને શું કરતા જોયા હતા તે તમે કહી શકશો ?

જ૦—હા. ના૦ ૫ વાલો બંધવો પોતાના હાથમાં એક મોટી લાકડી સાથ ચાલી આગળ તોફાની લોકો વચે હતો. તે લાકડી સાથ શું કરતો હતો તે મેં જોયું નહી હતું. ના૦ ૩૮ વાલા બંધવાના હાથમાં પણ મોટી લાકડી હતી અને તે ચાલીની પાસેજ હતો. ના૦ ૧૩ વાલા બંધવાને એક મોટો કોહાડી વડે તંબુની ખુંટીઓ ઉખેડી નાખતો તથા તે વડે કંતાંન ફાડી નાખતો મેં જોયો હતો. ના૦ ૨૫ વાલાને નાહના બારણાની આગળની બામબુની વાર ફતરે કરીને તોડી પાડતાં મેં જોયો હતો. ના૦ ૧ લાને, જારે હુલડ ચાલતું હતું તારે મેં ચાલીની આગળ જોયો અને તેની સાથ વાત કીધી. તેને કાંઈ બીજ કરતાં મેં દીઠો નહી હતો. તે હુલડખોરોને કેહેતો હતો કે

"લગાઓ, ટોરડાલો." "લગાઓ" નો અરથ "સાંધો" અને "ટોરડાળો" નો.અરથ ભાંજો એવો થાયછે. બંધવાને મેં શું કહયું તે મને યાદ નથી. તેણે મને જવાબ એમ દીધો કે હું પોલીસની વચે પડવા ચાહાતો નથી; હું તો માતર ચાલી, તંબુ અને બાંધકાંમ ને કાહાડી નાખવા ચાહું છઉં.

એ પછે કોરટ ટીફીનને મારે ઉઠી.

માદા જુરર વીશે તકરાર.

કોરટ પાછી બેઠા પછે જડજે કહયું કે જુરર મી૦ પીઅરસ જે બીમાર છે તેને ડાકટર જાંઇટે જુરીના આ વીસામા વચે તપાસયોછે અને કાંમ ચલાવી શકાશે કે નહી તે બાબે તેની સરટીફીકેટ ઉપરથી એટલું શક ભરેલું દીસેછે કે આજનો દાહાડો થોભવું બેહેતર થશે, કેમકે જારે સઘલો મુકદમો ફરી નવેસરથી તપાસવાનો સંભવ છે, તારે તપાસ આગળ ચલાવવી બેજા છે. પણ ડાકટર જાંઇટની સરટીફીકેટ ઉપર અમલ કરવા આગમચ એજ ચીજ વીશે મારે તલાસ કરવીછે અને કાલે સહવાર સુધીમાં મને જોઈતી ખબર મારા સવાધીનમાં આવશે અને શું કરવું તે તે વખતે સમજી શકાશે તથા સરટીફીકેટ કેવી છે તે પણ તેજ વખતે જાહેર કરશ. એટલા માટે હું ધારૂં છઉં કે આવતી કાલની સહવાર સુધી મુકદમો મુલતવી રાખવો બેહેતર છે.

મી૦ પીઅરસ (જુરરે) કહયું કે હું તાવને આધીન છઉં અને તે પાછો હોમલો કરશે એવી હું અટકલ કરૂં છઉં, એ પરમાણે મારે જે કાંઇ કેહેવું હતું તે જો મેં તમો નામદારને કહયું હતેતો મારી જે હસી ઘટતી થવી હતી તે થતે.

જડજ—હું કાંઇ મી૦ પીઅરસને ઠપકો આપતો નથી, પણ ડાકટર જાંઇટની તપાસના પરીનામ ઉપર બોલું છઉં.

મી૦ આનસટી—આ મુકદમા મધે કોઈનું બી દુખ લાંબું થાય એવું કાંઇ હું કેહેવા ચાહાતો નથી, પણ હું સમજું છઉં તેમ આ જુરર હાલ કામ ચલાવાને અશકત નથી. ડાકટર જાંઇટની સરટીફીકેટ ઉપરથી હું એવું સમજું છઉં કે જુરીમાન આજનાં બાકીના દીવસને મારે કામ ચલાવાને અશકત નથી અને અગરજો એ ગરહસથ પોતે તેમ કબુલ કરેછે તો આપણે આગળ કાંએ નહી ચાલવું તેનું કાંઇ કારણ નથી.

જડજ—ડાકટર જાંઇટ તેને વીશે કેહેછે કે તે જુરર દાખલ કામ ચલાવાને તદન અશકત છે, અને તેનું પરીનામ કેવું નીપજશે તે એટલું દેખીતું છે કે આંજે કામ ચલાવવું મને તદન ફોકટ લાગેછે.

મી૦ પીઅરસ—મારા લારડ, આજે કાંમ ઉપર હાજરી આપવા ને હું તદન શકતીવાંન છઉં.

મી૦ આનસટી—જુરર પોતે કેહેછે કે તે કાંમ ચલાવાને શકતી વાન છે.

જડજ—ઠીક તારે, આપણુ ચલાવીશું.

એ પછે શાખસીની તપાસ આગળ ચાલી.

શાખશી—મી૦ બરાંઉન જગા ઉપર પાછો આવયો તારે આ સઘલા બંધવા તાંહાં હાજર નહી હતા. ઘણાકો પાછા હટી ગયા હતા. કેટલાકો દોખમાંઓની અંદર જતા રહયા, અને બીજાઓ ડુંગર ઉપરથી ઉતરી ગયા. અંદર જનારાઓ નાહનાં બારણાને રસતે ગયા.

જડજ—તેઓને અંદર જતાં તમે જોયા હતા?

શાખસી—અંદર હટી જતાં મેં તેમને જોયા.

એઓમાં તમાશગીર મને કોઈ નહી દીસીઆ. તેઓના હાથમાં ઘણીખરી બાંબુની લાકડીઓ હતી. તે ૨ થી ૨॥ ફીટ લાંબી હતી. મારા પોંહોંચા જેટલી તે જાડી હતી. મી૦ બરાંઉને પાછો આવયા પછે મને હુકમ કીધાથી હું કમીશનરને બંગલે એક બગીમા ગયો. કમીશનર મને મળયા અને તેને સઘળી બીના કહીને હું આ જગા ઉપર પાછો આવયો. તાંહાં આવી પુગવા આગમચ કમીશનર એંજ જગા ઉપર જવા માટે રસતા ઉપરજ મારી પાસેથી પસાર થઈ ગયો. તે મારી આગમચ પુગો.

જડજને—હું તે જગા ઉપરથી આસરે ૧૦ મીનીટ ગેરહાજર રહયો.

હું પાછો આવયો તારે તે જગા આગળ મેં આતશ જોયો. તે ભકભક બલતો હતો.

સ૦—તે આતશની નીચી, ઉંચી, મધીઅમ કે કેવાં કદની ચેહ હતી?

જ૦—ઉંચી ચેહ હતી.

સ૦—તેના ઉપર શું હતું તે તમે જોઈ શકયા હતા?

જ૦—હા. લાકડીઓ હતી. મીઉનીસીપાલ કચરો બાલવાની જગા હું હમણા જાણું છઉં, તે વખતે જાણતો નહી હતો. તંબુ અને ચાલીથી આસરે ૫૦ થી ૬૦ વાર દુર તે આગ બળતી હતી. તે દાહાડે માર ખાનાર એક માણશને મેં જોયો હતો. તેને માર ખાતાં મેં જોયો નહી હતો. તેનો હોટ કપાયલો હતો. તેનું નામ હું જાણતો નથી. હું તેને ઓળખું છઉં. (પઠાંણ સુલતાનશાહ દેખાડવામાં આવયો) હા એજ. મી૦ ડફી હાજર હતો. તે પોતાના કપડાંના ફાટા કકડા એકઠા કરતો હતો.

સ૦—તમે આ સહવારે ઠંડા અને ધીરા હતા, કે ઘણા ઉસકેરા
યલા હતા, કે કેમ હતા ? જ૦—હું ઠંડો પણ લાઈલાજ હતો.
સ૦—તમે એકજ જગોએ ઉભા રહયા હતા કે જમીનના જુદા
જુદા ભાગો ઉપર દોડતા ફરયા હતા ?
જ૦—હું જુદી જુદી જગોએ જાતો ફરયો હતો.
સ૦—કમીશનર આવયા પછે શું થયું ? જ૦—કમીશનરે આ
વીને સઘળા હુલડખોરોને પકડવાનો હુકમ આપયો.
સ૦—કોણને હુકમ આપયો ? જ૦—સીપાઈઓને.
તેમને પકડતા હતા તેવામાં હું તે જગા ઉપર આવી પુગો. તો
ફાંનની જગા ઉપર તે વખતે સઘળા હતા. તેઓને કેદ પકડીને ખેડુ
તોની જુપડીઓમા રાખયા. અમે દોખમાના કંપાઉંડમાં ગયા. ના
હાના બારણામાંથી ગયા. જાંહાં બાંબુની વાર કરેલી હતી તાંહાંથીજ.
અંદરના એક નાહના ઘર આગળ અમે ગયા. તે જમીને કરતાં ઉં
ચે હતું. તે ઉપર સીહીડીથી જવાતું હતું. પોલીસ તાંહાં એટલા
માટે ગઈ કે હુલડખોરો તે ઘરમાં જઈ ભરાયા હતા. તે મકાનની બા
હેરથી અંદરના લોક દેખાતાં હતાં. તે માહેલા લોકો આ રહયા.
(ના૦ ૨, ૩ અને ૭ વાળા બંધવા દેખાડેછે.) તેઓને મેં પોકારતા
સાંભળયા કે જે કોઈ સીહીડીની ઉપર આવશે તેને અમે મારી નાખ
શું. કમીશનરે પેહેલાં ઈમારતની અંદરના શખસોને કેહેવા પછે ડેપ
યુટી કમીશનર તથા બીજા યુરોપીઅન અમલદારો અને માણસોને બો
લાવા સારૂં એક સ્વારને મોકલયો. કંપાઉંડમાં જવા અને મદદ મં
ગાવાની વચે પા અથવા અડધો કલાક નીકલી ગયો. ડેપયુટી કમીશ
નર આવી પોંહોંચે તેટલો વખત કમીશનરે તેમને બાહેર આવવા શા
રૂં સમજાવામા ગુજારયો. ડેપયુટી કમીશનર આવી પુગો, તારે ઉપર
જઈને પારસીઓને સમજાવાને તેને કમીશનરે ફરમાવયું. તેણે તેમ
કીધું, પારસીઓ તેથી પણ બાહેર આવયા નહી. એ પછે મી૦
બરાંઉને બારીની સાંકળ ઉંઘાડી, તથા અંદર જઈ તેમને બા
હાર લાવયો. તેમને હુલડવાળી જગા ઉપર ઉભા કીધા. તેઓ
સઘળા મળીને ૨૦ થી ૩૦ જણ હતા. આસરે ચાર યુરોપી
અન અમલદારો અંદર ગયા હતા. કંપાઉંડની અંદર એક દેશી
કારીગર સીવાએ બીજા કોઈ પારસીઓને મેં દીઠા નહી હતા. કેટ
લા જણને પોલીસે ઓળખયા તે હું કહી શકતો નથી. તડકાથી મ
ને બોખાર ભરાઈ આવી. એ દીવસની જરા આગમચનો મને તા
વ આવેલો હતો. મારી ડયુટી ઉપર આવવાથી મને અટકાવા જેટ
લો શખ્ત તે નહી હતો. મી૦ બરાઉનને તેની ખબર હતી કે ન
હી તે હું કહી શકતો નથી. કેદ પકડેલા શખસો સાથ હું મજગામ

ગયો નહી. આ લોકોના હાથમાની લાકડી આંના જેવી હતી (બંડલ દેખાડેછે) કોઇબી બંધવાના હાથમા મેં છતરી જોઈ નહી હતી. એ લાકડીઓ કાંહાંથી આવી તે હું જાણતો નહી હતો. બંધવાઓ સહવારના તે જગા ઉપર આવયા તેની આગમચ તાંહાં મેં કોઈ લાકડીઓ જોઈ નહી હતી. મી૦ ડફીના કોઈ મજુરોના હાથમા મેં લાકડી જોઈ નહી હતી.

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

સ૦—હવે મી૦ મેકડરમાટ, આ તોફાન પછે બીજે દીને અને "ઇનજંકશન" નું હુકમનામુ કાંહાડવામા આવયું તાંહાં સુધી, મી૦ ડફી તેજ તંબુમા ઘણા સુખથી રેહતો હતો કે જે તંબુના કાપીને કકડા કરેલા તમે જોયા હતા, એ વાત શું તમે નથી જાણતા ? જ૦—નહી.

સ૦—તા૦ ૪ થી, ૫ મી, ૬ ઠી અથવા ૪ થી તારીખ પછેના કોઇબી દીવશે તમે એ બીના નહી જાણતા હતા ? જ૦—નહી.

સ૦—તમે જાણતા હશો કે થોડાંક ઝુપડાંઓનો પણ નાશ કરવામા આવયો હતો ? જ૦—નાહાના ઝુપડાંઓમાના એકનો નહી.

સ૦—તે ઝુપડાં સઘળાંમા ખારવીઓ રેહતા હતા, નહી વારૂ ? જ૦—હા.

સ૦—અને તેમનો નાશ ઈઆ નુકશાન થવાને બદલે તમારા લોકોએ બંધવાઓને માટે એક જાતની ચોકી તરીકે તેમને વાપરયાં હતાં, નહી વારૂં ? જ૦—હા.

સ૦—જે ખારવીઓના ઝુપડાં એ રીતે તમે વાપરયાં તેમની તે બાબે પરવાનગી લીધી હતી કે તે ઝુપડાંઓમા પણ તમે જબરીથીજ ઘુશયા હતા ? જ૦—હું જાણતો નથી.

સ૦—અને તમોને તેની દરકારબી નથી, કેમ ? તમારા વડાએ હુકમ કીધો હતેતો તે ઝુપડાંઓમા તમે જબરીથી દાખલ થતે, હેં ? જ૦—હા.

સ૦—અને એજ પરમાણે હાનરએબલ મી૦ ગીબસના અથવા બીજા કોઇબી બંગલાની ચોકી બનાવાને તમારા વડાએ ફરમાવયું હતેતો તમે તેમ કરતે. નહી વારૂ ?

જ૦—એવી કોઇ ચીજ તેઓ મને ફરમાવતે નહી.

સ૦—મારા સવાલનો જવાબ દેઓ. તમોને હુકમ થાયતો તમો તેમ કરો કે નહી ? જ૦—મારા વડા ફરમાવેતો તેમબી કરૂં.

સ૦—હા, પણ તમે હમણા ઘટતી રીતે કહયું તેમ તમારા વડાઓ તે યુરોપીઅન બહરાંમણો—શાહેબ લોકની એ નાત—ના બંગલામા

તમને નહી મોકલતે; પણ દેશીઓના ઘર બાબે તમોને ઈઆ તમારા વડાઓને કાંઈ અડચણ નહીં. કેમ ? જ૦—હા કાંઈ અડચણ નહી.

સ૦—ઘણું સારૂં. હવે મી૦ મેકડરમાટ મને કહો કે ખોદાની કાંઈ એવી બખશેશ થઈ કે જેથી આ ગરહસથ મી૦ ફીરોજશાહ મે હેતા, આ પારસી બારીસટરે—માજીસટરેટ મી૦ કુપર—જે એક યુરોપીઅન છે—તેની મારફતે થોડાંક અઠવાડયાં ઉપર એક પારકા શખસના ઘરમાં જબરીથી ધુસવાના વાંકને માટે તમારી સોડેથી દંડના આકારમાં રૂ૫૦ ની રકમ મુકાવી હતી કે નહી ?

જ૦—મને માજીસટરેટે કદી રૂ૫૦ નો દંડ કરેલો નથી.

સ૦—તારે આ માફી પતર જુવો. એ તમારા અખશરમા છે કે નહી ? જ૦—એ ઉપર મેં સહી કરેલીછે.

સ૦—હવે તારે જે શખસના ઘરમાં તમે ધુસેલા તેની જોડે તમે શું માફ માંગી નથી ?

જ૦—મારી પોતાની ખુશીથી મેં આ માફી માંગી હતી.

સ૦—પણ એ વાંકને માટે માજીસટરેટ આગળ તમોને ઉભા કીધા હતા કે નહી ? જ૦—નહી.

સ૦—હવે સંભાલજો મી૦ માકડરમાટ. આ પારસી ગરહસથ (મી૦ ફીરોજશાહ) તે મુંકદમાને લગતી ખબરોથી ભરચીકાર વાકેફ છે. તમે મી૦ મનચેરજી બરજોરજીની સાંમે પોલીસમાં "ખબર" આપી નહી હતી ? જ૦—હા આપી હતી.

સ૦—અને પોલીસના માજી કાંમચલાઉ ડેપયુટી કમીશનર આગળ તમે તેને લઈ ગયા હતા ? જ૦—હા.

સ૦—હું ધારૂં છઉં કે તમે તે વખતે આઈરીશ રીત વાપરી હતી. પેહેલાં તેને પકડયો અને પછે તેને માટે ખબર આપી હતી. કેમ ? જ૦—મેં તેને પકડયોજ નહી હતો.

સ૦—તારે એક સીપાઈ પાસે તમે તેને પકડાવયો ને ચોકીમા નખાવયો હતો, નહીં વારૂં ? જ૦—હા.

સ૦—અને તા૦ ૪ થી એપરેલ પછે ૧૫ દાહાડે તા૦ ૧૯ મીને દીને તમે માફી માગી, કેમ ? જ૦—હા, મેં તે ઉપર સહી કરી હતી.

સ૦—હવે જરા એ માફી પતર જુવો અને જુરી આગળ વાંચી સંભળાવો.

મી૦ ફરગયુસન—એ માફી પતર સાહેદીમા રજુ કરવા સીવાએ તેને વાંચી સંભળાવા સામે હું વાંધો લઉં છઉં.

જડજ—અળબતાં મી૦ આનસટી તેનુ એકેક વાકીઅ વાંચીને શાખશીએ તે લખીઓછે કે નહી, એમ પુછી શકે.

મી૦ આનસટી—ઠીક ઠીક. (શાખસીને) એ પતર મને આપો.

હું ધારૂં છઉં કે મીશીઅરસ ચાક અને ટરનર તમારા મીતર મી૦ ઘેટલીના વકીલો હતા અને તવાઈમાથી છટકી જવા સારૂં તમે મી૦ મનચેરજી બરજોરજીને આ માફી લખી આપી હતી, કે?—

"ગઈ તા૦ ૭ મી એપરેલને દીને પોલીસના માજીસટરેટ સી. પી. કુપર એસકુવાએર આગળ તમે લખાવેલી ખબરની બાબતમા, તમોને મજગામમા પોલીસના કામચલાઊ ડેપયુટી કમીશનર આગળ લઇ જવાના કંટાળાને તમને આધીન કરયા તે વાસતે હું મારાં ખરાં દીલથી દલગીરી બતાઊં છઊં અને આ લખવાથી તે બાબે પુરેપુરી માફી માગું છઊં."

આ પરમાણે તમે લખી આપયું છે કે નહી, મી૦ મેકડરમાટ?

જ૦—હા, મેં આપયુંછે.

સ૦—હવે મનચેરજીને તેના પોતાના ઘરથી મજગામ શુધી ઘસડી લઇ જવાનો તમે બદલો શું આપયો? જ૦—હું નથી જાણતો.

સ૦—તે દંડ કોણે ભરયો? જ૦—મેં નથી ભરયો.

સ૦—તારે કોણે ભરયો? જ૦—હું ધારૂં છઉં કે મી૦ ઘેટલી એ ભરયો.

સ૦—તે ૫૦ રૂપીઆ હતા વારૂં? જ૦—હા.

સ૦—તે રૂપીઆને માટે ઘેટલીને તમે ચીઠી લખી આપીછે વારૂં? જ૦—નહી.

સ૦—તે રૂપીઆ તમે તેને ભરવાનાછો?

જ૦—નહી, નથી ભરવાનો.

સ૦—તારે ભરી ચુકાછો? જ૦—નહી.

સ૦—હવે મને કહો મી૦ મેકડરમાટ કે શું મનચેરજીના આ મુકદમાના તમારા અનુભવથી તમે ૪ થી તારીખે આટલા પરકાશી નીકલયા, કે તા૦ ૪ થીના એ અનુભવથી મનચેરજીના મુકદમા મધે આવી ચાલ ચલાવાને તમને ફાવતું પાયું?

જ૦—પોલીસ અમલદાર તરીકેના મારા કાચા અનુભવથી મેં તેને પકડયો અને હું ડેપયુટી આગળ લઇ ગયો.

સ૦—અને તેજ પરમાંણે ૪ થી તારીખે તમે પારસીઓની પવીતર જગામાં ઘુસી ગયા તે પણ તમારા કાચા અનુભવથીજ કેની?

જ૦—તે વખતેતો હું મી૦ સુટરના હુકમ તલે હતો.

સ૦—પણ એમ કેમ બનયું, મી૦ મેકડરમાટ, કે આ કાંમની શરૂઆતમાં તમારા સુપરીનટેનડંટનો આસીસટંટ મી૦ લાંગડન હતો, તેને તા૦ ૪ થીએ આ કાંમ ઉપર નહી લાવવામાં આવયો અને તમેજ કબુલ કરોછો તેમ તમારા સરખા એક કસમજ અમલદારને એ દાહાડના કાંમને માટે ચુંટી કાહાડયો? એમ કેમ?

જ૦—તા૦ ૩ જી એપરેલને દીને મારી ચોપાટી ખાતે બદલી થઇ.

સ૦—અને મી૦ લાંગડનની કદાચ તેના સવદેસ ખાતે બદલી થઈ કે જાંહાં તેને કાંઈ જોડી કાહાડેલી વારતાઓ કેહેવાની નથી?

જ૦—તેની મનગાંમમાં બદલી થઈછે. તા૦ ૩ જી એપરેલની સાંજે હું આ જગા ઉપર બટાકી વગાડતી વેળા ગયો નહી હતો. તે મનાડી મારી આગમચની ફેરવેલી હતી. તે તા૦ ૩ જીએ ફેરવી કે તેની આગમચ તે બાબે હું ચોકસ નથી. મેં તે મનાડી બાબેનો હુકમ જોયો નહી હતો.

સ૦—હવે તમે આ જગા ઉપર બેસુધ થઈ ગયા, નહી વારૂં?

જ૦—નહી.

સ૦—પણ તમોને પાણી પોંહોંચાડવામાં આવયું, કેમ?

જ૦—હા, મને થોડું પાંણી પીવાને મળયું હતું.

સ૦—તે એટલા વાસતે કે તમે બેસુધ થયા હતા?

જ૦—મને બોખાર લાગતી હતી. મારી માંદગીને લીધે મને ડફીના તંબુમા બેસાડયો નહી હતો. તે વખતે હું તદન સારીપઠે હતો, પણ તડકાંને લીધે હું અંદર ગયો હતો. તેની આગમચ એક અઠવાડયાં ઉપર મને તાવ આવેલો હતો. તે છતાં હું મારો હોધો બજાવાને શકતીવાન હતો.

સ૦—તમે પોલીસમા ઘણાં થોડા વખતના છો. તમારા સવાલ જવાબ તમો શીખી રહયા કે? મારી મતલબ કે સવાલ જવાબની આ ચોપડી તમે વાંચી રહયા કે? જ૦—હું તેનો અભઆસ કરૂં છઉં.

સ૦—હવે આ ચોપડી લેઓ, (આપેછે) હું તમોને એક સવાલ પુછું, તેનો જવાબ અંદરથી વાંચી સંભલાવો. નાહના વાંક કીઆ કીઆ? જ૦—(શાખશી વાંચેછે) "સુલેહના બીગાડ, જેવાકે સાધારણ મારામારી, બખેડો, હુલડ."

સ૦—તારે હવે મુંબઈની તમારી "ડયુટી" ના આ સઉથી કરડા કાનુન મુજબ પણ તમે આ માણશો ઉપર જે તોહોમત મેળોછો, તે કોઈ લેઆનતી ઈઆ લોહીની નીખ ચલાવનારી લડાઈ હોવાને બદલે તેતો માતર એક નાહનો વાંક છે, જોયું? જ૦—હા.

સ૦—તમે આ ચોપડી હાલ શીખોછો? જ૦—હા.

સ૦—તેથી આ બખેડાને વખતે વાજબી ઉપાય શું તે મી૦ બરાઉન કરતાં તમે વધારે સમજીઆ હશો, નહી વારૂં? જ૦—નહી.

સ૦—એ ચોપડી તે દાહાડે કાંહાંવેર પાઠ કરેલી હતી?

જ૦—જાજી નહી.

સ૦—તારે આ પાઠ કરવા બાબે તમારી પરીખશા કેટલી મુદતે લેવાની? તમે પોલીસમા સામેલ થવા આગમચ લેવાની કે પછે?

જ૦—પછે.

સ૦—કોણુ પરીખશા લેયછે, સુટર કે બરાઉન?

જ૦—હું જાણુતો નથી.

સ૦—તમે પરીખશા આપવા કારે જવાના છો?

જ૦—હું જાણુતો નથી.

સ૦—હવે તા૦ ૪ થી એપરેલને દીને તમારી આ બેમુલી ચોપડી તમારા ગજવાંમા હતો કે? જ૦—નહી હતી.

સ૦—જો તે ચોપડી પાસે હતેતો આ વખતે ગજવાંમાથી ખેંચી, કાહાડી ડફીને તથા બીજાઓને તમે દેખાડતે અને કેહેતે ઈઆ નહી કે આપણેતોબા હીઆં કાયદાથી ઉલટા ચાલીએ છઈએ અને પારસીઓને બદલે આપણુનેજ ચોકીમા બેસવું પડશે. એમ કેહેતે કે?

જ૦—નહી. તે દાહાડે હું સઘળા હુકમ પરમાણેજ ચાલતે.

સ૦—હવે મી૦ મેકડરમાટ, તે દાહાડે તમે ઘણા કાચા અનુભવના તથા તાવના ભરેલા હતા—તારે તમે આ બંધવાઓને બરાબર ઓળખાવયાછે એમ ખાતરીથી કહી શકશો? જ૦—હા. હું ૧૧ જણુને વાસતે ખચીત છઉં, પણ ૧ જણુને વાસતે મારી ખાતરી નથી.

સ૦—હવે હું તમારી આગળ સાબેત કરશ કે તમે ઘણાં ભુલો છો. તમે એક જણુને વાસતે પોલીસમા સોગંદ ખાધા, અને હીઆં નથી ખાધા. બીજા એક જણુને માટે તમે હીઆં સોગંદ ખાધા, પણ પોલીસમા નથી ખાધા? જ૦—નહી, મેં તેમ નથી કીધું.

સ૦—વળી એક જણુ બંધવો નથી, પણ બંધવાઓની પાસે બેઠેલા એક તમાશગીરને બંધવા તરીકે તમે ઓળખાવયોછે? જ૦—મેં તેની પછવાડેના બંધવા તરફ આંગળી કીધી, તારે આ પારસી પોતાની મેળે ઉભો થયો.

સ૦—હવે ના૦ ૧૦ વાળો (દારાશાહ પાહાલણજી) જેને તમે પોલીસ કોરટમા ઓળખાવયોછે, તેને આજે ઓળખવાને તમે અશકતછો?

જ૦—મને તેને વીશે શક લાગેછે.

સ૦—અને ના૦ ૨૧ વાળાને આજે તમે દેખાડયો ઈઆ ઓળખાવયો નથી, તોપણુ પોલીસ કોરટમા તમે તેને વીશે સપત લીધાછે. તમે પોલીસ કોરટમા આ પરમાણે બોલયા હતા—"ના૦ ૧, ૨, ૩ અને ૪ વાળાઓને હું ઓળખાઉં છઉં, કે જેઓ ઝુપડાંઓનો નાશ કરવાંમા સાંમેલ હતા." પણુ આજે તમે ના૦ ૪ વાળાને પણુ ઓળખાવયો નથી?

જ૦—પોલીસ કોરટમા હું એ પરમાણે બોલયો એ હું ના પાડું છઉં.

સ૦—એનો શું અરથ? (લખેલી જુબાની આપેછે) આ ઉપર તમે સપત લઈ શું નામુકેર જાઓછો? જ૦—મેં એટલાજ સપત લી

ધા હતા કે તે બંધવાઓને મેં તાંહાં જોયા હતા. તેઓને ઝુપડાં તોડી પાડતાં જોયા એવા સપત મેં લીધા નથી.

સ૦—તારે શું આ જુબાંની ખોટી છે ? જ૦—હા, એ ખોટી છે. એ લોકો ઝુંપડાં તોડી પાડતા હતા એવા મેં કદી સપત લીધા નથી.

સ૦—ડાકટર ડાલાસે તમોને ઉલટ પાલટ તપાસયા તારે તમે ના૦ ૪ થાને ઓળખાંવયો હતો. ખરૂં કે ? જ૦—હા.

સ૦—અને આજે તેટલીજ શંખયાની ભરતો કરવાના તમે ફાંફાં મારયાંછે. તમોને શીખવેલું કે બંધવાઓની આટલી ચોકસ શંખયાને તમે ઓળખાવવી, અને તેથી તમે ભળતાઓને ઓળખાવી એ શંખયા પુરી કીધી, ખરૂં કે ?

જ૦—એમાના એક જણ વીશે મને શક હતો.

સ૦—તારે જુરીને તે પરમાંણે કહયું કાંએ નહી ?

જ૦—કેહેવાની મારી ધારણા હતી.

સ૦—હા ! એક ચોકસ જગાના રસતા ઉપર સારી ધારણાની ફર સબંદી કીધેલીછે. હવે હમણા કોરટે વીસામો લીધો, તારે તમે અંદર ટીફીન લેવા નહી ગયા હતા ? જ૦—હા, ગયોતો.

સ૦—તાંહાં આ બંધવાને ઓલખાવા બાબે તમે અને એક પોલીસ કાનસટેબલ વચે તકરાર નહી થઈ ? જ૦ નહી.

સ૦—મી૦ સટારલીંગે કરેલી ઉલટ પાલટ તપાસમા "ના૦ ૩, ૬, અને ૭ વાલાને દોખમાના કંપાઉંડ માહેલી ઈમારતમાં જોયા અને મેં તે મી૦ સુટરને દેખાડયા" એ પરમાંણે તમે સપત લીધા હતા કે નહી ? જ૦—હા.

સ૦—અને આજે તેને બદલે તમે ના૦ ૨, ૬, અને ૭ ના સપત લીધાછે, તે કેમ ? જ૦—આંકડાની ભુલ થઈછે.

સ૦—પણ તારે પેહેલા ૭ જણના આંકડામા કેમ ભુલ નહી થઈ ?

જ૦—મેં સઘલા ઓળખીતાઓને ઓળખાવયા. આદરજીને મેં નથી ઓળખાવયો તે મારી ભુલ થઈછે, પણ તે ખરા ધણીને ઓળખાવાને હવે હું તઈઆર છઉં.

સ૦—નહી, મી૦ મેકડરમાટ, એ ભુલનું ખરૂં કારણ શું આ નથી કે પોલીસ કોરટમાં બંધવાઓને ઓળખાવતી વેળા એક જમાદાર અથવા એક કાનસટેબલ તમોને મદદ કરતો હતો અને તેઓનો અનુકરમ તમોને ખબર હતો. હીઆં તમોને મદદ કરનાર કોઈ મળે નહી અને હીઆં તેઓને જુદા અનુકરમમા બેઠેલા તમે જુઓછો એમજ કે ? જ૦—હા, એજ કારણ.

હું લશકરમા હતો તારે હીંદુસતાંની ભાશા થોડી થોડી શીખયો હતો. "લગાઓ, તોરડાલો" એ હીંદુસતાની શબદો છે.

સ૦—પણ પારસીઓતો હંમેસ ગુજરાતી ભાશા બોલેછે?

જ૦—તે વખતે તેઓમા હીંદુઓ હતા.

સ૦—પણ પારસીઓની સરેસતાની ભાશા કહી છે?

જ૦—તેઓ ઘણી ભાશાઓ બોલેછે.

સ૦—હવે બાંબુનો પદડો ભાંજી નાખતી વેળા, તમે તેઓને શું કહયું? જ૦—મેં પુછયું કે તમો શું માગોછો.

સ૦—નહી નહી, તમારી હીંદુસતાનીમા તમે કેમ બોળયા, કહો. જ૦—"તુંમ કેઆ મગતા હએ."

સ૦—તારે તેઓએ શું જવાબ દીધો?

જ૦—"તુંમારા કુચ કામકા નહી હએ."

સ૦—તમારે મનશે કે એ ઘણી સરસ હીંદુસતાની લાગી? તેની માએની એમજ થાયછેની કે "તમારૂં થોડું નથી છે કામ"?

જ૦—માએની એટલીજ કે "એ કાંઈ તમારૂં કામ નથી."

સ૦—જે ધણી ઈંગરેજીમા બોલયો તેનો શું જવાબ હતો?

જ૦—તે બોલયો કે અમે પોલીસની વચે પડતા નથી, પણ માતર આ બાંધકામને કાહાડી નાખીએ છઇએ.

સ૦—હવે મી૦ સુટરે સદાનશાહને પોતાની લાકડી મારી નાખી દેવા તથા તેનો હોટ કાપવાની બાહાદુરી કીધી તે તમે જોઈ હતી?

જ૦—નહી.

સ૦—મારી ખાતરી છે કે દલેરીના કામની કીરતી તમારે કાને પડી હશે? જ૦—નહી.

સ૦—આખી ચાલી ભાંજીને સાફ કરી નાખીછે એ શું ખરૂં છે?

જ૦—તે ચાલીનો એક ભાગ હજી બાકી છે.

સ૦—પણ માજીસટરેટ આગળ તમે એમ બોલયા હતા નહી વારૂં?

જ૦—હા.

સ૦—પણ જો કોઈ બીજો ધણી કેહે કે તે આખી ભાંજી નાખી છે, તો તે ખોટુંછે? જ૦—હા.

સ૦—એજ પરમાણે જારે એમ કેહેવામા આવે કે આ સઘલા શખસોના હાથમા લાકડીઓ હતી, તો તેનો અરથ એમજ સમજવો કે તે થોડાકોનાજ હાથમા હતી, નહી વારૂં? જ૦—હા.

સ૦—તમે મી૦ ફરગયુસનને એવું કહયું કે તે દીને એકબી શખસના હાથમા છતરી નહી હતી?

જ૦—હા, મેં કોઈ છતરી જોઈ નહી.

સ૦—તે દાહાડો શું ઘણો ગરમ હતો? જ૦—હા.

સ૦—જરા પવણની લેહેકી નહી હતી, અને વળી થોડાજ જણ

ના હાથમા લાકડીઓ હતી અને તોપણ તમે શોગંદ ખાઓછો કે છ તરીઓ કોઈ પાસે નહી હતી? જ૦—મેં કોઈ જોઈ નહી.

સ૦—તમે જે જુહપડાંઓ વીશે બોલયાછો તે જુહપડાંઓમાં લાકડીઓનું બંડળ લાવી મેળતાં પોલીસના સીપાઈઓને તમે જોયા હતા કે નહી? જ૦—નહી.

સ૦—જારે તમે ના૦ ૧ ને પેહેલાં દીઠો તારે ૨૦ થી ૨૫ માણસો ચાલીને ભાંજી નાખવા પડેલા હતા, તેથી વધારે માણસો તે વેળા હતા એવા તમે સપત લેશો? જ૦—એકસોથી ઉપર માણસો હતાં.

સ૦—પણું હું ફરીથી પુછું છઉં કે કંપાઉંડના મોટા કે નાહના દરવાજામાથી એકબી પારસી બાહાર આવયો તેની આગમચ ૨૫ કે ૩૦ જણુને લઈને બંધવો ના૦ ૧ લો ચાલી તોડી પાડવામા રોકાયલો હતો કે નહી? જ૦—મેં તેમ નહી દીઠો. મેં તેને આગળ જોયલો નહી હતો. હું તેને ઓળખતો નહી હતો. તે આ જગાનો ભાડુત હતો એવું મને કોઈએ કહયું નહી હતું. પારસીઓના એ જગા ઉપરના દાવા વીશે મને બરાઉને કહયું નહી હતું. તે જગા ઉપર લોક રેહેતા હતા તે પણ કહયું નહી હતું.

સ૦—તે જગા ઉપર ખારવીઓ અને ખેડુતો હતા તે પણ તમોને કહયું નહી?

મી૦ ફરગયુસન—આ શાખસી તે વીશે કાંઈ બોલયો નથી, માટે એ સવાલ નહી પુછવો જોઈએ.

મી૦ આનસટી—નહી. મારા ઉલટ પાલટ સવાલોની સરૂઆત તમામ તે એમ બોલયોછે અને મી૦ ફરગયુસન તે ખોટું પાડેછે, એ ઘણું હુલરાઈ ભરેલુંછે.

શાખસી—મને મી૦ બરાઉને તેમ કહયું નથી.

સ૦—તમોને કોઈએ કહયું નહી તારે તમે જાણીઉં કેમ કે તે ખેડુતોના જુપડાં હતાં? જ૦—ખેડુતોને વાસતે હું જવાબ દઈ શકતો નથી.

સ૦—એટલે શું? જ૦—તે જુહપડાંમા કોઈ રેહછે કે નહી તેની મને ખબર નહી હતી.

સ૦—જારે આ શખસો દરવાજાને કરેલો આડો પડદો તોડી પાડતા હતા, તારે તમારાં મનમા એવું નહી લાગું કે તેઓ એક હરકત ને કાહાડી નાખવા માગેછે? જ૦—હું જાણતો નથી.

સ૦—એ બાંબુની આડી નડ આગળથી તમે ચાલી આગળ આ લોકો પાસે ગયા? જ૦—હા.

સ૦—વારૂં હવે કહો કે તમે કંપાંઉંડના દરવાજામાથી આવતા પારસી લોકોને જોયા હતા? જ૦—હા.

સ૦—પણ તમે જાણોછો કે જાંહાં તમે ઉભેલા હતા, તાંહાંથી એ કજ વખતે બે જુદી જુદાં બાજુએથી આવતાં બે જુદાં જુદાં ટોળાં ઓને જોવાં એ નહી બને એવું હતું ? જ૦—તેઓ જેમ જગા ઉપર આવતા ગયા તેમ તેઓને હું જોતો ગયો.

સ૦—પણ તમો અને દરવાજાની વચે તો ચાલી અને તંબુ બેહુ હતા ? જ૦—નહી એમાનું એકબી વચે નહી હતું.

સ૦—પણ તારે તમે તે લોકોને દરવાજાની અંદરથી નીકલતાં નહી જોયાં. તેઓ તે જગા ઉપર આવયા પછે તેમને તમે તાંહાં દીઠા ? જ૦—હા.

સ૦—પણ દરવાજાથી જે વાટ શેહેર તરફ જવાનો છે તે લોકો ની આવજાવને માટે વપરાયછે તે જાણોછો કે નહી ?

જ૦—મોટા દરવાજાનું મોંહ ચોપાટી ગમ છે.

સ૦—તારે તમે ધારયું કેની કે જેઓ દરવાજાની બાહેરથી આ વયા તેઓ માતર તમાશો જોવા આવેલાછે ? જ૦—નહી.

સ૦—તેમ નહી તારે તમે એમ ધારયું કે તેઓ દોખમાની અંદર સઘલા એકઠા થયા અને એક વાટ જાંહાંથી માતર એકેકજ માણુશ આવી શકેછે તાંહાંથી તે સઘલા બુમ અને ચીસ પાડતા ધસી આવયા ?

જ૦—હા, પોતે ઓળખાય નહી માટે તેઓએ તે ગડબડ કીધી.

સ૦—તેઓ જંગલી હતા વારૂ ? તેઓએ કોઈનું ચામડું છોલી કાઢયું વારૂં ? જ૦—નહી.

સ૦—અને જારે તેઓએ ચીસ પાડી તારે દોખમાની દેવાલ જેરીકોની મીશાલે પડી ગઈ વારૂં ? જ૦—નહી.

સ૦—હવે હું શાખસી ગવાહોને લગતા કાયદાને તોડીને એક એવો સવાલ પુછુ છઉં કે જે મારાં કુળની સામે જાયછે. ડફીના તંબુમાં પેલા બેગારીએ આવીને તમને શું ખબર આપી તે કહી સંભળાવો ? જ૦—તે બોલયો કે દરવાજા ઉપરની વારને લોકો તોડી પાડેછે.

સ૦—ચાલીને વાસતે તે કાંઈ બોલયો ? જ૦—નહી.

સ૦—તંબુમાથી તમો એ વાર આગળ ગયા ? જ૦—હા.

સ૦—પણ મોટા દરવાજામાથી લોકો આવયા તે તાંહાંથી જોવાને, ચાલીના વચમા નડવાથી, તમે અશકત હતા, ખરા કે ?

જ૦—હું વાર આગળ ઉભેલો હતો તેવામાજ તેઓ આવયા.

સ૦—તેઓ એક પછે એક આવયા અને પોતાનો લડાઈનો પોકાર "લગાઓ, તોર ડાલો" કરીને ઉઠાવયો ? જ૦—હા. હું એ ડુંગર ઉપર આગળ કદી ગયો નહી હતો. એ ડીવીજનમા હું એ કજ રાતનો આવેલો હતો. મેં પારસી પાએદસત જોઈછે. રસતા ઉપર. તેમા એક ઘેન અને મુદ્દું હોયછે.

સ૦—તેની કીરીઆમાં થોહોક વખત જાયછે, નહી વારૂં ?

જ૦—હા.

સ૦—અને રવાતને મુકવા પછે બંદગીમા કેટલોક વખત જાયછે તે તમે જાણોછો ? જ૦—નહી.

સ૦—તમે જાણતા નથી કે જે નાહની ઈમારતમા તમે ધસી ગયા તે એજ કારણસર બાંધેલીછે ? જ૦—હું નથી જાણતો.

સ૦—પણ તમે જાણતા હતેતો પછે એ ઈમારતમા તમે જતે ?

જ૦—હું તેની અંદર ગયોજ નથી.

સ૦—પણ વારૂં ! મી૦ બરાઉન તમોને હુકમ કરતે કે એક રોમન કાઠલીક દેવલમા જાઓ અને એક મુંવાં પાછળ બંદગી કરનાર ખેર્શી "માસ" ભણતો હોય તેવામા તેને પકડી લાવો, તો તમે તેમ કરશો કે ?

જ૦—હું હુકમથી ઉલટું કાંઈ નહી કરશ.

સ૦—તંબુમાથી ડફી તમારી સાથેજ બાહાર કાંએ નહી આવયો ?

જ૦—તે જરાવાર પછે આવયો.

સ૦—પણ તમારી સાથેજ કાંએ નહી આવયો ?

જ૦—તે હું જાણતો નથી.

સ૦—તમે કહોછો કે કંપાઉંડની અંદર બે પારસીઓ આવયા હતા, તેમનાં નામ શું ? જ૦—હું જાણતો નથી. તેઓના હાથમાં લાકડી નહી હતી. છતરી હતી કે નહીં તે હું કહી શકતો નથી. ચાલીને તોડી પાડવામા તેઓ મદદ આપતા હતા કે નહી તે હું કહી શકતો નથી. તેઓને એટલા માટે નહી પકડયા કે તેઓ હુલડમા શાંમેળ નહી હતા. આ જગા ઉપર આવવાના વાટ ઘણા છે.

સ૦—તમો જાણતા નથી કે તે દાહાડાનુ જે નામ હતું તેજ તે મહીનાનુબી નામ હતું અને તે દાહડો તે આખા મહીનામા સઉથી પવીતર હતો ? જ૦—હું તે દાહાડે તેમ જાણતો નહી હતો, પણ પાછળથી મને એ વીશે ખબર થઈ હતી.

સ૦—તાંહાં તમે જે લોકોને જોયાં, તેઓ તે વખતે બંદગી કરવા આવેળા નહી હતા, એવું કેહેવાને તમે માથે લેશો ?

જ૦—તેઓ શું કરવા તાંહાં આવયા તે હું જાણતો નથી.

સ૦—આવા એક મોટા અને બુજરગ તેહેવારને દીને પારસીઓ બંદગીમા મશગુલ હતા, તેવામા આ બખેડા વીશે સાંભળીને એ શું છે તે જોવા સારૂં તેઓ બાહેર આવયા હોય, એ બને એવું છે કે નહી ? જ૦—હાથમા લાકડીઓ રાખીને તેઓ બંદગી કરતા હોય અવું દીસતું નહી હતું. તેઓ બંદગી કરવા આવયા હોય એમ હું માનતો નથી, શબબ કે તેઓમાના ૫૦ ઈઆ. ૬૦ જણને લાકડીઓ સાથે કંપાઉંડમાં બેઠેળા મેં જોયા હતા.

સ૦—તેઓ કાંહાં બેઠેલા હતા?

જ૦—બાગ આગળની ઉંચાણ જગા ઉપર.

સ૦—હવે સંભાળીને વાત કરજો. તે લોકોને જોયા તારે તમે કાંહાં હતા? જ૦—હું બાહાર હતો.

સ૦—પણ દેવાલ ૧૦ ફીટ ઉંચી છે તે હું ધારૂં છઉં કે તમો જાણો છો? જ૦—હા.

સ૦—હવે તારે તમે તેમને શી રીતે જોયા. દેવાલની ઉપરથી જોયા કે દેવાલની અંદરથી? જ૦—નહી. તેઓ બેઠા તે જગા ઉંચી છે અને હું તેઓને બેઠેલા જોઈ શકતો હતો.

સ૦—પણ તે ઉંચી જગા જે છે તેતો બાગ છે, અને પોતાની બંદગી તેઓ બાગમા કરેછે, તે શું તમે નથી જાણતા?

જ૦—તેઓ પોતાના મુદડાંને તાંહાં દાટેછે એટલુંજ હું જાણું છઉં.

સ૦—નહી નહી. તેઓ પોતાના મુદડાંને દાટતાજ નથી. મી૦ મેકડરમાટ, પારસીઓના ધરમથી તમો ઘણા નાવાકેફ દીસોછો. હવે મને કહો કે તેમને બેઠેલા જોયા તારે તમે કાંહાં હતા?

જ૦—હું ચોપાટીની બોરડુએ એક ઉંચાણ જગા ઉપર હતો. તે વખતે નવ વાગેલા હતા. હુલડ શરૂ થવાની એક કલાક આગમચ મેં તેમ જોયા હતા. મેં તેઓને જોયા અને તેમની લાકડીને પણ જોઈ. કચરો બાળવાની જગા આગળથી બધું બરાબર દેખાતું હતું.

સ૦—એટલા તફાવતે તમોને લાકડીઓ કેમ દેખાઈ?

જ૦—મને દેખાઈ.

સ૦—સોગંદ ખાશો? જ૦—હા.

સ૦—તમે એ બે જગા વચેનો સીધો તફાવત જાણોછો? તે પાઆ માઈલનો છેજો? જ૦—હું કહી શકતો નથી.

સ૦—હવે આ પલાન જુઓ અને કંપાઉંડની અંદર પારસીઓ કેઈ જગા ઉપર હતા, તથા બાહાર તમે કાંહાં હતા, તે એ પલાન ઉપર બતાવો. (બંધવાઓ તરફનો એક પલાન શાખસીના હાથમાં મેળયો.)

મી૦ ફરગયુસન—આ પલાન શાખસીમા રજુ થયો નથી, ઈઆ હું તેની સચાઈ બાહાલ રાખતો નથી. માટે એ પલાન ઉપર સવાલ પુછવા સામે હું વાંધો લઉં છઉં.

જડજ—શાખસીને એટલું પુછી શકાય કે તેણે જે કાંઈ જોયું તે આ પલાનમાં બરાબર પાડેલુંછે કે નહી?

શાખસી—હું એ પલાન ઉપરથી કાંઈ સમજી શકતો નથી.

સ૦—તે દાહાડે તમે કાંઈ પારસી પાએદસત જોઈ હતી?

જ૦—નહી.

સ૦—કાંઈ સાંભળીતી? જ૦—નહી.

સ૦—પણ તાંહાં તે દીને પાએદસત આવેલી, તેથી તમે અણજા ના રહો એ શું અજાએબ જેવું નથી? જ૦—હું જાણતો નથી.

સ૦—પણ આ સવાલ જવાબની ચોપડી મુજબ તો તમારી શું ફરજ નથી કે દરવાજા ઉપર રાખેલા સીપાહી તરફથી દરરોજ પાએદસતની શંખ્યાનો રીપોરટ તમોએ લેવો? એવો રીપોરટ મેળવવાની શું તમારી ઇચ્આ તમારા વડાની ફરજ નથી?

જ૦—હું જાણતો નથી.

સ૦—તારૂે સાંભળો (સવાલ જવાબની ચોપડી વાંચેછે) તમારા જીળામા સહુવારના ૬ થો સાંજના ૬ વાગતા સુધીમા બનેલા સઘલા બનાવોનો રીપોરટ શું તમે કદી કરયો નથી? જ૦—એતો સુપરીનટેંડંટ કરેછે. હું હાલ સુપરીનટેનડંટની સાથે રેહતો નથી. તે સહવારે હું આ જગા ઉપર ગયો તારે કચરો બાલવાની જમીન ઉપર આતસનો ભલુકો નહી હતો. પણ તેજ વખતે મેં કચરાના ઢગલા જોયા હતા. તે કચરો પજરી પજરીને સલગી ઉઠે એવો હતો કે નહી તે હું જાણતો નથી. તે દીને મોઉનીસીપાલ કમીશનરના માણસો કચરો બાલવા સારૂં નહી આવયા હતા, એવું હું સપત લઈ કેહેતો નથી. તંબુના ફાડીને ચીડડાં કરવામા આવયાં હતાં. તેના પોલનું શું થયું તે હું જાણતો નથી.

સ૦—તમો જાણોછો કે મી૦ સટારલીંગે પુછેલા સવાલના જવાબમા તંબુના પોલ કોરટમા રજુ કરવાને ફરી ફરી માગણી કરવાથી ફરીઆદીની બોરદુએથી તે બાબે કબુલાત આપવામા આવીછે.

મી૦ ફરગયુસન—ફરીઆદી તરફથી કસી કબુલાત આપી નથી, ઇચ્આ તે રજુ કરવાને અમોને માગણી થઈ નથી.

જડજે આ ઠેકાણે કોરટ મુલતવી રાખવા ફરમાવયું તથા કહયું કે અગરજો કાંઈ ગોઠવણ થઈ શકેતો આ જગા હું જોવા ચાહું છઉં અને જો તેવો સરેસતો હોયતો જુરી પણ એ જગા જોઈ શકે.

મી૦ આનસટી—હું એક મુકદમો જાણું છઉં કે જેમાં "વેનીર ડી નોવો," (નવી તપાસ) નું હુકમનામું આપયું હતું, કેમકે એક ફોજદારી મુકદમા મધે જુરી એક ચોકસ જગા જોવાને ગઈ હતી અને તે જગા ફકત જોવાને બદલે આસપાસ ઉભેલા લોકોને તે બાબે જુરીએ સવાલો પુછયા હતા. તે રાંણી અને વેબ વચેનો મુકદમો છે, જે કાકસના ચાલુ પુસતકમા છાપેલોછે.

જુરીના ફોરમેને કહયું કે જુરી તે જગા જોવા ચાહેછે.

જડજ—એ સવાલ ઉપર વીચાર કરીને આવતી કાલે તેનો ચુકાદો આપવા કહયો.

એવી ગોઠવણ કરવામા આવી કે ફરીઆદીની તરફથી મી૦ પીલે તથા બચાવની બોરદુએથી અનજુમનના ટરસટી સાહેબોના સેકરેટરી એ આવતી કાલે સહવારના ૬II કલાકે ડુંગરવાડીની જગા ઉપર નામ દાર જડજને મળવું.

ચોથો દીવસ—ભરેસપતવાર, તા૦ ૧૦ મી જુલાઈ ૧૮૭૩.

વાંધાવાલી જગા જુરીને દેખાડવા બાબે.

કોરટ બેસતાંવાર મી૦ આનસટીએ કહયું કે તપાસનુ કાંમ આગળ ચલાવવા આગમચ આ વાંધાવાલી જગા જુરીને જોવા દેવાની મારી ગઈ કાલ સાંજની અરજના સંબંધમાં મારે એક ચીજ કેહેવા નીછે. મેં રાંણી અને વેબ વચેના મુકદમાની શાહદત ટાંકી હતી, પણ તે રાંણી તથા મારટીન અને વેબ વચેનો મુકદમો જાણવો, જે કરાઉન કેસોના લા. રીપોરટમા સફે ૩૭૮ મેમા છપાયલોછે. એ મુકદમો ગયાં શાળની તા૦ ૮ મી જુને ચુકેલોછે, માટે તે ઘણા તરતના વખતનો છે. તે મુકદમા મધે મીડલએસેક્સ પરગણાની તરણ માશીક શેશન કોરટના ડેપયુટી જડજે મુકદમાનુ તતવ જુરીને કહી સંભળાવા પછે એક જગા જોઈ આવવાની જુરીને રજા આપી. જુરીએ પોતે તે જગા જોવા માગી હતી. પછવાડેથી એ મુકદમો કોરટ આફ રીવયુમા ફરી તપાસને માટે આવયો. કોરટે પોતાનો ચુકાદો આપતી વેળા જણાવયું કે જોકે જડજે ચારજ આપયા પછે જુરી તે જગા જોઈ આવી, તોપણ તેમ કરવા દેવામાં ગેરસરેસતે કામ કાંઈ થયું નથી. આ શાહાદત હું એવું દેખાડવા માટે ટાંકી બતાઉં છઉં કે જગા જોવા દેવાનું કોરટની મરજી ઉપર છે, તથા કોરટની સતાની અંદર છે, અને વળી જુરીના માગવા ઉપરથી તે જગા જોવા જવાની ઘણુંકરીને રજા મળેછે. આ મુકદમા મધે ફોરમેને જગા જોવાની જુરીની ખાએશ જાહેર કરી છે અને તેમને એ બાબે રજા આપવાનું કોરટના હાથમા છે.

જડજે કહયું કે હાલ જેમ મને સલાહ મળીછે, તેમ હું જોઈ નહી શકતો કે આ જગા જોઈ આવવામાં જુરીને શું ફાયદો છે. મેં પોતે આજે સહવારના એ જગા જોઈછે, અને જાંહાંસુધી હાલ તરત સાખશીઓ પડીછે, તાંહાંસુધી મને દીસતું નથી કે જુરીએ એ જગા જોવાની જરૂર શું છે. શબબ કે એ જગાના જુદાં જુદાં ઠેકાણાંઓ કોઈએ દેખાડવા વગર જુરીએ સમજવા એ તદન માહાલ છે, અને જુરીને કેટળીક ખોલાસો તાંહાં કરવો પડે કે જે કોરટની બાહેર શાખસી લેવા દાખલ ગણાશે. જારે હું તાંહાં હતો તારે મારો આ

સપાસ જે કાંઈ કેહેવામા આવયું તે ઉપરથી હું ધારૂં છઉં કે તાંહાં ના જુદાં જુદાં ઠેકાણાઓ બાબે સમજમા ઘણો તફાવત પડેલોછે અને તે ઠેકાણાઓને સમજાવાની મુશકેલી હાલ તરત મટી જાય એવી નથી. અગર જો જરૂર પડશેતો, મુકદમો વધારે આગળ ચાલવા પછે મી૦ આનસટીએ ટાંકેલી શાહાદતની સતાથી જડજનો ચારજ આપવા પછે વટીક જુરીને જગા જોવાની રજા મળી શકશે, પણ હાલ જેમ સલાંહ મળીછે, તેમ એ અરજ બાહાલ રાખવાનું મારૂં મત નથી.

પોલીસ જમાદાર સામે ફરીઆદ.

એ પછે પેહેલેજ મી૦ આનસટીએ કોરટને કહયું કે બંધવાઓના નામની હાજરી માડવા પછે અને તેમને અદલ બદલ જગાઓ ઉપર બેસાડવા પછે પોલીસનો જમાદાર આ કોરટમાં આવયો અને બંધવાઓની અદલ બદલ જગાઓની નોધ કરી ગયો તે નજરો નજર જોવામા આવયું છે. પારસી પંચાએતના સેકરેટરીએ મને એ વીશે ખબર આપીછે. ખચીત, જો બંધવાઓની જગા અદલ બદલ કરવાથી કાંઈપણ ફાયદો થતો હોયતો ફરીઆદી તરફના સાહેદીઓની આવી ચાલથી તે સઘલા ફાયદા રદબાતલ જાયછે.

જડજ—પણ તે જમાદાર કોરટમાં હાલ નથી.

મી૦ આનસટી—નહી, પણ તે કોરટની અંદર આવયો, બંધવાઓની જગા નોધી લીધી અને પછે પાછો ગયો.

મી૦ ફરગયુસન—લાકડીઓનું જે બંડળ તેના સવાધીનમાં છે, તે માતર લઈને તે કોરટમા આવયો હતો અને બે મીનીટ પણ કોરટમા રહયો નહી હતો.

જડજ—તમે તેને ઉલટ પાલટ તપાસતી વેળા પુછી જોજો કે તેણે એમ કીધુંછે કે નહી, પણ હાલ હું એ હકીકત લઈ શકતો નથી.

એ પછે મી૦ માકડરમાટની ઉલટ પાલટ તપાસ મી૦ આનસટીએ પાછી ચાલુ કરી.

સ૦—મી૦ મેકડરમાટ હું તમને પેહેલાં એ પુછું છઉં કે પોલીસ કોરટમાં ફરીઆદી ચલાવાને પેહેલે દીવસે સરકારી વકીલ ("પબલીક પરાસીકયુટર") હાજર નહી હતો કેની? અને તે વખતે મી૦ બરાઉને મુકદમો ચળાવયો હતો કે? જ૦—મને યાદ નથી.

સ૦—તમોને યાદ નથી? પણ બીજે દાહાડે અને તારપછેના સઘલા દીવસો ઉપર, એવું જાહેર થયું હતું નહી વારૂં, કે પબલીક પરાસીકયુટરની ફરમાશથી મી૦ ફરગયુસન મુકદમો ચલાવશે?

જ૦—મેં મી૦ ફરગયુસનને જોયા, પણ કે દાહાડે તે હું કહી શકતો નથી.

સ૦—હવે, મી૦ મેકડરૂમાટ, તમે માજીસટરેટ આગળ તમારી મુખ્ય મુખ્જુબાંનીમાં આ પરમાણે બોળયા હતા કે નહી—"બંધવા ના૦ ૧ લા માણેકજી દોરાબજીને તે જમીન ઉપરજ કેદ પકડયો હતો. તે ઈમારતની અંદર ખુદ નહી હતો. મેં તેને દેખાડયો અને તેને પકડવામા આવયો." એ પરમાણે શું તમે શાખસી નથી આપી?

જ૦—હા, આપીતી.

સ૦—વળી તમે એમ પણ કહયું હતું કે "જે જગા ઉપર હુલડ થયું તે જગા ઉપર મેં તેને દેખાડી આપયો. હું, કમીશનર અને બરાઉન એક ઈમારતની અંદર ગયા અને હું ઓલખી શકું તેવા માણુસો મેં કમીશનરને દેખાડયા. મેં ના૦ ૧, ૩, ૬ અને ૭ વાળાઓને દેખાડયા." એમ તમે બોળયા હતા કે નહી?

જ૦—મેં એક ભુલ કીધી હતી.

સ૦—તમે એમ બોલયા હતા કે નહી?

જ૦—મારી સમજમાં ભુલ થઈ.

સ૦—તમે એમ બોલયા હતા કે નહી?

જ૦—હા, હું બોળયોતો.

સ૦—તારપછે માજીસટરેટના દેખતાં જારે મી૦ સટારલીંગે તમોને ઉલટ પાલટ પુછયા તારે તમે એક ભુલ સુધારવાની રજા માગી, તમે શું કહયું તે હું વાંચી સંભળાઉં છઉં. નહી, તમે જે કંઈ કહયું તે સઘલું આ પરમાણે હતું—"મેં પોતે બંધવા ના૦ ૧ ને પકડયો નહી હતો. કોણે પકડયો તે હું જાણતો નથી. મેંતો તેને કેદ થયલો જોયો. ૧ લા બંધવાને ઈમારતની અંદર મેં જોયો એવું હું જે બોલયો તેનો શબબ એકે મી૦ ફરગયુસનનો સવાલ હું સમજયો નહી હતો. હું ના૦ ૧ વાલાને બીજાઓની સાથે કમીશનર આગળ લઈ આવયો તારે તેઓ કેદ હતા." એ સઘલું તમે કહયું હતું?

જ૦—હા.

સ૦—હવે હું તમોને પુછું છઉં કે બંધવા ના૦ ૧ લાને કંપાઉંડની અંદર કમીશનર આગળ તમે દેખાડયો એવી જુબાની તમે પાછી આપવા માગોછો કે નહી? જ૦—કંપાઉંડની અંદરતો મેં તેને નહી દેખાડયો હતો. જે જગા ઉપર હુલડ થયું હતું, તાંહાં મેં તેને દેખાડયો હતો.

સ૦—તારે તમેં તેને કંપાંઉંડમા જોયો એમ કેહેવાનો તમારો અરથ શું?

જડજ—શાખસી એમ નહી કેહેતો કે કંપાંઉડની અંદર ઈમારતથી હેલાએદો તેને મેં જોયો હતો. તે કેહેછે કે તેને મેં ઈમારતની અંદર જોયો હતો.

મી૦ આનસટી—વારૂં, પણ જે ઈમારત વીશે તે કેહેછે તે કંપાઉંડની અંદર છે.

જડજ--તે પોતેજ પોતાના કેહેવાથી ઉલટી રીતે કેહેછે કે તેને મેં ઈમારતની અંદર દીઠો નહી હતો.

મી૦ આનસટી—પોતાની મુખીઅ મુખજુબાનીમાં તે કેહેછે કે તેને મેં ઈમારતની અંદર દેખાડી આપયો.

જડજ—પણ તારે તે પોતાનું કહેલું પાછું ખોટું પાડેછે.

મી૦ આનસટી—વારૂં તારે એમ સમજતાં, મી૦ માકડરમાટ, તમે પેહેલાં એક ભુલ કીધી, જે તમો કહોછો કે તમે સુધારી, તે ભુલને હવે તમારી બીજી સઘલી ભુલોમા ઉમેરો, અને પછે સઘલી ભુલો તરફ જોઇને શું તમે એવું કેહેવા માંગોછો કે તમારાં બાકીના કહેલાં વીશે તમે ખચીત છો? જ૦—૧૨ માના ૧૧ જણ વીશે મારી ખાતરી છે. કાંઈ પણ ગડબડ થવાની આગમચ માણકજી દોરાબજીને મેં તે જગા ઉપર દીઠો નહી હતો. તેને જારે મેં પેહેલો દીઠો તારેજ તે ૨૦૦ થી ૩૦૦ માણશના ટોળાંમા હતો.

સ૦—તારે તમારા જુબાની પતરમા તમે જે લખાવયુંછે તે ખોટુ છે?

જ૦—હા, તે ખરૂં નથી.

સ૦--આ તમારો જુબાંની પતર કે? (દેખાડેછે). જ૦—હા. પણ પોલીસ કોરટમા મેં જે ઉપર સહી કરી હતી, તે જુબાની એ નહી.

સ૦—એ ખરી છે કે ખોટી? જ૦—ખોટી છે.

સ૦—આ સહી તમારી છે? જ૦—સહી કરવા આગમચ મારી આગળ તે કદી પાછી વાંચવામા આવી નથી.

સ૦—પણ તમે જે કાલે જોઇ તેજ એ છે?

જ૦—મેં બે જુબાની ઉપર સહી કરી હતી, જેમાની એક મને કદી વાંચી સંભળાવી નહી હતી.

સ૦—તારે પેહેલી જુબાની ઉપર તમે કાંહાં સહી કીધી હતી?

જ૦—ગીરગામ પોલીસ કોરટમા.

સ૦—અને બીજી? જ૦—બીજી ઉપર પોલીસ કોરટમા કલારકની આફીસ મધે સહી કરી હતી.

સ૦—પણ માજીસટરેટની કોરટમા જે જુબાની ઉપર તમે સહી કીધી તે આજ કેની? જ૦—નહી.

સ૦—આ બીના વીશે મારે સઘલું જાણવું જોઇએ. તમે પેહેલી જુબાની ઉપર કારે સહી કીધી હતી?

જ૦—જારે મારી શાખશી લેવામા આવી તારે.

સ૦—અને બીજી ઉપર? જ૦--થોડાક દીવસ પછે કલારકની આફીસમા તે બીજી જુબાની ઉપર મેં સહી કીધી.

સ૦—જારે તમે સંહી કીધી તારે તે શા માટે કીધી તે કલારકે તમોને કહયું હતું ? જ૦—હું નથી જાણતો.

સ૦—તે જુબાંની પતર હમણા કાંહાંછે, તે જાણો છો ?

જ૦—હું ધારૂં છઉં કે તે ગોરગામ પોલીસ કોરટમા હશે.

સ૦—તારે તમારી પેહેલી જુબાની વાંચી જોવાની બંધવાઓના વકીલોને તક મળી નથી ? જ૦—હજી તે પોલીસ કોરટમા હશે.

જડજ—એ જુબાની કોણના હાથની લખેલીછે ?

શાખસી—તે કલારકના અખશરની છે અને, મારા લારંડ તે સઘલી ખોટી છે.

મી૦ આનસટી—સઘલી ખોટી શું છે ? જ—વળી શું ? મેં નાο ૧, ૨, ૩, અને ૪ વાળા બંધવાઓને લાકડી વગર દીઠા એવા સપત ડાકટર ડાલાસ આગળ લેવાની વાત સઘલી ખોટી છે.

સ૦—હવે તમે માજીસટરેટ અને તેના કલારક ઉપર એક ઘણો મોટો વાંક મેળોછો. તમે સોગંદ ખાઓછો કે આ જુબાની તમારી આગળ કદી વાંચવામા આવી નહી હતી ?

જ૦—તે મારી આગળ કદી વાંચાતી નહી અને તે ખોટી છે.

સ૦—પણ એ જુબાની પતરમા લખેછે કે એ જુબાંની જોસફ મેકડરમાટની મી૦ સી. પી. કુપરની હજુરમા સપત ઉપર લીધેલી, ફલાંના દાહાડા મહીના અને વરશની છે તથા મી૦ શી. પી. કુપર જસટીસ આફ ધી પીસની હજુરમાં સમજાવેલી તથા વાંચી દેખાડેલીછે, એવું તેમા લખેલુંછે તે દીઠું કે ? અને તોપણ તમો કહોછો કે એ જુબાંની ખોટી છે ? જ૦—હા.

મી૦ આંનસટી—ઘણું સારૂં. તમારી જુબાની વીશે હું હવે તમોને વધારે દબાણ કરવા માગતો નથી. તે સઘલી ખોટી છે એવા તમે સોગંદ લીધા પછે તમોને વધારે પુછવું ઘણું ગેરવાજબી થઇ પડે.

સ૦—તમે તે દીને સહવારના કોઇ સીખીઓને કેદ પકડેલા જોયા હતા ? જ૦—તેઓ કેદ પકડાયા પછે મેં તેમને જોયા, બરાબર વખત મને યાદ નથી, પણ સહવારનું પોહોર હતું. હું ધારૂં છઉં કે અમે તે જગા ઉપર જવા અગાઉની એ બીના છે. ૬૧, જણને પકડીને મી૦ બરાઉનના કંપાઉંડમા આણ્યા તે મેં જોયા હતા. કેટલાકોને અમે ડુંગર ઉપર જવા આગમચ અને ઘણાકોને અમે તાંહાંથી આવયા પછે મેં દીઠા હતા. તેઓને મજગામ લઇ ગયલા મેં જોયા હતા. તેઓ સઘલાને છોડી મેળયા હતા.

સ૦—તેઓને કાંઇ બેડી ઠોકેલી નહી હોય ? જ૦—નહી.

સ૦—તમે નહી જાણતા કે તેઓ સરવે કુવરજી પરાગજીના માણુશો હતાં ? જ૦—નહી. ને હું માનતોબી નથી.

સ૦—પણ આ ગડબડ સાથ તેમને કાંઈ લાગતું વલગતું હતું, એવું તમે ધારોછો ? જ૦—હા. હું ધારૂં છઉં.

સ૦—શા ઉપરથી ધારોછો ?

જ૦—કેમકે દોખમા ઉપર જતાં તેમને પકડયા હતા.

સ૦—તેઓ પારસીઓ સાથ મળી જાયછે એવું તમે વીચારયું હતું ? જ૦—હા.

સ૦—સીધી અને પારસીઓને તમે જાતે એકસંપી સમજોછો કે ?

જ૦—હા.

સ૦—પણ પારસીઓ અને સીધીઓનો ધરમ શું છે તે જાણોછો ?

જ૦—નહી.

સ૦—પારસી ધરમજ સીધીઓનો નહી હોય ?

જ૦—હું જાણતો નહી.

સ૦—પણ તે જગા ઉપર કેદમાથી કોઈ સીધીઓને છોડી મેળયા નહી હતા ? જ૦—નહી. હું ધારતો નથી. મેં કોઈ જોયા નથી.

સ૦—હુલડ પછે કોઈબી માણસોને છોડી મુકેલા તમે જોયા હતા ?

જ૦—હા. મેં બેને દીઠા હતા.

જડજ—તેઓ કોણ હતા—સીધી કે પરદેશી ?

જ૦—નહી. તેઓ ઈરાની પારસી હતા ?

સ૦—જે પારસીઓને તમે કેદ કરવા માગતા હતા, તેઓને પકડવામા તમોને પોતાને કાંઈ હરકત થઈ હતી ?

જ૦—કમીશનર આવયા પછે કાંઈ નહી.

સ૦—પણ કમીશનર આવવા આગમચ કોઈને તમે પકડવા માંડયાજ નહી હતા, નહી વારૂં ? જ૦—કોઈને નહી.

સ૦—વારૂં, કેદ પકડવાની કોશેશમા કોઈબી પોલીસના સીપાઈ ઇઆ કાનસટેબલની સામે થવામા આવેલું તમે જોયું હતું ?

જ૦—નહી.

સ૦—હું ધારૂં છઉં કે તમે જારે સહવારના ડુંગર ઉપર ગયા તારે તમારી સાથે થોડીક બેડીઓ લેતા ગયા હતા નહી વારૂં ?

જ૦—હા.

સ૦—બરાઉનના હુકમથી ? જ૦—હા.

સ૦—આજે તેમનો ખપ પડશે અથવા એવીજ મતલબનું કાંઈ તેણે કહયું હતું ? જ૦—તે બોલયો કે કદાચ એ બેડીઓ તેને જોઈશે.

સ૦—નવ વાગાની અગાઉ તે એમ બોલયો ? જ૦—હા.

સ૦—કોણને વાસતે એ બેડીઓ જોઈશે તે તેણે કહયું હતું વારૂં ? જ૦—નહી.

સ૦—તે એમ નહી બોલયો કે પારસીઓને બેડી ઠોકવાનીછે!

જ૦—નહી.

સ૦—કેટલી જોડી તમે લઈ ગયા હતા? જ૦—આઠ જોડી.

સ૦—તારે તે ૧૬ માણસોને માટે થઇ. તેમને એકેકને સાથે હાથમા બેડી મુકી હતી, નહી વારૂં? જ૦—હા, હું ધારૂં છેઉં.

સ૦—આઠજ જોડી કાંએ લઇ ગયા?

જ૦—મારી પાસે એટલીજ હતી.

સ૦—પછે જારે પોલીસની વધારે મદદ મંગાવામાં આવી તારે સાથે બીજી બેડીઓને પણ આંણી હતી? જ૦—હા, હું ધારૂં છઉં.

સ૦—બીજી કેટલી આણી? જ૦—હું કહી શકતો નથી.

સ૦—પણ ઘણી હસે? જ૦—હું કહી શકતો નથી.

સ૦—અને તેઓને પકડતાં જારે તમે જોયા, તારે તેઓના હાથમા બેડીઓ ઘાલી તે પણ તમે જોઈ નહી વારૂં?

જ૦—તેઓ બાહેર આવયા પછે.

સ૦—નહી. તેઓ કંપાઉંડની અંદર હતા તારની હું વાત કરૂં છઉં. તેઓને તેજ વેળા બેડી થોકી હતી કે નહી?

જ૦—બધાને નહી.

સ૦—તારે કેટલા જણને? જ૦—હું કહી શકતો નથી.

સ૦—અડધાને? જ૦--હું કહી શકતો નથી.

સ૦—સુમારે અડધા ભાગને? જ૦—હું કહી શકતો નથી. કેટલાકોને બેડી નહી થોકી હતી તે હું જાણું છઉં?

સ૦—કેટલા જણને? જ૦—માતર થોડાકોને.

સ૦—અને તાર પછે તે સઘલાઓને, જાંહાં ખારવીઓના જુહુ પડાં હતાં, તાંહાં ચલાવી લઇ ગયા? જ૦—હા.

સ૦—અને સઘળાઓને બેડી થોકી?

જ૦—હું કહી શકતો નથી.

સ૦—પણ તમારી આણેલી સઘલી બેડીઓ ખપી ગઇ હતીની?

જ૦—હા.

સ૦—અને બીજીઓનું શું થયું? જ૦—હું કહી શકતો નથી.

સ૦—વારૂ. હવે છુટી જવાને કોઇએ કોશેશ કીધી નહી?

જ૦—નહી. મેં કાંઇ તેવી કોશેશ જોઈ નહી.

સ૦—પણ જો માઠાં ભાયગે આ માણસોમાના કોઈ પણ સામાં થયા હતે અને તમારામાના કોઈને મારી નાખતે તો તેનું શું પરીનામ નીપજતે તે તમો જોણો છો? તમે સટ્રાફરડશાએરના પોલીસ કાનસટેબલના કેસ વીશે કંઈ સાંભળયું નહી હશે, કે જે મુકદમો નવ વરશ ઉપર ઉભો થયો હતો અને જેમાં એક માણસનો જીવ

ગયો હતો. તે આનાજ જેવો મુકદમો હતો, કાયદાથી ઉલટી રીતે કેદ પકડવાની સાંમે થવાથી તે મુકદમો ઉભો થયો હતો?

જ૦—મેં તે કદી સાંભળયો નથી.

સ૦—પણ જો પકડવાના કામની તેઓ સાંમે થતે તો તેઓને તાબે કરવાને બસ થાય એટલી પોલીસ હાજર હતી વારૂ?

જ૦—હા. તેટલા વખતમાં હાજર થઈ હતી.

સ૦—તમે કહયું છે કે જારે કચરો બાલવાની જગા ઉપર તમે ગયા તારે તમે, ઉંચાણ જગા ઉપર લાકડીઓ લઈને પારસીઓને બેઠેલા જેયા?

જ૦—મેં ભુલ કીધી છે. મને તો પીઠ પાછળથી દેખાયા હતા.

સ૦—શું? વળી ભુલ કીધી? વારૂ, તમો કહો છો કે તમે પીઠ પાછળથી જેયું અને કચરો બાલવાની જગાપરથી નહી જેયું. હવે હું જાણવા માગું છઉં કે દોખમાઓની પીઠ તે તમે શાને કહો છો? તે બાલવાનીજ જગા કેની? જ૦—નહી.

સ૦—મનેબી એજ જોઈએ છે. તમે ભુલ કીધી છે, જે ચોવીસ કલાકમા પાછી સુધારવી પડી છે. તમે કહો છો કે તમારા જનમમા પેહેલીજ વાર તમે વાલકેશવરને રસતે એ જગા ઉપર આવયા, અને પેહેલાં જે જગા ઉપર આવયા તે કચરો બાલવાની જગા હતી. હવે હું જાણવા માગું છઉં કે દોખમાની પીઠ તે કેઈ?

જ૦—કચરો બાલવાની જગા નહી.

સ૦—પણ તારે કેઈ? જ૦—તે કચરો બાલવાની જગા નહી. તે સાંમેની બાજુએ ખંબાલા તરફની જગા.

સ૦—પોલીસ કોરટમાં મી૦ બરાઉને જે ભુલ કીધી અને જે એજ પરમાંણે હીઆં સુધારી, તેજ ભુલ તમે કીધી અને સુધારીછે. તેણે પણ સોગંદ ખાધા કે કચરો બાલવાની જગા ઉપરથી તેણે જેયું હતું અને પછે રેવીવારને દીને તેણે જઈને જેયું કે તેની ભુલ થઈ, તારે દખણ ઉપરથી ઉતર દસા ઉપર સુખાન ફેરવયું. તમે તાંહાં આજે સહવારે જઈ આવયા કે શું? જ૦—નહી.

સ૦—તારે તમોને કોણે કહયું કે તમારી ભુલ થઈ?

જ૦—કોઈએ નહી.

સ૦—તારે તમે જાણયું કેમ—આદમીઓને પુછવાથી કે ખોદાઈ બસારતથી? જ૦—વીચાર કીધાથી.

સ૦—જારે આ માણસોને તમે જેયા તારે બરાઉન તમારી સાથે હતો વારૂ? જ૦—હા.

સ૦—તારે તેણે જે વખતે ઉપલું જેવાના સપત ખાધાછે તેજ વ

ખત વીશે તમે પણ કહોછો ? તે માણસોને તમે જોયા તે વેળા કેટલા વાગેલા હતા ? જ૦—આસરે ૯ કે ૯ાા.

સ૦—તેઓને જોયા તારે તમે દેવાલથી કેટલા દુર હોવા જોઇએ ?

જ૦—આસરે ૨૦ વાર.

સ૦—અને તે દેવાલની ઉપરથી તમે તેમને જોયા ?

જ૦—હા. ઉપરથી.

મી૦ બરાનસને ઊલટ પાલટ તપાસયો.

સ૦—તા૦ ૪ થી એપરેલની આગમચ કદી તમે ના૦ ૩ જાને જોયો હતો ? જ૦—હા.

સ૦—કાંહાં અને કારે ? જ૦—હુલડને દાહાડે.

સ૦—હું તેની આગમચની વાત કરૂં છઉં અને ચાહું છઉં કે મારા સવાલ ઉપર બરાબર ધેઆંન પોંહોંચાડો. તમે ના૦ ૩ જાને તા૦ ૪ થીનો આગમચ જોયો હતો ? જ૦—નહી. ના૦ ૭ માંને નહી. ના૦ ૧૦ માને નહી. ના૦ ૨૨ માને પણ નહી.

સ૦—ડોસાભાઇ માણેકજીના દીલમા પોશાક કેવો હતો તે તમે કહી શકશો ? જ૦—નહી. દારાશાહ પાલણજીનો પોશાક પણ કહી શકતો નથી. કોઈનો પણ પોશાક હું કહી શકતો નથી.

સ૦—ખશરૂ હોરમજને જમીન ઉપર પકડયો હતો, નહી વારૂં ?

જ૦—દોખમાના કંપાઉંડની અંદર.

સ૦—તેના હાથમા બેડી થોકી હતી ? જ૦—હું કહી શકતો નથી.

સ૦—તમે તેને એક ઈમારતની અંદર કેથે જોયો હતો ?

જ૦—મેં તેને જુપડાંમા જોયો હતો.

સ૦—હું કંપાઉંડની અંદરની વાત પુછું છઉં. તે પરજ ધેઆન રાખો. તમે તેને તાંહાં જોયો હતો ?

જ૦—મેં જારે જોયો તારે તે કંપાઉંડ આગળ હતો.

સ૦—પેલા નાહના મકાન આગળ ? જ૦—હા.

સ૦—પણ એતો તાંહાં બાગબાન છે, તે શું તમે નથી જાણતા ?

જ૦—નહી.

સ૦—પણ તમેં કંપાઉંડમા ગયા તે વખતે તે બાગમા માલીનું કામ નહી કરતો હતો એવા તમે સોગંદ ખાશો ?

જ૦—હું સોગંદ નહી ખાવશ.

સ૦—તે મકાનમા તેઓને તમે જોયા, તેમાના કોઈનાબી હાથમા લાકડીઓ હતી ? જ૦—નહી.

સ૦—હું ધારૂં છઉં કે તમે તથા બરાઉન તથા બાકીના તમો

સરવેના હાથમા લાકડીઓ હતી અને સવારો પાસે તેમની સમશેહેરો હતી ? જ૦—મી૦ બરાઉન અને મારી પાસે કાંઈ નહી હતું.

સ૦—હા, મી૦ બરાઉન-મારી ભુલ થઈછે. સવારો કેટલા હતા ?

જ૦—તરણ કે ચાર હતા. મી૦ સુટર લાકડી લાવયો નહી હતો.

સ૦—તમે કહોછો કે બરાઉન—મી૦ બરાઉન—કમીશનરને તાંહાંથી આવયો તારે સઘળાઓ નાહાસવા લાગા હતા. કેટલા જણ નાહાસી ગયા ? જ૦—હું ધારૂં છઉં કે આસરે ૨૦૦ નાહાઠા.

સ૦—તે પાછો આવયો તારે ચાલીને તોડી પાડવા કામે લાગેલા કેટલા જણ હતા ? જ૦—આસરે ૬૦ થી ૭૦ હતા. હું સપત લેવશ કે તે ૨૫ થી વધારે હતા. તે ૬૦ મા કોઈ હીંદુ હતા કે નહી તે હું કહી શકતો નથી. જુદી જુદી કોમોથી તે વખતે હું અણજાનો હતો.

સ૦—લોકોએ પેહેલાં ચાલીને તોડી પાડવા પછે ૨૦૦ જણ કેટટલા વખતમા નાહાસી ગયા ? જ૦—૫ થી ૧૦ મીનીટની વચે.

સ૦—બંધવા ના૦ ૩ જાને તમે કેટલોવાર તપાસયા કીધો ?

જ૦—ડોસાભાઇ માણકજી તરફ એકુ મીનીટવેર જોયા કીધું.

સ૦—તેને એક મીનીટ સુધી જોવા પછે તમે કેહેવાને માથે લેઓછો કે નહી કે મી૦ બરાઉન પાછો આવયો તારે એ ધણી તાંહાંજ હતો ? જ૦—હું કહી શકતો નથી.

સ૦—આદરજી ફરામજીને કેટલો વખત જોયા કીધો ?

જ૦—એક મીનીટ.

સ૦—અને તેને આગળ કદી તમે જોયલો નથી ? જ૦—નહી.

સ૦—અને મી૦ બરાઉન પાછો આવયો તારે આ બંધવો તાંહાંજ હતો તે તમે કહી શકશો ? જ૦—હું કહી શકતો નથી.

જડજ—મી૦ બરાનસન, હું ધારૂં છઉં કે મી૦ બરાઉન એવો માણશ છે કે જેને મી૦ કેહેવાનો હક છે.

મી૦ બરાનસન—બરાબર છે, મારા લારડ હું તે કબુલ કરી ચુકયો છઉં.

સ૦—તમે જાણોછો કે ના૦ ૩ જાની હાજરી વીશે એકલા તમેંજ સાહેદછો ? જ૦—નહી. હું નથી જાણતો. દારાશાહ પાલણજી અને ખશરૂ હોરમજજનેબી મેં તેટલોજ વખત જોયા હતા. હું તેમની આગળ નહી બોલયો. તેઓ મારી આગળ નહી બોલયા. મી૦ બરાઉન પાછો આવયો તારે તેઓ તાંહાં હતા કે નહી તે હું કહી શકતો નથી. પેલો શખસ સીદાનશાહ પડી ગયો અને તેનો હોઠ કપાયો એવું સાંભળેલું મેં માજીસતરેટ આગળ કહયું નથી.

સ૦—પણ આ કાગજ (દેખાડેછે) પરમાણે તમે કહયું હતું ?

જડજ—એ શું એની જુબાંની છે ?

મી૦ બરાનસન—નહી મારા લારડ. શાખસીની જુબાનીનો વ રતમાન પતરોનો હેવાલ હું દેખાડું છઉં.

જડજ—તમારે એમ કેહેવું જોઈતું હતું. હું સમજયો કે તમે શાખસીની જુબાની પતર દેખાડોછો.

મી૦ બરાનસન—જુબાની પતર વીશેતો તેણે કહયુંછે કે તે સઘલું ખોટું છે અને તેથી તેમાંથી એને પુછવું બેજા વીચારૂં છઉં.

શાખશી—માજીસટરેટ આાગળ મેં સદાનશાહને ઓળખાવયો નહી હતો: તેને ઓળખાવા સારૂં મને પુછયું નહી હતું. માજીસટરેટ આાગળ મેં કહયું હતું કે મેં ખરાબી માતર જે જોઈ તે ચાલી અને તેને લાગતું વલગતું બાંજી નાખવામાંજ હતી. એ ખરૂં છે. પછવાડેની જે ઉતર બાજુ મેં આજે ફેરવીને કહીછે, તાંહાં કંપાઉંડની દેવાલમાં એક નાહનું બારણું મેં જોયુંછે. તેમાં જવાનો વાટ છે કે નહી તે હું જાણતો નથી. હું તે બારણાથી, મુંબઈ શેહેરની બોરકુએ, ૫૦ કે ૬૦ વાર દુર હતો.

મી૦ ફરગયુસને પાછો તપાસયો.

સ૦—હવે, તમોને એક માફી વીશે પુછયુંછે, તેને લગતી સઘલી બીના કહી જાઓ.

જ૦—મી૦ ઘેટલી મારી પાસે આવી કેહેવા લાગો કે એક પારસીના નામની ખબર કાહાડવાનો માજીસટરેટે હુકમ કરયોછે. મારે મી૦ ઘેટલીના કંપાઉંડમાં જવું પડયું, અને આ શખસ તેની અંદર રેહતો હતો. તે પારસીના ઘરના દરવાજા તરફ હું ગયો, પણ તે મારી વચ્ચે પડયો અને મને દરવાજા આાગળ જવા દીધો નહી. તેણે મારા ઉપર હાથ નાખયા અને મારૂં ડીંગોલું છીણવી લેવાની તજવીજ કીધી. એ પછે મેં તેને કેદ કીધો અને મી૦ બરાઉન આવે તાંહાં તક મેં તેને ખોટી રાખયો. તે મી૦ બરાઉન પાસેથી પોતે છુટી જવા માંગતો હતો, પણ મી૦ બરાઉને તેને છોડયો નહી. બીજી સહવારે તેને ડેપયુટી કમીશનર આાગળ લઈ જવામાં આવયો. તે પછે તેણે મી૦ ઘેટલીપર સમન કીધો. મી૦ ટરનરે મને માફી માગવાની અરજ કીધી અને મેં તેમ કીધું. એ બાબે માજીસટરેટ આાગળ મને મુદલ સમન કરયો નહી હતો.

સ૦—હવે પોલીસને વારેઘડીએ આણીગમ પેલીગમ જવાનો સરેસતો છે કે નહી? જ૦—હા.

સ૦—તમે કાલે કહયું કે તમે એક કાનસટેબલની સાથે ટીફીન લેવા ગયા. તેમ તમે કાએ કીધું? જ૦—હું તે કાનસટેબલના સવાધીનમા હતો. તેને આ મુકદમા સાથ કાંઈ લાગતું વલગતું નથી.

વાસતે મારે, સાથે જવાને તે બરાબર માણસ હતો. બંધવાઓ જે પોશાકમા આગળ હતા, તેજ પોશાકમા તેઓ હાલ નથી. દેખમાના મોટા દરવાજામાથી એકેકની હારમા આવેલા લોકો જે વાટે આવયા તે વાટ અને ચાલીની વચે આસરે ૧૦૦ વારનો તફાવત છે. તેઓ આવયા તારે હું બાંબુની ભીત ભરેલા નાહાના બારણા આગળ ઉભેલો હતો. તેઓ તે જગા ઉપર આવયા પછેજ હું તેમને જોઈ શકતો હતો. તેમને આવતાજ જોવાને હું શકતીવાન નહી હતો. જારે તેઓએ તાંહાં આવીને મોટી ચીસ પાડી ધસારો કીધો તારે એકેકની હારમા નહી કીધો, પણ ફેલાઈ ગયા અને એકઠા જઠામા થઈ ગયા. પોલીસમા શામેલ થવા અગાઉ હીંદુસતાનમા મને આસરે બે વરશ થયાંછે. મુંબઈમાં હું આગળ કદી આવયો નહી હતો. હીઆંની જુદી જુદી કોમો સંબંધી કાંઈ પણ ગ્નાન મેળવવાની મને તક મળી નથી. શેશન કોરટમાં જાય એવા એક પણ મુકદમા મધે આગળ મેં કદી શાખસી આપી નથી. આ બીજા જુબાંની પતર વીશે હું એવું ધારૂં છઉં કે તે આ કોરટને માટે લખવામાં આવયોછે. તેની પેહેલા ઉપરથી નકલ કરેલીછે. જે મુકદમા મધે વકીલ બારીસટર લેવાના હોય તેમાં જુબાની પતરોની નકલ કરાવાનો સરેસતો હું જાણતો નથી. મેં જુબાંનીમાં એમ કહયુંછે કે "ના૦ ૧ લા બંધવાને જોવા વીશે હું બોલયો તે મી૦ ફરગયુસનનો સવાલ નહી સમજવાથી બોલયો, કેમકે તે કેદીને મેં તે જગા ઉપર જોયો નહી હતો" એ ખરૂં છે. "હુલડને વખતે મેં પેહેલાં જોયો તારે બંધવો એકલો નહી હતો" એ રીતે મેં જે કાંઈ જુબાની પતરમા લખાવયુંછે તેમાં માતર કલાકનીજ ભુલ છે, બાકીનું સઘલું ખરૂં છે. જારે મેં કહયું કે મારો જુબાની પતર ખોટો છે તારે આ બે બાબતો ઉપર મારૂં ધેઆંન પોંહોંચાડયું નહી હતું. હું જે બેડી લઈ ગયો હતો તેમને મેં ડફીના તંબુમાં મેળી હતી. તેમને મેં તારપછે ફરીથી જોઈ નથી અથવા તે પાછી મારે હાથ આવી નથી. મી૦ સુટર તાંહાં ઘોડા ઉપર આવયો હતો. તેના હાથમાં આ નાહની નેતર સીવાએ બીજું કાંઈ નહી હતું.

સ૦—કેટલાક હુલડખોરો મી૦ બરાઉનના આવી પુગવા અગાઉ નાહાસી ગયા હતા અને તમે કહોછો કે તેઓમાના એક જણના હુકમથી તેઓ સઘલા નાહાસી ગયા હતા. તે હુકમ આપનારને તમે ઓલખાવી શકસો ?

મી૦ આનસટી—શાખસી એવું કાંઈ બોલયો નથી માટે એ સવાલ ઉપર હું વાંધો લઉં છઉં.

મી૦ ફરગયુસન—ઉલટ પાલટ તપાસમા શાખસી મી૦ બરાનસનને એમ કેહેવા જતો હતો, પણ તેને અટકાવયો હતો.

આ બીના ઉપર સઘલા બંધવાઓના બારીસટરોએ વાંધો ઉઠાવ યો, તોપણ મી૦ ફરગયુસનની અરજ ઉપરથી જડજે એ સવાલ પુછયો અને શાખસીએ તે હુકમ આપનારને ઓળખાવા ના પાડયું.

સ૦—મી૦ બરાઉનના આવવા આગમચ નાહાસી ગયલા બંધ વાઓની શંખયા હું ધારૂં છઉં કે તમે અટકલે આપોછે? જ૦—હા.

એ પછે આ શાખસીની તપાસ પુરી થઈ.

મી૦ ડફીની શાખસી.

હવે પછેનો શાખસો મી૦ જાન ડફી હતો; જેને

મી૦ ફરગયુસને તપાસયો.

હું શાહ મીસતરી અને કડીયા-સલાટકામનો ઈનસપેકટર છ ઉં. છેલાં ૧૫ વરશ થયાં હું એ ધંધો કરૂં છઉં. ગયા મારચ મહીનામા કુંવરજી પરાગજીએ બાંધવા ધારેલાં કાંઈ બાંધકાંમ ઉપર ઉ પરીપણું ચલાવા સારૂં મને નોકરીએ રાખયો હતો. દોખમાઓની દખણે આવેલી એક જમીનના કકડા ઉપર તે બાંધકાંમ થનાર હતું. તા૦ ૨૯ મી મારચને દીને હું તાંહાં ગયો હતો. ૧૮૬૫ અને ૧૮૬૬ માં પણ હું તાંહાં ગયો હતો. ઉપલી તારીખે મારી સાથ એક હીંદુ સરવેઅર અને એક પારસી હતા. તાંહાં મી૦ આરઠર પીલ તથા મી૦ બરાઉન અને તેનો એક આસીસટંટ મને મળયા. કુંવરજી પરાગજી અને જેકબ જમાલ પણ તાંહાં હતા. તે દાહાડે જગા ઉપર મેં ખુંટી મારી હતી. એક પલાન મુજબ એક ચાલી બાં ધવાનું તેજ દીને મેં શરૂ કીધું. તે ચાલી લાકડાંની અને ચોડેલા વાંસની હતી. મી૦ બરાઉન અને તેનો આસીસટંટ એ જગા ઉપર આસરે તરણ ચાર કલાક સુધી રહયા હતા. તે દાહાડે સાંજે હું મારે ઘર પાછો આવયો.

જડજને—હું તે વખતે પરેલ રેહતો હતો.

હું આવયો તે વેળા થોડી પોલીસ તાંહાં રહેલી હતી. તા૦ ૨૯ મી ઈઆ ૩૦ મીને દીને ચાલી બંધાઈ રહી. વરસાદ નહી પડેતો તે રેહેવા લાએક હતી. તા૦ ૩૦ મી મારચ ઈઆ તા૦ ૧ લી એપરેલને દીને મેં તાંહાં તંબુ મારયો. એક મોટો ડબલ પોલનો તંબુ અને એક નાહાનો મારયો. મોટો તંબુ મારે પોતે રેહવા કાજે હતો, તેમા એક કોચ, થોડીક ખુરશીઓ અને એક મોહ ધોવાનું સટાંડ હતું. હુલડને દાહાડે તેમાં ખાવા પીવાના વાસણ પણ હતા, તંબુ અને ચાલી ઉભી કરતી વેળા તાંહાં તીસ માણસો રાખેલાં હતાં. તેઓમાં ૧૦ પરદેશી અને ૨૦ પઠાણ હતા. ૧૦ પરદેશીઓ ચોકી કરતા હતા. પઠાંણો

ફતરા એકઠા કરવાના કાંમ ઉપર હતા. તા૦ ૩૦ મીથી હું તંબુમાં રેહેવા ગયો હતો. ડુંગરને મથાલે એક પોલીસનો સીપાઈ રહેલો હતો. પલાન ઉપર નીશાણ કરેલા જાહેર મારગ ("પાસેજ") ઉપર તેનું ઠેકાંણું હતું.

જડજને—તે બરોબર મારી ઉપર ડુંગરની કીનારીએ હતો.

હું આ જગા ઉપર ગયો તેની આગમચ તાંહાં તરણ નાહના ઝુપડાં હતાં. તા૦ ૪ થીની સહવારના એક ચાલી, તંબુ અને તરણ ખારવી લોકના ઝુપડાં હતાં. એ સહવારે બરાઉન અને તેનો આસીસટંટ ડુંગર૦ઉપર આવયા તે મેં જોયા હતા.. આસરે ૯ાા કલાકે મી૦ મેકડરમાટ તંબુમા આવયો હતો. હું તે વખત નાસતો લેતો હતો. ૨૦ માણસો તે વેળા ફતરા એકઠા કરવાના કામ ઉપર હતાં. ૧૦ પંરદેશી કાંહાં હતા, તે હું જાણુતો નથી, પણ તેઓ આખી રાત જાગતા હતા, માટે આ વેળા હુગાયલા હશે. મને યાદ છે કે એક માણસ મી૦ માકડરમાટ પાસે આવયો અને તેના ઉપરથી તે તંબુની બાહેર ગયો. હું તે વેળા નાશ્તોાજ ખાતો હતો. હું તેજ વખતે એટલા વાસતે બાહેર નહી ગયો કે પોલીસ હાજર હતી, માટે મારે જવાની મેં જરૂર વીચારી નહી. મી૦ માકડરમાટના જવા પછે બીજો માણસ મારી પાસે આવી મને કાંઈ કેહેવા લાગો. તારે હું બાહાર ગયો. બાહાર જવાથી મેં જોયું તો ૨૦૦ કે ૩૦૦ પારસીઓ ડુંગર ઉપરથી ધસી આવતા હતા. તેઓ ઉગમણુ બાજુએથી આવતા હતા. (નકસામા દેખાડેછે). આ ઠેકાણેથી દોખમાના કંપાઉંડનો મુખીઅ દરવાજો કાંહાં છે તે હું જાણું છઉં. તેઓ તેમાંથી આવયા હતી કે નહી તે હું કહી શકતો નથી, પણ તે મોટા દરવાજાની તરફથી તેઓ આવતા હતા. તેઓના હાથમા લાકડીઓ હતી. બામબુ અને બીજી જાતની લાકડીઓ હતી. તેઓએ આવતાંવાર તંબુ કાપી નાખવા માડયો. છુરીઓ વરે કાપતા હતા. કોહાડી અને પહરાઈ વરે તેઓએ ચાલીને ભાંજી નાખી. તેની આગમચ મેં કંપાઉંડની દેવાલના નાહના દરવાજા આગળ બાંબુનો પદડો કરી લીધો હતો. હું બાહેર આવયો ત્યારે એ પદડો થોડો ભાંજી નાખેલો હતો. તેને તોડી નાખતાં મેં લોકોને જોયા. તેને તોડી નાખવા પછે તેજ લોકો ડુંગર તરફથી ધસી આવેલાં ટોળાં સાથ ચાલી અને તંબુની વચેની જગામા મળી ગયા. તે બાંબુનો પદડો તોડી નાખનારાઓમાના કોઈને હું ઓળખી શકતો નથી. તંબુ તોડી પાડવામા આવયો તે વેળા હું આસરે ૨૦ કદમ દુર હતો. લાકડીઓ આના જેવી હતી (બંડળમાની લાકડીઓ દેખાડેછે). નાહના બારણામાથી આવેલાં માણસોના હાથમા ચુનો કુટવાના વાંસા હતા. આના જેવા (હાજર કરવાથી

દેખાડેછે). એવા કોઇ બીજા ચુનો કુટવાના વાંસાને હું ઓળખાવી શકતો નથી. હું કહું છઉં કે તેઓ બુમ મારતા તે જગા ઉપર ધસી આવયા. મારા ૨૦ બેગારીઓનું શું થયું તે હું જાણતો નથી. મેં તેમને તારપછે જોયા નહી.

જડજને—તે સહવારે ૬ વાગતે મેં તેમને જોયા હતાં અને તેમને કાંમ ઉપર બેસાડયા હતા.

તે સહવારના ગડબડ શરૂ થવાની આગમચ ઈઆ પછે મેં પરદેશીઓને દીઠા નહી હતા. હું આ લોકોની સાંમે થયો નહી. મારા ફરનીચરને તેઓએ સઘલું બાંજી નાખ્યું. તંબુમાં મારાં કપડાં હતાં. તેમનું શું થયું તે હું જાણતો નથી. મારે હાથ લાગું, તે માતર એક દગલો હતો, કે જે મેં એક પારસીના હાથમાંથી લઇ લીધો. તે એક કોહાડીવરે તે દગલાને તરતજ ફાડીને ફાડયાં કરવા જતો હતો.

જડજ—એટલે શી રીતે ?

શાખસી—તે કોહાડીને તેમાં મારતો હોય તેમ ધરેલી હતી, જેવામાં મેં તેનાં હાથમાથી દગલો લઈ લીધો. તે પારસીને હું ઓળખતો નથી. મીઉનીસીપાલ કચરો બાલવાની જગા હું જાણું છઉં. તાંહાં તંબુનું કંતાંન અને પોલ બાલવા માટે લઈ જતા મેં જોયા હતા. હું જાણું છઉં કે તારપછે તંબુનો કેટલોક ભાગ પાછો હાથ લાગોછે તે આ જમીન ઉપર છે. તે તંબુના મથાલાંનો ભાગ અને પોલનો એક ભાગ છે. ચાલીનેતો ડુંગરની હેડલ નાખી દેવામાં આવી. આ બાજુએ (નકસામાં ડુંગરની કીનારી ઉપરનો જાહેર મારગ દેખાડેછે.) ચાલીની કીમત આસરે ૬૦૦ રૂપીઆ હતી. તંબુ ૩૦૦ અને ૪૦૦ રૂપીઆની વચેની કીમતનો હતો. કપડાં અને સામાણની કીમત હું ૮૦ થી ૧૦૦ રૂપીઆની ગણું છઉં. આ બંધવાઓમાના કેટલાકોને ચાલી અને તંબુ તોડી પાડનાર તરીકે હું ઓળખી શકું છઉં. (શાખસી હીઆં સાખશીના પીંજરાંમાંથી ઉતરયો અને બંધવાઓના પીંજરાં આગળ ગયો.) હું આ છ જણને ઓળખું છઉં. (છ પારસી અને બે હીંદુઓ) તેઓના નંબરો ૨૫, ૨૪, ૩૫, ૩૮, ૧, ૨, ૫૦, અને ૪૮ છે. ના૦ ૧ લાને મેં કાંઈ કામ કરતાં નહી જોયો. પણ ચાલી તોડી પાડવા અને જગાની ઉપરથી તેને કાઢી નાખવા લોકોને કેહેતાં મેં તેને જોયો હતો. ના૦ ૨ જાને મેં કાંઇ કરતાં નહી જોયો, પણ તેને ભીડમા મેં જોયો. તે ઉસકેરાયલો દીસતો નહી હતો. તે ભીડમા ચાલહાલ કરતો હતો. તેને કોઇ ચીજ પર હાથ લગાડતાં મેં જોયો નહી હતો. તંબુ તોડી પાડતી વેળા તે તંબુની છેક પડોશમા હતો. ના૦ ૨૪ વાળો બંધવો ચાલી તોડી પાડવામા ઘણો મશગુલ હતો. ના૦

૨૫ ને મેં કાંઈ કરતાં જોયો નહી, તે માતર ભીડમા ભેલાયલો હતો. મેં તેને આગળ જોયલો હતો, પણ તેનું નામ હું જાંણતો નહી હતો.

સ૦—ના૦ ૩૧ મો શું કરતો હતો? જ૦—તેને મેં તે જગા ઉપર બીજાઓની સાથે જોયો હતો. જેઓ તંબુને કાપી નાખતા હતા તેઓની સાથે તંબુની પાસેજ તે જમીન ઉપર હતો. તેણે મને કહયું કે "જોયું, મને ગઇ કાલે આ જગા ઉપરથી કાહાડી મેળવાનો તમોને બદલો કેવો મળયો." તે તંબુની પાસેજ હતો. મેં મારી ચીજો બચાવાની કોશેશ કાંધી. તેઓએ મને તંબુની અંદર જવા નહી દીધો. મને આંચકો મારીને બાહાર કાહાડી મેળયો. ના૦ ૩૧ ને મેં એક દાહાડો આગળ જોયો હતો. કુંવરજી પરાગજી અને જેકબ જમાલ કાંહાં છે, તે બાબે તે તલાશ કરવા આવયો હતો. મેં તેને તાંહાંથી કાહાડી મેળયો, કેમકે તે જાણતો હતો કે તલાશ કરવાનું તે ઠેકાંણું નહી હતું. ના૦ ૩૮ ને મેં તંબુ કાપી નાખતાં જોયો હતો. એક છુરી વરે. ના૦ ૪૮ ને મેં તંબુ અને ચાલી બંને તોડી પાડતાં જોયો હતો. એ કીએ રસતે આવયો તે મેં જોયું નહી. તે કામાટી ગ્નાતનો લાગેછે. ના૦ ૫૦ મો પણ ચાલ્લી તોડી પાડવામા કામે લાગેલો હતો. હું ધારૂં છઉં કે એબી કામાટી ગ્નાતનો છે.

જડજ—તંબુ અને ચાલીને ખુદ્દ તોડી પાડવાના કામમા વલગેલા તમે કેટલા જણને જોયા? જ૦—ચાર કે પાંચથી વધારે નહી. પણ તે જગા ઉપર શંખ્યા ઘણી વધારે હતી.

સ૦—બીજાઓ શું કરતા હતા?

જ૦—તેઓમાના ઘણાખરાતો ઉભા રહીને જોયા કરતા હતા.

તંબુ અને ચાલી તોડી પાડવા પછે હું જતો રહયો. હું ગયો તારે મી૦ બરાઉન તાંહાંજ ભીડમા ઉભેલો હતો. હું ગયો તાંહાંસુધી પોલીસે તે ભીડની સરોબર થવાની કોશેશ કીધેલી નહી હતી. મારા તંબુમા થોડીક બેડીઓ આંણેલી મને યાદ છે. તેમનું શું થયું તે હું જાણતો નથી. તે બેડીઓ મી૦ માકડરમાટ લાવયો હતો. તે કેટલી હતી તે હું જાણતો નથી. તા૦ ૪ થી એપરેલની આગમચ એ જગા ઉપર શુરંગ મુકેલી નહી હતી. તા૦ ૩ જીને દીને બટાકી વગાડી તે વેળા હું હાજર હતો. તાંહાંથી પાછા ફરતી વેળા માણુકજી દોરાબજી (ના૦ ૧ લો) અમોને મળયો હતો. તે મારી આગળ નહી બોલયો. મી૦ બરાઉનને તેણે કાંઈ કહયું, પણ તે મેં સાંભળયું નહી. તા૦ ૪ થી એપરેલની આગમચ એ જગા ઉપર ચુના સલાટનું કાંઈ કામ ચાલયું નહી હતું. અમે કાંઇ ખરચી ચુનો બનાવતા નહી હતા. દોખમાંના કંપાઉંડની અંદર તે વેળા કડીઆનું કામ

ચાલતું હતું તે હું જાણું છઉં. તાંહાંથી મારા નીકલી જવાની આ ગંમચ મી૦ સુટર આવયો નહી હતો.

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

સ૦—ચુનો કુટવાના વાંસા તમે દીઠા તે નવા છે કે જુના તે તમે જોયું હતું? જ૦—નહી.

સ૦—તમે કહોછો કે તે આના જેવા હતા? (દેખાડેછે) જ૦—હા.

સ૦—તમારા શેઠો તે જગા ઉપર બાંધકામની તઈઆરીમા હતા? જ૦—હા.

સ૦—અને તેઓ ઘણું મોટું બાંધકામ કરવાના હતા? જ૦—હા. તેઓ બંગલા બાંધવાના હતા.

સ૦—પણ તમે જાણોછો મી૦ ડફી કે ચુના, ઈઆ ફતર ઈઆ એવીજ કોઈ જીણસો વગર બંગલા બંધાતા નથી? જ૦—હા.

સ૦—અને તમારા લોકોએ ચુનો કુટવાના ઘણાક વાંસા એકઠા કરી રાખયા હશે? જ૦—હા. પણ તેઓ મોટું બાંધકાંમ કરવાના હતા, તેથી તેઓ ઘણું કરીને ચુનાનો ગારો કરતે.

સ૦—અને તેમજ પારસીની પંચાએત કંપાંઉડની અંદર બાંધ કાંમ ચલાવેછે, તેઓ ઉપર પણ તમે એજ વાત લાગુ પાડશો કે તેઓ એબી ગારો કીધો હશે? જ૦—હા, કોઈબી એમ કરે.

સ૦—પણ તમારા વાલાઓ ચુનાનો ગારો કરવાના હતા એવું કાંઈ તમે જાણતા નથી? જ૦—નહી. પણ તેઓને ઈઆતો તેમ કરવું પડતે અથવા બજારમાં આઈતો કુટેલો ચુનો તેમને લેવા જવો પડતે.

સ૦—પણ તેઓ બજારમાં આઈતો કુટેલો ચુનો લેવા જાય અથવા ચુનાનો ગારો બનાવે તેની આગમચ તેઓને ચુનો કુટવાના વાંસાનો ખપ પડવો જોઈએ? જ૦—હા.

સ૦—હવે એ ચુનો કુટવાના વાંસા તમારા પોતાના માણસો આ જગા ઉપર નહી લાવયા હતા? જ૦—નહી.

સ૦—વારૂ; આપણે જોઈશું. હવે તમારા તંબુ આગળની ખભરાયલી જમીન ચુનો કુટવાના વાંસાથી સપાટ કીધી હતી એવું તમે નથી બોલયા? જ૦—નહી. મેં કહયું હતું કે તે જમીન મોગરી (થાપી) થી સપાટ કીધી હતી; ચુનો કુટવાના વાંસાથી નહી. એ વીશે હું સોગંદ ખાઉં છઉં.

સ૦—વારૂં હવે જરા તમારા તંબુ ઉપર આવીએ. તે જુનો તંબુ હતો, નહી વારૂ?

જ૦—હા. તેના ડબલમોલ હતા. તે ઘણા મોટા નહી હતા. આટલી જડાઈના હતા (શાખસીના પીંજરાના કટેરા દેખાડેછે).

સ૦—તે બાંબુના બનાવેલા હતા વારૂં ?

જ૦—નહી. લાકડાંનાં હતા.

સ૦—તમે હજી તે તંબુમાં રહોછોની ?

જ૦—હા. તેના ટુકડાઓમાં રહું છઉં.

સ૦—ટુકડાઓ એટલે શું ? શું કાંઈ નાહના નાહના બુકલા કર યાછે ? જ૦—મારી મતલબ કે તંબુના તાનવાલા ભાગમાં રહું છઉં.

સ૦—મી૦ ડફી એ "તાન" બોલ ના વાપરતા. હું એવું કાંઇ સમજતો નથી. મારે મનસે તાન એક કલપના છે.

જ૦—વારૂં તારે મથાલાંનો કકડો કેહેવશ.

સ૦—હવે કહો મી૦ ડફી કે તંબુનો-નીચલો ભાગ કેટલો નાશ પામયો ? જ૦—તંબુ બેવડો હતો અને તેના બાહેરના પડનો તદન નાશ થયો.

સ૦—તારે તંબુતો હજી રહેલોછે ? જ૦—નહી.

સ૦—હું ધારૂં છઉં કે "ઈનજંકશન" ના હુકમનામાએ એ અંત આણયો, કેમ વારૂં ? જ૦—હું નથી ધારતો કે તેથી અંત તંબુનો આવયો. મને હવે તાંહાં રેહવાનું એક ઘર મળયુંછે.

સ૦—પણ મે અથવા જુન મહીનામા હવા નહી હતી ?

જ૦—હા. સુરજ હતો.

સ૦—મુંબઈમાં એક ઘણી ગાંડી કેહેવત ચાલેછે કે તંબુમા તડકો ભારીછે ? જ૦—હું નથી જાણતો.

સ૦—હવે મી૦ ડફી તમે કેહેજો તા૦ ૪ થીએ ખાવા તથા પીવા ના તમારી પાસે વાસિણ હતાં; જરા કહો તે કીઆં કીઆં હતાં ?

જ૦—તરણ પલેટ, એક છુરી અને કાંટો અને એક પેઆલું રકાબી.

સ૦—તે પલેટો ચીનીની હતી કે કોરીની ?

જ૦—હું શું જાણું ? બેમાની એકની હશે.

સ૦—તમારૂં નાહાવાનું ટબ હતું ? જ૦—નહી. (હસવાનું)

સ૦—બીજીબી એક સુખની ચીજ હતીની ? જ૦—હા. (હસવાનું)

સ૦—બસ એટલુંજ કે ? જ૦—હા.

સ૦—તા૦ ૪ થી એપરેલને દીને, તમે કહોછો કે, તમારાં ફરની ચરમા બેડીઓના એક જડીથી વધારો કરવામા આવયો, અને તેમનું શું થયું તે તમે જાણતા નથી ? જ૦—હું નથી જાંણતો.

માહોમાહેની તકરાર.

સ૦—તમે જાણોછો કે મી૦ મેકડરમાટે કહયુંછે કે તે સઘળી બેડીઓ ખપી ગઇ હતી ?

મી૦ ફરગયુસન—મી૦ માકડરમાટે એવા કાંઇ સપત લીધા નથી.

મી૦ આનસટી—ખરી બીના તમો નામદારની નોધમા લીધેલીછે. ફરીઆદીના બારીસટર તરફની આ ખલલોથી હું થાકી ગયો છઉં.

મી૦ ફરગયુસન—મેં ફરી તપાસયો તારે તે બોલયો કે—

મી૦ આનસટી—ફરીથીની તપાસમાં તે શું બોલયો તેની મને કાંઈ દરકાર નથી. તેણે મને શું કહયું તેની હું વાત કરૂં છઉં.

જડજ—તે બોલયો હતો કે સઘલી બેડીઓ ખપી ગઈ હતી.

મી૦ આનસટી—તે બોલયો હતો કે હું મારી સાથ જેટલી લાવયો તે સઘલી ખપી ગઈ હતી અને બીજી બાકીની પણ ખપી ગઈ કે નહી તે હું જાણતો નથી. તમો નામદારને અરજ કરવાની મારી ફરજ છે કે આ પરમાંણેની હરકતોને તમે થવા દેવી નહી.

મી૦ ફરગયુસન—અગરજો કાંઈ ખોટી બીના કેહેવામાં આવેતો તે સુધારવાની મારી ફરજ છે.

જડજ—અગર જો એક બોરડુનો હીમાએતી કાંઈ કેહે અને બીજી બોરડુનો હીમાએતી તે કબુલ નહી રાખેતો પછે તેમાં જડજે ફરમાવાનો કેસ થઈ પડેછે.

મી૦ આનસટી—પણ હીઆં તેમ નથી. બીજી બોરડુનો હીમાએતી મારી જોડે આ શાખસીને એવું કેહેવાડવા માંગેછે કે જેથી માકડરમાટે કાંઈ જુદુંજ કહેલુંછે.

જડજ—એ હીમાએતી કેહેછે કે તમે શાખશીને જે કાંઈ કહયું છે તેમાં મીઃ માકડરમાટનું કહેલું સઘલું પુરેપુરૂં સમાવેલું નથી. માટે તેટલી હદ સુધી તમારૂં કહેલું અસુધ તે સમજીઓ અને તે પરમાંણે તેણે જાહેર કીધું.

મી૦ આનસટી—તારે તેવા વખતમાં, મારી અરજ છે કે, તે હીમાએતીએ હું કાંહાંસુધી બોલું છઉં તે પુરૂં થાય તાંહાંસુધી થોભીને પોતાનો વીચાર મુલતવી રાખવો હતો.

જડજ—ગમે તેમ હોય, પણ હવે તમે કાંમ ચલાવી શકશો. તમોને શું જોઈએછે તે આ શાખસી સમજયોછે.

મી૦ આનસટી—વારૂ. પણ હું આશા રાખું છઉં કે મારા કામમાં આવી રીતે થતી હરકતોને અટકાવામાં આવશે. આ સુધાં તરીજી વખત મને આવી હરકત થઈછે.

સ૦—(શાખસીને) હવે મી૦ ડફી તમે આજે કાંઈ એવું બોલયા છો કે જે ઉપરથી હું આશા રાખું છઉં કે કાંઈ બુરો અરથ અમે કાહાડીએ એવી તમારી મતલબ નહી હશે. તમે પઠાણો વીશે બોલયા કે "ગુલબાન સરૂ થવા પછે મેં તેમને દીઠા નહી. તેઓનું પછે શું થયું તે હું જાણતો નથી?" જ૦—હા, હું એમ બોલયો છઉં.

સ૦—પણ હું ખરાં દીલથી આશા રાખું છઉં મી૦ ડફી કે તે સઘલા પઠાણો મારયા ગયા એવું તો તમે કેહેવા માગતા નહી હશો?

જ૦—નહી. કેમકે તેઓ પાછળથી પોલીસ કોરટમાં દેખાયા હતા.

સ૦—હું આસા રાખું છઉં કે તેઓ સઘલા સારીપદે અને પુરતી તનદરોસતીમાં હશે? જ૦—હા છે.

સ૦—તેઓમાના એકને તે દીને સહવારના મારવામાં આવયો હતો. તેને કાંહાં મારયો હતો વારૂ? જ૦—ડુંગર ઉપર (હસવાનુ).

સ૦—નહી નહી, તેના શરીર ઉપર કાંહાં મારયો હતો?

જ૦—મોંહડાં ઉપર.

સ૦—મી૦ સુટરે મારીને નાખી દીધો તે તેજ માણુશ; નહી વારૂ?

જ૦—હું નથી જાણુતો. જારે હું તાંહાં હતો તારે મી૦ સુટર તાંહાં નહી હતો.

સ૦—જારે તમે તાંહાંથી આવતા રહયા, તારે તેનો હોટ કપાયલો હતો કે? જ૦—નહી.

સ૦—હવે તમારાં પેહેરણુ ઉપર આવીએ મી૦ ડફી; હુલડખોરોએ તમારાં ખમીશને ચીડીને ચીઠડાં કરી નાખયું એ ખરૂં છે કે ખોટું?

જ૦—હું જાંણુતો નથી.

સ૦—તારે એ ખમીશ ફાડી નાખવાની વાત જે ફરીઆદી તરફથી કેહેવામાં આવી, તે હું ધારૂં છઉં કે માતર અલંકાર રૂપે કહી હશે. વારૂં તારે એકજ પોશાક જે રહયો તે દગલો રહયો, જેને વીશે તમે બોલયાછો. જ૦—તેજ માતર હું બચાવી શકયો.

સ૦—તમે કહયું કે એક પારસી એક કોહાડી વરે તેને ફાડીને ફાડચાં કરતો હતો તેવામા તમે તે લઈ લીધો? જ૦—હા.

સ૦—હવે, અમોને કહો મી૦ ડફી, કે એ લગાર અજાએબ જેવું વાહાડ કાપતું કામ કેમ બની શકે? વીચારો કે તમારા એક હાથમા દગલો છે અને બીજા હાથમા કોહાડી છે અને પછે ફાડીને ફાડચાં કરવાનું કામ કેમ બને તે દેખાડો? જ૦—ઓ! એતો ઘણું સેહેલ છે. તમારો દગલો મારા હાથમા હોયતો હું કરી દેખાડું.

સ૦—મોટો ઉપકાર થયો. (હસવાનું) પણ તે પારસી તમારા દગલાને પોતાના હાથે કરીને વધારે સેહેલાઈથી ફાડી શકતે કે નહી?

જ૦—હું નહી ધારતો.

સ૦—પણ શું તમે ધારોછો કે દગલો ફાડવાનું લગાર કઠણુ હતું?

જ૦—જો કોહાડી બરોબર ચાલતી હોયતો તે મુદલ કઠણુ નહી હોય.

સ૦—પણ દગલો ફાડે એવી ચાલતી કોહાડી તમે કદી જોઈછે?

જ૦—હા.

સ૦—તારે તેથી કલમ પણ ઘડી શકાય ખરી ? જ૦—તે હું જાણતો નથી; પણ હું એટલું જાણું છઉં કે એક માણશનું ડોકું ઉડાવી દેવા જેટલી ચાલતી કોહાડીઓ આવેછે.

સ૦—હવે કહો કે તમારા તંબુમાથી મી૦ માકડરમાટ જવા પછે પેલા માણશે આવીને તમોને શું કહયું ? જ૦—તે બોલયો કે ૨૦૦ થી ૩૦૦ પારસીઓ આ જગા ઉપર આવેછે ? મી૦ માકડરમાટ જવા પછે પાંચ મીનીટમાં મને એ ખબર થઈ. હું તરતજ બાહાર નીકલયો.

સ૦—તારે હું ધારૂં છઉં કે તમારી બીજી ચીજોની સાથે તમે નાસતો પણ ખોહયો ?

જ૦—હા. (હસવાનું) હું પેહેલાં ચાલી આગળ ગયો અને તાંહાં તે તોફાંની ટોલું જોયું. તેઓ ચાલીને તોડી પાડતા હતા. તા૦ ૩૧ મીને સુમારે બાંબુની વાર મેં બાંધી હતી. તે દરવાજાની અંદરથી કોઈને પણ બાહાર આવતાં અટકાવા સારૂ મેં બાંધી હતી. તે જગા ઉપર પારસી પંચાએત દાવો કરેછે એવું કોઈએ મને કહયું નહી હતું. હું સમજતો હતો કે કુંવરજી પરાગજી અને જેકબ જમાલ એ જગાના ધણી હતા.

સ૦—પણ તાંહાં ખારવીઓ રેહછે એટલું તો તમે જાણતા હતા ?

જ૦—હું તેઓ વીશે કાંઈ જાણતો નથી.

સ૦—તા૦ ૩ જી પછે તેઓને તમે તે જગા ઉપરથી શું કાઢી મેળયા નહી હતા ? જ૦—હું ધારૂં છઉં કે બાંબુની ભીત બાંધયા પછે મેં તેમ કીધું હતું. મી૦ સુટર આગળ કાંઈ પણ ફરીઆદ જવા વીશે હું કાંઈજ જાણતો નથી.

સ૦—તમે એક લખા હીરજીને ઓલખોછો ? જ૦—નહી.

સ૦—શું તમોને યાદ નથી કે તા૦ ૨૭ મીને દીને તમે અને તમારા વાલાઓ આ જગા ઉપરથી જતા હતા, તારે એક ખારવી તે જગા ઉપર આવયો હતો ? જ૦—નહી, મને યાદ નથી.

સ૦—જારે આ તંબુઓ અને બાંધકાંમનો સામાણ તે જગા ઉપર આવયો તારે તે લાવનારાઓમાના એક જણ આગળ એક ખારવી ગયો હતો તે તમે શું નહી જોયું હતું ? જ૦—તે સામાન લાવનારાઓ મીઉનીસીપાલ કચરો બાલવાની જગાની પાછળ ગયા નહી હતા.

સ૦—વારૂ, પણ તમે એ જોયુંતું કે નહી ? જ૦—નહી.

સ૦—તમે સોગંદ ખાઈને કેહેશો કે એક ખારવીને તે જગા ઉપરથી તમારા એક પરદેશીએ કાહાડી મેળયો તે તમે નહી જોયું હતું ? જ૦—નહી.

સ૦—તમે ખારવી લોકોને તે જગા છોડી જવાની નોટીસ આપી, તે ચાલી બાંધી રેહવા અગાઉ કે પછે ?

જ૦—હું ધારૂં છઉં કે પુરીં કીધા પછે બીજે દીને. જાંહાં બાં બુની ભીત ઉભો કીધી હતી, તેની બાહેર જવાના મારગ પડેલા નહી હતા.

સ૦—પણ તારે તમે કદાચ એમબી કેહેશો કે એ આખી જગા ઉપર મુદ્દલ મારગ કરેલા નથી? જ૦—હું એવું કાંઈ કેહેવશ નહી, કેમકે એવા ઘણા વાટ તાંહાં બનેલાછે.

સ૦—તાડી નહી છેજવાની પણ તમે શું નોટીશ આપી નથી?

જ૦—હું ધારૂં છઉં કે તા૦ ૩ જીએ મેં તાડીવાળાને કહયું.

સ૦—મી૦ બરાઉન અથવા બીજા કોઇને તમે શું એમ નહી કહયું તું કે આ માણુસો પોતાને માણેકજી દોરાબજીના ભાડુતો સમજેછે?

જ૦—નહી. મી૦ બરાઉનને હું શા માટે તેમ કહું? તેને આ જગા સાથ કાંઈ લાગતું વળગતું નહી હતું.

સ૦—તારે ઉપલા ધણીઓને જગા ઉપરથી કાહાડી મેળવાને તમે પોતાને પુરતી સતા સમજતા હતા? જ૦—હા.

સ૦—હવે આ વાત ખરી છે કે નહી. તા૦ ૪ થીની સહુવારના પકડેલાં આ સઘળા પરદેશીઓ, પઠાણો અને કાબુલીઓ ખારવી લોકો ને બાહેર કાહાડવા સારૂં ડુંગર ઉપર જતા હતા?

જ૦—હું તેમને વીશે કાંઈ જાણતો નથી.

સ૦—જે ગાડાંઓમાં બાંધકામનો સામાણુ આણયો હતો તેમા ચુનો કુટવાના કાંઈ વાંસા હતા? જ૦—નહી—કાંઈજ નહી.

સ૦—તમારા માણુસો બાંબુ કાપીને તે જગા ઉપર લાવયા હતા?

જ૦—મેં કોઈ દીઠા નથી. તા૦ ૨૭ મી પછે કુંવરજી પરાગજી અને જેકબ જમાલ તે જગા ઉપર આવયા હતા. તેઓ સાંજના ૬ વાગતે આવતા અને અડધો કલાક બેસતા હતા.

સ૦—બંધવો ના૦ ૪૩ મો તા૦ ૩ જીને દીને તે જગા ઉપર આવયો તારે કેટલા વાગેલા હતા? જ૦—પાછલા પોહોરના કલાક ૩ કે ૪ નો અમલ હતો. તું જેઓને પુછેછે તેઓ રોજ સાંજના ૬ વાગતે હીઆં આવેછે એવું મેં તેને કહયું નહી હતું. તે મારી આગળ કાંઈ બોલયોજ નહી. તે શું કેહેછે તે મારાં માણશોએ મને કહયું, તે ઉપરથી મેં તેમે તાંહાંથી ચાલી જવા ફરમાવયું. કેમકે કુંવરજી પરાગજી અને જેકબ જમાલના રેહેવાના ઘર તે સારીપડે જાણતો હતો. તેણે મને એક બોલ પણ એવો નહી કહયો કે હું તેઓને ઘર જઈ આવયો છઉં અને પંચાએતની તરફથી મીશીઅરસ કરેગી, લીંચ અને ઓવનની "ઈજેકટમેંટ" (જગા ઉપરથી બાહેર કાહાડવા) ની નોટીસ આપવા આવયો છઉં.

સ૦—તે નોટીસ જો પોંહોંચી હતેતો મામલો જુદીજ વલાણુ પકડતે, કેમ વારૂં? તમારા તંબુ અને ફરનીચરનું નુકસાન નહી થતે.

જ૦—હું જાણતો નથી.

સ૦—ચાલીનો નાશ થયો તે વેળા તેણે તમોને કહયું કે "જો યું, મને ગઈ કાલે આ જમીન ઉપરથી કાહાડી મેળવાના બદલામાં તમોને શું મળયું" ? જ૦—હા, એમ તે બોલયો.

સ૦—તે શબદોનો અરથ શું તદન નીરદોશ નહી થઈ શકે? જેમકે તેની મતલબ એવી હોય કે જો તમે નોટીસ પોહોચાડવામા મને મદદ આપી હતે તો આ પરમાણે માણેકજી દોરાબજીને પોતાના હાથમાં ધારો લઈ લેવો નહી પડતે ? જ૦—આગલે દાહાડે તે આ જગા ઉપર સા માટે આવયો હતો તે તેણે મને કદી કહયું નહી હતું.

સ૦—તમારા દેખાવથી તે બીધોતો નહી હોય ?

જ૦—હોયબી. મારો દેખાવ ઘણો જંગલી છે.

સ૦—તેના હાથમાં ચુનો કુટવાનો વાંસ હતો કે ? જ૦—નહી.

સ૦—અથવા છતરી હતી ? જ૦—મેં તે વટીક નહી જોઈ.

સ૦—તમારા શેઠો એ જગા ઉપર કેટલા બંગલા બાંધવા જતા હતા ? જ૦—તરણ. ભાડે આપવા સારૂ.

હીઆં કોરટ ટીફીન લેવા ઉઠી.

પાછી બેઠા પછે મી૦ આનસટીએ એજ શાખસીની ઉલટ પાલટ તપાસ આગળ ચલાવી.

સ૦—તમે તંબુ પાછો મારયો તારે તેજ પોળ કાંમ લાગા હતા ?

જ૦—નહી. મેં બાંબુ કાંમે લગાડયા હતા. કોઈ પોલ જમીન ઉપર પડેલાછે અને બીજાઓનું શું થયું તે હું જાણતો નથી. તેમને પોલીસ કોરટમાં મોકલયા હતા. માજીસટરેટ આગળ તેમને રજુ કરયા નહી હતા. તે રજુ કરવા મને કોઇએ કહયું નહી હતું.

સ૦—માજીસટરેટ આગળ તમે કહયું હતું કે કોહાડી અને પહરાઈઓ જે આ ચાલી ઉપર વાપરેલી તમે જોઈ હતી, તે એ રીતે વપરાવા આગમચથી આ જમીન ઉપર પડેલી હતી ?

જ૦—મેં માજીસટરેટને એટલુંજ કહયું કે મારાં કાંમને માટે મંગાવેલી કોહાડી અને પહરાઈઓ એ જગા ઉપર રહી ગઈ હતી.

સ૦—સાહેબ તમે આ પરમાંણે કહેલુ છે કે નહી ? (વાંચેછે) "તે લોકો પોતાને હાથવરે તથા તે જગા ઉપર આણીમેર પેલીમેર પડેલી પહરાઈઓ અને કોહાડીઓવરે ચાલીને ભાંજવા પડયા ?"

જ૦—હા, હું એમ બોલયો હતો.

સ૦—એ તમારી પહરાઈઓ અને તમારી કોહાડીઓ હતી ?

જ૦—હા.

સ૦—ને હું ધારૂં છઉં કે લાકડીઓ પણ તમારી હતી ?

જ૦—મેં કોઈ લાકડી જોઈ નહી હતી.

સ૦—તમે પોતેજ જુબાનીમા કહેલુંછે કે તમારા પરદેશી ચોકી બાનો સોડે બાંબુની, આસરે ૧ ઈંચ જાડી અને રાા ફીટ લાંબી હા થમા લઈ ફરવાની લાકડીઓ હતી. ખરી કે? જ૦—હા.

સ૦—અને તેમની સરેસતાની લાકડીઓ મુકાવો દીધી હતી?

જ૦—હા.

સ૦—તમારી જુબાનીમાથીજ હું તમોને વાંચી સંભળાઉં છઉં. "૧૦ પરદેશી ચોકીદારો પાસે બાંબુની, નાહાની, હાથમા લઈ ફરવા ની, એક ઈંચ પોહોલી અને ૨ અથવા રાા ફીટ લાંબી લાકડીઓ હ તી. પરદેશીઓ જે લાકડીઓ લઇ ફરેછે, તે મેં તેમની પાસે રાખવા દીધી નહી." એ ખરૂં કે? જ૦—હા.

સ૦—તે તેમની છોડાવેલી લાકડીઓ કાંહાંછે?

જ૦—હું જાણતો નથી.

સ૦—શું? જ૦—તે લાકડીઓ કાંહાં છે, તે હું જાણતો નથી.

સ૦—શું એ ખરૂં કહોછો? વારૂં તમારી જુબાનીમા લખ્યુંછે કે (વાંચેછે) "આ પરદેશીઓની લાકડી મેં મુકાવી નહી. મેં માતર તેમને કહ્યું કે જો તમારા હાથમા પરદેશીઓની સરેસતાની લાકડી ઓ હું જોવશતો હું તે લઈ મુકશ." એમ તમે બોલયાતા? જ૦—હા, હું બોલયોતો અને વળી તેમને કાહાડી મેળવાની ધમકી પણ આપીતી.

સ૦—એ પરદેશીઓ ચાલીમા રેહતા હતાની? ચાલી તેમને મા ટે બાંધી હતી કેની? જ૦—નહી.

સ૦—તારે તમે માજીસટરેટ આગળ શું જોઈને આમ બોલયા— (વાંચેછે) "તાર પછે લાકડીઓ ગુમ થઈ ગઈ. તેઓ જેમા રેહતા હ તા; તે ચાલીમા તે લાકડીઓને રાખી હશે. જે ચાલી ભાંજી નાખી તે એજ" આમ તમે બોલયા હતા કે નહી? જ૦—હા.

સ૦—તારે તેઓ એ ચાલીમા રેહતા હતા ખરાની?

જ૦—થોડો વખત રહેલા હતા.

સ૦—હવે આ ટંટો થવાની આગમચ તે જમીન ઉપર બાંબુઓ કાપી નાખવામા આવયા હતા, એ વાત ખરી છે કે ખોટી?

જ૦—ટંટો થવાની આગમચ નહી.

સ૦—તમે પોતે કોઈ બાંબુ શું નહી કાપયાતા? જ૦—હા. એકજ.

સ૦—તે અગાઉજ? જ૦—નહી.

સ૦—તમે તમારી જુબાનીમા સાફ કહેલુંછે કે "બખેડો થવાની આગમચ એક બાંબુ મેં પોતે કાપયો હતો."

જ૦—મેં કહયું હતું કે ડુંગરની ઉપર અને હેઠે આવજાવ કરવા સારૂં મેં એક બાંબુ કાપયો હતો.

સ૦—તમે બીજું શું કહયું તે હું પુછતો નથી. તમે ઉપલા બોલ બોલયાતા કે નહી? જ૦—હું તેમ નથી બોલયો.

સ૦—તમારી જુબાંની ઉપર તમે સહી કરવા આગમચ તે તમારી આગળ વાંચી સંભળાવામાં આવી હતી કે નહી?

જ૦—હા. વાંચી સંભલાવીતી અને જો તે જુબાંની પતર કોરટમાં હતેતો તેમાં મેં એક સુધારો કરાવેલો તમે જોતે.

એ ઉપરથી શાખસીનો અસલ જુબાંની પતર તેને દેખાડવામાં આવયો અને તેમાંથી મી૦ આનસટીના ટાંકેલા બોલો નીકલી આવયા.

સાખસી—એવું કાંઈ મેં કહેલું મને યાદ નથી.

સ૦—પણ તે હીઆં લખેલુંછે, જોયું કેની? તમે હજીબી શું એના પાડશો? જ૦—હું નાબી નથી પાડતો અને કબુલબી નથી કરતો. એવું કશું મેં કહેલું મને યાદ નથી. મેં સહી કરેલો જુબાંની પતર એજ છે કે નહી તે હું જાણુતો નથી.

મી૦ આનસટી—સાહેબ એ અસલ જુબાંની પતર છે.

હીઆં તે ઉપર આ શાખસીની પોતાની સહી કરેલી દેખાડવામાં આવી.

સ૦—આ સહી તમારી છે કે? જ૦—હા.

સ૦—તમે બે કાગજ ઉપર સહી કીધી હતી કે એક ઉપર?

જ૦—હું ધારૂં છઉં કે બે ઉપર.

સ૦—બેહુપર એકજ દાહાડે?

જ૦—બેહુ એકજ દાહાડે. હું જાંણુતો નથી કે બીજો કાગજ સાનો હતો. જે દાહાડે મારી શાખસી લેવાઈ તેજ દાહાડે મેં સહી કીધી નહી હતી. બીજો કાગજ નહી મેં પોતે વાંચયો કે નહી તે મારી આગળ વાંચવામાં આવયો.

સ૦—તમે જાણોછો કે હીઆં હાજર થઈ શાખસી આપવાના એક ખત ઉપર તમે સહી કીધી હતી? જ૦—હા.

સ૦—અને તે ઉપરાંત તમે એક બીજા કાગજ ઉપર સહી કીધી કે જે તમારો જુબાની પતર હતો? જ૦—હા.

સ૦—વધારે તો કાંઈ નહી હતું? જ૦—નહી.

સ૦—હવે તે જગા ઉપર બાંબુ, આંબા અને તાડીના ઝાડો છે કે?

જ૦—હા. તાડીના ઝાડો ઘણાં છે. એ ઝાડો પરદેશીઓના સવાધીનમાં આપેલાં હું જાંણુતો નથી. કોઈ દાહાડે નહી. તાડીના જાહાડ તેમના સવાધીનમાં હોય એવી મને ખબર નથી.

સ૦—પણ માજીસટરેટ આગળ મી૦ જેફરસને ઉલટ પાલટ તપાસતી વેળા તમે સોગંદ ખાઈ લખાવયુંછે કે—(વાંચેછે) "જમીન ઉપર જે અસબાબ લાવી નાખીએ તે મીસતરીએ તેમને (પરદેશીઓને)

હવાલે કરયો, અને આંબા તથા બીજાં ઝાડ પણ તેમના તાબામાં આપયાં. તા૦ ૨૭ મીની રાતે તાડીના ઝાડો મીંસતરીએ તેમને હવાલે કરયાં" એમ તમે સોગંદ ખાઈ બોલયાછો કે નહી?

જ૦—મેં કહયું હશે. પણ મારી ખાતરી નથી.

સ૦—એ લખાવેલી વાત ખરી છે કે?

જ૦—હું નથી જાણતો કે તે ખરી છે.

સ૦—પણ બાંધવાનો સામાણ તેઓના સવાધીનમાં આજ સુધી આપેલોછે, એતો ખરૂં છે? જ૦—હા. મેં પોતે તેમને હવાલે કરયોછે. તે પરદેશીઓ મારા તાબામાં છે.

સ૦—અને સઘલાં તાડીના જાહાડ પણ તેમને હવાલે છે?

જ૦—હા.

સ૦—ઘણું સારૂં. અને તમે પરદેશીઓને હુકમ કીધો કે તાડી છેજતી બંધ કરે? જ૦—હા.

સ૦—અને એ તાડી છેજનારાઓને તમે એટલા સારૂં અટકાવયા કે તેઓએ તમોને એવું કહયું કે અમેતો માંણેકજી દોરાબજીના માણશ છઈએ? જ૦—હા.

સ૦—અને ખારવીઓએ તમોને કહયું કે અમે માણેકજી દોરાબજીના ભાડુત છઈએ તેટલા વાસતે તેમને પણ તમે નોટીસ આપી?

જ૦—હા.

સ૦—તમે એવું સાંભળયુંછે, મી૦ ડફી, કે આ આખી જગા, સઘળા દોખમા, કંપાઉંડ, અને આસપાસની સરવે જમીન મળીને સઘળાંની સંભાલને મારે માણેકજી દોરાબજી અથવા તેની જમીનના માલેક પારસી પંચાએતે એકજ વખતે ચાર અથવા ઘણામા ઘણા છથી વધારે માણસો ચોકીબાન રાખયાં નથી?

જ૦—મેં એવું નથી સાંભળયું.

સ૦—હવે તે મીલકતનો માતર એક ભાગ જે ઉપર કુંવરજી અને જેકબ દાવો કરેછે, તેની સંભાલ તમે એટલાબધા ઈઆને ૧૦ પરદેશીઓથી ક્યાંએ શરૂ કીધી?

જ૦—એટલાબધાને રાખવાનું કારણ હું કહી શકતો નથી.

સ૦—તમે નહી કહી શકતા? જ૦—નહી.

સ૦—તમે માજીસટરેટ આગળ આ પરમાણે બોલયાછો કે નહી? (વાંચેછે) "જારે તા૦ ૨૭ મી મારએ હું તે જગા ઉપરથી ગયો, તારે ૨૦ માણશને રાખી ગયો. બીજી સહવારે મેં તાંહાં ૨૮ જોયાં."

જ૦—મેં એમ નથી કહયું. મેં કહયું કે તે જગા ઉપર મેં ૩૦ માણશોને રાખયાં હતાં.

મી૦ આનસટી—સાહેબ, તમે તમારા સોગંદ ઉપર બોલો તેની આગમચ એ દસતાવેજને જોતા જાઓતો બેહતર.

શાખસીને તેનો અસલ જુબાંની પતર પાછો દેખાડવામા આવયો.

સ૦—તમે આ પરમાણે બોલયાછો કે નહી—"તા૦ ૪ થી માર ચથી આંજ (તા૦ ૨૯ મી એપરેલ) સુધી તે જગા ઉપર એટલીજ શં ખયા રાખીછે. તેમાના ૧૦ માતર ચોકી કરેછે. તેનું કારણ એ કે એ જગા ઘણી મોટી છે, અને તે ઉપર તાડીના ઝાડ ઘણા છે." આ ખરૂં કે ?

જ૦—એ ખોટું છે. મેં કહયું હતું કે તે જગા ઉપર ૩૦ માણસો હતાં.

સ૦—તારે ૩૦ માણસોની વાત સીવાએ ઉપલું બાકીનું સઘળું ખરૂં છે ? જ૦—તાડીના ઝાડો વીશે હું કાંઇ બોલયો હોઉં એવું મ ને યાદ નથી.

સ૦—જુબાની પતરમા ફરીથી જોવો ?

જ૦—તાડીના ઝાડ વીશે કાંઈ કહેલું મને યાદ નથી.

સ૦—પણ આ દસતાવેજ જોવા પછે, તમે એમ બોલેલા, તે વીશે કસો પણ શક રહયોછે ? જ૦—મને શક છે. મેં માતર એટલુંજ ક હયું હતું કે જગા ઘણી મોટી હોવાથી એટલાંબધાં માણશો રાખયાં હતાં.

સ૦—જારે તમારી આગળ એ જુબાંની વાંચવામાં આવી તારેજ તમે સુધારયું કેમ નહી ?

જ૦—આ જુબાની પતરમાં સુધારેલું કાંઇજ હું જોતો નથી.

સ૦—તમે માજીસટરેટને કાંએ નહી કહયું કે એ ખોટું છે ?

જ૦—મારી આગળ તે વાંચી સંભળાવતી વેળા, હું ભુલી ગયો હશે. મેં ઘણી ભુલો સુધરાવી હતી, પણ આમાં કાંઇ સુધારો કરેલો હું જોતો નથી.

સ૦—શું મી૦ ડફી, તમે ખરેખર એવું કેહેવા માંગોછો કે તમે જે જુબાની પતર ઉપર સહી કીધી તે દસતાવેજ આ નથી ? શું તમે એવા સોગંદ ખાવા માગોછો ? જ૦—મારી શહીતો એજ.

સ૦—તારે શું તમે ખરેખર એવું કેહેવા માગોછો કે કોઇ પણ એવું કાગજ હસતીમાં છે ઇંઆ આગળ કદી હતું કે જે ઉપર તમે ક હોછો તેમ સુધારો કરયોછે અને જે હીઆં રજુ કરેલું નથી ?

જ૦—મેં શાખસી આપી તારેં પેહેલે દીને એક કાગજ ઉપર મેં સહી કીધી, અને તારપછે વળી એક કાગજ ઉપર મેં સહી કીધી, કે જે કાગજમાં ભુલો સુધારી છે એવું મને જણાવવામાં આવયું હતું.

સ૦—પણ તમેજ કહેલું છે કે પેહેલાંજ કાગજ ઉપર તમે સહી કરી તેતો નાહાનું હતું ?

જ૦—જુબાની ઉપર સહી કીધા પછે એક બીજાં કાગજ ઉપર મારી સહી લીધી, જેમાં તેઓએ કહયું કે ભુલો સુધારીછે.

સ૦—અને તે કાગજ શું આ નહી? જ૦—હું નથી જાણુતો.

સ૦—તમે સહી કરેલા ઉપરાંત કોઈ બીજા કાગજો છે?

જ૦—હું નથી જાણુતો. હું કહું છઉં કે પેહેલે દીને મેં મા જીસટરેટ આગળ એક કાગજ ઉપર સહી કરી હતી.

સ૦—તેતો પેહેલી જુબાંની થઇ?

જ૦—મારી જુબાની એકજ દાહાડો લીધી હતી. બીજાં કાગજ ઉપર કોરટના કલારકની આફીસમાં તરણ ચાર દીવસ પછે મેં સહી કીધી.

સ૦—શું સાહેબ તમોને કાંઈબી શક છે કે આ કાગજ નથી પેહેલું કે નથી બીજું? જ૦—પેહેલું તો એ નહીજ હોય.

સ૦—પણ તેમા જુવો. તે મધે શરૂઆતમાંજ લખેછે કે એ સોગંદ ઉપર લીધેલો તમારી જુબાની છે. છેડે જુવો. તેમાં તમારી સહી છે. જ૦—હા, સહીતો મારી છે.

એક જુરર—તમે સહી કીધેલા કાગજો બે હતા કે તરણ?

જ૦—પેહેલે દાહાડે મેં બે ઉપર સહી કીધી, અને તારપછે કલારકના ઓરડામા તરીજા ઉપર સહી કીધી.

એક જુરર—પેહેલો કાગજ સાનો હતો? જ૦—મારી જુબાંનીનો અને તરીજો કાગજ સુધારેલી જુબાંનીનો છે એવું મને કેહેવામાં આવયું.

સ૦—તે તરીજો કાગજ તમે સહી કરવા આગમચ વાંચયો હતો?

જ૦—નહી. મને માતર તે સહી કરવા આપયો હતો.

સ૦—ને તે આખો વાંચવા વગર તમે તે ઉપર સહી કીધી?

જ૦—તે મારી જુબાંની છે, એટલુંજ માતર મને કેહેવામા આવયું. તેનો કોઈ કોઈ ભાગ મેં વાંચી જોયો હશે.

સ૦—અને તે ઉપર કરેલી તમારી સહી આ રહી?

જ૦—આ તેમાનો પેહેલો કાગજ છે કે બીજો તે હું જાણુતો નથી.

સ૦—તમે એ જુબાંનીઓ વીશે કોઇ સાથ વાત કરો આવયાછો? જ૦—નહી.

સ૦—મારો સવાલ સાંભળવા આગમચ તમે "નહો" કરીને બોલી ઉઠોછો. બે કે તરણ કાગજ ઉપર સહી કરેલી તે બીના વીશે છેલા શાખસી માકડરમાટ સાથ તમોને વાત થયલી છે? જ૦—નહી.

સ૦—અથવા કોઈ સાથ નહી? જ૦—નહી.

સ૦—પેહેલા કાગજ ઉપર તમે સહી કીધી તે વેળા તે ઉપર છેકછાક હતું? જ૦—જેમ તે વંચાતો ગયો તેમ હું સુધારતો ગયો.

સ૦—આ નકલ ઉપર તેવા કોઈ છેકછાક બતાવી શકશો? અગર નહીતો એ બીજી સુધારેલી નકલ હોવી જોઈએ?

જ૦—એમા છેકા કાંઈ નથી, માટે એ બીજો કાગળ હોવો જોઈએ.

મી૦ આનસટા—હવે મી૦ ડફી, તમે કોઈ ઘણા હુલર માણશ દેખું. તમે સાચું બોલવાની ખાતરીથી શાખશી આપોછો એવું દે ખાડવાની હમણાજ મેં તમોને તક આપી હતી. મેં તમોને યાદ આપા કે તમારી તપાસ બે દીવસ ચાલી હતી, પણ તમે કહયું કે "નહી—મારી તપાસ એકજ દાહાડાની હતી." હવે સાહેબ હીઆં જુવો. હીઆં બે જુબાંનો પતરો છે, જે ઉપર બે જાન ડફીના ના મો છે, પેહેલો ૨૫ મી એપરેલની તારીખનો છે અને બીજો તારપછે ચાર દાહાડે લખેલો પતર છે. જોઈને ખાતરી કરી લેઓ.

હીઆં શાખશીને તે બેહુ જુબાંનીઓ તેની સહી સાથે દેખાડવામાં આવી.

સ૦—તમોને દેખાયછે કે નહી? જ૦—મને કાંઈ ૨૯ મી તારીખે નહી પણ ૨૮ મીએ તપાસયો હતો. બે દીવસ સુધી મા રી તપાસ ચાલી હતી.

સ૦—તારે તમે હમણાજ સોગંદ ખાધા કે તમારી તપાસ પોલી સ કોરટમાં એકજ દીન ચાલી હતી, તે તમારા સોગંદ ખોટા કે? ત મે બે જુબાંની પતરો સોગંદ ઉપર લખાવયાંછે—બે જુદા જુદા દસતા વેજો છે—હવે તરીજો કાગળ શું હતો? જ૦—કલારકની આફીસ મા એક દસતાવેજ ઉપર મેં સહી કરી હતી.

સ૦—અને બે ઉપર માજીસટરેટની કોરટમાં સહી કીધી. બધા મળીને તરણ થયા. બીજા વધારેબી કાંઈ છે કે?

જ૦—બીજો એક નાહનો દસતાવેજ. હું જાણતો નથી કે તે શું હતો.

સ૦—જુવો, તમે એવી બીના કહોછો કે જેથી માજીસટરેટ મી૦ કુપર ઉપર અને તેના કલારક ઉપર મોટી બદનામી આવેછે. તમે હજી બોહોસ કરશો કે તમે સુધારેલા એક કાગળ ઉપર સહી કીધી કે જે હીઆં રજુ કરયો નથી? જ૦—પેહેલે દાહાડે મારી શાખશીના એક કાગળ ઉપર મેં સહી કીધી હતી, કે જે શાખસીને મેં શુધરાવી હતી.

સ૦—ને તે સુધારેલું હીઆં નહી મલે?

જ૦—હું તે હીઆં જોતો નથી.

મી૦ આનસટીએ બંધવા ના૦ ૨૪ ને ઉભો થવા કહયું.

સ૦—ડફી, તમે આજે સોગંદ ખાધાછે કે ચાલી તોડી પાડવા ના કાંમમા આ બંધવાને તમે ઘણો મશગુલ જોયો હતો? જ૦—હા.

સ૦—માજીસટરેટની આગળ તમે એમ બોલયા હતા કે નહી કે "બંધવા ના૦ ૩૨ (એ બંધવાનું તે વેળાનું નંબર) ને ભીડમા મેં દીઠો, પણ તેને કાંઈબી કરતાં જોયો એમ હું કહી શકતો નથી."

જ૦—હું એમ બોલયો નથી. મેં કહયું હતું કે એ બંધવાને ચાલી તથા તંબુ તોડી પાડતાં મેં જોયો હતો.

મી૦ આનસટી—આ જુબાની પતર જુવો.

શાખસીનો અસલ જુબાની પતર પાછો દેખાડવામા આવયો.

સ૦—તમે માજીસટરેટને એમ કહેલુંછે કે? જ૦—નહી.

મી૦ આનસટીએ હવે બંધવા નસરવાનજી હોરમજજીને ઉભો રેહેવા કહયું.

સ૦—તમે હમણા સોગંદ લીધાછે કે આ બંધવાને છરી વરે તંબુ કાપી નાખતાં તમે જોયો? જ૦—હા.

સ૦—પણ માજીસટરેટ આગળ (તેનો નંબર ૫૬ મો હતો) તેને વીશે તમે કહયું હતું કે—"મેં તેના હાથમા કાંઈ દીઠું નહી હતું, પણ ચીજોને તોડી પાડતાં મેં તેને દીઠો હતો." આ પરમાણે તમે બોલયા હતા, અને પાછળથી તમે છુરીની વાત જોડી કાહાડીછે?

જ૦—તેને છુરી વરે તંબુ કાપી નાખતો જોયોછે, એવું મેં તેજ વખતે કહયું હતું.

શાખશીને તેનો અસલ જુબાની પતર પાછો દેખાડવામા આવયો.

સ૦—જોયું સાહેબ? હવે હું તમોને એક બીજી જાતના સવાલ પુછવા માંગું છઉં. જારે તમે આ જમીન ઉપર પેહેલવેહેલા આવયા, તારે તાંહાં હદ બાંધી લેવાની એક ૨ થી ૩ ફીટ ઉંચી દેવાલ તમે દીઠી હતી કે જે દેવાલનો તમારા શેઠોએ દાવો કરયો તથા જે દેવાલને તમે તોડી પાડી હતી?

જ૦—બે તરણ ફીટ નહી પણ આસરે ૧૮ ઈંચ ઉંચી હતી.

સ૦—તે જુની દેવાલ હતી, નહી વારૂં? જ૦—છુટા ફતરો ગોઠવીને બાંધેલી હતી. તે દેખીતી હદ દેખાડવાની નીશાણ હતી.

સ૦—તે નીશાણ તમે કાઢી નાખી હેં? વારૂં તમે નકસા (પલાન) મુજબ ખુંટી મારી હતી કે? જ૦—હા.

સ૦—તે નકસો મેજર લાઉટનનો હતો કે? જ૦—નહી. મેં કહયું છે કે મેજર લાઉટનના નકસાની તે નકલ હતી.

સ૦—અને તે પલાનની નકલ ઉપર આ હદ દેખાડવાની નીશાણની દેવાલ માંડેલી હતી કે? જ૦—હા.

સ૦—અને તમે તે નીશાણને કાહાડી નાખી? જ૦—હા.

હીઆં મી૦ આનસટીના હુકમથી લાકડીઓનું એક બંડળ રજુ કરવામા આવયું.

સ૦—આ લાકડીઓ જોઈ કે? હવે મી૦ ડફી હું તમોને પુછવા માગું છઉં કે આ જે લાકડીઓ કેહેવાયછે, તે તમારી તોડી પાડેલી

ચાલીનાં સાટકા છે કે નહી? જ૦—શાટકાને માટે વપરાતા વાંસા જેવીજ એ છે.

સ૦—તેમાં ખીલા ઠોકેલા છે તે ઉપરથી એમજ ઠરેછે? જ૦—હા.

સ૦—વળી તમારા જુબાની પતરમાંથી એક વાકીઅ મને અચ બુચ મળી આવે છે. તમે માજીસટરેટ આગળ સોગંદ ઉપર એવું કહેલું છે કે "તે લોકોને છરી વડે તંબુના દોરડાં કાપી નાખતાં મેં જોયા. હું તેમને ઓલખાવી શકતો નથી." આ પરમાણે તમે કહયુંતું કે? જ૦—હું તેમને ઓળખાવી શકું છઉં.

સ૦—તમારી જુબાનીમાં કહોછો કે હું ઓળખાવી "શકતો નથી." જ૦—મેં કહયુંતું કે હું ઓળખાવી શકું છઉં.

મી૦ આનસટી—આ રહી તમારી જુબાની.

શાખસીને તેનો જુબાની પતર વળી પાછો દેખાડવામા આવયો.

સ૦—એબી જુબાનીમા ભુલ છે કે? જ૦ હા. એ ખોટું છે.

સ૦—હવે મી૦ ડફી, માજીસટરેટ આગળ મી૦ સટારલીંગે ત મોને ઉલટ પાલટ તપાસયા તે વેળા તમે આ પરમાણે જુબાની આ પી હતી કે નહી? "દોખમાઓની પહોશમાં ડુંગર ઉપરના બાંધકામનું ઉપરીપણું ચલાવાને મેં કુવરજી સાથ બોલી કરી હતી. મને દરમાયા ઉપર તરણ વરશની મોહુડેની બોલીએ રાખયો હતો. એ કાંમ તરણ વરશ ચાલે એટલું હતું. યુરોપીઅનોને મા ટે બંગલા બાંધવાના હતા. પેહેલાં દોખમાની દેવાલ અને કચરો બાલવાની જમીનની વચે તરણ બંગલા બાંધવાના હતા. બાકબેના રસતાથી તે સર કાવસજી જાંહાંગીરજી રેડીમનીના બંગલા સુધી એ હવેલીઓ બાંધવાની હતી. આ જગા ઉપર ઈમારતકાંમ ચલાવાને મીઉનીસીપાલ ખાતાંની રજા મેળવેલી હતી." ઈતીઆદી. એ સઘ લું તમે કહેલું ખરૂંછે કે? જ૦—હા. એ સઘલું ખરૂં છે.

સ૦—હવે મી૦ ડફી, તમો મી૦ બરાઉન અને મી૦ માકડરમાટ યુરોપીઅનો છો કે? જ૦—હા.

સ૦—અને મી૦ સુટર હીઆં હાજર થાય નહી તાંહાંસુધીતો બં ધવાઓની સામે તમે એટલાજ શાખસીઓ છો વારૂં?

જ૦—હું ધારૂં છઉં.

હીઆં મી૦ આનસટીએ આ શાખસીની ઉલટ પાલટ તપાસ બંધ કીધી.

મી૦ મેહયુ અને મી૦ બરાનસને તેને ઉલટ પાલટ તપાસવા ના પાડયું.

મી૦ ફરગયુસને પાછો તપાસ્યો.

સ૦—તમે એકબી ચુનો કુટવાનો વાંસ તે જગા ઉપર તા૦ ૪ થી એપરેલની આગમચ મોકલયો હતો ?

જ૦—નહી. અને તારપછે પણ તાંહાં એકબી નથી. તે જગા ઉપર આવેલો સઘલો અસબાબ મેં જોયલોછે. અને તેમાં ચુનો કુટવાના વાંસ એક નથી. એ હું ખચીતાઈથી કહું છઉં. તંબુ બે પોલનો હતો. તે ઉપર બેવડું કંતાંન હતું. તેનો મથાલેનો ભાગ આખો મળયોછે. તંબુની બાજુના ફરકાંના માહેલા ભાગના થોડા કકડા મળયાછે, બાહેરના ભાગનું કાંઇ મળયું નથી. તે કકડાઓ વચે રહું છઉં, એટલે કે બાંબુઓની ઉપર તે વધયા સઘયા કકડાઓને ઉભા કરી તેમાં રહેલો છઉં. ચાલીનો આસરે ચોથો ભાગ પાછો મળયોછે. મારી પાસે મારા બચેલા દગલા ઉપરાંત પાટલુનની એક જોડ, એક વાસકુટ, પેહેરી સુવાના સુરવાલ, અને બુટની બે જોડ હતી, તેમાનુ કસું તે દાહાડા પછે મેં ફરી જોયું નથી. તા૦ ૨૭ મા મારચને દીને મેં તે જગા ઉપર કોઈ ખારવીઓને દીઠા તાં નહી. પરદેશીઓ સામાન લઈને કચરો બાલવાની જગા ઉપર આવયા તારે હું તાંહાં હાજર હતો, તારે તેઓની આગળ કોઈ ખારવીઓ આવેલા મેં દાડા નહી. હું ઉભો હતો તાંહાંથી સઘળું મને દેખાતું નહી હતું. કોઈ ખારવીઓ મને નજર પડવા વના તેમની આગળ ગયા હશે. હું તેમનાથી ૪૦ કે ૫૦ વાર દુર હતો, તેઓ વચે જો કાંઈ ગડબડ થઈ હતે તો મને સંભલાવા વના રેહતે નહી. જગા ખોલી હતી અને પરદેશીઓ જાંહાં ઉભા હતા તાંહાં જોવાને મારી નજર વચે અટકાવ કાંઈ નહી હતો. મીઉનીસીપાલ ખાતાંમાં મારા હાથ તલે પરદેશીઓને મજુર દાખલ તેમજ ચોકીબાન દાખલ રાખેલા મને યાદ છે. આ જગા ઉપરના મારા હાથ હેઠલના ૧૦ પરદેશીઓ મજુર કેહેવાઈ શકાશે. પઠાંણોને બાં૦ બ૦ અને સેં૦ ઈં૦ રેલવે કંપનીજ માતર નોકરીએ રાખે છે. મજુર અને મુકાદમ તરીકે એ રેલવેની નોકરીમા આસરે એક હજાર પઠાંણ છે. નાં૦ ૩૫ વાલો બંધવો તા૦ ૩ જીએ મારી પાસે આવયો, તારે મને કાંઈ કાગજ ઈઆ નોટીસ તેણે દેખાડી નહી. તેને મેં તાંહાંથી નીકલી જવા કહયું તારે તેણે ઈંગરેજીમા મારી સાથ વાત કીધી.

સ૦—ધમકી આપવાની ઢપમાં ? જ૦—નહી. મેં તેને કહયું કે હીઆં આવવાનું તારૂં કામ નથી.

સ૦—તે વખતે તમારી ઢપ કેવી હતી તે હું જાણવા માગું

છઉં ? જ૦—હમણાના જેવો મારો અવાજ અને ઠપ છપ હતી. મને ખબર નહી હતી કે તે વકીલનો કલારક હતો.

સ૦—અગર જો તમને ખબર હતે તો તમે તેને વધારે ધમકાવતે?

જ૦—હું કહી નથી શકતો.

સ૦—દોખમાના ચોકીબાનો વીશે તમોને પુછવામા આવયું છે. આ જગા ઉપર તમારા પોતાના પરદેશીઓ સીવાય બીજા કોઈ ચોકીબાનોને તમે દીઠા હતા?

જ૦—આ જગાની ઉપર નહી. પણ કંપાઉંડની અંદર દીઠા હતા.

સ૦—તમારી જુબાની વચેની ભુલોનો કોઈ રીતે ખોલાસો આપી શકશો? જ૦—નહી.

સ૦—માજીસટરેટ આગળ તમે જે કાંઈ કહયું તે સઘળું નોંધી લીધું હતું કે નહી?

જ૦—હું જાણતો નથી. મેં કાંઈ લખી લીધું નહી હતું.

સ૦—આ લાકડીઓના બંડલમા જે એક સાટકામા ખીલો મારેલોછે, તે સીવાએ સાટકા જેવી બીજી એકબી લાકડી છે? જ૦—આ બે લાંબા સાટકાજ ચાલીમા વપરાયલા હોય તેવા લાગેછે. ચાલી ખભરાયલા, કરવત મારયા વગરના લાકડાંની બાંધી હતી. બાંબુનો પડદો ચાલીના સાટકા જેવાંજ લાકડાંનો તથા ચીડેલા બાંબુનો બનાવયો હતો. આ બંડળમા તેવું કાંઈજ નથી.

જુરીએ શાખસીને તપાસીઓ.

એક જુરર—તમે કહોછો કે તંબુને કાપવામા છુરીઓ વાપરી હતી. તે કેવી જાતની છુરી હતી? જ૦—કેવી હતી તે કાંઈ મેં જોઈતી નહી. મેં માતર તેમને દોરડાં કાપતાં જોયા હતા.

એક જુરર—તે છુરીઓ હીઆં આંણીછે? જ૦—એક નહી.

એક જુરર—ચાલીના છાપરાં ઉપર નલીઆં હતાં કે જાવલી?

જ૦—તે ઉપર માતર ખપેરા નાખેલા હતા.

એક જુરર—જમીન બાંધેલી હતી કે? જ૦—નહી.

એક જુરર—પાયો કાંઈ નહી હતો? જ૦—નહી.

એક જુરર—બરાબર જમીનની ઉપરજ બાંધી હતી? જ૦—હા.

એક જુરર—આ ચાલીને માટે લાકડું કાંહાં ઘડયું હતું?

જ૦—કાંહાં ઘડયું હતું તે હું જાણતો નથી. તેને આઈતું ઘડેલું ડુંગર ઉપર આણયું હતું.

હીઆં મી૦ ડફીની શાખશી સમાપત થઈ.

લખશમણ જમાદારની શાખશી.

મી૦ ફરગયુસને તપાસયો.

હું જમાદાર છઉં. મારૂં નાં૦ ૨૦ મું છે. વાલકેશવર ડીવીજનમાં ડયુટી ઉપર છઉં. ગઈ તા૦ ૨૭ મી મારચનો દીવસ મને યાદછે. તે દીને પારસીઓના દોખમાં અને મીઉનીસીપાલ કચરો બાલવાની જગાની વચે પાછલા પોહોરે હું ગયો હતો, તે મને યાદ છે. હું મારી સાથે એજ જીલાના બે પોલીસ સીપાઈઓને લઈ ગયો હતો. સાંજના (૫) વાગતા પછે હું ગયો હતો. આસરે ૧૦ મીનીટ હું રહયો હતો.

સ૦—તમે જારે પાછા આવયા તારે પોલીસના કોઈ સીપાઈને રાખી આવયા હતા? જ૦—નહી.

સ૦—એ જગા આગળ પોલીસને રોન ફરવાનું ઠેકાંણું છે?

જ૦—હા.

સ૦—તારે રોન ફરનારા પોલીસના માણુશ સીવાએ બીજા કોઈ માણુશને તમે તાંહાં રાખી આવયા હતા? જ૦—નહી.

તારપછે તા૦ ૩ જી એપરેલને દીને હું તાંહાં ફરીથી ગયો હતો.

સ૦—તે વખતે તમારી સાથ કોણ આવયું હતું?

જ૦—મી૦ સુપરીનટેનડંટ બરાઉન.

અમે તાંહાં સુરંગ ફોડવાની રજા માંગવાને એક અરજી થવાથી મનાડી ફેરવવા સારૂં ગયા હતા. મનાડી ફેરવી હતી. તાંહાં અમોને કોઈ મળયા નહી હતા. પાછા ફરતી વેળા અમોને આ (દેખાડેછે) પારસી માંણેકજી મળયો. મી૦ બરાઉને તેની સાથ વાત કીધી. હીંદુસતાંનીમાં. તેને કહયું કે "સુરંગ ફોડવા બાબે થાલી પીટાવીછે, તેમાં તમને કાંઈ વાંધો છે." માણેકજીએ જવાબ દીધો કે "હું ચીઠી લખીને પોલીસ આફીસમાં મોકલશ. આ લોકો મારાં ઝાડોને નુકસાન કરેછે. તેટલા વાસતે હું તેમની ચાલી અને તંબુનો નાશ કરશ." મી૦ બરાઉને જવાબ દીધો કે "તમારાં ઝાડોને નુકસાન થવાનું તમો કહોછો, તે બાબે દેવાંની કોરટમાં ડામીજની ફરીઆદી માંડો અને જો ચાલી તથા તંબુનો નાશ કરશોતો અમે તમોને પકડીશું." તે દાહાડે બીજું કાંઈ બનયું નહી. તારીખ ૪ થીને દીને વાલકેશવરની ચોકીમા હું ડયુટી ઉપર હતો. સહવારના ૬॥ વાગતે ગામદેવીના રસતા ઉપર હું ગામદેવીની ચોકી આગળ હતો. ગામદેવીના રસતા ઉપરથી દોખમાઓ ઉપર તેમજ વાલકેશવર જવાયછે. તે રસતા ઉપર મેં ચાર પરદેશીઓને હાથમા જાડી લાકડી સાથે દીઠા. દોખમાઓની તરફ તેઓ જતા હતા. મેં તેમને

ઉભા રાખી પુછી જોયું અને તે પછે તેમના હાથમાથી લાકડીઓ લઈ લીધી અને તેઓને મી૦ બરાઉનને બંગલે લઈ જઈ મી૦ બરાઉનને રીપોરટ કરયો તથા લાકડીઓ તેને દેખાડી. તે પરદેશીઓને તાંહાં અટકાવી રાખયા. લાકડીઓને અમારા સવાધીનમા લીધી, જે મેં એક સીપાઇના હાથમા આપી, તે સીપાઈનું નામ હું જાણતો નથી. મી૦ બરાઉને અમે શું કરવું તે બાબે કેટલુંક ફરમાવયું હતું. તે ઉપરથી પરદેશીઓ, શીધીઓ અને મુસલમાનોની એક શંખયા જે દોખમા તરફ જતી હતી, તેમને અમે અટકાવયા અને પકડી લાવીને મી૦ બરાઉનના બંગલાના કંપાઉંડમા રાખયા. એ પરમાણે ૬૧ જણને થોબાવયા હતા. તેઓ મગોલો, સીધીઓ, મહમદીઆનો, એક પારસી અને એક ઈરાની હતા. આ સઘળાઓને પકડેલા મેં જોયા નહી હતા. હું તો કેટલાક સીપાઈઓ તથા એક હવાલદાર સાથે દોખમાઓની આગળના એક જમીનના કકડા ઉપર ગયો હતો. જે ચાર જણાઓને મેં પોતે પકડયા તે ઉપરાંત ૨૦ થી ૨૫ જણને પકડેલા મેં જોયા હતા. એ ૨૦ થી ૨૫ જણના હાથમા લાકડીઓ હતી. સોટા નામની જાડી લાકડીઓ હતી. તેઓ ચચાર પાંચ પાંચની ટુકડીમા ડુંગર ઉપર જતા હતા. તેમને પકડયા તારે ચાલી અને તંબુ વાળી જગાની તરફ તેઓ જતા હતા. હું તે જગા ઉપર મી૦ બરાઉનના હુકમથી ગયો હતો. મારી સાથ એક હવાલદાર અને ૧૦ કે ૧૨ સીપાઈઓ હતા. મેં તાંહાં થોડાક પરદેશીઓ અને પઠાણોને દીઠા તથા ચાલીમા મેં મી૦ ડફીને દીઠો. તે વખતે સહવારના ૯ વાગેલા હતા. તે માણશો ફતરા બાંજતા હતા. દોખમાના કંપાઉંડની અંદર પારસીઓને ભેગા મળેલા મેં દીઠા હતા. તાર પછે મી૦ બરાઉન અને મી૦ માકડરમાટ તાંહાં બગીમા બેસીને આવયા. તેઓ બગીમાથી ઉતરયા પછે તેઓને એક બીજા પોલીસના સીપાઇએ કંપાઉંડમા ભેગા મળેલા પારસીઓનું ટોલું દેખાડયું. મી૦ માકડરમાટ, એક હવાલદાર અને ૧૦ ઇઆ ૧૨ પોલીસના સીપાઈઓને તે જગા ઉપર મેળીને મી૦ બરાઉન અને હું સાથે એક બગીમા બેસી કમીશનરને બંગલે ગયા. રીપોરટ કરવા સારૂં મી૦ બરાઉન કમીશનરને બંગલે ગયો. રીપોરટ કીધા પછે અમે આ જગા તરફ પાછા ફરયા. અમે અડકે રસતે પાછા ફરયા એટલામાં એક સીપાઈ સાંમેથી દોડતો અમોને આવી મળયો અને મી૦ બરાઉનને કાંઈ કહયું. તે ઉપરથી અમે મીઉનીસીપાલ કચરો બાલવાની જગા તરફ બગીમાજ ગયા અને તાંહાં ઉતરયા. તાંહાં અમે કાંઈ દીઠું નહી, પણ તાંહાંથી અમે દોડતા આ જગાના કકડા ઉપર આવયા અને આસરે ૩૦૦ માણસોને ચાલી તથા તંબુ આ

ગળ ભેગા મળેલા જોયા. ચાલી અને તંબુનો કાટ સઘલો જમીન ઉપર પડેલો હતો અને એ ૩૦૦ માના કેટલાકો તેને ભાંજફોડ કરતા હતા તથા કેટલાકો તે સઘલી ચીજોને મીઉનીસીપાલ ખાતાંના આત શ ઉપર નાખતા હતા. કેટલાકોના હાથમા બાંબુની લાકડી હતી, કેટલાકોના હાથમા ચુનો કુટવાના વાંસા હતા, કેટલાકોના હાથમા સોટા હતા, કેટલાકોના હાથમા કોહાડા હતા, કેટલાકોના હાથમા પહરાઈ હતી, અને કેટલાકોના હાથમા પાવરા હતા. તેઓમા પાર સીઓ, ઇરાંનીઓ, મોગલો અને ચાર, પાંચ મહમદીઆંનો હતા.

જડજ—મહમદીઆંનો એટલે શું ? હીંદુસતાનના મુસલમાનો!

જ૦—હા, હીંદુસતાનના મુસલમાનો.

અમે પાછા આવી પુગા તારે ચાલી તુટી પડેલી હતી, પણ થો ડાક સાટકા ઉભેલા હતા. તંબુ સઘલો જમીન ઉપર પડેલો હતો. તે સઘલાં માણસો આખી જગા ઉપર ફરી વળયાં હતાં અને સઘલી ચીજ ભાંજફોડ કરતા હતા. થોડાકોને મેં બાબુલનાથના દેહડાં તરફ નાહાસી જતાં જોયા.

જડજ—ચોપાટી અને દોખ્માઓની વચે ડુંગરની કીનારી ઉપર જે દેહડું આવેલું છે તેજ કે ? જ૦—હા. મારા લારડ.

દોખ્માંની દેવાલ આગળની પાસે પાસે જે વાટ પડેલોછે તાંહાંથી તેઓ નાહાઠા હતા. મી૦ બરાંઉન હંઇથી તંહી ફરતો અને માણસો ને સમજાવતો તથા ચીજોને ભાંજી નાખતાં વારતો હતો. તેના હુક મથી મેં ચાર માણસોને પકડયા. તે માણસોને હું દેખાડી શકશ.

એ પછે શાખ્ખસીએ બંધવાઓના પીંજરામાં જઈ માણેકજી દોરા બજી, ના૦ ૧; કાવસજી સોહરાબજી ના૦ ૨; પેસતનજી નસરવાંનજી ના૦ ૩૫; અને કાવસજી માંણેકજી ના૦ ૨૪ ને ઓલખાવયા.

સ૦—બીજું કાંઈ તમે જોયું ?

જ૦—હા. કેટલાક માણસો એક બાકસ ભાંજતાં હતાં, તેમની આગળ મી૦ બરાઉન દોડવા જતો હતો, તેવામાં મેં જોયુંતો એક પા રસી બેહુ હાથમાં ચુનો કુટવાનો એક જાડો વાંસ ઉંચે પકડીને તેની પાછળ દોડતો હતો. તેની તરફ મી૦ બરાઉનની પીઠ હતી. તે મી૦ બરાઉનથી માતર ચાર પાંચ કદમ દુર હતો. હું તેની પછવાડે દોડી ગયો અને તેના હાથમાંથી મેં તે જાડો સોટો છીનાવી લીધો.

જડજ—સોટો અને ચુનો કુટવાનો વાંસ એકજ કે ?

જ૦—હા, મારા લારડ.

તે ચુનો કુટવાનો વાંસ મેં ના૦ ૭૫૨ વાલા પોલીસ સીપાઈના હા થમા આપયો, અને તે પારસીને પણ પકડીને મેં તેજ સીપાઈના સ વાધીનમા આપયો. હું તે શખ્ખસને ઓલખું છઉં.

(શાખસીએ બંધવાઓ વચે જઈને એદલજી દાદાભાઈ, બંધવા નાo ૪૩ માને ઓળખાવયો.)

ચુનો કુટવાના તે વાંસને પણ હું પીછાંણું છઉં (દેખાડેછે) તે આ રહયો. તેને પોલીસમા પણ મેં પીછાણયો હતો. તેને એક લોઢાંની ખોલી જડેલી છે, તે મરડાયલો છે, વચોવચમાંથી તેનું એક ગાબડું નીકલી ગયલું છે, અને સુખડ પેનસીલથી મેં તે ઉપર નો શાણ કરેલી છે, એ સઘલી નીશાણીઓથી હું તેને પીછાણું છઉં. તે પેનસીલની નીશાણી તે ઉપર હાલ નથી. પોલીસમા લાકડીઓ તો ઘણી હતી, તેમાથી આ તે પારસીના હાથમાંની ઝુંતી લીધેલો વાંસ મેં પીછાણયો હતો.

મીo ફરગયુસન—મારા લારડ, હવે હું આ ચુનો કુટવાનો વાંસ શાખસી દાખલ રજુ કરૂં છઉં.

ભાંજેલી ચીજોને કેટલાકો આતશમા નાખવા લઈ જતા હતા અને બીજાઓ ડુંગરની કીનારી ઉપરથી બાકબેની બોરદુએ નાખી દેવા સારૂં લઈ જતા હતા. આગમા નાખવા લઈ જનારા કેટલાક શખસોને હું ઓળખું છઉં.

(હીઆં શાખસીએ ગણુ માધુ, નાo ૫૦ માં તથા મહમદ ઈસમાલ, નાo ૪૦ માં બંધવાઓને ઓળખાવયા.)

એ શખસો સાટકા તથા ખપેરાને આતશમા નાખવા લઈ જતા હતા.

જડજ—કાંહાંથી ઉંચકીને લઈ જતા હતા?

જo—તોડી નાખેલી ચાલી અને તંબુ વાલી જગા ઉપરથી.

એ સાદરાં મેં ચાલીના છાપરાં ઉપર દીઠાં હતાં, કે જે ઉપર નલીઆં નહી પણ ખપેરા નાખેલા હતા. કમીશનરને તાંહાં ગયા તારે અમે આતશ કાંઈ જોયો નહી હતો, અમે પાછા આવયા તારે મોટા બલતાંના ભભુકા ઉઠતા હતા. તે બલતાં જોઈને તેની આસપાસ મેં પોલીસના સીપાઈ રાખયા. તેની આગમચ આતશ ઉપર ચીજો લઈ જનારા શખસોને મેં કહયું કે "તમે એમ કરોછો તેથી આગ લાગશે અને હીઆં નજદીકમા ઝુપડાં તથા ઘાસની ગંજીઓ છે, તેનો તમે નાશ કરશો." તે આગની આસપાસ સીપાઈઓ રાખવાપછે તેઓ અટકયા. કમીશનર આવયો તારે હું તે જગા ઉપર હતો. તેના હુકમથી તેજ જગા ઉપરના ભાંજફોડ કરનારા લોકોને પકડીને મારા સવાધીન મધે આપવામા આવયા.

જડજ—તે કેટલા હતા? જo—આસરે ૩૦ હતા.

મીo બરાઉને આગમચથી મને સોંપેલા બંધવા પણ એ ૩૦ મધે છે. હું તેઓને ઓળખું છઉં.

(હીઆં શાખસીએ બંધવાઓ વચે જઈને હેડલ ટાંકેલા શખસોને ઓળખાવયા, ના૦ ૪૮, ૪૫, ૧૯, ૫૦, ૪૯, ૩૨, ૩૬, ૪૪, ૧૬ મો મેહેરવાંનજી જમશેદજી, ૨૪ મો કાવસજી માણેકજી, ૩૪, ૩૧, ૨ જો કાવસજી સોહરાબજી, ૪૩ મો એદલજી દાદાભાઈ, ૩૦ મો સોહરાબ જી પેસતનજી, ૨૭ મો કાવસજી ફરાંમજી, ૨૩ મો ફ્રેખુશરો કીકાભાઈ, ૩૧ મો કાવસજી બહમનજી, ૨૮ મો અરદેસર મેહેરવાંનજી, ૩૫ મો પેસતનજી નસરવાંનજી, ૪૭ મો જાંહાંગીર રસતમજી, ૧ લો મા ણેકજી દોરાબજી, ૧૫ મો અને ૪૦ મો.)

પોલીસના માણશ વીશે ફરીઆદ.

મી૦ આનસટી—મારા લારડ, હું ધારૂં છઉં કે તાંહાં પછવાડે પેલો જબરો માકડરમાટ ઉભો છે. મેં તે પોલીસના માણશને આ જમાદાર તરફ હાથ ઉંચકતાં મારી નજરે જોયોછે અને હું ખચીત મા નું છઉં કે આ તપાસ ચાલેછે, તારે સઉથી સરસતો તેઓ એટલુંજ કરી શકે કે બંધવાઓથી જરા દુર તેઓએ ઉભા રેહેવું. હું ખાતરીથી કહું છઉં કે પેલો કાનસટેબલ જેને હું પેહેલાં માકડરમાટ સમજયો હતો, તેને હાથ ઉંચકતાં મેં જોયો. મી૦ બેલીની પાસે ઉભેલો પેલો જવાનીઓ.

મી૦ આનસટીએ દેખાડેલો જવાનીઓ—મારા લારડ, જો મી૦ આનસટી મારે વાસતે કેહેતો હોયતો હું કહું છઉં કે મેં એવું કસું કરયું નથી.

મી૦ ફરગયુસન—મારી ઘણી ખાએશ છે કે પોલીસનો એકેએક માણશ કોરટની બાહેર રેહતો સારૂં.

મી૦ આનસટી—એ વીચારને હું તદન મળતો થાઉં છઉં, મારા લારડ.

બંધવાઓની પછવાડે ઉભેલા સઘલા પોલીસના માણસોને તાંહાંથી બાહાર કાહાડવાનો જડજે હુકમ કરયો.

શાખશી આગલ ચાલી—મારા સવાધીનમા આપેલા આ બંધવાઓ ઉપરાંત દોખમાંના કંપાઉંડની અંદરથી કેદી તરીકે કેટલાક માણશોને બાહાર લાવેલા મેં દીઠા. તંબુ ખેંચી કાહાડતી વેળા ટોલાંમાં શાંમેલ તરીકે તેમાના કેટલાકોને મેં તથા બીજા સીપાઈઓએ ઓળખાવયા. એ રીતે બાહાર પકડી લાવેલામાના કેટલાકોને હું હજી ઓળખું છઉં.

(હીઆં શાખશીએ નીચલા બંધવાઓને ઓળખાવયા. હોરમજજી ભીખાજી ના૦ ૧૮, દારાશાહ પાહુલનજી ના૦ ૧૦, ખશરૂ હોરમજ ના૦ ૨૨, કાવસજી સોહરાબજી ના૦ ૧૭, ડોસાભાઈ માંણેકજી ના૦ ૩)

જેઓને પોલીસે નહી ઓળખ્યા તેઓને છોડી દીધા. આસરે ૧૩ કે ૧૪ જણને તેમ છોડયા. આ બંધવાઓમાના ઘણાખરાઓને હું આગમચથી ઓળખતો હતો. પોલીસમાં મેં ૨૬ વરશ થયાં ચા કરી કીધીછે. ૧૮૬૫ ના શાલથી હું જમાદાર છઉં.

હીઆં કોરટ આગલનીજ મીશાલે બરખાસત થઈ.

પાંચમો દીવસ—સુકરવાર, તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૭૩.

મી૦ આનસટીએ ફિલટ પાલટ તપાસ્યો.

સ૦—હવે, જમાદાર સાહેબ, ડુંગરની જગા ઉપરજ પકડીને તમારા હવાલામાં આપેલા બંધવા તરીકે ના૦ ૭, ૧૫, ૨૮, ઈઆ ૪૪ માના એકબી જણને પોલીસ કોરટમાંતો તમે ઓલખાવયા નહી હતા, તેનું કેમ? જ૦—જેમને હું ઓળખતો તેમને મેં ઓળખાવયા.

સ૦—મારા સવાલનો જવાબ આપો, સાહેબ. તમે પોલીસ ફોજમા ઘણા જુના છો, માટે સવાલના જવાબ કેમ આપવા તે તમે સારી રીતે જાણોછો. જ૦—પેલા બે માણસોને મેં પોલીસ કોરટમાં દેખાડી આપયા હતા.

સ૦—તેઓના નામ અથવા નંબર શું છે? જ૦—તેઓના નામ અથવા નંબરો હું પીછાણતો નથી.

સ૦—હેઠે ઉતરો ને દેખાડો.

શાખ્ખસીએ ઉતરીને ના૦ ૧૫ તથા ૪૪ વાલા બંધવાઓ બતાવંયા.

સ૦—હવે સાહેબ તમે એવું ડોલ ઘાલોછો કે આ બે માણસોને તે ડુંગરવાલી જગા ઉપરથીજ તમારે હવાલે આપેલા બંધવાઓ દાખલ તમે પોલીસ કોરટમા ઓલખાવયા હતા? જ૦—હા.

સ૦—પોલીસમા આપેલી તમારી મુખોચ્ય મુખજુબાંની ઉપરથી હું વાચું છઉં તે સાંભળો, (વાંચેછે) "કમીશનરે આવીને જગા ઉપર બાકી રહેલા શખ્ખસોને કેદ કરવાનો હુકમ આપવાથી આ લોકોને પકડયા અને તેમના સવાધીનમા હું રહયો." એ પછે તેઓમાના કેટલા જણને પોલીસમા તમે ઓલખાવયા તેની ટીપ હું કહી સંભળાઉં છઉં (એ આખી ટીપ કહી સંભળાવા પછે) હવે જોયું કે એ આખી ટીપમા આ બેહુ જણને તમે નથી ઓળખાવયા. એ ઉપરાંત વળી ઉપલા ચારમાના બીજા બે જણ ના૦ ૭ અને ૨૮ ને પણ તમે એ પરમાણે ઓળખાવયા નથી? જ૦—પોલીસ કોરટની મારી શાખસીની મેં કાંઇ નોધ રાખી નથી. મેં કદાચ ભુલ કીધી હોય, બંધવાઓએ હીઆં પોતાના પોશાક બદલી નાખયા હશે.

સ૦—હવે મને જરા સમજ પાડશો કે જેઓને તમે પોલીશમા નહી ઓળખયા તેઓએ પોશાક બદલવાથી તેઓને હીઆં કેમ ઓળખી શકાય? હજી એથી ઉલટું એમ કહોતો ચાલે કે જેઓને તમે પોલીસમા ઓળખયા તેઓ પોસાક બદલવાથી હીઆં ઓળખી શકાશે નહી? જ૦—હું જેમને ઓળખી શકુ છઉં તેમને હીઆં ઓળખાઉં છઉં.

સ૦—તારે એમ કહોની કે મારા આ જબરદસત સવાલનો તમારી પાસે જવાબ નથી. હવે સાહેબ બીજી વાતપર આવીએ. તમારા સવાધીનમા આપેલા બંધવા દાખલ પોલીસ કોરટમા તમે ૧૨ જણાઓને ઓળખાવયા હતા, તેઓને હીઆં ઓળખાવયા નથી. બંધવા નં૦ ૫, ૮, ૧૧, ૨૦, ૨૧, ૨૫, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૬, અને ૨૨ ઉભા થાઓ.

એટલા બંધવા ઉભા થવા પછે.

સ૦—હવે સાહેબ આ ૧૨ જણાઓને તમે ગઈ કાલે ઓળખાવયા નથી, પણ પોલીસમા ઓળખાવયા હતા. કે? જ૦—હા.

સ૦—અને તેજ જગા ઉપર પકડીને તમારે સવાધીન આપેલા દાખલ દેખાડી આપવામા એ બાર જણમાનાં થોડાકોની ખુટ પુરવા સારૂં તમેં હીઆં બીજા સાત જણાઓને ઓળખાવયા છે કે જેઓને પોલીસમા તમે કુદલ ઓળખાવયા નહી હતા?

જ૦—મને યાદ નથી.

નં૦ ૧૩, ૩૨, ૪૪, ૩૪, ૩૧, ૨૮ અને ૧૮ વાલા બંધવાઓને ઉભા થવાને મી૦ આનસટીએ ફરમાવયું.

સ૦—તેજ જગા ઉપર પકડાઈને તમારા સવાધીનમા આવેલા દાખલ આ સાત જણાઓને તમે ગઈ કાલે પેહેલીજ વાર શું નહી ઓળખાવયા? જ૦—હા. પોલીસ કોરટમાં મેં કહયું હતું કે હું એ લોકોને ઓળખું છઉં.

સ૦—તમારા જુબાની પતર ઉપર તમે સહી કરવા આગમચ તે તમોને વાંચી સંભળાવયો તથા સમજાવયો હતો, નહી વારૂં?

જ૦—હા.

સ૦—તારે હવે તમે કબુલ કરો છો કે નં૦ ૨૦ અને ૧૫ વાલા શખસો વીશે તમે યાતો હીઆં અથવા પોલીસ કોરટમા એવી જુબાની આપી છે કે જે ખરી નથી?

જ૦—હું કબુલ કરૂં છઉં, કે નંબરો બાબે મેં ભુલ કીધી છે.

સ૦—અને તે માણસોને પોતાને બાબે પણ ભુલ કીધી? જ૦—હા.

હવે નં૦ ૧૯, ૩૧, ૩૨, ૩૪ વાલા બંધવાઓને ઉભા રાખયા.

સ૦—આ લોકો તરફ ફરીથી જુવો. એ લોકોને કંપાઉંડમા થી પકડયા છે એવા શું તમે પોલીસ કોરટમા સોગંદ નથી લીધા?

જ૦—મને યાદ નથી. મારાથી એમ કેહેવાયું હોય. એ લોકો તો (વાંધા વાલી) જગા ઉપરજ હતા.

સ૦—તેઓ કાંહાં હતા તે હું પુછતો નથી. તમે તમારી મુખ્ય જુબાનીમાં એ લોકો વીશે લખાવયું હતું કે (વાંચેછે) "તેઓને કંપાંઉંડમાંથી બાહેર લાવવામાં આવયા હતા. જમીન ઉપરથી તેઓને દેખમામા નાહાસી જતાં મેં જોયા હતા." હવે તારે જોયું કે? એ ધણીઓને તમે ગઈ કાલે તે જગા ઉપરજ પકડેલા કહયા હતા, પણ પોલીસમાં તેઓને જગા ઉપરથી પકડેલા નહી પણ કંપાંઉંડની અંદર થી પકડી લાવેલા કહયા હતા?

જ૦—પોલીસમા પણ મારી કેહેવાની મતલબ એજ હતી.

સ૦—તે મતલબ કારે હતી?

જ૦—પોલીસમાં મેં શાખશી આપી તારે.

સ૦—ગઈ કાલે તેમ કાંએ નહી કહયું?

જ૦—મને સવાલો પુછયા તેનો મેં જવાબ દીધો.

સ૦—ગઈ કાલે આ ચાર શખસોના નામ સગરીમાંથી પકડેલા દાખલ શું તમે નથી કહયાં? પણ પોલીસમાં તેમને વીશે જુદુંજ કહયું?

જ૦—પોલીસમા પણ મને પુછેલા સવાલોના મેં જવાબ આપયા. આ ચાર શખસો વીશે મને કોઈએ પુછયું નહી હતું.

સ૦—હા, તમે પોલીસના માણસોનું એ સાધારણ બોલવાનુંછે.

(હવે ના૦ ૭, ૩, અને ૨૨ વાલાને મી૦ આનસટીએ ઉભા રખાવયા)

સ૦—આ તરણ જણ વીશે તમે ગઈ કાલે એવું કહયું કે તેમને કંપાંઉંડમાં પકડયા હતા, પણ પોલીસમાં તમે એમ નથી કહયું?

જ૦—મને એઓ વીશે સવાલો પુછયા નહી હતા.

સ૦—તમે સોગંદ ખાશો?

જ૦—ના૦ ૨૨ વીશે કાંઈ એવું કહેલું મને યાદછે કે તેને કંપાંઉંડમાં પકડીને મારી જોડે બાહેર આણયો હતો.

સ૦—તમે તમારી જુબાંની વાંચી સંભળાવાજ મને માતર મેહેનત આપોછો અને પછે બરાબર બોલોછો. તમે આ શાખશી આપવાના આ પીંજરામાં ઘણીવાર આવયાછો. બલકે ૨૬ વરશ થયાં તમારી ફરજનો તે એક ભાગ હશે? જ૦—હા.

આ ઠેકાંણે શાખશીને ઘણા લંબાણથી એજ સવાલ ઉપર તપાસવામાં આવયો અને ફરી ફરીથી તે હા ના કરયા કરતો હતો.

સ૦—હું ધારૂં છઉં કે આ માણશોમાના દરએક જણને ગુનેહગાર ઠરાવામા તમે અને તમારા બીજા મળતીઆઓ એક આબરૂ

ભરેલી બીના સમજોછો કેમ વારૂં ? જ૦—નહી, અમે સરકારની ચા કરી કરનારા કદી એવું નહી કરીએ. (હસવાનું).

સ૦—તે દીને કંપાઉંડમા બે પાએદસત આવી હતી, નહી વારૂં ?

જ૦—મેં કોઇ દીઠી નહી.

સ૦—તમે દીઠી કે નહી તે હું પુછતો નથી. તે પાએદસતો આવેલી તમે શું જાણતાબી નથી ?

જ૦—મેં જોઈ નહી તારે હું કેમ કહી શકું ?

સ૦—તમોને કેહેવું પડશે, સાહેબ. આ પાએદસતો વીશે તમોને કોઇએ ખબર નહી આપી ? શું તમે એમ માનતાબી નથી ?

જ૦—મને કોઈએ કહયું નથી.

સ૦—એક પાએદસતબી નહી ? જ૦—એકબી મેં જોઈ નથી.

સ૦—પારસીઓની પાએદસતની કીરીઆ તાંહાં થાયછે તે શું તમે જાણતા નથી ? જ૦—તાંહાં પાએદસતની કીરીઆ જોવા સારૂં હું કદી અંદર ગયો નથી, પણ હું એટલું જાણું છઉં કે મુદડાંઓ ને તેઓ દોખમાંમા લઈ જાયછે.

સ૦—તેમને દોખમે લઈ જતાં તમે જોયાંછે ? જ૦—હા.

સ૦—પારસીઓનો રેવાજ પાએદસતે ચાલી જવાનો છે ?

જ૦—હા.

સ૦—અને ડુગરની હેઠલી જમીન ઉપર તેઓ પોતાની ગાડીઓ તથા બગીઓને રાખેછે, કે પાએદસતની કીરીયા પુરી થવા પછે તે ગાડીઓમા બેસીને તેઓ ઘર જાય ? જ૦—હા.

સ૦—તમે પકડેલો એક બંધવો બગીવાળો છે, નહી વારૂં ?

જ૦—હા, ના૦ ૨૭ વાલો કાવસજી ફરાંમજી.

સ૦—તમે સોગંદ ખાઇ કેહેશો કે એક પાએદસતની મીજલશમા આવેલા એક ઇઆ વધુ શખસોને માટે ગાડી લાવવા સારૂં એ બંધવો આવેલો નહી હતો ? જ૦—કોઈપણ પાએદસતને લગતા કોઈ પણ માણશને મેં દીઠો નથી, અને જાંહાં આ ચાલી અને તંબુ તોડી નાખયા તાંહાં કાંઇ પાએદસતો આવતી નથી.

હવે ના૦ ૧૨, ૨૧, ૧૮, ૪૧ અને ૪૨ વાલા બંધવાઓને ઉભા થવા ફરમાવયું.

સ૦—તમે જાણોછો કે આ એકેએક શખસ તે દીને પાએદસતે આવેલો હતો. જ૦—મેં તાંહાં કોઈ પાએદસત દીઠી નહી.

સ૦—તમોને શું જોવા અને શું નહી જોવા ગમેછે તે હું પુછતો નથી. પણ આ સઘલા અથવા થોડાક જણ તે દીને પાએદસતે આવેલા હતા ? જ૦—હું જાણુતો નથી.

સ૦—ડુંગર ઉપર "મીઉનીસીપાલ કચરો બાલવાની જગા આગળ જાંહાં ચાલી અને તંબુનો નાશ થયો તે તરફ" પેલા ૬૧ કેદીઓ ચચાર અને પાંચ પાંચની ટુકડીમા ગયા તારે તમે કાંહાં હતા?

જ૦—હું ગામદેવીના રસતા ઉપર હતો.

સ૦—તાંહાં તો ખરા, પણ તે રસતાના કીઆ ભાગ ઉપર હતા?

જ૦—મી૦ બરાઉનના બંગલા આગળ.

સ૦—અને શું તમે એવું કેહેવા માગો છો કે એ ઠેકાણેથી ડુંગર ઉપર "મીઉનીસીપાલ કચરો બાલવાની જગા ઉપર જાંહાં ચાલી અને તંબુનો નાશ થયો તે તરફ" નું તમો ને દેખાતું હતું?

જ૦—નહી, મને નહી દેખાતું હતું.

સ૦—તે ૬૧ માણસો જતાં હતાં તે વેળા જાંહાં તમે ઉભેલા તાંહાંથી શું દેખમાં વટીક તમોને દીસતાં હતાં? જ૦—નહી.

સ૦—તારે સાહેબ, જો તમોને નહી દેખમાં દેખાતાં, નહી ચાલીઇઆ તંબુ દીસતો કે નહી તે જમીનનો કકડો દીસતો હતો, તો પણ તમે મી૦ ફરગયુસનના સવાલનો એવો ખોટો જવાબ સા વાસતે દીધો?

જ૦—કેમકે તે જગા ઉપર જવાનો રસતો એ છે.

સ૦—પણ તેમ બીજી ઘણી જગાઓ ઉપર તે રસતેથી જવાય છે. હાનરએબલ મી૦ ગીબસના ઘર ઉપર પણ તાંહાંથી જવાય છે? જ૦—હા.

સ૦—હવે સાહેબ, ચચાર પાંચ પાંચની ટુકડીમા ૬૧ માણસો મી૦ બરાઉનના બંગલા આગળથી પસાર થયા તે સીવાએ કશું વધારે તમે તે વેળા દીઠું હતું?

જ૦—તેઓ બંગલો પસાર કરીને ડુંગર ઉપર ગયા.

સ૦—અને જેવો બંગલો પસાર કીધો કે તેઓ તમોને દીસતા નહી હતા? જ૦—નહી.

સ૦—તારે તેઓ આ જમીનના કકડા ઉપરજ જાયછે કે કોઇ બીજી તરફ જાયછે તે તમે કેમ જાણ્યું?

જ૦—કેમકે તે જમીન ઉપર જવાનો રસતો તાંહાંથી છે.

સ૦—અને વાલકેશવર જવાનો રસતો પણ તાંહાંથી છે?

જ૦—હા. લોકો તાંહાંથી વાલકેશવર જાયછે. હું આ જમીનના કકડા ઉપર વાલકેશવરને રસતે નહી પણ મી૦ બરાઉનના બંગલાને રસતે ગયો હતો.

સ૦—મી૦ બરાઉન તમારી સાથે ગયો હતો?

જ૦—નહી. તે જરાવાર પછે બગીમા આવયો. હું પેહેલી વાર તાંહાં ગયો તારે સહવારના આસરે ૮ા વાગેલા હતા. તે વેળા જે જગા ઉપર ચાલી અને તંબુનો નાશ કરવામાં આવયો તાંહાંસુધી હું ગયો હતો.

સ૦—શું સહવારના ૮ાા વાગતામાં ચાલી અને તંબુનો નાશ કરવામાં આપયો હતો? જ૦—નહી.

સ૦—તારે ચાલી અને તંબુનો નાશ કીધો, એવા બોલ શા માટે ફરી ફરીથી બોલયા કરોછો સાહેબ? જ૦—જે ચાલી અને તંબુનો પાછલથી નાશ થયો હતો, તાંહાં કચરો બાલવાની જગા આગળ હું અડધો કલાક થોભયો હતો. તાંહાં એકજ જગા ઉપર રહયો નહી હતો.

સ૦—પણ તારે તમે કાંહાંવેર ગયા હતા? તે વખતે સઉથી દુર મા દુર તમે કાંહાંવેર ગેયા તે હું જાણવા માગું છઉં. જ૦—હું સર કાવસજી જાંહંગીરના બંગલાની બોરદુની દોખમાની દેવાલ સુધી ગયો હતો અને જોયું કે થોડાક લોકો તાંહાં અંદર ભેગા મળેલા હતા.

સ૦—ગામદેવીના રસતા ઉપરથી તમે કંપાંઉંડની દેવાલના શઉથી દુરના છેઠા શુધી ગયા? જ૦—પેહેલી વખત ગયો તારે.

સ૦—પેહેલી કે છેલી વખતની મને દરકાર નથી. હું જાણવા માગું છઉં કે તમે મી૦ બરાઉનના બંગલા ઉપરથી દોખમાની છેક દુરમાં દુરની દેવાલ સુધી ગયા હતા? જ૦—હા. અડધા રસતા સુધી.

સ૦—અડધા રસતા સુધી એટલે શું? જ૦—એટલે કે દોખમાંની આખા દેવાલની આસપાસ મેં ચકરાવો લીધો નહા હતો.

સ૦—દેવાલની સઉથી દુરની બાજુએ તમે નહી ગયા?

જ૦—હા, હું ગયોતો.

સ૦—તારે મારા સવાલનો જવાબ કાંએ નહી આપયો?

જ૦—મેં જવાબતો ઘણોવાર થયો આપયોછે.

સ૦—હવે તે દુરમા દુર છેડેથી તમે શું જોયું તે કેહેવા જતા હતા તે કહો. જ૦—દોખમાના કંપાંઉંડની અંદર પારસીઓ અને ઇરાંનીઓને ભેગા મલેલા મેં દીઠા. તેઓ અંદર ઉભેલા હતા. તેઓ કેટલા દુર હતા તે હું કહી શકતો નથી, પણ મેં તેઓને અંદર એક ટેકડી ઉપર દીઠા હતા.

સ૦—તેઓ તમારીથી પાઆ માઇલ દુર હતા?

જ૦—મારાથી ૪૦૦ કે ૫૦૦ કદમ દુર હતા. હું ઉંચાણ જગા ઉપર હતો અને તેઓ એક ખાડાના પોલાંણમા હતા.

સ૦—પણ બે મીનીટ ઉપર તમે સપત લીધા કે તેમને તમે ઉંચાઇએ દીઠા, હવે કહોછો કે તેઓ તમારીથી નીચાણમા દીસતા હતા?

જ૦—તેઓ ટેકડી ઉપર હતા એવું હું બોલયો નથી.

સ૦—શું તમે દુભાશીયાને એમ કહેલું નામુકેર જાઓછો?

જ૦—મેં કહયું કે હું ટેકડીની બાજુએ હતો.

સ૦—તમે એમ પણ બોલયા કે તેઓને તમે કંપાંઉંડમાં એક ટેકડી ઉપર દીઠા. જ૦—મેં એમ નથી કહયું.

સ૦—તમે જાણોછો કે કોરટનો દુભાશીયો પોતે તમને ખોટા પાડી કેહેછે કે તમે એમજ બોલયા હતા.

જ૦—દુભાશીઓ કેમ સમજેછે તે હું જાંણુતો નથી. પણ મેંતો એમ કહયું હતું કે હું એક ટેકડી ઉપર હતો.

સ૦—અને જારે તમે એમ કહોછો કે તમે એક ટેકડી ઉપર હતા, તારે સાથે એવું કેહેવા માગોછો કે આ લોકો નીચાંણમાં હતા?

જ૦—જાંહાં તે લોકો ઉભા રહેલા તે જગા કેવી હતી અથવા ઉંચી હતી કે નીચી તે હું કહી શકતો નથી.

સ૦—એક વાત બોલીને ફેરવી નાખવાનો આ નાહાનો સરખો બનાવ જે સારા ભાગ્યેગે હમણા જુરીની નજરો નજર અને જુરીને કાને કાન બનયોછે, તે પછે તમે શું એવું ધારોછો કે તમે આ કમનસીબ બંધવાઓ શામે સપત લઈ જે કહયુંછે ઈઆ કેહેશો તેનો એક બોલ પણ આ ચંચલ જુરી માનશે?

જ૦—મેં જે દીઠું તે હું હીઆં કહું છઉં.

સ૦—એજ જગા ઉપરથી એજ પારસીઓ અને ઈરાનીઓ તમે મી૦ બરાઉનનેબી દેખાડયા હતા, નહી વારૂં? જ૦—હા.

સ૦—તમે તેમને પેહેલા દીઠા તારે મી૦ બરાઉન તમારી સાથે હતો? જ૦—નહી; જારે મેં તેમને પેહેલાં દીઠા તારે મી૦ બરાઉન આવેલો હતો કે નહી તેની મને ખબર નહી હતી. પણ તારપછે થોડેકવારે એક સીપાઈએ મને કહયું કે બરાઉન સાહેબ આવેલા હતા.

સ૦—થોડો વખત પછેતો એક મીનીટબી હોય. થોડો તે કેટલો થોડો? જ૦—તરણ ચાર મીનીટની અંદર.

જડજ—તમે એવું કેહેવા માગોછો કે બંધવાઓને પેહેલાં દીઠા પછે તરણ ચાર મીનીટમાં મી૦ બરાઉન આવી પુગો? જ૦—હા.

સ૦—મી૦ માકડરમાટ તેની સાથે હતો કે? જ૦—હા.

સ૦—અને કંપાઉંડની અંદર પારસીઓને ઉભેલા દીઠા તે તમે મી૦ બરાઉનને તથા મી૦ માકડરમાટને દેખાડયું? જ૦—હા.

સ૦—તે વખતે તમે કેટલા હજાર પારસીઓને જોયા?

જ૦—હજારતો નહી, આસરે ૫૦ કે ૬૦ પારસીઓ હતા.

સ૦—અને તારપછે એ અગતની ખબરનો રીપોરટ કરવા મી૦ બરાઉન તમોને મેળીને ગયો? જ૦—હા.

સ૦—અને તમે કહોછો કે તે જગા દોખમાઓથી વાલકેશવરની બોરદુએ છે?

જ૦—તે સર કાવસજી જાંહાંગીરના બંગલાની સામે છે.

જડજ—તમારી મતલબ કે કંપાઉંડની દેવાલ અને સર કાવસજી જાંહાંગીરના બંગલાની વચે એક જગા ઉપર? જ૦—હા.

હવે મી૦ આનસટીએ ના૦ ૧૬ વાલા બંધવાને ઉભો કરાવયો.

સ૦—તમે ઉપલી જગાએ ગયા અથવા જતા હતા તેવામાં આ ધણીને તમે સર કાવસજીના બંગલા આગળ દીઠો હતો. જ૦—નહી.

સ૦—તમે તાંહાં કોઈ માણસોને તાડીના જાહાડની સંભાલ લેતાં જોયા હતા? જ૦—તે બંગલા આગળ તાડીના જાહાડો ખારવીઓના તાબામા છે. મેં તેઓમાના કોઈને તે વેળા જોયો નહી હતો. સર કાવસજીના ભાઈ મી૦ હીરજી જાંહાંગીરને હું ઓળખું છઉં. તેવણ હીઆં હોયતો એક ફેસાદખોર તરીકે હું તેને ઓળખાવી શકુ નહી. ના૦ ૧૬ વાલો બંધવો આંજ છ વરશ થયાં તાડીના ઝાડોનો પટો ધરાવેછે એવું હું જાણતો નથી. મેં તેને કોઈવાર ડુંગરના તે ભાગ ઉપર જોયોછે.

સ૦—હવે મારા આ સવાલનો જવાબ શું આપવો તે બાએ સંભાલ રાખજો કેમકે હું તમને ચેતવણી આપું છઉં કે જો તમે સાચું નહી બોલશો તો તમોને એવી રીતે ખોટા પાડવામા આવશે કે જે તમોને ઠીક નહી લાગશે. એક વખત ઉપર આ બંધવો ના૦ ૧૬ મો ટાડોના ઝાડ આગલ હતો તેવામા એ જગા ઉપરથી તમે તેને કાહાડી મેળયો નહી હતો? જ૦—નહી.

સ૦—ઘણું સારૂં. હવે હું તમોને ચેતવણી આપું છઉં કે જો તમોને હજીબી કાંઈ ખોલાસો કરવો હોયતો હમણા કરો. (જવાબ કાંઈ નહી.)

સ૦—આ શખસ તાડી છેજનાર તરવારોછે એમ જારે કેહેવામા આવયું તારે શું તમે હાજર નહી હતા? જ૦—મી૦ બરાઉનને એ પરમાણે કેહેતાં મેં કોઈને સાંભળયો નહી હતો.

સ૦—તમે મી૦ બરાઉનને એમ કહયું હતું? જ૦—નહી.

સ૦—કાંએ નહી? જ૦—કેમકે હું નહી જાણતો હતો કે તે તરવારો છે.

સ૦—તમે કહોછો કે તમે તેને તાડીના ઝાડો આગલ જોતા હતા. તેને હંમેશ એ પરમાણે જોવાથી તમે એવો સાર નહી કાહાડયો હતો કે તાડીના ઝાડો તેના સવાધીનમા છે?

જ૦—હા, એમ સાર કાહાડીઓ હતો.

સ૦—અને તોપણ તમે મી૦ બરાઉનને કદી એમ નહી કહયું કે તે તાડીના ઝાડોનો પટાદાર છે?

જ૦—નહી, મને કોઈએ પુછયું નહી ને મેં કહયું નહી.

સ૦—તમેતો જેમ બને તેમ બંધવાઓનો મોટો ઘાન કાહાડવા માગતા હતા? જ૦—નહી, અમે તેવાજ શખસોને પકડયા કે જે

ઓ ચાલી અને તંબુને નાશ કરવામાં રેકાયલા હતા, ઈઆ જેઓ બખેડામા હાજર હતા.

સ૦—આ બખેડાની જગા ઉપર સોટો એવે નામનુ એક ઘાસ તી ભરેલું હથીઆર પહેલું હતું નહી વારૂં? જ૦—સોટો ઘાસતી ભરેલું હથીઆર છે, એવું કેહેવાનો તમારો અરથ હું સમજતો નથી. તમારા સવાલને જવાબ આપવા આાગમચ મારે તે સવાલ સમજ વો જોઇએ.

સ૦—હુંબી તે અરથ જાણતો નથી. પણ એ બોલ તમે પોતેજ કહપોછે? જ૦—તેમના હાથમા સોટા નામની લાકડીઆ હતી.

સ૦—તેઓ પાસે બંદુકો અને "રીવાલવરો" કેટલી હતી?

જ૦—તેઓ પાસે બંદુકો ઈઆ રીવાલવરો નહી હતી, પણ પહ રાઇઆ, કોહાડીઆ અને પાવરા હતા.

સ૦—પાવરા કેવા? ગાડીના પાવરા કે માલીના પાવરા?

જ૦—માલીના પાવરા.

સ૦—અને તાંહાંજ ઘાસની ગંજીઓ પણ હતી કે?

જ૦—ગંજીઓ તેજ જગા ઉપર નહી પણ મીઉનીસીપાલ કચરો બાલવાની જગાની પછવાડે હતી. જાવલીના છાપરાં તે જગાની પાસેજ હતાં.

સ૦—તે ખારવીઓના ઝુંપડાં કે? જ૦—નહી.

સ૦—તારે વળી એ જાવલીના ઝુંપડાં કોણના હતાં?

જ૦—ગવલીઓ, માલીઓ અને ભોસતીઓના હતાં.

સ૦—સઘલા પારસી પંચાએતના ભાડુત કે?

જ૦—હું નથી જાણતો.

સ૦—આ ચુને કુટવાનો વાંસ જોયો? એના મરડાયલા આકાર કરતાં, લોહાંની ખોલી કરતાં અને વચમાના ગાબડાં કરતાં આ સફેદ કાગજ સોગંદ ખાવા માટે સરસ નીશાણી નથી વારૂં? એ પોલીસની નીશાણી છે કે? જ૦—હા. આાતશપર કોઈ ચીજ નો નાખો એમ બોલતાં મેં કોઇને સાંભળયા નથી. હું સોગંદ ખાઇ કેહવશ. મેં ઓળખાવેલા ઘણાખરા માણસોને હું નજરે ઓળખતો હતો. કાલે મેં કહયુંછે કે હું સઘલાઓને નજરે ઓળખું છઉં.

હીઆં નં૦ ૩૫ વાલા બંધવાને મી૦ આનસટીએ ઉભો કરયો.

સ૦—એ બંધવાને કમીશનર આગળ ઉભો કીવો તારે તમે હાજર હતા કે? જ૦—હા. અમારામાના એક જણે તેના ગજવાંમાંથી કાંઈ કાગજીઆં કાહાડી તે કમીશનરને આપયાં.

સ૦—એ "અમારામાના એક જણુ" નું નામ શું?

જ૦—ગડબડંમા મને યાદ નથી રહયું.

સ૦—તમોનેતો કાંઈજ યાદ નથી. વારૂં એ ડુંગરની જમીન ઉપર બનયું કે કાંહાં? જ૦—જમીન ઉપર.

સ૦—એ ધણી તમારા લોકો—મી૦ સુટર સુધાં—ના નામો એક કાગજ ઉપર લખતો હતો, તે કાગજબી તેના ગજવામાંથી લીધેલાં કાગજોમાનું એક હતું ની? જ૦—તે કાગજ ઉપર શું લખતો હતો તે હું જાણતો નથી, પણ તેઓને પકડયા પછે જારે સઘલાઓ જમીન ઉપર બેહેલા હતા તારે એ બંધવો કાંઈ લખતો હતો ખરો.

સ૦—જમીન ઉપર અને કંપાઉંડમાં પકડેલા સઘલાંઓને એકઠા કીધા પછે કે આગમચ તે લખતો હતો?

જ૦—જમીન ઉપરના શખસોને પકડવા પછે.

સ૦—મી૦ સુટર અને બાકીનાઓ કંપાઉંડમાં ગીઆ આગમચ?

જ૦—પોલીસ અંદર જવા પછે.

સ૦—મી૦ સુટરબી અંદર ગયલો હતો તે વખતે? જ૦—હા.

સ૦—પણ તમે માજીસટરેટ આગળ એમ બોલયાછો કે "જારે બંધવાઓને કમીશનર આગળ ઉભા કીધા, તારે બંધવા પેશતનજીએ એક કાગજ કાહાડયું અને ડેપયુટી કમીશનરને આપયું?"

જ૦—હા હું એમ બોલયો હતો.

સ૦—તારે મી૦ વીનસેંટે તે કાગજ કાહાડયું તે વેળા મી૦ સુટર હાજર હતો કેની? જ૦—હા, હતો.

સ૦—તારે મી૦ સુટર તે વખતે કંપાઉંડમા ગયો હતો કે તેના જવા અગાઉં તેમ બનયું હતું? જ૦—મી૦ સુટર આવયા પછે કાગજ લેવામા આવયું પણ તેના અંદર જવા આગમચ તે ઉપર બંધવો લખતો હતો.

સ૦—જારે બંધવો લખતો હતો તારે બીજા સઘલા બંધવાઓની સાથે તે ખારવીઓના ઝુપડામાં હતો? જ૦—હા.

સ૦—મી૦ વીનસેંટે તેને પાછા કાગજીઆં આપયાં કે?

જ૦—હું જાણતો નથી.

સ૦—તમે શું નથી જાણતા સાહેબ કે તે કાગજ પાછું આપવામા આવ્યું નથી, પણ હજીસુધી તે કમીશનર અથવા તેના માણસો પાસે છે? જ૦—હું જાણતો નથી.

સ૦—તા૦ ૨૭ મી મારચ અને ૪ થી એપરેલ વચે એ શખસને તમે ડુંગર ઉપર જોયો હતો? જ૦—હા.

સ૦—તેના હાથમાં નોટીસ સાથે? જ૦—મેં નોટીસ જોઈ નથી. તે ૧ લા બંધવા માણેકજી દોરાબજી સાથે ઉભેલો હતો.

સ૦—વારૂં માણેકજી દોરાબજીએ તમોને કહયું હતું કે તે જેકબ જમાલને નોટીસ પોંહોંચાડવા આવયોછે? જ૦—હા, મને કહ

યુંતું. મેં બંધવાને કાંઈ કહયું નહી. માણેકજી દોરાબજીને મેં એ ટલુંજ કહયું કે "નોટીસ કીધા તે ઘણું સારૂં કીધું."

સ૦—તમે "ઘણું સારૂં" કેહેવા પછે પેસતનજી અને માણેકજી કાંહાં ગયા? જ૦—તેઓ દોખમાના કંપાઉંડની દેવાલની બાજુએ થી બાબુલનાથની તરફ ગયા.

સ૦—એ વખતે તમે કાંહાં ઉભેલા હતા?

જ૦—ચાલી અને તંબુની એક બાજુએ.

સ૦—એક બાજુએતો ખરાજ, બેહુ બાજુએ હોયજ નહી, પણ કાંહાં ઉભા હતા? જ૦—થોડેક દુર.

સ૦—થોડેક દુરબી ખરૂં, પણ આગળ હતું કે ઘણું દુર?

જ૦—દુર.

સ૦—માણેકજી અને પેસતનજીએ તમારી સાથ આ વાત કીધી તારે તેઓ કેઈ બાજુએથી આવતા દેખાયા? જ૦—તેઓ કાંહાંથી આવયા તે મેં નહી જોયું. મેં તેમને માતર ઉભેલા જોયા.

સ૦—તેઓ કુવરજી અને જેકબના બેગારીઓ સાથે કાંઈ વાત કરતા હતા? જ૦—નહી.

સ૦—મી૦ ડફી તે જગા ઉપર હતો? જ૦—નહી.

સ૦—આ બેમાના એકબી જણને તમે મી૦ ડફી આગળ જતાં દીઠો? જ૦—નહી.

મી૦—ડફી તે જગા ઉપર કાંઈ કામમા હતો? જ૦—તે મુદલ મારા જોવામા નહી આવયો. મી૦ બરાઉનના બંગલા ઉપરથી જતા ૬૧ જણમાના ૯ કે ૧૦ ને મેં પકડયા હતા. તેઓને મેં પુછયું હતું કે "તમે કાંહાં જાઓછો" કોઈએ કહયું કે અમે અમારા દોસતોને મળવા જઈએ છઈએ, કોઈ બોલયા કે અમે બાબુલનાથ ઉપર જઈએ છ ઈએ. પણ અમારા કામ ઉપર જઈએ છઈએ અથવા દોખમા તરફ જઈએ છઈએ એવું કોઈ નહી બોલયા હતા. તેઓના એ જવાબ મનમાનતા ન હી હતા. હું જાણું છઉં કે બાબુલનાથ હીંદુઓનું મંદીર છે, અને તે કાંઈ મસજીદ ઈઆ આતસબેહેરામ નથી. એ કેદ પકડેલા ૬૧ જણને મજગા બની આફીસમા કમીશનર આગળ મારા દેખતાં ઉભા કીધા હતા. મી૦ બરાઉન, મી૦ મીલસ અને મી૦ વીનસેંટ પણ તે વખતે હાજર હતા.

સ૦—તમે હાજર હતા, તારે તમે જાણતા હશો કે એ સઘલા ૬૧ જણને તેજ વખતે છોડી દીધા હતા કે નહી? જ૦—તેઓને છોડી મેળયા તાંહાંસુધી હું તાંહાં રહયો નહી હતો. હુંતો એક નાહ ના કંપાઉંડમાં પારસીઓને રાખેલા હતા તાંહાં ગયો. તે નાહનો કંપાઉંડ ૭૦ થી ૮૦ કદમ દુર હશે. પણ તે આરકતરો છે. એક કંપાઉંડમાં શું થાયછે તે બીજા કંપાઉંડમાં દેખાતું ઈઆ સંભળાતું

નથી. આ ૬૧ જણાઓને મોટા કંપાઉંડમાથી મેં જતાં જોયા નહી હતા. તે ૬૧ જણને કાંએ છોડી મેળયા અને પારસીઓને કાંએ નહી છોડયા તે હું જાણતો નથી. તે મેં સાંભળયુંબી નથી.

સ૦—તમે મુંબઈને સારીપઠે જોઈ વલયાછો, નહી વારૂં ?

જ૦—હા, સારીપઠે.

સ૦—તારે મુંબઈમાં એક જગા એવી નથી વારૂં કે જેની તમોને ઘણી અછી યાદ રહી ગઈછે. હું જુના કાપડબજાર વીશે બોલું છઉં. જ૦—હા, તે મને યાદ છે.

સ૦—તમેં જીવશો તાંહાંસુધી તે જગાને ભુલી જશો નહી. તમોને યાદ છે કે તે બજારમાં એક આગ લાગી હતી, તેમાંથી બચેલો કાંઈ માલ જે એક પોલીસના માણસ તરીકે તમોને સંભાલથી રાખવા આપયો હતો તે તમે તમારા નીજ વપરાસમા લીધો હતો ?

જ૦—મેં કોઈ ચીજ મારા વપરાસમા લીધી નથી.

સ૦—દેવકરન અનાચંદની દુકાનમાહેલી આગતો તમને યાદ છેની ? જ૦—હા.

સ૦—આસરે ૧૦ વરશ ઉપર તે આગમાથી બચેલો માલ તમારા હવાલામા આપયો હતોની ? જ૦—તે દુકાનદારનો માલ મારા સવાધીનમા નહી હતો.

સ૦—તમે તે માલને આગમાથી ઉંચકી લઈ જતાં જોયો હતોની ?

જ૦—નહી, મેં નહી જોયો હતો. તેની દુકાનમાના એક ચાકરે કાંઈક માલ ચોરયો હતો અને તે ચાકરને પકડયો હતો.

સ૦—તે ચાકર શીવાએ તમારા કોઈ બીજા ભેદુ પણ હતા કે ?

જ૦—તે મારો સાથ મુદલ મળેલો નહી હતો.

સ૦—હવે આ સવાલનો જવાબ આપો, અને સંભાલીને જવાબ આપજો કેમકે પોલીસના ચોપડાઓ ઉપરથાં સચાઈતો માલમ પડવાનીજ. ઉપલી ચોરીમા શામેલગીરી કરવા માટે તમોને થોડો વખત નોકરીએથી "સસપેંડ" રાખયા નહી હતા વારૂં ?

જ૦—હા, મને સસપેંડ રાખયોતો.

સ૦—તે વખત તમેં શું હોધા ઉપર હતા ? જ૦—હું તે વખત દફેદાર હતો, જે પદવી જમાદારથી ઉતરતી, પણ હવાલદારથી ચહડતી છે.

સ૦—તમે કેટલો વખત સુધી સસપેંડ રહયા હતા ?

જ૦—૧૨ કે ૧૩ દાહડા સુધી. માજીસટરેટ આગળ મારી ઉપર તોહોમત મુકયું હતું.

સ૦—અને તેનું પરીણામ એ આવયું કે વરતમાન પતરો કેહે છે તેમ તમોને ઘટતો ઠપકો આપયા પછે તમોને નોકરીએ પાછા

રાખ્યા? જ૦—જો મેં ચોરી કીધી હતેતો મારી નોકરી પાછી નહી મળતે.

સ૦—પણ શું તમોને કેહેવામાં નહી આવયું કે હવે પછે સંભાળ રાખજો અને ફરીથી એમ ના કરતા? (હસવાનું).

જ૦—કમીશનર મી૦ સુટરે મને કહયું હતું કે મારા હોધા ઉપર વધારે સંભાલ લેવી.

સ૦—દેવકરન અનાચંદને તેનો માલ પાછો મળયો કે તેની કીમત મળી? જ૦—તેનો માલ તેને પાછો આપવામા આવયો, પણ તે તપાસનુ પરીનામ શું નીપજયું તે હું જાણતો નથી.

સ૦—બીજા બોલોમા બોલીએતો તે તોહોમત ઉપર ઢાંકણું વલયું. દેવકરનને તેનો માલ મળયો અને તમોને તમારી ચાકરી મળી?

જ૦—તેનો માલ તેની પાસ હતો મારી પાસ નહી હતો.

સ૦—અને તમારી ચાકરી તમારી પાસે હતી, તેની પાસે નહી હતી? જ૦—તેનો માલ લેવાનો મારા ઉપર વાંક નહી હતો.

સ૦—તમોને જારે કેદ કરવામા આવયા તારે તમારા હાથમાં કાંઇ બેડી થોકી નહી હશે? જ૦—નહી, હું સોગંદ ખાઉં છઉં કે મને બેડી થોકી નહી હતી.

સ૦—એવાંબી માણસો જીવેછે કે જેઓ તમોને ખોટા પાડશે. દફેદારનુ કામ શું છે? "ડફરો" (બુખખો) સાથતો તેમને કાંઇ લાગતું વલગતુ નહી હશે? જ૦—દફેદારની ફરજો જમાદાર જેવીજ છે.

જડજ—તમારી ઉપર મુકેલું તોહોમત શું હતું? જ૦—કમીશનર ઉપર એક નનામો કાગજ ગયો હતો, તેમા લખ્યું હતું કે ઉપલા શખ્ખસની દુકાનમાથી મેં એક રેસમી રોમાલ ચોરયોછે.

જડજ—પણ માજીસટરેટ આગળ તમારી ઉપર શું અનેઆએ હતો? જ૦—એક રેંસમી રોમાલ ચોરવાનો મારા ઉપર વાંક હતો.

જડજ—માજીસટરેટે તે વાંકનું શું કીધું?

જ૦—કેસ ઉરાડી મેળયો.

સ૦—એકને બદલે બે રોમાલ નહી હતા વારૂં?

જ૦—નહી એકજ.

સ૦—અને તે તમારાં ધોતરમાં સંતાડવાનો તમારા ઉપર બટો હતો? જ૦—હા, ફરીઆદી કરનારે પોતાના ગજવામાંથી રોમાલ કાહાડી કમીશનરને દેખાડયો કે મેં ચોરયો તે એ છે. તેણે કહયું કે તેણે એ રોમાલ મારી પાસેથી ચોરી લઈને પકડયો.

સ૦—તમારી પાસેથી તેણે જાસતીથી લીધેલો કહયો? જ૦—હા.

સ૦—વારૂં તે વખતનો એક કાનસટેબલ નામે મી૦ ઉડ તમોને હાથે બેડી સાથે જુના કાપડ બજારમા શું નહી લાવયો હતો અ

ને ભયાનક દાખલા તરીકે તમોને તાંહાં દરએક દુકાનદારમા ફેરવયા નહી હતા? જ૦—નહી.

સ૦—તા૦ ૪ થી એપરેલને દીને કુવરજી પરાગજી અને જેકબ જમાલને તમે ડુંગરની જગા ઉપર દીઠા હતા? જ૦—નહી.

સ૦—અને પેલા પકડેલાઓને છોડી મેળતી વેળા પણ એ ધણીઓને દીઠા નહી હતા? જ૦—નહી.

સ૦—તારપછે તેમને મજગામ પોલીસમા દીઠા હતા?

જ૦—હા. પેલા ૬૧ જણને રાખેલા કંપાઉંડમા મેં તેમને (કુવરજી તથા જેકબને) દીઠા નહી, પણ તે કંપાઉંડમા આવવાના રસતા ઉપર તેમને મેં જોયા હતા. તે વખતે આફીસમા કમીશનર, ડેપયુટી કમીશનર અને કોઈ સુપરીનટેનડંટો હતા. જાંહાં ૬૧ જણ હતા તાંહાંથી આફીસ મધે સંધેસો ચાલી શકેછે અને તેમજ જે કંપાઉંડમા પારસીઓ હતા તેની સાથ પણ સંધેશો ચાલી શકેછે. મી૦ સુટર પોતાની આફીસમા બેઠો બેઠો આ કેદીઓના આ બેહુ ટોલાંઓનું કામ ચુકવતો હતો.

સ૦—અને એ સઘલું ચાલતું હતું તારે કુવરજી પરાગજી અને જેકબ જમાલ મી૦ સુટરની પાસેજ બેઠેલા હતા વારૂં?

જ૦—તેમને કમીશનર પાસે બેઠેલા મેં જોયા નહી.

સ૦—પણ તેઓ તાંહાં તે વેળા બેઠેલા હતા ખરા?

જ૦—હુંતો કંપાઉંડમા હતો અને જાંહાં કમીશનર બેઠેલો હતો તાંહાં તેઓને જતાંજ માતર મેં જોયા.

સ૦—મી૦ આરઠર પીલ પણ હાજર હતો અને કમીશનરની સોડે બેઠેલો હતો? જ૦—હા.

સ૦—૧૮૬૪ થી ૧૮૬૭ સુધીમા તમે કદી D ડીવીજનમા નોકરી કીધી હતી? જ૦—હા, ૧૮૬૬ મા. ૧૮૬૬ અને ૧૮૬૭ની વચે હું ગીરગામના જીલામા હતો અને આ ડુંગરની જગાને લગતા કોઈ ટંટા હું જાણતો નથી.

સ૦—પણ તમે જાણોછો કે એવા ટંટા હતા ખરા અને તે દીવસની પોલીસ પારસીઓનો બચાવ કરતી હતી?

જ૦—હું એ વીશે કાંઈજ જાણતો નથી.

સ૦—સાહેબ, ગઈ તા૦ ૨૭ મી મારચ સુધીમા કદી તમે આ જગા ઉપર કબજો લેવાને અથવા તેનું માપ લેવાને કોઈપણ શખસોનો બચાવ કરયો હતો? જ૦—નહી.

સ૦—વારૂં એવું કાંમ બનેલું કદી તમે સાંભલેઉં હતું?

જ૦—નહી.

મી૦ આનસટીએ આ શાખ્ખશીની તપાસ હીઆ સમાપત કીધી.

કોરટ હીઆં ટીફીનને મારે ઉઠી, જાંહાંથી કોરટ પાછી બેઠા પ છે, એજ શાખ્ખશીને—

મી૦ મેહુયુએ ઊલટ પાલટ તપાસયો.

તા૦ ૨૭ મીને દીને આ જમીનના સંભાલને મારે જવાનો જા રે મને હુકમ થયો તારે હું નહી જાણતો હતો કે પારસી પંચાએતને પોતાના ભાડુતની મારફતે એ જગાનાં કબજા ઉપર દાવો હતો. તે ઉપર ખારવીઓ રેહેછે એવું હું જાણતો હતો, પણ તે જગા કોણના કબજામા છે, તેની મને ખબર નહી હતી. હું જાણતો હતો કે તે ખારવીઓ તાડી છેજેછે. મી૦ બરાઉને મને આ જમીન ઉપર જવા ફરમાવયું તારે આ ખારવીઓને કાહાડી મેળવાની મતલબ હું સમ જયો નહી હતો. હું એટલુંજ સમજતો હતો કે તાંહાં સુલેહની જા લવણી કરવી અને જે શખ્ખસ મારામારી કરે તેને પકડવો. કોણથી મારામારી થવાની વકી છે, તે કાંઈ મી૦ બરાઉનને મેં પુછયું નહી હતું. હુકમ એટલોજ હતો કે જેબી મારામારી કરે તેને પકડવો. કું વરજી અને જેકબ પેહેલીજવાર આ જગા પોતાને સવાધીન લેવા જા યછે એવું મી૦ બરાઉને મને કહયું નહી હતું. કોઈબી ધણી જગા નો કબજો લેનારછે એવું મને કહયું નહી હતું. તે જગા બીજાઓ ના સવાધીનમાં છે, એવું મેં મી૦ બરાઉનને કહયું હોય એમ મને યાદ નથી.

સ૦—તમે સોગંદ ખાશો કે એ જગા ઉપર ખારવીઓ રેહછે એ મ તમે તેને નહી ચેતાવયુંતું? જ૦—મેં ચેતાવયું કે નહી તે મને બરાબર યાદ નથી. મેં કહયુંબી હોય.

સ૦—તમે મી૦ બરાઉનને પુછયું હતું કે જો કુંવરજી અને જે કબ આ ખારવીઓને હાંકી કાહાડેતો તેમને પકડવા કે નહી?

જડજ—કોણને, ખારવીઓને?

મી૦ મેહયુ—હા.

શાખ્ખશી—નહી. મેં એવું નહી પુછયુંતું.

સ૦—તારે આ જગા ઉપર દાખલ થતાં કોણને પકડવાનું તમે વીચારયું હતું? કુંવરજી અને જેકબને? જ૦—નહી, તેઓને ન હી. પણ જેઓ તે જગા ઉપર મારામારી કરે તેમને.

સ૦—કોઈના નામ દીધાં નહી હતાં? જ૦—નહી.

સ૦—તારે કુંવરજી અને જેકબનું નામ આ જગાના સંબંધમાં તમે કારે સાંભળયું? જ૦—તા૦ ૨૭ મીને દીને ડુંગર ઉપર જ વા પછે તેમના નામ મેં સાંભળયાં.

સ૦—કોણે તે નામ કહયાં ?

જ૦—મેં તલાશ કીધી કે જેઓ આ ચાલીમાં છે, તેઓ કોણછે ?

સ૦—કેઇ ચાલી વીશે તમો બોલોછો ?

જ૦—જેને પાછળથી તોડી પાડી તે.

સ૦—તારે તા૦ ૨૭ મીને દીને તમે તે જગા ઉપર ગયા તે વેળા આ ચાલીતો બાંધેલીજ હતી ? જ૦—હા.

સ૦—એ તારીખે કેટલે વાગતે એ ચાલીને તમે પેહેલ વેહેલી જોઇ ?

જ૦—સાંજના આસરે પા। ઈઆ પાા કલાકે.

સ૦—તમે સોગંદ ખાશો કે આ જગા ઉપર તમે જવા આગમચ મી૦ બરાંઉને કુંવરજી તથા જેકબના નામ તમારી આગળ નહી લીધાં હતાં ? જ૦—હું જાણતો નથી. ના૦ ૨ જા વાળો બંધવો કનંટરાકટર છે, તે હું જાણું છઉં. તેને દોખમાના કંપાંઉડની અંદર એક નવી ઇમારત બાંધવાનું કંટરાકટ મળેલું છે, એ હું જાણતો નહી હતો.

સ૦—તા૦ ૨૭ મી મારચની આગમચ તેને વારેઘડીએ દોખમાની આગળ આવજાવ કરતાં તમે જોયો નહી હતો ?

જ૦—ગોવાલીઆ તલાવ ઉપરથી દોખમા ઉપર જવાના રસતા આગળ બંધવા ના૦ ૨ ની વારી છે, અને તે રસતા ઉપરથી આવતાં જતાં મેં તેને વારેઘડીએ જોયોછે. પોલીસ કોરટમા ૭૫ બંધવાઓને ઉભા કીધા હતા. તાંહાં ૨૫ જણને ઓળખાવાને હું નીશફળ થયો અને તેમને છોડી મેળવામા આવયા. તોપણ તે સઘળાઓને ડુંગરવાળી જગા ઉપર પકડવામા આવયા હતા.

મી૦ બરાનસને ઊલટ પાલટ તપાસયો.

સ૦—તા૦ ૨૭ મીને દીને તમે આ ચાલીમા પરપુછ કીધી તારે તમે કેટલાં માણુશોને દીઠાં ? જ૦—આસરે ૧૫ થી ૨૦.

સ૦—ચાલીની અંદર દીઠાં ?

જ૦—હા. ચાલીની અંદર અને બાહાર બેહુ ગમ.

સ૦—તેઓ પરદેશીઓ હતા ? જ૦—હા.

સ૦—સઘળા પરદેશી હતા ? જ૦—નહી. એક ભાટીઓ અથવા વાણીઓ હતો, એક મુસલમાન હતો અને બાકીના પરદેશીઓ હતા.

સ૦—એ વખતે કાંઇ બાંધકામનો અશબાબ તે જગા ઉપર દીઠો હતો ? જ૦—થોડીક ખુંટીઓ હતી, કે જે જમીનં મધે મારવામાં આવી હતી.

સ૦—તે ભાટીયો કુંવરજી પરાગજી હતો ?

જ૦—નહી. તેનો માણુશ હતો.

સ૦—ચુનામાં કુટઈ જતાં મી૦ બરાઉન જરામાં બચી ગયો, તે તમે તેને કહયું હતું? જ૦—નહી.

સ૦—આ શખ્ખસ ચુનો કુટવાનો વાંસ લઇ તેની પછવાડે ધસયો તારે તમે મી૦ બરાઉનને કહયું નહી?

જ૦—સઘલાઓને કેદ પકડવા પછે મેં કહયું હયું.

સ૦—તે વખતે નહી કહયું? જ૦—મેં મી૦ બરાઉનને હાંક મારી, પણ તેણે પાછળ ફરી જોયું નહી.

સ૦—તારે એમ ઠરેછે કે તમે તે વખતે તેને નહીજ કહયું? જ૦—નહી.

સ૦—જારે બંધવાઓને પકડવામાં આવયા તારે તેઓમાના કોઈને પોલીસની સાંમા થયલા તમે જોયા હતા?

જ૦—સાંમા થયા એટલે કેમ?

સ૦—તમે નહી સમજોતો હું કાંઈ સમજાવાનો નથી. હું માતર મારો સવાલ ફરીથી પુછું છઉં. તમે કોઇને સામાં થતા દીઠા હતા કે નહી? જ૦—નહી, તેઓ મુદળ સામા થયા નહી હતા.

સ૦—કંપાંઉંડની બાહાર, આ જગા ઉપરના ૩૦ માણસોને પકડવા સારૂં કેટલા સીપાઈઓ મદદ લાગા હતા? જ૦—મેં કાંઈ ગણયાતા નહી, માટે હું કહી શકતો નથી.

સ૦—સારૂ. તમે ચોકસ ઘણા છો. વારૂં આસરે કેટલા સીપાઈઓ હતા? જ૦—સઘલા મળીને ૧૫ કે ૨૦ હતા.

જડજ—કંપાંઉંડની બાહાર? જ૦—હા.

સ૦—જેઓને બાહેરથીને બાહેરથીજ પકડી તમારે હવાલે કીધા હતા, તેમને પોલીસ કોરટમાં તમે ઓલખાવયા હતા અને જેઓને કંપાંઉંડની અંદરથી પકડી લાવેલા તેમને તમે જુદા ઓળખાવયા હતા? જ૦—હા. મી૦ ફરગયુસને એકેક બંધવાની છુટી છુટી ઓળખ પુછી નહી હતી. સઘલાઓ વીશે સામટું મને પુછયું અને મેં મારી મેળેજ તેમને ઓળખાવયા હતા. બંધવા ના૦ ૩ જાને મેં હીઆં પેહેલીજવાર ઓળખાવયોછે.

મી૦ બરાનસનના પુછવાથી જડજે કહયું કે બંધવા ના૦ ૨૨ માને કંપાંઉંડમાં પકડયો હતો એવું શાખ્ખસીએ કહેલું મારી નોધમા છે.

સ૦—ના૦ ૨૨ વાળાને તમે કાંહાં પકડેલો હું સમજું વારૂં? જ૦—દેવાલની અંદરના પેલાં નાહના બારણા તરફથી તેને મારી પાસે લાવવામા આવયો હતો. મારી જુબાંની મારી આગળ વાંચી હતી, મેં બાહાલ રાખી હતી અને સહી કીધી હતી.

સ૦—તારે તે જુબાંનીમા તમે કંપાંઉંડમાથી આણેલા બંધવાઓને આ પરમાણે ઓળખાવોછો. (વાંચેછે) એમા ના૦ ૨૨ માં વીશે

તમે કાંઈ કહયું નથી ? જ૦—તેનેતો કંપાઉંડની બાહાર પકડયો હ તો. ગઈ કાલે બંધવાઓને ઓળખાવામા મારી ભુલ થઈ હશે.

સ૦—તમે કહયું કે તમે બંધવાઓને તમારે સવાધીન રાખીને કમીશનરની આફીસમા ગયાતા, નહી વારૂં ? જ૦—હા. મેં એમ કહયુંછે. હું બંધવાઓની સાથે કમીશનરની આફીસમા ગયો નહી હતો. હુંતો મીં૦ બરાઉનના કંપાઉંડમા અટકાવી રાખેલા પરદેશીઓને મારા તાબામા લઈ ગયો હતો.

સ૦—હું તેની વાત નથી કરતો. પારસી બંધવાઓને તમારા સવાધીનમા લઈને તમે ગયા હતા કે નહી ? જ૦—નહી. હુંતો થોડાક વખત પછે તે જગા ઉપરથી ગયો. પારસી બંધવાઓ જવા પછે જરા વારમા હું તેમની પાછળ ગયો, પણ તેમની સાથે ગયો નહી હતો.

મી૦ ફરગયુસને ફરીથી તપાસયો.

કમીશનર અને બીજા પોલીસવાળા કંપાઉંડની અંદર ગયા તારે બાહારવાળા બંધવાઓને મારા તાબામા સોંપી ગયા તાર પછે કંપાઉંડની અંદરથી બીજા બંધવાઓને લાવવામા આવયા. જેમને છોડી મેળયા તે સીવાએ બીજા સરવેને મારા સવાધીનમા આપયા હતા. ના૦ ૪૮, ૪૫, ૧૯, ૫૦, ૪૯, ૩૨, ૧૬, ૨૪, ૩૬, ૧૨, ૪૪, ૪૭, ૧, ૧૫, ૪૦, ૩૫, ૨૮, ૩૭, ૨૩, ૨૭, ૩૦, ૪૩, ૨, ૩૧, ૩૪, ૧૮, ૧૦, ૨૨, ૧૭, ૩. એટલા બંધવાઓ ચાલી અને તંબુ તોડી પાડવામા સામેલ હતા, એમ હું ખચીતાઈથી કહું છઉં. હું કહુ છઉં કે એ સઘળા બંધવા મારા સવાધીનમા આપેલા હતા.

સ૦—તે જગા ઉપરજ જેઓને કેદ પકડયા તેઓ સીવાએ બીજા કોઈ શખ્ખસોને તમારે તાબે આપયા હતા ? જ૦—નહી. પાએદસતે જતી વેળા પારશીઓ એક ચોકસ જાતનો પોશાક પેહેરેછે, તે હું જાણું છઉં.

જડજ—તે શું પોશાક છે ?

જ૦—તેઓ એક લાંબો ઢીલો જભો પેહેરેછે, અને કમરની આસપાસ એક કપડું વીટાલેછે અને હાથમાં રોમાલને બે છેડેથી પોતા વચે ધરીને તેઓ બબેની જોડમાં જાયછે.

જડજ—પારશીઓ સાધારણ પોશાકમાં કમરની આસપાસ કપડું લપેટેછે ? જ૦—નહી. માતર કીરીઆ કરવાની હોયછે તારેજ તેઓ કમરબંદ બાંધેછે.

સ૦—તે લાંબો જભો કેટલો નીચો જાયછે.

જ૦—આટલો (શાખ્ખસી પોતાનાં ટેટાં આગળ દેખાડેછે.) કંપાંઉંડની અંદર ઉભેલા શખ્ખસોમાના કોઈના પણ દીલમાં મેં એ પોશા

ક દીઠો નહી હતો. તેઓના માથાં ઉપર માતર ટોપીઓ હતી ત
થા દીલમાં વાશકુટ હતું. તેઓએ પાઘડીઓ પેહેરેલી નહી હતી.
ક્યરો બાલવાની જગાની વાલકેશવરની બોરડુએ કલેકટરની જમીન
આવેલીછે, જાંહાં મી૦ કાનન રેહેછે. તે જગા પેહેલાં બાકબે રીકલે
મેશન કંપનીની હતી. ભીસતીઓ, ગવલીઓ અને માલ્લીઓનાં ઝું
પડાં જે મેં કહયાંછે તે એ જગા ઉપર છે. વાલકેસવરનો આખો
ઉપલો ભાગ મારી ફરવાની હદમાં છે. એ સઘલી ખાલી જગાઓ ઉ
પર ખારવીઓ અને બીજાઓ રહેલાછે. સર કાવસજી જાંહાંગીરનો
બંગલો હું જાણું છઉં. તે આ ડુંગરવાલી જગાથી ઘણો દૂર છે. આસરે
૧૦૦૦ કદમ દુર છે. ના૦ ૧૬ મા વાલા બંધવા તરવારાઆને હું એ જ
ગા ઉપર જોતો આવયો છઉં. આ સોટા ઉપર લગાડેલાં કાગળને પો
લીસનું કાગળ કેહેવામાં આવયુંછે, પણ તેને પોલીસે લગાડયું ન
થી. ના૦ ૩૫ વાલા બંધવાને ડેપયુટી કમીશનરના હાથમાં એક કા
ગળ આપતાં મેં દીઠો હતો. પછે તેનું શું થયું તે હું જાણતો નથી.

જડજ—એ કાગળ તેની પાસેથી કાહાડી લેતાં તમે કોઈને દીઠો
હતો ? જ૦—હા. એક પોલીસના સીપાઈએ તેના ગજવામાથી કા
હાડીને ડેપયુટી કમીશનરને આપયો તે મેં જોયો હતો.

એ કાગળ શા માટે કાહાડયો તે હું જાણતો નથી. પેલા ૬૧
બંધવાઓમાના કેટલાકોએ મને બરાબર જવાબ નહી આપયા એટલે
કે જાડી લાકડીઓ લઈને તે દોખમા તરફ કાંએ જતા તે બાબે તેઓ
મારી ખાતરી કરી શકયા નહી. જાડી લાકડી લઈને સહવારના તે વ
ખતે તાંહાં જવાનો લોકોનો સરેસતો નથી, તેથી મને વેહેમ ગયો અ
ને મેં તેમને પકડયા. મી૦ બરાઉનના કંપાંઉંડમાથી હું પેહેલે ગયો
તારે તેમા ૧૫ કે ૧૬ માણસો હતાં. હું પાછો આવયો તારે ૬૧ જ
ણને મેં જોયા. તેઓ તખતમીઆં નામના એક જમાદારના સવાધીન
મા હતા. મજગામ લઈ જવા પછે તેમને છોડી મેળયા હતા. મારી
જાણ મુજબ તેઓએ કાંઇ અપરાધ કીધો નહી હતો. પેલા રૂમાલની
ચોરી બાબે મને માજીસટરેટ આગળ લઈ જવા ઉપરાંત, કમીશ
નર આગળ પણ ઉભો કરયો હતો અને તલાસ કીધા પછે તરતજ તેણે
મારી જગા ઉપર મને પાછો રાખયો. મને ૧૨ કે ૧૩ દાહાડા શુધી
સસપેંડ રાખયો હતો. પોલીસના કોઈ માણશ ઉપર જારે કાંઈ તોહો
મત આવેછે, તારે કમીશનર પોતે પણ તપાસ કરેછે. દેવકરન અના
ચંદનો માલ પાછો મળયો નથી.

સ૦—તમારી મતલબ શુંછે—તા૦ ૨૭ મીને દીને ચાલી સઘ
ળી બંધાઈ રહી હતી એમ તમે કેહેવા માગોછો, કે તે થોડી બંધાયલી
હતી ? જ૦—તા૦ ૨૭ મીએ મેં ચાલીનું છાપરૂં દીઠું હતું, જે ઢાં

કેલું નહી હતું, તથા કાંઈ લાકડાં ઉભાં કરેલાં હતાં અને જમીનમા કાંઈ ખુંટીઓ મારેલી હતી.

સ૦—તમે હતા તારે ચાલી બાંધવાનું કામ ચાલતું હતું?

જ૦—હા. પેલા ૬૧ બંધવાઓ પોલીસના ઘણા શીપાઈઓના પકડેલા હતા.

સ૦—તેમના હાથમાથી લાકડીઓ મુકાવી હતી?

મીં૦ આનસટી—હું વાંધો લઉં છઉં. એ બાબત આ શખસ ની શાખશીમાં આવોજ નથી. તે ૬૧ જણાઓને શીપાઈઓએ પક ડતાં ઈઆ તેમની લાકડીઓ લેતાં આ શાખશી જોઈ શકયોજ નથી.

જડજ—(શાખશીને) એ લાકડીઓ તમને મળી હતી?

જ૦—હા. મેં તે લાકડીઓ મી૦ બરાઉનને દેખાડી, તેણે તેમને મારી પાસ રાખવા કહયું, અને મેં તે રાખી.

પોલીસ કોરટમાં મેં તે રજુ કરી હતી.

મી૦ ફરગયુસને એ લાકડીઓ કોરટમાં રજુ કરવા માંગી, પણ જડજે કહયું કે તેમાં કાંઈ જીવ નથી, અને તેથી કાંઈ મુકદમાંને મ દદ થવાની નથી.

જુરીએ શાખશીને તપાસયો.

સ૦—પારસીઓને જારે મનગામની પોલીસમા મોકલયા તારે તે મના હાથમાં બેડી નાખી હતી કે? જ૦—હા.

સ૦—કેટલા જણને બેડી થોકી હતી?

જ૦—મેં ગણયાતા નહી. તેમને સીપાઈઓના હવાલામા બબે બંબેની જોડીમા મોકલયા હતા.

સ૦—તમે ધારોછો કે સઘલાઓને બેડી થોકી હતી?

જ૦—હા. એકુ બેને બેડી વગર લઇ ગયા હશે.

સ૦—દોખમાના જે મુખીઅ દરવાજામાંથી પારસીઓ જાયછે, તે તમે જાણોછો? જ૦—હા. મોટો દરવાજો.

સ૦—તાંહાં તેઓ વારેવાર જાયછે? જ૦—કોઈ વખત તે ઓ બંદગી કરવા જાયછે અને કોઇ વખત તેહેવારો ઉપર જાયછે.

સ૦—ઉપલે દાહાડે જો પાએદસત ગઈ હતેતો તમે જાણતે ખરા કે? જ૦—હા.

સ૦—લાસને દોખમા મધે મુકીઆ પછે, પારસીઓ તે લાંબો જ ભો અને કમરબંદ કાહાડી નાખેછે તે તમે જાણોછો? જ૦—હા.

ભવાંની હવાલદારની શાખશી.

ભવાંની કાસમ હવાલદાર નાં૦ ૭૩૫ D વાલાને

મી૦ ફરગયુસને તપાસયો.

સ૦—વાલકેશવરના ડુંગર ઉપર એક ચાલી અને તંબુનો નાશ કરવામાં આવયો તે દીવશ તમને યાદ છે ?

જ૦—હા. હું તે વખતે તાંહાં ડુંગર ઉપર હતો. મને મી૦ બરાં ઉને ઉપર જવા ફરમાવયું. તે વખતે સહવારના ૮ાા વાગેલા હતા. હું મારી સાથ ૧૦ કે ૧૧ સીપાઈઓને લઈ ગયો હતો. સરકારી જગા એ જગાની પાસેજ છે. તાંહાં મેં આતશ દીઠો હતો. તેની એક બાજુ ઉપર ગવલીઓની લાઇન અને ઘાસના પેંડા આવેલાછે, અને બીજી બાજુએ દોખમાના કંપાઉંડની દેવાલ છે.

સ૦—તમે જે જગા ઉપર ગયા તાંહાં કાંઈ દીઠું હતું ? જ૦—હા. એક ચાલી અને તંબું. મેં તાંહાં કેટલાક લોકોને ફતરા બાંજતાં જોયા. હું કોઈ સાથ બોલયો નહી હતો. તેઓ આસરે ૨૫ થી ૩૦ જણ હતા. મેં દોખમાની અંદર થોડાક પારસીઓને બેઠેલા જોયા હતા. તેઓ આસરે ૧૦૦ થી ૧૫૦ જણ કંપાઉંડની અંદર બેઠેલા હતા. તે વેળા કચરો બાલવાની જગા ઉપરની બરાબર સાંમી બોરડુ એ હું હતો.

જડજ—તમે તેઓથી કેટલા દુર હતા ? જ૦—આસરે ૨૦૦૦ માઇલ હશે. (હસાહસ)

દુભાશીયો—મારા લારડ, શાખશી કોશ બોલ વાપરેછે, પણ તેની મતલબ કદમ કેહેવાની છે.

મી૦ ફરગયુશન—તારે પુછો કે તે કદમ કેહેવા માગેછે કે માઈલ ?

મી૦ આનસટી—નહી, હું એ શવાલ ઉપર વાંધો લઉં છઉં. એવો સવાલ શાખશીને જવાબ સુચવયા બરાબર છે. તે કેટલો દુર હતો તેતો શાખશી કહી ચુકયોછે.

મી૦ ફરગયુસન—પણ તેની મતલબ શું છે, તે દેખીતું છે. હું માતર સવાલ ફરી પુછવા માગું છઉં.

જડજ—(શાખશીને) તમે કેટલા દુર હતા તેનો અમોને કાંઈ સુમાર આપો. આ શાખસીના પીજરાંથી કેટલા દુર જેટલું હતું ?

જ૦—હીઆંથી તે પાલવાબંદર જેટલું દુર હતું. જારે મેં તે લોકોને જોયા તારે હું સર કાવસજી જાંહાંગીરના બંગલા આગળ હતો. તેઓને જોઈને મેં જમાદાર તથા મી૦ બરાઉન આગળ રીપોરટ કરયો. પછે મીઉનીસીપાલ કચરો બાલવાની જગા આગળ તંબુ

થી જરા દુર જઈને હું ઉભો. તે વખતે કચરામાંથી થોડો ધુમાડો ની કલતો હતો. બલતાં કાંઈ નહી હતાં. હું ઉભો હતો તેવામાં પા રસીઓ, ઈરાંનીઓ અને ઘાટીઓએ ચાલી અને તંબુને ભાંજી નાખ યાં. મેં તેમા મુસલમાન પણ જોયા હતા. મેં જોયું તે મુજબતો તેઓ દોખમાના કંપાઉંડમાથી આવયા હતા.

સ૦—દેવાલમાના એક નાહના બારણામાથી તેમને આવતાં જો યા હતા? જ૦—હા.

સ૦—તમે કચરો બાલવાની જગા પર જાંહાં ઉભા હતા તાંહાંથી તે બારણું દેખાયછે? જ૦—હા.

સ૦—બીજાઓને કોઈ બીજી બાજુએથી આવતા દીઠા હતા? જ૦—હા.

સ૦—કેઈ બાજુએથી? જ૦—બાબુલનાથના મંદીરની બાજુ એથી દેવાલની લગોલગ આવેલા વાટ તરફથી. તેઓ સઘળા મળીને આસરે ૩૦૦ હતા. કેટલાકોના હાથમા લાકડીઓ હતી, અને બીજા ઓના હાથમા કોહાડી, પાવરા અને પહરાઈઓ હતી. તેઓએ જગા ઉપર આવીને ચાલી તથા તંબુને તોડી પાડવા માડયો.

સ૦—આ સઘળાઓને હુકમ કરતાં તમે કોઈને દીઠા હતા? જ૦—હા.

સ૦—તેમને દેખાડી શકશો? જ૦—હા. (શાખશી ના૦ ૧, ૬, ૨, ૧૮ અને ૨૯ ને દેખાડેછે) ના૦ ૧ વાળાને મેં ચાલી તથા તંબુ તોડી પાડવાનો હુકમ આપતાં સાંભળયો. ના૦ ૨ જાને મેં કાંઈ કામ કરતાં નહી દીઠો. તે માતર તાંહાં જણાતો હતો.

સ૦—અને ના૦ ૨૯? જ૦—તેબી અમસથો તાંહાં હતો.

સ૦—ના૦ ૧૮ વાળાને કાંઈ બોલતાં સાંભળયો હતો? જ૦—હા. તે બોલયો કે જલદી એકદમ ભાંજી નાખો. આ ટોલું આવવા આ ગમચ આ જગા ઉપર કોઈ પારસી નહી હતા. ફતર ભાંજનારા ૨૦ કે ૩૦ જણાનું શું થયું તે હું જાણતો નથી.

માહોમાહેની તકરાર.

સ૦—તે જગા ઉપર નજર આવેલા એવા કોઈ બીજા શખસોને તમે હીઆં દેખાડી શકસો?

મી૦ બરાનસન—આ સવાલ ઉપર હું વાંધો લઉં છઉં, કેમકે શાખશી સાફ કહી ચુકયો છે કે જેટલા જણને ઓળખાવયા છે, તેથી વધારે હું ઓળખાવી શકતો નથી.

મી૦ ફરગયુસન—તેતો ફીસાદીઆ ટોલાંને ઉસકેરનારાઓને ઓળખાવા સારૂં જારે મેં પુછયું તારે તેમને વીશે તેણે કહયું હતું.

હવે હું તેને એમ પુછવા માગું છઉં કે તે જગા ઉપર સામેલ થયલા કોઈ બંધવાઓને તે ઓળખે છે કે નહી?

મી૦ આનસટી—હું એ સવાલ ઉપર વાંધો એમ લઉં છઉં કે એ સવાલ પુછવાની રીત બરાબર નથી. એ સવાલ આ પરમાણે પુછવો જોઈએ "જે બે જણ વીશે તમે બોલી ચુકયા છો, તેઓ ઉપરાંત તમે કોઇ બીજા દેખાડી શકશો કે જેઓ આ જગા ઉપર હાજર હતા?" આવી રીતેના સવાલ પુછવામા નહી આવશે તો શાખશીએ જે કાંઈ કહયું છે તે તેનેજ મોહડે ખોટું પાડવાની અસર નીપજશે.

મી૦ ફરગયુસન—હું અરજ કરૂં છઉં કે જેવી રીતે એ સવાલ મેં પેહેલાં પુછયો છે તેમજ પુછવાનો મને હક છે.

જડજ—તમે શાખસીને એમ પુછી શકો કે તે જેઓ વીશે બોલી ચુકયો છે તેઓ ઉપરાંત કોઈ બીજાઓને ઓળખાવેછે?

સ૦—તમે જેઓને ઓળખાવયાછે, તેઓ ઉપરાંત આ જગા ઉપર હતા એવા બીજા કોઈ બંધવાઓને તમે ઓળખાવી શકશો?

જ૦—હા. (બંધવા ના૦ ૨૪ અને ૨૮ વાલાને દેખાડેછે) એટલાજ વીશે હું કહી શકું છઉં.

સ૦—પોલીસ કોરટમાં તેઓ જે પોશાક મધે હાજર હતા, તેથી કાંઈ જુદો પોશાક આજે તેઓ પેહરી આવયાછે? જ૦—હા. આ જનો તેમનો પોશાક વધારે સારો છે. તા૦ ૪ થી એપરેલે તેઓ જેવી રીતે પોશાક પેહેરી આવયા હતા, તેવી રીતે આજે નથી.

સ૦—તંબુ અને ચાલીના ટુકડાઓનું તેઓએ શું કરયું તે તમે જોયું હતું? જ૦—હા. કેટલુંક તેઓએ આતશમાં નાખયું અને કેટલુંક ડુંગરની ઉપરથી બાકબેની બાજુએ નાખી દીધું. કોઇને મેં પકડયા; કોઈને જમાદારે તથા બીજા સીપાઇઓએ પકડયા. કેટલાકો બાબુલનાથના મંદીર તરફ નાહાસી ગયા, અને બીજાઓ દેખમાંના કંપાઉંડમાં નાહાસી ગયા. ના૦ ૨૪ વાલાને તંબુને ભાંજતાં તથા ફાડતાં મેં દીઠો. ના૦ ૨૮ વાળાને આતશ ઉપર કેટલીક ચીજો નાખતાં મેં દીઠો.

સ૦—તેઓ નાહાસી ગયા તારે પોતાના હથીઆરોનું શું કરી ગયા? જ૦—તેઓએ લાકડીઓ, પહરાઈઓ તથા કોહાડીઓને નાખો દીધી. તે લાકડીઓને એકઠી કરતાં મેં જોઈ હતી. પોલીસ માજીસટરેટ આગળ રજુ કીધી તાંહાંસુધી તે મારા સવાધીનમાં હતી. મેં જે લાકડીઓ ઉંચકી લીધી તેના બંડલો આ રહયાં? (ચાર બંડલો દેખાડેછે, જે જુરી આગલ લઈ જવામાં આવેછે).

મી૦ આનસટીએ હોઆં દેખાડયું કે પરદેશીઓ પાસેથી મુકાવે

લી લાકડીઓ તરીકે જે બંડલ રજુ કરવામાં આવયુંછે તે બંડલને પ ણુ આ શાખશી બંધવાઓની લાકડીના બંડલ તરીકે પીછાંણેછે.

મી૦ ફરગયુસને કહયું કે એ બંડલ ભુલથી રજુ થયુંછે.

એ ઉપરથી શાખસીએ પોતે એકઠી કરેલી લાકડીઓ તરીકે તરણુ જ બંડલો ઓલખયાં.

મી૦ આનસટીએ ફ્રીલટ પાલટ તપાસયો.

સ૦—તમે, મી૦ ભવાંની, આજે જેટલા શખશોને ઓળખાવયા છે તેમને તા૦ ૪ થી એપરેલની આગમચ નજરે સારીપઠે ઓળખતા હતા; નહીં વારૂં ? જ૦—હા.

સ૦—અને જેમને તમે પોલીસમા ઓળખાવયા હતા તેમને પણ તમે સારીપઠે આગમચના જોયલા હતા કે ? જ૦—હા.

સ૦—તમે કહોછો કે તા૦ ૪ થી એપરેલને દીને તેઓએ હાલના પોશાકથી જુદોજ પોશાક પેહરેલો હતો ? જ૦—હા.

સ૦—તેઓએ યુરોપીઅનનો પોશાક પેહેરયો હતો ? જ૦—નહી.

સ૦—મુસલમાનનો ? જ૦—નહી.

સ૦—તારે હીંદુનો ? જ૦—નહી.

સ૦—પણ તારે યાહુદીનો ? જ૦—નહી.

સ૦—વારૂં, તારે જેન લોકોનો ? જ૦—નહી.

સ૦—સીખ લોકોનો ? જ૦—નહી.

સ૦—તારે તેમનો પોશાક જુદો શી રીતે હતો ? જ૦—તેઓએ માતર સુદરેહ, તોપી અને લેંગા પેહેરેલા હતા.

સ૦—અને શું હમણા તેઓ લેંગા વગર આવયાછે ? (હસવાનું)

જ૦—નહી.

સ૦—અથવા સદરા વગર આવયાછે ?

જ૦—નહી. તે તેમના દીલમા છે.

સ૦—પણ તારે તેમનો પોશાક જુદો શી રીતે હતો ? જ૦—હમણાની મીશાલે તે વખતે તેઓની દગલી કે પાઘરી નહી હતી.

સ૦—બસ એટલુંજ કે ? જ૦—હા, એટલોજ તફાવત.

સ૦—તે દાહાડે હીંદુ બંધવાઓ કેવા પોશાકમા હતા ?

જ૦—બદીઆન, ટોપી અને ધોતરમા.

સ૦—અને હમણા ધોતર તથા બદીઆન છે કે નહી ? જ૦—છે.

સ૦—તારે તેમનો પોશાક આજે જુદો કેમ થયો ?

જ૦—તે દાહાડે તેમના કપડાં મેલાં હતાં.

સ૦—હવે હું સમજયો. પેહેલાં પેદા થવા પછે હવે તેમનો અવતાર બદલાયોછે, અને પતંગીઆંની મીશાળે તેઓ નવા અવતારે પે

દા થયાછે, અને તેઓ સોજા સફાઇદાર છે તેથી તેઓને તમે ઓળખી શકતા નથી એ ખરૂ કે ? જ૦—હા.

સ૦—અને તોપણ તમે કેટલાકોને ઓળખ્યાછે તથા તેઓને તા૦ ૪ થીની આગમચના ઓળખોછો; ખરૂં કે ? જ૦—હા.

સ૦—તેઓના હાથમાં બંદુકો હતી કે ? જ૦—નહી.

સ૦—પકડેલાઓ કોઈ સામા થયા હતા ? જ૦—હું જાણુતો નથી.

સ૦—તમારી મતલબ કે સામા થતા કોઈને તમે જોયા નહી ? જ૦—હા.

સ૦—હવે મી૦ ભવાની કાશમજી આ કચરો બાલવાની જગા તમે આગળ જોઈ હતી ? જ૦—હા.

સ૦—અને તમે સારીપઠે જાણોછો કે તાંહાં આગની ઉપર બાલવા સારૂં દરરોજ સહવારના મીઉનીસીપાલીટીના માણસો તાંહાં ઢગલા કરેછે ? જ૦—હા.

"આતશપર કાંઈ નાખતાનાં" એ પરમાંણે બોલતાં મેં કોઈને સાંભળયા નહી હતા. કંપાંઉંડમાં જતાં મેં કોઈ પાએદસ્ત જોઈ નહી હતી. તે દાહાડે પારસીઓનો મોટો તેહેવાર હતો એવી મને ખબર નહી હતી.

હીઆં મી૦ આનસટીએ નીચલા બંધવાઓને ઉભા કરાવયા—
ના૦ ૨૧, ૩૧, ૩૩, ૧૬, ૧૫, ૧૪, ૪૯, ૫૦, ૨૮, ૪૫, ૪૦, ૨૩, ૨૭, ૧૧, ૧૨, ૨૦, ૨૫, ૩૮, અને ૨૨.

સ૦—હવે મી૦ ભવાની કાસમજી આ ઉભા થયાછે તેઓ તરફ જુવો અને મને કહો કે એ દરએક જણને તમે માજીસટરેટ આગળ ઓલખાવયો હતો, તો જોકે આ કોરટમાં તેમને ઓલખાવાને તમે નીશફળ થયાછો, ખરા કે ? જ૦—હા. મેં હીઆં તેમને ઓળખાવયા નથી.

મી૦ આનસટી—બંધવા ના૦ ૧૮ અને ૨૯ ઉભા થાઓ—
(તેઓ ઉભા થયા.)

સ૦—હવે, હવાલદાર સાહેબ, આ બે જણાઓને તમે પોલીસ કોરટમાં મુદલ નહી ઓળખાવયા હતા, પણ હીઆં ઓળખાવયાછે; ખરૂં કે ? જ૦—હા.

સ૦—અને વળી વધારે ધ્યાન તમે એમ બગાડયોછે કે ના૦ ૧૮ વાલા બંધવાને વીશે તમો કહોછો કે "ભાંજી નાખો, જલદી આગ લગાડો" એ પરમાંણે તમે તેને બોલતાં સાંભળયો હતો; ખરૂં કે ? જ૦—હા.

સ૦—હવે આ માણસોને જેમ પેહેલા બીજાના અણુકરમમાં પોલીસ મધે ઉભા કીધા હતા, તેમ જો હીઆં ઉભા કીધા હતેતો તમે આજે સઘળાઓને પાછા ઓળખતે, નહી વારૂં ? જ૦—હા.

સ૦—પણ તમે પેલું ચોથું બંડળ નહી ઓળખતા એમ કહો છો તેની મતલબ શું ? તે બંડલમાં શું છે ? તમે જેમ ઓલખીઆછે, તેમ એ દરએક બંડલ ઉપર હું નીશાણ કરૂં છઉં, હવે તમે એકઠી કરેલી લાકડીઓના તરણ બંડલો કીઆં તે દેખાડો જોઉં ?

જ૦—આ રહયાં (બંડલો દેખાડેછે).

સ૦—આ તપાસની આખરી સુધી આ બંડલોને હાથ લગાડવામાં ઇઆ બદલવામાં નહી આવશે એમ આ બંધવાઓ પોલીસના માન ઉપર વીસવાસ રાખે કે નહી ? જ૦—તેમને બાંધવાથી તે કદી ફેરફાર થાય નહી.

સ૦—એ વીશે હું તમારા અને પોલીસના ઈમાન ઉપર વીસવાસ રાખું વારૂં ? જ૦—હા.

સ૦—અને આ લાકડીઓ તમે એકઠી કીધી તારથી આ બંડલોને રાખવાની સંભાળ અને તસદી સઘલી તમારા એકલા હાથમાં હતી કે ? જ૦—હા.

સ૦—તેમને કાંહાં રાખી હતી ?

જ૦—એક ઓરડામા બંધ કીધી હતી.

સ૦—અને ઓરડો કાંહાં બંધ કીધો હતો ? જ૦—પોલીસ માજીસટરેટની આફીસમાં. તાંહાંથી તેમને આજે હીઆં લાવવામા આવી છે.

સ૦—અને શું એ તરણ બંડલોમાની એકેએક લાકડી ઉપર નીશાણ કરેલી છે ? જ૦—નહી.

સ૦—એક ઉપર નીશાણ નથી ? જ૦—પેલીપર છે.

એક શીપાઈના હાથ માહેલાં બંડલ માહેલી એક લાકડી શાખસીએ દેખાડી.

મી૦ આનસટી—અગર જો આ દબરા ગરહસથ મેહેરબાની કરી હીઆં રમતામાથી બાહાર નીકળે તો સારૂં, કે આ લાકડી જુરીના ગરહસથોના બરાબર જોવામા આવે એવી કાંઈ પણ આશા રેહ. બંડલની અંદર તેવણ એ પરમાણે શું કરયા કરેછે તે મને જણાતું નથી.

સ૦—આ બંડલમાની એકેએક લાકડી ઉપર નીશાણ કરેલી છે કે નહી ? જ૦—હા. દરએક ઉપર છે. એ બંડલમા પાવરા અને કોહાડી સીવાએ બાકીની સઘલી લાકડીઓ છે. પાવરો અને કોહાડી એકેકજ છે.

સ૦—તારે ડુંગર ઉપરથી વીકરાલ જંગલીઓનો એક ટોલો કોહાડી અને પાવરાઓ સાથે એક મોટા ઘોતની ચીશાલે ઉતરી આવયો, એ વાત કાંઈ સાચી નથી ? જ૦—નહી. એ ખોટી વાત છે.

સ૦—તારે આખા જથામા પરાહી અને કોહાડીતો એકેકજ છે. વારૂં પાવરા કેટલા છે ? જ૦—સંધું એકેક છે.

સ૦—ચુનો કુટવાના વાંસ કેટલા છે, મીo ભવાંની કાસમજી ?

જ૦—મેં ગણુયા નથી.

સ૦—તારે મેહેરબાંની કરી હમણાજ ગણી કાહાડો.

જ૦—(સઘળાં બડલોમા ગણુવા પછે) તરણ વાંસ છે.

સ૦—માતર તરણ ચુનો કુટવાના વાંસા ? હવે સાહેબ જરા લાકડીઓ ગણી આપો. પેહેલાં છાપરાંના સાટકા ગણો અને પછે બાકીની લાકડીઓ ગણો. જ૦—(ગણીને) પંદર સાટકા છે.

સ૦—હવે સાહેબ, લાકડીઓ, સાટકા, પહરાઈ, પાવરા, કોહાડી અને ચુનો કુટવાના વાંસા, સઉ મળીને કેટલાં નંગ છે વારૂં ?

જ૦—સઘળાં મળીને ચોવીસ છે.

સ૦—હવે તારે ૩૦૦ થી ૪૦૦ માણસો સઘળાં હથીઆરબંધ આવયાં કે ? અને તે દરએકના હાથમા કોહાડા, પહરાઈ, પાવરા, ચુનો કુટવાના વાંસા ઈઆ લાકડી હતી ખરીકે ? જ૦—હા.

સ૦—પણ મને સમજ પાડશો કે બધાં મળીને હીઆં માતર ૨૫ નંગ છે, તારે ગુણાકારના કીઆ કાયદાથી ૩૦૦ થી ૪૦૦ માણસો સઘળાં હથીઆરબંધ થઈ શકયા ? જ૦—ચાલી અને તંબુ ભાંજી નાખયા પછે તેઓ નાહાસી ગયા અને તેમ કરતાં કેટલાકોએ પોતાના હથીઆર જમીન ઉપર ફેંકો દીધાં અને કેટલાકોએ દોખમાના કંપાઉંડમા ફેંકી દીધાં.

સ૦—અને તોપણ ચાલીના સાટકાઓ સાથે ગણતાં તમે માતર ૨૫ હથીઆર ઉંચકી લીધાં ? હવે તારે આ સઘળી વાત તમે અને જમાદારે જોડી કાહાડેલી નથી ? તે પારસીઓના જતા રેહેવા પછે તમે લાકડીઓ ભેગી કીધી, અને પછે તે પારસીઓની છે એમ તમે જોડી કાહાડયું નહી ? જ૦—મેં તે જગા ઉપરથીજ તેમને ઉંચકી હતી.

સ૦—હા, મીo ભવાંની. જેઓ સંતાડે તેઓનેજ જડે. એ લાકડીઓને તમે ચાલી પાસે સંતાડી નહી હતી ? જ૦—નહી.

સ૦—એ લાકડીઓ તમે કુંવરજી અથવા જેકબ જમાલ અથવા તેમના માણસો જોડે લીધી નહી હતી ? જ૦—નહી.

સ૦—એ સઘલી તમે પોતે એકઠી કીધી હતો ? જ૦—નહી.

સ૦—તારે એ તમે એકઠી કીધીછે એમ કહીને નામદાર જડજની નોધ ઉપર એટલોબધો કચરો એકઠો કરવાને તમે શા માટે કારણ આપયું ? જ૦—હું, તથા જમાદાર તથા બીજાઓ પણ તાંહાં હતા.

સ૦—પણ તમે પોતે એક લાકડી ઉંચકી નહી ?

જ૦—હા, મેં ઉંચકીતી.

સ૦—કેટલી ? જ૦—મેં દસ જાડી લાકડી એકઠી કીધી હતી.

સ૦—તે સાટકાકે ? જ૦—હા.

સ૦—તેતો તોડી પાડેલી ચાલીના સાટકા હતા. તમે કાંઈ હથી આરતો નહી ઉંચકયાં ?

જ૦—મેં થોડાક પાવરા અને એક પહરાઈ શોધી કાહાડી, અને જમાદારે પણ થોડાંક હથીઆર એકઠાં કીધાં. એ સઘલા કોહાડા અને પાવરા કુંવરજી પરાગજીનાછે, એમ મને કોઈએ કહયું નથી.

સ૦—પણ એ કોહાડા અને પહરાઈ મારી છે એમ કરીને મી૦ ડફીએ સોગંદ ખાધાછે તે તમે જાણોછો ? જ૦—નહી.

સ૦—જો તમે તેમ જાણતેતો હમણાં કાંઈ બીજોજ જવાબ દેતે, ખરૂં કે ? જ૦—હા.

જડજ—હવે આપણ કોરટ બરખાસત કરશું.

મી૦ આનસટી—એકજ સવાલ પુછવા દેશો મારા લારડ. આ ભયંકાર હથીઆરોને હું હીઆં ફરીથી જોવા માંગતો નથી.

સ૦—જરાક આ કોહાડા અને પહરાઈ જુવોતો. તે બુઠાં છે કે ચાલતાં છે ? જ૦—ચાલતાંછે.

સ૦—હવે મને જોવા દેઓ. (પોતે હાથમાં ધરીને દેખાડેછે) વારૂં એક હાથમાં કોહાડો અને બીજા હાથમાં દગલો લઈ એમ ફાડી નાખવા માંગીએતો ફાટેકે ? જ૦—હા. હું ધારૂં છઉં કે ફાટે.

એ પછે કોરટ આગળનીજ મીશાલે બરખાસત થઈ.

છઠ્ઠો દીવસ—સનીવાર, તા૦ ૧૨ મી જુલાઇ ૧૮૭૩.

ભવાંની કાસમજી હવાલદારની ઉલટ પાલટ તપાસ મી૦ આનસટીએ ચાલુ રાખી.

સ૦—હવે મી૦ ભવાની કાસમજી, તમે ગઈ કાલે મને એવું કહયું હતું કે પેલી કોહાડી જેની ધાર ઘસાઇને પોહોલી થઈ ગઈ છે, તે ઘણી ચાલતી કોહાડી છે: તમે કાલે એમ બોલયા હતા કે ?

જ૦—હા. પણ તે બુઠી છે.

સ૦—હવે બુઠી કેમ થઇ ? તમે આ કાંઈ નવી ભુલ સુધારવા માગો છો શું ? તમે શું નથી ધારતા કે તમે જારે હીઆં શાખ્યસી આપવા આવો તારે ખરી બીના જાણવી અને જાણવા વગર સોગંદ નહી લેવા એ વધારે સારૂં છે ? જ૦—હા.

જડજ—હમણા એ શું બોલયો.

મી૦ આનસટી—હવે તે કોહાડી બુઠી કેહેછે.

સ૦—મેં તમોને દેખાડવા આગમચ તે ચાલતી હતી અને હવે જુરીના ગરહસથોએ જોવા પછે તે બુડી થઈ કે? જ૦—હા.

સ૦—હવે સાહેબ, તે ચાલતી છે, એવા સપત ખાવાને મી૦ ડફીએ તમોને નહી શીખાડયું? જ૦—નહી.

સ૦—તા૦ ૪ થી એપરેલે જારે તમે ડુંગર ઉપર ગયા તારે મી૦ બરાઉને કહયું હતું કે તાંહાંની ચાલી તથા તંબુ તોડી પાડતાં અટકાવા સારૂં તમને મોકલયા છે, નહી વારૂ?

જ૦—નહી, મને એમ નહી કહયુંતું.

સ૦—પોલીસમા મી૦ પેએને કરેલી ઉલટ પાલટ તપાસની વેળા શું તમે એમ નહી બોલયા હતા? જ૦—નહી.

સ૦—ઘણું સારૂં. વારૂં સાંભળો (વાંચેછે) "મને મી૦ બરાઉન તરફથી હુકમ મળયોતો ખરો કે એક બાંધકામને તોડી પાડવા સારૂં જો કોઇબી તાંહાં આવેતો તેને પકડવો. ચાલી તથા તંબુ વીશે મી૦ બરાઉન એમ બોલયો હતો." આ પરમાણે તમે પોલીસમા કહયું હતું? જ૦—હા.

સ૦—તારે ખરૂં શું? સોગંદ ઉપર પોલીસમાં કહયું તે કે હીઆં કહયું તે? જ૦—મી૦ બરાઉને મને તેમ ફરમાવયું હતું.

સ૦—તારે તમે હમણાં હીઆં જે કાંઈ બોલયા, તે ખોટું બોલયા? જ૦—હા.

જે ૭૫ બંધવાઓને કમીશનર આગળ ઉભા કીધા હતા તેમને મનગામ ખાતે હું લઇ ગયો નહી હતો. હું તેમની સાથે ગયો પણ નહી હતો. હું તો બીજે દાહાડે મનગામ ગયો. તે દાહાડે મુદલ નહી ગયો હતો.

સ૦—તારે તમે કાંઈ લાકડીઓને મનગામ લઈ ગયા નહી?

જ૦—નહી. બીજો ધણી લઈ ગયો હતો.

સ૦—તેનું નામ શું? જ૦—તે સીપાઈનું નામ ઈઆ નંબર હું જાણતો નથી. તે શાખશી આપવાનો છે કે નહી તે મને ખબર નથી.

સ૦—તમે ગઈ કાળે એમ બોલયા હતા કે લાકડીઓ મેંજ એકઠી કીધી અને તારથી આજ સુધી તે મારા સવાધીનમા હતી?

જ૦—હા. હું બોલયોતો.

સ૦—તમારા બોલો આ પરમાણે હતા (વાંચેછે) તારે લાકડીઓને પોલીસ આફીસમા મુદલ લઈ જવામા આવી નહી? જ૦—લાકડીઓ એકઠી કીધી તારે તે મારા હવાલામા હતી, પણ પછે મેં તે બીજા સીપાઈને આપી.

સ૦—મારા સવાલનો જવાબ આપો. માજીસટરેટની કોરટમા

રેજુ કરવા આગમચ તમે આ લાકડીઓને પોલીસ આફીસમા લઈ ગયા હતા કે નહી? જ૦—નહી.

સ૦—અને જે ધણી લાકડી લઈ ગયો, તેની સાથ પણ તમે નહી ગયા? જ૦—નહી.

સ૦—ઘણું મજેનું. તે લાકડીઓને મી૦ કુપર આગળ રજુ કરી તાંહાંસુધી તેમને તમારા સવાધીનમાં સંભાલથી રાખી હતી?

જ૦—મારા સવાધીનમાં નહી હતી.

સ૦—તારે કોણના? જ૦—જમાદારના સવાધીનમાં.

સ૦—કાંહાં હતી,? જ૦—હું ધારૂં છઉં કે જમાદાર તેમને મજગાંમની પોલીસ આફીસમાં લઈ ગયો અને તેમને તાંહાં રાખી હતી.

સ૦—તમે ધારોછો. તમે જાણતા નથી? જ૦—હું જાણું છઉં કે જમાદાર લાકડીઓને તાંહાં લઈ ગયો હતો.

સ૦—પણ તમે જાણોછો તોબી કહોછો કે તમે સાથે ગયા નહી હતા? જ૦—નહી.

સ૦—તારે તમે કેમ જાંણોછો?

જ૦—કેમકે મેં તે તેને સવાધીન કરી હતી.

સ૦—એટલુંજ? જ૦—હા.

સ૦—અને પછે જમાદારે તે લાકડીઓને બદલી હોય, ઈઆ બીજી લાકડીઓ હુમેરી હોય, ઈઆ કોઈ લાકડીઓને કાહાડી નાખી હોય, તે કાંઈ તમે જાણતા નથી? જ૦—નહી.

સ૦—પણ તમે ગઈ કાલેજ સપત લીધા કે તે લાકડીઓને માજીસટરેટની આફીશમાં એક ઓરડા મધે તમે બંધ કીધી હતી? જ૦—હા.

સ૦—અને તે તમારા સવાધીનમાજ રહી હતી?

જ૦—મારા નહી.

સ૦—પણ તમે ગઈ કાલે એમ નહી કેહયું કે તે લાકડીઓ પેહેલે દાહાડે તમે ઉંચકી તારથી તમારા સવાધીનમા હતી અને તેમાં કાંઈ ઘાલમેલ કીધી નથી તે બાબે બંધવાઓએ તમારા અને પોલીસના ઈમાન ઉપર ઈતબાર રાખવો. તમે એમ બોલયા કે નહી?

જ૦—તે લાકડીઓ મારા સવાધીનમા નહી હતી.

સ૦—તમારૂં ખોટારૂં તો હું જાણું છઉં, પણ તમે એમ બોલયા હતા કે નહી, તે હું પુછું છઉં!

જ૦—તે મારા સવાધીનમા નહી હતી.

સ૦—હું મારા સવાલનો જવાબ લેવશ ને ફર લેવશ. તમે એમ બોલયા હતા કે નહી? જ૦—તે મારા સવાધીનમા નહી હતી.

સ૦—હું ફરીથી પુછું છઉં. આ લાકડીઓમા ઘાલમેલ નહી

કરવા બાબે બંધવાઓએ તમારી અને પોલીસની ઇમાનદારી ઉપર વીસવાસ રાખવો, એમ તમે કાલે સોગંદ લીધાતા કે નહી?

જ૦—હા. હું એમ બોલયો હતો.

સ૦—નહી તમે શું બોલયા હતા કે એ લાકડીઓ તમારા સવાધીનમા હતી? જ૦—હા હું બોલયો હતો.

સ૦—વારૂં. હવે તમે માજીસટરેટ આગળ એમ કહયું હતું કે "મજગાંમમાં બંધવાઓને હું મારી સાથે લઈ ગયો હતો?"

જ૦—નહી. હું એમ નહી બોલયો હતો.

સ૦—તારે તમારો આ જુબાની પતર જુવો. તેમા છેલો વાકીઅ એજ છે. ભાઈ દુભાશીયા, આખો ફકરો એને વાંચી સંભળાવો. (દુભાશીયો તે ફકરો સમજાવેછે.)

જ૦—હું એમ બોલયો નહી હતો.

સ૦—પણ આ તમારી સહી છે. ખરી કે? જ૦—હા.

સ૦—એ જુબાની પતર ઉપર સહી કરવા આગમચ તમોને તે વાંચી સંભળાવયો હતો કે નહી? જ૦—હા.

દુભાશીયાએ શાખસીને જુબાંની પતરનો એવો ભાગ દેખાડયો કે જે ઉપર તેની સહી નહી હતી. એ ઉપરથી મી૦ આનસટીએ તેની સહી શોધી કાહાડીને દેખાડી. શાખશીએ તે સહી કબુલ કીધી.

સ૦—અને તોપણ તમો કહોછો કે તમે આ શબદો નથી બોલયા?

જ૦—નહી.

સ૦—શું આ જુબાનીમા લખેલું ખોટું છે? જ૦—હા.

સ૦—તારેતો તમે મી૦ કુપર માજીસતરેટ ઉપર અથવા તેના કલારક ઉપર અથવા બેહુના ઉપર તમારી જુબાંનીની ખોટી નકલ મોકલવાનું તોહોમત મેલોછો? જ૦—હું એમ કેહેતો નથી.

સ૦—નહી તો કે તારે પોલીસના દુભાશીયા ઉપર તમે એવું તોહોમત મુકોછો કે તેણે તમારી શાખશી ખોટી સમજાવી ઇઆ ખોટી લખાવી? જ૦—હું એમ નથી કેહેતો.

સ૦—તારે આ ખોટી વાત તમારા જુબાની પતરમા આવી તેનો ખોલાસો શું? જ૦—હું કહું છઉં કે હું બંધવાઓને મજગાજ લઈ ગયો નહી હતો.

સ૦—મારા સવાલનો જવાબ આપવોછે કે નહી? તમારો ખોલાશો શું છે? જ૦—હું માજીસતરેટ આગલ એમ નથી બોલયો એજ મારો ખોલાસો છે.

સ૦—હવે મી૦ ભવાંની, ડુંગર ઉપર જઈને આ ચાલી અને તંબુ તોડી પાડતાં અટકાવાને મી૦ બરાઉને તમોને જેવો હુકમ કરયો

તેવો હુકમ પોલીસના માણુસ ઈઆ અમલદાર તરીકેના તમારા આ ખા, લાંબા અનુભવમા કદીબી તમોને મલયો હતો ? જ૦—નહી.

સ૦—વારૂં, મીશીઅરસ ચાક અને ટરનર વકીલોની પેહેડીવા, લા મી૦ ચાકને આ હુલડની અંદર ભાગ લેનાર તરીકે ઓલખાવા ની કાંઈ કોશેશ થઈ હતી અને એ બાબે પોલીસ કોરટમા તમોને કાં ઈ સવાલો પુછવામા આવયા હતા ? જ૦—હા. મી૦ ફરગયુસને મને મી૦ ચાક બાબે કેટલાક સવાલો પુછયા હતા.

સ૦—"મેં મી૦ ચાકને જોયોછે. મેં તેને છેલો કાંહાં જોયો હ તો તે મને યાદ નથી, પણ મારી ખાતરી છે કે મેં તેને જોયોછે" એ પરમાંણે તમે શાખશી આપી હતી ? જ૦—મને યાદ નથી.

સ૦—આ મુકદમા મધે મી૦ ચાકને એક વકીલ સીવાએ બીજી કો ઈ રીતે પોલીસની અંદર ઈઆ બાહેર કાંઈ લાગતું વલગતું નહી હ તું એવા તમે સોગંદતો નહી ખાશો ? જ૦—હું તે કહી શકતો નથી.

મી૦ આનસટી—તારે મી૦ ચાકની સાંમેનો મુકદમો હાલતો મે ળી છાંડવો પડશે.

જડજ—મી૦ ચાકને આ ટંટા સાથ કાંઈ પણ લાગતું વલગતું છે, એવું તમે માજીસટરેટને કહયું હતું ? જ૦—મને યાદ નથી.

સ૦—આ જગા ઉપર સઘલા મલીને આસરે ૩૦૦ પારસીઓ અને તેમના એકસંપીઓ હતા ? જ૦—આસરે ૩૦૦ કે ૪૦૦ હ તા. ૫૦૦ કે ૧૦૦૦ હું કેહેતો નથી. એમાનો મોટો ભાગ પેલાં નાહના બારણામાથી આવયો હતો. તે બારણામાથી આસરે ૩૦૦ આવયા હશે. બાહારની બાજુએથી કેટલા આવયા તે મેં ગણયા ન હી હતા. બાહેરની બાજુએથી થોડાંક લોકો આવયાં ખરાં. કોઈ બાબુલનાથ તરફથી આવયાં. બાબુલનાથનું મંદીર કાંઈ મને તે વે ળા દીસતું નહી હતું. તેઓ પારસી, મુસલમાન અને ઈરાંનીઓ હતા. બાબુલનાથ તરફથી આવેલા સઘલા ઈઆ ઘણાખરા હીંદુઓ છે કે નહી તે મેં બરાબર જોયું નહી હતું. તેઓમાં મેં કોઈ હીંદુ જોયા નહી હતા.

સ૦—પણ તમે હમણાજ બોલયા કે તમે બરાબર નહી જોયું હતું. જ૦—હા.

સ૦—વારૂં તારે પેહેલાંતો મને કહો કે તે બાહેરની ઈઆને બા બુલનાથની તરફથી કેટલાં માણુશ ઘશી આવયાં ?

જ૦—મેં કાંઈ ગણયાં નથી.

સ૦—પણ આસરે કેટલાં ? જ૦—આસરે ૩૦૦

સ૦—પણ તમેતો કેહેજે પેલાં નાહના બારણામાથી ૩૦૦ આવ

યાં હતાં. અને શું તમે એવું કેહેવા માગોછો કે બાબુલનાથની તરફથી પણ ૩૦૦ આવયાં? જ૦—હા.

સ૦—તારે તો ૬૦૦ થયાં? જ૦—નહી.

સ૦—તમેજ કહોછો કે ૩૦૦ માણસો પેલાં નાહના બારણામાથી આવયાં અને ૩૦૦ માણસો બાબુલનાથ તરફથી આવયાં? જ૦—હા.

સ૦—તારે ૬૦૦ થયાં કે નહી? જ૦—નહી.

સ૦—૬૦૦ નહી તો ૨૦૦૦ થયાં?

જ૦—બાબુલનાથનો રસતો દોખમાંનોજ રસતો છે.

સ૦—તારે તમે એમ સમજોછો કે બાબુલનાથનો રસતો અને પેલો નાહાનો દરવાજો બેહુ એકજ જગાએ છે? જ૦—હા.

સ૦—અને તેઓ એ બે બાજુ તરફથી આવયા એમ જારે તમે કહો છો, તારે મતલબ એ કે તેઓ એકજ તરફથી આવયા. પણ તમે જાણતા નથી કે (નકસા ઉપર દેખાડે છે) બારણું તો હીઆં છે; અને બાબુલનાથનો રસતો તો પેલો રહયો? જ૦—હું જાણતો નથી.

સ૦—પણ દરવાજો એટલે શું તેતો તમે જાણો છો. દરવાજો તે કાંઈ માણસ ઈઆ ઘોડો નથી, પણ તે એક ખાંચો છે જેમાથી લોકો આવજાવ કરે છે? જ૦—હા.

સ૦—હવે આતસવાલી જગાની સાંમે જે દરવાજો છે, તાંહાંથી ૩૦૦ માણસોને ધસી આવેલાં તમે જોયાં? જ૦—હા.

સ૦—અને એ બારણામાથી જેઓ આવયાં તે સીવાએ બીજાં કોઈ લોકોને તમે જોયાં કે નહી? જ૦—હા બીજાં ઘણાં.

સ૦—તે બીજાં લોકો કેઈ તરફથી આવયાં?

જ૦—બાબુલનાથ તરફથી.

સ૦—પણ તમે તો કહોછો કે એ બેહુ રસતા એકજ તરફ છે?

જ૦—એ બેહુ રસતા એકેકથી સામાસામે જુદા છે.

સ૦—જોયું કે? તમે સાચું બોલતાં ઘણો વખત લીધોછે અને સાચું નથી તે કેહેતાં તમને કાંઈ વખત લાગો નથી. હવે તારે મને કેહેશો કે નાહાના બારણામાથી નહી, પણ બીજી બાબુલનાથ તરફથી કેટલાં માણસો આવયાં? જ૦—આસરે ૧૦૦.

સ૦—હવે હું ફરીથી પુછું છઉં કે તે બાબુલનાથ તરફ વાલાં ૧૦૦૦ આદમી હોય ઈઆ ઓછાં હોય, પણ તે ઘણાખરા હીંદુ હતા કે નહી? જ૦—મેં બરાબર જોયું નહી હતું.

સ૦—તેમાં પારસી કોઈ નહી હતા? જ૦—હા કેટલાક હતા.

સ૦—અને થોડા હીંદુ હતા? જ૦—નહી.

સ૦—તમોને મેં પેહેલાં એ સવાલ પુછયો તારે તમે હા કહયું હતું.

દુભાશીઓ—તે વેળા એ સમજીઓ નહી હતો.

સ૦—મી૦ ભવાંની, બીજા લોકો વીશે મેં તમોને ઘણાક સવાલો પુછયાછે. હવે થોડુંક તમારે પોતાને વીશે કહો. તમારા માજી સોબેદાર ધાકુ કાંહાં છે? જ૦—હું નથી જાણતો.

સ૦—જેમ તમોને પોલીસની ચાકરીમા પાછા રાખયાછે, તેમ શું તેને કદી પાછો રાખ્યો નથી? જ૦—તેને વીશે હું કાંઇ જાણતો નથી.

સ૦—અને તોપણ તેને હીનપસતીથી બરતરફ કરવામાં આવયો તેને માતેર ચારજ વરશ થયાંછે? જ૦—હા.

સ૦—અને તેના મલતીઆ તરીકે તમોને પણ તેમજ બરતરફ કરયા હતા? જ૦—મને નહી.

સ૦—હવે સાહેબ, હું તમોને ચેતવણી આપું છઉં કે જો તમે ખરેખરા જવાબ નહી આપસોતો તમોને ખોટા સપત ખાવા માટે તમારી ઉપર કાંમ ચલાવામાં આવશે. છુટી આવેલા ગોલાંમોને માટે સરકારે ચોખા મોકલયા હતા કે? જ૦—હા.

સ૦—અને તે ચોખાનો એક જથો ચોરાયો અથવા ઉચાપત થયો હતો કે? જ૦—તે વીશે હું કાંઇ જાણતો નથી.

સ૦—તમે સોગંદ ખાશો સાહેબ, કે તે ચોખા ચોરનારા શખસો તરીકે સાબેદાર ધાકુની સાથે તમોને પોલીસની નોકરીએથી બરતરફ કીધા નહો હતા? જ૦—મને બરતરફ કીધો નહી હતો અને તે ચોખા ચોરાવા બાબે હું કાંઇ જાણતો નથી.

સ૦—તમે કાંઇ જાણતા નથી? શું તમે એમ કહોછો કે મી૦ કમીશનર સુટર આગળ તમારા ઉપર એ તોહોમત નહી મેળયું હતું? જ૦—નહી.

સ૦—તમે સોગંદ ખાશો કે તમે પોલીસમાં નોકરીએ રેહેવા પછે એકબી વખત તમોને નોકરી ઉપરથી રજા, મળી નથી?

જ૦—કદી નહી.

સ૦—કદી સસપેંડ પણ કરયા નથી? જ૦—નહી.

સ૦—કદી ઠપકો પણ મલયો નથી? જ૦—નહી. D ડીવીજનમા આવવા અગાઉ મેં C ડીવીજનમાં નોકરી કરી હતી. મારી આ ડીવીજનમા બદલી થવાને દસ માસ થયાછે. ચાર વરશ ઉપર સોબેદારને બરતરફ કરયો તારે હું C ડીવીજનમાં નહી હતો. તે જીલામાં હું ચાર કે પાંચ વરશ રહયો હતો. શુબેદારની બરતરફી વેલા હું તાંહાં નહી હતો. તે વખત ઉપર હું મજગામ આફીસમાં કામપર હતો.

સ૦—અને તેજ આફીસમા પેલો ચોરાયલો અનાજ હતો કેની?

જ૦—તે કાંહાં રાખેલો હતો તે હું જાણતો નથી.

સ૦—તે આફીસમા તમે "ડુટી" પર હતા તારે તે આખાં મ કાનમા ગમે તાંહાં આવવા અને જવાની તમને છુટ હતી ખરી કેની?

જ૦—નહી.

સ૦—પણ તમે આફીસની અંદર કદી નહી ગયા હતા?

જ૦—હું મારી "ડુટી" કરતો હતો.

સ૦—અને સોબેદાર ધાકુ પણ તાંહાજ હતો? જ૦—હા.

સ૦—તેની ચાલ ઉપર તપાસ થતી હતી, તારે તમે પોલીસમા હાજર હતા? જ૦—હા, હું હાજર હતો કેમકે તાંહાં કાંઈ કામને સર જવું પડયું હતું.

સ૦—અને તે કામ એવું હતું કે તમોને તે સોબેદારની પાસે ઉભા રાખ્યા હતા? જ૦—નહી.

સ૦—સોબેદાર સીવાએ બીજા કેટલા જણ ગુનેહગાર ઠરયા હતા?

જ૦—હું કાંઈ જાણતો નથી. મેં કાંઈ ગણયા નહી હતા.

સ૦—તેતો હું જાણું છઉં. તમે કદી ગણતા નથી. પણ આં સરે કેટલા? જ૦—હું જાણતો નથી.

સ૦—વાજબી કે ગેરવાજબી રીતે આસરે કેટલા જણ ઉપર તો હોમત હતું? ગેરવાજબી રીતેજ મેલયું હશેની? જ૦—મેં ગણયા નહી, તેથી હું કહી શકતો નથી.

સ૦—હા, વળી પાછી ગણવાની વાત આવી. પણ આસરે કેટલા જણ ઉપર વાંક મેલયો હતો? જ૦—આસરે પાંચ છ જણ ઉપર.

સ૦—એ પાંચ છ જણ ઉપર વાંક મેળયા પછે કેટલા જણ ઉપર સાબેત થયો, કેટલા જણ બરતરફ થયા અને કેટલાને ઠપકો મળયો?

જ૦—સઘલાઓ બરતરફ થયા.

સ૦—તેમાં સોબેદાર કેટલા હતા, જમાદાર કેટલા હતા અને હુવાલદાર કેટલા હતા? જ૦—હું જાણતો નથી તેથી કહી શકતો નથી.

સ૦—પણ તેઓમાના એક તમે હતાની?

જ૦—નહી. તે વખતે પોલીસ આફીસમાં "ડુટી" ઉપર મારા ઉપરાંત બીજા બે તરણ અમલદારો હતા. શીપાઈઓની શંખ્યા ચોકસ નહી હતી. તેઓમા વધઘટ થતી હતી. તે આસરે ૨૦ ની હતી. તે ૨૫ જણમાના છ જણ ગુનેહગાર ઠરયા અને બરતરફ થયા. એ પોલીસ ફોજની દુખ ભરેલી એબ અને હીનપસતીની વાત હતી.

મી૦ બરાનસને ઉલટ પાલટ તપાસયો.

સ૦—ગઈ કાલે તમે કહયુંછે કે કંપાઉંડની અંદર જારે તમે ૧૫૦ પારસીઓને જમાવ થયલા જોયા તારે સર કાવસજી જાંહાંગીરના બંગલાની સામે કંપાઉંડની દેવાલ આગળ તમે ઉભેલા હતા?

જ૦—હા. મી૦ બરાઉન તે વખતે મારી સાથ નહી હતો. તે પછવાડેથી તાંહાં આવયો. તે જગા ઉપર કાંઈ કચરાના ઢગ ઈઆ બીજી કોઈ ચીજ નહી હતી.

સ૦—તારે તમે માજીસટરેટને એમ શા માટે કહયું ? તમારી જુબાનીમાંથી હું વાંચી સંભળાઉં છઉં અને આપણ જોઈશું કે જેમ મી૦ માકડરમાટે પોતાની દસા બદલીછે તેમ તમે પણ બદલીછે કે નહી ? જ૦—નહી.

સ૦—પેહેલાં સાંભળો સાહેબ. માજીસટરેટ આગળ તમે બોલયા હતા કે—(વાંચેછે) "ડુંગર ઉપર જાંહાં ચાલી અને તંબુ હતા તાંહાં હું ઉભેલો હતો. દોખમાંની દેવાલ અને કચરો બાલવાની જગાની વચે હું હતો. તે વેળા કંપાઉંડની અંદર મેં આસરે ૧૫૦ માણસોને દીઠાં હતાં." એમ તમે બોલયા હતા કે નહીં ? જ૦—હા.

સ૦—તમે એમ પણ બોલયા હતા કે—(વાંચેછે) "હું કચરાના ઢગલાની પાસે હતો અને દોખમાંની અંદર આસરે ૧૫૦ માણશો હતાં."

મી૦ આનસટી—એ સવાલ ઉપર હું વાંધો લઉં છઉં. એ સવાલ મારાં કુલોને લગતો છે. હું ધારૂં છઉં કે મારા કાબેલ મીતર પોતાનાજ કુલોને લગતી તપાસને વલગી રેહેતો સારૂં.

મી૦ બરાનસન—ઘણું સારૂં. જો મારા કાબેલ મીતરને હરકત છે, તો હું એ સવાલ પુછતો નથી.

મી૦ ફરગયુસને ફરીથી તપાસયો.

કંપાઉંડમાના પારસીઓને મેં કેઈ જગાએથી જોયા તે બાબે પોલીસમાં મને કાંઈ ચોકસ સવાલો પુછયા નહીં હતા.

સ૦—જેને "પોલીસ ફોજની પેલી દુખ ભરેલી હીનપસતી અને એબ" કેહેવામા આવીછે તે શખત પરીખ્શામાથી તમે તોહોમત વગર અને ઠપકા વગર પસાર થયા હતા ?

જ૦—મને તપાસયો હતો.

સ૦—પણ તમોને ઠપકો મલયો હતો, ઈઆ તમારી ઉપર તોહોમત મેલયું હતું ? જ૦—નહી.

માહોમાહેની તકરાર.

જડજ—તમારી તપાશ કેમ થઈ હતી ? જ૦—શાખશી દાખલ.

મી૦ આનસટી—(આસપાસ સંભલાય તેમ) એક જાણ ભેદુ દાખલ.

મી૦ ફરગયુસન—મારા લારડ મેં મી૦ આનસટીને એવું બોલતાં સાંભલયો કે "એક જાણ ભેદુ દાખલ." હું તમો નામદારને અરજ કરૂં છઉં કે જુરી સાંભલે તેમ એવા શબદો ઓચરીને ટાહુકા નહી પુરવા માટે તમે તેને કહો.

જડજ—અગરજો મી૦ આનસટીએ એ શબ્દ એવી રીતે વાપરી ઓ હોય કે જુરી સાંભલી શકે તો તે ઘણું અણઘટતું છે.

મી૦ આનસટી—અગરજો જુરી એ સાંભલી શકે તો તે મારો વાંક નથી. અગરજો સરકાર કોરટને માટે એવું ઘર આપણને બખશેશ કરેતો તેમા મારો કાંઈ ઉપાય નથી. જેઓ મારી આસપાસ છે—મી૦ ફીરોજશાહ, મી૦ સટારલીંગ, મી૦ મેહયું, અને જે વકીલો મારી સાથ મશલત કરેછે તેઓને સંભલાય એમ મારે બોલવું જોઈએ.

જડજ—અલબતાં હીઆં અગવડ ભરેલું તો છે, પણ એ પરમાણે તમે ટાહુકા મુકોછો તે હું હંમેશ સાંભલું છઉં.

મી૦ આનસટી—મારા લારડ, હું ફરીથી કહું છઉં કે મારા ટીકાઓને કોઈ ઓછા કરી શકવાનું નથી. તે જુરીને સંભળાવાની મારી મતલબ નહી હતી.

મી૦ ફરગયુસન—ઠીક છે. હું એવા ટાહુકા જારેબી સાંભળશ તારે દરએક વેળા તેમની ખબર લેવશ.

જડજ—એ ઘણું અણઘટતું કામ થાય છે અને હું તેની સામે મારો વાંધો નોધું છઉં.

મી૦ આનસટી—અને હું ફરીથી કહું છઉં કે બંધવાઓનો બચાવ કરવામા મારી સાથ રોકાયલા મારી આસપાસના ગરહસથો આગળ ટીકા કરવાથી મને કોઈ અટકાવાનું નથી. હું એ અણઘટતું કામ મુદલ સમજતો નથી.

જડજ—વારૂં, જો તમોને એમ બોલતાં અને કોરટના કામમા હરકત કરતાં ફરીથી સાંભળશ, તો હું તેની બીજીજ રીતે ખબર લેવશ.

મી૦ આનસટી—હું વળી ફરીથી કહું છઉં, કે હું મારા કુલ તરફ મારી ફરજ બજાવશ અને તમો નામદાર તમારી ફરજ બજાવજો.

જડજ—હા. હું બજાવાનો.

એ પછે શાખસીની તપાસ આગળ ચાલી. કચરો બાલવાની જગા ઉપર ગાડાંઓની અંદર કાંઈ કચરો લાવતાં મેં દીઠો નહી હતો. મેં તાંહાં કસાં ગાડાં જોયાં નહી હતાં. તે ગાડાંઓ તાંહાં સહવારના ૬ થી ૯ વાગતા સુધીમા આવે છે. હું મી૦ ડફીને ઓળખતો નથી. મેં તેની સાથ કદી વાત કીધી નથી. બખેડાની સહવારના પોલીસ ફોજ સઘલી એક જગા ઉપર નહી હતી, પણ વીખરાતી રાખી હતી. દરએક જણ શું બોલયા તે મારે સાંભળવું એ બને એવું નહી હતું.

સ૦—આ લાકડીઓ જેને તે જગા ઉપરથી ઉંચકી લીધી, તે સીવાએ બીજી કોઈ તમે દીઠી હતી.

મી૦ આનસટી—હું એ સવાલ ઉપર વાંધો લઉં છઉં. કોઈ "બીજીઓ" વીશે શાખસી કશું બોલયો નથી. તેણે એટલુંજ કહ્યું કે જે લાકડીઓ હતી તે એકઠી કીધી હતી.

મી૦ ફરગયુસન—હું કહું છઉં કે એ સવાલ પુછવાનો મને હક છે, કેમકે શાખસીની સાહેદીના આ ભાગ ઉપર શક નાખવાની મતલબથી ઉલટ પાલટ સવાલો પુછવામાં આવયાછે.

જડ્જ—મારી નોધમાં લખેલુંછે કે—"જેમ તેઓ નાહાસી જતા હતા તેમ કોઈએ પોતાની લાકડી જમીન ઉપર નાખી દીધી અને બીજાઓએ દીખમાના કંપાઉંડની દેવાલ ઉપરથી કંપાઉંડની અંદર તેમને ફેંકી દીધી."

મી૦ ફરગયુસન—તમો નામદારે એમ લખી લીધુંછે એવું હું જાણતો નહી હતો.

એટલું કહી મી૦ ફરગયુસને ઉપલો સવાલ માડી વાલયો અને શાખસીની તપાસ આગળ ચલાવી.

મને પોલીસમાં નોકરી કરતાં તેર ઈઆ ચઉદ વરશ થયાંછે. મેં એમાનો ઘણોખરો વખત C ડીવીજનમાં કાહાડયો હતો. આફીસ ખાતાંમાં પાંચ સાત વરશ સુધી હું રહયો હતો. શેશન કોરટમાં આગળ મેં એકજ વખત શાખશી આપેલીછે તેને ઘણાં વરશ થયાંછે. કેટલાં, તે મને યાદ નથી.

સ૦—તમે અમારી આગળ એવું બોલયાછો કે મી૦ બરાઉને તમોને એવું કહયું હતું કે ચાલી અથવા તંબુને જેબી ઘણી તોડી પાડે તેને પકડવો એ બીના તમે પોલીસમા માજીસટરેટ આગળ કબુલ કરેલીછે. હવે મને કહો કે મી૦ બરાંઉને તમોને એ પરમાંણે કારે ફરમાવયું ? તા૦ ૪ થી એપરેલે કે ? જ૦—મી૦ બરાઉને મને જે કાંઈ કહયું હતું તે એટલુંજ કે મારે ડુંગર ઉપર જવું અને સંભાલવું કે કાંઈ મારામારી ઇઆ સુલેહનો બગાડ નહી થાય. એમ કેહેવાનો દાહાડો મને યાદ નથી. ચાલી અને તંબુ તોડી પાડવાની આગમચ હું ડુંગર ઉપર ગયો હતો.

સ૦—કીએ દાહાડે ?

મી૦ આનસટી—એ દાહાડા વીશે શાખશીને આગળ કશું પુછેલું નથી. એ તદન નવી વાત છે અને તેથી હું તેની સામે વાંધો ઉઠાઉં છઉં.

મી૦ ફરગયુસન—મી૦ આનસટીએ ઉલટ પાલટ તપાસમાં તા૦ ૨૭ મી મારચ વીશે શાખસીને પુછયુંછે અને હું કહું છઉં કે તે ઉપર તેને ફરીથી પુછવાનો મને હક છે.

મી૦ આનસટી—મેં એ તારીખ વીશે કશું પુછયું નથી.

મી૦ ફરગયુસન—હું કહું છઉં કે ઉલટ પાલટ તપાસમા તમે એ તારીખ પુછેલી છે.

જડજ—ઉલટ પાલટ તપાસમાં એ તારીખ વીશે મને કશું જણાતું નથી.

એ ઉપરથી મી૦ ફરગયુસને સવાલ માંડીવાલી તપાસ આગળ ચલાવી.—માજીસટરેટની આગળ લાકડીઓ રજુ થવા પછે તેની આફીસમાં એ લાકડીઓ એક ઓરડામા બંધ કરી હતી.

જુરીએ શાખસીને તપાસીઓ.

સ૦—તા૦ ૪ થીને દીને પોલીસવાલા સીવાએ કોઈ બીજા યુરોપીઅનોને તમે તે જગા ઉપર દીઠા હતા? જ૦—નહી.

સ૦—તે દાહાડે કુવરજી પરાગજી અથવા જેકબ જમાલને તમે દીઠા હતા? જ૦—નહી.

સ૦—બંધવાઓના હાથ માહેલાં હથીઆર દાખલ કોરટ મધે જે તમે દેખાંડયાં છે, તે સીવાએ બાજાં દીઠાં હતાં? જ૦—નહી.

સ૦—તમે કાંઈ છરીઓ જોઈતી? જ૦—મેં નહી જોઈ હતી.

પાંડુરંગ વીઠલની શાખસી.

પોલીસના સીપાઈ પાંડુરંગ વીઠલનું નામ પોકારતાંજ તેને આવત્રા આગમચ મી૦ આનસટીની અરજ ઉપરથી બંધવાઓને પાછા અદલ બદલ બેસા ડવામા આવયા.

પલાન બાબે વાતચીત.

જડજ—જુરીના ફોરમાને એવી અરજ કીધી છે કે અંદર જોઈને કામ ચલાવા સારૂં આ પલાંન શાખસીમા રજુ કરવો. હું પોતે તેમ કરી શકતો નથી. એ પલાન રજુ કરવો કે નહી તે ઠરાવવાનું ફરીઆદી અને બચાવની બેરિસ્ટરાએઓનું કામ છે.

એક જુરર—દેખમાની આસપાસનાં જુદાં જુદા રસતાઓ જુરીને દેખાડવા સારૂં વાપરવાની ધારણાથી પલાન બનાવયોછે.

જડજ—હું નહી ધારતો કે એ કારણસર તમોને તે ઘણો ઉપયોગી માલમ પડે. વળી સોમવારને દીને તે જગા નજરે જોવાની તમોને તક મળનારછે.

મી૦ આનસટી—અગરજો આ પલાન મને દેખાડવામા આવે અને જો તે હું બરોબર ધારૂંતો જુરી ચાહેછે તેમ તેઓને તે વાપરવા આપવા સાંમે મને મારાં કુલ, આસરે ચાલીસ બંધવાઓ, તરફથી કાંઈ હરકત નથી.

જડજ—અગરજો તે જુરીને વાપરવા આપવો હોયતો કોરટમા તમે તે રજુ કરવો જોઈએ.

મી૦ આનસટી—હું માતર કામ સવલ કરવા માટે બોલું છઉં. હું પોતે આ પલાન વીશે કશું જાણુતો નથી.

મી૦ ફરગયુસન—જુરીના ફાયદાને માટે અગરજો બંધવાઓના હીમાએતીઓ તેને રજુ કરવા માગતા હોયતો મને કશી હરકત નથી.

મી૦ આનસટી—હું પોતે મુકવા નથી માગતો. અગરજો તે મુકવામા અને વાપરવામા આવેતો તેને તપાસવા પછે તથા તે ખરો માલમ પડવા મારે કાંઈ હરકત લેવી નથી એટલુંજ હું કહું છઉં. હું એ પલાન વીશે કાંઈ જાણુતો નથી.

જડજ—વારૂં તારે જો બચાવની બોરફુથી તે મુકવામા નહી આવેતો હું પણ તે મુકી શકતો નથા. હું માતર જુરીનાં ફાયદાને માટે બોલયો છઉં.

એ પછે વધારે કશું નહી થવાથી એ બીના પડતી રહી અને તે ઉપરથી શાખશીને

મી૦ ઈનવરારીટીએ તપાસયો.

તા૦ ૪ થી એપરેલની સહવાર મને યાદ છે. તે વેલા હું દોખમાના કંપાંઉડની દેવાલ અને મીઉનીસીપાલ કચરો બાલવાની જગાની વચે હું હતો. તાંહાં મેં એક ચાલી અને તંબુ જોયો હતો, જે ભાંજી નાખો તેનો સામાન ફેંકી દેવામા આવયો હતો. થોડોક ભાગ ડુંગર ઉપરથી બાકએ તરફ ફેંકી દીધો હતો અને બીજો થોડોક ભાગ હુંઈ તંહી ઉરાડયો હતો. ૪૦૦ થી ૫૦૦ માણુશોએ આવીને તંબુ અને ચાલીને બે તરણુ ઠેકાંણેથી ભાંજી નાખી હતી.

જડજ—તેઓ આવયા તારે કે તાર પછે તમે એ જગા ઉપર હતા?

જ૦—તેઓ આવયા તારે હું હાજર હતો.

તેમા શામેલ રહેલા તરીકે હું થોડાક બંધવાઓને ઓલખી શકું છઉં. (શાખશી આટલા જણુને ઓલખાવેછે—ના૦ ૧, ૩૬, ૨૬, ૨૪,૨૯, ૨૨, ૨, ૪૪, ૧૬). જારે મેં માણકજી તથા કાવસજીને જોયા તારે કહયું કે. "તમે આવડાં મોટાં ટોલાં સાથ કાંહાં જાઓછો?" માણેકજીએ જવાબ દીધો કે "અમારી જગા ઉપર કોઈએ આ ચાલી અને તંબુ ઉભા કરયાછે, હું તેને ભાંજી નાખશ." મેં કહયું કે "અગરજો આ જમીન તમારી હોયતો દેવાંની કોરટમાં જવું જોઈએ. આવું કાંમ તમોને ઘટારત નથી." માણેકજી (ના૦ ૧ લો) બોલયો કે "પોલીસને કાંઈ લાગતું વલગતું નથી. તું બોરફુએ ઉભો રેહ." તેણે વળી કહયું કે "જો સરકાર અમોને દંડ ઈઆ શીખ

સા કરશેતો પારસીની પંચાએત પાસે પુશકલ પઈસા છે, અને અમે ખરચવાને શકતીવાન છઈએ." એ ઉપરથી મેં કસો જવાબ દીધો નહી. જારે આ વાત ચાલી તારે બંધવો નાo ૨ જો માંણેકજીની પાસેજ હતો અને બીજા ઘણા જણ હાજર હતા. એ સઘલી વાત ચાલી અને તંબુ તોડી પાડવા આગમચ થઈ. એ વાતચીત અને ચાલી તથા તંબુ તોડી પાડયો તે સઘલું પાંચ મીનીટમાં થયું. નાo ૨૪ વાલા બંધવાને હાથમાં સોટો લઈ ચાલી ઉપર અફાડતાં મેં દીઠો હતો. નાo ૨૬ વાલાને એક લાકડી વટે એક માણુશને મારતાં મેં દીઠો હતો. તે માણુશ કોણ હતો તે હું તે વખતે જાણતો નહી હતો, પણ પછવાડેથા તે મને માલમ પડયો. તેને હું જોઉંતો ઓળખી શકું. તેનું નામ જાનું છે. (જાનુને કોરટમાં બોલાવ્યો) હા, એજ. નાo ૯ માને લાકડી વટે ચાલી ભાંજી નાખતાં મેં જોયો. નાo ૧૬ માને ભીડની અંદર ચાલી ભાંજી નાખતાં મેં જોયો. નાo ૪૪ માને ભીડની અંદર ચાલી ભાંજતાં મેં જોયો. નાo ૨૨ માને હાથમા લોહડાંની એક પહરાઇ વટે ચાલી ભાંજી નાખતાં મેં જોયો. નાo ૩૯ માંને હાથમાં લાકડી સાથ મેં જોયો. તે મને મારા માથાંમા મારવાની તજવીજ કરતો હતો તેવામાં સુપરીનટેનડંટ સાહેબે આવીને તેના હાથમાંથી લાકડી છીનવી લીધી. એ વેલા જે ધણીએ જાનુને લાકડી મારી તેની તરફ હું દોડવા જતો હતો. સુપરીનટેનડંટ સાહેબે લાકડી છીનવી લીધી તારે તેણે આમ ધરેલી હતી (માથાં ઉપર હાથ કરીને દેખાડેછે). મીo બરાંઉને તે લાકડી છીનવી લઈને તેને તથા એ માણુશને મારા હાથમાં કેદ આપયો. તે લાકડી જો હું જોઉંતો ઓળખું. તે લાકડી મને મળયા પછે મેં મારી પાસે રાખી. સઘલી લાકડીઓ એક જગા ઉપરથી એકઠી કરી એક સીપાઈના હવાલામાં આપવામાં આવી તારસુધી મેં એ લાકડીને મારી પાસ રાખી. તે પછે તે જગા ઉપરથી એકઠી કરેલી લાકડીઓમાં તેને મેં મેળી અને પછે સઘલીને પોલીસ આફીસ મધે લઈ જવામા આવી. માજીસટરેટની કોરટમાં મેં તે લાકડીને દેખાડી આપી હતી. હમણા હું તે દેખાડું છઉં. (એક લાંબો વાંસ દેખાડેછે). માણકજી તથા કાવસજી અને તેની સાથના લોકો ચાલી અને તંબુની ઉગમણ તરફથી બાબુલનાથ તરફને રસતેથી આવયા હતા. તે સઘલાના હાથમા નાહની મોટી લાકડીઓ હતી અને સોટા નામની લાકડીઓ હતી. મેં તેઓને આજે ઓળખયાછે તેમને તાo ૪ થી એપરેલની આગમના હું ઓળખું છઉં: બંધવા માણકજી અને કાબસજીના હાથમાં કાંઈ લાકડીઓ નહી હતી.

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

મી૦ આનસટી—ઉભા થાઓ, ના૦ ૩૭ મા અને ૪૩ માં.

એ બંધવાઓ ઉભા થયા.

સ૦—હવે જારે તમે પોલીસમાં શાખસી આપી તારે આ લોકોને ઓળખાવયા હતા; અને આજે તેમને નથી ઓળખાવયા તેનું કારણ શું ? જ૦—તેઓ હમણાના કરતાં તે વખતે જુદો પોશાક પેહેરી આવયા હતા તથા તેઓમાંના કેટલાકોના ચેહેરા ઉપર તે વખતે બાલ હતા, અને હમણા તેઓ હજામત કરાવી આવયાછે. (હસવાનું).

મી૦ આનસટી—(બંધવાઓને) જરા મેહેરબાની કરી તમારી હુંડીઓ દેખાડો.

સ૦—તે વખતે બંધવાઓને તેમના નંબરો પરમાણે ગોઠવયા હતા અને તેથી તમે ઓળખયા હતા, એમજ કેની ?

જ૦—મેં કાંઇ તેમના નંબરથી ઓળખાવયા નથી. હું તેમને ઓળખું છઉં, તેથી ઓળખાવયાછે. પોલીસ કોરટમાં તેમના આંકડા પરમાણે ગોઠવયા હતા, અને હીઆં ઘણા ભેલસેલ તથા ગુચવાડો કરી તેમને બેસાડયાછે. જો આજે તેમને બરાબર ગોઠવીને બેસાડયા હતેતો હું ઓળખતે. જો તેમને મેં બરાબર જોયા હતેતો મારે ઓળખવા જોઇએ.

સ૦—હવે સાહેબ, અગરજો એવા શાખશી બોલાવામા આવે કે આ લોકોના ચેહેરાપર કાંઈ ફેરફાર થયો નથી અને પોલીસમા તેમના જે બાલ હતા તેજ આજે પણ છે, તો તમે શોગંદ ખાઈ તેવા શાખશીને ખોટા પાડશો ?

જ૦—આ બે શખસો વીશે મારો જવાબ એજ છે કે હું તેમને સારીપઠે પીછાણું છઉં માટે તેમને ઓળખાઉં છઉં.

સ૦—અને તે વખતના કરતાં હમણાં કાંઈ તેમના બાલ વધારે તો નથી વ્હારૂં ? જ૦—તેમનો પોશાક જુદોછે.

સ૦—હું બાલ વીશે પુછું છઉં, સાહેબ.

જ૦—પેલા (ના૦ ૪૩ માં) ના ચેહેરા ઉપર આજે ઓછા બાલ છે.

જડજ—પોલીસ કોરટ કરતાં ? જ૦—હા.

સ૦—કેટલા ઓછા છે ? પોલીસ કોરટમાં શું એના ચેહેરા ઉપર મુછ હતી ? જ૦—હા.

સ૦—એના થેબીઆબી હતા કે ? જ૦—એના ગાલ ઉપર થોડાક બાલ હતા, જે હમણા હું જોતો નથી. વળી પોલીસ કરતાં હી

આં એનો ચેહેરો વધારે ગોરો દેખાયછે. તે વખતે એનું કાલું મોહડું હતું (હસવાનું).

સ૦—તમે કદી તમારૂં મોહ ધોવોછો? જ૦—હા.

સ૦—અને તમે જાણોછો કે મોહડું ધોવા પછે કોઈ વખત તમે વધારે ઉજલા દેખાઓછો? જ૦—હા.

સ૦—વારૂં તારે આ શખસનો ચેહેરોંબો મેળાના કરતાં ધોયલો હોય તેટલોજ ઉંજલો છે કેની? જ૦—હા.

સ૦—વધારેતો નથી? જ૦—તે વધારે બોડાવેલોછે.

સ૦—હું તમોને ધોયલા અને નહી ધોયલા ચેહેરા વચેનો તફાવત પુછું છઉં. જ૦—એનો રંગ હવે બદલાયોછે. (હસવાનું) એ હમણા વધારે ગોરો લાગેછે. હું ધારૂં છઉં કે એણે સારીપડે મોહ ધોયુંછે. વળી તે ઉપરાંત એણે પોતાના મોહડાં ઉપરના બાલ બોડાવયાછે તેથી એનો ચેહેરો વધારે ગોરો દેખાયછે.

સ૦—તે વખતે એની દાઢી હતી કે?

જ૦—નહી. લાંબી દાઢી નહી હતી.

સ૦—અને જરા તસદી લઈને જોશોતો એના ગાલ ઉપરના જે બાલ વીશે તમે બોલોછો તે બાલ તમે હમણાબી જોશો? જ૦—હા છે.

સ૦—તમે કહોછો કે એનો પોશાક તે વેલા જુદો હતો, તે કેમ?

જ૦—એનાં કપડાં તે વખતે મેલાં હતાં, પણ હમણા તે ધોતાં ને સોજાંછે.

સ૦—તેથી તમોને એ આજે દેખાયો નહી કે? જ૦—હીઆં ભીડ એટલી છે કે મારી નજર તેના ઉપરથી ચુકી ગઈ.

સ૦—હવે પેલા બીજા બંધવા ઉપર આવીએ. એનાં કપડાં અને બાલમાં પણ ફેર પડયોછે કે?

જ૦—એનો પોશાક જેવો તારે હતો તેવોજ હમણા છે.

સ૦—અને એના બાલ? જ૦—તે પણ જેવાને તેવાજ છે.

સ૦—હવે મી૦ વીઠલ, છેલા શાખસી હુવાલદારને જારે મેં આજે ઉલટ પાલટ તપાસવા માડયો તારે તમે બાહેર પેલીગમ એક લાકડીને જોતા હતા ખરૂં કે? જ૦—નહી.

મી૦ આનસટીએ હુકમ કરયો કે જે તરણ જણાઓએ એને તેમ કરતાં દીઠો તેમને હાજર કરવા.

સ૦—તમે આજે તપાસનું કાંમ શરૂ થવા અગાઉ તમારા જીલાના જમાદાર સાથ તાંહાં બાહાર વાત કરતા હતા કે નહી? જ૦—નહી.

મી૦ આનસટીના બોલાવેલા તરણ શખસો હાજર થયા.

સ૦—આ તરણ માણશોને તમે જોવોછો? જ૦—હા.

સ૦—હવે આ તરણ માણસો તાંહાં ઉભેલા હતા, તેમના દેખ તાં જમાદાર સાથે તમે એક લાકડી તપાસી અને જમાદારે તમોને કહયું કે "આ લાકડી દેખાડજો," એ વાત તમે સોગંદ ખાઈ ના પાડશો? જ૦—મેં એવી કસી વાત જમાદાર સાથ કીધી નથી. તે વેળા મારી અને હવાલદારની સાથ ઉભા રહેલા એવા મારા શાખસી છે.

સ૦—હવાલદાર જવાંની કે? જ૦—નહી, હવાલદાર શેખહુશેન.

જડજ—આ તરણ જણના નામ શું છે?

મી૦ આનસટી—બરજોરજી સોહરાબજી, હોરમજજી મનચેરજી અને હોરમજજી દોરાબજી.

શાખશી—હું લાકડીઓ આગળ મુદલ ગયોજ નથી.

સ૦—તમે ઓલખાવેલા સઘલા શખશોને આગળ ઓળખતા હતા એટલુંજ નહી, પણ ના૦ ૧ વાલાની જગા ઉપર તમે વારેઘડીએ જતા હતા? જ૦—હા.

સ૦—અને તે જગા ઉપર તમે ખારવીઓને જોતા હતા નહીં વારૂ? જ૦—હા.

સ૦—અને તાંહાં તાડીના જાહાડ પણ હતાં? જ૦—હા.

સ૦—અને તાડી છેજનારા પણ હતા? જ૦—હા.

સ૦—અને જારે તમારા કેહેવા મુજબ તા૦ ૪ થી એપરેલે તમે માણેકજીને કહયું કે "શેઠ, તમે હીઆં કેમ?" તારે "તેણે જવાબ દીધો કે હું મારી જગા સાફ કરી નાખવા આવયો છઉં?"

જ૦—તે બોલયો કે "મારી જગાપર ચાલી અને તંબુ બાંધયાછે. હું તેમને બાંજી નાખવા તથા નાશ કરવા તથા હીઆંથી સાફ કરી નાખવા જાઉં છઉં."

સ૦—મારા સવાલનો જવાબ આપો. "આ સઘલી ચીજ મારી જગા ઉપરથી સાફ કરવા" એમ તે બોલયો હતો કે નહી?

જ૦—એ બોલયો કે, "અમારી જગા ઉપર કોઈએ ચાલી ને તંબુ બાંધયાછે, હું તેમને બાજી નાખવા, તથા ચીજો અને સામાનને ફેંકી દેવા, તથા જગાને સાફ કરી નાખવા તથા બીજી જગાઓના સરખી સપાટ કરવા આવયો છઉં."

સ૦—તેણે સાથે એમ પણ કહયુંની કે "અમે હીઆં કોઈને મારવા ઇચ્છા કાંઈ બખેડો કરવાની ધારણા રાખતા નથી"?

જ૦—હા. તે બોલયો કે "અમે કોઈને મારવાના નથી."

સ૦—અને "મારામારી પણ કરવાના નથી"?

જ૦—એ બોલો મને યાદ નથી.

સ૦—તમોને માજીસટરેટ આગળ તપાસયા અને તમારી જુબાની લખી લીધી હતી? જ૦—હા.

સ૦—તે તમોને સમજાવી અને તમે સહી કીધી? જ૦—હા.

સ૦—તમોને મી૦ પેએને ઉલટ પાલટ પુછ્યું તારે તમે એમ બોલયા હતા કે (વાંચેછે) "બંધવા ના૦ ૧ લા અને ૨ જાએ મને કહયું કે અમે કોઇને મારવાના નથી, ઈઆ બખેડો કરવાના નથી." એમ તમે બોલયાતા કે નહી? જ૦—હા.

સ૦—અને તમે એમ કહયું તે ખરૂં હતું?

જ૦—હા. મેં જે જુબાની આપીછે તે બધી ખરી છે. ના૦ ૧ લા અને ૨ જા બંધવાઓએ જારે મને તેમ કહયું તારે મી૦ બરાઉન હાજર નહી હતા. તેઓનું કહેલું મેં મી૦ બરાઉનને કહયું નહી હતું. તેઓ એમ બોલયા તારે ભવાંની હવાલદાર અને ઉમર બેહુ જણ હાજર હતા, પણ તેઓ જરા દુર હતા.

સ૦—પણ તમે પોલીસમાં જે શાખસી આપી તેથી ઉલટી શાખસી તમે સોગંદ ખાઈને આપવા માગોછો કે શું? જ૦—મેં પોલીસ કોરટમા કહયું કે તેઓને એ બોલો સંભલાયા હોય.

સ૦—તમે શું કહયું તે હું વાંચું છઉં. (વાંચેછે) "ભવાંની અને ઉમર તે વખતે હાજર હતા અને તેઓએ તે સાંભલયું. બીજાઓ જરા દુર હતા." એમ તમે માજીસટરેટ આગલ બોલયાછે, કે નહી? જ૦—નહી. અમે એકજ જગા ઉપર સાથે ઉભેલા હતા, એવું મેં માજીસટરેટને કહયુંજ નથી.

સ૦—તમારી જુબાની જુવો. જ૦—મેં માજીસટરેટને કહયું કે હું, ભવાંની અને ઉમર એકજ જગા પર ઉભેલા નહી હતા, પણ તેઓએ સાંભળયું હોય.

સ૦—હવે સાહેબ, આ જેટલા શખસોને તમે ઓળખાવયાછે, તેમાના એકનોબી ધંધો તમે કહી શકશો? જ૦—હા. એમાના કોઇને વીશે પણ મને પુછો.

સ૦—ના૦ ૧ લાનો શું ધંધો છે?

જ૦—તે તાડી અને દારૂ વેચેછે.

સ૦—અને ના૦ ૨ જો? જ૦—તેની ફતરની ખાન છે, અને ફતર ફોડવા સારૂં તેણે માણસો રાખેલાંછે. માજીસટરેટની આગળ શાખસી આપવા અગાઉ હું તે જાણતો હતો. દોખમાનાં કમપાંઉંડમાં એણેં બાંધકામનો ઈજારો લીધોછે તે હું જાણતો નહી હતો. ના૦ ૯ માનો ધંધો હું જાણતો નથી. ના૦ ૧૬ મો સર કાવસજી જાંહાંગીરના ભાઈ હીરજી જાંહાંગીરના બંગલા આગળના ડુંગર ઉપરના ઝાડોમાથી તાડી કાહાડેછે. ના૦ ૨૪ માનો ધંધો હું જાણતો

નથી, પણ પાએદસતોની સાથે દોખમા તરફ આવતાં તેને મેં જોયલો છે. આ બખેડાને દાહાડે મેં તેને પાએદસત સાથ આવેલો જોયો ન હી હતો. મેં તેને ભીડ વચે ડુંગર ઉપર દીઠો હતો. ના૦ ૨૬ મા નો ધંધો હું જાણુતો નથી. પણ ડુંગર આગળ પારસીઓના ધરમ ખાતાંમાં તેને ઘણીવાર આવતાં જોયોછે. એ ધરમ ખાતું એકલા ઈરાંનથી આવેલા ઈરાનીઓને રાખવાનું નથી. તેમા લાચાર બેચાર પારસીઓને પણ રાખેછે. એ શખસ (બંધવો ના૦ ૨૪ મો) પાર સી છે. તે મુંબઈથી અણુજાનો અને માતર છ માસનો એડનથી આવેલોછે તે હું જાણુતો નથી. આ ધરમશાળા ડુંગર ઉપરની આ જગાની પાસે નથી. હેડલ થોડીક દુર છે.

સ૦—કાચબાની મીશાલે ચાલતાં નહી, પણ સીધે રસતે જતાં તે ડુંગર ઉપરથી કેટલા કદમ દુર છે? જ૦—૫૦૦ થી ૬૦૦ કદમ.

ના૦ ૩૬ માનો ધંધો હું જાણુતો નથી. ના૦ ૪૪ માનો ધંધો હું જાણુતો નથી, પણ તેને કોઈ કોઈ વખત ઉપલીજ ધરમશાળામા આવતાં મેં જોયોછે. ના૦ ૩૬ માને પણ ઉપલીજ ધરમશાળામા આવતો જતો મેં તા૦ ૪ થી એંપરેલની અગાઉ જોયો હતો. આગ ળ તેને દસ વીસ વખત મેં દીઠો હતો. ના૦ ૨૨ મો દોખમાના કંપાઉંડમાં માલી છે.

સ૦—તમે જાણોછો કે જે બાગમા પારસીઓ એબાદતને માટે મળેછે, તાંહાં એ બંધવો કામ કરેછે? જ૦—હા.

સ૦—તમે તેને તાંહાં ઘણીવાર જોયોછે?

જ૦—હા. જારે તારે તાંહાંજ.

સ૦—અને તે બાગમાં પારસીઓને પણ જારે તારે બંદગીને માટે મળેલા તમે જોયાછે? જ૦—કંપાઉંડની અંદરની કાંઈ ચીજ હું જાણુતો નથી. મેં તેને સીહીડીની ઉપરથી જતાં જોયોછે.

સ૦—મોટે દરવાજેથી? જ૦—હા. પાએદસતોની સાથે.

સ૦—અને તે મોટા દરવાજા આગળ એક ચુનો કુટવાની ઘંટી છે, નહી વારૂ? જ૦—હા.

હીઅઁાં મી૦ આનસટીએ તેની તપાસ સમાપત કરી અને મી શીઅરસ બરાનસન તથા મેહયુએ તેને ઉલટપાલટ તપાસવા ના પાડયું.

મી૦ ફરગયુસને ફરીથી તપાસયો.

જે હવાલદાર અને જમાદારે આ ટંટામા શાખશી આપીછે તે મની સાથ મેં આજ સહવારે કસી વાત કીધી નથી. લાકડી વીશે નહી કે બીજી કોઈ ચીજ વીશે નહી. આ એકજ લાકડીને મેં ઓ ળખાવીછે.

માહોમાહેની તકરાર.

સ૦—અને તે રજુ થઈછે તારથી આ કોરટના કરા ઉનના કલારકના સવાધીનમા રાખેલીછે તે તમે જાણોછો?

મી૦ આનસટી—એ લાકડી વીશે મેં એકબી સવાલ પુછયો નથી અને હું કહું છઉં કે એ વીશે હવે નવી જુબાંની હુમેરવી નહી જોઈએ. મારો સવાલ માતર એટલોજ હતો કે તારા જમાદારે તને લાકડી દેખાડી હતો?

મી૦ ફરગયુસન—હું કહું છઉં કે આ સવાલ પુછવાનો મને હક છે, કેમકે લાકડીઓને સંભાલી રાખવા તથા ઓલખાવાની બાબતમાં શક નાખવાની મતલબથી ઉલટ પાલટ તપાસ ચલાવામા આવી હતી.

મી૦ આનસટી—મારો સવાલ એકજ લાકડી વીશે હતો.

જડજ—એ વીશે જુબાંની કાંઈજ નથી. શાખશી જે બોલયો તે—

મી૦ આનસટી—મારા લારડ, મારા કેહેવા ઉપર જો તમો શક લાવતા હોવોતો મારે વધારે કાંઈ કેહેવું નથી. પણ આવી સાદી બાબત ઉપર મારા બોલવા ઉપર શક લાવવાનો રાખેતો મુજપર વીતેલો નથી.

જડજ—મી૦ આનસટી હું તમારા બોલવા ઉપર શખુન નાખતો નથી. હું માતર મારી નોધમાથી વાંચતો હતો. શાખશી બોલયોછે કે "જમાદારની સાથે મેં લાકડી જોઈ નહી હતી." હું ધારૂં છઉં કે એ એકનું એકજ છે, માટે સવાલ પુછવાની જરૂર નથી.

એ ઉપરથી શાખશીની તપાસ આગળ ચાલી—ના૦ ૪૩ મા બંધવાના ચેહેરા ઉપર પોલીસ કોરટમાં વધારે બાલ હતા, તે તેના ગાલપર હતા. બંધવા માણકજી અને કાવસજી જારે મારી પાસે આવયા અને વાત કરવા લાગા તારે હવાલદાર અને ઉમર મારાથી ૫૦ ઈઆ ૧૦૦ કદમ દુર હતા. જારે આ બંધવાઓ પારસી પંચાએત પાસે પુશકલ પઈસા હોવા બાબે બોલતા હતા, તારે હવાલદાર અને ઉમર જો ધેઆન રાખીને સાંભળવા માગતેતો સાંભળી શકતે. પારસીઓની ધરમશાળા મી૦ બરાઉનના બંગલાની સામેજ રસતાની બીજી બાજુએ છે. પોલીસ કોરટમા મેં કેટલા માણસોને ઓળખાવયા તેની શંખયા મને યાદ નથી. આજે કેટલા જણને ઓળખાવયા તે મેં ગણયા નથી. ના૦ ૧, ૨, ૨૪, ૯, ૧૬, ૪૪, ૨૨, અને ૩૬ વાલા સઘલા બંધવાઓને મેં પોલીસમા ઓળખાવયા હતા.

જુરીએ શાખશીને તપાસયો.

સ૦—પારસીઓ જારે ચાલી અને તંબુને તોડી પાડતા હતા, તારે તમે કેવી રીતે ઉભેલા હતા?

જ૦—તે વખતે હું ઉભો રહીને સઘલી બાજુએ જોતો હતો. હું કાંઈ એક ચોકસ જગા તરફ નહી જોતો હતો.

સ૦—જે બંધવાઓ ચાલીને તોડી પાડતા હતા, તેઓ તમારી તરફ પીઠ કરીને ઉભા હતા કે? અને તારે તમે બંધવાઓને ઓળખાવી કેમ શકોછો? જ૦—ચાલી ભાંજનારા શખસો એકજ જગામા રહયા નહી હતા. તેઓ ચાલી ભાંજતા ગયા તેમ આણીમેરથી પેલી મેર પોતાની જગા બદલતા ગયા.

સ૦—મી૦ ડફીને તમે ઓળખોછો? જ૦—હા.

સ૦—તે તાંહાં હાજર હતો? જ૦—હા.

સ૦—તેને તમે કાંઈ કરતાં જોયો?

જ૦—નહી. તે અમસથો ઉભો રહેયો હતો.

સ૦—તમે પારસીઓના હાથમાથી પોતાનો ડગલો મુકાવતાં મી૦ ડફીને જોયો હતો? જ૦—નહી. ભીડ મોટી હતી, અને તે ભીડમાંથી મને દેખાતું નહી હતું.

ઊમરખાનની શાખશી.

ઉમરખાન વજીરખાન પોલીસના માણસને

મી૦ ફ્રરગયુસને તપાસયો.

સ૦—ગઈ તા૦ ૪ થી એપરેલને દીને તમે "ડુટી" ઉપર કાંહાં હતા? જ૦—તારવાડી ખાતે.

સ૦—મીઉનીસીપાલ કચરો બાલવાની જગા આગળ તમે હતા?

જ૦—હું મી૦ ગીબસના બંગલાની બીજી બાજુ ઉપર હતો.

સ૦—પણ સહવારના બધો વખત તમે તાંહાં તો રહયા નહી હતા? જ૦—જમીનના આ કકડા ઉપર હું સહવારના ૪ વાગતે આવયો હતો.

સ૦—તમે તાંહાં ૧૦ વાગતે હતા કે નહી, તે હું જાણવા માગું છઉં? જ૦—હું મીઉનીસીપાલ કચરો બાલવાની જગા ઉપર આવયો હતો. તે જગાની પાસેની જમીન ઉપર મેં એક ચાલી અને તંબુ જોયો હતો. તેને તે દાહાડે પારસીઓએ આવીને ભાંજી નાખયું. તેમ કરવા સારૂં આસરે ૨૦૦ થી ૩૦૦ માણસો તાંહાં આવયાં હતાં. કેટલાકોના હાથમાં સોટા અથવા જાડી લાકડીઓ હતી, કેટલાકોના હાથમાં પાવરા હતા અને કેટલાકોના હાથમાં પહરાઈઓ હતી. તે કામમા સામેલ તરીકે આ બંધવાઓમાથી કેટલાકોને હું ઓળખાવી શકશ. (શાખશીએ જઈ ને બંધવાઓ ના૦ ૪૮, ૫૦, ૪૯, ૪૩, અને ૨૩ માને ઓળખાવયા). ના૦ ૨૯ મો એક સોટાવરે

ચાલીને ભાંજતો હતો. તેને તે દાહાડા ની અગાઉ હું નજરે ઓળખતો હતો. ના૦ ૪૩ માંના હાથમાં એક લાંબી લાકડી, ચુનો કુટવાનો વાંસો, હતો, અને તે વરે ચાલીને ભાંજતો હતો. તેને મેં તે વખતની આગળ જોયલો હતો. ના૦ ૪૮ મો ચાલીમાથી એક વાંસો ખેંચી કાહાડતો હતો. તેને કાંઈ બીજું કેહેતાં ઇઆ કરતાં મેં દીઠો નહી હતો. ના૦ ૪૯ માના હાથમાં એક કોહાડી હતી અને તે ચાલી ભાંજતો હતો. એ બંનેને હું આગમચના ઓળખું છઉં. ના૦ ૫૦ માના હાથમાં એક પહરાઈ હતી અને તે ચાલીને ભાંજતો હતો. તેને મેં આગળ જોયલો હતો અને તેના ચેહેરાને ઓળખું છઉં. તે દાહાડે સહવારના મેં મારામારીની કોશેશ પણ જોઈ હતી. એક પારસીને હાથમાં સોટા સાથે મી૦ બરાઉનની પછવાડે દોડતાં મેં દીઠો. જમાદારે તેના હાથમાંથી તે સોટો ઝુંટી લીધો અને તે મને આપયો, તથા તે પારસીને પણ મારા હાથ મધે કેદ આપવામાં આવયો. તે પારસીને હું દેખાડી શકું છઉં. પેલો રહયો, ના૦ ૪૩ મેં. (એદલજી દાદાભાઈને દેખાડેછે) હું તે સોટાને ઓળખું છઉં. (ચુનો કુટવાનો વાંસો દેખાડેછે) હા, આના જેવો તે હતો. જમાદારે એ સોટો ઝુંટી લીધો તારે એદલજી દાદાભાઈ મી૦ બરાઉનથી આસરે ચાર કદમ દુર હતો. મી૦ બરાઉન તે વખતે ઉભેલો નહી હતો પણ ચાલતો હતો. એદલજી દાદાભાઈની તરફ તેની પીઠ હતી. તેણે સોટો આ પરમાંણે ધરેલો હતો, (ખભાંની પછવાડે ઉંચકી દેખાડેછે) અને તેની પછવાડેની બાજુથી તે ઝુંટી લેવામાં આવયો હતો.

હીઆં કોરટ ટીફીનને માટે ઉઠી, જે પાછી બેઠા પછે—

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

મી૦ આનસટી—રબા રામજી ઉભા થાઓ. (એ નામનો બંધવો ઉભો થયો).

સ૦—આ બંધવાને તમે આજે ઓળખાવયોછે, પણ પોલીસ કોરટમાંતો નહી ઓળખાવયો હતો? જ૦—નહી ઓળખાવયો.

સ૦—પોલીસ કોરટમાં બંધવાઓને નંબર પરમાંણે ઉભા રાખયા હતા; નહી વારૂ? જ૦—હા.

સ૦—પણ હીઆં તેઓ તેમ ઉભા નથી? જ૦—નહી.

સ૦—ને તેથીજ તમે આજે ભુલયા? જ૦—હા.

સ૦—તમેં આજે કહોછો કે ના૦ ૫૦ માને તમે હાથમાં પહરાઈ સાથે જોયો હતો? જ૦—હા.

સ૦—પણ પોલીસમાતો તમે એના હાથમાં કોહાડી જણાવી હતી? જ૦—હા.

સ૦—તમે કોઇને માર મારેલોતો નહી દીઠો ? જ૦—નહી.

સ૦—અને તેઓને પકડતી વેળા કોઈ બંધવો પોલીસની સામે થયો નહી ? જ૦—નહી. આજે મેં જે બંધવાઓને ઓળખાવયાછે તેમના ધંધા તા૦ ૪ થી એપરેલની આગમચ હું જાણતો નહી હતો. અને હાલ પણ જાણતો નથી.

સ૦—મી૦ બરાંઉને તમારા સવાધીનમાં જે લાકડી મેળી હતી તે આજે તમોને ઓળખવા કહી છે. તે નામદાર જડજની નોધમા રેહે અને જુરી લુલી નહી જાય, એટલા માટે હું તમોને પુછું છઉં કે એ લાકડી પરખાવતી વેળા એકલી એજ લાકડી તમારી આગળ મેળી હતી એ વાત ખરીછે કે ? જ૦—હા.

"આતસની ઉપર ના નાખો" એ પરમાણે મેં કોઈને બોલતાં સાંભળયા નહી હતા. ના૦ ૪૮ મો ચાલી આગળ ઉભો રહીને બીજાઓને ફરમાવતો કે "જલદી ભાંજી નાખો અને આ જગા ઉપરથી ફેંકી દેઓ", એવી રીતે મેં પોલીસ માજીસટરેટ આગળ કાંઇ શાખસી આપી નથી. મારી જુબાંની લીધાને એટલા દાહાડા થયાછે કે મને બરાબર યાદ નથી.

સ૦—પણ તા૦ ૪ થી એપરેલ કરતાં તે નજદીક છે ? જ૦—હા.

સ૦—અને તા૦ ૩ જી મે જેવા નજદીકના દીવશ ઉપર તમોને જારે પોલીસ કોરટમાં તપાસયા તે વેળાનુ જો તમોને યાદ નથી તો તા૦ ૪ થી એપરેલ જેવા દુરના દીવસ ઉપર બનેલું તમોને બરાબર યાદ છે, એવી શું તમારી ખાતરી છે ?

જ૦—તા૦ ૪ થી એપરેલે જે બનયું તે મને યાદ છે પણ તા૦ ૩ જી મેએ હું શું બોલયો તે મને યાદ નથી.

સ૦—અને આજે તમે એવું કહોછો કે ના૦ ૪૮ મો ચાલીમાંથી એક વાંસો ખેંચી કાહાડતો હતો અને બીજું કાંઇ કેહેતો ઈઆ કરતો નહી હતો ?

જ૦—હા. ૭૫ કેદીઓ સાથે હું મજગામ ગયો હતો. તેઓને પાંચ જુદી જુદી હુમલે લઇ ગયા નહી હતા. તેઓ સરવેને એકજ રસતે લઈ ગયા હતા. વાલકેસવરથી ગામદેવી અને ગરાંટરોડથી મજગાંમ લઈ ગયા હતા. સઘલાઓના હાથમાં બેડી નાખી હતી.

મી૦ ફરગયુસને ફરીથી તપાસયો.

સ૦—જારે તમે કહોછો કે સઘલાઓના હાથમાં બેડી નાખી હતી, તારે તમારી મતલબ શું છે ? દરએકના હાથમાં છુટી બેડી નાખી હતી કે બએને બેડીથી જોડયા હતા, જેથી તેઓ છુટા પડી નહી જાય ? જ૦—બબે જણને સાથે બેડી થોકી હતી. જાંહાં બં

ધવાઓને પકડયા તાંહાંથી શીધેજ રસતે તેમને મજગાંમમાં પોલીસ આફીસ મધે લઈ ગયા હતા. મેં એમ નથી કહયું કે મી૦ બરાઉન ને મારવા જનારના હાથમાની લાકડી એજ છે, પણ મેં કહયુંછે કે તે એના સરખી હતી. ના૦ ૪૮, ૫૦, ૪૩, અને ૨૯ વાલા બંધવા ઓને મેં માજીસટરેટ આગળ ઓલખાવયા હતા.

શેખહુશેન હવાલદારની શાખશી.

શેખહુશેન હવાલદાર ના૦ ૭૪ D વાલાને

મી૦ ઈનવરારીટીએ તપાસયો.

તા૦ ૪ થી એપરેલનો દીવસ મને યાદ છે. તે દીને મી૦ સુપરીનટેનડંટ બરાંઉને મને હુકમ કરવાથી મેં આઠ શખસોને પકડયા હતા. તેઓને મેં પકડયા તારે ગામદેવીને રસતેથી તેઓ દોખમા ઉપર જતા હતા. તેઓના હાથમા લાંબી લાકડીઓ હતી.

જડજ—દીવસના કેટલા વાગેલા હતા?

જ૦—સહવારના આસરે ૯ વાગતે.

મી૦ બરાઉનના બંગલા આગળની ગલીના ખુણામાં મેં તેમને પકડયા હતા. તેઓમા છ સીધી, એક ઇરાંની અને એક પારસી હતા. પારસી આગળ ચાલતો હતો, ઇરાંની તેનાથી એક કદમ પાછળ ચાલતો હતો અને તેનાથી એક કદમ પછવાડે સીધીઓ સઘલા સાથે ચાલતા હતા. મેં તેઓની લાકડી લઇ લીધી અને તે માણસોને કંપાંઉંડમા લઇ જઇ ૩ જા વરગનો એક જમાદાર તાંહાં બેઠો હતો, તેના સવાધીનમા તેમને આપયા. મી૦ બરાઉનના બંગલા આગળની ધરમશાળા હું જાણું છઉં. મેં કહેલી ગલી એ ધરમશાળા આગળજ છે. તે ગલીમાથી દોખમાઓ ઉપર જવાય છે.

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

તે ગલીમાથી હું દોખમા તરફ ગયલો છઉં. દોખમાં ઉપર જવાની સીહીડી આગળ તે ગલીનો છેડો આવેલો છે. ઞેની પાસેથી આવજાવના વાટ પડેલા છે. તે મારગો ગલી ઉપરથી આડા જાય છે. જમની બાજુ ઉપર એક બીજી ગલી આડી જાય છે.

સ૦—તે બાજુએથી તમે પાછા દરીએ કીનારે નીકલી શકો?

જ૦—નહી.

સ૦—તમે એમ કેહેવા માગો છો કે મી૦ બરાઉનના બંગલા આગળથી ગામદેવીને રસતે બાકળે ઉપર જવાઈ નથી શકાતું?

જ૦—હા. જવાય છે.

સ૦—અને સીહોડીઓથી ચહડીને દેખમાના મોટા દરવાજા તરફ જવાય છે, તાંહાંથી ગોવાલા તલાવ ઉપર જવાનો એક રસતો છે, અને બીજે છેડે વાલકેશવર નોકલી જવાને દાવી તરફથી મારગ છે?

જ૦—હા.

સ૦—તે ગલીમાથી જે જે જગાઓ ઉપર જવાય છે, તેમાની એક બાબુલનાથની છે? જ૦—હા.

સ૦—સીધીઓ કીયો ધરમ પાલે છે? જ૦—મહુમદીઆન ધરમ.

મી૦ ફરગયુસને ફરીથી તપાસઓ.

બાબુલનાથ એક હીંદુ મંદીર છે. મુસલમાનો હીંદુ મંદીરમા પુજા કરતા નથી. ગળીમાથી જે મારગ જાયછે તે ભંદારીઓને રેહેવાની વારીમા જાય છે. ભંદારીઓ હીંદુ છે. જારે મેં પેલા શખસોને પકડયા તારે તેઓ ગામદેવીના રસતા ઉપરથી આ ગળીમા તરતજ દાખલ થતા હતા.

સ૦—તારે તેઓની પીઠ દરીઆ તરફ હોવી જોઈએ?

જ૦—નહી, દરીઆ તરફ તેમનો ચેહેરો હતો. એ ગલીમાંથી તેઓ જે બાજુ તરફ જતા હતા, તાંહાંથી તેઓ દરીઆ તરફ નીકળતે નહી.

જાનુ માલીની શાખશી.

જાનુ કરશતણાને

મી૦ ફરગયુસને તપાસયો.

હું પોપટ વેચનારો છઉં અને માલી પણ છઉં. મેં બેગારી તરીકે કામ પણ કરેલું છે. વાલકેશવરના ડુંગર ઉપર મોઉનીસીપાલ કચરો બાલવાની જમીન ઉપર થોડાક મહોનાની વાત ઉપર હું એક બેગારી તરીકે કામપર રહેલો હતો. તે જગા ઉપર એક ચાલી અને તંબુ બાંધેલો હતો. હું મી૦ ડફીના હાથ તલે કામ ઉપર હતો. એ ચાલી અને તંબુને તોડી પાડેલો મેં જોયો હતો. તે બંનેને પારસીઓએ તોડી પાડયાં હતાં. હું તે વખતે કામ કરતો હતો. હું કીઆં ચોકસ કામ ઉપર બેઠેલો હતો તે મને યાદ આવી શકતું નથી. જારે આ લોકો તે જગા ઉપર આવયા તારે હું ઉભો રહ્યો. મને એક જણે સોટા નામના એક જાડા વાંસ વરે મારયો. તેણે મારી જાંગ અને હાથના આગલા ભાગ ઉપર મારયો. હું તે વેળા એક ઉંચાંણુ જગા ઉપર ઉભેલો હતો. મને મારનારને હું ઓળખું

છઉં. (શાખશીએ બંધવાઓમાં જઈને નાo ૨૬ વાલા રૂસતમ ખોદા દાદને ઓલખાવયો.) આ શખસે મને મારયો તેની આગમચ મેં તેને કસું કહયું ઈઆ કરયું નહી હતું. મને માર પડવા પછે મેં સીપાઈની બુમ મારી. એક સીપાઈએ દુરથી કહયું કે એક માણુશને મારેછે. એ ઉપરથી મને મારનારો બંધવો નાહાસી ગયો. તારબાદ મેં તેને મજગામમા જોયો, કે જાંહાં તેને મેં પોલસની હજુર ઓલખાવયો.

જડજ—તમે તેને દેખાડી આપયો તારે તે કાંહાં હતો?

જo—તે મજગાંમમાં પોલીસ આફીસ આગળ બેઠેલો હતો.

ડુંગર ઉપર પકડેલા પારસીઓને પોલીસ આફીસ આગળ લઈ ગયા હતા. મને મારીને બંધવો નાહાસી ગયો તારે બાબુલનાથ ઉપર જવાના વાટ આગળથી તે ડુંગરની નીચે નાહાઠો. મને મારેલા ફટકાની નીશાણુ હજી રહેલી છે. મારા હાથના આગલા ભાગ ઉપર સોજો ચહડયો હતો.

મીo આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

સo—બીચારા તમારા હાથપર સોજો ચહડયો હતો, નહી વારૂ?

જo—હા.

મીo આનસટી—તમારા પગ ઉપરની નીશાણુ જુરીને દેખાડો. (શાખશીએ નીશાણુ દેખાડી).

સo—એ નીશાણુ તમારી જાંગના માહેલા ભાગ ઉપર છે, બાહારના ભાગ ઉપર નથી? જo—હું ઉભેલો હતો અને ફટકો આ પરમાંણે મારવામાં આવયો. (દેખાડેછે)

સo—તારે શું બંધવાએ તમોને પેહેલાં કહયું કે "એમ મરડાઈને ઉભો રેહે કે હું તુંને અંદરના ભાગ ઉપર મારૂ." અને તમે કહયું કે "હા, હું ઉભો રેહું છઉં" એમજ કે? જo—નહી.

સo—તમારા પગ ઉપરની એ નીશાણુ સીવાએ બદન ઉપર બીજી કોઈ નીશાણુ છે કે? જo—નહી.

સo—પણ એ નીશાણુ દાહામના જેવી છે, તારે તમોને જે લાકડી ઈઆ હથીઆર વડે ફટકો લગાવયો તેને આગલથી તાતવીને ગરમ આતશ જેવું કીધું હશે કે જેથી તમારો પગ દાજે ઈઆ બલી જાય?

જo—નહી.

સo—બંધવાએ તમોને આ ફટકો મારવા પછે તમે ડાકટરના હાથમા ઘણોવાર રહયા કે? જo—નહી.

સo—કોઈ પણ રોગને માટે તમારી જાંગ ઉપર તમોને દાહામ દીધા હતા? જo—નહી.

મી૦ આનસટી—(આસપાસના સાંભળે તેમ મનસે બોલેછે) તા તવેલાં લોઢાંની નોશાણુ જેવું તે લાગેછે.

મી૦ ફરગયુસન—(એજ પરમાણે આસપાસના સાભળે તેમ મ નસે બોલેછે) હું ધારૂં છઉં કે મી૦ આનસટી પોતે શાખસી આપેછે.

સ૦—તે દીને મી૦ બરાઉનને બંગલેથી ગયલા ૬૧ જણમા તમે એક હતા? જ૦—નહી. હું જાતનો મરાઠો છઉં. મુંબઈમાં ઘણા મુદ્દતનો છઉં.

સ૦—અને તમે પોપટ વેચનાર છો? જ૦—તેની આગમચ હું શરીફની આફીસમા ચાકરીએ હતો.

સ૦—હો! હો! હવે માલમ પડયું. તમોને કેટલાં વરશ?

જ૦—હું નથી જાણુતો.

સ૦—જારે તમે પેહેલાં ધંધો ચલાવયો તારે શું કરતા હતા?

જ૦—હું તરકારી વેચતો હતો, જે તકરારીને વાંદરેથી લાવતો હતો. જારે શરીફની આફીસમા નોકર હતો તારે મારી ઉમર ૧૦ કે ૧૧ વરશની હતી.

સ૦—બીજો કાંઈ ધંધો? જ૦—નહી.

સ૦—તારે શરીફના બેલીફ દાખલ, કે પોપટ વેચનાર દાખલ, કે પસતાકીઆ દાખલ તમોને આ ચાલી બાંધવાના કામ ઉપર રાખ્યા હતા?

જ૦—મારા પેટને ખાતર મને તાંહાં ચાકરીએ રાખયો હતો.

સ૦—તારે એ નોકરી મળવા આગમચ તમે ભુખે મરતા હતા કે શું? જ૦—આપણ સઘલા જણ પેટને વાસતે કામ કરીએ છઈએ.

સ૦—પણ એક મીસતરી દાખલતો હીઆં પેહેલીજવાર તમોને નોકરી મળી, નહી વારૂં? જ૦—હા.

સ૦—એ આઠ દાહાડા સુધી તમે શું કાંમ કરયા કીધું?

જ૦—ફતરાઓને એક જગોએથી બીજી જગા ઉપર લઈ જવા તથા ચાલીને માટે બાંબુની દેવાલ બનાવા ઉપર મને રાખયો હતો.

સ૦—તેટલા વાસતે તે ડુંગર ઉપર તમે કાંઈ બાંબુઓ કાપયા હતા? જ૦—નહી.

સ૦—તમે ફતર ખીસાડવાપર હતા. તમે વારૂં એક જુની દેવાલ—હદની એક પુરાતન નીશાણુ તોડી પાડી હતી? જ૦—નહી.

સ૦—પારસીઓને તેમના કંપાઉંડમાં બંધ કરી લેવા સારૂં એક આડી હરકત બાંધી લેવામાં તમે મદદ આપી હતી?

જ૦—મારી સાથ કાંમ કરનારા પરદેશીઓએ તે કીધું હતું. તે દીને મારા સીવાએ કોઈ બીજા મરાઠા તાંહાં નહી હતા. સઘલા મ

લીને ૧૧ પરદેશી અને ૧૦ પઠાણ તાંહાં રાખેલા હતા. બીજા કોઈ લોકો નહી હતા.

સ૦—તમે ભીંડીબજારમાં પરખેઆત કુવરજી પરાગજીના ઘરની પછવાડે રહોછો, નહી વારૂં ? જ૦—હા.

સ૦—અને તમે રહોછો તે કોઠડી તેનીજ છે કે ?

જ૦—નહી, પાંડુ કરનેકર નામનો એક બીજો ઘરવાલો છે. તેને હું બે રૂપીઆ ભાડું ભરૂં છઉં; ભાડું ભરયા વગર કોઈ મને કોઠડી આપે નહી. મારૂં ભાડું કુવરજી પરાગજી આપતો નથી. તે શા વાસતે આપે ? હું તેનો માણસ છઉં, તોપણ મારૂં ભાડું તે નહી ભરે. હું ચાર માસ થયા તેની નોકરીમાં છઉં અને તે મને મહીને દાહાડે રૂ૧૦ આપેછે. પારસીઓ અને પોલીસની સાથે હું મજગામની આફીસમાં ગયો હતો.

સ૦—અને તમે તાંહાં એવું ધારીને ગયા કે તમોને જે શખસે મારયો તે લાગલો કેથેબી જાયતો તાંહાંજ જવો જોઈએ ?. જ૦—નહી.

સ૦—તારે તમે એવું ધારીને ગયા કે કેદ નહી થયલો જે પેહેલો પારસી તમને મળી આવે તેને એકદમ ધાઈ પડવું અને કેહેવું કે એણે મને મારયોછે ? જ૦—નહી.

સ૦—તમારી ખાતરી છે વારૂં કે આ હીઆં બેઠેલા (મી૦ કાવસજી એદલજી પટેલને દેખાડેછે) ગરહસથ, જેવણ પારસી પંચાએતના એક અમલદાર છે, તેવણ તમોને મારનારાઓમા એક નથી ?

જ૦—નહી. તેણે મને મારયો નથી.

સ૦—પણ જારે તમે આ બંધવાને દેખાડયો તારે હજારો પારસીઓ ભેગા મળેલા હતા કે ? જ૦—હા.

મી૦ ફરગયુસને ફરીથી તપાસયો.

સ૦—તે ૧૧ પરદેશી અને ૧૦ પઠાણ સઘલા બેગારીઓ હતા, કે તેઓમા કોઈ ચોકીદાર પણ હતા ? જ૦—બેહુ મળીને એટલા હતા.

જુરીએ શાખસીને તપાસીઓ.

જારે મને મારવા સારૂં બંધવાએ લાકડી ઉઠાવી તારે મેં મારા બેહુ હાથ આ પરમાણે (કરી દેખાડેછે) ઉંચા કીધા. ઉપરથી આરક તરે હાથે મને ફટકો લગાવયો હતો. જારે ફટકો લાગો તારે તેમાથી જરા લોહી નીકલતું હતું. મને કોઈ ડાકટરે તપાસયો નથી. એ પછે સીપાઈઓ મને પોલીસ આફીસમા લઈ ગયા. મેં મારા જખમો સીપાઈને દેખાડયા. મારા પગ ઉપરની નીશાણ મેં માજીસટરેટને દેખાડી હતી; મારા હાથ ઉપરનો સોજો નહી દેખાડયો હતો; તે વેળા સોજો બેસી ગયો હતો.

સદાનશાહ સુલતાનશાહની શાખશી.

હવે શાખશી તરીકે સદાનશાહ સુલતાનશાહ પઠાણને ઉભો કરયો.

શાખશીના સોગંદ વીશે ભાંજગડ.

તેને સોગંદ આપવા આગમેચ સન ૧૮૭૨ ના આકટ ૬ ઠા માંથી મી૦ આનસટીએં આ પરમાણે વાંચી સંભળાવયું.

"અગરજો હરએક મુકદમાંનો એક 'પારટી' અથવા શાખશી પોતાના ધરમ અથવા ટોલાના લોકોના ચાલુ વીચાર મુજબ ફરજીઆત અને સાધારણ રીતે સપત લઈ શાખશી આપવા માગે અને જો તે રીત ઈનસાફ અથવા મરીઆદાથી ઉલટી નહી હોય તો કોરટની નજરમાં દરૂસત દીસવાથી તે શાખશીને કોરટ તેવા સપત આપવાને માગણી કરી શકે. અગરજો તે 'પારટી' અથવા શાખશી તેવા સપત કબુલ રાખે તો કોરટે તેવા સપત આપવા. પણ અગરજો તે ધણી તેવા સપત લેવાને ના પાડેતો તેને તે સપત લેવાની ફરજ પાડવી નહી, પણ તેને માટે કેવા સપત આપવા માગયા તેની કોરટે માતર નોધ રાખવી." આ કલમ વાંચીને મી૦ આનસટીએ કહયું કે આ શાખસી ખંધાર અથવા કાબુલથી અથવા કાંઈ નહીતો કોઈ મહમદીઆન મુલકમાથી આવેલો પરદેશી છે કે જે મુલક આપણા ધારાઓના તાબામા નથી, અથવા આપણા કાંમકાજની રીતીઓથી પુરવીણ નથી; માટે તેવા મુલકમાથી આવેલા આ શખસને પુછવું જોઈએ કે તેના ટોલાના રાહા રસમ મુજબ તથા તેના ધરમ સંબંધી એતેકાદ મુજબ કેઈ જાતના સપત સઉથી ખરા અને ફરજીઆતપણાથી બાંધી લેનારા તે ગણેછે. અગરજો તે એવો જવાબ દીએ કે કોરાનના સપત તેને કબુલ છે, તો તેને સાચું બોલવાને મોહોડેનો ખાલી કોલ આપવાને. બદલે તેને તે પુસતક ઉપર સપત આપવા.

જડજે શાખસીને આ સવાલ પુછવાનો રજા આપી અને શાખસીએ તેના જવાબમા કહયું કે કોરાન ઉપરના સપત એક મહમદીઆનને સઉથી બાંધી લેનારા અને ફરજીઆત છે.

જડજ—પણ એ પોતે કોરાન ઉપર સપત લેવાને ખુશી છે ?

શાખસી—કોરાન ઉપર સપત લેવા મને ગમતું નથી.

જડજ—કાંએ નહી ?

શાખસી—પોલીસ કોરટમા મને કાંઈ કોરાન ઉપર સપત આપેલા નથી અને હીઆં મને તેવા સપત કાંએ આપવા જોઈએ તે હું જાણતો નથી.

જડજ—પણ એ વાંધો લેયછે કે કોરાનના સપત લેવા ખુશી છે ?

શાખસી—હું મહમદીઆન છઉં અને અગર કોઈ મને એક લાખ રૂપીઆ આપે તોપણ હું કોરાનપર સપત લેવાનો નથી.

જડજ—તારે એને માતર ગંભીર કોલ આપવો પડશે. આ આ કટમા એ પરમાણે કોલ આપવાની રીત દાખલ કીધીછે, તે એટલાજ મારે કે મુસલમાનો અને હીંદુઓ પોતાના ધરમ પુસતકો ઉપર સપત લેવાને વાંધો કાહાડેછે.

મીo આનસટી—તારે તો શાખસીને કોળ આપવા આગમચ હું તેને તપાસવાની રજા માગું છઉં. હું તેને આ સવાલ પુછવા ચા હું છઉં. "શું તમે એવું વીચારોછો કે કોરાન ઉપર સપત લેવાના કરતાં મોહોડેનો કોલ આપવાથી ખોટી શાખસી આપવાનું વધારે સ લામતી ભરેલું છે?"

જડજ—શાખસીને કોલ આપવા આગમચ તેને આવો સવાલ પુછવાની સતા શું છે, તે હું બરાબર સમજી શકતો નથી.

મીo આનસટી—કોલ આપવા પછે એ સવાલ પુછેલો અસુરો થઈ જશે.

જડજ—પણ કોલ આપવા આગમચ શાખસીને આવી રીતે ત પાસવાના ટેકામાં તમે કાંઈ શાહાદત દેખાડી શકશો?

મીo આનસટી—આ આકટ પસાર થવાને માતર હરી વ રસ થયાંછે અને તેને અમલમા આવવાને માતર બે વરસ થયાંછે. ચોકસ વખતે સપતને બદલે કોલ આપવા બાબેનો તે આકટ છે, અને તેથી સપત આપતી વેળા શાખશીને જે સવાલ પુછવાનો મને હક છે, તેજ સવાલ તેને કોલ આપતી વેળા પુછવાનો પણ એકસરખો હક હોવો જોઈએ. એ સવાલ તમો નામદારને જેબી વાજબી લાગે તેવા આકારમાં હું પુછશ, પણ ગમે તે આકાર માં એ સવાલ તેને પુછવો જોઈએ.

જડજે આ સવાલ પુછવાની રજા આપી.

સo—ખોદાને હાજર નાજર જાણી ગંભીર કોલ આપવો એટલે શું તે તમે જાણો છો? જo—હા.

સo—કોરાન ઉપર સપત લેવા એટલે શું તે તમે જાણો છો?

જo—હા. કોરાન ઉપર સપત લઈ અગર જો એક જણ એવું કેહે કે જે તેણે જોયલું અથવા જાણ્યું નથી, તો તે ખોટું કરેછે.

સo—તમોને એવું લાગે છે વારૂં કે તમે કોરાન ઉપર સોગંદ લીધા પછે અગર જો રાસત નહી કહો તો તમે મોટાં પાપના ગુનેહ ગાર થાઓ? જo—હા.

સo—પણ ખોદાને હાજર નાજર જાણી માતર કોલ આપવા પ છે અગરજો તમે રાસત નહી બોલોતો કોરાનપર સપત લેવા પછે એવી

જ ખોટી શાખસી જેટલી પાપી કેહેવાય તેટલુંજ પેહેલુંબી ઠરે કે નહી?

જ૦—મેં જાંને કે કોરાન ઉપર સપત લીધા હોય તેમ સમજીને જે મેં ખરેખરૂં જોયલુંછે, તેજ હું હીઆં કેહેવશ.

સ૦—એ કાંઇ મારા સવાલનો જવાબ નથી. કોરાન ઉપર સપત લેવાના કરતાં ખોદાને હાજર નાજર જાણી અમસથો કોલ આપીને ખોટી સાહેદી પુરવાને તમોને શું વધારે દર નથી? જ૦—નહી.

સ૦—તારે કોરાંનપર સપત લેવાને એટલાજ માટે તમે ના પાડો છો? જ૦—હા.

મી૦ આનસટી—મારા લારડ, હું માગી લઉં છઉં કે આ એકરાર કીધા પછે શાખસીને માતર કોલ ઉપર તપાસવો નહી જોઈએ.

જડજ—તેણે કસો કોલ લેવા વગર હમણાં જે કહયુંછે તે ઉપર અગરજો તમોને વીસવાસ આવેછે, તો તેના કોલ ઉપર શાખશી લેવાઇ શકાશે. આ શખસ સાફ કેહેછે કે ગંભીર કોલ લઈને ખોટી સાહેદી આપવાને તે દરેછે, પણ કોરાન ઉપર સપત લઇ ખોટું બોલવાને તે વધારે દરેછે.

મી૦ આનસટી—હું નમનતાઈ સાથ કહું છઉં, મારા લારડ કે શાખસી એટલી હદ શુધી નથી ગયો. તે કેહેછે કે ખોટી શાખશી આપવાનું તે ખોટું સમજેછે, પણ તેના પરીનામોથી તે બીહીતો હોય એવું તે કેહેતો નથી.

સ૦—અમસથા ગંભીર કોલ ઉપર ખોટી સાહેદી પુરવાના પરીનામોની તમોને ધાસતી છે વારૂ? જ૦—હા.

સ૦—આ દુનીઆંનો દર છે કે પેલી મીનોઇ જીહાનનો?

જ૦—મને ખોદાનો દર છે, માણુસનો નથી.

મી૦ સુટર જે આજ દીને શાખસી આપવા આવયો હતો તેને માટે મી૦ ફરગયુસને અરજ કીધી કે તેને એક સભામા જવું છે, માટે તેને જવાની રજા આપવી; કેમકે આ શાખસી (સદાનશાહ)ની સાહેદી લેતાં સાંજ પડી જશે.

આ અરજ બાહાલ રાખી જડજે મી૦ સુટરને જવાની રજા આપી, જે પછે શાખસીને

મી૦ ઈનવરારીટીએ તપાસયો.

મને એક વાણીયાની નોકરીમા બેગારી તરીકે રાખયો હતો. આસરે ૩।। મહીનાની વાત ઉપર મને એક યુરોપીઅનના હાથ તલે રાખેલો હતો. હું તેનું નામ જાણતો નથી. તેને લાંબી દાઢી છે. હું જાંહાં ચાકરીએ હતો તે જગા ઉપર એક ચાત્રી અને તંબુ બાંધેલો હતો. મને યાદ છે કે એક સહવારના ૩૦૦ કે ૪૦૦ પારસીઓ તે

જગા ઉપર આવયા. તે વખતે મારાં કપડાં ચાલીની અંદર હતાં. તારે આ માણસોમાથી કોઇએ મને મારયો નહી. હું બીધો એમ કે મારી પાસે થોડાક પઈસા હતા. હું ચાલીમા જઈને મારી ચીજો ઉંચકતો હતો તેવામાં મને લાકડી મારવામા આવી.

જડજ—તમોને લાકડી મારી તારે તમે કાંહાં હતા?

જ૦—હું ચાલીની બાહાર હતો, હું તે વખતે મારાં કપડાં લેતો હતો. એક જખમ મારા હોટ ઉપર થયો અને બીજો મારાં માથાં ઉપર પછવાડેથી થયો.

જડજ—તમારા હોટ ઉપર તમોને મારયો તે માણસ કેઈ જાતનો હતો? જ૦—હું નથી જાણતો. જો હું તેને જોઉંતો ફરીથી ઓળખી શકું નહી.

માહોમાહેની તકરાર.

સ૦—તમારો હોટ કપાયો હતો કે નહી?

મી૦ આનસટી—એ સવાલ તો એવો પુછયો છે કે જેથી તેને જવાબ આપવાનું જાને કે શીખવવામા આવે. જો ખરો જવાબ તે જાણતો હશે તો એ સવાલથી તેને યાદ આવશે, અને જો તે જુદો જવાબ આપવાનો હશે તો એ સવાલથી તેને સુજ પડશે.

જડજ—તમે તેને એમજ પુછો કે તુને કાંઈ નુકસાન થયું હતું?

મી૦ ઈનવરારીટી—(શાખસીને) તમોને મારનારો માણશ કેઈ કોમનો હતો?

મી૦ આનસટી—મારા લારડ હું કહું છઉં કે એ સવાલ તો મારે પુછવાનો છે. શાખસીએ બોલું કહયુંછે કે મારનારની જાત મને ખબર નથી અને તેને જોઉં તો ઓળખી શકવાનો નથી.

મી૦ ઈનવરારીટી—શાખસીએ આગળ એક ચીજ કહી છે, તે બાબે તેને ઉલટ પાલટ પુછવાની હું તમો નામદારને અરજ કરૂં છઉં.

મી૦ આનસટી—ઉલટ પાલટ પુછવાને હજી કાંઈ સબબ નથી.

જડજ—એને એમ પુછી શકાય કે પોલીશ કોરટમા તેણે કોઈને ઓળખયો હતો કે નહી?

મી૦ આનસટી—એમ પુછવામાં એક ગેરઈનસાફ થશે અને તે આ છે. મને એવું કેહેવામા આવયું છે કે પોલીસ કોરટમા બંધવાઓની તરફેણ વાલા સારીપકે જાણતા હતા કે આ શાખશીની તપાસની વેળા કોઈ લાએક દુભાશીઓ મળી આવયો નહી હતો; અને તેથી એક લઈ ચલાઉ દુભાશીઆની મદદથી જે જે વાત શાખશીએ કહી હોય તે ઘટતી છુટછાટ મેળીને માનવી જોઈએ. તે વખતે જે એક પુરો દુભાશીઓ મળી આવયો તે માતર કુંવરજી પરાગજીની નોકરીમાના બીજા ખંધારીઓ માહેલો એક જણ હતો.

મી૦ ફરગયુસન—પોલીસ કોરટમા દુભાશીયા સામે કાંઈ વાંધો લેવામા આવયો નહી હતો. હમણા જે કાંઈ બોલાયું છે તે અગર જો સાબેત કરવામા આવે તો હું ચાહું છઉં કે સોગંદ લઈનેજ સાબેત કરે તો ઘણું સારૂં.

મી૦ આનસટી—હું કહું છઉં તે એહેલુંજ કે આ શાખસીને ઉલટ પાલટ પુછવાને હજી કાંઈ સબબ બતાવામાં આવયો નથી અને હું નમનતાઈ સાથે માગું છઉં કે એ અરજ તમો નામદાર બાહાલ નહી રાખશો.

મી૦ ઈનવરારીટી—જુબાનીઓ બાબેના આકટની કલમ ૧૫૫ મી મુજબ હું એવી રજા માગું છઉં કે આ શાખસીએ આગળ જે કાંઈ કહેલું છે તેમા તેને ખોટો પાડવા સારૂં તેને ઉલટ પાલટ પુછવા દેવો.

જડજ—ફરીઆદીની તરફના એક શાખસીની સચાઈ ઉપર તો હોમત મેલી તમે શું મેળવવાના છો? બીજી જગા ઉપર તે શું બોલયો હતો તેમાં કાંઈ જીવ નથી. સવાલ એટલોજ છે, કે એ શાખસી એવું કેહેછે કે નહી કે જે ઉપર જુરી અમલ કરી શકે?

મી૦ ઈનવરારીટી—જો મને ઉલટ પાલટ પુછવા દેઓ તો આ શાખશીની કહેલી બે વાતમાની કેઈ ખરી માનવી તેની મુનશફી કરવાને જુરી વધારે સારી રીતે શકતીવાન થશે.

જડજ—હું ધારૂં છઉં કે તમે તેને એટલું પુછી શકો કે કોઈ એબી મને મારયો એવું તું પોલીસ કોરટમા બોલયો હતો કે નહી? ફરીઆદી તરફના શાખશીને ફરીઆદી તરફથી ઉલટ પાલટ પુછવાનો હું કસો ઉપયોગ જોતો નથી.

સ૦ તમે માજીસટરેટની કોરટમાં શાખશી આપી અને એક જુબાની ઉપર સહી કીધી ખરી કે? જ૦—હા.

સ૦—તમે માજીસટરેટને કહયું હતું વારૂં, કે———

મી૦ આનસટી—મારા લારડ એ ઉપર હું વાંધો લઉં છઉં. તમો નામદારે એટલુંજ પુછવાની રજા આપીછે કે "મારા હોટ ઉપર મને મારયો એવું તું પોલીસ કોરટમા બોલયો હતો કે નહી?"

જડજ—પોલીસ કોરટમાં કોઈ માણસને તમે દેખાડયો હતો કે નહી કે જેણે તમારા હોટ ઉપર મારયો હતો.

શાખસી—મેં એક જણને દેખાડયો હતો, પણ તે જુલમથી દેખાડયો. (કોરટમા ચકચાર).

સ૦—તે માણસને ઓલખાવાને તમોને જુલમથી કોણે ફરજ પાડી?

જ૦—એક જમાદારે, જે પેલો ઉભેલો છે. (ચકચાર).

મી૦ આનસટી—કીઓ જમાદાર? હીઆં કોરટમાં તો ઘણા જમાદારો છે?

હીઆં શાખશીએ જમાદાર લખશમન વીસરામ તરફ આંગલી કીધી, કે જે આ મુકદમા મધે એક મુખીઅ શાહેદી હતો. (વધારે અકચાર).

મીં૦ ઇનવરારીટી—મારનાર શખસને ઓલખવાને જુલમથી તેણે તમોને કેમ ફરજ પાડી ?

મી૦ આનસટી—હું અરજ કરૂં છઉં કે લખશમણ જમાદારને હવે કોરટની બાહેર જવાનો હુકમ કરો તો સારૂં. અથવા નહી તો કે મારા કાબેલ મીતરે આ શાખસીની તપાસ બંધ કરવી જોઈએ. તમો નામદારના સવાલનો જવાબ મળી ચુકયોછે અને હવે લખશમનના ગુનાહ ઈઆ નીરદોશપણા બાબે શાખસીને પુછવામા આવે છે. અગરજો તેમ હોયતો લખશમનને બાહાર જવું જોઈએ એમા જુરીને કાંઈ લાગતું વલગતું નથી, લખશમન ગુનેહગાર છે કે નહી તે તપાસવાથી મારાં કુલોને શું થવાનું છે.

મીં૦ ઇનવરારીટી—પણ આ શખસની સાહેદી જુરીએ માનવી કે નહી તે હું જાણવા માગું છઉં.

મીં૦ આનસટી—એતો સરકારની તરફનો શાખસી છે, અને જુરી તેના ઉપર વીસવાસ નહી લાવે તો તેમા મને કસો વાંધો નથી.

જડજ—તમારો સવાલ કાંહાં જાય છે તે, હું સમજતો નથી. તમે એવું સાબેત કરવા માગો છો કે તમારો પોતાનોજ એક શાખસી વીસવાસને લાએક નથી.

મી૦ આનસટી—મારાં કુલોને પોતાના બચાવને માટે દરરોજ મોટી રકમનો ખરચ લાગે છે અને નવી નીકલી આવેલી અલગ બાબત વીશે આ શાખશીને તપાસવા માટે આ મુકદમાંને એક પણ મીનીટ વધારે લંબાવાને મને હરકત છે.

જડજ—એ એક મજેની લાગુપડતી તકરાર છે અને હું ધારૂં છઉં કે તેને ઘટતે વખતે તેનો તેમ ઉપયોગ પણ કરવામા આવશે.

મી૦ આનસટી—મારા લારડ, હું એક સાડી સમજનો માણુસ છઉં અને અગરજો જુરી આગળ ભાશણ કરવાની મને કાંઇપણ જરૂર હશે તો જુરીને હું એટલુંજ કેહેવશ કે સદાનશાહ સુલતાનશાહને શાખસી સમજવોજ નહી. તેની ઉપર હું મારો એક પણ બોલ ગુમાવાનો નથી.

હીઆં લખશમન વીસરામ જમાદારને કોરટની બાહેર કાહાડવામાં આવયો.

સ૦—તે શખસને પોલીસ મધે દેખાડવાની તમોને ફરજ પાડવા સારૂં જમાદારે તમારી ઉપર કેમ જુલમ કીધો ?

જ૦—તેણે મને કહયું કે "એક માણશને દેખાડજે. અગરજો તું કોઈને નહી દેખાડશે તો હું તુંને ચોકીમા નાખશ."

જડજ—એણે કેહી જુબાનમા તમને એમ કહયું?

જ૦—હીંદુસતાનીમાં.

જડજ—તેના બોલો હીંદુસતાનીમાં કહી સંભલાવો.

જ૦—તે આ પરમાણે મારી આગલ બોલયો—(હીંદુસતાનીમાં બોલી દેખાડેછે) "તુમ એક આદમીકુ પએછાનતા કે નહી? પએછાનતા બોલો. અગર નહી માલુમ અએસા બોલતા તો તુમકુ પોલીસમા દાલેગા. એ સબ લોક લુછે હએ; એસા બોલો કે તુમ પએછાનતા હએ."

મી૦ ઇનવરારીટીએ આ શાખસીને વધારે સવાલો પુછવાને ના પાડયું અને મી૦ આનસટીએ તેને ઉલટ પાલટ પુછવાને પણ ના પાડયું.

એ પછે કોરટ આગલનીજ મીશાલે બરખાસત થઈ.

સાતમો દીવસ—સોમવાર, તા૦ ૧૪ મી જુલાઇ ૧૮૭૩.

એ દીને ડુંગરવાડી ઉપરની વાંધામા પડેલી તેમજ શાખશીમા આવેલી તેની આસપાસની બીજી સઘલી જગા જોવા સારૂં જડજ અને જુરીના ગરહસથો સહવારના પોહોરમા તાંહાં ભેગા થયા હતા. મીશીઅરસ સટારલીંગ, ઇનવરારીટી અને બરાનસન બારીસટરો તથા મી૦ પીલ (પબલીક પરાસીકયુટર) અને મીશીઅરસ દાલાસ, જેફરસન, અને ઓવન વકીલો તથા ધરમ ખાતાંઓનાં ટરસટીઓના સેકરેટરી તે જગા ઉપર જડજ અને જુરીને સાથે મળયા હતા. શાખસીઓમાથી બરાઉન, માકડરમાટ અને ડફી હાજર હતા.

આ ગરહસથો પેહેલાં વાંધાવાલી જગા ઉપર ગયા અને જાંહાં ચાલી તથા તંબુ હતા તથા જે ઠેકાંણે બીજી ચાલી ઉભી કરવામાં આવી છે, તે જગા તેઓએ જોઈ. હીઆંથી તેઓ મીઉનીસીપાલ કચરો બાલવાની જગા ઉપર ગયા અને દોખમાના કંપાઉંડની દેવાલ માહેલું નાહાનુ બારણું તેઓએ તપાસયું. એ પછે તેઓએ સુરંગ ફોડેલી જમીન જોઈ તથા જે જગા ઉપરથી શાખશીઓએ કંપાઉંડમાં પારસીઓને ભેગા મલેલા જોયા એવું કહેલું હતું તે જગા ઉપરથી કંપાઉંડની અંદર નજર કીધી. વાવીઅ દસા તારફના બારણામાંથી તેઓ કંપાઉંડની અંદર બાગવેર ગયા અને જે સગરીમાં પારસીઓને ભરાઈ બેઠેલા જણાવેલા તે સગરો તેઓએ જોઈ. હીઆંથી મોટા દરવાજામાંથી બાહેર નોકલી દેવાલની લગોલગ બાકણેની બોરફુ ઉપર બા

બુલનાથ તરફથી આવવાનો જે પગતી મારગ પડેલોછે, અને જાંહાંથી પારસીઓનું ટોલું ધસી આવેલું જણાવયું હતું, તાંહાંથી થઈને જડજ તથા જુરી પાછા વાંધા ભરેલી જગા ઉપર આવયા. હીઆં ભાંજી નાખેલી ચીજોને કેમ ફેંકી દીધેલી તે દેખાડવામાં આવયું તથા ભાંજી નાખેલી ચાલી અને ફાડી નાખેલા તંબુના જે બાકી વધેલા ભાગ કેહેવાતા હતા, તે જુરીને દેખાડવામાં આવયા. એ પછે જુરીએ પાછો ફરી હાઈ કોરટમાં નાસતો લીધાબાદ આજ દીને તપાસનું કાંમ સહવારના ૧૦ ને બદલે ૧૧ કલાકે ચાલુ થયું.

મી૦ સુટરની શાખસી.

મી૦ ફરાંક હેનરી સુટર, પોલીસના કમીશનરને

મી૦ ફરગયુસને તપાસયો.

વાલકેસવરનાં મથાલાં ઉપર દોખમાંની પાસેની એક જમીનના કકડા બાબે ગઈ તા૦ ૨૭ મી મારચને દીને મારાં માણસોને મેં ચોકસ હુકમો આપયા હતા તે મને યાદ છે. મને મલેલી ખબર ઉપરથી મેં તે હુકમો આપયા હતા. તા૦ ૪ થી એપરેલે સહવારનાં ૧૦ ઈઆ ૧૧ કલાકે મને એવી ખબર મલી કે તાંહાં મોટો બખેડો થયો છે, તે ઉપરથી તરત મારો ઘોડો લાવવાનો હુકમ કરી હું તે જગા ઉપર ચારે પગની દોડથી ગયો. તાંહાં પારસીઓ જેઓ ઈરાંની કેહેવાયછે તેઓ તથા બીજા લોકોની એક મોટી શંખયા મેં જોઈ. તેઓ જમીન ઉપર ઉભેલા અને ઘણા ઉસકેરાયલા હતા. ટેબલો અને ખુરસીઓના ભાગેલા કકડા, બાંબુઓના કકડા તથા બીજી ચીજો પણ મેં જોઈ, જે ઉપરથી કાંઈ બાંધકામને તોડી પાડવા તથા મીલકતનો નાશ કરવાની નીશાંણો મળતી હતી. મીઉનીસીપાલ કચરો બાલવાની જગા ઉપર આતસ બલતો હતો. મને કાંઈ તાંહાં બલતાં યાદ નથી, પણ ધુમાડો હતો ખરો. આ જગા ઉપર ઉભેલા ઘણાખરા શખસોના હાથમાં સોટા અને લાકડીઓ હતી. તેઓ ઘણાખરાના માથાં ઉપર નાહની ટોપી, અને દીલ મધે મેલા ફાટેલા સદરા, ગોયા તેઓ કાંઈ ઘણા કાંમમાં રોકાયલા હોય તેમ દીસતા હતા.

જડજ—તે ફાટેલા સદરા તમે જોયા હતા?

શાખશી—મારા લારડ, થોડાકોનાં દીલમાં ફાટા સદરા હતા.

તેઓ આસરે ૧૦૦ થી ૧૫૦ જણ હતા. હું આવયો તારે તેમાના થોડાકોને બાબુલનાથ અને ચોપાટી તરફ મેં નાહાસી જતા જોયા. બીજી કોઈ બાજુએથી તેમને મેં નાહાસતાં દીઠા નહી, પણ પોલીસે મને ખબર આપી કે તેઓની એક શંખયા દોખમાના કંપાં

ઉંડની અંદર ગઈ હતી. મેં હુકમ કીધો કે એ જગા ઉપર રહેલા દરએક જણને પકડવો. તેમ કરવામાં આવયું. જારે હું આ જગા ઉપર આવયો તારે હું ધારૂં છઉં કે એક જણનો હોટ કપાયલો મેં દીઠો હતો, પણ એ વીશે હું ખચીતાઈથી કેહેતો નથી. મેં કોઈને જખમી થયલો દીઠો, પણ તેનાં જખમની જગા હું જાણતો નથી.

જડજ—કોણ જખમી થયલો હતો?

શાખશી—હા, મારા લારડ. મારા આવવા આગમચનો તે જખમી થયો હતો.

તે માણશની જાત ઈઆ કોમ મને યાદ નથી. તે વખતે મને ઘણું કાંમ કરવાનું હતું, માટે તે કોણ હતો તે મારા ધેઆંનમાં નહી રહયું. સદાનશાહ સુલતાનશાહ નામના કોઈને હું નામથી ઓળખતો નથી.

સ૦—આ સવાલ, મી૦ સુટર, મારે તમને પુછવાની જરૂર છે. હીઆં એવું કેહેવામાં આવયું છે તે ઉપરથી પુછું છઉં કે એ શખસ પોતાના બચાવને માટે તમારી તરફ દોડતો હતો, તેવામાં તમે પોતે તેને મારયો હતો? જ૦—ખચીત નહી.

(હીઆં સદાનશાહ સુલતાનશાહને બોલાવામાં આવયો, પણ તે હાજર નહી હતો.)

તે સહવારે મેં જેઓને જોયા હતા, તે વખતના કરતાં હમણા આ બંધવાઓનો દેખાવ ઘણો બદલાયલોછે, કેમકે હમણાં તેઓ સરેસતાના પારસી લેબાશમાં આવયાછે, તોપણ હું ધારૂં છઉં કે હું થોડાકોને ઓળખી શકશ.

(એ પછે મી૦ સુટરે બંધવાઓના પીજરાં તરફ જઈને બંધવા ના૦ ૨૪, ૨૨, ૧૬, ૬, ૧૯, ૩, ૨, ૧, ૧૫, ૨૫ અને ૮ ને ઓળખાવયા.)

જગાની ઉપરજ પકડેલાઓનું શું કરવું તે બાબે હુકમો આપવા પછે હું દોખમાનાં કંપાઉંડના નાહના દરવાજામાથી કંપાઉંડની અંદર ગયો. એ દરવાજો કચરો બાલવાની જગાની સામે છે. મારી સાથ મી૦ બરાઉન અને બીજાં તરણ ચાર માણસો અંદર આવયાં હતાં. કચરો બાલવાની જગાની જમની બાજુ ઉપર એક દોખમાની પડોશમાં એક ઈમારતની અંદર કેટલાકોના મોહડાં મને દેખાયાં. તે ઈમારત મારાથી ઉંચે હતી. તાંહાં જવા માટે મારે સીહીડીઓના બે તબકા ચહડવાના હતા. તે આસરે ૧૨ થી ૧૪ ફીટ ઉંચી હતી. તેના મથાલાં સુધો હું મારા ઘોડાને ચહડાવી લઈ ગયો અને ઉપર જતાં મને ઘણી મુશકેલ પડી હતી.

જડજ—તમે સીહીડીની ઉપર ઘોડો લઇ ગયા ?

શાખશી—હા, મારા લારડ.

શીહીડીને મથાલે ઈમારતમા જવા આગમચ એક ઓટલો આવેછે. કેટલોક વખત સુધી તો હું સીહીડીની હેઠેજ રહયો, અને આ લોકોને હેઠલ આવવા સારૂં હાંક મારયા.

જડજ—તમે કોઈ મોટો દરવાજો દીઠો હતો ?

શાખશી—બીજી બાજુ ઉપર એક મોટો દરવાજો છે.

જડજ—જારે તમે સીહીડીની હેઠે રહયા, તારે આ મુખીઅ દરવાજા વીશે તમે કાંઈ મત બાંધયું ?

શાખશી—નહી, મારા લારડ. તે વખતે તે દરવાજો મુદલ મારા ધેઆનમાબી હોય એવું મને યાદ નથી.

ઈમારતની અંદરના ઉપલા શખસો ઉપરાંત એક બીજો ધણી બાગમા હતો, જેને ફુલો વીણતાં મેં પકડયો. પોલીસે તેને દેખાડયો કે બખેડામા તેણે મોટો ભાગ લીધો હતો, તે ઉપરથી તેને તાંહાંને તાંહાંજ પકડવામા આવયો.

સ૦—તમે તેને ઓળખાવી શકશો ? જ૦ હા. (ખશરૂ હોરમજ ના૦ ૨૨ માંને મી૦ સુટરે ઓળખાવયો).

જારે ઉપલા શખસોને બાહેર નીકલવા કહયું, તારે તેઓએ ના પાડયું. તેઓએ જવાબ દીધો કે અમારા સાહેબને અમે તેડાવયોછે અને જારે સાહેબ આવશે તારે અમે નીચે આવશું. કાંઈ પણ વધારે કરવા આગમચ આસરે પોણો કલાક સુધી હું સીહીડીની હેઠે ખોટી થયો. ઈમારતની અંદર કેટલાં માણસો હતાં તે હું જાણતો નહી હતો, માટે મેં વધારે પોલીસને મંગાવી. ઈમારતની અંદરના લોકો કાંઈ કામ કરતા દીસતા નહી હતા. પણ તેઓએ એવા ખેઆલથી અંદર આસરો લીધેલો દીસતો હતો કે મારીથી તેમા જવાઈ શકાશે નહી. હું સીહીડીની નીચે હતો તારે ઈમારતમાથી મારી સાથ વાત કરવા એક બે વખત માણસો આવયાં હતાં. તેઓને હું ઓલખી શકું એવી મારી ખાતરી નથી. જારે હું વધારે પોલીસને માટે ખોટી હતો તેવામાં થોડા થોડા વખતને આંતરે માણસો મારી પાસે આવતાં હતાં. હું તેમને સલાહા આપતો હતો કે જઈને તમારી ટોલીવાલાઓને હેઠે લાવો. મારી એ માગણી મુજબ તેઓમાના એકાદ બે જણ બાહેર આવવા માટે બાકીનાઓને સલાહ આપવાના વીચારથી ગયા હતા એવું હું ધારૂં છઉં, પણ તેમનુ કાંઈ વલયું નહી. હું તાંહાં થોબેલો હતો તેવામા એક બીજે દરવાજેથી એક માણશ એક કારડ લાવયો. તેણે મને કહયું કે એ ગરહસથ પંચાએતનો સેકરેટરી છે અને મારી સાથ વાત કરવા ચાહેછે.

જડજ—તે કારડ લાવનારે કહ્યું કે તે પોતે સેક્રેટરીછે ?

શાખશી—નહી, મારા લારડ. તેણે કહ્યું કે સેક્રેટરી બાહાર ઉભો છે.

તેની સાથ વાત કરવાને હું રાજી થયો નહી. મેં કહ્યું કે હું મારી "ડયુટી" ઉપર છઉં અને કોઇને મળવા માગતો નથી. તાંહાં બીજા એક બે માણસો હતા, કે જેઓ દેખીતા સુલેહ કરવા માટે આ વેલા દીસતાં હતા. તેઓએ ઉપર જઈને આ લોકોને સમજાવી હેઠે લાવવાને મારી રજા માગી. જો હું તેમાના એક જણને હમણા જો ઉં તો સારીપઠે ઓળખું. તે એક દલાલ છે. મેં તેઓને ઉપર જવાની રજા આપી, પણ તેઓ આ માણસોને હેઠલ લાવવામાં ફતેહ પાંમયા નહી. વધારે પોલીસ આવયા પછે મેં મી૦ વીનસેંટને તથા મી૦ બરાંઉનને આ ઇમારતના બારણા શુધી જવા ફરમાવયું. મેં તેમને કહયું હતું કે ઉપર સંભાલ રાખવી અને કાંઈ પણ શખતાઈ જાંહાંસુધી બને તાંહાંસુધી નહી વાપરવી, પણ આ લોકોને બોહોસ કરીને હેઠલ લાવવા. મેં તેઓને ઈમારતની ઉપર જતાં જોયાં. સઘલો વખત તેઓ મને દેખાતા હતા. આમન સામન સેજ વાત કીધા પછે અંદરના માણશોએ જારે જોયું કે તેઓને તાબે થવાની ફરજ પાડવામાં આવશે તારે તેઓ પોતાની મેળેજ બાહેર આવયા. કાંઈ પણ જબરી વાપરવી પડી નહી હતી. તે ઈમારતમાંથી, મને યાદ છે તાંહાંસુધી, આસરે ૩૦ થી ૪૦ માણસોને બાહેર આણયા હતા. એક જણ સીવાએ તેઓ સઘલા ટોપી અને સદરા ઉપર હતા, અને સોજા તથા સફાઈદારથી તદન ઉલટા દીસતા હતાં. હું હંમેશ જાણું છઉં કે પારસીઓ જારે બંદગી કરેછે તારે સોજાં અને સારાં કપડાં પેહેરેછે. આ લોકો બંદગી કરતા હોય એવોતો ખચીત તેમનો દેખાવ નહી હતો. આસપાસ કાંઈ કપડાંની ગાંસડીઓ જોયલી મને યાદ નથી. આ સઘલા જણને બાહેર કાહાડીને કચરો બાલવાની જગા ઉપર લઈ જવામાં આવયા અને તે જગા ઉપર જેઓને પેહેલાં પકડેલા હતા તેમની સાથે તેઓને એક હારમા ઉભા રાખયા, તથા પોલીસના અને બીજા જે શખસોએ તાંહાંની આ જાસતી જોઈ હતી તેમને. મેં હુકમ કરયો કે આ લોકોમાં જેઓએ તે જાસતીમાં ભાગ લીધા હતા તેમને ઓલખાવવા. સઘલાઓને ઓલખાવામા નહી આવયા. ૧૦ થી ૨૦ જણ ઓલખાવા વના રહી ગયા. એ પછે બાકીનાઓને પોલીસના સવાધીનમા મજગામ ખાતે મારી આફીસ મધે મોકલવામા આવયા. જેટલા જણને માટે મારી પાસે પુરતી બેડીઓ હતી, તે સરવેના હાથમા બેડીઓ થોકવામા આવી.

સ૦—એમ કાંએ કીધું ? જ૦—કારણ એ કે પોલીસની શંખ

યા ઓછી હતી અને બંધવાઓ નાહાસવાની કોશેશ કરે એ કાંઈ નહી બનવા જેવું નહી હતું.

સ૦—જો બેડીઓ નહી વાપરી હતેતો શું અગર બંધવાઓએ નાહાસી જવાની કોશેશ કીધી હતેતો તેમને અટકાવા બસ થાય એટલી પોલીસ ફોજ હતી કે નહી? જ૦—ખચીત નહી.

સ૦—બીજો સવાલ મારે પુછવો છે તે એ છે કે એકાદ બે શાખશીઓને હીઆં એવું પુછવામા આવયું છે કે—

મી૦ આનસટી—શાખશીઓને શું પુછવામા આવયું તે આ શાખશીને કેહેવાનો હક મારો છે. ફરીઆદીના હીમાએતોનો એ હક નથી. તેમ નહી હોયતો શાખસીઓને કોરટમાથી બાહાર કાહાડવાનો કાયદો માતર એક ઢોંગ છે.

જડજ—તમે એમ કહી શકો કે ફલાંનું ફલાનું હીઆં કેહેવામા આવયુંછે. શાખશી ખોટા પાડવાની રીત માતર એજ છે.

સ૦—આ ડુંગરની જગા ઉપર તમોને કાંઈ પણ સંબંધ છે એ વાત ખરી છે કે ખોટી? જ૦—ખોટી વાત છે.

સ૦—તે જગાનો કોઈ પણ ભાગ તમારે સવાધીન લેવાની તમારી કદીબી ઉમેદ ઈઆ મતલબ છે? જ૦—હું માફ માગીને કહું છઉં કે એ સવાલ મને ઘણો બેહુંદો લાગેછે. હું તે મતલબ કે ઉમેદ રાખતોજ નથી. દોખમાંનો આગળજ હું એક જમીનનો કકડો ખરીદ કરૂં એવું નથી.

સ૦—એક જમાદાર, નામે લખશમન વીસરામને આ મુકદમામધે શાખશી દાખલ તપાસયોછે. તે પોલીસ ફોજમાં કેવી આબરૂ ધરાવેછે? જ૦—તે ઘણી સારી આબરૂનો છે.

મી૦ આનસટી—મારા લારડ, આવી રીતની તપાસની સામે હું પરોટેસટ કરૂં છઉં. ફરીઆદીની તરફના શાખશીઓની આબરૂ બાબે શાખશી આપવાને ફરીઆદીની તરફનાજ એક શાખશીને પુછવાનો ફરીઆદીના હીમાએતીને હક નથી.

મી૦ ફરગયુસન—જારે એક શાખશીને ખરાબ ચાલનો ગણવાનો તેના ઉપર હોમલો કરવામાં આવયેછે, તારે ખરી બોના વીશે તેના વડા અમલદારને પુછવાનો મને હક છે.

જડજ—સવાલ ઉપર વાંધો લેવા અગાઉ જવાબ અપાઈ ચુકયોછે.

સ૦—એ જમાદાર ઉપર માલ ઉચાપત કરવાનો વાંક મેળયો હતો તે તમને યાદ છે?

મી૦ આનસટી—હું વાંધો લઉં છઉં.

જડજ—મી૦ સુટરનું નામ તે જમાદારની શાખશીમાં દાખલ કરે

લું છે. મી૦ સુટરની કરેલી કોઈ વાત વીશે તમેજ તે શાખશીને પુછયું હતું, તારે તે બાબતમાં મી૦ સુટરને તપાસી શકાય.

સ૦—મી૦ સુટર તમોને તે યાદ છે કે ?

જ૦—મને યાદ છે કે મારા ઉપર એક નનામો કાગજ આવવાથી કાંઈ રેસમી કાપડની ચોરીને માટે મેં જમાદારની તપાસ કરી હતી. સઘલી બીનાની મેં તલાસ કરીને એવું મત બાંધયું કે તે તોહોમત ખોટું હતું. તપાસ ચાલતી હતી તેટલો વખત સસપેંડ રેહેવા પછે તે પાછો પોતાની નોકરી ઉપર ગયો. તે હાલ પેહેલા વરગનો જમાદાર છે. દફેદારની પદવી પેહેલાં હતી, હમણાં તે કાહાડી નાખી છે. ભવાંની કાસીનાથ હવાલદાર ઉપર ચોખા ચોરવાનો વાંક કદી મેળયો નથી. તેવાં તોહોમતને માટે કાંઈ આધાર ઈઆ પાયો નથી. તા૦ ૪ થી એપરેલને દીને ૬૧ પરદેશીઓ, સીધીઓ અને બીજાઓને મજગામની આફીસમાં આવેલા મેં દીઠા હતા. તેઓને તાંહાં મોકલવાનો મેંજ હુકમ આપયો હતો.

સ૦—તેઓનું શું કીધું ? જ૦—તેઓ વીશે તલાશ કીધા પછે બીજે દીને ઈઆ તારપછેને દીને તેઓને છોડી મેળવામાં આવયા. તેઓને એટલા માટે છોડી મેળયા કે તેઓએ કાંઈ અપરાધ કરયો નથી, એવું માનવાને મને કારણ હતું.

જડજ—તેઓ ઉપર કાંઈ તોહોમત મેળયું નહી હતું ?

શાખશી—નહી મારા લારડ.

મારી પાસે વકીલો ઘણાબી આવયા હતા. પણ મને યાદ છે તેમ બેડી નાખીને આણેલા માણસો તરફના તેઓ હતા અને આ ૬૧ જણ તરફના નહી હતા. તા૦ ૪ થીની આગમચ પારસી પંચાએતનો સેકરેટરી છઉં એમ કહીને એક જણ મારી પાસે આવયો હતો. મારે તેની સાથ કેટલીક વાત થઈ હતી.

મી૦ આનસટીએ ઊલટ પાલટ તપાસયો.

સ૦—આ વાતચીત કીએ દાહાડે થઈ, મી૦ સુટર ?

જ૦—તમારૂં મને સંભલાતું નથી.

સ૦—આ વાતચીત કીએ દાહાડે થઈ હતી, સાહેબ ?

જ૦—મને યાદ નથી.

સ૦—તા૦ ૨૭ મી મારચ અને ૪ થી એપરેલની વચે તે થઈ હતી કે ? જ૦—તા૦ ૪ થી એપરેલની થોડાક દીવસ અગાઉ હતું, તા૦ ૨૭ મીની પછેજ હતું કે નહી તે મને ચોકસ ખબર નથી.

સ૦—તા૦ ૨૭ મીએ તમે કાંઈ કીધું ઈઆ કરવાનો હુકમ આપયો તેના સંબંધમાં તે વાતચીત થઈ હતી વારૂં ?

જ૦—હા, હું ધારૂં છઉં.

સ૦—તારે તે તા૦ ૨૭ મીને દીને ઇઆ તેની પછેજ હોવું જોઇએ? જ૦—હું ધારૂં છઉં કે તેમજ હતું.

સ૦—તા૦ ૨૭ મીએ આ ડુંગરની જગા ઉપર જવા તમે પોલીસને ફરમાવયું તેની પછેજ કેનીં? જ૦—હવે મને વીચાર આવે છે કે તા૦ ૨૭ મીની પછેજ તે વાત થઈ હતી.

સ૦—સુરંગ ફોડવા માટે અરજી થવા ઉપર બટાકી ફેરવવામા આવી તેની આગમચને દાહાડે એ વાત થઈ હતી વારૂં?

જ૦—હા. પારસી પંચાએતના સેકરેટરી તરીકે તેના સાથ મારી પીછાંણ થઈ.

સ૦—મી૦ નસરવાનજી બેહેરામજી કે?

જ૦—હા. એજ તે ગરહસથ.

સ૦—સર જમશેદજી જોહેથી હું ધારૂં છઉં કે તે ચીઠી લાવયા હતા? જ૦—હા. તારે મેં જાણયું કે તે પંચાએતના એક અધીકારી હતા. તે ચીઠી મારી પાસ હાલ હીઆં નથી.

સ૦—તે ચીઠી તમોને આપતી વેળા એ ગરહસથે વારૂં તમને ખબર આપી હતી કે જેકબ જમાલ અને કુવરજી પરાગજી અથવા એ બેમાનો એક પારસી પંચાએતને લગતી જમીન ઉપર જબરીથી આવી ઘુસયાછે? જ૦—જબરીથી ઘુસવાના એક કામ ("ટરેસપાસ") બાબે એ સેકરેટરી મારી મદદ માગવા આવયા હતા.

સ૦—પણ એ બાબે તેણે કહેલી હકીકત તમોને યાદ છે કે નહી તે હું જાણવા માગું છઉં. જ૦—તેણે કહેલી હકીકત એ હતી કે કોઈ શખસોએ મીલકત ઉપર ધસારો કીધોછે ઇઆ કરવાનાછે. બે માંથી એક તેણે શું કહયું તે મને યાદ નથી.

સ૦—તેણે તમોને કહયું હતું કે આ લોકો કુવરજી પરાગજી અથવા જેકબ જમાલની નોકરોમાના હતા?

જ૦—હું ધારૂં છઉં કે કહયું હતું.

સ૦—તે વખતે તમે આટલું પણ જાણતા હતા, કેમ વારૂં, કે સર જમશેદજી જીજીભાઈ એ મીલકતનો એક રખેવાલ હતા?

જ૦—તે તે વખતે હું જાણતો નહી હતો ઇઆ તારપછેબી મેં સાંભળયું નહી હતું, પણ હમણા હું તે વાતથી જાણીતો થયો છઉં.

સ૦—તે વખતે શું મી૦ નસરવાનજીએ તગા આગળ ફરીઆદ નહી કરી કે આ જબરી કરનાગઓની સાથે ઇઆ તેમના બચાવમાં એક સુપરીનટેનડંટના હાથ તલે પોલીસની એક ટુકડી ગઈ હતી?

જ૦—તે વીશે અથવા એવી મતલબનું મને કાંઈ પણ કહયું હોય એવું મને યાદ નથી.

સ૦—તમોને યાદ નથી, પણ તેણે કહયું હોય ?

જ૦—હા. હોય.

સ૦—તમોને યાદ છે કે આગલ જારે આઠ ઈઆ નવ વરશ ઉપર એજ જગા વીશે તે વખતના કમીશનર મી૦ ફારન્જેટને તથા તમોને અરજો કરવામા આવી હતી, તે વેલા ચાલેલાં કાગજ પતરો અને કામકાજોની પણ તમોને આ વેલા સેકરેટરીએ યાદ આપી હતી ?

જ૦—હા. મને યાદ છે.

સ૦—જારે તમો વચે આ વાતચીત ચાલી તારે તમો સારીપઠે જાણુતા હતા કે એક હાથ ઉપર પોલીસે અને બીજા હાથ ઉપર મજ ગામની પોલીસના માજીસટરેટે જુદી જુદી વખતે આ કામમા કેવો ભાગ લીધો હતો ? જ૦—આ જગા વીશે પોલીસની મદદ હંમેશ માગવામા આવીછે.

સ૦—અને તે ટંટો મજગામની પોલીસે ચઢયો હતો ?

જ૦—મને તે કાંઈ યાદ નથી.

સ૦—૧૮૬૫ અને ૧૮૬૬ મા જારે મી૦ બરાઉન મજગામ ખા તે માજીસટરેટ હતો, તે વેલા તમો હંઈ હતા કે ? જ૦—હા.

જડજ—તારે આ ટંટો મી૦ બરાઉનની આગલ આવયો તે ત મોને યાદ નથી, એમ તમે કહોછો ?

શાખસી—મારા લારડ, મને તે યાદ નથી.

સ૦—તે ટંટો મી૦ બરાઉન પાસ નહી આવયો એમ તમે કેહે તા નથી, પણ તે માતર તમોને યાદ નથી ? જ૦—હા.

સ૦—તમારા તે વખતના વડા મી૦ ફારન્જેટનો તા૦ ૨૯ મી મારચ ૧૮૬૪ નો કાગજ અગરજો હું તમોને દેખાડું તો તમોને કાંઈ યાદ આવશે ? જ૦—મી૦ ફારન્જેટ મારો વડો કદી નહી હતો.

સ૦—તે વખતે તે પોલીસનો કમીશનર હતોની ? જ૦—પોલીસનો કમીશનર તે વખત ઉપર એ હોધા સાથ ભેગો માજીસટરેટનો હોધો પણ ધરાવતો હતો. મી૦ ફારન્જેટ તે વેલા પોલીસના કારભારનો વડો હતો અને હું ૧૮૬૪ ના એપરેલ મહીનામા તેની જગા ઉપર ઠરયો હતો.

સ૦—તેનો હોધો લેતી વેલા તેણે આ ટંટા બાબે તમોને કાંઈ ખબર ઈઆ રીપોરટ કહેલો યાદ છે ? જ૦—મને યાદ નથી.

સ૦—અને તે વખતનો મી૦ ફારન્જેટનો કાગજ હું તમોને દેખાડું તો તેથી કાંઈ તમારી યાદદાસતને મદદ નહી થશે ?

જ૦—કદાચ થાય. હું કહી શકતો નથી.

મી૦ ફરગયુસન—આ કાગજ શાખશીમા રજુ કરવાનું નહી હોયતો તે શાખશીના હાથમાં મુકવા સામે હું વાંધો લઉં છઉં. જુઓ

નીવાલા આકટની ૧૫૯ મી કલમ મુજબ આ કાગજ શાખશીની યાદદાસત તાજી કરવા સારૂં તેના હાથમાં આપી શકાય નહી. જે કાંમ સારૂં તેને સવાલ કરવામાં આવેછે, તે કાંમની વખતે તેણે પોતે લખેલો એ કાગજ નથી. ઈઆ કોઈ બીજાએ લખયો હોય અને તેની આગળ વાંચી સંભળાવયો હોય એવું પણ શાખસીએ કહેલું નથી.

જડજ—ઉલટ પાલટ તપાસની વેળા એક શાખશીની યાદદાસત તાજી કરવા માટે તેના હાથમાં તમો એક કાગજ મુકી શકો. અલબતાં તેવો દસતાવેજ જુરી આગળ વાંચી સંભળાવાનો હક નથી. પણ તે કાગજ માહેલી હરએક બીના તે જાણેછે કે નહી તે બાબે તે શાખશીને પુછી શકાય.

એ કાગજ મી૦ સુટરને દેખાડવામા આવયો, જે વાંચવા પછે, તેણે કહયું કે પોલીસનો મેં હોધો લેવાની આગમચ કાંઈ બનયું હુશે તે વીશે આ કાગજતો લખેલો છે. મેં તા૦ ૧૪ મી એપરેલ ૧૮૬૪ ને દીને હોધો લીધો અને આ કાગજ તેની આગમચના મહીનાની ૬ ઠી તારીખનો લખેલોછે.

સ૦—એ કાગજ તમે વાંચવા પછે હવે હું તમોથી જાણવા માગું છઉં કે તે વખતે એ દોલતી રહેલી બાબત વીશે મી૦ ફારજેટે તમોને કાંઈ પણ જણાવેલું હતું એવું એ કાગજ વાંચવાથી તમને યાદ આવેછે? જ૦—એ કાગજમાં જણાવેલી બીનાની મને જરા પણ યાદ નથી.

સ૦—તારપછેના આગસટ મહીનામાં એ વીશે પંચાએત તરફથી તમોને પોતાને એક કાગજ મળયો હતો? જ૦—મને ઘણાંક કાગજો મળયાંછે, પણ તેમની તારીખો મેં કાંઈ મોઢે ચઢાવી નથી. જેટલું લવાય તેટલું હું લાવયો છઉં અને તે સઘલું સરકારી વકીલની પાસે છે.

મી૦ આનસટી—હું માગું છઉં કે તા૦ ૭ મી જુલાઈએ મીશીઅરસ કરેગી, લીંચ અને ઓવનની મારફતે પોંહોંચાડેલી નોટીસમાં ચેતાવા મુજબ પબલીક પરાસીકીઉટરે આ તરણ કાગજો હીઆં રજુ કરવાં:—એક તા૦ ૨૪ મી મારચ ૧૮૬૪ ને દીને મી૦ ફારજેટ ઉપર લખેલો કાગજ, બીજો તા૦ ૫ મી આગસટ ૧૮૬૪ નો મી૦ સુટર જોગો કાગજ અને તરીજો સુપરીનટેનડંટ લાકલી જોગો કાગજ.

શાખસી—એ બે છેલાં કાગજો વીશે આફીસમા શોધ ઘણી કીધી, પણ તે જડયાં નથી.

સ૦—૧૮૬૪ ના આગસટ મહીનામા એજ કાગજોની બાબતમા પંચાએતે કાહાડેલું એક ગુજરાતી સરકયુલર તમારી આગલ વાંચી સંભળાવેલું અથવા સમજાવેલું તમોને યાદ છે?

જ૦—મને તેની કસી યાદ નથી.

સ૦—સેક્રેટેરીના એક વીસવાસુ મેહેતા નામે મેહેરવાનજી નવરોજજીનું નામ તમોને યાદ છે ? જ૦—નહી.

સ૦—તે વખત ઉપર મરનાર શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ, હીરભાઈ હોરમજજી, મેહેરવાનજી ફરામજી, ખરશેદજી ફરદુનજી અને દીનશા માણેકજી પીટીટ પંચાએતના ફંડના ટરસટીઓ હતા, તે તમોને યાદ છે ? જ૦—તે હું જાણતો નથી. મેં હોધો લીધા પછે કેટલેક વખતે દોખમાને લગતી જમીનને માટે રામોશીઓને મોકલવાની મને અરજીઓ થઈ હતી, તે મને યાદ છે. તે રામોશીઓની શંખ્યા ઘટાડીને દસપર આણી હતી, તે મને યાદ નથી.

સ૦—તમોને યાદ છે કે તે વખત ઉપર એ મીલકતને, મારાં કુલો કેહેછે તેમ, ધાઈ પડેલો શખસ કોઈ મંગેશ પરશોતમ હતો ?

જ૦—હા. મને યાદ છે.

સ૦—તે પોતાના બપાવાના વખતનો દાવો કરેછે ?

જ૦—તે હું કાંઈ જાણતો નથી.

સ૦—તા૦ ૫ મી આગસટ ૧૮૬૪ ને દીને આ જગા ઉપર પોલીસના બે માણસો રાખવાની રજા મળી હતી, અને તેજ મહીનાની તા૦ ૧૮ મી ઈઆ ૧૯ મીએ પંચાએતની તરફથી કોઈએ આવીને તમારી આગળ ફરીઆદ કીધી કે તા૦ ૬ ઠી પછે બે રામોશીને પોલીસે પાછા બોલાવી લીધા હતા ? જ૦—એ નાહાની નાહાની વાતોને હું યાદ કરી શકતો નથી. હું જાણું છઉં કે આ જગા બાબે કાંઈ કજીઓ હતો, અને મારી ઉપર હંમેશ અરજીઓ આવયા કરતી હતી; પણ સઘલી બારીક વીગતો મને યાદ નથી. મંગેશ પરશોતમે પણ રામોશી માગયા હતા, તે મને યાદ નથી, પણ હું ધારૂં છઉં કે તેણે માગયા હતા ખરા.

સ૦—એક વખતે મંગેશ પરશોતમના દાવાની આખી તવારીખ તમોને કેહેવામા આવી હતી, તથા તમે હોધો લેવા આગમચં ચાલેલું સઘલું કાંમ તમોને સમજાવયું હતું તથા સઘલા દસતાવેજો તમને વંચાવયા હતા અથવા દેખાડયા હતા, તે પારસી પંચાએત તરફની સઘલી વાતચીત તમોને યાદ છે ? જ૦—મને યાદ નથી.

સ૦—કાંઈ નહીતો તમોને એટલું યાદ હશે કે તે જગા ઉપર જબરીથી દાખલ થવા બાબે મંગેશ પરશોતમની સામે ફરીઆદ થઈ હતી ? જ૦—બેહુ બોરદુએથી ફરીઆદો થઈ હતી, તે મને યાદ છે પણ કાંઇ ચોકસ ફરીઆદ મને યાદ નથી.

સ૦—આ વાંધાવાલી જગાને કદી તમે પોતે જોવા ગયા હતા ?

જ૦—હું એક વખત ગયો હતો, પણ કોઈ પારસીએ મને તે

જગા દેખાડી અથવા તેની પાસેના એક પલાન સાથે અમે જગા સરખાવી હોય એવું મને યાદ નથી.

સ૦—એ ફરીઆદો બાબે શું કરવું તે વીશે તમે તે વરશમા કાંઈ શેવટ ઉપર આવયા હતા? જ૦—મેં જો કાંઇ શેવટ આણ્યું હોય તો તે એટલુંજ કે એ બાબે કાંઈ વધારે વચમા પડવું નહી.

સ૦—તમે પેહેલ વેહેલાં તો એવી ભલામણ નહી કીધી હતી વારૂં કે આ જમીન ઉપર બેહુ બોરડુ વાલાઓએ ચોકીબાન તરીકે રામોશીઓને રાખવા નહી? જ૦—મેં ઠરાવ કરયોકે એ બે માના કોઈને મારી આફીસમાથી રામોંશી આપવા નહી. હું ધારૂં છઉં કે ૧૮૬૪ મા એ ઠરાવ મેં કરયો. તેની તારીખ મને યાદ નથી.

સ૦—તે વખતે તમે એવી ચેતવણી નહી આપી હતી વારૂં કે તે જીલાના જમાદાર તથા દફેદારને તમે હુકમ કરયો હતો કે તે જગા ઉપર તે દાહાડા પછે મંગેશ પરશોતમનો જેબી માણશ આવે તેને પોલીસમા પકડી લઈ જવો? જ૦—એવો હુકમ આપેલો મને યાદ નથી. તે વખતે D ડીવીજનમા લાકલી સુપરીનટેનડંટ હશે; પણ મને યાદ નથી.

સ૦—તમોને યાદ છે કે ૧૮૬૫ ની આખરીએ અથવા ૧૮૬૬ની શરૂઆતમાં આજ જમીન ઉપર મંગેશ પરશોતમના માણશોએ એકાદ બે તંબુ મારયા હતા તે પારસી પંચાએતે તોડી પડાવયા હતા?

જ૦—હું તે વખતે ઈંગલંડમાં રજા ઉપર ગયો હતો. હું ૧૮૬૫ ના મે મહીનામા ગયો અને ૧૫ મહીના સુધી પાછો આવયો નહી હતો.

સ૦—શું તમોને યાદ નથી કે તમે હોધો લેવા આગમચ મારચ મહીનામા આસરે ૫૦ સીધી અને બીજા મુસલમાનો હાથમા સોટા અને લાકડીઓ લઈને એક ભાંજી નાખેલા તંબુને પાછો ઉભો કરવા સારૂં એકઠા મળયા હતા? જ૦—હું તે વખતે મુંબઈથી ઘણો દુર અમદનગર જીલાનો સુપરીનટેનડંટ હતો.

સ૦—તમોને યાદ છે કે ૧૮૬૭ ના મારચ મહીનામા એક રાધાબાઈ વીધવાના વકીલ અને વકીલાતણે એવી ફરીઆદ કીધી હતી કે જમીનના આ કકડા ઉપર પારસીઓએ એક દેવાલનું ખુણું તોડી પાડયું હતું, તે નવા જઘડા ઉપર પોલીસનું ધેઆન લગાડવામા આવયું હતું? જ૦—મને તે યાદ નથી.

સ૦—પણ ૧૮૬૭ ના જાનેવારી અથવા ફેબરવારી મહીનાથી આ ફરીઆદી મંડાઈ તારસુધી પંચાએતની સાંમે કોઈની પણ તરફથી એકબી ફરીઆદ આવી હતી? જ૦—હું કહી શકતો નથી. વખતનો ગાળો ઘણો લાંબો ગયોછે.

સ૦—હવે મી૦ નસરવાનજી સાથની વાતચીત ઉપર પાછા આ વીએ. ઉપલી ફરીઆદોને વખતે તમે પોતે એ જગા ઉપર આવયા હતા અને નકસો તપાસયો હતો એવી એ ગરહસથે તમોને યાદ આ પી હતી ? જ૦—મને યાદ નથી.

સ૦—ગમે તેમ હોય, પણ તમે મી૦ નસરવાનજીને એવું કેહેતાં સાંભળ્યા હતા કે આ વાંધા વાલી જગા પંચાએતની છે અને પંચા એતના સવાધીનમા છે, એવી રીતે આગળ તમે પોતાની ખાતરી ક રેલી છે ? જ૦—એવું કાંઈ મને કહેલું યાદ નથી.

સ૦—પણ તમોને એટલુંતો યાદ હશે કે તમે પોતેજ મી૦ નસર વાંનજીને કહયું કે એ બાબતમાં વચે પડવાની મારી મરજી નથી ?

જ૦—મેં કહયું કે મીલકતના હક બાબે મારે વચે પડવું નહી જોઈએ, કેમકે એ કાંઈ મારૂં કાંમ નથી.

સ૦—અને તમે કહયું કે મી૦ આરઠર પીલ એક પલાન સાથ આવી તમોને મળયો તથા તમોને કહયું કે કુંવરજી પરાગજી તથા જેકબ જમાલે એ જમીન હાથ કરવા અને તે ઉપર ઝુંપડાં બાંધવાનો ઠરાવ કરયોછે. આવું કાંઈ તમે બોલયા હતા ?

જ૦—ઘણુંકરીને હું બોલયો હોઈશ.

સ૦—અને મી૦ આરઠર પીલે તમોને કહયું હતું કે જો તેમ કરતાં સુલેહનો બગાડ થશેતો તેઓ (કુંવરજી અને જેકબ) ને પોલી સની મદદ જોઈશે, એવું તમે મી૦ નસરવાંનજીને કહયું હતું ?

જ૦—ઘણું કરીને મેં કહયુંજ હશે.

સ૦—એ પછે તમે બોલયા કે એટલા ઉપરથી તમે ઉપલાં કારણ સર તાંહાં પોલીસને રાખવા માટે મી૦ બરાંઉનને ફરમાવયું હતું ?

જ૦—મેં કહયું કે મેં પોલીસની સાહુચેતીના ઉપાયો રખાવયાછે.

સ૦—આ ધસારો કરનારા—તમારી પોલીસ નહી—ને જબરી થી હાંકી કાહાડવાનું વાજબી છે, એમ પંચાએતને સલાહ મળીછે, એવું સેક્રેટરીએ તમોને કહયું હતું તે તમોને યાદ છે ?

જ૦—હા. મને તે પુરતી રીતે યાદ છે.

સ૦—અને તમે કહયું કે મારામારી થવા વના પોલીસ વચે પ ડશે નહી, તે ઉપરથી સેક્રેટરીએ જવાબ દીધો કે પછવાડેથી ઉપાય કર વાને બદલે આગમચથી અટકાવ કરોતો બેહેતર, અને પંચાએતના બચાવને માટે પણ પોલીસ આપોતો બેહેતર. ખરૂં કે ?

જ૦—સેક્રેટરીએ એવી બોહોસ લીધી, કે આ જમીન જે પંચા એતને લગતી છે એવો તેણે દાવો ઉઠાવયો, તે ઉપર લોકોને પગલાં ભ રતાં અટકાવા માટે મારે કાંઈ ઉપાયો લેવા. મેં ફરીફરીથી તેના મ ન ઉપર ઠસાવયું કે એ કાંઈ મારૂં કાંમ નથી. ૧૮૬૫ ના મેએથી

૧૮૬૭ ના ફેબરવારી સુધી મેજર હેનડરસન મારી જગા ઉપર કામ ચલાઉ હતો.

સ૦—તારે જેમ મી૦ ફારજેટ ચાલયો તેમ મેજર હેનડરસન પણ ચાલયો અને પંચાએત તથા તેમના ભાડુતોને આસરો આપયો હતો એમ સેકરેટરીએ તમોને કહયું તે તમોને યાદ છે? જ૦—હા.

સ૦—અને શેવટે તમે તેને સલાહ આપી કે પંચાએતના ધારાના વકીલ પાસે જાવું, તે સલાહથી આ મુલાકાત શમાપત થઈ, કેમ વારૂં? જ૦—મેં તેને કહયું કે સુલેહનો બગાડ કરવામા જે બી ધણી સામેલ રેહેશે તેને હું કેદ પકડશ અને જો તેમા તમો (સેકરેટરી) શામેલ હશોતો તમોનેબી પકડશ.

સ૦—આ જગા બાબે ગયા ફેબરવારી મહીનામાં મીશીઅરસ હરન, કલીવલાંડ અને પીલની પેઢીવાલા મી૦ કલીવલાંડ તરફથી તમોને લખેલો ઈઆ મોહોડેનો કાંઇ પણ શંધેસો મલયો હતો?

જ૦—મારી જાણ મુજબ તો કાંઈ નહી મલયો હતો.

સ૦—મારી મતલબ કે ખાનગી સંધેસો? જ૦—કદી નહી.

સ૦—તે પેઢીના કોઈ પણ અધીકારીએ આ જમીન બાબે તમારી સાથે અથવા તમે તેની સાથે પેહેલ વેહેલો સંધેસો કારે ચલાવયો? જ૦—જારે મી૦ આરઠર પીલ મારી આફીસમા આવયો તારે.

સ૦—તમે કહી ચુકયા છો કે આવાં પાર પડોશમા તમે જમીન ધરાવા ચાહો એ બને એવું નથી.. મને પુછવા દેઓ કે હીઆં બાંધવાના કોઈ પણ બંગલામાં ભાડુત રેહેવાને તમે કદી વીચારયું નથી?

જ૦—કદી નહી.

સ૦—અથવા તેની પડોસમાં? જ૦—કદી નહી.

સ૦—તા૦ ૪ થી એપરેલને દીને પારસી બંધવાઓની સાથે કેટલા પોલીસનાં માણસો તે જમીન ઉપરથી તમારી આફીસ સુધી ગયાં હતાં? જ૦—હું ચોકસ કહી શકતો નથી. પણ હું ધારૂં છઉં કે તે જમીન ઉપર સઘલા મલીને પોલીસના ૩૦ માણસો હતાં.

સ૦—યુરોપીઅન અમલદારો બાદ જતાં? જ૦—મને પકી યાદ છે તેમ બંધવાઓની સાથે જવામા યુરોપીઅન અમલદારો નહી હતા.

સ૦—શું તમે એવું કેહેવા માંગોછો કે પોતાના કુંનડાં સાથના પોલીસના ૩૦ માણશો ૭૫ પારસીઓની સાથે જવા તથા તેમને નાહાસતા અટકાવા માટે, જો બેડી નહી નાખી હતેતો, બસ નહી થતે?

જ૦—કદાચ તેઓ ૩૦ થી ઓછાબી હોય, પણ જે જાસતી બંધવાઓએ ચલાવી તે જાણવા પછે મારે વીચારવુંજ જોઇએ કે એ શંખયા બસ નહી હતી.

સ૰—કેદ પકડતી વેળા કોઈને સામે થતા તમે નહી જોયા હોય?

જ૰—તેઓમાના થોડાકોએ ધમકીની ડપ વાપરી હતી, પણ ખરેખર સામા કોઈ થયા નહી હતા.

સ૰—તમે એક જણને તેના ચેહેરાના ઘટમને માટે તોહોમત મુકી તેના દેખાવને માટે શીખશા તો નહી કરો? જ૰—ફીસાદની ડપ પકડીને જો તે સુલેહના બીગાડની કોશેશ કરેતો પોલીસે તેની ખબર લેવી વાજબી છે.

સ૰—જારે તમે સગરીની સીહીડી ઉપર ઘોડો ચલાવી લઈ ગયા, તારે તમોને એવું નહી સુજયું કે કદાચ અણજાનપણે મારાથી એવું થતું હશે કે જે પારસીઓની ધરમ સંબંધી લાગણીઓને અતીઘણું દુ[illegible] ઉપજાવનારૂં થઈ પડશે? જ૰—ખચીત, મને એવું કાંઈ નહી લાગયું. હું જેમા મારી ફરજ સમજુ તેમાં એવા કોઈ ખેઆલથી કદી પાછો નહી હટું.

સ૰—અગરજો તમારે તાંહાં જવુંજ હતું તો ચાલીને કાંએ નહી ગયા? જ૰—મારો ઘોડો જે ઘણું કદાવર જાનવર છે, તેના ઉપર ચહડવા અને પાછું ઉતરવાની મને મેહેનત પડતે. એટલુંજ.

સ૰—તમે પોતે અને પારસી પંચાએતના સેકરેટરી વચે તમે મુલાકાત થવા દીધી નહી અને તેજ વખતે બીજા બે પારસીઓએ મેહેનત કરવા માગી તેમની તમે મુલાકાત લીધી, તેનું કારણ શું?

જ૰—કારણ કે જારે સેકરેટરી મને પેહેલે મળયા તારે જમીન ઉપરના હક બાબે તે ઘણાજ મજબુત ખેઆલ મનમા ધરાવતા હતા અને તેની સાથ ફરી મુલાકાત કીધામાં કાંઈ સાર જેવું મને માલમ પડયું નહી. જમાદારની તપાસ ચાલી તેટલાં આસરે એક પખવાડયું સુધી તે સસપેંડ રહયો હતો. પેહેલાં મારી પાસે એક મુળ તપાસ થઈ, જે પછે તેને માજીસટરેટ આગળ લઈ ગયા. તે છુટી જવા પછે મારી પતીજને માટે મેં વધારે તલાસ કીધી હતી. છુટી આવેલા હબશી ગોલાંમોને માટે મજગામ પોલીસ આફીસમાં રાખેલા ચોખામાંથી ચોરી કરવાના વાંકને માટે એક સોબેદાર અને થોડાક સીપાઈઓને બરતરફ કરયા હતા, તે મને યાદ છે. આ હવાલદાર તે વખતે આફીસમાં "ડયુટી" ઉપર હતો, પણ ચોખાતો તાંહાંથી અડધો માઈલ દુર ભાડે રાખેલા એક ઘર મધે હતા. તેને તપાસયો હતો કે નહી તે હું કહી શકતો નથી, પણ હું ધારતો નથી. જે ઓનો વાંક કાયદાથી નહી પણ ફકત મનમાજ પુરવાર થયો હતો તેવા સરવેને એકદમ બરતરફ કરયા હતા. આ હવાલદાર ઉપર વેહેમ પણ ગયો હોય એવું હું વીચારતો નથી. પેલા ૬૧ બંધવાઓમા તલાસ કરતાં મને કાંઈ એવું નહી માલમ પડયું કે તેઓ કુંવરજી પરાગજી

અને જેકબ જમાલના માણુશ હતાં. પણ તેઓને વધારેવાર પરહેજ રાખવાના કાંઈ વાજબી કારણ મારી પાસ નહી હતાં. તા૦ ૪ થીને દીને કાંઈ હુલડ ઈઆ બેકાયદે મંડળી, ઈઆ સુલેહનો બીગાડ થવાનો છે, એવી મારી આગળ કાંઈ ફરીઆદ ઈઆ જુબાંની આવી નહી હતી.

સ૦—જારે મી૦ આરઠર પીલ તમારી જોડે પોલીસ માંગવા આ વયો, તારે ખુદ તે જગા ઉપર ખારવીઓ રેહેછે એવું તમે જાણતા હતા?

જ૦—હું માનું છઉં તાંહાંસુધી મી૦ પીલ કાંઈ પોલીસ માંગવા આવયો નહી હતો. પણ પોતાના કુલો તરફથી તે માતર મને કેહેવા આવયો હતો કે આ હકીકત ઉપરથી સાહુચેતીના જે ઉપાય જરૂરના લાગે તે મારે લેવા. હું જાણું છઉં કે તાંહાં તાડી છેજનારાઓ હ તા, કેમકે મેં પોતે તેમને તાંહાં ઘણીવાર જોયા હતા.

સ૦—મી૦ આરઠર પીલે તમને કાંઈ એવું સુચવયું કે એજ લોકો સામે થવાના ઈઆ બખેડો કરવાની ધાસતી હતી?

જ૦—નહી. તેણે કહયું કે પારસીઓ સામા, થવા નીકલશે એવું માનવાને કારણો હતાં.

સ૦--બંધવો ના૦ ૧ લો માણેકજી દોરાબજી પંચાએતના તર ણ વરશના પટાથી એ જમીન ઉપર બાડુત છે, અને તે પટો આવ તા અકટોબર મહીના સુધી પુરો થવાનો નથી તે તમે જાણતા હતા?

જ૦—નહી.

મી૦ ફરગયુસને ફરીથી તપાસઓ.

આવા બખેડાની વેળા અમેં લખેલી ફરીઆદ થવા સુધી થોબતા નથી; સાધારણ ફરીઆદ થતાંજ અમલ કરીએ છઈએ. આ ૬૧ માણુસો વીશે મને એવું કેહેવામા આવયું હતું કે ચોકસ પારસીઓએ તેમને બાડે રાખયા હતા. જે દલાલ આ વખતે સુલેહ કરાવા આ વયો હતો, તે બંધવાઓના જેવાંજ કપડાંમા નહી હતો, તે સોજો તથા ધોતો હતો અને સરેસતાના પારસી પોશાકમા હતો. પેલી ઈ મારતમાથી જે લોકોએ બાહાર આવવાને ના પાડયું, તેઓ ખચીત પોલીસની સામે થયા એમજ હું સમજુ છઉં, અને આવી એક જા સતી તેઓએ ગુજારવા પછે તેઓએ બાહાર આવવું એવી બોહોસ કરવાની મારી ફરજ હતી. તા૦ ૨૭ મી મારચ અને ૪ થી એપ રેલે આ જગા ઉપર મેં પોલીસને એટલા માટે મોકલી કે મને મળેલી ખબર ઉપરથી મને ધાસતી રાખવાને કારણ હતું કે સુલેહમાં બગાડ થશે. મારૂં કારણ માતર તેજ હતું.

હીઆં મી૦ સુટરની શાખસી સમાપત થઈ.

નવ બંધવાઓનો છુટકારો.

મી૦ ફરગયુસન—હીઆં કેટલાક બંધવાઓ છે, જેઓને કોઈ પણ શાખસીએ ઓળખાવયા નથી. તે ઉપરથી તેઓને કાંઈ પણ વધારે વખત પરહેજ રાખવા એવી માગણી કરવામાં હું વાજબી કેહેવાઉં નહી. એટલા માટે તેમના ઉપરના અનેઆએને હું કાહાડી નાખું છઉં.

મી૦ આનસટી—તેમ કરવાની રીત એટલીજ છે કે તેમને માટે "નૌટગીલટી" (બેગુનાહ) નો અભીપરાએ આપવાને જુરીને ફરમાશ કરવી.

જડજ—હું જે હુકમ આપવા માગું છઉં તે પણ એજ છે.

મી૦ ફરગયુસન—ફરીઆદી ચલાવનારની તરફથી હું આટલા શખસો ઉપરનું તોહોમત કાહાડી નાખું છઉં:—દાદાભાઈ બેહેરામજી (નાં૦ ૪), દાદાભાઈ આદરજી (નાં૦ ૧૧); દાદાભાઈ માણકજી (નાં૦ ૨૦) રતનજી દોરાબજી (નાં૦ ૨૧), એદલજી પેસતનજી (નાં૦ ૩૩), ભીમજી માણેકજી (નાં૦ ૩૯), ધનજીભાઈ શેહેરયારજી (નાં૦ ૪૧), રતનજી શેહેરયારજી (નાં૦ ૪૨), અને દાદાભાઈ બહેમનજી (નાં૦ ૪૬).

જડજ—જુરીના ગરહસથો, ફરીઆદીના હીમાએતીએ જે કાંઈ કહયું છે તે તમે સાંભલયું છે, અને આ માણસો હવે કાંઈ પણ વધારે વખત બંધવાની હાલતમા શા માટે રેહેવા જોઈએ તેનું કાંઈજ કારણ નથી. ફરીઆદી તરફે વાલાઓના કેહેવા સાથ હું પુરતો એકમત થાઉં છઉં, માટે તમો સાહેબોએ તસદી લઈને આ નવ માણસો ઉપર "નાટ ગીલટી" નો અભીપરાએ પસાર કરવો.

જુરીએ આ ફરમાશ મુજબ "નાટ ગીલટી" નો અભીપરાએ આપયો અને એ નવે જણને છોડી મેલવામા આવયા.

ફરીઆદીની તરફની તપાસ આખર થવાથી હીઆં હવે બાકી રહેલા બંધવાઓ તરફથી બચાવ કરવાનું મી૦ આનસટીએ કામ ચલાવયું. તેનું ભાશણ હેઠલ આપીએ છઈએ—

મી૦ આનસટીનું ભાશણ.

જુરીના ગરહસથો—જારે તાજની તરફથી મી૦ ફરગયુસને તમારી આગળ ભાશણ કરવા માડયું, તારે તમોને ફરમાશ કીધી—અને ઘણી ઘટતી ફરમાશ કીધી—કે આ બાબત ઉપર જાહેરમાં જે કાંઈ બોલાયું ઈઆ લખાયું છે, અને અગત કરીને વરતમાન પતરોમાં બાહાર પડયું છે; જે તેના કેહેવા મુજબ આ ફરીઆદી અને તેને લગતા સબબો સામે એકતરફી વલાણથી બાહાર પડયું છે, તે સઘલું તમોને અગર કાંઈ પણ યાદ હોયતો તેની સઘલી યાદ તં

મારા મનમાંથી કાહાડી નાખવી; તારે હવે ગરહસથો, તમારી આગ ળ જે અદના શખ્સ ભાશણ કરવા ઉભોછે તેને પોતાને ખાતર નહી, પણ જે માહાભારત હક ઈલાકાઓનો તે બચાવ કરવા ઉભોછે તે હક ઈલાકાઓને ખાતર, તમોને અરજ કરવાને મને કેટલો વધારે વાજબી શબબ હોવો જોઈએ કે આ ફરીઆદી શરૂ થવા પછે વરતમાંન પત રોમાં જે કાંઇ જાહેર થઇછે તે દરએક બીના તમારા મનમાંથી દુર કરશો; અને બંધવાઓનો હીમાએતી જે તમારી આગળ આ વીવાદ ચલા વા ઉભોછે, તેને જે જે ઠઠા મશખરીના અથવા તીરસકારના અથ વા બીજા કોઈબી વીચારોનો ઘણોં અયોગીય વીશય બનાવામાં આવ યોછે, તેથી કરીને, તે પોતાના કુલો તરફથી પોતાની અદના શકતી મુ જબ જે જે દલીલો તમારાં અંતકરણ આગળ રજુ કરવા ચાહેછે તે ઉપરથી તમારૂં ધેઆંન તમે ખસેડવા નહી દેશો—કે જેમ કરવાને તેના ઉપરના એ હોમલાની વલાણ ખચીતજ છે, અને હેતુ પણ હ શેજ. બંધવાઓનો એ હીમાએતી, ગરહસથો, ખોટું શમજાવાની સ રવે કોશેશ તરફ ધીકારની નજરથી જોવાને શકતીવાન છે. પોતાના માનનો તે પોતેજ રખેવાલ છે, અને જેમ તેના ઉપર ચલાવેલી અથ વા ચલાવાને ધમકી આપેલી જાસતીને તે ધીકારી કાહાડેછે તેમજ તે ને લગતા એકતરફી અને જુઠા હેવાલોનેબી તે ધીકારી કાહાડેછે. પણ હવે, ગરહસથો, તે સઘલું ભુલી જજો, તમારા મગજમાંથી તે કાહાડી નાખજો અને આ બાબતમાં કોઈને પણ લગતા ખાશ વીચા રોથી તમારાં મગજ ઉપર દબાણ થવા નો દેતા; પણ આ મુકદમા ની અગતની અને મુખીઅ બીનાઓ ઉપર હું તમોને લઇ જાઉં, તાંહાં મારી સાથે ચાલજો. ગરહસથો, એક કોરટને અથવા એક શા ખસીને કહી સંભલાવતાં એક ધારાના હીમાએતીને કદી પણ મળયું નહી હોય એવું જે મોટામા મોટું અપમાન હું સમજુ છઉં, તેને વીશે મને નેઆએની ખુરશી ઉપરથી એવું કેહેવામા આવયુંછે કે એ અપમાંન મેં પોતે મારે માથે આણયુંછે. મને વળી પાછું એમજ કેહેવામા આવશે કે નહી તે હું જાણતો નથી, પણ તે વખતે મેં જે કાંઈ કહયું તેનું વાજબીપણું હું હમણા બતાવી આપવા માગું છ ઉં, કારણ કે તેમ કીધા વગર હું મારા આ ભાશણનો ખોલાસો ખો લલો કરી શકશ નહી. સાહેબો, જારે એક ફોજદારી ટંટામા ફરીઆ દીનો હીમાએતી અથવા એક દેવાંની ટંટામા વાદીનો હીમાએતી એ વું કેહેછે કે જે તેનાથી સાબેત કરી શકાતું નથી અને સાબેત કરતો પણ નથી, તારે અમે "બાર" મા બેઠેલાઓ એવું કહીએ છઈએ કે એતો શાખસી પુરેછે અથવા તે જે કાંઈ કેહેછે તેના ટેકામા તેનું તે કહે લુંજ માતર પુરાવો છે; અને હીંદુસતાનની આ બાજુના ધારાના હી

માએતીઓ હજીતો પોતે જે પુરવાર કરવાના હોય તે સઘલું જુરીની આગળ પેહેલેથી ખાલી કરી દેવાની ચાલને કેવા જલદીથી તાબે થા યછે, તે જોઈને મને હમેસાં અચરતી લાગેછે—ઘણી દુખ ભરેલી અચરતી લાગેછે. તેનું પરીનામ, ગરહસથો, એ નીપજેછે કે પોતે કહેલું પુરવાર કરવાને જો તેઓ નીશફળ થાયછે તો પછે શાખસીઓએ જે કાંઈ જુબાની આપી હોય તેને ધારાના હીમાએતીએ અને એકલા હીમાએતીનાજ કહેલાં ભાશણ સાથ ભેલી નાખવાની જે ભુલમાં હીમાએતીઓ ગોતાં ખાયછે, અને જે ભુલમાં હું પોતે એકથી વધારેવાર પડયો હતો, તેજ ભુલમાં જુરી નહી પડે તેની સંભાલ લેવાની બંધવાના હીમાએતીને માથે ફરજ આવી પડેછે. હવે, ગરહસથો, હું તમોને સાફ કહું છઉં કે તમારી આગળ શાખશી કાંઈજ પડી નથી. પેહેલાંતો જે માણસોને હમણાજ છોડી મેળયાછે, તેઓ વીશે કાંઈ શાખશો મળી નથી, તેથી કરોને ફરીઆદીના હીમાએતીએ જે કહયું હતું તેટલુંજ માતર તેઓની સામેની શાખશી જેવું છે, એ ઉપરથી મેં કરેલી ફરીઆદ ખરી પડેછે. બીજું, ગરહસથો, મીo ફરગયુસને તમોને એવું કહયું કે કુંવરજી પરાગજી અને જેકબ જમાલના વકીલે આ ફરીઆદી ચલાવાનું કાંમ શરૂઆતમાંજ છોડી દીધું અને પબલીક પરાસીકીઉટરે (સરકારી વકીલે) આગળ પડીને ફરીઆદી ચલાવો. પણ તેની શાખશી કાંહાં છે? શાખસીપરથી તો એવું નીકલી આવયુંછે કે ફરીઆદીનો વકીલ પોતેજ ફરીઆદી ચલાવાથી કદી અટકયો નથી, કેમકે જે વકીલોની પેહેડીમાં પબલીક પરાસીકીઉટર એક ભાગીઓ છે તેજ પેહેડીમાં તે વકીલ પણ ભાગીઓ છે, અને મીo બરાંઉને પોલીસ કોરટમાં પેહેલી જુબાંની નોધાવી તેની આગમચ તથા તે જુબાંની ઉપર સપત આપયા તેની પછે મુકદમો ચલાવામા કસો તફાવત રાખવામાં આવયો નહી, સીવાએ એટલોજ કે પેહેલે દાહાડે મીo બરાઉન પોતાનો વકીલ મીo આરઠર પીલની મારફતે હાજર થયો અને બીજે દાહાડે પબલીક પરાસીકીઉટરની તરફથી મીo ફરગયુસન હાજર થયો. એતો જે શાખશી તમારી આગળ પુડવાની હતી, પણ જે નથી પડી, તે વીશે થયું. મારો કાબેલ મીતર મીo સટારલીંગ કેહેછે કે એથી પણ વાત બગડેલો છે. તે કેહેછે કે એક દાહાડે મીo ફરગયુસન કુંવરજી અને જેકબની તરફથી હાજર થયા અને બીજે દાહાડે તેણે કોરટમા કહયું કે હું કાંઈ એ લોકો તરફથી હવે હાજર થયો નથી, પણ પબલીક પરાસીકીઉટરની ફરમાશથી હું આવયો છઉં. વળી, ગરહસથો, તમોને એવું કેહેવામા આવયું હતું કે "કંપાંઉંડના મોટા અને નાહના બારણામાથી કાંઈ સેંકડો પારસીઓ ધસી આવયા, તેઓએ મોટો પોકાર ઉડાવયો, અને હું તમારી

આગળ બેઆન કરૂં તેથી ઓછા વખતમા તેઓએ ચાલી અને તંબુ તોડી પાડયો, તેના દોરડાં કાપી નાખયાં, ચાલીના કકડાઓને અંહીં તંહી ઉરાડયા, તંબુના પોલને મીઉનોસીપાલ કચરા સાથ આતશમા બાલી નાખયા, બીછાંના અને ખુરસીઓને ઉંદાર પુંદાર કીધાં, મી૦ ડફીનું સઘલું ફરનીચર ભાંજી નાખયું અને તેના એક દગલાને ચીડી નાખયો." ગરહસથો, આ સઘલું તમોને કેહેવામા આવયું, તારપછે શાખસી શું પડીછે, તે તમે સાંભળીછે, અને હું તમોને પુછું છઉં કે એમાં સચાઈ કેટલી માલમ પડીછે? થોડાક પારસીઓ પેલાં નાહાનાં બારણામાથી ચાલીને આવીઆ તથા બીજા થોડાકો—મોટા દરવાજામાથી આવતાં તો કોઈએ દીઠા નથી—પણ તે તરફના મારગ ઉપરથી ચાલી આવીઆ તથા તે જગા ઉપરથી મળી આવેલાં, એ જગાને જબરીથી ધાઈ પડેલા શખસોના પોતાના હથીઆરો તેઓએ વાપરયાં, તથા તેબી પછવાડેથી નાશ પામેલા ચાલીનાજ સાટકા સાથ ૨૯ લાકડી, એક પહરાઈ, એક પાવરો અને એક કોહાડી માતર હતાં—એટલી સેજ બીના સીવાએ શાખસીમાથી સચાઈની એક રજકણ પણ મળી આવી નથી. આવી રીતે ફરીઆદીના બારીસટરના બોલેલાંને શાખસીથી ટેકો નહી મળે તારે તે બારીસટર પોતે શાખસી બનાવેછે એવું અમે કહીએ છઈએ અને એ ચાલ કેટલી ધાસતી ભરેલી છે, તે દેખાડવા માટે, હું તમને યાદ આપું છઉં કે મેં તમને આગળ કહયું તેમ, શાખસીઓને ઉલટ પાલટ તપાસતાં ભુલથી મેં એવા સવાલો પુછયા કે જે બાબે તે શાખસીઓ પોતાની પેહેલી જુબાંનીમા બોલેલા હું સમજીઓ હતો, પણ જે મારી "નોટ" તપાસતાં તથા મારા કાબેલ મીતરોને પુછતાં મને માલમ પડતું કે શાખસીઓ તે વીશે બોલેલા નહી હતા, પણ માતર ફરીઆદીના હીમાએતીએ તે વીશે પોતાની તરફથી કહેલું હતું. અને ગરહસથો, આ મુકદમા મધે ટીકા કરવા જોગ એવું તો બીજું ઘણું મળી આવેછે, પણ એથી વધારે અગતનું મારે બીજું ઘણું તમોને કેહેવાનું છે, માટે હું એ બાબતો ઉપર હવે ખુશીથી ખામોશી પકડું છઉં. હું હવે જે ટીકા કરવાનો છઉં તેથી હું મારાં સીર ઉપર વળી કાંઈ નવું હોરશ કે નહી અને તે વીશે મને ફરીથી કાંઈ નવાં અપમાન મળશે કે નહી તે બાબે હું નચીંતાઈથી બેદરકાર છઉં. હું કહું છઉં, ગરહસથો, કે એક બારીસટર જો પોતાની ફરજ સમજતો હોય, તે પોતાની તે ફરજ બજાવાની ધારણામાથી ઠઠા મશખરી ઈઆ ધાંધલથી કરીને કદી પાછો હટનાર નથી, પછે તેવી અંતની કોશેશ કરનાર ગમે તે હોય અથવા તે ગમે તેવે ઠેકાંણે થઈ હોય. ગરહસથો, બંધવાઓનો બચાવ—અથવા બરાબર બોલું તો ફરીઆદીનો મુકદમો અને બંધવાઓનો બચાવ—એક લેખે જો

ત્તાં એટલો હસવા સરખો અને મુરખાંઈ ભરેલો છે, કે એક જડજ અને જુરી તથા એક આવાં મોટાં "બાર" ને પોતાનો સઘલો ઉમંગ ફોકટ ગુમાવા માટે એવો કોઈ મુકદમો કોરટમાં આવયો નહી હશે. પણ વળી બીજી તરફથી જોતાં, અને અગત કરીને જુરી તરીકે જે અભીપરાએ આપવાને તમોને ફરમાવામા આવે અથવા ફરમાવા કરતાં સુચવણમાં આવે—કેમકે જુરીને ફરમાવાનો જડજને અખતીઆર નથી—તે તરફથી જોતાં, ગરહસથો, આ મુકદમો અતી મોટી અગતનું રૂપ પકડેછે, કેમકે તમે આ મુકદમાનો શેવટે જે અભીપરાએ આપશો તે હવે પછે સદાકાળ સુધી ઇઆતો પોલીસની ગેરઈનસાફી, જુલમાત અને જાસતીને ઉતેજન આપનારા એક દાખલા તરીકે નોધાશે અથવાતો પરજાના છુટાપણાને લગતા એક મોટા કાએદા સંબંધી હકના દાખલા તરીકે નોધાશે. તમારા અભીપરાએને એ બેમાથી કીઉં રૂપ આપવું તે કેહેવાનું કાંમ તમારૂં છે. એ નીપજ તમારા હાથમાં છે, અને તમારા હાથમાંની જે નીપજ તે ધારાની અને સચાઈની નીપજ છે. હું જાંણું છઉં કે આપણ જે "સુધરેલાઓ" (કમીઉનો) વચે જીવીએ છઇએ તેઓએ જે ચીજ સઉથી સરસ રીતે જાણવી જોઈએ તે ચીજ વીશે પોતાનું હેવાનની ખશલતનું અગ્નાનપણું દેખાડવા સારૂં તેઓ તે સઘલાંને તુછકારવાનું ડોલ ઘાલેછે. એ વીસે હું મારી પોતાની સતા માનવા હું તમોને કેહેતો નથી; પણ હું મોટા લારડ અરસકીનના શબદો તમારી આગળ કહી સંભલાવશ, કે જારે તે પણ એક બારીસટર હતો અને તેને સાંભળવાને જાજા ખુશી નહી એવા "બેંચ" આગળ તે બોલતો હતો, તારે "રાજા અને સેંટ અસફના ડીન" વચેના મુકદમા મધે નવેસરથી તપાસ કરવાના હુકમનામાની તરફેણ કરતાં જુરીઓના હક બાબે આપેલાં વખણાયલાં ભાશણમાં (કે જે ભાશણ લારડ અરસકીનનાં ભાશણોને સફે ૧૬૯ મે આપેલું છે તે) માં તે આ પરમાંણે બોલયો હતો કે—

"ઈંગરેજી ધારો જે પેહેલા મુળ કાનુનોથી જણાયલો અને વખાણાયલો કે તે મુકરર કરવા માટે, એ ધારાના બંધનની પેહેલી તવારીખ અને અસલ તતવોની તપાસ ઉપર ઇંગરેજી ઈનસાફની એક અદાલતમા આપણને ધસડાઇ જવું પડે એ સાધારણ નથી. આપણા ધારાના એ મુળ કાનુનો તો હમેશ ખરાં દાખલ બાહાલ રેહેછે, અને વીદોઆના કાનુનોની મીશાલે તેમને પણ પુરવાર કરવા વગર તકરારના આધાર તરીકે તેમને પકડવામા આવેછે. એજ પરમાણે, ધારાના ફરમાનો મુજબ શેવટના ચુકાદાને માટે જે સવાલ પોતાની આગળ આવે તેવા દરએક સવાલ ઉપર ફડચો આપવાના એક ઇંગરેજ જુરીના હક વીશે પણ ઘણી સદીઓ સુધી આપણા વડવાઓ પણ સમજતા આવયા હશે, કેમકે જોકે કદીમ જમાનાથી તે જુરીઓ આ વડી સતાને વાપરતી આ

વીછે, તોપણ તેની સામે કદીબી શખુન ઉઠાવયો હોય એવી અસલી કેતાબોમાં કાંઈ પણ શાહાદત આપણને મળી આવતી નથી. પોતાની આગળ થઈ ગયલાઓના આગલા ચુકાદાની કશી પણ સનદ વગર, તાજ તરફથી મલેલાં કાંઇ પણ નવા હુકમ વગર અથવા ધારા બાંધનારાઓ તરફથી ઈનસાફ કરવાની પોતાની સતામાં કાંઈ પણ નવો વધારો થવા વગર, નેઆએધીસોએ જુરરોના હક અને એખતીઆરો ઉપર અસલી વખતમા કદી નહી જણાયલી તથા જુરીના ખાતાંની નેમ અને મતલબનો ઉંધાડી રીતે નાશ કરનારી એવી હદ નાખવાની કોશેશ કરેલી, તે વાતને ખુદ ધારાના પુરાતન જમાના સાથ સરખાવતાં જાણે કે તે ગઇ કાલનુંજ બનેલું છે. જારે વેસટમીનસટર ખાતેની કોરટોને તેમના હાલના આકારમા પેહેલ વેહેલી સથાપી હતી, અને જારે પરજાના સુધારા તથા વેપારે ઇનસાફના વધારે ગુચવાડા ભરેલા સવાલો ઉભા કીધા તથા દાખલ કીધા તારે દેવાંની મુકદમાંઓના ઈનસાફને લગતી સતા પોતે પોતાની હદમા વધારો કરવા વના રહી શકીજ નથી. એક મંડળીની સુધરેલી હાલતમાં મીલકતને લગતા કાયદા રેહતાં રેહતાં અભણ આલમની નેગાહની હદ બાહેર વધી ગયા, અને કેટલાક જાણીતા આંકોશો સંબંધી તો તે કાયદા બેશક જડજની મરજીને માથે આવી પડયા; તોપણ નારમન ભાશા જેથી લોકો તદન અણજાના હતા, તે ભાશામા ઇનસાફને લગતું સઘલું કામ ચલાવાની હીકમત લાગુ પાડવાથી તેને લીધે લોકોની રાજીખુશીને બદલે જરૂરની ફરજીઆતથી તેમ વધારે કરવું પડયું હતું. કોરટના કામ મધે ચાલતા એ ફેરફારોમાં, કદીમ વખતથી ચાલતો આવેલો રેવાજ અને ધારા બાંધનારાઓએ સદા આપેલી પસંદગી, એજ માતર પુરાવા છે કે જે ઇંગરેજી ધારાના ખરાં કાનુનો ઉપર કોરટની સતાની હદ મુકરર કરી આપેછે તથા અસલી રીતીઓથી તે હદનો વીસતાર માપી આપેછે. પણ ફોજદારી અપરાધોની તપાસ ચલાવાના પરજાને જાંણીતાં કાંમકાજમાં એ પરમાણે કાંઇ પણ ફેરફાર ઇઆ ઘટાડો કરવાના એવા કાંઈ પણ પુરાવા મળતા નથી; તેથી ઉલટું ફોજદારી અપરાધોની તપાશના કામને તેની અસલ હાલતમાં બચાવી રાખવાની આપણા વડવાઓની રકજીકથી આપણી તવારીખનો દરએક સફો ભરેલોછે. મીલકતને લગતો ધારો નવા સબબોસર ફેરવાતો જાયછે અને તેનું રાજ જેમ વધતું જાય તેમ તે ગુચવાડા ભરેલો થતો જાયછે; પણ ફોજદારી ગુનાહ તો હંમેશ તપાસને માટે જેવાને તેવા સેહલ રેહેવા જોઇએ; તેમની તપાસમાં માતર તકસીરવારની ધારણાજ તપાસવાની હોયછે; રાજકરતાઓની રાજનીતીથી જેમ તે અપરાધો વધારે ફેલાતા જાયછે, તેમ ફોજદારી ઇનસાફનો તમામ કારોબાર લોકોએ પોતાને હસતક બચાવી રાખવા ઉપર પરજાના છુટાપણાનો વધારે આધાર રેહેછે. બે ખાનગી શખસો વચે જારે મીલકતનો સવાલ હોયછે, તારે બેમાના એકની ચાલ વધારે પસંદ કરવાને તાજની (ઇનસાફની) મતલબ કાંઈ નથી; પણ એક સરકાર ધારાના તાબામાંથી પોતાને મોકલી કરવા માંગતી હોય, તેવી એક સરકારની સાંમે જો તે બેહુ શખસો જાહેર છુટાપણાની એક લડાઈ અપસ અપસમા લડીને બાહેર પડયા હોયતો ઇનસાનીએત અને ઇનસાફના દરએક કાનુનને ધીકારથી તોડીને તે બંને જણાઓને

કચડી નાખવામાં તાજને ઘણો ઈલાકો હોયછે. ' જુદાં જુદાં અથવા પોતાના દેશની પરજાઓની થોડીખી તવારીખથી જાંણીતો કોઈ શખશ કબુલ કરવાને ના નહી પાડશે કે ફોજદારી ઈનશાફનો કારોબાર અગરજો તાજ અથવા તેના નેઆએચીશોના હાથમાં રેહેવા દીધો હોય, તો સરકાર વખતે વખ તની પોતાની સગવડ ઇચ્આ રાજનીતી મુજબ જે થોડું કે ઘણું છુટાપણું આપવા ચાહે તેથી વધારે છુટાપણું હઈઆતી ભોગવી સકે નહી."

હવે, ગરહસથો, આપણી હાલની હાલતમાં એવું કાંઈ પણ તમે દેખાડશો કે જેથી જુરીની તપાસના પુરાતનપણા અને અગત બાબે ના ઉપલા વચનોને આપણ રદ કરી શકીએ ? આપખુદ અને ફાંટા ખોરી સરકાર અને રાજકારોબાર સામે એકલો બાકી રહેલો અટકા વજ એ છે. ગરહસથો, હું કેહેવાને દલગીર છઉં કે એ અટકાવ ત રફ વાજબીપણે બેપરવા થઈ શકીએ એવું આપણી હાલતમાં કસું જ ણાતું નથી. હાઈ કોરટમાં ફોજદારી ટંટાની અપીલની વખતે થોડાજ મહીના ઉપર જે ચુકાદો આપવામાં આવયોછે, તે એવી મતલબનો છે કે ગેરઈનસાફને થતો સુધારવા અથવા બરાબર બોલુંતો અટકાવા નો વખત માતર તપાસનો જે વખત તેજ છે. અગરજો જુરી પોતાના અભીપરાએથી ઈનસાફ કરવામા નીશફળ થાયતો બંધવાઓને અપી લ કરવાની સતા નથી—તેઓ ભરૂસો રાખવા માંગતા હોય એવા શબદોની તફસીલ તેઓથી રજુ કરાય નહી—મુફસીલમાં એક બંધવા ને જેટલો એખતીઆર છે, તેટલો પણ તેને હીઆં નથી—ખચીત તેના સરખા બંધવાને ઈંગલંડમાં જેટલો એખતીઆર છે તેટલોતો મુદલજ નથી. એટલા માટે એવું ઠરયું કે જે તપાસ થઈ ગઈ તે થ વા પછે તેના તરફ ફરી નજર કરવી અથવા જે થઈ ગયું તે ઉપર સ વાલ ઉઠાવવો એ ઘણું અસુરૂંછે. અને જડજોના કેહેવા મુજબ આ ઈલાકાનો બલકે સઘલા ઈલાકાના શેહેરોનો એ ધારો એટલોબધો અને એવો ખોલલો છે કે અગર એક જડજ ગમે એટલી આડી ચાલ ચલાવે, પણ જો તે ચાલ તેની નોધમા અથવા મુકદમાની મજકુર મા જણાવેલી નહી હોય, તો તેણે શું કીધું તે બાબે સવાલ ઉઠાવા અથવા તેવી ભુલથી ઇચ્આ ભુલ વગર થયલી ગુનાહની બોટી સાબે તીને રદ કરવાને હાઈ કોરટ પાસે કાંઈ સતા નથી. એટલા ઉપરથી, ગરહસથો, આ "બાર" મા ઉભેલા બંધવાઓની તરફથી હું તમોને અરજ કરવા ઉભો છઉં, અને આ મુકદમા મધેના ધારાના તેમજ સાચી હકીકતના સઘલા સવાલો હું તમોનેજ સોંપવા માગું છઉં. આ મુકદમાના વરણનમા જેમ હું આગલ ચાલતો જવશ તેમ તે વરણન માહેલી દરએક બીના ઉપર લાગુ પડતા જે હું મુકરર થઈ ચુકેલા ધારાના કાનુનો સમજું છઉં તે હું તમોને સમજાવતો જવ

શ. અને તે સરવેની સેવટે હું મારા કુલો તરફથી તમોને અરજ કરશ કે તેમને માટે "નાટગીલટી" નો અલીપરાએ તમે પસાર કરવો, કેમકે જો તમે તેમને બેગુનાહ ઠરાવો તો પછે તેમને છોડી મેલવા સીવાએ બીજો કસો દીરગ રેહેશે નહી.

(કોરટે ટીફીન લીધા પછે ભાશણ પાછું ચાલયું).

ગરહસથો, મારાં કુલ પેહેલાં ૪૨ હતાં; હવે તેમની શંખયા ઘટીને ૩૫ ની થઈછે. તે અસલ ૪૨ માના ૭ જણને તમે નામદાર જડજની ફરમાશથી છોડી મેલયાછે. બાકીના ૩૫ બંધવાઓ જે છુટી ગયા નથી, પણ જેઓ આ મુકદમો સમાપત થવા આગમચ સઘલા છુટી જશે એવી મને આશા છે, તેઓમાના ૭ ની તરફથી મારો કાબેલ મીતર મી૦ સટારલીંગ અને હું પોતે હાજર થયો છઉં. બીજા ૨૮ જણાઓ તરફથી હું અને મારા કાબેલ મીતર મી૦ ફીરોજશાહ મેહેતા હાજર છે. મુંબઈના "બાર" ના વડા અધીકારી તરીકે અને એ દરજો ઘણા વરશ શુધી ભોગવનાર તરીકે હું કહું છઉં કે મારા આ બે કાબેલ "જુનીઅરો" (નાહના બારીસટરો) જેઓમાનો એક "બાર" મા મોટો મરતબો મેલવી ચુકયોછે અને બીજો આવતા વખતમા નામદારી મેલવવાની મોટી આશાના તબકા ઉપર ચઢી ચુકયોછે, તેઓની કીમતી, કાબેલીઅત ભરેલી અને અથાગ મદદ જો મને નહી મલી હતે, તો બંધવાઓનો મુકદમો આનજદીને તમારી આગળ હું જેવી રીતે મુકવાની ઉમેદ રાખું છઉં, તેવી રીતે મુકવાને હું શકતીવાન થતે નહી. બાકીના બંધવાઓમાના એકનો બચાવ મારા કાબેલ મીતરો મીશીઅરસ મેહયુ અને માનસફીલડ ચલાવેછે, જે છેલો હીમાએતી મી૦ જાકસનની બદલીએ આવયોછે કેમકે તે માદગીને લીધે પાછળથી આ મુકદમા મધે હાજર થઈ શકીઓ નથી. બીજા બંધવાઓ જેમને મીશીઅરસ બરાનસન અને લીઠ બચાવેછે, તેમાના બે છુટી ગયાછે અને બાકીનાઓનો બચાવ એ કાબેલ ગરહસથોના હાથમાં છે. જે બંધવાઓનો હું બચાવ કરતો નથી, તેઓ વીશે બનતાં સુધી કોઈ કદાચ, પણ ઘણી જરૂર પડશે તોજ હું એસારો કરશ; પણ તેમનો બચાવ તેમના હીમાએતીઓ પુરતી રીતે તમારી આગળ રજુ કરશે. એટલા માટે અગરજો મારાં ભાશણમાં ના૦ ૨ જા વાલા અને બીજા બંધવાઓ વીશે હું ખામોશી પકડતો માલમ પડું તો તેનું ખરૂં કારણ જે મેં કહયુંછે, તેજ ધેઆંનમાં રાખજો. હવે મારા કુલની તરફેણમાં પેહેલો સવાલ આ ઉભો થાયછે. તેઓને કાંએ નહી છોડી મેળયા ? જવાબ એ છે કે તેમને ઓળખાવામાં આવયાછે, તે એવા માણસોએ ઓળખાવયાછે કે જે માણસોએ ડુંગરની ઉપર ૨૫ જણા

ઓને ઓળખાવયા, પણ પોલીસ કોરટમાં તેમની સામે તોહોમતનું એક ઓઠું વટીક માલમ નહી પડવાથી તે સઘલા ૨૫ જણને તાંહાંથીજ છોડી મેળવામાં આવયા; બીજું જે માણસોએ ૯ જણાઓને એવા ઓળખાવયા કે જેમને તમો સાહેબોએ આજે હીઆંજ છોડી મેળયાછે; અને તરીજું જે માણસોએ આ બખેડાની જગા ઉપર ચોકસ શંખ્યાને ઓળખાવી—તે શંખયા કેટલી તે મી૦ સુટર કહી શકનો નથી—જે શંખયાને કેદ કરવા માટે ઓળખાવી હતી, પણ જેને પાછળથી જતી મેળવાની ફરજ પડી હતી, કેમકે મી૦ સુટરના કેહેવા પરમાંણે પણ તેઓને બેડીમાં નાખીને પોલીસ કોરટમાં લઈ જવા માટે પુરતું કારણ નહી હતું. બેહુ કોરટોમા મલીને ચોતરીસ બંધવાઓ છુટી ગયાછે, અને એક બીજી બેમાલુમ શંખયા—તે ૧૦, ૨૦, ૪૦ ઈઆ તેથીબી વધારે હોય—તે શંખયાને મી૦ સુટરે છોડી દીધીછે. હવે સાદી અકલના માણસ તરીકે હું તમોને પુછું છઉં કે ઓલખાણ કરાવનારી એવી શાખશી ઉપર, ફરીઆદી તરફના સાહેદોએ જે ભારી અને ભય ભરેલી લુલો કરીછે, તેવા સાહેદોના ઓલખાવા ઉપરથી શું તમે એક કુતરાને વટીક ગુનેહગાર ઠરાવી શકશો ? એ એક મોતેબર બીના તપાસવાની છે. અને હું તમોંને અરજ કરૂં છઉં કે આ મુકદમા ઉપર વીચાર કરતાં એ બીનાને તમો સારી રવેસે ધેઆનમાં રાખજો. બીજી એક બીના આ છે. પોલીસ કોરટમા મી૦ માકડરમાટે બંધવાઓની ચોકસ શંખયાને ઓલખાવાનું ગુમાન બતાવયું, પણ આ કોરટમા તેમને ફરીથી ઓલખવાને તે અશકત માલમ પડયોછે. બંધવા ના૦ ૪ થાને તેણે તાંહાં ઓલખાવયો અને હીઆં નહી ઓલખાવયો. બંધવા ના૦ ૧૦ માને તેણે પોલીસ કોરટમા ઓલખાવયો પણ હીઆં તેને ઓલખાવામા નીશફલ થયો, તો જો કે એ બંને જણ આ કોરટમાં તેની નજરની આગલ ઉભેલા હતા. લખશમણ વીસરામ, જે હું ધારૂં છઉં કે આ શાખશી તોહોમતનો જીવ અને જીવણગાલો છે, અને જેને વીશે હજી પછે મને ઘણું બોલવાનું છે, તેણે બંધવાઓને પકડવાના બનાવો તથા જગા એ બંને વીશે પોલીસ કોરટમાં ફરીથી અને ફરીથી પોતાને ખોટો પાડયા કીધો હતો. જેઓને કંપાઉંડની બાહેર ડુંગર ઉપર પકડયા હતા તેઓને મી૦ સુટરના આવયાની આગમચ ઈઆ પાછલ પકડયા હશે, પણ બેશક જેઓને કંપાઉંડની અંદર પકડયા તેતો સઘલાને મી૦ સુટરના આવયા પછેજ પકડયાછે. વળી જમાદાર લખશમને પોલીસ કોરટમાં ૧૧ જણને ઓલખાવયા—જેઓમાના ૯ જણ ના૦ ૫, ૮, ૨૦, ૨૧, ૨૫, ૩૮, ૩૯, ૪૧ અને

૪૨ માં હતા, અને જેઓમાના બીજા બે જણા ના૦ ૪૬ અને ૯ માં ને તમે ફરીઆદીના પંજામાથી આજે છોડયાછે. પણ તેઓને એજ જમાદાર હીઆં ઓળખાવી શકયો નથી; જે ભુલનો જાણે ખંગ વાલી આપવાનો હોય તેમ તેણે બીજા ચાર માણસોને અતરે ઓલખાવયાછે, કે જેઓની તેણે પોલીસ કોરટમા કસી ઓલખ આપી નહી હતી—તેઓ ના૦ ૧૫, ૨૮, ૪૪, અને ૩ વાલા છે. એજ પરમાણે વળી ભવાની હવાલદારે પોલીસ કોરટમાં છેક ૧૯ બંધવાને ઓલખાવયા હતા; તેઓ ના૦ ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૩, ૨૭, ૨૮, ૩૧, ૩૩, ૩૮, ૧૧, ૨૨, ૩૫, ૪૦, ૪૫, ૪૯, અને ૫૦ મા હતા; અને આ કોરટમા તેણે બીજા બે ના૦ ૧૮ અને ૨૦ વધારે ઓળખાવયાછે—જેઓને તે પોલીસમા ઓળખી શકયો નહી હતો—તો જોકે તે સઘલા જણ જેમ પોલીસમા તેમજ ડુંગર ઉપર તેની આગળ અને તેની આંખ આગળ હતા. વળી ૭૭૯ D નંબર વાલા પોલીસના સીપાઇએ અતરે આ કોરટમા નહી પણ પોલીસમાં બે બંધવા ના૦ ૩૭ અને ૪૦ વાલાને ઓલખાવયા; તથા તેના ભાઇબંધ સીપાઇએ હીઆં નહી પણ તાંહાં ના૦ ૪૫ માને ઓલખાવયો, તેની જગા અતરે ના૦ ૪૯ માને દેખાડીને તેણે પુરો આપી. હું હીઆં જ કહી શકશ કે પેલો ખંધારી, જે પોતે કુવરજી પરાગજીનો નોકર તરીકે પોતાને જણાવેછે અને તેથી જે ઘણી ડુંગર ઉપરની ચાલીમા રેહતો હતો, તેણે કોઇને ઓળખાવયો નથી; અને જોકે હું તેને વીશે એસારો કરવાને ખુશી નથી તોપણ મારે કેહેવું જોઇએ કે તેણે હીઆં કોઇને નહી ઓળખાવવા છતાં, મી૦ ઇનવરારીટીના સવાલને તેણે આપેલા જવાબ ઉપરથી માલમ પડેછે કે તેણે પણ પોલીસ કોરટમા એક ઇઆ વધારે આદમીઓને ઓળખાવયા હતા. અતરે તે સાફ બોલયોછે કે હું કોઇને ઓળખી શકતો નથી અને વળી તેણે કહયું કે પેલો જમાદાર—જેની સારી આબરૂ વીશે મી૦ સુટરે શાખસી આપીછે—તેણે આ શાખસી ઉપર જુલમ ચલાવી માજીસતરેટ આગળ ચોકસ બંધવાને ઓલખાવાની ફરજ પાડી હતી. જમાદાર અને આ શાખશી વચે શું વાત ચાલી હશે તેનું તતવ હું તમારી આગળ અટકલથી કહી શકશ. ખંધારી જમાદારને કેહેછે—"આપણને હજી એક બીજો બંધવો જોઇએછે; જો તુંને ઓળખાવા ગમતો હોયતો તું ઓળખાવજે, પણ જો તું નહી ઓળખાવશે તો તું તે પેલો (પેલાના જેવો) થશે અને તુંને ચોકીમા જવું પડશે." એ ઉપરથી ખંધારી કેહેછે કે "મેં કોઇએક જણને ઓળખાવયો" તોએ પણ આ વાતમાં શક નથી કે ચોકસ બંધવાઓની બાબતમા આ શાખસીની સેવા તદન નકામી ગઇ નથી. એક ચાલાક જુરી તરીકે—અને

તમોએ શાખસીઓને પુછેલા કીમતી સવાલો ઉપરથી હું ધારૂં છઉં કે મારી આખી જીંદગીમાં મેં જે જુરીઓ આગળ ભાશણો કરેલાં તેમા તમો સઉથી ચાલાક જુરી છો—તે તરીકે હું તમોને તમારા મનમાં જે સવાલ પુછવા કહું છઉં તે એટલોજ છે કે જારે પેહેલાં પકડેલામાના માતર આટલા થોડા ઓલખાવયાછે અને તેબી હેરફેર તથા ભેલસેલ રીતે ઓળખાવયાછે, તારે એ બાકીનાઓની ઓળખ વાંધા ભરેલી છે એ શું માનવા જોગ નથી? મારો કાબેલ મીતર મી૦ સટારલીંગ મને કેહેછે કે સઘલા મલીને ૪૪ બંધવાઓ છુટી ગયાછે, જેઓને મુકદમાની શરૂઆતથી આ સુધા ને સાચા પોલીસવાલાઓએ જોખમમા નાખયા હતા—અથવા બીજી રીતે બોલીએતો ગયા સોમવારને દીને તોહોમત મેળીને હીઆં ઉભા કરેલામાના અડધોઅરધ કરતાં ઘણા વધારે તથા માજીસટરેટ આગળ ઉભા કરેલામાના લગભગ અડધા અરધ બંધવાઓ છુટી ગયાછે. પણ એટલુંજ નથી. પોલીસ કોરટમાં તેઓની ઓળખ કેમ થઇ તેના બે અછાં કારણો છે, જેમાનું એક એકે બંધવાઓને પકડવા આગમચ તેઓમાના એકેએક જણને શાખસીઓ પીછાણુતા હતા. એ ટીકામાંથી મી૦ સુટર એકલો બાદ થાયછે, અને મને કાંઇ શક નથી કે તેણે જેઓને ડુંગર ઉપર જોયા તેમનેજ હીઆં ઓળખાવયા હશે. પણ ઓળખાવાની બાબતમાં અગત કરીને જારે મનની વલાણ એકતરફ જોંક ખાધેલી હોયછે, તારે લોકો પોતે પોતાને ઠગેછે અને તે વખતે તેઓમાં સચાઇ રેહતી નથી. એજ મીશાલે મી૦ સુટરે પોતે પોતાને ઠગયો હોય અને તેથી મી૦ સુટરમાં સચાઇ રહી નહી હોય. બંધવાઓને ફેરબદલી કરી બેસાડવા પછે એકબી શાખશી તેમને ઓળખાવામાં પોલીસ કોરટની બરોબર અંતરે ઉતરયો નથી, એ સીધાંતમાંથી એકલો મી૦ સુટરજ બાદ થાયછે. બાકી દરએક શાખસી ઓળખાવામાં ફસી ગયોછે. તેઓએ ઘણાં ભોલાપણાથી મને કહયુંછે કે જાંહાંસુધી બંધવાઓને તેમના બરાબર નંબર પરમાંણેના અણુક્રમમાં બેસાડયા હતા, અને જેમ માજીસટરેટની આગળ તેજ મીશાલે હીઆં ગોઠવયા હતા, તાંહાંસુધી એ શાખશીઓ ઓળખવાને શકતીવાન હતા, પણ જારે ઉલટ પુલટ ફેરવીને બેસાડયા તારે તેઓ તેમને ઓલખી શકયા નથી. બંધવાઓને ઓળખી નહી શકવાનું બીજું કારણ જે આ શાખસીઓએ બતાવયું તે એ છે કે અગરજો એક જણને મેલાં કપડાંમાં ઓળખયો હોય અને પછે બીજે દીને તે મેલો પોશાક રદ કરી ધોતાં કપડાં બદલે તો તેને ઓલખવાનું બની શકે નહી. બંધવાઓને ઓલખાવામા એનું નામ કે પોલીસનો અનુભવ, અને ડીગાના કુટુંબને જેહેર દેવાના મુકદમા મધે પોલીસના "ડીટેકટીવો"

એ-જે કીમતી ઘોટાંલો વાલયોછે, તે ઉપરથી તમો વીચારી શકશો કે મુંબઈના "ડીરેકટોવો" ની આબરૂં શું છે. હું મારી અજ માશ ઉપરથી એટલુંજ કહું છઉં કે દુનીઆના બીજા ભાગો ખાને પોલીસના "ડીરેકટોવો" એવા નથી હોતા. બંધવાઓને ઓલખા વા સંબંધી નીસફલતામાથી મી૦ સુટર બાદ છે, તે હું કહી ચુકયો છઉં. તેણે પોતે શાખશી આપીછે કે તા૦ ૪ થી અપરેલ પછેજ તે આ બંધવાઓને ઓલખેછે, અને તે પછે તેમને ઓલખવાનું જારી રાખ્યાથી તથા આજે તેમને તેમનાં નંબર પરમાણેના અણુ કરમમા બેઠેલા જોવાથી મી૦ સુટરે તેમને આજે ઓલખાવયાછે. પ ણ ઓલખાવાની બાબતમા બીજા શાખશીઓના બોલવાની મતલ બ આ પરમાણે છેઃ—કે તેઓ એમાના જે ઘણાખરાઓને આગલ ઓલખતા હતા, તેમને તેઓએ ઘણી સેહેલાઈથી ઓલખાવયાછે. મારૂં પેહેલું કુલ, બંધવો ના૦ ૧ એજ વરગમાનો છે, કેમકે તે તરે હવાર ચીજોને વેચવાનો મોટો ધંધો ચલાવેછે, અને આ શાખસી ઓના કેહેવા મુજબ તેનું એક મોટું દુકાન (પીઠું) છે, અને મારો કાબેલ મીતર મી૦ સટારલીંગ કેહેછે તેમ આ શાખશીઓ તેહના તે દુકાનના આસરો આપનારાં ઘરાક હશે. ફેરબદલ કરી બેસાડવા પ છે શાખસીઓએ કોઈને પણ ઓલખાવયા એ જેટલું અજાએબ જે વું છે, તેના કરતાં વધારે અજાએબ જેવું એ છે કે તેઓએ નાહાની શંખયાને ઓલખાવી છે. હવે આટલી શાહાદત ઉપરથી, આ મુ કદમો કાંઈજ નહી પણ એક પોલીસનો ઉભો કરેલો મુકદમો છે. એ મુકદમાની તફસીલ હું તમોને કહી સંભળાવશ, પણ મા રો આખો બચાવ તમોને સંભળાવયા પછે, બંધવાઓના છુ ટકારાની તરફેણમાં જે શાખશી બોલાવા પડે તેમને રજુ કર વાનો સઘલો હક હું મારે માટે રાખું છઉં. મને જે શા ખસી બોલાવવા પડે, તેઓ જે કાંઈ કેહેવાનાછે, તે તમોને હમ ણાજ કેહેવાની મારે મેહેનત લેવી જરૂરની નથી; કેમકે મારે જે કાંઈ કેહેવુંછે તે સઘલું સાંભળવા પછે, મારી ખાતરી છે કે આ બં ધવાઓને છોડી મેળવામા તમોને કશી મુશકેલી માલમ પડનાર નથી. ફરીઆદી તરફના શાખશી ઉપરથી મુકદમો જેમ માલમ પડયોછે તે એ છે કે ઘણાખરા બંધવાઓ પારસીઓ છે. પારસીઓ આતશની પરશતેશ કરનારા છે, તથા પોતાના મુવેલાંઓને ખોલાં મેળેછે, તથા ગુજરી જનારાઓના રૂહને માટે બંદગી કરેછે તથા તે સઘળાને માટે આતશબેહેરાંમો અને દોખમાંઓ બાંધેલાંછે, જે સઘલાં પવીતર છે. અને એ સઘલાં મકાંનોનો બચાવ કરવા માટે—હું ૧૮૫૬ ના શા લથી દુર જતો નથી—હીંદુસતાંનના ધારા બાંધનારાઓએ એક ધારો

પસાર કરયોછે, કે જેમા આ પવીતર મકાંનોમાં ચઢી જવાની મના ક રેલીછે, એટલુંજ નહીં પણ એવી રીતે કાયદો તોડનારાઓને માટે તેમાં શખત શાખસા ફરમાવેલીછે. આપણા તેહેવારો અને જશનોની કોરટો ઈનસાફની રૂહે ઘટતી ખબર રાખેછે, તે આપણ સરવે જાણીએ છઈએ. પારસીઓના પવીતર પુસતક જંદ અવસતા વીશે સપીગલની કેતાબની સઉથી છેલી આવરૂતી મુજબ, દરએક મહીનામાં પવીતર જશનોની ચોકસ શંખ્યા થાયછે, અને જે દાહાડાનું નામ મહીનાના નામ ઉપરથી લીધું હોય તે દાહાડો તે મહીનામાં સઉથી પવીતર ગણાયછે. જારે શાખસીઓને પુછવામાં આવયું તારે સઘલાઓએ કસી યાદદાસત નહીં દેખાડી કે ગઈ તા૦ ૪ થી એપરેલનો દાહાડો તે મહીનામા પારસીઓનો એક સઉથી પવીતર દીન હતો. તમો સાહેબોને માતર પંચાંગમા જોવાથીંજ માલમ પડશે કે પારસી માહા સાતમાનો રોજ ૧૬ મો તા૦ ૪ થી એપરેલે પડયોછે અને તે દીવશને મેહેર કેહેછે તથા તે મહીનાનું નામ પણ મેહેર છે, અને તેથી કરીને તે દાહાડો તે આખા મહીનામા મોટાં પાક જશનનો છે. પણ તે જશનનો દીવસ હોવા ઉપરાંત વળી તે દાહાડો પાએદસતનો નહી હતો અથવા તે દાહાડે એક પણ પાએદસત તાંહાં આવી નહી હતી, એવું કેહેવાને પોલીસવાલા શાખસીઓ નીશફળ થયાછે. તેઓ કાંએ નીશફળ થયા, તે હું કહી શકતો નથી, કેમકે આ વાતમા તો કસો શક નથી કે પોલીસની પેલી નાહાની સવાલ જવાબની ચોપડીમા ફરમાવેલુંછે કે દરએક પોલીસ સુપરીનટેનડંટના જીલા મધે ૨૪ કલાકમાં જે કાંઈ બનયું હોય તે, તેમાંના લગન અને મરણ સુધાંનો તેણે રીપોરટ કરવો, ઈતીઆદી. વળી તે દીવસની છેક બામદાદથી સઘલી વાત તમારા સાંભળવામા આવીછે, અને તે મોસમ ગરમીની હોવાથી જે લોકોની ફરજ તેમને આ પવીતર મકાન ઉપર લઈ જાય તેઓ તાંહાં સુરજ ઉગવાના વખતથી તે ૭, ૮, ઈઆં ૯ વાગતા સુધીમાંજ તાંહાં જાય અને તડકો માથે ચહડવા આગમચ પોતાનું કામ પુરૂં કરીને જલદી પાછા ફરે એ અલબતાં માનવા જોગ છે. તે દીને તાંહાં ગયલી પોલીસમાથી એક જણ સહવારના છેક ૪ વાગતેનો ગયલો હતો, બીજો ૮॥ વાગતે ગયો હતો અને બીજા બે તરણ જણ તેજ વખતે અથવા તારપછે જરાવાર રહીને તાંહાં ઉપર ગયા હતા. અને તેંજ વખતે જમાદાર જઈ પુગો તે વેળા દોખમાની અંદર ધરમ સંબંધી કારણોને માટે ભેગા મળેલા કેટલાક પારસીઓને તેણે જોયા. મી૦ માકડરમાટ એવું જે કેહેછે કે તેણે તે તરફ નજર કીધી અને પોતે પાઆ માઈલ દુર હોવા છતાં તેણે જોયું કે દરએક જણના હાથમા છતરી નહી પણ લાકડીઓ હતી, એ સઘલી વાતને હું મુ

કી દઉં છઉં. મી૦ માકડરમાટની આંખ ઘણી તેજી હશે, પણ તેને પાઆ માઈલ ઉપરથી એટલું શરશ કેમ દેખાયું કે તે લાકડી અને છતરી વચેનો બારીક તફાવત સોગંદ ખાઇને કહી શકયો એ શોધી કાહાડવાનું કામ તમો સાહેબોનું છે. મી૦ માકડરમાટ કેહે છે કે દોખમના કંપાઉંડની અંદર આ સઘલા પારસીઓ ઉભેલા હતા, અને મી૦ સુપરીનટેનડંટ બરાઉન કેહેછે કે તેઓ સઘલા બેઠેલા હતા. જમાદારની શાખસી ઉપરથી એવું માલમ પડેછે કે આં બેહુ શાખશીઓ એકજ જગા ઉપર એકઠા હતા, અને તેઓએ પેલાં માણસોને એકજ વખતે દીઠાં હતાં. આજે સહવારના ડુંગર ઉપરની જગા જોવાને જુરી તથા કોરટ સાથ જવાને હું અશકત હતો, પણ મને ખબર પડીછે કે તાંહાં વળી એક બીજી લુલથાપ ખાધામા આવીછે. જાંહાંથી ઉભા રહીને દોખમાના કંપાઉંડની અંદર નજર કીધી તે જગા દાખલ મી૦ માકડરમાટે એક જગા દેખાડી, મી૦ બરાંઉને તેથી વધારે દુરની જગા દેખાડી, અને તોપણ જમાદારે એવું કહયું કે તેઓ બંને જણા એકજ જગા ઉપર સાથે ઉભા રહી જોતા હતા. એ ઉપરથી દેખીતું છે કે આ શાખશીઓમાનો એક ઇઆ બીજો જાણીબુજીને જુઠું બોલયોછે. મારો કાબેલ મીતર મી૦ સટારલીંગ જે આ જગા ઉપર તમારી સાથે હતો, તે મને ખબર આપેછે કે પારસીઓને કંપાઉંડની અંદર જોવાની બાહેરની જે જગા જમાદારે દેખાડી તે એવી જગા હતી કે જાંહાંથી એવું કશું દેખાઈ શકાયજ નહી. ટુકમા જેઓ તે વેળા હાજર હતા તેઓની ખાતરી થઈ હશે કે સર કાવસજી જાંહાંગીરના બંગલા આગળની તે જગા ઉપરથી કંપાઉંડની અંદર કોઈની પણ નજર પડવી માહાલ છે. આગલી અને હાલની તવારીખ ઉપરથી તમો જાણોછો કે પારસીઓ ઉપર પંચાએત નામની એક મંડળીનો અમલ ચાલતો હતો; તે મંડળીની તાબેદારી અલબતાં ખુશી મુજબની હતી અને ઘણાક વરશો ઉપર મી૦ ડોસાભાઈ ફરાંમજીએ છપાવેલાં નાહના પુસતક મધે તે જણાવેલુંછે. મને કેહેવાની કસી જરૂર નથી કે મી૦ માકડરમાટ ધારે છે તેમ પારસી પંચાએત કાંઈ દોખમા નથી. હવે ઘણાંક જુના વખત ઉપર, કે જે વખતના કદીમપણાની નીશાન કેટલાક દોખમાઓના હાલના દેખાવ ઉપરથી મળી આવેછે, તે વખતે મુંબઈની સરકારે દોખમાંની જગા વેચવા અથવા આપીદેવાને દરૂસત ધારયું હતું. આતો ખોલું છે કે કંપાઉંડની પહોશની તથા આસપાસની જગો ઘણાક વરશો થયાં પારસીઓના સવાધીનમા છે. કેમકે, મી૦ સુટરની શાખસી મુજબ ૧૮૬૪ માં પોલીસના ડેપયુટી કમીશનરના હોધા ઉપર તે આવયા પછે થોડાજ મહીનામા, પંચાએતે પોતાની મીલકત ઉ

પર મંગેશ પરશોતમના કરેલા ઘસારાની સામે તે મીલકતને બચાવવા માટે કરેલી અરજીઓનો મી૦ સુટરને જવાબ આપવો પડયો હતો. મી૦ સુટરે પોતાની શાખ્સીમાં એવું બતાવયું કે મને કશું યાદ નથી, પણ આ મુકદમા મધે ચાલેલી ઉલટ પાલટ તપાસ ઉપરથી તેણે જોઈ લીધું હશે—જે તપાસના સવાલો અને જવાબો રોજબરોજ મુંબઈના વરતમાન પતરોમા ઘણી સંભાલથી અને ઘણા સાચવટપણાથી છપાતા ચાલયાછે—કે પંચાએતની મીલકત ઉપરની આવી જ બરી સામે એકથી વધારેવાર ફરીઆદ કરવામા આવી હતી. પણ મી૦ સુટર કેહેછે કે તેને એવી માતર એકજ ફરીઆદ બરાબર યાદ છે કે જે ફરીઆદ ૧૮૬૪ ના આગસટ મહીનામાં, તેણે હોધો લીધા પછે થોડાજ વખતમાં તેની પાસે આવી હતી અને જારે કે તેણે આ જગાના બચાવને માટે પોલીસ રામોસીઓ આપવાને ના પાડયું હતું. હવે અગરજો એક જમીનનો કકડો એક જણના સવાધીનમાં નહી હોય, અને તાંહાં આવીને ઘાસ કાપવા અથવા ફુલ ફળ વીણવા સારૂં તે જગા ઉપર આવવાનો તેને માતર હક હોયતો; તેના એ હકમા હરકત થાય એવી રીતે બાંધેલાં એક ઘરને અથવા ઉભાં કરેલાં બાંધકાંમને ધારા પરમાંણે તે તોડી પાડી શકે, તે એટલીજ શરતે કે જેઓએ તે બાંધકાંમ ઉભું કીધું હોય તેઓ તે વખતે આ શખસના હકથી તથા તે હક ખરો ઠરાવાની તેની ધારણાથી જાણીતા હોય. વળી ધારો એમ છે કે એક ઘરમાં એક જણ પોતાની બઈરી સાથ રેહેતો હોય, તોપણ તે તોડી પાડવાનો બીજાને હક છે, પણ તે એવી શરતે કે તે જમીન ઉપર મજકુર બીજા ઘણીનો હક હોય અને ઉપલા માટી બઈએર અમસથાં ઘુસી આવયાં હોય, તારેતો તેમનાં દીલની ઉપરજ તે ઘર તુટી પાડવાનું ચાલી શકે એવો ધારો છે. હવે એ પેહેલ વેહેલી બીના છે કે જેમાં હું મી૦ ફરગયુસનનાં દાખલા ઉપર ચાલવા માગું છઉં; પણ ઘણા તફાવતે—કેમકે હું કાંઈ "મેએન" માંથી ફકરા ટાંકવાનો નથી અથવા "રસલ આન કરાઈમસ" એક મુળ ગરંથ છે ખરો મગર તેજ માતર મુળ ગરંથ તરીકે હું કેહેવાનો નથી; પણ હું ઈંગરેજી અદાલતોના કાબેલ નેઆએધીસોના ચુકાદા તમારી આગળ ટાંકી દેખાડશ, જેથી તમારાં મનમાં કાંઈજ શક નહી રેહેશે કે આ તોહોમતવાળા બંધવાઓએ જે ચાલ ચલાવીછે તે ધારાની રૂહે તદન વાજબી ઠરી શકે એવી ચાલ હતી. પણ એ શાહાદતો ટાંકવાની અગાઉ આ મુકદમાની એક બીજી મોતેબર બીના ઉપર હું તમારૂં ધેઆંન પુગાડવા માગું છઉં. આ એક પોલીસ કેસ છે, અને પોલીસ કેસ દાખલ આવેલા એક મુકદમાં મધે ફરીઆદીને ફતેહમંદી સાથ પાર ઉતારવાની મતલબથી જે શાખશો આવયા હોય તે

મના ઉપર અતીઘણો ભરૂસો રાખવાનું કેટલું ધાસતી ભરેલું છે, તે બાબે શાખસી ગવાહીના ધારા સંબંધી એક કાબેલ લખનારે આપેલા વીચારો એ મુકદમા ઉપર લાગુ પડેછે. તે લખનાંર મી૦ પીટ ટેલર છે, જેની "લા આફ એવીડનસ" કેતાબની છેલી આવરૂતીના ૬૨ માં સફા ઉપરથી ૩૯ મી અને ૫૯ મો કલમો હું વાંચી સંભલાઉં છઉં.

"પોલીસમેનો, કાનસટેબલો, અને બીજાઓ, જેઓ ગુનાહને અટકાવા તથા શોધી કાહાડવાના કામ ઉપર લાગેલા હોયછે, તેઓ એક બંધવા સાંમે જે કાંઈ સાખસી આપે તે ઘણી શંભાલથી તપાસવી જોઇએ—તે કાંઈ એટલા માટે નહી કે તેઓ જાણીબુજીને રાસતીને ઉંચી વાલેછે, પણ એટલા માટે કે ધંધા ઉપરની તેમની ઉલટ, નઠારાં માણસો સાથના રાત દીશના વેહેવારથી પુશટી પામીને લોકોના કામકાજને બુરામાં બુરો હેતુ લગાડવાની તેમને લગભગ ફરજ પાડેછે અને જે વાતચીતો અથવા હકીકતો પોતે પુરતાં પરમાણીકપણા સાથ મળતી હોય તેમને અપરાધનું રૂપ આપવાને તેઓ લલચાયછે. કુદરતીજ રીતે પોલીસનો એતેકાદ એવો છે કે જાંહાંસુધી નીરદોશ પુરવાર થાય નહી તાંહાંસુધી સઘલા માણસો ગુનેહગાર છે; પણ એ એતેકાદને કોઈબી ઈનસાફની અદાલતે બાહાલ રાખયો નથી. ચાલચલણને એ પરમાણે બુરાંમા બુરી નજરે જોવાની પોલીસની એ વલાણના એક બદલા તરીકે, આટલું તો કેહેવું જોઇએ કે બીજી દરએક બાબતમાં તેઓ જે રીતે પોતાની શાખસી આપેછે તે કસી રીતે વાંક કાહાડી નહી શકાય એવી છે; અને જારે બદગુમાનથી તેમની આંખ ઉપર પદડો ફરી વળયો નહી હોય, તારે જીંદગીમાં પોતાની પંદવીના બીજાં કોઈ પણ માણસની સાથ સુધા, ચંચલ અને વીસવાસુ શાખસી તરીકે પોતાનો મુકાબલો કરાવાને તેવો દાવો કરી શકે એવા છે. પાધરી નહી પણ આરકતરી શાખશીઓથી પુરવાર કરવાના મુકદમાઓ બાબે, જુરીઓએ ધેઆન રાખવું જોઇએ કે દેખીતાં જુદાં જુદાં સવતંતર સાંધણો ઉપરથી મલી આવતી હકીકતોની વેલા સંપ કરીને જુઠી શાખસી પુરવાનું કામ અતીશય નહી માનવાજોગ અને વલી સેહેલથી પકડાઈ આવવાજોગ હોયછે ખરૂં, તોપણ એવ. મુકદમા મધે જે શાખશીઓ પાધરી સાહેદી પુરે તેમનાં કરતાં આવા સાહેદો કસી પણ ધારણા વગર, ભુલથી ખોટી તફસીલ કેહે એ ઘણું બની શકે એવું છે.' તેઓ જે હકીકત કેહેવાના હોય તેની સચાઇનો આધાર ઘણા બારીક અને સાહુચેતી ભરેલાં અવલોકન ઉપર આધાર રાખેછે અને તારીખો, પગલાં, અખશરો, એકરારો, બેઆન, વાતચીતો તથા ઓલખાવાની બાબતોમાં એવા સઉથી પરમાણીક શાખશીના કેહેવા ઉપરૂ એકદમ સઘલો ભરૂંસો મેલવો એ કેવું ભય ભરેલું છે, તે અજમાશ આપણને શીખાડેછે. અને તોપણ ઘણીખરી વેળા અપરાધ સાબેત કરનારા બનાવોની સાંકળમાં એ જુદી જુદી બાબતોને વળાં દાખલ મુકવામા આવેછે. સઘલા શાખસીઓએ સાચું બોલવું જોઇએ અથવા નહીતો, કાંઈ સાંધણ રહી જાય, એ ઉપરથી શાખશીઓની શંખયાને લીધે પણ આવા શાખસી તપાસતાં સાહુચેતી વધારે જરૂરની થઈ પડેછે. વળી આપણે યાદ રાખવું જોઇએ કે આરકતરી શાખશીઓથી પુરવાર કર

થાના એક મુકદમા મધે સઘલી શાહાદત ઇઆ હકીકત તબકે તબકે મળી આવેછે. કોઈએક ચોકસ શખસની સામે શક લાવવાને કાંઈ કારણ બને છે. કાનસટેબલો અને પોલીસના અમલદારો તરતજ પોતાની હોશીઆરીમા રેહેછે અને પોતાના ધંધાની ઉલટમાં તે શખસનું નીરદોશપણું નહી પણ અપરાધ પુરવાર કરે એવા દરએક ઠેકાણા અને દરએક કાગજમા ખોલી વળે છે તથા દરએક હકીકતની તપાસ કરવા પડેછે. પેહેલે.થરથી તેને અપરાધી સમજવાથી, જો તે શખસ છુટી જાયતો તેને તેઓ પોતાની સમજ અથવા ચા લાકી ઉપર મોટો બટો સમજેછે અને એક ઘણા ચીંઘા શેકારીના સરખી કાં ઈ ઉલટથી જો બનેતો શેકારને ઝીતવાનો ઠરાવ રાખેછે. એ રીતે નીરદોશ કાંમકાજોને ખોટાં સમજવામા આવેછે; નીરદોશ શબદોનો ઉલટો અરથ થાયછે; અને લોકો જે ચીજને ઘણી ઈનતેજારીથી ચાહેછે તે ચીજને ઘણી જલદીથી માનેછે. તેટલા માટે, કાંઈ પણ ઈજા નહી કરે એવી હકીકતોને કોઈ આગમચ થી બાંધેલા મતના મજબુત ટેકા દાખલ રજુ કરવામા આવેછે. હું એમ ન થી કેહેતો કે વારેઘડીએ એજ પરમાણે બનેછે, તેમજ અતરે આમ લખીને પોલીસને ઉતારી પાડવાની પણ ધારણા રાખી નથી." વળી એજ લખનાર આગળ ચાલેછે કે "જે જુસાથી પોલીસવાલાઓ કામ ચલાવાને લલચાયછે તેજ જુસો બારીસટરો, ઇજનેરો, સરવેઅરો ઈતીઆદીમા હોયછે અને જે ઓ પેહેલાં એમ ધારેછે કે ફલાંની ચીજ ખરી છે અને પછે તેને શાબેત કર વાનો મુદો શોધવા જાયછે તેઓ સઘલાઓમા એવી ઉલટ સાધારણ છે."

સતાવાલાઓ ઉપર વધારે વીસવાસ રાખવો, એવી જે તકરાર ઘણીવાર વચે આણુવામા આવેછે તે વીશે હું કહું છઉં કે તે વાજ બી નથી; અને આ દેશમાં તે અકસર કરીને ગેરવાજબી છે. અને એ બાબે રાજના બંધણ સંબંધી એક નામાંકીત નેઆએશાસ્ત્રી જે થઇ ગયોછે તેના ગરંથમાથી હું એક ફકરો વાંચી સંભળાઉં તે ધેઆ નથી સાંભળવાની હું તમોને અરજ કરૂં છઉં. "સ્ટેટ ટરાએલસ" નામના ગરંથના ૮ માં પુસતકને સફે ૩૩ મે મી૦ હાવેલ કેહેછે કે—

"આ બીના આપણુ ઘણીખરી વખત બનતી જોઇએ છઇએ કે જે શ ખસો કોઈબી જાતની સતા રાખતા હોય ઈઆ રાખવાનો દાવો કરતા હોય, તેઓ એવું મત આપવાને મજબુત ખાએશ રાખેછે કે તે સતા તેઓના હાથમાં સલામતી સાથે સોંપી શકાય. આ વાત માનવાનું અકલથી ઉલટું નથી કે આગલા વખતના પરીવી કાઉનસીલરો એવું વીચારતા હતા કે પુરાતન "કોરટ આફ રીકુવેસટ" માં તેઓ જે બોહોલી સતાને નુકસાનકારક અને જુ લમાત ભરેલી રીતે વાપરતા હતા, તે સતા તેમના હાથમા ચાલુ રાખવી જોઈ એ; રાજા જેમસ ૧ લાના વખતમાં કાઉનસીલ એવું માનતી હતી કે પોતાની હજુરમાં આમની સભાના મીજલશીઓને સમન કરવાની તથા રાજના બંધણને લગતા એક માહાભારત અગતના સવાલ ઉપર ઉમરાવોની સભા સાથ મસલહ ત કરવાની તઇઆરી કરવા માટે તેઓએ ભેગી કરેલી નોધો તથા દસતાવેજો બાલી નાખવાનો તેમને હુકમ કરવાની તથા કાંઈજ નહી પણ ઉમરાવોની સાથે

મસલત કરવા માટે આડતીઆ લેખે આમની સભાએ મીજલશીઓને ચુંટી કાહાડવા માટે તેમને કેદ કરવાની તથા બીજી શીખસા કરવાની સતા પણ તેમનાં (પરીવી કાઉનસીલના) હાથમાં સલામતી સાથ રહી શકે. લારડ બેકન એવું માનતો હતો કે દેવાદારોને તેમના ઘટતાં દેવાં અદા કરવાના જોખમમાંથી બચાવા સારૂં આપખુદ હુકમનામા કાહાડવાની સતા તેને વાજબી રીતે આપવી જોઈએ; આરક બીશપ લાંડ અને તેના હમશરીકો એવું માનતા હતા કે "સ્ટાર ચેમબર" અને "હાઈ કમીશન" ની કોરટમાં તેઓએ જે સતા ઘણી ઘાટકી રીતે વાપરેલી તે આપખુદ સતા પુરતી સલામતી સાથ તેમના હાથમા સોંપી શકાય; લારડ ચીફ જસટીસ ઈસ્કરાગસ એવું ધારતો હતો કે તેને પસંદ નહી આવે એવા છાપાકામ બંધ કરવા તથા દાબી દેવાની સતા તેને સલામતી સાથે આપી શકાય; ચીફ જસટીસ કેલીંગ અને બીજાઓ એવું સમજતા કે જુરરોને દંડ કરવા તથા કેદ કરવાની આપખુદ સતા તેઓને સલાંમતી સાથ આપી શકાય; તથા જેફરીસ, કેરયુ, કારટરાઈટ, રાઈટ, હરબરટ અને જેનર એવું સમજતા હતા કે "એકલીજીઆસટીકલ અફેરસના કમીશનર" તરીકે તેઓએ પરોટેસટંટ ધરમને ઉવો વાલવાને જે સતા વાપરી હતી, તે સતા તેઓને પણ સલામતી સાથ આપી શકાય. આ વાત ખાતરી પુરવક બોલલી છે કે એક સતા ધરાવનારના પોતાના ઈલાકા ઈઆ જોસાને તેના પોતાના કામકાજ સાથ સંબંધ હોય, તેવા સતાવાલાના હાથમાં બેએખતીઆર અને આપખુદ સતાનો વધારે ગેરઉપયોગ થઈ શકેછે અને તેથી તેવા સતાવાલાની સતા સઉથી ધાસતી ભરેલી છે. પારલામેંટની બેહુ સભાઓ તથા બીજી દરએક કોરટ, જેબી બાબતમાં તેમની પોતાની લાગણીઓ સાથ સંબંધ હોય, તેવી સઘલી બાબતોમા પોતાને જરા પણ અપમાન થયલું સમજતાંજ કેદની શીખસા કરી શકે એવી હદ ઈઆ એખતીઆર વગરની આપખુદ સતા અગરજો તેમના હાથમા આવે, તો પછે બીજી બાબતોમા જાંહાં તેમની લાગણીઓને એવું લાગતું વલગતું નહી હોય તાંહાં પણ કેદ કરવાની આકોશ વગરની આપખુદ સતા વધારે સલામતી સાથ તેમના હાથમા કાંએ નહી મેળવી તેનો કાંઈ વાજબી શબબ શોધી કાહાડવો મુશકેલ પડશે નહી. મી૦ હારગરેવ ઘણી મજબુતીથી કેહેછે તેમ અગરજો કોરટના તીરસકારના કાનુનની કાંઈ હદ નહી હોય; અગરજો ઉમરાવો અથવા આમની સભા અથવા ચાનસરીની કોરટ અથવા વેસટમીનસટર હાલની હરએક મોટી કોરટ તીરસકારનો અરથ જેમ મરજીમા આવે તેમ કરે અને એવાં મથાલાં તલે અગરજો તેઓ કોઈ પણ માણસને, જુરીની તપાસ વગર, ગુનેહગાર ઠરાવે અને તે ઉપરાંત અગરજો તેઓને દંડ તથા કેદખાનાની શીખસા બાબે હદ વગરનો એખતીઆર આપવામા આવે; અને વળી એ સઘલું થવા પછે તેની સાંમે અપીલ નહી થઈ શકે અથવા ફરીથી તપાસબી નહી થઈ શકે, તો પછે જે સઘલા રાબશી જુલમાતે પેલા "સ્ટાર ચેમબર" ની કોરટને પેહેલાં નામોશી લગાડી અને પછે પોતેજ ઉભાઈ જઈ તેનો અંત આણયો, તેવા સઘલા જુલમાતો કોરટના તીરસકાર કરવાના અનેઆએને લગતા ધારાના સાએઆ તલે, ઉમરાવોની સભા અથવા આમની સભા અથવા વેસટ મીનસટર હાલની કોઈ પણ કોરટ ચલાવે, તેની સાંમે તેમના પોતાના દાહાપણ અને સાવધપણાં તથા એવી આપખુદ સતાનો ગેરઉપયોગ કરવાનાં ભય સીવાએ બીજી શી જામીનગીરી પરજાના હાથમાં છે!"

હવે મોટી બાબતોને નાહાની બાબતો ઉપર લાગુ પાડીએ અને મજકુર સવાલ ઉપરથી હાલની બાબત ઉપર ઉતરીએતો, આપણે જોઇએ કે આ તરતના મુકદમા વીશે ધારો આપણને શું કેહેછે? પેહેલાંતો તમો સાહેબોએ યાદ રાખવું કે ડુંગરવાડીની મીલકત ઉપર ના આ બે દાવાદારો—એક બાજુએ જેઓના કબજામા તે મીલકત હતી અને બીજી બાજુએ જેઓ તેને જબરીથી લેવા માગતા હતા—તેમના વચે પડવાની સતા કોણે ચલાવીછે? હું જાણું છઉં કે હીઆં એવું દેખાડવાની કોશેશ થઇછે કે સુલેહનો બગાડ થતો અટકાવા સીવાએ બીજી કશી રીતે પોલીસ આ ટંટાની વચે પડી નથી. પણ સાહેબો, જમાદારે વટીક કબુલ કરયુંછે કે ચાલી અને તંબુ તોડી પાડવાને અગર કોઇબી ધણી આવેતો તેને પકડવાનો મને હુકમ હતો. એનો અરથ શું? એનો અરથ એટલોજ કે જેઓએ પારકી જગા ઉપર આવીને ચાલી તથા તંબુ ઉભો કરયો તેઓની વચે તેણે પડવું નહી, પણ તે જગાના ધણીઓ આ હરકતને કાહાડી નાખવા આવે તેમને તેણે અટકાવવા. વળી મી૦ સુટર એ બાબત ઉપર શું કેહેછે? તમોએ તેની શાખશી સાંભળીછે અને તે કબુલ કરે છે કે આ મીલકત ઉપર પારસી પંચાએતનો દાવો શી પરકારનો છે, તથા કુવરજી પરાગજી અને તેની સાથના સંપીલાએ જે કાંઈ ધસારો કરયો તેનો હેતુ શું છે, તે પંચાએતના સેકરેટરીએ તેને કહી મેળયું હતું. મી૦ સુટર એમ કબુલ કરેછે, કેમકે તે કેહેછે કે "હું જાણું છઉ કે ૧૮૬૪ થી આ વાંધો ચાલતો આવયોછે. મેં ઠરાવ કીધો હતો કે તેની વચે આવવું નહી, તેથી મેં સેકરેટરીને કહ્યું કે મારામારી થશે નહી તાંહાંસુધી હું તેની વચે આવવાનો નથી." તા૦ ૨૭ મીને દીને મી૦ આરડર પીલે પોતાના કુલ કુંવરજી તથા જેકબની ધારણાં મી૦ સુટરને કહી તથા તા૦ ૨૯ મીને દીને મી૦ સુટરે પારસી પંચાએતના સેકરેટરીને ખબર આપી કે સુલેહનો બગાડ અટકાવા સીવાએ બીજા કોઈ કારણસર હું વચે પડનાર નથી. પારસી પંચાએતના સેકરેટરી સારીપડે જાણતા હતા કે આગળ એ મીલકત ઉપર એવીજ કીસમનો ધસારો કરવામાં આવયો હતો અને તે વેળા તાંહાં બાંધેલાં ઝુપડાંઓને તોડી પાડી તે હરકતો દુર કરવામાં આવી હતી. આ પરમાંણે મી૦ સુટરના કબુલ કીધા મુજબ વરશોનાં વરશો ઉપર બનયું હતું અને તારપછે ઘણે વરશે તેવો ધસારો ફરી કરવામાં આવયો તથા તેને દુર કરવા માટે ફરી તેમના ઉપર જબરી ચલાવાંમાં આવી. મી૦ સુટર સાફ કેહેછે કે એમ કરવાને પારસી પંચાએતને તેમના ધારાના હીમાએતીએ સલાહા આપી હતી એવું સેકરેટરીએ તેને (મી૦, સુટરને) કહયું હતું. મી૦ સુટરે જવાબ દીધો કે મારા

મારી થશે નહી તાંહાંસુધી વચ્ચે આવવાની મારી ધારણા નથી. આ પરમાંણે જોસુંતા મી૦ સુટરે સામી ધીરજ અને ભરૂસા આપયો, પણ તે ભરૂસા ઉપર સબુરી નહી રાખીને સેકરેટરીએ મી૦ સુટરને અરજ કીધી કે બીજી બોરડુવાલા મારામારી કરે તેને અટકાવા માટે પોલીસના સીપાઈઓ આપવા. પણ મી૦ સુટરે કહયું કે "નહી, મારામારી થશે નહી તાંહાંસુધી હું વચ્ચે પડશ નહી." એ તેના બોલવાનાં મતલબ એટલીજ નીકલેછે કે—"સન ૧૮૬૪ માં અને તારપછે એવી દરએક વેળા તમે જેમ કરતા આવયાછો તેમ કરો, પણ મારામારી થવા ના દેતા, નહીતો કે હું તમારી વચ્ચે પડશ." મી૦ સુટરે આ પરમાંણેનો જવાબ આપયો તે બરાબર ધારા પરમાંણેનો જવાબ હતો, અને બોલવું દીસેછે કે સુલેહનો બગાડ થાય નહી તાંહાંસુધી માણસ અને માણસ વચ્ચેના ધારા સંબંધી હક ઈલાકાના વાંધામા પોલીસથી વચ્ચે પડી શકાય નહી. એક લશકરી સીપાહ પોતાના વડાંના હુકમને નાફરમાન થઈ શકે કે નહી તે બાબે એક શાખ્સીને પુછેલો સવાલ મેં ઘણી અચરતી સાથ સાંભળયો છે. શાખ્સી જે એક પડભશટ થયલો શીપાહ હતો તે બોલયો કે "નહી—મારા વડા તરફથી જેબી હુકમ થાય તેને હું તાબે થવાનો." પણ તેમ નથી. કાયદાસર હુકમો સીવાએ બીજા કોઈબી હુકમો બજા લાવવાને એક સીપાહ બંધાયલો નથી, અને હું તમો સાહેબોને પુછું છઉં કે શું પોલીસનો માણશ તેથી વધારે કરી શકે? એક સીપાહ બચો કોણ છે? તેબી એક શેહેરી છે, પણ તે સાથે તેની પાસે સીપાહ તરીકેનો હોધો વધારે છે. એ બાબે ધારો તદન બોલલો છે, અને તે નીચલી શાહાદતો મધે પુરતી રીતે જણાવેલો છે:—૧, રસલ, ૫૦૯, માં ટાંમપસનનો મુકદમો; ૪, ટાનટન, ૪૪૯ માં "બરહેટ અને આબટ" નો મુકદમો; ૪, માલ અને સેલવીન, ૪૦૦ માં "બેલી અને વારડન" નો મુકદમો; તથા બીજા એવા ઘણા મુકદમાઓમા પારલામેંટના ધારાથી જારે લશકર બદલી શકાતું હતું તારે ડયુક આફ યારકનું મત પણ એજ હતું. ૪ થા "એડીનબરો વીકલી જરનલ" માથી હું સર વાલટર સકાટની શાહાદતથી કહું છઉં કે મજકુર ડયુકનું મત એવું હતું કે જેબી અમલદાર પોતાના વડાના કાયદાસર હુકમો સીવાએ બીજા કાંઈ પણ હુકમ બજા લાવે તે અમલદારને ગોલીથી અથવાં ફાંસીથી મારી નાખવો ઘટારત છે. તે નામીચા માણસનું મત પડવા પછે, એક હોધા ઉપરથી દુર થયલોં સીપાહ અગર એક મત આપવા નીકલે ઇચ્છા નહી કે તે પોતાના વડાના દરએક હુકમને માટે બંધાયલોછે, તો તેની મને કાંઈજ દરકાર નથી; અને હું મારાં જુનાં તથા પાએદાર મતને વલગી રેહેવા માગું છઉં કે કોઈબી સીપાહબચો પોતાના વડાના કાયદા

સર હુકમો સીવાએ બીજા કોઈ પણ હુકમને બાહાલ રાખવાને બંધાયલો નથી. "રાજો અને ઉવેર તથા બીજાઓ" વચેનો મુકદમો જે સર જે. બેલીએ ચુકવયો હતો, તે મુકદમાંની શાહાદત તપાસો. એક કાનસટેબલ એક ઘરમા દાખલ થયો અને તેને બાહાર જવાની અરજ કરવા છતાં જારે તે બાહાર નહી નીકલયો તારે તેને જાસતીથી બાહાર કાહાડવામા આવયો; એ ઉપરથી તેને બાહાર કાહાડનારાઓ ઉપર એક કાનસટેબલને મારવાનો અપરાધ મેલવામા આવયો, પણ સર જે. બેલીની કોરટમા એવો ચુકાદો થયો કે એ પરતીવાદીઓનો કાંઈ વાંક થયો નથી અને સજા થઈ શકે નહી. "રાંણી અને ટાઉનલી" વચેના મુકદમાંનો બીજો દાખલો લેઓ. (જુવો કોરટ આફ કુઈનસ બેંચનો રીપોરટ, ૨, લારડ રેએમંડ, ૧૨૯૬ મે) એ મુકદમા મધે એક બંધવાનો છુટકારો કરવા માટે એક કાનસટેબલને મારી નાખવામા આવયો, તોપણ સઘલા નેઆએધીસોએ એવો ચુકાદો આપયો કે તે કાનસટેબલે બંધવાને પકડવામા પોતાની સતાની ઉપરાંત ચાલ ચલાવી. પણ કાનસટેબલો કાયદા વીરૂધ ચાલ ચલાવે તો તેમના તેવા હકોની સાંમે થવાની બાબતમાં હું એક બીજો મુકદમો ટાંકી બતાઉં છઉં, કે જેનો માતર નવ વરશ ઉપર ચુકાદો થયોછે. તે ચુકાદો આપવા પછે એક બે વરશમા તે કાબેલ નેઆએધીસ મરણ પામયો. તે મુકદમો "રાંણી અને લાકસલી તથા બીજાઓ" વચેનો છે, જેનો રીપોરટ "ફાસટર અને ફીનલેસન" ના ૪ થાં પુસતકને સફે ૪૦૫ મા આપેલો છે. તે મુકદમા મધે એવો ચુકાદો થયોછે કે એક કાનસટેબલ જે ધણીને ઓળખતો હોય તેના હાથમાં બેડી નાખવાને તેને કસો હક નથી, સીવાએ કે તેને ધાસતી હોય કે તે સુલેહમાં બગાડ કરશે, અથવા તે નાહાસી જવાંની કોશેશ કરશે અથવા તેને છોડવવાની કોશેશ થશે; અગરજો તે બંધવા તરફથી એવી કોશેશ કરવામા આવેતો, જરૂર જોગ જાસતી ગુજરે ખરી, અને તેમા જો તે કાનસટેબલ મારયો જાય તથા જો એવું સાબેત થાય કે આ બંધવાના છુટકારાને માટે જાસતી ચલાવાની જરૂર ધારીને તે જાસતી વાપરી હતી તો પછે તેવી જાસતી ચલાવનારાઓ તે કાનસટેબલનું અણજાનપણે ખુન કરવાના તોહોમતમા આવી શકે નહી. આપણા કાબેલ કાનસટેબલ મી૦ મેકડરમાટનું મેં જે મુકદમા ઉપર ધેઆન ખેંચયું હતું, તે એ છે, પણ તેણે કહયું કે હું એ વીશે કશું જાણતો નથી. "ફ, કારીંગટન અને પેએન" ને સફે ૪૯૨ મે, તે વખત ઉપરના બે સઉથી મોટા નેઆએધીસો બારન પારક અને બારન આલડરસનના ચુકવેલા મુકદમા આપયાછે, તે નીચે ટાંકેલા છે—"ટીમોઠી અને સીમપસન" નો મુકદમો

૪૯૯ મો, તથા "કુક અને નેધર" નો મુકદમો ૨૯૧ મો. આ છેલા મુકદમા મધે ચુકાદો આપતી વેળા બારન પારક કેહેછે કે "આ મુકદમા મધે સવાલ એ છે કે આ મારામારીમા પરતીવાદી સામેલ હતો કે નહી? તથા કાનસટેબલે તેને પકડયો તાંહાંસુધી તે મારામારીમાં જ મશગુલ રહયો હતો કે નહી? અગરજો મારામારી થઈ હોય અને ખલાસ થઈ હોયતો, પેહેલાં એક માજીસતરેટનું વારંટ મેળવવા વગર કોઈને પણ પકડવાનો કાનસટેબલને કસો હક નથી અને સતા પણ નથી." આ સવાલ ઘણો અગતનો છે અને આવા મુકદમા મધે ધારાને ખોટી રીતે લાગુ પાડયો હોયતો રઈએતના છુટાપણામાં મોટી હરકત થઈ પડે. હવે આ છેલા સવાલ ઉપર બીજી શાહાદત બારન આલડરસનની છે. સને ૧૮૪૫ માં ઈનામની એક લડતનીવેલા હુલડ ઉઠાવાના વાંકને માટે તે લડત રમનાર તથા તેના મદદગાર બંને જણને ઉભા કરવામા આવયા. બારન આલડરસને એવો ચુકાદો આપયો કે આ બંધવાઓ ઉપર હુલડનો વાંક લાગુ પડે નહીં, એટલુંજ નહી પણ સાધારણ મારામારી સીવાએ બીજો કોઈ વાંક તેમના ઉપર મેલવો નહી. કલારક અને ફેનેલીના ૨ જાં પુસતકને સફે ૨૮ મો, "પરાઈસ અને સીલી" વચેનો મુકદમો આપયોછે, તેમા થયલા ચુકાદાનું મથાલુંજ હું માતર વાંચું છઉં. તે આ પરમાણે છે—"મારામારીના વાંકને માટે વારંટ વગર કેદ પકડવાનું વાજબી ઠરાવા માટે તેમા એવી દલીલ બતાવવી જરૂરની છે કે પકડતી વેલા મારામારી ચાલુ હતી અથવા ચાલું રેહેવાની ધાસતી રાખવાના કાંઈ વાજબી શબબો હતા." હવે, ગરહસથો, આપણા આ મુકદમા મધે એવું દેખાડવાની એક પણ કોશેશ થઈ નથી કે જારે આ લોકોને અથવા તેમાના હરએકને પકડવામા આવયા તારે મારામારી ચાલુ રેહેવાની કાંઈ પણ વાજબી ધાસતી હોય. એવું તો કાંઈ સાબેત કરવામા આવયું નથી, પણ તેથી ઉલટું શાખશીઓ એવું કેહેછે કે તેઓ મારામારીને બનતાં સુધી દુર કરવા ચાહાતા હતા. ગરહસથો, આ ફરીઆદી સરકારે પોતે ચલાવીછે, અને તેને પેહેલી ચાલુ કરતી વેલા સરકારનો ધારા સંબંધી અધીકારી કોણ હતો તે તો તમો જાણો છો. હું ધારૂં છઉં કે સરકાર એવું સમજી હશે કે ધારાના ચુકાદા આપનારા ઉપલા મોટા લારડ નેઆએશાસ્ત્રીઓ કરતાં મી૦ ટકરની સતા વધારે હશે; પણ હું એમ સમજતો નથી. હુંતો કહું છઉં કે અગરજો આ પારસીઓએ તે વખતે મી૦ સુટરને મારી નાખયો હતેતો તે વાજબી ઠરાવી શકાય એવું ખુન કેહેવાતે. એક જણના પોતાના ઘરમાં તેના બચાવને માટે લોકોનું ટોલું મળે તો તે ધારાં પરમાંણે વાજબી છે. (જુઓ "રાજો અને બાનગોરના

બીશપ" વાળો મુકદમો). હવે, ગરહસથો, ભાડુતોના પોતાના હક ને લગતા ધારા ઉપર હું આઉં છઉં. હું તમોને ખોલું દેખાડી આપશ કે અગરજો બંધવો ના૦ ૧ લો અને તેના મદદ કરનારા દોસતો તા૦ ૪ થીને દીને આ વાંધાવાલી જગા ઉપર ગયા.હોય અને તાંહાં રહયા હોય, તથા તાંહાં રહીને જે ચાલી તથા તંબુનો તાંહાં ખુપ નહી હતો તેનો જો તેઓએ નાશ કીધો હોય, તો ધણી તરાકેના સઉથી સાધારણ હક માતર તેઓ બજાવતા હતા. (જુવો "લા જરનલ એકશચેકર" ૩૪ માં, સફે ૫૦૬ મધે "જોનસ અને જોનસ" નો મુકદમો.) આ બાબત ઉપર સઘલા મુકદમાઓના હેવાલમાં ચુકાદાના જે ટુક મથાલાં આપયાંછે તે સઘલાં મથાલાં એકજ જાતના છે અને તે આ પરમાંણેછે કે—"અગર એક ઘરમાં કોઇ રેહેતું હોય તોપણ પોતાનું તે ઘર તોડી પાડવાને તેના ધણીને હક છે." કોઇ પણ માણસે ધારાને પોતાના હાથમાં નહી લેવો જોઇએ એવો સાધારણ કાનુન છે, પણ ધનેઆતી મીલકત ઉપરના હક સંબંધી સઘલા ધારામાં એ કાનુનને તોડી નાખેલોછે. હવે હું તમોને કલકતાની હાઇ કોરટમાં ચુકેલા એક મુકદમાની શાહાદત આપું છઉં, તે કાંઈ એટલા માટે નહી સમજવું કે ઈંગલંડની કોરટોની શાહાદતો કરતાં હું હીઆંની શાહાદતોને વધારે પસંદ કરૂં છઉં; પણ એ શાહાદત એટલાજ માટે ટાંકી બતાઉં છઉં કે આ દેશમાં પણ હીમત છે, એવું જોવાથી મને ઘણી ખુશી ઉપજેછે. "ડેવીસ અને વીલીઅમ" ૧૬, કુવીનસ બેંચ, ૫૬૪ માં; "બરલીંગ અને હેડ" ૧૧ કુવીનસ બેંચ, ૯૦૪ માં; તથા એજ પુસતકમાં "ડેવીડસન અને વીલસન" ૭૫૭ માં—એટલા મુકદમાંઓ મધે ઉપલોજ કાનુન જાળવી રાખેલો હું જોઉં છઉં. "બરલીંગ અને હેડ" ના મુકદમાં મધે અરલ જસટીસે કહેલુંછે કે કોઇ પણ શખસે એક જમીનમાં આવી પડી તથા રાતના એક ઝુપડું ઉભું કરીને તે જમીનનો કબજો મેળવેલો ગણાય નહી." એવી ચાલને ધારો મુદલ પીછાણતો નથી, એ સારીપઠે જાહેર થવું જોઇએછે. હવે આ મુકદમાને મળતો બીજો એકજ મુકદમો હું જાણું છઉં કે જે છપાયો નથી. પારલામેંટના એક આઈરીશ મેમબરે પોલીસના એક માણસ તરફ આંગલી બતાવી કહયું કે "એ મારો સઉથી જાની દોસત છે." તેને પુછવામા આવયું કે એ દોસત કેમ ? તારે તેણે જવાબ દીધો કે "અરે ભાઇ, કોઈ વખત રાતના જારે હું બાહાર ફરવા નીકલું છઉં, અને મારામારીમા ઉતરી પડું છઉં અને કોઈને ગટરમાં ઘાલીને હોકી આપું છઉં, તથા જો તે આ પોલીસ વાલાની રોણમા હોયછે તો તે હમેશ મને જતો મેળેછે અને જેને મેં ગટરમાં હોકી આપેલો તેને તે કેદ પકડેછે."

મી૦ સુટરે અને મુંબઈની પોલીસે આ મુકદમા મધે જે ચાલ ચલા વીછે તે બરાબર એને મળતી છે. તેઓએ પેલા ગટરમા ધાલી આપે લા માણુશને કેદ પકડયોછે, પણ તોફાન કરનાર કુવરજી પરાગજી અ ને તેની સાથ વાળાને છુટા રાખયાછે. જુરીની હજુરમા મારાં કુલ તરફની ફરજ બજાવા માટે જારે મને ઝપેટા પડયાછે, તારે હું એટલી જ આશા રાખું છઉં કે જો પોલીસ સમાધાની જાલવવાની પોતા ની ફરજ બજાવે તારે તેમને પણ એજ ફાશીનના ઝપેટા મલશે ન હી. "ગોવીંદ પુરાતમીક અને ગુરૂચરણદત" વચેનો જે મુકદમો સને ૧૮૬૪ મા કલકતાના હાઈ કોરટ મધે ચુકયોછે, તેમા એવો ચુકાદો થયોછે કે અગરજો એક જણ બીજાની જમીન ઉપર આવે અને તેની રજા વગર તાંહાં ઘર બાંધે, અને તેણે તે કામ કબુલ નથી રાખેલું એવું જો તે સાબેત કરેતો તે ઘરનો નાશ કરી પોતાની જગા પાછી લેવાને તેનાં નુકસાન ખમનારા ધણીને હક છે. એવું કેહેવા પછે કે કલકતાની હવા ઘણી થાકવી નાખનારી છે, પણ મુંબઈના જેટલી થાક અને નબલાઈ ઉપજાવનારી તે હવા નહી હશે, કેમકે ક લકતાના આ ચુકાદામાં ખરેખરો ઈંગરેજી ખવાશ માલમ પડેછે. વળી એવો પણ ચુકાદો થયલોછે કે એક જણ પોતાની જમીન અથવા ઘરનો કબજો ખોહી દીએ તથા જો વાજબી ઉપાયોથી તેનુ કાંઈ નહી વલે તથા વળી જો ઘટતા વખતમા પોતાનો કબજો પાછો લેવાની ગફલતથી ઈનસાફની અદાલતમા તેને ફરીઆદી માડવી નહી પડે તો જાસતી વાપરીને પોતાની મીલકતનો કબજો લેવાને ધારા પરમાણે તેને હક છે. એ ચુકાદાને માટે જુવો હાકીનસના ૧ લાં પુસતકની ૮ મી આવરૂતીને સફે ૪૯૫ મે. આ પારસી પંચાએતની મીલકત ઉપર ઘટતા વખતમા પોતાનો કબજો પાછો લેવામા કસી ગફલત કરવા માં આવી નથી. ધમારો કરી આવનારાઓને પોતાની ચાલી સ માપત કરવાને વખત નહી મલયો તેટલાં તો એ જગા ઉપર પારસી ઓ જઈ લાગા. હવે વળી એક ધારો એવો છે કે તરણ વરશ શુધી નો કબજો હોય નહી તાંહાં તલક કોઈ પણ માણશ પોતાની મીલકત ઉપર જબરીથી પોતાનો દાવો ચલાવી શકે નહી. (જુવો હાકીનસ સફે ૪૯૮ મે) પણ આ મુકદમા મધે તો પારસીઓના કબજાની મો ટી મુદત ગુજરેલીછે. મી૦ સુટરની પોતાની શાખશી તેમનો કબ જો ઓછામા ઓછાં નવ વરશનો જણાવેછે. નેઆએની સઘ લી સાહાદતો એકમલતીજ ઉતરેછે કે એક જણ પોતાની જમી નને કબજામા લઈને બેઠો હોય તે વખતે તાંહાં ધસી આવનારાઓ ની અથવા તેમના બાંધકામોની સાંમે જબરી વાપરે, ઇચ્છા થોડા દા હાડા કે થોડા કલાક કબજો છોડીને જવા પછે તેમ બને, તોપણ

ધારાની નજરમા તે સઘલું એકસરખું છે, અને તે પોતાની જમીન ઉ પરનું તેવું સઘલું બાંધકામ તોડી પાડી શકે તથા તેનો નાશ કરી શ કે; અને જો કોઇ સામે થાયતો તેને મારીને હાંકી પણ કાહાડી શકે. હું કહું છઉં કે આ ડુંગર ઉપરના પરદેશીઓ જો માણેકજી કાવસજી અને તેની સાથ વાળાઓની સામા થયા હતેતો તેમને માર મારેલો પણ વાજબી કેહેવાતે. હવે આ વાત સાફ ખોલલી છે, અને પુરતી શાખસીથી તે સાબેત થઇછે, કે તા૦ ૨૭ મીને દીને પારસી પંચાએ તની મીલકત ઉપર જેઓ દાખલ થયા, તેઓ ચોરીછુપીથી દાખલ થયા એટલુંજ નહી, પણ ધારા જાણનારાઓ કેહેછે તેમ તેઓ અચ બુચ દાખલ થયા. મી૦ ડફી પોતે કેહેછે કે તા૦ ૨૭ મીએ આ ડું ગર ઉપર રેહેવા જવું પડશે એવું તે પોતે તા૦ ૨૬ મીની આગમચ જાણતો નહીં હતો; તેમજ તા૦ ૨૭ મીની આગમચ પોલીસને પણ કાંઇ ખબર આપી નહી હતી. મી૦ સુટર કેહેછે કે તે દીવસની આ ગમચ એ બાબત વીશે મીશીઅરસ હરન, કલીવલાંડ અને પીલ વકી લો સાથ તેને કસો સંધેસો થયો નહી હતો. તેઓ સારીપઠે સમજતા હતા કે પારસી પંચાએત અને તેના ભાડુત સાંમી તરફથી અટકાવ કરવા નીકલશે. અને કેટલે વાગતે પોલીસે હાજર થવું તે આગમચ થી મુકરર કરી રાખવામા આવયું એ નોંધી લેવા જોગ બીનાજ કહી આપેછે કે આ જગાં ઉપર અચબુચ આવીને કબજો લે વાને એકસંપ થયો હતો. પોલીસ સાથ કીયેલી ગોઠવણ મુજબ પારસીઓ પાસેથી આ મીલકતનો અચબુચ જબરીથી કબજો લેવા જતી વેળા બપોરના ૧ કલાકે મી૦ બરાઉન અને તેના માણસોએ તાંહાં દેખાવ દીધો. તે ઠેકાંણે પોલીસ સુલેહનો બગાડો અટકાવા માટે હાજર થઈ હતી એમ કેહેવું એ ખોટી બડબડ અને અમસયું ઉજરડું છે. હવે જો પારસીઓએ સાંમા થવાની કોશેશ કીધી હતેતો તે કાયદાસર કેહેવાતે; પણ શાખશીઓમાંથી કોઇ એવું નથી જણાવતા કે તેઓએ સાંમે થવાને કાંઇ પણ કોશેશ કીધી હોય, શીવાએ કે હંઈ તંહી કાંઇ નાહના જઘડા, જે વીશે હું હવે પછે બો લશ, તેનીજ કાંઈ સેજ શાખશી રજુ કરવાની કોશેશ કરવામાં આવી છે. મી૦ બરાઉનની પછવાડે ચુંનો કુટવાનો વાંસ લઈને દોડનાર વીશે તથા જેણે એવું કહયું કે મને માર પડયો તેને વીશે જે કાંઈ તમો સાહેબોએ સાંભળયુંછે, તે સઘલું તમો માનતા હોવેતો કાંઈબી તમે કરી શકો તે એટલુંજ કે એક સાધારણ મારામારીની નજરે તમે એ સઘલી વાત જોવી જોઈએ. "રાંણી અને વેબ્બર" વાલા મુકદમાં મધે કોવેંટ ગારડન આગળ એક ઓરતને કેદમાંથી છોડવતાં બંધવાએ એક કાનસટેબલનું ખુન કરયું હતું. તેમાં એવી શાખશી રજુ થઈ

કે મરનારે પેલી સ્ત્રીને કાયદાની વીરૂધ પકડી હતી, માટે એવો ચુકાદો થયો કે કાનસટેબલે પોલીસના અમલદાર તરીકે નહી પણ એક સેતમગાર તરીકે ચાલ ચલાવી હતી, માટે તેને મારવાને બંધવાને પુરતી ઉસકેરણી મળી હતી અને તેથી તે કાંઈ ખુન કેહેવાય નહી. માણેકજી દોરાબજીએ આ ચાલી તોડવામાં ભાગ લીધો કે નહી તે હીઆં કબુલ કરવાની મને જરૂર નથી, બલકે તે કબુલ કરવું પડે એવી કોઈ શાખશી વટીક મળી નથી, તે છતાં હું તે કબુલ કરવાને ઘડી ભર ખુશી થવશ. પણ તે કબુલ કરવા તેમજ ના પાડવા વગર, મેં જે ધારાની સાહાદતો ટાંકીછે, તે સઘલી શાહાદતો તરફજ જોતાં હું કહું છઉં કે અગર માણેકજીએ પંચાએતના ભાડુત તરીકે ચાલી તોડી પાડી હોયતો એક મરદ તરીકે ખોલલી રીતે તેણે એવું કામ બજાવયુંછે કે જે બજાવાને ધારાથી તેને પુરતો હક હતો અને હું આશા રાખું છઉં કે જુરી પણ એજ વીચાર લેશે—કે જે માતર ખરો અને કાયદાને અનુસરતો વીચાર છે—તો તમો સાહેબોને હાથે આ ફરીઆદી જેવે ફેંજે પોંહોંચવી જોઈએ, તેવીજ હાલતે તે પોંહોંચશે.

હીઆં આગળનીજ મીશાળે નામદાર જડજે કામ મુલતવી રાખી ને કોરટ બરખાસત કીધી.

-આઠમો દીવસ—મંગળવાર, તા૦ ૧૫ મી જુલાઈ ૧૮૭૬.

શહવારના ૧૦ કલાકે કોરટ બેઠા પછે મી૦ આનસટીએ પોતાનું ભાશણ આગળ ચલાવયું કે—

જુરીના ગરહસથો—જારે કાલ સાંજે કોરટ બરખાસત થઈ તે વેળા મારાં કુલોની ઉપર ગુજરેલા સીતમની મોટી જાસતી વીશે હું બોલતો હતો. હવે હું તેને લગતી એકબી બીના મુકી દેવા માંગતો નથી. જુરીની આગળ હું સઘલું જાહેર કરવા ચાહું છઉં અને કહું છઉં કે આ સીતમની કડણાઈ એક ઘણી અગતની બીના છે; કેમકે છેક મી૦ સુટરથી તે હલકામા હલકા પોલીસના સીપાઈ અથવા હોવેદાર સુધી, આ માણસોએ પારસીઓ તરફ બતાવેલું કપટ તે ઉપરથી માલમ પડેછે, એટલુંજ નહી, પણ આપણા ધારા પરમાણે એક પોલીસવાલો અથવા નેઆએખાતાંનો અમલદાર, તે છેક એક માજીસટરેટ અને જડજ સુધી, પોતાનો હોધો બજાવતાં કાએદાથી ઉલટી અથવા કપટી ચાલ ચલાવેતો હોધાની ઉપર સીતમ ચલાવાનો અપરાધી ઠરેછે, એટલુંજ નહી પણ અમે લોકો જેને 'ટરેસપાસ' ની પેહેલ કાહાડવી કહીએ છઈએ તેનો પણ તે તકસીરવાર થાયછે. જેમકે તમારાં ભાડુત ઉપર જપતો લઈ જવાને તમોને પુરતો હક છે, તથા તેના રેહેઠાણમા

બેલીફને મોકલવાનો તમોને હક છે, પણ જેના ઉપર તે જપતો લઈ ગયો તેને તે બેલીફ માર મારે, તારે તમારૂં તે માર ખાનાર ભાડુત માતર નુકસાનીજ નહી ભરી લીએ, પણ તે સાથે તેના જે માલ ઉપર તમે જપતો મોકલયો હોય તે માલ પણ તે પાછો લઇ શકે. મી૦ સુટર કેહેછે કે મેં મારા જોખમે સઘલું કામ કરયુંછે. પણ, ગરહસથો, મી૦ સુટર એક પતરાજીખોર, તુંડ મીજાજનો, પણ નબલો અમલદાર છે; અને આ પારસીઓએ પોતાના પવીતર મકાનમા તેનો હુકમ નહી માનયો તેથી અને વળી તેના નાસતાનો વખત થઇ ગયો માટે તેની અભેમાનીને નરસ લાગું. મી૦ બરાઉન વીશે એટલુંજ કેહેવાનુંછે કે તે એવો શખસ છે કે પોલીસની સંફમા તે એક માહો નસુનો છે, અને તે સંફમાં તેણે જે કાંઈ ગ્નાન હાંસલ કીધુંછે, તે સીવાએ બીજું કશું વધારે તેણે મેળવયું નથી. તે એક ધરા વગરનો માણસ છે, અને જે શાખસોઓ એવું સમજેછે કે "મને યાદ નથી", એમ સોગંદ ખાવામા ખોટા સોગંદનો અપરાધ થતો નથી; તેઓમાં એ મી૦ બરાઉન એક છે. હું જાણતો નથી—અને હું નહી જાણતો તેથી ખરેખર મને શરમીંદગી ઉપજેછે—કે કેઈ તરેહના સપત આ કોરટ મધે આપવામા આવેછે. પણ મને ભય લાગેછે કે હાલની સાધારણ પણ ખોટી રીતથી સપત આપીએ છઇએ—તે એ છે કે—"તમોને જે સવાલો પુછવામા આવે તે સઘલા સવાલોનાં જવાબ આપવા." પણ અગરજો પેલી પુરાતન, કાયદાસર, અછી રીતથી સપત આપયા હોય કે "તમે સાચું બોલવું, સઘલું સાચું બોલવું અને સાચાં સીવાએ કાંઈ નહી બોલવું" તો હું કહું છઉં કે એ રીતના સપત તલે મી૦ બરાઉન અને મી૦ માકડરમાટ બંને જણે, બલકે મી૦ સુટરે પોતે જારે એવા સોગંદ લીધા કે તેઓએ જે ચીજો જાણવી જોઈએ તે તેઓને "યાદ નથી" તો તેઓ જુઠા સપત ખાવાના ગુનેહગાર છે; કેમકે જારે તેઓ એમ કેહેછે કે "અમોનેં યાદ નથી" તારે તેઓ "સઘલું સાચું" બોલતા નથી. અને એ પરમાણે ગરહસથો, તમે પેલા પોરયા માકડરમાટને સાંભળયોછે, કે જેને સરકારે નોકરીમા રાખવાથી જે કાંઈ મેળવયું હોય તે કરતાં લશકર ખાતાંએ તેને દુર કરવામા વધારે સારો સોદો કરયોછે, તેને તમે સાંભલયોછે કે તેણે મારા કાબેલ મીતર મી૦ ફીરોજશાહના એક કુલ ઉપર એક જાસતી ચલાવેલી અને જે બાબે તેણે પછવાડેથી નમનતાઈ ભરેલી માફી લખી આપેલી, તે બાબે તેણે મારી આગલ ઉલટ પાલટ તપાસમાં જે કાંઈ કહયું તે બીજે દાહાડે પોતાની ફરીની તપાસમાં તે એવાં બેશરમીપણાથી લગભગ સઘલું નામુકેર ગયો, કે પોલીસ મધે નોકરીએ લાગા પછેજ તે એટલો બેશરમ થયો હશે.

પોતાની ફરીથીની તપાસમા તે પોતાને જેમ ભાવે તેમ બોલ્યો તે એટ લાજ માટે કે તેને કોઇએ કહયું હશે કે હવે ફરીથી તને ઉલટ પાલટ તપાસવાનો નથી. હવાલદાર અને જમાદાર વીશે હું એટલુંજ કહું છઉં કે ખોટી શાખશી આપવી એ તેમનો તો ધંધોજ છે. આ તે માણસો છે કે જેમના હાથમાં મી૦ સુટર—તેમના નામના વડા, પણ ખરેખર તો તે સઘલાઓના નોકરે—એ માણસોના હાથમાં પંચોતેર આબરૂદાર માણસોનો હવલો આપયો—હું કહું છઉં કે આબરૂદાર માણશોનો. હું જાણું છઉં કે પોલીસ કાનસટેબલો એવું સમજેછે કે એક ગરીબ માણુશ આબરૂદાર હોય નહી, પણ આ મારાં કુલો ગરીબ હોય ઇઆ તવંગર હોય, તોપણ હું ફરી કહું છઉં કે એ "આબરૂદાર માણશો છે." પોલીસને મનસે જેઓ પાસ પઇસા હોય, તેઓજ માતર આબરૂદાર છે, અને ગરીબો તેવા નથી. મારૂં મત તેમ નથી. એવા પોલીસના માણસોના હાથમાં તા૦ ૪ થી એપરેલને દીને મી૦ સુટરે આ આબરૂદાર લોકોને આપી દીધા—એવા બેધડક આપી દીધા કે દેશી શાખસીઓના કેહેવા મુજબ તેઓમાના એકેએક જણના હાથમાં બેડી નાખી, અને મી૦ સુટરના કેહેવા મુજબ "જાંહાંસુધી બેડીઓ પોંહોંચી તાંહાંસુધી" તેમને બેડી ઘાલી. હવે ગરહસથો, આ વાત ધેઆંનમાં રાખવી ઘણી અગતની છે કે પારસીઓનો ટોલો મારા સરખા એક અદના માણશની તારીફને લાએક છે એટલુંજ નહી, પણ સરકારની તારીફ મેળવવાને તેઓ લાએક થઇ ચુકયાછે, અને તે તારીફ તેઓ મેળવી ચુકયાછે. પારસીઓના વારસા હીસા તથા લગન અને તલાક સંબંધી નવા ધારા વીશે મુંબઇની સરકારે તા૦ ૨૦ મી અકટોબર ૧૮૬૩ ને દીને પસાર કરેલા એક ઠરાવ મધેથી હું તમારી આગળ એક ફકરો વાંચી સંભળાઉં છઉં. જુવો કે તે વખતનાં સરકારના વડા સેકરેટરી સર હેનરી લેકન આનડરસન પાસે સરકારે પારશીઓની કેવી સતુતી કરાવીછે. "નામદાર ગવરનર ઇન કાઉનસીલ અતરે નોધ કરવાની પોતાની ફરજ સમજેછે કે નામદાર રાંણીની એવી કોઇ રઇએત નથી" યાદ રાખજો સાહેબો કે માતબર રઇએત વટીક નથી—"એવી કોઇ રઇએત નથી કે જે વફાદારીને માટે, ચંચલાઇને માટે, જાહેર ફરજો સમજવાની શકતીને માટે, ઉદારતાને માટે, દુખ ખમનારાંઓ તરફની દયાને માટે તથા બરીટીશ ઇનસાફની ઇમાનદારી ભરેલી પીછાંણને માટે, પોતાની હાજતોની પુખ્ત અને ઘટતી તપાસ કરાવા ઉપર, મુંબઇ અને મુફસીલના પારસીઓ કરતાં તે કોઇ પણ રઇએતનો વધારે દાવો હોય." હું ખાતરી રાખું છઉં કે જુરી પણ એવુંજ મત આપશે કે તા૦ ૪ થી એપરેલને દીને નામદાર રાં

ણીની આ સઉથી સરસ રઈએતને પકડવામાં આવી તથા પોલીસે તેમની સાથ આવી ચાલ ચલાવી, તે વેળા આ લોકો ઉપલા ઠરાવમા પારસીઓની કરેલી વખાણથી કાંઇ ઉતરતી હાલતમા નહી હતા. કોઇ છાકટા અને તોફાંની શખસોએ છાકટપણામા મસતી તોફાન બંધ પાડવા પછે તેઓને એક કાનસટેબલે બેડીઓ થોકી અને તેમા તે મારયો ગયો, તેનો મુકદમો મેં તમોને કહયોછે, તથા તે મુકદમાં મેધે મી० જસટીસ શીએ તે કાનસટેબલની બેડી થોકવાની ભુલ ઉપરથી આપેલો અજાએબ જેવો ચુકાદો મેં તમોને કહયોછે. પણ ગરહસથો, તમારી આગળના આ મુકદમા મધે તો કાંઈ છાકટોની મારામારી નહી હતી. મી० સુટરે પોતે કહયુંછે કે કોઇ સામે થયું નહી હતું. તે કેહેછે કે "એક જણે મારી ગમ જોયું" એ ઉપરથી જારે મેં સવાલ કીધો કે તમારી ગમ જોવાના ચેહેરાના દેખાવને માટે શું તમે કોઇને ગુનેહગાર ઠરાવશો, તારે મી० સુટર જવાબ દેયછે કે "હું નથી જાણુતો." એતો શું, પણ ગરહસથો, તે માણશે મી० સુટરના મોહ આગળ શરાપ દીધા હતે અથવા ફરીઆદ કીધી હતે તોબી તે કાંઈ ગુનાહ નહી કેહેવાતે, પણ તેણે "સુટર" ના પવીતર નામની અપવીતર નીંદા નહી કરતે તોજ. અગરજો તેણે કહયું હતે કે "જાં———માંજા સુટર" તો તે પેહેલા બોલને માટે નહી પણ અંદર "સુટર" નું પવીતર નામ આવયું તેથી ગુનાહ ભરેલું કેહેવાતે. જોકે કોઈ સામા થયા નહી હતા, તોપણ મી० સુટરે હુકમ કરયો કે "પકડો સરવેને" અને તેથી સઘલાઓને પકડવામાં આવયા. ઘડીભર એમ સમજીએ કે જે તકસીરને માટે આ શખસોને પકડયા અને જે તકસીરને મી० સુટરે પોતાના સાગરીદોને થકી બનાવેલી સવાલ જવાબની કેતાબમાં એક નાહાની તકસીર—જેવી કે હુલડ, સુલેહનો બગાડ, મસતી તોફાન—ગણીછે, તે તકસીરને બદલે આ બંધવાઓનો વાંક જેને ઈંગલંડમાં મોટી ચોરીઓ વાંક કેહેછે તેવો હતે એમ ઘડીભર સમજીએ, તોપણ તેથી એવું નથી ઠરતું કે તેવા મોટા વાંકમા વટીક મી० સુટરે આ લોકોના હાથમા બેડી નાખેલી વાજબી ગણાતે. અગર કુવરજી પરાગજી અને જેકબ જમાલે આ લોકો ઉપર "મોટી ચોરીનો વાંક" મેળયો હતે અને પોલીસે તેમના હાથમા બેડી થોકી હતેતો પોલીસ પોતેજ નહી, પણ કુવરજી પરાગજી, જેકબ જમાલ, મી० સુટર અને (એક ઘાસના તનખાંની કીમતના માણસને સાથે ગણીએતો) મી० બરાઉન પણ જવાબદાર ગણાતે અને આ બંધવાઓ છુટી જવા પછે તેમને બેડીમા નાખવા માટે તેઓને મોટી નુકસાની ભરી આપવી પડતે. "એડજલ અને ફરાનસીસ" નો મુકદમો એ બીના પુરવાર કરેછે (જુવો "જયુરીસટ" નું પુ० ૪, સ० ૩૩૬; વળી

૧, "માર્નીંગ અને ગરેનજર," સફે ૨૫૨) હીઆંની પોલીસ એવું સમજતી નથી કે ધારો નામની એક ચીજ છે, કે જેને તેઓ જવાબદાર છે, કેમકે મોટે ખાંચરેનો તેઓને સારો બચાવ છે. આવી કીસમની ધારાની દલીલો સમજે એવી જુરી ભરવી એ કાંઈ વારેઘડીએ બનતું નથી, પણ હમણા હું તમારી આગળ આ મુકદમાની કેફીએતની અને ધારાની બંને બીનાઓ મેળું છઉં; કારણ કે એક હીંદુના મુકદમા મધે તેની તરફેણની થોડીક દલીલો તકરારને માટે મુલતવી રાખ્યા પછે તે વખતના કામચલાઉ ચીફ જસટીસ સર ચારલસ સારજંટ અને મી૦ જસટીસ બેલીની હજુરમાં જારે તે તપાસ ચાલી તારે એવું બનયું કે "ઓકોનલ અને રાંણી" વચેના મુકદમા મધે આ શાનશાહાતની વડામા વડી અદાલત ઈઆને ઉમરાવોની સભાના ચુકાદા વીશે મી૦ જસટીસ બેલીએ એવા ટીકા કીધા કે તે માતર ફીતુરી ઉમરાવોનો એક ચુકાદો હોવાથી તેને બાહાલ રાખવાને હું બંધાયલો નથી, અને એમ કેહેવા છતાં મી૦ જસટીસ કરાંપટન, જેની ઇનસાફની ખુરશી ઉપરની ચાલને માટે ઘણા હોશીઆર અને કરોધમાન લારડ ડેનમાને શખત ઠપકો આપયો હતો, તેનાં ચુકાદા મુજબ ચાલવાને તેણે (મી૦ જસટીસ બેલીએ) મરજી બતાવી હતી; તેજ મીશાલે અગરજો આ મુકદમો હાઈ કોરટમાં ફરી આવશેતો ઉપર કહેલા ઉતમ ચુકાદાને એકુ જડજ ફરી એવાજ ટીકાઓને આધીન કરે ઈઆ નહી તે હું જાંણતો નથી. એટલા માટે આ દલીલ તમો સીવાએ બીજી કોઈ પણ જુરીને કહી સંભળાવાનો કાંઈ પણ ઉપયોગ હોય તે વીશે મને ઘણો શક બલકે આનાકાની ઉપજેછે; પણ એ અખતરો અજમાવી જોવાને આ ઘણુંકરીને છેલીજ તક છે, તેથી કરીને મારી ધારા સંબંધી દલીલ મેં તમોને એટલી વીસતારીને કહીછે. હવે કાનસટેબલોની સતા બાબે એક બીજી શાહાદત હું ટાંકું છઉં તે "લા જરનલ" ના ૧૧ માં પુસતક મધે આપેલો "બેઓનસ અને બરીઉસટર" નો મુકદમો છે, જે "કુઇનસ બેંચ રીપોરટ" ના ૨ જાં પુસતકને સફે ૩૭૫ માં પણ છાપેલોછે. ખોદાની બખશેશથી એ મુકદમા મધેની બીનાઓનો ચુંકાદો જુરીને સોંપેલો હતો. એ મુકદમો સઉથી મજબુત સાબેતી છે કે આ બંધવાઓ તરફ પોલીસના કાનસટેબલોએ અને અગત કરીને મી૦ સુટરે ગુનાહા ભરેલી બેપરવાઈ બતાવીછે, એટલુંજ નહી પણ પોતાના દવેશભાવ ઉપરથી તેઓએ આ કાંમ કરયુંછે. એ તેમના ખાનગી દવેશભાવમાં કપટ, દુશટ બુધી, પરકોમ ઈઆ પરદીન તરફનો ધીકાર, એવી શુગાંતરી ખાશીએતો પણ અંદર આવીછે કે નહી તે હું કહી શકતો નથી— કે જે ખાશીએતો સપાટી ઉપર માલમ પડી આવતી નથી

તોપણ તે ખરાબ જાતની ખાશીએતો છે. ફોજદારી મુકદમાઓ મધે જુરીના સવંતંતરપણાના કાનુન વીશે ગઇ કાલે બોલતાં હું તમોને કેહેતાં ભુલી ગયો હતો કે જુરીનો આ દરજો લારડ અરસકીનની અથવા લા કોરટોની સતા ઉપર ટકેલો નથી, પણ તેને નેઆએ શાસ્ત્રનો પોતાનો ટેકો છે. મારા ધારવામેલે એવું કેહેવામા આવેછે કે પેહેલા બંધવા માણુકજી દોરાબજી પાસે આ જમીનનો પટો છે એવી કાંઇ શાખશી હજી આવી નથી. પણ એ જમીન ઉપરના ઝાહો પર તેને હક છે તથા તેને પટે આપનારા પારસી પંચાએતની મોલકત તરીકે એ જમીન ઓલખાયલીછે એવી તો શાખસી પડી ચુકીછે. એવું ધારીએ કે તેને આ જમીન ઉપર તાડી છેજવા તથા ફુલ તોડવા અને જમીનની બીજી ઉપજ ભોગવવા સીવાએ બીજા કાંઈ હક નથી, તોપણ એ જગા ઉપર તેના હકમા હરકત કરે એવી રીતે આવતાં ઘરને ભાંજી પાડવાને તેની પાસે પુરતું વાજબી કારણ છે. તમો સારીપઠે યાદ રાખશો કે ખામખા આ જગા ઉપર ધસારો કરનારના લશકરને ઠરીઠામ રાખવા સારૂં ચાલી બાંધી તથા વડા કપટાનને રાખવા કીજે તંબુ નાખવામા આવયો, તથા એ આખી ફોજની ફરજ એમ ઠરાવામા આવી કે જે ખારવીઓ એ જગા ઉપર તાડી કાહાડવાનો દાવો કરતા હતા, તેમને એ જગા ઉપરથી હાંકી કાહાડવા. મી૦ ડફી પોતે કબુલ કરેછે કે આ જગા ઉપર પરદેશીઓની સરેશાતા કરતાં વધારે શંખયા રાખવાનો શબબજ એ કે તાંહાં તાડીના જાહાડ ઘણા છે, કં જે જાહાડોની ખેતી ઉપરથી ખારવીઓને બાહાર કાહાડવાની કુંવરજી પરાગજી અને જેકબ જમાલની ધારણા હતી. એટલા માટે આ ચાલી એક દુશમની ભરેલી ઈમારત થઈ અને તેને દુર કરવાનો ઉપાય એજ કે તેને તોડી પાડવી. તંબુ ઉપર પણ એજ વીચાર લાગુ પડેછે. આ જમીન ઉપર માણુકજી દોરાબજી અથવા પારસી પંચાએતનો હક છે તો અગર ચાલીની અંદર કોઈ ચીજ હોવા છતાં પણ તે તોડી પાડેલી વાજબી હતી. મીલકતના ભોગવટા ઉપર હક ધરાવનારને હરકત થાય એવાં બાંધકામને તોડી પાડવું વાજબી છે, પણ જેને હરકત કરી હોય તે મીલકતના ધણીએ તેમા ઘુસી આવેલાં માણસોને બાહેર નીકલવાની આગમચથી ખબર આપવી જોઇએ તથા તે ઘર તોડી પાડવાની તેની ધારણાથી અંદરના માણસો વાકેફગાર હોવાં જોઇએ. "ડેવીસ અને વીલીઅમ" ના મુકદમા મધે એ બારીકી નોંધેલીછે. (જુવો ૧૬ "કુવીનસ બેંચ", સ૦ ૫૪૬). આ હાલના મુકદમાં મધે જમીનની કાંઈ નહીતો ઉપજ ઉપર માણેકજી દોરાબજીનો હક કબુલ રાખવાંમા આવયોછે. મી૦ સુટર પોતે કબુલ કરેછે કે છેક ૧૮૬૪ મા એ

મીલકત ઉપર પંચાએતે દાવો ઉઠાવયો હતો, અને તા૦ ૪ થી એપરેલને દીને માણેકજી દોરાબજી પંચાએતના વકીલ જેચો હતો. મી૦ પીલ, જેની પોતાના કુલ તરફની એક ખાનગી વકીલ તરીકેની ઉલટ પુરતી રીતે વાજબીછે, તે મી૦ સુટર પાસ જાયછે અને કેહેછે કે— "આજે બપોરના ૧ વાગતે મારાં કુલો જબરીથી દાખલ થઈને કબજો લેવા જવાનાછે, અને હું આશા રાખું છઉં કે જેઓ કબજો ધરાવા માગેછે તેઓની સામે સુલેહની જાલવણી કરવા તમે પોલીસના માણસો આપશો, કેમકે અમે એવી વકી રાખીએ છઈએ કે જારે અમે તે મીલકત ઉપર ઘુસીસું તારે તેઓ અમારી સાંમે થશે." મી૦ સુટર કેહેછે કે "હા—ખચીત." બીજે દાહાડે, બીજી બોરદુ વાલા મી૦ સુટર પાસે જાયછે, અને કેહેછે—"આ જગાનો કબજો અમારો છે, અને આવતી હરકતોને અમે દુર કરવા માગીએ છઈએ." પણ મી૦ સુટર કેહેછે "જો તમે એમ કરશો અને તેથી જો મારામારી થશે, તો હું તમોને કેદ કરશ." મી૦ નસરવાનજી કેહેછે કે "કાંઈ નહીતો તમે બેહુને સરખો ઇનસાફ આપો. જેમ તમે તેઓનો બચાવ કરયો તેમ અમોને પણ આસરો આપો." મી૦ સુટર કેહેછે "નહી, પણ પોલીસને હું મારા પોતાના હુકમો આપશ." હવે ગરહસથો, જે જગા ઉપર ધારા પરમાણે પોતાનો હક નહી તે જગાનો કબજો એક જપાટાએ પોતાના સવાધીનમા લેવા સારૂં એક બાજુએ મી૦ સુટર અને બીજી બાજુએ તે ડોલધાલુ દાવાદારો વચે આ એકકરાર નહીતો એ બીજું શું છે? હું કહું છઉં કે આ ટંટામાં કાન સટેબલો અને મી૦ સુટર પેહેલેથી છેલે સુધી ખોટું, ખોટાંની ખરાબમા ખરાબ સમજ મુજબ ખોટું કરતા આવયાછે! આ ધણી સુટરની દુશમની તો જુવો! પારસીઓએ ઘેરી લીધેલી પવીતર જગામાં તે ઘોડાપર બેસીને જબરીથી પોતાનો રસતો કરેછે! હું કહું છઉં કે ઘોડાપર બેસીને હો! કોઈ કોઈ શાખસીની જુબાની ઉપરથી માલમ પડેછે કે તાંહાં મી૦ સુટર સીવાએ બીજા પણ બે કે તરણ સવાર નામના સુરા સીલેદાર હતા. પણ એટલાંથી શંતોશ નહી પકડીને મી૦ સુટર બીજું એક કામ—જે કેટલું અણઘટતુંછે તે હું હમણાજ તમોને દેખાડી આપશ—એ બજાવેછે કે સગરીના ઓટલાની ઢેલાવદાર ચહડાંણ ઉપર ઘોડાને હાંકી જાયછે—જે પવીતર ધરમા પારસીઓ પોતાને પવીતર કરવાની કીરીઆ કરેછે તાંહાંજ. હું મી૦ સુટરને પુછું છઉં કે "તમે એમ કાંએ કીધું?" તારે તે કેહેછે કે "મારા ઘોડા ઉપરથી ઉતરવાને મને ઘણી તસદી પડતી હતી." એ ઉપરથી મેં જે કહયું તે આબાદ પુરવાર થાયછે કે એ માણશ બીસનીખોર, તુંડમીજાજનો અને નબલો છે, અને એવું સમજેછે કે હું જેમ ચાહું તેમ

કરી શકું. હું જાણવા માગું છઉં કે મોટાં દેવલની અંદર કોઈને પકડ વાને બાંહાંને અકબરઅલીખાન બાહાદુર અથવા કોઈ પણ દેશી પોલીસ વાલો દેવલમાં એજ પરમાણે ચહી આવેતો તેને માટે શું કેહેવામા આવશે? હવે હું જે વાંચી સંભળાઉં છઉં તે સાંભળજો. એ ઉપ રથી તમોને જણાશે કે પારસીઓ પોતાના ગુજરી ગયલાઓને અવલ મંજલ લઈ જવાના તથા ગુજરી ગયલાંના રવાંનને માટે બંદગી કર વાના પવીતર કામને માટે હેલાએદી કાહાડેલી જગા તરફ કેટલું માન ધરાવેછે. (હીઆં વંદીદાદના ઈસપીગલે કરેલા તરજુમાની છેલી આવરૂ તી ઉપરથી ૮ મી ફરગરદમાથી વાંચીઉં.) એ ઉપરથી જણાયછે કે જે ધણી રવાંનોને લઈ જાયછે તે એ કામને ગોયા અરપણ કરેલો હોયછે. તે દોખમાની અંદર જઈને ગુજરી ગયલાંનાં શરીરને મેંળી આવેછે, પણ બીજા કોઈ પણ પારસી સાથ તે વેહેવાર ચલાવી શકતો નથી. એના બીજા હાથ ઉપર વળી જે પારસીઓએ લાશને ઉચકવામાં ભાગ લીધો નહી હોય, અને જેઓને હીઆં અશો આદ મીઓ કહેલાંછે, તેઓને મના કરેલીછે કે રવાન મુકેલું હોય તેથી ત રણ કદમ કરતાં વધારે આગળ કોઈએ જાવું નહી. હું એમ સમ જું છઉં કે રવાનને લઈ જનારાઓને મુવેલાં તરફ અશો ગણ્યાછે, પણ બીજાં કારણોસર નશો ગણ્યાંછે, અને તેથી પોતે પાછા ચો ખ્ખા થવા વગર માણુશ જાત સાથ વેહેવાર રાખવાની તેમને મના કરે લીછે. એટલા માટે ચોખ્ખાં થવાના કામ સારૂં સગરીઓ બાંધેલી હો યછે. ગરહસથો, "સરકાર" એવા ભરમના નામથી દરએક જણને આ દેશમા ઓળખવામા આવેછે, પણ આ બાબતો સંબંધી તેઓનું હેવાન નના જેવું અગ્નાનપણું તથા એ ચીજોનો વીચાર કરતી વેળાનું તેમનું બેદ કારપણું હું સારી રવેશે સમજું છઉં. લોકોની આવી પાક ચીજો બાબે આપણું માન ઓછું થતું જાયછે અને તેથી હીંદુસતાંનમાંથી આપ ણ દરરોજ આપણો લાભ ખોહોતા ચાલીએ છઈએ. અને તોપણ આ પવીતર જગામાં મી૦ સુટરે ઘોડે બેસીનેજ ચહી જવું જોઈએ! મ ને એવું દીસેછે કે તે તાંહાં ખુદ બંદગી કરનારાઓની ઉપર ઘોડા સા થ ચાલી જવા નીકલયો હતો, અને પોતાના પવીતર મકાન તરફ તે ને ઘોડા સાથ આવતો જોઈ પારસીઓ કરોધના મારયા કાંઈ પણ મા રામારી, ધાટકીપણું ઇઆ પાપ કરવાને ઉસકેરાયા હશે, એમ હું મા રી તરફથી વીચારી શકું છઉં. આવી ચાલ ચલાવા માટે તેને (મી૦ સુટરને) ધડો મળવો જોઈએ અને હાલના મુકદમા મધે જો તમે તેને પુરતો ધડો આપશોતો હું તમારી ખાતરી કરૂં છઉં કે એક બીજી જ ગા ઉપરથી પણ તેને સારો ધડો મળશે. પારસી ધરમને લગતી જે હકીકત મેં તમારી આગળ વાંચી સંભળાવીછે, તે જો બરાઉન અને

બીજા પોલીસવાલાઓ જાણતા હતેતો તેઓ સમજતે કે આ જશનને દીને પારસીઓની મોટી શંખ્યા તાંહાંના બાગ મધે કાંએ ભેગી મળી હતી? કારણ એટલુંજ કે દોખમાઓથી ૩૦ વાર સુધીમાં તેઓને બંદગી કરવાનું ધરમનું ફરમાન નહી હતું, અને તેઓ બાગ મધે ભેગા મળયા એટલી એકજ બીના ઉપરથી પોલીસ સમજતે કે તેઓની મતલબ તાંહાં એબાદત કરવાની હતી. હું ધારૂં છઉં, કે પોલીસવાલાઓને એ સઘલી ખબર પુરેપુરી હતી. લોકો હાથમાં લાકડી લઈને એબાદત કરેછે કે નહી તે બાબે ગુરખાઈ ભરેલા સવાલો પુછવામાં આવયાછે અને ગુરખાઈ ભરેલા જવાબો આપવામા આવયાછે. એમ કાંએ, ગરહસથો? હું હીમતથી કહું છઉં કે લાકડીઓ અને અગત કરીને એક ઘણી સાધારણ લાકડી, જે છતરીને નામે ઓલખાયછે, તે લઈને ઘણાક સાહેબ લોકોને તમે એબાદતઘામા જતાં દીઠા હશે. હવે ઉપલે દીને પારસીઓના હાથમા છતરીઓ નહી હતી, એવી કાંઇ શાખશી પડી નથી; સીવાએ કે મા કડરમાટની જુબાંની, જેમા તે કેહેછે કે છેક પાઆ માઈલ દુર ઉભો રહીને તેણે દીઠું કે પારસીઓ હાથમા લાકડીઓ લઈને જમીન ઉપર બેઠા હતા. તમો જાણો છો કે ડુંગર ઉપરથી ૧૫ બારવતીઆના વાંસા, એક પહરાઈ, એક કોહાડી અને એક પાવરો મલી આવયા હતા અને શાખશીમા એવું માલમ પડયુંછે કે એ સઘલાં ડફીના પોતાના હતાં. ચુનો કુટવાના વાંસા જે ડફીએ પોતાના તરીકે બાહાલ રાખયાછે, તે સઉ મલીને ૨૭ લાકડીઓ હતી. તારે ૩૦૦ ઇઆ ૪૦૦ પારસીઓમાના સઘલાઓના હાથમાની લાકડીઓ કાંહાં છે? આ મુશકેલીને મટાડવાને ફરીઆદીની તરફ વાલાઓએ કેવી કંગાલ કોશેશ કરીછે, તે તમોને યાદ હશે. જમાદાર કેહેછે કે કંપાઉંડની દેવાલની ઉપરથી લાકડીઓને માહે ફેંકતાં તેઓએ પારસીઓને દીઠા હતા; પણ, ગરહસથો, એ ઘણું ભય ભરેલું જુઠું હોવું જોઇએ, કેમકે હવાલદાર અને જમાદાર તો પોતાનીજ શાખસી મુજબ લાકડીઓ એકઠી કરવા માટે પછવાડે રહયા હતા, તારે તેઓએ આ લાકડી ફેંકાતી જોઇ નહી હોય. ૧૫૦ થી ૨૦૦ માણસો સઘલાં લાકડી લઈને ચીસ પાડતા તથા લાકડીઓ ઘુમાવતા ઘસારા બંધ આવયા તથા એટલાજ માણસોનું એવુંજ મજબુત અને એવુંજ હથીઆરબંધ ટોલું તેમને બીજું આવી મલયું એ વાત સાથ ઉપલી બીના કેટલી મળતી આવેછે? મેં આગળ કહયું તેમ ધારાના અગતના સવાલો તથા રઈએતના માહાબારત હક જો આ મુકદમા મધે નહી હતે, તો "ટોપાટની અંદર તોફાંન" (પાહાડમાના ઉંદર) ને આ બીના એટ

લી મળતી છે, કે હું એક બોલ વધારે નહી બોલતે. નામદાર રાંણીને આ ફરીઆદી ચલાવાની કોણે સલાહ આપી તે હું જાણતો નથી, પણ મારે કેહેવું જોઇએ કે એ નામદારના સલાહ આપનારાઓ સરે સતા કરતાં વધારે લોથીઆ છે. (હીઆં સાલકેલડના રીપોરટના પુ૦ ૨ જાં, સ૦ ૪૫૮ મેનો "મેલોર્ની અને આરનાલડ" નો મુકદમો મી૦ આનસટીએ ટાંકી બતાવયો.) આ સઘલા મુકદમાઓ દેખાડી આપેછે કે મીલકતની ઉપર ઘુસનારને ભાંજફોડથી દુર કરવાના કાનુનને, ફરીઆદીની બોરકુ ગમે એટલો તોડી પાડેછે, તોપણ એ કાનુન નજીવો નથી; અને પોતાની જગા ઉપરથી તંબુ તથા ચાલીને ભાંજી પાડવા જેણેબી પારસી પંચાએતને સલાહ આપીછે, તે હું કહું છઉં, કે "લાહેર" દાખલ સરસ છે, અને તેની સલાહ પુરતી રીતે વાજબીછે. હવે હું તમારી આગળ મારી નોધમાંથી થોડુંક વાંચવા માગું છઉં, પણ તેની આગમચ હું તમોને ફરીથી અરજ કરૂં છઉં કે "બનાવેલી" સઘલી શાખશીને તમારાં મનમાંથી દુર કરજો. જેમકે તમારી હજુરમાં કેહેવામાં આવયું હતું કે આ મારામારીમા આગેવાન તરીકે પાંચા જણાઓને પુરવાર કરવામાં આવશે; પણ, સાહેબો, એ વાત એકબી શાખશીએ કહી નથી. આગેવાન તરીકે એક બે શાખશીએ પેહેલા બંધવાને બતાવયોછે; બીજા એક બે જણાઓએ પેહેલા તથા બીજાને સાથે બતાવયાછે; પણ એકબી શાખસી એવું કેહેવાને બાહેર પડયો નથી કે લોકોને ઉસકેરવામા એટલા સીવાએ બીજો કોઈબી પારસી સામેલ હતો. તમોને એવું માનવા કહયુંછે—અને મને ભય છે કે તમારા મનમા તે યાદ રહયું હશે—કે જારે બટાકી વગાડીને પછે બરાઉન તથા તેના પુછડાંઓ અને જોડીયાઓ, કુવરજી પરાગજી અને જેકબ જમાલ પાછા ફરતા હતા, તારે માણેકજી દોરાબજીએ મીલકત ઉપરના પોતાના દાવા સંબંધી તથા સુરંગ ફોડવાનો પરવાનો આપવા સામે પોતાના વાંધા સંબંધી કસો ખોલાસો કરયો નહી; પણ તે એટલુંજ બોલયો કે "આ લોકો મારાં ઝાડોને નુકસાન કરેછે અને હું તેમની ચાલીને નુકસાન કરશ." મારો કાબેલ મીતર મી૦ સટારલીંગ મને દેખાડેછે કે મી૦ બરાઉને તે વેળા પેહેલા બંધવાને સવાલ પુછયો, એટલા ઉપરથીજ માલમ પડેછે કે આ મીલકત ઉપરના ફેરફાર સાંમે વાંધો લેવાનો માણેકજી દોરાબજીનો હક તે (મી૦ બરાઉન) જાણતો હતો અને મારી ખાતરી છે કે તેણે માણેકજી દોરાબજીને જેવો સવાલ પુછયોછે, તેવો સવાલ તેણે મને ઇઆ તમોને કદી પુછયો નહી હતે. માર ખાનારા તરીકે હાજર થયલા પુરૂશો, દાહાજેલા પગવાલો જાનુ અને કપાયલા હોટવાલો સદાનશાહ વીશે તમોને કેહેવામા આવયુંછે. એ શખસો વીશે ફરીઆ

દીના હીમાએતીએ જે બીનાઓ કહી તે ઉપરથી શાખસી કેમ "બનીછે" તે માલમ પડેછે. સદાનશાહ એટલું નહીં કહી શકતો કે તેનો હોટ કાપનાર પારસી હતો કે મુસલમાન, તેની જુબાની ઉપર તમારા મનમા છેકો મારવાની હું તમોને અરજ કરૂં છઉં. એવું કેહેવાયછે કે પોતાને નુકસાન થવાથી તેણે પોલીસ આગલ ફરીઆદ કીધી. પણ ગરહસથો, એણે તેવું કાંઈજ કરયું નથી. તેની શાખશીમાં શું છે? એટલુંજ કે તેના ઉપર જુલમથી ફરજ પાડવાથી તેણે પોલીસમાં એક જણને દેખાડયો હતો. પોલીસમા કરેલી ફરીઆદ તે એનું નામ. ગરહસથો, ફરીઆદી તરફના હીમાએતીએ જુરીની આગળ ભાશણ કરવાની એ રીત નથી. મી૦ વીલકાકસનો પલાન જે રજુ થયોછે, તે તદન નકામો છે. પોતાના દેશમા દુકાલ પડવાને લીધે નાહાસી આવેલા ઘણાક ઈરાંણી પારસીઓએ અતરે જે ધરમશાળામા આશરો લીધોછે, તે માતર દોખમાથી પાંચસો ઈઆ છસો કદમ દુર છે, અને તેઓનું નજદીકમા નજદીક એબાદતખાનું દોખમાવાલી જગા છે. મી૦ બરાઉનના બંગલા આગળ પકડેલો એકેએક જણ જેમ દોખમે જતો હશે, તેમ બાબુલનાથના મંદીરમા, દરીઆવ તરફ, વાલકેશવર અથવા ખંબાળા તરફ પણ તે જતો હશે. તમોને એવું સમજાવાની કોશેશ થઈછે કે મજગામની આફીસમા જે ૬૧ શખસોને છોડી મેળયા હતા તેઓ પોતાના હમજાત કુવરજી પરાગજી તથા જેકબ જમાલના માણશો નહીં હતા, એટલુંજ નહી પણ તેઓ પારસીઓના નોકરો હતા. આ દેશના વતનીઓનો રાજ તરફ ચાહા વધારવાની રીતતો એ ખાશી, કે જેથી જારે રૂશીયાનો અથવા તેમની આગળના હલકારા આફઘાનો આપણા ઉપર આવી પડે તારે એ દેશીઓ આપણને મદદ લાગે! દેશીઓ તરફ આવી ચાલ ચલાવામા ઉમદા રાજનીતી હશે, પણ એ માતર હેબતાવાની રાજનીતી છે, એ કાંઈ પેઆરની રાજનીતી નથી. આ ૬૧ માણસો તરફ મી૦ બરાઉને અને મી૦ સુટરે પાછળથી જે વલાણ પકડી તે ઉપરથી તદન ખોલું દીસેછે કે એ ૬૧ જણ પારસીઓના રાખેલા નહી હતા. જમાદાર હુજતથી કેહેછે કે તેઓ સઘલા દોખમાઓ તરફ જતા હતા, પણ જો કે પોલીસે બે દાહાડા સુધી તેમને પોતાના હાથમા રાખયા તોપણ તેઓમાના એકેબી કબુલ નહી કીધું કે તેઓ દોખમા તરફ જતા હતા. એક હેબતનાક બલવો થવાની તઈઆરીમાથીજ પકડાઈ આવયો એવું દેખાડવા માટે આ ૬૧ જણાઓને ઉભા કરવામા આવયા, કે જે બલવાની વચે જાને કે તેમને લડાએક પારસીઓએ મારી નાખ્યા હતે, અને તે ભયંકાર આફત જાને કે માતર મી૦ બરાઉનની જાતી બાહાદુરી અને દાહાપણથી કરીનેજ અટકી પડી.

શાખસીના પીંજરાંમાં આવી ગયલો સઉથી હુલર શાખશી મી૦ સુટર છે, જે તા૦ ૨૯ મી મારચથી તા૦ ૪ થી એપરેલ સુધીમા બનેલા સઉથી સેહેલ વાતો "મને યાદ નથી" એટલીજ માતર શાખશી આપી શકેછે, તે કેહેછે કે તે ૬૧ જણુને છુટા કરવા આગમચ તેમની સામે કાંઈ પણ શોધી કાહાડવાને તેણે સઘલી કોશેશ કીધી. કેમ તારે, ગરહસથો, એજ નીઅમ ઉપર મી૦ સુટર તમોને અને મને કાંએ નહી કેદ પકડે તેનું કાંઈ કારણ નથી. પોપરી વળી ગયલાં દુધની પેલી વાંણી—મુંબઈની પરજા—ને માન ભરેલાં કાંમ સરખી કાંઈબી વાતને માટે ઉસકેરવી કેટલી મુશકેલ છે, તે હું જાણું છઉં, પણ જો એમ નહીં થશેતો ઘણો વખત જવા અગાઉ પોલીસ આપણા ધણી થઈ બેસશે! જારે બરાઉન તા૦ ૪ થી એપરેલની સહવારે સુટરની પાસે ગયો, તારે તેણે એમ કહયું હશે—"સઉ ઠીક છે; તેઓનો એક જથો હાલ કંપાઉંડમાં છે; જમાદારની આપેલી ખબર ઉપરથી હું સોગંદ ખાવાને તઇઆર છઉં કે હુલડ થવાનું છે. માટે હું શું કરૂં!" સુટર જવાબ દેયછે કે—"જાઓ અને આપણા મીતરો જેકબ જમાલ અને કુવરજી પરાગજીનો બચાવ કરો." જમાદાર કેવી આબરૂનો માણસ છે? તે આ મુકદમાનો સઘલો જીવ અને જીવનગાળો છે. અને હું ફરીથી કહુંછઉં કે ચોરીના શક ઉપરથી એકવાર તે એક પખવાડયું સુધી સસપેંડ રહેલો છે. હવાલદાર વીશે વીચાર કરો. તેના ઉપર ચોખા ચોરવાનો શક લઇ જવામાં આવયોછે. તમો જુરીના ગરહસથો સેહેલથી જોઇ શકશો કે ડુંગર ઉપર ઉભો રહીને કંપાઉંડની અંદર પારસીઓનું ટોલું જોવાની જે જગો બાબે તેણે સપત લીધાછે તે ખોટા સપત છે. શાખશી જાનુંએ છેક બાલ વએથી શેરીફની આફીસમા નોકરી કરેલી છે, માટે તેણે પોતાના એ સંબંધથી ગોયા બદીની વીદીઆસાળા ("યુનીવરસીટી") માં સનદ્દ મેળવેલી છે, અને તેની શાખશી મુદલ ભરોસો રાખવાજોગ નથી. આ જાનુ એકવાર પસતાકીઓ થયો અને બીજીવાર પોપટ વેચનાર થયો. તેણે કદાચ કુતરા ખોહયા હશે અને બીલાડીઓ પણ ખોહી હશે અને અગત કરીને છેલાંઓને માટે મને એના ઉપર ઘણો ધીકાર છુટેછે. આ વાત અગત કરીને નોધવા જોગ છે કે તે કેહેછે કે હુળડની વેળા મને એક પારસીએ પગ ઉપર જખમ કરયો, પણ તે જખમ પોલીસના સીપાઇ સીવાએ બીજા કોઇને તેણે દેખાડયા નહી. હવે આ બંધવાઓને બેડી પેહેરાવા વીશે હું મજબુતીથી કહું છઉં કે તેમને ચોકીમાં સાથે લઈ જવા માટે મી૦ સુટર પાસે પોલીસની ફોજ તેજ વેળા પુરતી હતી, અને તેથી આ બંધવાઓના હાથમા બેડી પોવાનો તેની પાસે કાંઇ વાજબી શબબ નહી હતો. દાંત સુધી (માથાંથી પગ

સુધી) હથીઆર બંધ થયલા, પોલીસના તીસ માણસો, બે તરણ સ વારો—મી૦ સુટરને આપણ સવાર કહી શકતા નથી, કેમકે તેતો વેલાતી ઘોડા ઉપર ચઢેલો હતો અને તેથી જેમસ રાજાની ભાશામા તેનેતો આપણે સીલેદાર કેહેવો જોઈએ—એટલો રસાલો, હું કહું છઉં કે, આ નીરદોશ અને નીરઅપરાધી પારસીઓને પોલીસ કોરટમા લઈ જવા માટે પુશકલ હતો. વળી આ બંધવાઓને સઉથી ટુકે રસતે લઈ જવામા આવયા નહી હતા; પણ તેમને બેડીઓ સાથે ફેરવવા લઈ ગયા હતા, કે જેથી તેઓ આખી આલમના જોવામા આવે. તેઓને મોટો ચકરાવો આપીને મજગામ લઈ જવાનું આ કામ ધારાને ઘણી બેહોરમતી સાથ તોડવા સરીખું છે. હમેશાં એવું દેખાડવામા આવેછે કે જે ધણી આવી રીતે ધારો તોડે તે ઈંગરેજી ધારા પરમાણે પારકાના હક ઉપર તરાપ મારનાર ઠરેછે, અને તેના હાથમા અગર કાયદાસર વારંટની સતા હોય તોપણ એવી જાસતી ચલાવાનો તેને હક નથી. હવે હું પેસતનજી નસરવાનજી, તે મીશીઅરસ કરેગી, લીંચ અને ઓવન વકીલોના કલારકના મુકદમા ઉપર આઉં છઉં. તેના શેઠોના કુલ પારસી પંચાએત તરફથી કુવરજી પરાગજી અને જેકબ જમાલ ઉપર માહેલી ફરીઆદીની નોટીસ આપવા સારૂં આ બંધવાને તેના શેઠોએ ડુંગર ઉપર મોકલયો હતો. તેની સાથ પોલીસે ઘણી શરમ ભરેલી ચાલ ચલાવીછે. પોલીસે આ બીચારા બંધવાના ખીસાં વટીક ખાલી કીધાં, તેના કાગલીઆં અને ચીઠીઓ કાહાડી લીધાં, અને તેમાનાં થોડાં પોતાની પાસે રાખયાં અને થોડાં પાછાં આપયાં. તેનું કારણ શું? પોલીસે એમ કાંએ કીધું? કેમકે તેઓ સારીપઠે જાણતા હતા કે આ બંધવાના ખીસામાં એક નોટીસ હતી; અને તે પુરાવાનો તેઓ નાશ કરવા ચાહતા હતા. અગરજો તે દસતાવેજ જાલવી રાખવાને મી૦ સુટરે હુકમ આપયો હતે, તો આ માણશનું નીરદોશપણું ખોલલું જણાતે; કેમકે અગરજો તે એવું ધારતો હોય કે તે વેળા કુવરજી અને જેકબ ડુંગર ઉપર હતા, તો આ નોટીસ પોંહોંચાડવા સારૂં ડુંગર ઉપર જવાનો તેને પુરતો હક હતો. અને શાખસો ઉપરથી દેખાયછે કે તેઓ તે વેળા ખરેખર તે જગાથી જાજા દુર નહી હતા. હવે ગરહસથો, મી૦ સુટરે આપેલી અજાએબ જેવી શાખસી ઉપર હું તમારૂં ધેઆન દોડાવા માગું છઉં. પારસી પંચાએતની તરફથી મીશીઅરસ કરેગી, લીંચ અને ઓવને સંભાલથી તઈઆર કરેલો એક દસતાવેજ મારા કુલોને મળયો અને તે દસતાવેજ ઉપરથી મેં મી૦ સુટરને સવાલો પુછયાછે અને હવે હું તમોને પુછું છઉં કે જેવા તેણે મને જવાબો દીધાછે, તેવા જવાબ શું કોઈ પણ માન ભરેલો ગરહસથ દઈ શકે? તેણે કહયું કે પારસી પં

થાએતના સેકરેટરીએ મને કહયું હતું કે કોઇએં અમારી જગા ઉ પર ધસારો કીધોછે ઈઆ કરવા ધારેછે અને (મીo સુટર કેહેછે કે) હું ધારૂં છઉં કે "તેણે મને કહયું કે તે માણસો કુંવરજી તથા જેકબની નોકરીમા હતાં." કેવો ભલો, નીરદોશ અમલદાર ! પારસી પંચા તનો સેકરેટરી ખરેખર એમ બોલયો હતો કે નહી, તેની તેને ખાતરી નથી—તે માતર એમ ધારેછે. ગરહસથો, અગરજો મીo સુટરને એવા સપત આપયા હોય કે તમારે "સાચું બોલવું, સઘલું સાચું બોલવું અને સાચાં સીવાએ કાંઈ નહી બોલવું" તો હું કહું છઉં કે તેવા સપત તલે આ ખોટી સાહેદી આપીછે. અગર પોલીસની સામે ફરી આદ કરવા સેકરેટરી મીo સુટર પાસ નહી જાયતો તેને જવા માટે બીજું કારણબી શું હતું ? અને તોપણ આ ઘણો સાચો ગરહસથ, કે જે હું ધારૂં છઉં કે મરી જવા અગાઉ કોઈ એક ઇઆ બીજે દા હાડે કાઉનસીલનો વડો મેમબર થશે, તે કેહેછે કે "આ મીલકત ઉપર ધસારો કરનારાઓ સાથે પોલીસ ગઈ હતી, તે બાબે સેકરેટરીએ મારી આગળ ફરીઆદ કીધેલી મને યાદ નથી." તાo ૫ મી આગસટ ૧૮૬૪ ને દીને જારે તે પોલીસનો ડેપયુટી કમીશનર હતો, તારે તેને જોગ લખેલાં એક કાગજ વીશે તેને પુછવામા આ વયું, જેનો તે આવો જવાબ આપેછે—"મારાં દફતરોમાં એ કાગજ જડયો નથી." કાંઇ નહીતો ૫ મી ડીસેમબર ૧૮૬૫ ની તારીખનો સુપરીનટેનડંટ લાકલી જોગનો કાગજ તેની પા સે માગવામાં આવયો, તારે વળી તે અજાએબ જેવો જવાબ આ પેછે—"તે કાગજ મળતું નથી. મીo લાકસલીતો ગયોછે." ગરહ સથો આ એક હીકમતછે, ઘણીજ બદ દેઆનત જાતની તાલમેલ છે. સવાલ એ છે કે ૧૮૬૪ માં મીo ફારજેટ, જે મીo એડજીંગટ ન સીવાએ આપણી પોલીસનો સઉથી સરસ કમીશનર થઈ ગયોછે, તેણેજ માતર નહી પણ મીo સુટરે પોતે પણ તલાસ કીધા પછે આ દાવા ઉપર પારસી પંચાએતનો હક કબુલ રાખયો તથા સામાં દાવા દારોને બાતલ કીધા હતા, એ વાત ખરી છે કે ખોટી છે ? અગરજો માગેલાં કાગજો રજુ કરયાં હતેતો આ જમીનના કકડાના કબજા ઉપર માંણેકજી દોરાબજીનો હક તથા માલેકી ઉપર પારસી પંચાએતનો હક સાબેત થતે એવો જે સાર હું હમણાં કાહાડું છઉં, તે સાર કાહાડવા ને કાંઈ શબબ નથી એવું દેખાડવાને સાંમી તરફથી મીo ફરગયુસ ને એ કાગજો બાબે કાંઈ બીજી ઉતરતી શાખસી વટીક રજુ કરી ન થી. મીo સુટર કેહેછે કે મેં આ જગા તપાસી હતી ખરી અને પ છે એવો ઠરાવ કરયો કે મારે એની વચે જવું નહી જોઇએ. એક સરકારી અમલદાર પોતાની ફરજોને માટે ઘણોજ ખંતી હોય તે એટ

લો મોટો વીચાર નહી બાંધે, પણ એટલાબી વીચારને જો તે હંમેશાં વલગી રેહેતેતો આ ફરીઆદ કરવાને કારણ પડતે નહી. હવે મી૦ નસરવાંનજી બેહેરાંમજી સાથની મુલાકાત વીશે મી૦ સુટર કેહેછે કે "મને યાદ છે તે મુજબ આ જમીનની માલેકી બાબે કાંઈ પણ ખોલાસો સાંભળવાને મેં ના પાડયું." ખરેખર, ગરહસથો, આવાં આ પખુદ કાંમકાજ બાબે મુંબઈના પાલેલા કુતરાઓ જાહેર સભાઓ ભરતા નથી અને કાંઈ તોફાંન મચાવતા નથી તે જોઈ હું અચરત થાઉં છઉં. એક ઈંગરેજ ગરહસથ ઈંગલંડમાં આવી રીતે શાખસી આપેજ નહી. પણ આ દેશની હવાજ ગોયા અપવીતર થઈ હોય એવું દીસેછે. હું કહું છઉં કે મી૦ સુટર પોતાના હોધાને માટે નાલાએક છે. જે કામ કરેછે તે દાહાપણ ભરેલુંછે કે ગેરવાજબી છે, તે બાબે ઘટતો મારગ માલમ પડે એટલા માટે જે કાંઈ ખોલાસો મળે તે સાંભલવાની તેની ફરજ છે. મને એવો ખેઆલ નહી હતો કે આ હોધે ચહી બેઠેલા કાકાપારેખો પોતાના હદથી જીઆદે વધારી મુકેલા પગાર જે આબરૂદાર લોકોના પઈસાથી મેલવે છે તેવા રઈએત અને કર ભરનારાઓને તેઓ એમ કહી શકતા હોય કે—"પેઆરા સાહેબ, જગાની માલેકી વીશે તમે જે ખોલાસો કરોછો તે હુ સાંભળવાનો નથી. એ હલકી, લુખી ધારાની બાબતો છે, જાઓ તમારા વકીલ પાસે, હંઈથી બાહાર જાઓ." અગરજો આ સઘલો ખોલાસો મી૦ સુટરે સાંભળયો હતેતો તા૦ ૪ થીએ જેવો તે બેવકુફ બનયો તથા જેવી તેણે ચાલ ચલાવી, તેવો તે બનતે નહી; અને તેણે પોતાના કરતાં પોતાના માણસોને વધારે બેવકુફમા બનાવયાં તેમ બનાવતે નહી. મને એવું કેહેવામા આવયુંછે કે સગરી આગળની સીહોડી નાહના ફતરોની બનાવેલીછે, અને એતો કાંઈ ખોદાની બખશેશ થઈછે કે મી૦ સુટર અને તેના ઘોડાના ભેગા બોજા તલે તે આખી સીહોડી ભાગી પડી નહી, તથા તે પોતાના ઘોડા સાથ જમીન દોસત થયો નહી—કે જેમ થતેતો ઓછી પીડા ગણાતે. ઉલટ પાલટ તપાસમા મી૦ સુટર કેહેછે કે "એક પારસી જે મને મળવા ચાહાતો હતો, તેણે મારી ઉપર કારડ મોકલયો; મેં તેને મલવા ના પાડયું અને કહયું કે હું કોઈને મલનાર નથી." આ બીના ઘણો ભપકો મારેછે, પણ હું ધારૂં છઉં કે પારસી પંચાએતનો સેકરેટરી મી૦ સુટરને આખોને આખો વેચાતો લીએ તેમાનો માણસ છે, અને ચોકસ માણસોની નજરમાં આબરૂની કસોટી એજ હોય છે. "હું કોઈને મળનાર નથી." ભપકોતો ભારી છે, પણ એ સુકા ભપકાના ઢોલ ઉલટું છે, એવું ખચીત મને દીસતું નથી. પણ વળી આ બેહુંદાપણાને વધારે બેહુંદું કરવા માટે, ઉપલો ઠરાવ જાહેર કરવા પછે તરતજ તેણે બીજા બે પારસીઓ

ને પોતાની પાસે મળવા આવવા દીધા. હારી હાટસપરના બોલોમા બોલું તો "ઉમદા ઘોડેસવારીની ખેલવતબાજીથી દુનીઆંની આંખમાં નજરબંદી ચલાવા માટે" શીહીડી ઉપરથી ઘોડો ચહડાવી લઇ જવા ૫ છે આ બે પારસીઓની મુલાકાત થઇ હતી. હવે એ સઘલી બીના ઓને પેલા વકીલના કલારકને કેદ પકડવાની બીનાની સાથે મેળો. તેને એટલા માટે કેદ પકડયો કે તે ફરીઆદીની નોટીસ સાથે આ વયો હતો; નહીતો કે તે નોટીસ તેના ગજવામાં છે એમ મી૦ સુટરે ઈઆ મી૦ વીનસેંટે ઈઆ મી૦ બરાઉને કેમ જાણયું ! તે દસતાવે જ કાંહાં ગુમ થયોછે ! તે મળી શકતો નથી. તા૦ ૫ મી આગસટ ૧૮૬૪ નો મી૦ સુટર જોગો કાગજ જે રસતે ગયો, તા૦ ૫ મી ડી જેમબર ૧૮૬૫ નો મી૦ લાકસલી જોગો કાગજ જે રસતે ગયો, તે રસતે આ દસતાવેજ પણ ગયો; ટુકમાં જે કાગજો રજી કરવું મી૦ સુટરને ફાયદા ભરેલું નથી, તે કાગજોને મારગે આ શખસનાં ગજવા માંના સમનનો પણ ઠાગ લાગોછે.

(હીઆં કોરટે ટીફીન લેવા પછે મી૦ આનસટીએ પાછું ભાશ ણ ચલાવયું.)

બીજી એક બીના છે કે જે ઉપર હું ધારતો હતો કે નામદાર જ ડજ ધેઆંન આપશે, પણ તે નામદારે તેમ નહી કીધાથી હું તે વીશે બોલવા માગું છઉં. પોલીસ કોરટમાં કરેલી જુબાની જાબજા ખોટી પડે એવી તેમની સાહેદી વીશે જારે પુછવામા આવયું તારે શાખશી ઓ ડફી, માકડરમાટ અને જમાદારે કહયું કે તેમના જુબાની પત રોમા તેઓની નહી કહેલી જુબાની દાખલ થઇછે અને તેથી તે જુ બાની પતરો ખોટાં છે.

મી૦ ફરગયુસન—મી૦ આનસટી જુરી આગળ જુબાની પતરો વીશે બોલેછે, તેની સામે હું વાંધો લઉં છઉં, કેમકે તેઓ શાખશીમા રજી કરેલાં નથી. તે જુબાની પતરો ઉપરથી માતર ઉલટપાલટ તપા સ ચલાવાનોજ તેને હક હતો.

જડજ—તે જુબાની પતરો માહેલી બાબત મી૦ આનસટીએ હ જી કાંઈ કહી નથી. માતર શાખસીઓ તેમના વીશે શું બોલયા તેટ લુંજ તે કેહેછે.

મી૦ આનસટી—અને મારી ધારણા પણ તેટલીજ છે. શાખશી ઓને તેમના જુબાની પતરો સાથ મોઢેમોઢુ કરવામા આવયા, તારે તેઓએ કહયું કે ઘણી ચીજો જે આ પતરોમા તેમની કહેલી તરીકે નોધીછે તે તેઓ નહી બોલયા હતા, અને જે ચીજ આ પતરોમા ન થી નોધેલી તે તેઓ બોલયા હતા. શાખશી ડફી કેહેછે કે તેના જુ બાની પતરમા તેણે પોતે સુધારો કરેલો હતો. આવા શાખસીઓથી

બંધવાઓની સામે મત બાંધવામા આવે એ ઘણું ખોટું છે. બંધવાઓના હીમાએતીને એટલોજ હક છે કે પોલીસમા તેઓ જે કાંઈ બોલયા હોય, તેની સાથ હીઆંની તેમની જુબાની સાથ મુકાબલો કરવો. પોલીસમા એ જુબાંનીઓની રીત એ છે કે શાખસીઓ જે કાંઈ કેહે તે સઘલું માજીસટરેટ નોધી લેયછે, અને તેમાથી કાંઈ અગતનું કાહાડી નાખતો નથી; પછે શાખસીને તે વંચાવેછે તથા જો તે ઈંગરેજી નહી સમજતો હોયતો તેને સમજાવેછે.

જડજ—એ બાબે મેં તલાશ કીધીછે, અને માલમ પડેછે કે કલાર કે પેહેલાં જુબાની લખી લેવી અને પછે શાખશીને વાંચી સંભળાવવી, એવી રીત તાંહાં ચાલેછે.

મી૦ આનસટી—જુબાની પતરો ઉપર સહી કરવા આગમચ તેમને શાખશીઓ આગળ વાંચી સંભળાવેછે અને પછે તે જુબાંની પતરમાં ગમે તે ફેરફાર ઈઆ સુધારો કરાવાની તે શાખસીને છુટ છે. એ વખતે શાખસી જો ભુલો સુધારવાને ભુલી જાયતો તેને માટે બંધવાઓએ ખમવું નહી જોઈએ. મને કેહેવાની ફરમાસ થઈછે કે કેટલીક અગતની બીનાઓ જે પોલીસમા ઉલટ પાલટ તપાસની વેળા જાહેર થઈ હતી તે માજીસતરેટે નોધી નથી. એ બાબેનો એક દાખલો હું આપું છઉં. મુંબઈનો એક અણજાનો શખસ, એક સુરતી, એવાજ શાખસીથો પોલીસમાં ગુનેહગાર ઠરયો હતો, તેણે મારી મારફતે નામદાર જડજને અરજ કીધી કે બચાવની બોરડુના શાખસીઓ, જેથી તે (સુરતી) નું નીરદોસપણું સાબેત થતે, તેમને સાંભળવામાં નહી આવયાથી તેને ગેરવાજબી રીતે ગુનેહગાર ઠરાવયો હતો, માટે તે મુકદમો કોરટમા મંગાવી ચુકાદો રદ કરવો. પણ સરેસતાની રીતથી નામદાર જડજે પોતાને બંધાયલો વીચારયો અને તેથી તે નામદારે મુકદમો માજીસતરેટ ઉપર પાછો વારયો તથા ફરમાવયું કે બચાવના શાખસીઓ તપાસીને ચુકાદાને ફરી વીંચારવો. હવે આમ નહી ભીંગા ને તેમ ભીંગા—પણ મી૦ કુપરની ભુલને થકી જો કોઈએબી ખમવું જોઈએ તો તે ફરીઆદી તરફ વાલાઓએ ખમવું જોઈએ. બીજી એક બીના જણાવવાની રહીછે. વચે પડેલા પેલા બે પારસીઓને હીઆં બોલાવયા નથી એટલુંજ નહી, પણ તેમના નામ વરીક આપયાં નથી. મી૦ સુટરે સગરીમાના પારસીઓને જઈને સમજાવા સારૂં તેઓને શું કહયું તે તેઓને મોહોડે બોલાવેલું ઠીક થતે. મી૦ સુટર કેહેછે કે "સગરીમાના પારસીઓ તે જગા તલે પોતાને સલામત સમજતા હોય તથા પોલીસથી હીઆં દાખલ થવાય નહી એવું ધારતા હોય એમ દીસતું હતું." એ ઉપરથી મી૦ સુટરે આ વચમા પડેલા બે જણ આગલ કાંઈ કબુલાતો આપી હશે. પણ અગરજો સગરીમાના પારસીઓ ઉ

પર મુજબ સમજ્યા હોય, તો મ‍ાકડરમાટની શાખશી ઉપરથી જણાય છે કે તેઓ ખોટું સમજ્યા નથી. પોલીસની સવાલ જવાબની ચોપડી વીશે માકડરમાટને પુછવામાં આવયું તારે તેણે કહયું કે હું એ ચોપડી વાંચું છઉં, જેમાના જવાબો તેણે પોતે વાંચી સંભળાવયા હતા. એક સવાલ એ હતો કે "બીજી કેઈ વેળા હું ઘરમાં જબરીથી જઈ શકું ?" જવાબ એ વાંચયો કે—"અગર એવું સાંટક બને કે, જે વેળા ઢીલ કરવી નહી ઘટેતો મારાથી તે ઘરમાં જબરીથી જવાઈ શકાય."

માહોમાહેની તકરાર.

મી૦ ફરગયુસન—આ ચોપડીને જો શાખશી દાખલ રજુ નહી કરેતો તેમાંથી જુરી આગળ વાંચવા સામે હું વાંધો લઉં છઉં. હું માગણી કરૂં છઉં કે એ ચોપડી રજુ કરવી.

મી૦ આનસટી—હું એ માગણી કબુલ રાખતો નથી. મેં શાખશી આગળ જે મુકયું તેજ માતર હું વાંચું છઉં.

જડજ—તે રજુ કરવા વગર વાંચવાનો તમોને હક નથી.

મી૦ આનસટી—ઘણી નમનતાઈ સાથે કહું છઉં કે હું એ વાંચી શકું. જે સવાલો તે વેળા મેં શાખશીને પુછેલા હતા, તેજ સવાલોને હું વાંચું છઉં.

જડજ—પણ તમે આ સવાલ પુછેલો મને યાદ નથી.

મી૦ આનસટી—જાંહાંસુધી હું ચોપડી રજુ કરૂં નહી તાંહાંસુધી મારે તેમાથી વાંચવું નહી, એમ મને કેહેવાની જરૂર નથી. પણ હું કહું છઉં કે ઉલટ પાલટ તપાસમા એ સવાલો મેં વાંચયાછે અને તેથી તેમને હમણાં વાંચી સંભલાવાનો મને હક છે. બારમાના કોઈ પણ ગરહસથની મીસાલે હું મારી ફરજ સારીપઠે સમજુ છઉં અને મારી ફરજ શું છે તે કોઈએ મને કેહેવાની જરૂર નથી.

જડજ—ખચીત તમે તે સમજોછો.

મી૦ આનસટી—જુરીના ગરહસથો, નામદાર જડજે કોઈએક ઇઆ બીજાં કારણસર આ ચોપડીમાથી વાંચવાને મને મના કરીછે, તેથી હું તે વાંચવાને અશકત છઉં. પણ હવે જે એક બીના ઉપર હું તમારૂં ધેઆન દોડાવા માગું છઉં તે મી૦ સુટરની ચાલ છે, કે જેણે પોતાની ફરજને તોડવાના કાંમમા, સીહીડી સુધી ઘોડો ચહડાવીને અતીશય શખતાઈથી વધારો કરયોછે. શાખશી બરાઉન બોલયો છે કે તેને ઘોડા પર આવતો જોઈને પારસીઓ ઘભરાઈ ગયા હતા, અને તેને આવી રીતે જોવાથી તેઓને બીહીવાને પુરતું કારણ હતું. મી૦ સુટર કેહેછે કે આ ઠેકાંણે કાંઈ જાસતી વાપરવી પડી નહી હતી,

અને બંધવાઓ ખુશીથી બાહાર આવયા હતા, પણ જો તેઓ બા
હાર આવવાને એટલા ખુશી હતા તો તેઓ પેહેલેથીજ બાહેર કેમ ન
હી નીકલયા ? મી૦ સુટરના પોતાના કેહેવા મુજબ તેણે પોણો કલાક
સુધી ઘેરો ઘાલવા પછે તેઓ તાબે થયા. મારા કાબેલ મીતર મી૦ ફીરો
જશાહ મેહેતાએ દરએક બંધવાને ઓળખાવનાર શાખશો કોણ અને
કેટલાછે, તેની એક લાંબી ટીપ બનાવીછે (એ ટીપમાથી મી૦ આનસ
ટીએ હીઆં કહી સંભળાવીઉં, જેમા એકેક બંધવાને ઓળખાવા
ને કેટલી થોડી શાખશી પડીછે તે માતર જણાવેલું હતું, જે પછે
ભાશણ પાછું ચલાવયું). હવે ફરીઆદી તરફ વાળાઓ જેને બંધવા
ઓની ઓળખામણ કેહેછે, તે વીશે તમો સાહેબો ચોકસ બાબતોને યા
દ રાખશો. આ ઓળખાવનારા શાખશોઓ એવું નહી કેહેતા કે
અમે આ સરવે બંધવાઓને ચાલી તથા તંબુ તોડી પાડવાના કામ
મા વટીક રોકાયલા દીઠા હતા, પણ એ શાખશીઓનું કે
હેવું ઘણુંખરૂં એમ છે કે અમે આ લોકોને ડુંગરની જમી
નપર દીઠા હતા, કંપાઉંડમાં પોલીસ જબરીથી દાખલ થવા અ
ગાઉ તેમાના કેટલાકો દેખાયા હતા, અને બીજાઓ પાછલથી કંપાઉં
ડમાં દેખાયા હતા. હુલડની શાખશી કસી પડી નથી, અને અગ
રજો આ બંધવાઓ માતર તે જગા ઉપર હાજર હતા એમ તેઓને
ઓળખાવામાં આવયાછે તો એમાં કાંઇ તેઓ સામે હુલડ સાબેત
થતું નથી. ચાલી અને તંબુ તોડી પાડવાને હું કહું છઉં કે તેઓ
ને બેશક પુરતો હક હતો, તોપણ ઘડીભર એમ સમજીએ કે તેમને
તે હક નહી હતો, તે છતાંબી આ ઓળખાવેલા બંધવાઓમાના ઘણા
કો તાંહાં માતર ઉભા રહીને જોતા હતા, તેઓ એ વાંકમાં આવી
શકતા નથી. બરાઉન અને માકડરમાટતો એમજ કેહેવાના કે ત
માશગીર સરખા અમને કોઇ દીસીઆ નહી હતા, પણ તમારે પુછ
વાનો સવાલ એ છે કે તેમને તાંહાં હાજર જોવા સીવાએ વધારે શું કર
તા શાખશીઓએ દીઠા હતા ? કેટલાક શાખશીઓએ તાંહાંને તાંહાં પે
હેલા બંધવા માંણેકજી દોરાબજીના દેખતાં વાત કીધી હતી અને તેઓ
કેહેછે કે માણેકજી પોતાની સાથવાલાઓને હુકમો આપતો હતો; પ
ણ પોતે પટે રાખેલી જગા ઉપરની ચાલી તથા તંબુ તોડી પાડવાનો
માંણેકજીનેતો પુરતો હક હતો. ડફીની શાખશી ઉપરથી ખોલલું દી
સતું હતું કે તેણે જે ખારવીઓને તે જગા ઉપર કબજો લઇ બેઠેલા
જોયા, તેઓએ કહયું કે અમે માંણેકજી દોરાબજીના પેટાંમાં ભાડુત
છઈએ, અને તે છતાં પારસી પંચાએતના પટામાં માણેકજીના ભાડુત
તરીકેના હકથી એ ધણી (ડફી) અણુજાનો કેમ રહી શકે ? હવે ગરહસ
થો, ઈંગરેજી ધારો અમલમા આવતો નથી એમ કેહેવાને તથા મેં જે કાબે

લ નેઆએધીસોના ચુકાદા ટાંકી બતાવયાછે તેમને રદ કરવાને તમો તઇઆર હોવો એમ હું ધારતોજ નથી, અને તમો તઈઆર નહી હોવો તાંહાંસુધી હું નમનતાઈ સાથ માગું છઉં કે માણકજી દોરાબ જી અને તેના દોસતો તા૦ ૪ થી એપરેલને દીને, ઘણું અસુરૂં થ વા અગાઉ, કબજો લેવા ગયા તથા તા૦ ૨૭ મીએ તેઓ પાસેથી છી નવી લીધેલો કબજો તેઓએ પાછો મેળવયો, તે વાજબી હતું, એવો રીતનો અભીપરાએ આપવાને તમો સાહેબો બંધાયલા છો. બં ધવાઓમા જે છુટાછવાયા હીંદુ અને એક મુસલમાન નજરે પડેછે, તેઓ વીસે મારે કાંઇ પણ કેહેવાની જરૂર નથી, કેમકે તાજની તરફ ના શાખશીઓના કેહેવા મુજબ તેઓ માતર પોતાના શેઠના ફરમા વેલા નોકરો હતા. કબજો ધારાની નજરમાથી કદી ખીસતો નથી, તારે આ જમીન માણકજી દોરાબજીએ પટે લીધી હતી તેથી તથા પોતાની જગા ઉપર આવેલી હરકત જબરીથી કાહાડી નાખવી એ વી તેમને સલાહ મળવાથી, તેઓ ગુપચુપ તેમ કરવા ગયા, પણ તે દીને તેહેવાર હોવાથી કંપાઉંડમા ભેગા મળેલા ઘણાક લોકો બા હાર ગડબડ સાંભળીને કંપાઉંડમાથી જોવા નીકલયા અને "આ જગા ઉપરના દરએક જણને પકડો" એવા મી૦ સુટરના ઝાટકો ના ખનારા હુકમથી ફકત, તાંહાં હાજર રેહેવા માટે, આ સઘલા જણાને કેદ પકડયા, એથી વધારે માનવા જોગ બીજું શું છે? બંધવાઓનો એથી વધારે માનવાજોગ બચાવ બીજો કાંઇ નથી. એક જુનો પુરા ણો તંબુ અને એક કામચલાઉ ચાલીને તોડી પાડવા માટે માંણે કજી દોરાબજીને પચીસથી વધારે માણસોનો ખપબી શું પડે? આ કાંમચલાઉ બાંધકાંમને તોડી પાડવામાં શાખશીઓના કેહેવા મુ જબ તરણસો, ચારસો, પાંચસો, ઇઆ છસો માણસો સઘલાં રોકાયાં હતાં એ શું જરાબી માનવામાં આવેછે? એટલાબધા જણે તાંહાં ભાંજફોડ કરવાની જગા વટીક નહી હતી, અને જે હથીઆરો ડફી ના પોતાના માણશો તાંહાં રાખી ગયલાં તેણે પોતે કબુલ કીધાંછે, તે સીવાએ આટલાંબધાં માણસોના ખપ જોગાં કાંઈ હથીઆર પણ ન હી હતાં. અને તોપણ આ નહી માનવાજોગ વારતાની વીગતો આ પવા સારૂ ફરીઆદી તરફના શાખશીઓ કેવી હસવા સરખી બીના ઓ લાવયાછે! જેમકે સાંકડા વાટ ઉપરથી સઘલાઓએ એક પછે એકની હારમાં આવવા બાબેની માકડરમાટની શાખશી. તેમની તપાસમાં દગે દગ આપણુને લાગતું હતું કે તેમની કહેલી હકીકત માનવી કેવી ક ઠણ હતી. તમો જુરીના ગરહસથોએ પુછેલા સવાલોના જે જવાબો જમાદારે આપયાછે, તે ઉપરથી તમે પોતે જોઈ લીધુંછે. તેને પુછવા માં આવયું કે "તમારા જાણવા વગર પાએદસતો આવી હશે કે ન

હી ?" તેણે જવાબ દીધો કે "હા." એ પછે પારસીઓના પાએદસતની વેળા પેહરવાના સફેદ જબા (જામા) વીશે તેને પુછવામાં આવયું કે "પારસીઓ પાએદસતે જવા પછે એ જબો બદલી નાખેછે તે તમે જાંણોછો ?" એનો પણ જવાબ મળયો કે "હા, હું જાંણું છઉં" અને તોપણ તેણે મી૦ ફરગયુસનને એવું કહયું કે તે દાહાડે પાએદસત આવી હોય એમ હું વીચારતો નથી, કેમકે પાએદસતે જતી વેળાનો પોશાક આ પારસીઓના દીલમાં નહી હતો. ફરીઆદીની તરફથી કહેલી આખી વારતા એક ચોકસ અને મુકરર મતલબને લગતી છે. કોણજાંણે શી રીતે પોલીસના મગજમા એવું આવયું કે પારસીઓ પાસેથી તેમના દોખમા છોડાવી દેવાથી યુરોપીઅનો ખુશી થશે, અને એ નેમ પાર ઉતારવાની પોલીસના હાથમા આ ઘણી સરસ તક માલમ પડી. પણ તે નેમ પાર પડી નથી. સવાલ ઉઠાવાનું રહયુંછે કે પારસીઓને પોતાના ધરમ સંબંધી અને પવીતર હક ભોગવવામા પોલીસના માણસો ઇઆ બીજાઓએ હરકત કરવી તથા અપમાન કરવું જોઇએકે ? જો તેમજ હોયતો પોતાના એ હકોનો બચાવ કરવાને પરજાની બીજી કોઈ પણ કોમના સરખી તેઓને છુટ છે. હું આશા રાખું છઉં કે આ મુકદમા મધે કોઈબી બીના મેં બકાત રાખી નથી, પણ જો કાંઈ રહી ગયું હોયતો આ મુકદમા મધે જે જાત જાતની પુશકલ બાબતો સાથ મને.કામ પડયુંછે તેમના જથા તથા પરકારને લીધે રહી ગયું હશે. હવે હું તમોને અરજ કરૂં છઉં કે બંધવાઓને ગુનેહગાર ઠરાવા આગમચ તમે પુખત વીચાર કરજો. જે દાખેલ શાખશી તમારી આગળ રજુ થઇછે તે ઉપરથી ઘણાકોનેતો અપરાધી ઠરાવાનું બને એવુંજ નથી. અગરજો કોઇ બંધવા બરાબર ઓળખાયલા તમે સમજો તો તમારા મનમા આ સવાલ ઉપર વીચાર કરજો કે તેઓ ડુંગરની જમીન ઉપર ઇઆ કંપાઉંડમા ધારાથી ઉલટું શું કાંઈ પણ કરતા હતા ? અગર એવું પણ તમને માલમ પડેતો પછે વળી તમે વીચાર કરજો કે તેઓ જે કામ કરતા જણાયા તે "ગીલટી" બોલનો કલંક તેમના ઉપર લાગુ પાડવા યોગીય તે કામ હતું ? કાયદા પરમાણેની સતા ધરાવનારાઓની સામે થવામા આવયુંછે કે નહી, તે બાબે સઘળી શાખસીઓ એકમતથી કેહેછે કે કોઈ સાંમે થયા નહી હતા; પણ હુંતો આગળ વધીને કહું છઉં કે તેઓ સામા થયા હતેતો તેબી ચાલતે, કેમકે આ સતાવાલાઓએ સતાવાલા તરીકે નહી પણ સેતમગાર તરીકે ચાલ ચલાવીછે, અને તેમનુ સઘલું કામ દુશમની ભરેલું તથા જાસતી અને ખોટારાંનાં બટો ધરાવનારૂં છે. હું કહું છઉં કે આ સવાલનો ચુકાદો કરતાં તમે ખુબ વીચાર કરજો કે જે માણસો પો

તાની સતાનો ગેરઉપયોગ કરે, તેઓના તેવા દરએક કામથી તેઓ પેહેલેથી છેલે સુધી " ટરેસપસ " (કાયદાથી ઉલટો ધસારો) કરનારા ઠરેછે, અને તેમ આ મુકદમા મધે મી૦ સુટરે તથા તેના માણસોએ મોટો અને વગર જરૂરનો જુલમાત વાપરેલોછે, અને તેઓને જુલમાત ચલાવાની સતા હતે તોપણ કંપાઉડમા દાખલ થવાની તેમને સતા નહી હતી. કાંઈ પણ હુલડ થયું નહી હેતું, કે નહીં મારામારી થઈ હતી, અને સપત ઉપરે મુખજુબાની નોધાવીને વારંટ મેળવવા વગર આ પરમાણે કંપાંઉડમા ધુસી જઈ લોકોને પકડવાનો તેમને અખતેઆર નહી હતો. એ સઘલાં કારણો ઉપરથી હું પુરતી આશા રાખું છઉં કે તમો સાહેબો તમારી મેળે પુખત વીચાર કરશો અને સઘલા બંધવાઓને " નાંટ ગીલટી " (બે ગુનાહ) ઠરાવશો.

હીઆં મી૦ આનસટીએ ભાશણ શમાપત કીધું.

મી૦ મેહયુનું ભાશણ.

એ પછે મી૦ મેહયુએ ના૦ ૨ વાલા બંધવા તરફથી નીચે મુજબ ભાશણ કરી સંભળાવયું—

જુરીના ગરહસથો—ફરીઆદીનો તરફવાલાઓનો મુકદમો જેમ રજુ થયોછે, તે ઉપરથી હું ખરેખર એવું સમજું છઉં કે બંધવાઓના બચાવને માટે તમારી આગલ ભાશણ કરવાની તેમના કોઈ પણ હીમાએતીને કસી અગત નથી. તાજની તરફના શાહેદીઓએ જેવી રીતે પોતાની શાખશી આપીછે, તે ઉપરથી હું ખરેખર એવું વીચારૂં છઉં કે તાજની તરફનો મુકદમો ખલાસ થવા પછે જુરીએ પોતે પોતાની મેળેજ ફરીઆદીના દીવાને ફુક મારીને બુજવી નાખવો જોઈએ. પણ તેમ નથી બનયું અને હવે જારે જુરીને બે બોલ કેહેવાની ફરજ મારે માથે આવી પડીછે, તારે હું જુરીને માતર એટલીજ યાદ આપું છઉં કે સઘલા બંધવાઓના હીમાએતીઓની મુકાબેલ આ મારે માથે પડેલી ફરજ ઘણી નાહની અને સેહેલ છે. મારો કાબેલ મીતર મી૦ જાકસન, જેની માદગીના સબબની ગેરહાજરી ઘણો ગમ પેદા કરેછે, તેની સાથે હું માતર બીજા બંધવાની તરફથી હાજર થયો છઉં. મારાં કુલ ઉપર આરકતરી રીતે લાગુ પડે એવી જોકે ઘણીક શાખશી રજુ થઈછે, તોપણ જુરીને વીચારવાની બીના એટલીજ છે કે તેને ગુનેહગાર ઠરાવાનો અભીપરાએ આપી શકાય એવી કાંઇ પાધરી જુબાંની સીધેસીધી તેની સાંમે ઉતરીછે ? પણ વળી મારાં કુલ સાંમે જે આરકતરી શાખશી પડેછે, તે પણ બારીક તપાસતાં ઘણી જુજ માલમ પડેછે. મારા કાબે

લ મીતર મી૦ આનસટીએ આ ફરીઆદી તરફના આખા મુકદમા ઉપર એટલા ટીકા કરયાછે તથા તેની નબલાઈ સઘલી એટલી ઉંઘાડી પાડીછે કે એ ફરીઆદીની સાધારણ બાબતો ઉપર કાંઈ પણ બોલવું એ એકવાર કહેલું ફરીથી કેહેવા દાખલછે. મને લાગેછે કે મારો કાબેલ મીતર મી૦ આનસટી જે બંધવાઓના બચાવમાં હાજર થયોછે, તેમના તરફથી તેણે કરેલું ભાશણ, આ કોરટમાં જુરી આગલ કદીબી આવેલાં મોતેબર અને માઆકુલ ભાશણો કરતાં ઘણું સરસ છે. એ ભાશણ બીજા બંધવાઓના હીમાએતીઓને પણ ઘણું ઉપયોગી છે, અને એવું એક તોફો ભાશણ સાંભળતાં જુરીને ઘણી ખુશી ઉપજીછે. આ મુકદમા ઉપર લાગુ પડતો ધારો જે એ ભાશણના પેહેલા ભાગમા સંમજાવયોછે; તેના એકેએક બોલ સાથ હું પુરતી દીલોજાનીથી એકમત થાઉં છઉં, અને હું ઉમેદ રાખું છઉં કે એ વીચારો ફકત મારાજ નથી, પણ બંધવાઓના બચાવમા હાજર થયલા બીજા સઘળા ધારાના હીમાએતીઓ એ વીચાર સાથ એકમત થતા હશે. મીલકતને લગતા તથા મીલકત ધરાવનારાઓનો બચાવ કરવાના હકને લગતા ધારા, જેમા મીલકતના ધણીઓને સદા પુશકલ ઇંનતેજારી લાગવી જોઈએ, તે ધારાની આ (મી૦ આનસટીની) સમજ કરતાં વધારે ખોલી અને પુરતી મતલબ સમજાવનારૂં ભાશણ આ કોરટમા કોઈબી સાંભળનારાઓ આગળ આવયું નહી હશે. તોપણ હું જે થોડાક બોલ બોલવા માગું છઉં, તેથી તમો જુરીના ગરહસથો થાકી નહી જશો, અને તમો પુરતું ધેઆન રાખી મને સાંભળશો, એવી ઉમેદથી ના૦ ૨ જા બંધવા વીશે શાખશીઓ શું કેહેછે તે હું તમોને ટુકમા કહી સંભળાવશ. બંધવા ના૦ ૨ જાની સામે પડેલી હકીકત જો એકજ બોલમા સમાઉંતો તે એટલીજ છે કે—એ બંધવો કાંઈ પણ કરતો દેખાયો નથી અને કાંઈ પણ બોલતો સંભળાયો નથી. પેહેલા શાખશી મી૦ બરાઉને શાખશી આપી કે મેં તેને પરહેજ કરાવયો, પણ તે નોધી લેવા જોગ દીવસના કામકાજની એવી પેહેલી હારણ અથવા શરૂઆતમાથી મી૦ બરાઉને તેને કેદ કરી લીધો કે મીલકતનો નાશ કરવાના કામમા તેણે કાંઈ પણ ભાગ લેવાનું બની શકે એવું નહી હતું. આ શાખશી પેહેલાં એવું બોલયો કે—લોકોની ભીડમાથી બે શખસો મારી પાસે આવી બોલવા લાગા. તેઓ બેહુ સાથે બોલયા, ઈઆં એક પછે એક બોલયા, ઈઆ પેહેલો કોણ બોલયો તે આ શાખશી કેહેતો નથી. પોલીસના એક માણસે શાખશી આપવાની એ ઘણી બુરી રીત હું વીચારૂં છઉં. દરએક જણ શું બોલયો તે છુટું કેહેવાને બદલે, તેઓ બોલયા એટલું ઘણુંજ ભરમમાં આ શાખશી કેહેછે અને તે ઉપરથી જે ગમે તે સાર કાઢવાનું

તેણે જુરી ઉપર રાખ્યુંછે. એ પછે શાખ્શી કેહેછે કે "બંધવા ના૦ ૧ લાએ મને કહ્યું.કે અમે કાંઈ પોલીસની સામે હરકત કરવાના નથી; અમે માતર ચાલી તથા તંબુને તોડી પાડવા માંગીએ છઈએ." હવે આ પરમાંણેની શાખ્શી ઉપર માતર ધેઆંન પોંહોંચાડવાની હું તમોને અરજ કરૂં છઉં અને તમોનેજ મુનશફી સોપું છઉં કે ફરીઆદી તરફનો આ મુખ્ખીઅ શાખ્શી (બરાઉન) એવું કાંઈ પણ બોલયોછે કે જે થી ના૦ ૨ જા બંધવાએ બખેડામાં કાંઈ આગેવાન ભાગ લીધો હતો એવું સાબેત થતું હોય ? ના૦ ૨ વાલા બંધવાને મી૦ બરાઉને એક બી સવાલ પુછયો હતે કે તું શુ કામ હીઆં આવયોછે, અથવા હી આં શું કરેછે, તો તેને એવો જવાબ મળતે કે જેથી તેની તરત ખાત રી થતે કે આ બાબતમાં બંધવા ના૦ ૨ જાને કાંઈ લાગતું વલગતું નહી હતું. બીજો શાહેદી મી૦ માકડરમાટ હતો અને તેની તથા મી૦ બરાઉનની શાખ્શી વચે એવાં જબરાં ખોટારાં માલમ પડયાંછે કે એ બેમાના જો એકનેબી માનવો જુરીની નજરમાં વાજબી લાગેતો એ બેમાના કોણને માનવો તેની મુનશફી હું તમો સાહેબોનેજ સોંપું છઉં. મી૦ બરાઉન કેહેછે કે સઉથી પેહેલીજ હારનમા જારે લોકો દોખ્માઓની અંદરથી ધસારાબંધ આવયા તારે શરૂઆતમાજ ના૦ ૧ અને ૨ જા વાલા બંધવાઓ મારી પાસે આવી બોલવા લાગા અ ને મેં તરત તેઓને કેદમાં આપયા. બીજા હાથ ઉપર મી૦ માકડર માટે ખોલલી રીતે કહયુંછે કે ના૦ ૨ જાને ચાલી તથા તંબુનો ના શ થવા પછે તથા મી૦ સુટરના આવયા પછે દોખ્માના કંપાઉંડમાં થી લાવવામાં આવયો હતો. હવે મી૦ બરાઉને કેદમાં આપેલાં માં ણસો સાથ ના૦ ૨ વાલા બંધવાને ઓળખાવાનો જો કાંઈ પણ સવા લ હોયતો બે પોલીસનાં માણસોએ આ પરમાંણે એકેકને ખોટા પાડ વા એ અગતની બીના બેહુની શાખ્શીને મારી નાખ્નારી છે. બં ધવો ના૦ ૨ જાની દોખ્માંની પડોશમાં કેટલીક મીલકત છે, તે એક ઘણો આબરૂદાર કનટરાકટર છે, અને કંપાઉંડની અંદરજ તેણે કન ટરાકટ લીધુંછે, તેનું ઉપલે દીને કાંમ ચાલતું હતું. પણ એ બાબત ને વેગલી નાખ્તાંબી આ બે શાખ્શીઓએ એકેકને ખોટા પાડવા નું કાંમ એટલું અગતનું છે કે એકલાં તેજ ઉપરથી તમો સાહેબો ક હી શકશો કે અમે નહી મી૦ બરાઉનની શાખ્શી માનતા કે નહી મી૦ માકડરમાટની માનતા. પણ વળી હું તાકીદ કરીને કેહેવા મા ગું છઉં કે કંપાઉંડની અંદર ચાલતાં બાંધકાંમ ઉપર મારૂ કુલ કનટ રાકટર હોવાથી દોખ્માંની પાર પહોશમાં હાજર રેહેવાનો તથા આસપાસ શું બનેછે તે જઈને જોવાનો તેને પુરતો હક હતો. તેની રીતભાંતમાં, ચાલચલણમાં ઈઆ કામકાજમાં અગરજો એવું કાંઈ નહી

હોય કે જેથી તેણે તે દીનના બખેડામાં મુખીઅ ભાગ લીધેલો માલ મ પડેતો, પછે તે તાંહાં બખેડાની ગડબડ સાંભળીને અમસથો તમાશો જોવાને આવયો નહી હતો એમ કેહેવાને પોલીસને શું હક છે? તેના હાથમાં લાકડી કાંઈ નહી હતી—તેના સરીખો હથીઆર વગરનો માણશ, જે કાંઇ કરતો નહી હતો, જેને પોલીસે એક બોલ વટીક પુછયો નહી હતો—તેને શું ખરેખર હુલડખોર કેહેવાને જુરીના ગરહસથોથી બની શકશે? એવો સાર કાહાડવાને શું જુરી આગળ કાંઈ પણ શાખસી પડીછે? અગરજો તમે એવું ધારો કે મારૂં કુલ ફકત તાંહાં હાજર રેહેવા માટેજ હુલડનો ગુનેહગાર છે, તો હું કહું છઉં કે જાહેર રસતા ઉપરથી ચાલી જતાં એક મારામારી ઈઆ બખેડો જોવાને ઉભો રેહેનાર કોઈબી રાહાદારી સલાંમત નથી. બીજા બંધવાઓના ગમે તે હાલ થાય, પણ મેં જે શાખશી દેખાડી છે તેટલી સાખશી ઉપર મારાં કુલને ગુનેહગાર ઠરાવવો એતો ભય ભરેલું છે. અગરજો ફરીઆદીની તરફના કાબેલ હીમાએતીને મારી આ તકરારો રદ કરવાની તક મળશે—અને હું આશા રાખું છઉં કે તેને એ તક નહી મળશે—તો તે જુરીને ઘણું કરીને એમ કેહેશે કે જેટલા જણ તાંહાં હાજર હતા તેઓને હુલડમા સામેલ થયલા સમજીને ગુનહગાર ઠરાવવા જોઈએ. પણ એમ બની શકશે નહી. જે ભીડે હુલડ કરયું તે ભીડની સાધારણ ખાએશ તથા ધારણામા મળીતા થવા વગર તેવું કસું તોહોમત લાગુ પડી શકે નહી. અગરજો ફકત તાંહાં હાજર થવા ખાતરજ ગુનેહગાર ઠરાવવાનો કાનુન તમે બોલેબોલ બાહાલ રાખતા હોવો, તારેતો D ડીવીજનની પોલીસના જે ફાજલ માણશો તાંહાં ઉભા રહીને જોતા હતા તથા બુમો પાડતા હતા તે સઘળાઓને પણ બીજા જીલાની પોલીસે કેદ પકડવા હતા. પણ તેમ નથી. હું કહું છઉં કે હુલડ કરવાની મારાં કુલની ધારણા તેની ચાલચલણ ઉપરથી સાબેત કરવી જોઈએ, નહી કે તે જગોએની તેની હાજરી ઉપરથી. મોકડરમોટ પછે બીજો સાહેદી મી૦ ડફી આવેછે. તે પોતાની જુબાનીમા બંધવા ના૦ ૨ જા વીશે જે કાંઈ કેહેછે તે સરવે એટલુંજ છે કે તેને "મેં કાંઈ કરતાં દીઠો નથી." લખશમણ વીસરામ જમાદારે પણ તેને વીશે એમજ કહયુંછે, અને વળી તેણે આટલી વાત પણ વધારીછે કે મી૦ બરાઉનની આગળ બોલનારો બંધવો ના૦ ૨ જો નહી પણ ના૦ ૧ લો હતો. બીજો એક સાખસી (એક સીપાઈ) પણ મી૦ ડફીનાજ બોલોમાં ૨ જા નંબરના બંધવા વીશે બોલયોછે; તથા તેણે કહયુંછે કે જો તેણે એ બંધવાને તે જગા ઉપર દીઠો હોયતો કાંઈ કરતાં દીઠો નથી ઈઆ કાંઈ કેહેતાં સાંભળયો નથી. એ ઉપરથી તારે બંધવો ના૦ ૨ જો બખેડામા ભાગ લેનાર હતો એ

વું કેહેવાને શાખસી ઉપરથી જુરીથી કદી નહી બની શકે એવું છે. હવે, ગરહસથો, હું હીઆંજ અટકતે અને બંધવા ના૦ ૨ જાને જુરીએ છોડી મેળવાના પુરતા વીસવાસ સાથ તેનો મુકદમો તમારા હાથમા આપી હું બોલવાનું ખતમ કરતે; પણ આ મુકદમાને લગતા બીજા બનાવો એવા બનયાછે કે જે બંધવાઓના છુટકારાની આરજુ રાખનારા કોઇ પણ ધારાના હીમાએતીથી વગર તેહેકીકે પસાર કરી દેવાય નહી. આ વાત અગતની છે કે જારે હુલડ કરવાના વાંકને માટે કોઇ શખસોની તપાસ ચાલતી હોય, તારે જુરીએ થોડી જુબાંની હીઆં અને થોડી જુબાંની તાંહાં એમ તપાસ કરવી નહો જોઇએ, પણ જેજે બનાવોથી તે હુલડ થયું હોય તે સઘલા બનાવોની શાખશી જુરીએ ધેઆનમા રાખવી જોઇએ; અને અગર જુરીને એવું માલમ પડે કે કોઇ ગેરવાજબી ઇઆ જુલમાત ભરેલાં કાંમો ઉપરથી તે હુલડ ઉભું થયુંછે, તો જુરીએ પોતાનો અભીપરાય આપવા અગાઉ આસપાસની તે સઘલી બીના તપાસવી જોઇએ તથા તે ઉપર વીચાર કરવો જોઇએ. એ આસપાસની બાજુઓ એક નાટકશાળામાંની બોરડુ ઉપર મુકેલા દીવા જેવી છે, કે જેથી જુદા જુદા ખેલાડીઓ પોતપોતાના ભાગ કેમ બજાવેછે તે જોવા અને વીચારવાને તમારા ગીરોને બની આવેછે. અગરજો જુરીને એવું માલમ પડે, કે જે મોશાલે આ મુકદમા મધે બનયુંછે તે મોશાલે, હકોને જુલમાતથી લુટી લેવાથી આ હુલડ અથવા બખેડો થયોછે, તારે ખચીત જુરીએ એવો અભીપરાએ આપવો જોઇએ કે જે તોહોમતવાળા બંધવાઓને આસરો આપવાની એક ઢાલ અથવા સાએઓ થઇ પડે. લોકો પોતાની મીલકતને લગતા હકોના અથવા પોતાના કબજાના બચાવમાં એવાં ઘણાંક કાંમો કરેછે કે જે દરગુજર થવાં જોઇએ, અને જે માણુશોએ પોતાની સાધારણુ મીલકતના કબજામાં થતી ગેરવાજબી ખલલને અટકાવા માટે સાંમે થવા સીવાએ બીજું કાંઇ કરયું નહી હોય, તે માણુશોને હુલડના વાંક સારૂં ગુનેહગાર ઠરાવતાં એક જુરી ઘણો વીચાર કરશે. હવે હું એક લાગુ પડતો દાખલો આપીને મારી તકરાર સમજાઉં છઉં. એમ ધારો કે મુંબઇના રૂના જથા ઉપર પડેલી રૂની ૫૦ ગાંસડી ખરીદ કરવાને મી૦ આરઠર પીલના કુલે સાટું કરયુંછે, તથા તે ગાંસડીઓને પોતાને હવાલે લેવા માગેછે, પણ જેના કબજામાં તે ગાંસડીઓ પડેલીછે, તે શખ્સ તેમને આપવા ના પાડેછે અને દાવો કરેછે કે એતો મારી છે. પણ આ ગાંસડીનો ખરો ધણી કોણ છે, તેની શાખશી નહી હોવાથી એમ ધારો કે મી૦ પીલ પોલીસના કમીશનર પાસે જાયછે અને હાથમાં કાગજ લઇ તેને કેહેછે કે—"મારાં કુલે રૂની ૫૦ ગાંસડી ખરીદવાને સાટું કરયું છે, પણ મને

ભય છે કે માલ તેને હવાલે કરવા સામે વાંધો લેવામાં આવનાર છે, માટે તે ગાંસડીનો કબજો લેવા સારૂં તમારા કોઈ માણસોને મારી સાથ આપશો ?" મારી ખાતરી છે કે આવી અરજનો જવાબ મી૦ સુટર નાનોજ આપશે. મી૦ પીલને તે કેહેશે કે એવી રીતે મદદ આપનારૂં દુનીઆંમાં હું સઉથી છેલો રેહેવશ, અને ખરીદદારોનો ખરીદ કીધેલો માલ સવાધીન લેવામાં મદદ આપવી એ પોલીસનું કામજ નથી. મી૦ સુટર તેને કેહેશે અને ઘણું વાજબી કેહેશે કે તમારી રૂની ગાંસડીઓ સવાધીન લેવી હો યતો દેવાંની કોરટોમા અરજી કરો. હવે તારે આ માલનો અને જમીનનો કબજો લેવામા તફાવત શું રહયો ? એક જણને પોલીસે જમીનનો કબજો લેવામા મદદ કાંએ કરવી જોઈએ, અને માલ સવાધીન લેવામા મદદ કાંએ નહી કરવી જોઇએ ? પોલીસે જમીન બાબે તેવી મદદ આપવી અને માલ બાબે નહી આપવી એવુંતો કદી કેહેવાઈ શકાશેજ નહી. અને તોપણ મી૦ સુટરે આ વેલા તદન જુદીજ ચાલ ચલાવીછે. દોખમા આગળની જમીન કેટલાકોને ઘણી લેવા ગમે છે, કે જેઓ તાંહાં બંગલાઓ બાંધવા તથા બેહેસત બનાવા માગેછે; અને એ જમીનને ચાહાનારા અધરમી આદમીઓને મદદ કરવાની પોતાની ઉલટમા, મી૦ સુટર ભુલી ગયો કે તેઓને એક માલનો કબજો લેવામા જેમ તેણે મદદ આપવી નહી જોઇએ, તેમજ તેઓને આ જગાનો કબજો લેવામા પણ તેણે મદદ કરવી નહી જોઇએ. અગરજો તે જાણીબુજીને આ વાત ભુલી ગયો હોયતો હું કહું છઉં કે કોરટમા આ વેલા કોઈ પણ શાખશી કરતાં તે (મી૦ સુટર) બુરો હોવો જોઇએ; પણ અગર જો તે આ વાતને અણજાણપણે ભુલી ગયો હોયતો તોહો મતવાળાઓ તેની ગફલતને માટે તેને માફ કરશે. હું ફરીઆદીની તરફના કાબેલ હીમાએતીને પુછું છઉં—પણ એજ પરમાણે હું કોરટને પુછતો નથી કેમકે હું કોરટ તરફ બેહદ માન ધરાંઉં છઉં—કે જો તમારાંમા હીમત હોયતો મેદાન પડીને કહો કે જમીનનો તથા રૂની ગાંસડીનો કબજો લેવા બાબેનું જે આ દરશટાંટ મેં આપયુંછે તે શું હીઆં લાગુ પડતું નથી ? બંધવાઓનો બચાવ કરનારાઓ સારીપઠે ખાતરીથી જાણેછે કે આ તોફાંનવાળી જગાના ધણી કોણ છે, અથવા ધણી થવાને કોણ દાવો કરેછે તે કમીશનરની આફીસમાં સઉ જાણતા હતા અને પબલીક પરાસીકયુટર પણ તે જાણતો હતો. મી૦ બરાઉનની શાખસો લેવા પછે કોરટે હુકમ કીધો કે મી૦ સુટરને શાખશી તરીકે બોલાવવો. તેનું કારણ શું ? એટલુંજ કે તા૦ ૨૭ મી મારચને દીને આ જમીનનો આડો કબજો લેવામાં કુંવરજી પરાગજી તથા જેકબ જમાલને મદદ આપવાને જારે મી૦ સુટરે પોલીસ

ની એક ટુકડી મોકલાવી તારે એ જગા કોણની છે, તે સારીપઠે તેને ખબર હતી, એવા જે એસારા બચાવની બોરદુએથી કરવામાં આવયા તેની સાબેતી મેળવવા સારૂં મી૦ સુટરને હીઆં શાખશી દાખલ બોલાવયો હતો. હવે આ જગા પારસીઓની છે એવું જાણવા છતાં, અગરજો મી૦ સુટરે જાણીબુજીને આ કાંમ કીધું હોય, તો તે બાબે કોરટે અને જુરીએ તેને ઠપકો આપવો ઘટેછે, અને જોકે તે કોરટના તથા જુરીના ઠપકામાંથી બચી જાય તોપણ સરકારે તેને ઠપકો આપવો ઘટારત છે. મી૦ સુટરે પોતાની શાખશી આપતાં કબુલ કરયુંછે, અને તેણે તે બોલલામાં બોલલા બોલોમાં કહયુંછે કે મી૦ આરઠર પીલે કહયું હતું કે તેના કુલો આ કબજો લેવા જતી વેળા સાંમી તરફથી વાંધો ઉઠવાની વકી રાખેછે. આવી ખબર મળતાં મી૦ સુટરે પુછવું ઘટારત હતું કે એ જગા તમે કોણ પાસેથી લીધી છે? અથવા તમોને વેચનારાઓ તમોને એ મીલકતનો કબજો છાનોમાનો આપતા કેમ નથી? અથવા એ જગા એવી કેમ છે કે બીજાઓ તમારી સાંમાં થાયછે? આવી રીતના સવાલો મી૦ પીલને પુછવાની મી૦ સુટરની ફરજ હતી. વળી આ જગા દોખમાની પાસે આવીછે, એટલોજ જવાબ મી૦ સુટરની આંખ ઉંઘાડવાને બસ હતો કે પારસી પંચાએતની જમીન લુટી લેવાની કોશેશમાં પોલીસની મદદ લેવા સારૂં ઉપલી અરજી કરવામા આવી હતી. આ મુકદમા મધે બીજો એક ઘણો ધેઆન આપવા જોગ બનાવ એ બનયોછે કે જમીનને જુલમાત ભરેલી રીતે લુટી લેનારા ઇઆ તેમના આટલાબધા માણસોમાથી ફકત જાનુ અને સદાનશાહ સીવાએ બીજા કોઈને શાખશી આપવા સારૂં ફરીઆદી તરફથી બોલાવયા નથી. હવે હુલહો જે થાયછે, તે હંમેશાં બે તડાં અથવા બે કોમો વચે થાયછે; પણ તા૦ ૪ થી એપરેલને દીને હુલડને લાએક શું કામ બનયુ તે બાબે એકેકની દુશમની અથવા નુકસાનીને લગતી કસી શાખશી હીઆં રજુ કરવામા આવી નથી. જમીનને લુટી લેનારા આ પઇસાદારો કાંઈ ફરીઆદ કરતા નથી ઈઆ તેમને શાખશી તરીકે બોલાવયા નથી. અને તેઓને કાંએ નહી બોલાવામા આવયા? કેમકે તેઓની ખાતરી હતી કે તેઓ પાસે પુરાવા કાંઈજ નથી; તેઓને ફરીઆદ કરવાનું કાંઈ નહી હતું; અને જો તેઓને પોતાનો ટંટો પોતેજ લડવા રાખયા હતેતો તેઓ આ ફરીઆદી માડવાને બાહાર પડતે નહી. અગરજો તેઓને એક બાજુએ ઉભા રેહેવાને સરકારે કહયું નહી હતે અને તેઓની જગા લેવાને સરકારી વકીલ તથા સરકારી ટીજોરીને કહયું નહી હતેતો હાલની આ ફરીઆદી હસતીમા વટીક નહી આવતે. આ મુકદમા મધે જો મી૦ સુટરનું કામ બેદરકાર, અવીચારી અને ખોટું છે, તો સર

કારના કામ વીશે આપણુ શું કહીશું કે જે સરકારે આ ખેલ મધે વ
ચી પબલીક પરાશીકીઉટરને વચે આણ્યોછે ? સાહેબો, આ હુલડ કે
હેવાયછે તે વેળા એક જણ જખમી થયો નથી, એકબી જણને ઈજા
થઈ નથી; એ ખોલલી રીતે એક દેવાંની કોરટનો કેસ હતો; એમા કાં
ઈ તડાંઓની મારામારી નહી હતી; કાંઈ લોહીની ખુવારી ન
હી હતી, કાંઈ કોઈના હાડકાં ભાગાં નહી હતાં; હીઆં
કાંઈ હીંદુઓ અને મહમદીઆંનો વચે અથવા કાંઈ મહમદી
આંનો અને પારસીઓ વચેનો ફેસાદ નહી હતો; અને અગર બેમાં
લકતવાલા જપાજપી કરેતો સુલેહ રાખવા માટે તેઓના જામીન લી
ધા હતેતો તેથી સઘલો મતલબ સચવાય એવું હતું. પણ સરકારે
આ માતબર શખસો (કુંવરજી અને જેકબ) ને એક બાજુએ ખીસા
ડી મેળયા અને સરકારી ટીજોરીને ખોલી મેળવામાં આવી, તથા બી
ચારા આ ગરીબ બંધવાઓને પોતાનું શોધી લેવા પડતા નાખયા, અ
ને પારશી ટોળાએ જો આ વખતે તેઓને માન ભરેલી રીતે મદદ
આપી નહીં હતે તો તે બીચારાઓ પોલીસના આધારે પડતે, કે જે
પોલીસે એ દરએક અને સઘલા બંધવાઓનું છુટાપણું છીનવી લેવા
ના સપત ખાધાછે અને તેનો ઠરાવ કરેલોછે. કુંવરજી પરાગજી અ
ને જેકબ જમાલ, જેમને અગર કાંઈ ફરીઆદ કરવી હોયતો પોતા
ની મેળે પોતાને મદદ કરવાને જેઓ શકતીવાન છે, તેવાં માણુશોને
મદદ આપવા માટે સરકારી ટીજોરી ખોલલી મુકેલી શું તમે જોયા ક
રશો ? અગરજો તેમને સરકારે એવી મદદ આપી નહીં હતેતો જુરીના
અને કોરટના વખતનો ઉગાલો થતે અને આ ૧૮૭૩ ના શાલની
એક મોટી નામોશી ભરેલી નાલેશીનો અટકાવ થતે. બંધવા ના૦
૨ જાના હાથમાં પોલીસે બેડી થોકવાની જાસતી વાપરીછે, પણ ગરહ
સથો, મારાં કુલને એક આબરૂદાર અને પઈસાદાર ગરહસથ તરીકે
પોલીસવાલા સારીપડે ઓળખતા હતા, માટે તેને પરહેજ કરવાની કાં
ઈજ અગત નહી હતી, અને તેને હાથે બેડી થોકવાનીતો મુદલજ જ
રૂર નહી હતી. જરાબી જરૂરીઆત વગર બંધવાને બેડી થોક
વામાં પોલીસે ઘણું જુલમાત ભરેલું અને તદન ગેરવાજબી કાંમ
કરયુંછે; અને એ શખત ચાલને માટે હું કહું છઉં કે જુરીએ ઠ
પકો આપવો ઘટારત છે; અને હું ઉમેદ રાખું છઉં કે તમારા અભી
પરાએમા બંધવાઓને "નાટ ગીલટી"જ માતર ઠરાવશો નહી પણ
તમે પોલીસના છેક વડા કમીશનરથી દરએક જણે જે ચાલ ચલાવી
છે તે બાબે તમારો તીરસકાર પણ તમે નોધશો.

આ ભાશણ સમાપત કરતી વેળા મી૦ મેહયુએ જણાવયું કે મા
રાં કુલ તરફથી મારે શાખશી રજુ કરવાનીછે.

જડજ—તે શાખશી આ જમીન ઉપરના હક બાબેની છે કે મુક દમાની બીજી બાબતો વીશે છે?

મી૦ મેહયુ—બીજી બાબતો વીશે.

જડજ—અગરજો તમે જમીનના હક બાબે શાખશી રજુ કરવા માંગતા હોવોતો, હું તેનો અટકાવ કરશ, કેમકે હું જુરીને કેહેવાનો છઉં કે જમીન ઉપરનો હક સાબેત થાશે તોપણ બંધવાઓ ઉપર મુ કેલાં તોહોમત સાથ તેને કશું લાગતું ,વલગતું નથી.

મી૦ મેહયુ—મારા સાહેદીઓ બીજી બાબતોના છે.

જડજ—જો એમ હોયતો મારે કાંઈ વધારે બોલવું નથી.

એ પછે મી૦ બરાનસને ભાશાણુ ચલાવયું.

મી૦ બરાનસનનું ભાશણ.

જુરીના ગરહસથો—છ બંધવાઓનો બચાવ કરવા મારે હું ત મારી હજુરમા હાજર થયો છઉં અને મારે ટુકમા તમોને થોડીકજ બીના કેહેવીછે. હું તમોને પુછું છઉં કે આપણુ આ કોરટ મધે રો કાયલા છઈએ, તેટલામા કુંવરજી પરાગજી અથવા તેનો વકીલ મી૦ આરકર પીલ અગરજો મી૦ સુટર પાસે જાય અને તેને કેહેકે મારા (મી૦ બરાનસનના) અથવા મી૦ જસટીસ ગરીનના અથવા મી૦ આનસટીના કંપાંઉડમા તેઓ એક ચાલી બાંધવા માગેછે, તો શું તે ચાલી બાંધવામા મંદદ આપવા સારૂં મી૦ સુટર તેમને પોતાની પો લીસની મદદ આપતે ? અને કોરટ ખલાસ થવા પછે અગરજો મા રે બંગલે જવા પછે મારા કંપાઉંડમા એક ચાલી અથવા તંબુ આવી પડેલો હું જોઉંતો, તે ચાલી અથવા તંબુ જેનાબી હવાલામા હોય તે ના માથાં ઉપર તે સઘળું તોડી પાડવાને શું મને વાજબી હક નથી? આ મારૂં દરસટાંટ કાંઈ પણ રીતે સહરાવેલું નથી, કેમકે કુંવરજી પ રાગજીની ચાલી સઘળી એક રાતમા અચબુચ લાવીને બાંધી દીધી હ તી. મી૦ ફરગયુસને મુકદમાની તપાસ ઉંઘાડતી વેળા પોતાના ભા શણુમા એવું કહયું હતું કે ફરીઆદી તરફના ઘણાખરા શાખશીઓ બીજા બંધવાઓની સાથે મારા પાંચ કુલોને ઓળખાવા વના રેહશે નહી. ફરીઆદીનો હીમાએતી, 'જે તાજની તરફથી હાજર થયલો, તેના મોહોમાથી આ ભવીશ વરતેલું ઘણું ભયભરેલું લાગતું હતું; પણ તપાસ આગળ ચાલવા પછે પરીનામતો એવું નીપજયુંછે કે મી૦ ફરગયુસન જેને "ફરીઆદીની તરફના ઘણાખરા શાહેદીઓ" કેહેતો હતો,તેતો કેટલાક બંધવાઓના બાબમાં મી૦ માકડરમાટ એકલોજ મા

લમ પડયોછે. એ ઉપરથી મુકદમો ઉંઘાડતી વેળાના ધારાના હીમાએતી એના ભાશણો, જેમને શાખશીઓથી ટેકો મળવો જોઈએ, પણ જે એને પાછળથી તેવો ટેકો મળયો નહી હોય, તેવાં ભાશણો ઉપર કેટ લો થોડો વીસવાસ મેળવો જોઇએ તે માલમ પડેછે. મી૦ ફરગયુસ ને વળી "અમે" એટલેજે સરકારની તરફથી જુરીને તથા જડજને મત તથા ફરમાશ જાહેર કરી હતી—જુરીને એમકે તેઓએ "એક સઉથી તોફાંની બખેડા" ને પોતાના અભીપરાએથી તોડવો; જડજ ને એમ ફરમાશ કીધી કે "અમે બંધવાઓને ધડો મળવાજોગ શી ખશા થવાનું ઇછીએ છઈએ." પણ શું જુરી સરકારની "ઇછા" તથા "ફરમાશ" ઉપર પોતાની અકલને વેચવાનીછે ? હું તમોને પુ છું છઉં કે કાઉનસીલનો એક મેમબર જેણે આ મુકદમાં મધે સરકા રી ટીજોરીને ખરચે એક નાપાએદાર ફરીઆદી ચલાવાનો હુકમ આ પયો, તે મેમબરની ખાએશ ઉપર શું તમો સાહેબો વાંકા વળીને ન મવાના છો ? હું આશા રાખું છઉં કે જેમ જડજ તેમજ જુરી એ વીચારને તીરસકાર સાથ તુછકારી કાહાડશે. હવે શાખસી તરફ ન જર કરતાં માકડરમાટ અને જમાદાર એ બે જણની શાખશી વચે કે ટલોબધો તફાવત પડી ગયોછે તે જુવો. (આ તફાવત મી૦ બરાન સને થોડીક વીગત સાથ બતાવયો) હું દલગીર છઉં કે મી૦ માકડર માટની સચાઈ ઉપર મને શુખન લઇ જવો પડેછે. વળી હું દલગી ર છઉં કે એ એક ઇંગરેજ સાહેદી છે, કેમકે હું ખાતરીથી માનું છઉં કે દોખમાના કંપાઉંડમાં લોકોને ભેગા મળેલા જે જગા ઉપર ઉ ભો રહીને જોયલા, તે જગા બાબે એ શાખશી (માકડરમાટ) જાણી બુજીને જુઠું બોલયોછે. હું તમો જુરીના ગરહસથોને અરજ કરૂં છઉં કે મી૦ માકડરમાટની શાખશીને એક દાઘ લાગેલાં શાહેદીની જુ બાની તરીકે તમો રદ કરજો અને જમાદારની જુબાની એથીબી વ ધારે દાઘ લાગેલા સાહેદી તરીકે તમે પડતી નાખજો અને સઘળા બં ધવાઓને "નાટ ગીલટી" ઠરાવી ઈનસાફ આપજો.

હીઆં મી૦ બરાનસનનું ભાશણ સમાપત થયું, જે પછે બચાવ ની તરફના શાખશી રજુ કરવા કે નહી તે મી૦ આનસટીએ બીજા દીવસ ઉપર રાખવાથી જડજે આગળનીજ મીશાળે કોરટને બરખા સત કીધી.

નવમો દીવસ—બુધવાર, તા૦ ૧૯ મી જુલાઈ ૧૮૭૩.

મી૦ આનસટીએ બંચાવ તરફના તેના ભાઈબંધ બારીસટરો સાથ મશલત કીધા પછે કોરટ બેસતાંવાર જાહેર કરયું કે ફરીઆદી તરફની જે શાખશી પડીછે તે જોતાં બચાવ તરફના શાખશીને તપાસવાનો જરૂર નથી એવું સઘળા કાબેલ હીમાએતીઓએ ઠરાવયુંછે.

અગરજો કોરટ જરૂર જુવેતો મી૦ આનસટીએ પોતાના ભાશણમા આપેલી ધારાની શાહાદતોનો રદીઓ આપવાની મી૦ ફરગયુશને રજા માગી; પણ જડજે કહયું કે તેમ કરવાની જરૂર નથી.

હવે કશી તપાસ બાકી નહી રેહેવાથી જડજે સારાંઉસ કાહાડીને જુરીને ચારજ આપવાનું ભાશણ શરૂ કરયું :—

જડજનું ભાશણ.

જુરીના ગરહસથો—આ મુકદમા ઉપર તથા તે માહેલી શાખસી ઉપર, અને અગત કરીને તેને લગતા ધારા ઉપર થોડાક ટીકા કરવાની હવે મારી ફરજ આવીછે. ફોજદારી મુકદમાઓમાં જડજ અને જુરી વચેના સંબંધ વીશે મી૦ અરસકીને આપેલા અસરકારક વીચારો સાથ હું પુરતો એકમત થાઉં છઉં, પણ તે વીચારો માહેલા જે એક ચોકસ ભાગને હું પુરતો બાહાલ રાખું છઉં તે ભાગ તમારા ધેઆંન ઉપર લાવવામાં આવયો નથી. તે એ છે કે એક મુકદમો સમાધાન સંપમેરથી ચલાવા માટે "શાખશી તથા ધારા વીશે જડજના વીચારોને તેવા માન તથા ધેઆંનથી જુરીએ સાંભળવા જોઇએ કે જે માન તથા ધેઆંન ઉપર જડજની કાબેલીઅત તથા એકીનદાર હેતુનો સદા દાવો ચાલેછે." હું કબુલ કરૂં છઉં કે શાખશી ઉપર કેટલો વીસવાસ મેળવો, શાખશીથી બંધવાની ધારણા ઇઆ બીજી ચોકસ બાબતો પુરવાર થઇછે કે નહી તેનો ચુકાદો કરવાને તમો સાહેબોજ માતર "જડજો" છો, અને ગુનાહ ઇઆ બેગુનાહપણું—જેમાં જેમ સચાઇનું તેમજ ધારાનું તતવ પણ સમાયલુંછે—તે બાબે શેવટનો ચુકાદો આપનાર પણ તમો સાહેબો છો; પણ લારડ અરસકીનની ભાશામાં બોલુંતો, આપણા ધારાઓના બંધાંણની મતલબ મુજબ જાંહાં સમજી સુજીને તપાસ ચલાવાની હોય તાંહાં, જુરી જડજના મતને માન તથા ધેઆનથી સાંભલેછે, તોજ તેમ બની શકેછે. હવે હાલ તમારૂં ધેઆન મારા ઉપર લગાડવા માટે મારો દાવો એટલોજ છે. આ મુકદમાનો ધારો તથા કેફીઅત હું તમોને સમજાવશ અને મારા વીચારો ઉપર કેટલો વજન મેળવો તે તમારી પુર ખુશીથી કેહેવાનું કામ તમારૂં છે. ગરહસથો, લારડ અરસકીનના આ ભાશ

ણુમાં એક ચોકસ ભાગ ઉપર હું અગત કરીને તમારૂં ધેઆન દોડાવા માગું છઉં; અને તે એ છે કે તે મુકદમા મધે જડજે જે કાંઈ કામ કરવું દરૂસત ધારયું તેની સામે શખતાઈથી લડતાં તે નામાંકીત હીમાએતી જડજનો એકીનદાર હેતુ બાહાલ રાખેછે. મી૦ અરસકીન દરએક રીતે ગરહસથ હતો અને જે ધણી પોતાની વરતણુક, રીતભાંત તથા ભાશામાં ખરો ગરહસથ હોય તેનાથી બેશક એજ વકી રાખવી જોઈએ. એકીનદાર ધારણાને માટે, ગરહસથો, હું ધારૂં છઉં કે હું પણ જુરીના માન ભરેલાં ધેઆનનો દાવો કરી શકું. આ બંધવાઓના એક હીમાએતી તરફથી કેટલાક ટીકા કરવામા આવયાછે, કે જે ખબર લેવા વગર પસાર કરવાને ખચીત હું ચાહાતો નથી. તે ટીકા કોણને વીશે કીધા તે બોલલું જણાવયું નથી—તે ફરીઆદી તરફના કાબેલ હીમાએતી વીશેબી હોય; પણ બંધવાઓના એ કાબેલ હીમાએતીએ જાંહાંસુધી શાખસી બોલાવા કહી પોતાનો સવાલ ખોલો રાખયો હતો તાંહાંસુધી તેના તે ટીકાનો સઉથી સારો અરથ કાહાડવાને હું ચાહાતો હતો, પણ તેણે વધારે શાખસી બોલાવાને ના પાડવા પછે, તેના તે ટીકાના અરથ વીશે મને કસો શક રહયો નથી. તે ટીકાની મતલબ એવી હતી કે કોઈએક ધણી જાને કે બંધવાઓને ગુનેહગારજ ઠરાવા માગતો હોય, અથવા તેમને કાંઈજ નહી પણ ગુનેહગાર ઠરાવા માટે જુરીને સમજાવા અથવા સમજાવાની કોશેશ કરવા માગતો હોય, એવી મતલબના બોલો બંધવાઓના તે કાબેલ બારીસટરના મોહોમાથી વખતેવખત નીકલયા હતા. ગરહસથો, મુંબઈમા મને ઘણા વરશ થયાંછે, અને તમોમાના ઘણાકો પણ હીઆં ઘણા વરસના રેહેવાસી હશો, અને હું ખાતરીથી કહું છઉં કે માણશ માણશ વચે ઈનસાફ કરવાની અપખશપાત ખાએશને માટે આ કોરટ; મારી આખી અજમાશમાં, માતર એકજ વખત સીવાએ, પરજા મધે, શું દેશી કે યુરોપીઅનની પુરતી કદર તથા પીછાણ ધરાવેછે. સન ૧૮૬૫ ની આખરીએ દેશી પરજાની એક મોટી સભા મળી હતી, તે સરવેને જાણીતી બીના છે, અને તે બીનાએ તેજ વખતે જેમ મારા મન ઉપર અસર કીધી હતી, તેમજ તમારી ઉપર પણ તે કરી હશે, તોપણ હું તમોને તેની યાદ આપું છઉં. તે સભામાં ઘણાખરા પારસીઓના બાહાલ રાખેલા આગેવાન સર જમશેદજી જીજીભાઈ તે સભાના સરનશીન થયા હતા કે નહી તે હું ભુલી ગયો છઉં, પણ તે સભાની ઘણી આગેવાની તેવણે કરી હતી અને તે ઘણી આબરૂદાર તથા વગવાલી સભામા પરજાના સઘલા જુદા જુદા વરગો ભેગા મળયા હતા. તે સભાએ એક ચોકસ અરજી પસાર કરી હતી, અને ગરહસથો, આ કોરટના નેઆએધીસોના સવતંતરપણા તથા

અપખશપાતપણાની જે માયાલુ પીછાણ તે સભાએ બતાવી હતી, તે
પીછાણ મેળવવાને આ બેંચ ઉપરની મારી આખી કારકીરદીમા હું
ઉમેદવાર છઉં. આ બીના તમોને એવું દેખાડવા માટે હું કહું છ
ઉં કે અદલ ઈનસાફ કરવાના મારાં અપખશપાતપણા વીશે યુરોપી
અન કે દેશી પરજાના કોઈ પણ ભાગની નાપસંદગી મેળવવા સામે
મને ઘણો એકીનદારી ભરેલો દર છે તે સભાએ એક અરજી કીધી,
કે જેમાં અરજદારોએ જેમ આગલી સુપરીમ કોરટના તેમજ આ હાઈ
કોરટના ઈનસાફ ઉપર પુરતો વીસવાસ બતાવયો તથા તે વખતે તર
તના બનેલા બનાવોથી તે વીસવાસ ઘણો દોદરો થયોછે એવી તેમા
ફરીઆદ કીધી. તેઓએ એવી અરજ કીધી કે એક ચોકુસ જડજ
જે તે વેળા બેંચ ઉપર બીરાજેલો હતો, તેને તેના હોધા ઉપરથી ખસે
ડવો, અને તેના કારણમાં તે જડજની નેઆએની ખુરશી ઉપર
ની તથા અગત કરીને ફોજદારી ઈનસાફ કરવાની ચાલ વીશે તે અર
જદારોએ આવા બોલોમા લખયું હતું કે—

"તમારા અરજદારો દલગીર છે કે હાઇ કોરટમા સીવીલ સાઈડ ઉપર
મી૦ જસટીસ આનસટીએ ચલાવેલી ચાલ સામેનીજ ફરીઆદને તેઓ વલગી
રહી શકતા નથી, પણ ફોજદારીના એક નેઆએધીસ તરીકેની તેની ચાલ સા
મે પણ ફરીઆદ કરવાની તેમને ફરજ પડેછે. એ હોધા ઉપર તેણે તોહોમત
વાલાઓને ખચીત ગુનેહગાર ઠરાવા માટે એક ઘણી નાલાએક ઉલટ બતાવી
છે અને ગુનેહગાર ઠરાવાની જે કાલજી ફરીઆદી તરફના હીમાએતીને વટીક
નહી છાજે તથા જે બાએ એક નેઆએધીસને જેટલો ઠપકો આપીએ તેટલો થો
ડો છે, તેવી કાલજી તેણે દેખાડીછે. તેણે કરેલી ઘણીક શીખસાઓ સરેસતા ક
રતાં વધારે અને અવીચારી શખતાઈને માટે જણાયલીછે. કેટલાક મુકદમાં
ઓમા તેવી શખત શીખસા કરતી વેળા નેઆએની ખુરશી ઉપરથી એવા ટી
કા કરવામા આવયાછે કે જે ટીકાથી લોકોના મનમા વીચાર પેદા થવા વના
રેહેજ નહી, કે ગુનેહગારને શીખસા કરવામા તથા ઘારા પરમાણેની શખતમાં
શખત શીખસા તથા દુખ આપવામા નેઆએધીસ દવેશભાવી મોજ મેળવેછે.
એ ચાલનું ઘણું અફસોસ કરવા જોગ પરીનામ એ નીપજેછે કે પરજાના ફા
યદાને મોટી હાંની પોહોંચાડે એવી રીતે ગુનેહગારો તરફ પરજામા દયા ઉતપન
થાયછે; અપરાધ તરફ પરજાના ખુદરતી ધીકારમા ઘટાડો થાયછે; તથા ગુને
હગારોને ઈનસાફને માટે ઘસડવાથી પરહેજ રેહેવાને નરમ દીલના લોકોને મન
થાયછે. વળી ધાસતી લાગેછે કે આ શખતાઈથી બંધવાને રખે તેના વાંક કર
તાં તદનજ વધારે સજા થાય. એવી બીહીકથી જુરીઓ પણ તેને ગુનેહગાર ઠ
રાવતાં આનાકાની કરશે."

હવે, ગરહસથો, જડજના આ હોધા ઉપર હું લાંબા કે ટુકા વ
ખત સુધી રહું, તોપણ જો દેશી શેહેરીભાઈઓના એક મોટી સભા
મારે વીશે આવું મત પસાર કરેતો હું આ સરજમીન ઉપરથી એક

દમ નીકલી જાઉં અને સરમીંદગી તથા ઘભરાટ વચે મારૂં સર છુપા વા વના રહું નહી. આ ખુરશીના અપખશપાતપણા સાંમે અને જે અદના શખસ તમારી હજુર ભાશણ કરેછે તેની સામે, જે અરોપ મુકાયલા હું સમજુ છઉં, તે બાબે આટલા વીચારો આપવામાં, ગર હસથો, હું ખચીત માનું છઉં કે હું મારી ફરજોની હદમા રહેલો છઉં. જુરીની આગળ જેબી ચીજ પસાર થતી હોય, તે દરએક ચી જ, જો કોરટની નજરમા દરૂસત દીસેતો, કોરટે ટીકા કરવા યોગીય છે. આટલા વીચારો આપવાનું ઘટમાન છે, અને તમોને કેહેવા સારૂં હું એ વીચારો આપું છઉં, કે જેમ હું સદા કરતો આવયો છઉં તેમ હાલને ટાંકણે પણ એક અને બીજી બોરદુ વચે કાંઈજ નહી પ ણ ઈનસાફ કરવાની હું કોશેશ કરૂં છઉં. હવે ગરહસથો, આ મુક દમા ઉપર સાધારણ રીતે બોલતાં આટલું કેહેવું જોઈએ કે પરજાના હક ગમે એવા પાએદાર હોય, તોપણ તેમને, પરજાની સમાધાની જા લવી શકાય એવી રીતે જાહેર કરવા તથા અમલમા આણવા એજ પરજાના સામાનીઅ લાભની બીના છે, એમ પેહેલેથી મુકરર થવું જો ઈએ. જાસતી ભરેલા ઉપાયો લેવા વગર મીલકતો ઉપર ધુસી જના રાઓને માટે ધારાએ પુરતા ઉપાયો સાચવેલાછે. સને ૧૮૫૯ ના આકટ ૧૪ માની કલમ ૧૫ મી ફરમાવેછે કે ધારાથી ઉલટી રીતે જાસતીથી પોતાની મીલકતને ખોહી બેસનારાઓ, તે મીલકત ઉપરના પોતાના હકની સાબેતી આપવા વગર ફકત પોતાનો ચોકસ દીવસે કબજો હતો એટલુંજ પુરવાર કરવાથી તે મીલકતને પાછી હાથ કરી શકશે. ઘણા લોકોને જમીનનો કબજો ધરાવા છતાં તે ઉપરનો પોતાનો હક પુરવાર કરવો મુશકેલ પડેછે. ખોલલાં ખત વગર તેઓ છાંનોમાનો કબજો ચલાવી શકેછે અને ઉપલા આકટનો આ બંદોબ સત તેવી મીલકતોના સંભાલને માટેજ કરયોછે. આ મુકદમા મધે મી૦ ડફી અને તેના નોકરો અથવા કુવરજી પરાગજી અને જેકબ જમાલ ગઈ તા૦ ૨૭ મી મારચને દીને આ મીલકત ઉપર દાખલ થ યા, તે ગમે એવું કાયદા વીરૂધ ઈઆ સચાઈથી દુર હોય, તોપણ આ ગમચથી એ જગાનો કબજો ધરાવનારાઓ પાસે ધારા પરમાણેના ઉ પાયો પુરતા હતા. તેઓને કાંઈજ કરવું નહી હતું, પણ આ કોરટ ની સીવીલસાઈડમા ફરીઆદી માડવી હતી અને કોરટ ફકત એટ લુંજ તપાસતે કે તા૦ ૨૭ મી મારચને દીને તેઓના હાથમા કબજો હતો કે નહી. તેમ કરવાથી, પછે મીલકત ઉપરનો હક ગમે તેનો હ તે તોપણ માણેકજી દોરાબજી અથવા પારસી પંચાએત પોતાનો કબજો મેળવવામા ફતેહ પામતે. ગરહસથો, ધારાના આ બંદોબસતે એક મીલ કત ઉપર જબરીથી ધસારો કરવાના સરવે બાંહાંનાને દુર કીધુંછે. આ

કોરટની સીવીલસાઈડ પુરતો એલાન કરી શકેછે અને ધડોલર જો એવું કબુલ કરીએ કે બંધવાઓ અથવા બીજા કોઈ માણસો આ મી લકત ઉપર ખરેખર જાસતી ચલાવી આવ્યા, તો હું પુરતા વીસવાસ થી મત આપું છઉં કે તેમ કરવાની ગમે તેણે પણ સલાહ આપી હોય, તોબી તે ખરાબ સલાહ આપીછે અને એ તદનજ ગેરવાજબી કાંમ છે. કાયદા પરમાંણે પુરતા ઉપાયો હાથમાં છે, તે હીઆંસુધી કે મીલકત ઉપરનું ખત પણ પુરવાર કરવું પડતું નથી, તારે જબરીથી મીલકત ઉપર જવું એ આ દેશના ધારા પરમાણે તદન બીનજરૂર છે; વાસતે જેઓએ ખાનગી આસાંમીઓને પોતાના હક જાસતી ભરેલી રીતે બજાવાને સલાહ આપી હોય, તેઓ ધારાની ચુંગાલ તલે આવી શકેછે અને સઘલી વાત સાબેત થાય ઇઆ નહી, તોપણ તેઓ સજાને લાએક થાયછે. આ મુકદમા ઉપર પીનલકોડનો કાંઇ પણ બંદોબસત નવો નથી. મતલબમાંતો ઈંગલંડનો આજ ૫૦૦ વરશનો ધારો એજ છે. (રાજા) રીચરડ ૧ લાનો આકટ ૫ મો ૫૦૦ વરશ થયાં પસાર થયોછે અને તે હજી ચાલેછે, અને તેની સાદી એબારત આ મુકદમાં ઉપર ખોલલું અજવાલું પાડેછે. તેમા લખેછે કે—

"બીજું—રાજાનો હુકમ છે કે હરએક જમીન ઇમ્આ ધરમાં દાખલ થવાનું જે ધારામા બાહાલ છે, તે સીવાએ કોઇએ પણ કોઈબી રીતે દાખલ થવું નહી; અને તેમ કરતાં પણ મજબુત હાથથી ઇમ્આ લોકોની ભીડ સાથ નહી પણ સુલેહ ભરેલી અને સેહેલ રીતે દાખલ થવું; અને અગર કોઈ બી ધણી જો એથી ઉલટું કરશે તથા તે જો ગુનેહગાર ઠરશે તો તેના શરીરને કેદ પકડવાની શીખસા થશે તથા રાજાની મરજીથીજ તેને પાછો કાહાડવામા આવશે."

જાસતીથી દાખલ થવા બાબે ઈંગલંડનો ધારો એ છે, અને પીનલકોડમાની એને લગતો કલમની મતલબ પણ એજ છે. હું વળી તમોને એટલું પણ કહું છઉં કે વાંધા વાલી જગામાં ફકત રેહેવાનુ અથવા તેના ભાડાં અને ઉપજ ખાવાનું માતર પુરવાર કીધું હોયતો કબજાની મુખીઅ સાબેતી દાખલ તેજ પુરતું છે. હવે આ વાતમાતો કાંઇ શક નથી કે તા૦ ૨૭ મી મારચથી તા૦ ૪ થી એપરેલ સુધી મી૦ ડફી અને તેના બેગારીઓ આ જગા ઉપર ખુદ પોતે રહેલા હતા; એજ પેહેલાંતો કબજો પકડી લેવાની શાખશાં ગણાય. એટલા માટે કોઇબી માણશનો હક ગમે એટલો મજબુત હોય, તોપણ જો તે લોકોનો મોટી ભીડનો મદદથી તે હક જાહેર કરતો હોયતો ફોજદારી ધારો અથવા નહીતો દેવાંનો ઈનસાફ તેને પુછી શકે. બંધવાઓના કાબેલ હીમાએતીએ જે મુકદમાઓ ટાંકયા છે તેમને આ કોરટની નાકેશ સમજ મુજબ આપણા સવાલ સાથ ક

સો સંબંધ માલમ પડતો નથી. એક સીવાએ તે સઘળા મુકદમા નુકસાની ભરી લેવા માટે માંડેલી દેવાની ફરીઆદીઓના મુકદમા છે. અગરજો મી૦ ડફી આ કોરટમા પોતાને આ જગા ઉપરથી કાહાડી મુકવા બાબે નુકસાનની ફરીઆદી લાવયો હતેતો, જે પરતીવાદીઓ ઉપર માર અથવા "ટરેશપાસ" નો વાંક મેગાતે તેઓ અછો જવા બ દઈ શકતે. આ વાતતો તદન ખોલલી છે કે અગરજો એક જણ તમારી જગા ઉપર આવે અને કાંઈ વગર જરૂરની શખતાઈ વાપરવા વગર અગરજો તમો તેને કાહાડી મેળો—અને એ શખતાઈ કેટલી વાપરી શકાય તે બાબે ઘણી ઢોલી દોરી મુકેલીછે—તો તમે તમારો હ ક પુરવાર કીધાથી, તને કાહાડી મેળવા માટે તમારી ઉપર તેની ફરી આદી ચાલી શકે નહીં અને વળી તેની પાસેથી તમે સામી નુકસાની ભરી લેવાને તે વાજબી શબબ થઈ પડે. પણ હુલડ અથવા બેકાયદે મંડળીનો સવાલ તદન જુદોજ છે. અગરજો તેને કાહાડી મેળતાં ધાસતી અથવા ધમકીની ભાશા વાપરી હોય તો ફોજદારી ધારો વચે પડેછે અને કેહેછે કે રાંણીની સુલેહની સામે એ અપરાધ થયો. ઈં ગરેજી ધારાના મુળ કાનુનના ક. ખ. ગ. જેવું એ સેહેલ છે, અને ફોજદારી તથા દેવાની ફરીઆદીને માટે કારણો આપતી બાબતો વચે તેમા સેહેલ ચુકાદો થઈ શકે છે. સન ૧૭૮૯ મા લારડ કે નીઅને દેખાડેલુંછે કે જેઓ પાસે હક હોય તેઓથી જાસતી સાથ તે હક રજુ કરાય નહી, અને જો કાંઈબી જાસતી વાપરેતો તે ફોજદારી ફરીઆદનો શબબ થઈ પડે. અગરજો મી૦ ડફીએ નુકસાં નીની ફરીઆદી માંડી હતેતો (બંધવાઓ તરફથી) ટાંકી બતાવેલી સ ઘલી શાહાદતો લાગુ પડતે. પણ બેકાયદે મંડળી ભરવાના આ મુકદ મા મધે તે કશું લાગુ પડતું નથી. બેકાયદે મંડળી વીશે પીનલકોડ શું કેહેછે તે તમારી આગળ હજી સુધી કોઈએ મુકી દેખાડયું નથી; તેમ કરવાનો હાલ બરાબર વખત છે. ફોજદારી અપરાધોને લગતો હીંદુસતાંનનો સઘલો કાયદો પીનલકોડમાં થોડી જગા મધે સમાવેલો છે અને હું ખચીત માનું છઉં કે જાહેર ઈનસાફના વહીવટના તથા આ દેશમાં રેહેનારાઓના બેહુના ફાયદાની આ બીના છે, કે લોકો પો તાના દેશના ફોજદારી ધારાની સામે થનાર કેમ ગણાય તેના સઘલા પરકાર થોડાંમાં માલમ પડી આવેછે અને જુના ધારાઓનો ઘણોક જથો તપાસવો પડતો નથી, કે જે ધારા પાંચ લાખમાંથી એક જણ સમજતો નથી અને જે વીશે તે જુજમી સમજનારાઓમાં વળી ત રેહવાર મતફેર ચાલેછે. બેકાયદે મંડળીનું મુળ તંતવ પીનલકોડ આ પરમાંણે સમજાવેછે—"બેકાયદે મંડળીમાં પાંચ ઈઆ તેથી વધા રે માણસો હોવાં જોઈએ." એક ઘર ઈઆ જમીનનો ધણી પોતાની

મીલકત ઉપર ધુસી જનારને બાહાર કાહાડવા સારૂં બે તરણ દોસતો ને બોલાવેતો તે કાંઈ બેકાયદે મંડળી ગણાય નહી. તેમાં પાંચ અથવા તેથી વધારે માંણસો હોવાં જોઈએ અને અસલી ધારાઓમાં જેને "મોટી ભીડ" કહેલી છે તે અને બેકાયદે મંડળીની આ સમજ બેહુ એકજ છે. વળી તમે શોધી કાહાડવું જોઈએ કે આ પાંચ ઈઆ વધારે માણસોએ ખરાબી કરવી એવી સાધારણ મતલબ ધારી હતી; સધલાની તેવી સાધારણ મતલબ હોયતો તે બેકાયદે મંડળી ગણાય. હીંઆં બંધવાઓ ઉપરનો વાંક તેજ છે. પાંચથી વધારે માણસો મળયાં હતાંજ અને તેમની સાધારણ મતલબ ખરાબી કરવાનીજ હતી. ખરાબી કરવાનો અરથ બીજાની મીલકતને કાંઈ પણ નુકસાંની પોંહોંચાડવાનો થાયછે, પણ આ મંડળીનો સામાનીઅ મતલબ ખરાબી કરવાની હતી એવું શાખસી ઉપરથી સાબેત થયુંછે કે નહી તે તપાંસવાનું કામ તમારૂં છે. બીજી એક રીતે પણ આ તોહોમત ઘડી કાહાડયુંછે તે એ છે કે કોઈ પણ શખશે એક હક ઈઆ ધારેલો હક બજાવા સારૂં ગુનાહ ભરેલી જાસતી વાપરવાનો દેખાવ કરવો. એક જણનો હકતો દુનીઆમાં સઉથી સરસ હોય, પણ જારે પાંચ ઈઆ વધારે માણસો ભેગા મળે અને તેમની સાધારણ મતલબ એક ખરા ઈઆ ધારેલા હકને અમલમા આણવાની હોય તો પીનલકોડ પરમાણે તે એક અપરાધ ઠરેછે અને રીચરડ ૧ લાના વખતના ધારામાં જણાવેલા સુલેહના બીગાડને તે મળતું આવેછે. જે શખસની ઉપર તે જબરી વાપરી હોય તેને નુકસાનનો બદલો મળેછે કે નહી તે બીજી વાત છે. ધારાની ધારણામાં એમજ માગવું વાજબી છે કે એક જણના હક ગમે તે હોય તોપણ ગુનાહ ભરેલી જાસતી દેખાડીને લોકોની એક ટોલી મારફતે તે હક બજાવવો નહી જોઈએ; પણ જો બનેતો તે હક માતર બે તરણ જણે મળીને અથવા ઈનસાફની અદાલતોની મૉરફતે બજા લાવવો જોઈએ. આ મુકદમા મધે બે અનેઆએ મુકેલા છે. પેહેલો અને બીજો બેકાયદે મંડળીનો છે. તરીજો અનેઆએ બેકાયદે મંડળીમાં સાંમેલ રેહેવાનો મેળતાં, તેને લગતો પરકાર તેમા જણાવયો નથી; તે બાબે તમારૂં મત ગમે તે હોય, પણ હું તમોને ભલામણ કરૂં છઉં કે એ બાબે બેગુનાહ (નાટ ગીલટી) નો અભીપરાએ આપવો. મંડળી બેકાયદે શી રીતે હતી તે તમે બંધવાઓ સાંમે દેખાડવું જોઈએ. ગુનાહ ભરેલી જાસતી એક જાન ડફીને દેખાડવાનું આ તોહોમત છે. મી૦ ડફી શાખશી આપેછે કે તેના તંબુ અને શામાણનો નાશ કરવામા આવયો તથા જારે તંબુની આગળ ગયો તારે તેને ઢકેલો મારી દુર મોકલવામા આવયો; એ

શાખશીનો જો તમે વીચાર કરોતો, જો કે ઘડીભર તેને કાંઇ પોતાને નુકસાન થયું નથી તોપણ ગુનાહ ભરેલી જાસતી વાપરવાનો દેખાવ કરવાનો તેમા અનેઆએ છે ખરો. એક જણને નુકસાન નહી થયું હોય તેની કાંઇ પરવા નથી. એક જણ પોતાને નુકસાન થવાની ધાસતીમા આવી પડે તથા તે હેરાન થાય એટલું તેને દેખાડવું એ પણ ગુનાહા ભરેલી જાસતી થઇ. મી૦ ડફીને આંચકો મારીને ખસેડી મેળવાનું કામ પોતે કાંઇ જીવ જેવું નથી, પણ જો તમારી નજરમા એ કામ સાબેત થયું હોય, તો મારાં મત મુજબ તે ગુનાહ ભરેલી જાશતી છે. મી૦ જાન ડફી ઉપર ગુનાહ ભરેલી જાસતીનો દેખાવ કરી માણેકજી દોરાબજી ઇચ્છા પારસી પંચાએતનો હક જબરીથી અમલમા આણવાની સાધારણ મતલબ આ ટોલીની હતી કે નહી તે ચુકવવાનું તમારા હાથમા છે. વળી આ સઘળા અનેઆએ ઉપરાંત હુલડ કરવા અને નુકશાની કરવાના બે બીજા વાંક આ બંધવાઓ ઉપર મેળયાછે. હુલડનો વાંક બેકાયદે મંડળી કરતાં જરા વધારે છે. "જારેબી એક બેકાયદે મંડળી અથવા તેમાંનો હરએક શામેલગાર મંડળીની સાધારણ મતલબને મારે જબરી ઇચ્છા જાસતી ચલાવે, તારે તે ટોલીનો એકેએક જણ હુલડ કરવાનો અપરાધી છે." ચોથા અને પાંચમા અનેઆએમા જાનુ તથા સદાનશાહ એ બે જણને માર મારવાનો વાંક સમાવેલોછે. અલબતાં એ વાંકોને મારે તમો બંધવાઓને ગુનેહગાર ઠરાવી શકશો નહી, પણ એ ઉપર વીચાર કરવાનું તમારૂં કામ છે. સદાનશાહને મારનાર તરીકે એકબી બંધવાને ઓળખાવામા આવપો નથી. સદાનશાહને મારતાં બીજા શાખસીઓએ જોયું એમ જો તમો ધારતા હોવોતો સદાનશાહ પોતે નામુકેર ગયો કે નહી, તેની કાંઇ પરવા નથી. પણ એ તોહોમતને લગતી બીજી કાંઇ શાખશી પડીજ નથી અને હું તમોને મારૂં મત આપું છઉં કે એ અનેઆએને મારે તમે બંધવાઓને "નાટ ગીલટી" કરશો. આ મુકદમો ધારવા કરતાં લગાર લાંબો થઇ ગયોછે. એ કોઇ પણ રીતે અગતનો મુકદમો નથી, અને કદાચ પોલીસ કોરટમાથીજ તેનો નીવેડો લાવી શકાતે; પણ તેને લગતી બીજી બાહારની જુદી જુદી બાબતોને લીધે એ મુકદમાંને હીઆંસુધી મોકલવામાં માજીસટરેટ ખોટો છે એમ હું કેહેતો નથી. એ એક એવી જાતનો મુકદમો છે, કે જેનો જલદીથી ફડચો લાવવો જોઇતો હતો, પણ કોઇ દાખલો પકડવા જોગ મોટી શીખસા કરવા જોગ એ મુકદમો નથી. માણસની જાતી બુધી પોતાને લગતી બાબતોમાં ઘણી ચપલ રેહેછે. તમારી જગા ઉપર કોઇને ધસારો કરતાં જોવોતો તમારી ખુદરતી વલાણ એ થશે કે સઉથી સેહેલ અને તરને ફર એલાજ જેબી તમારોથી બની શકે, તે

વો એલાન કરી તમોએ તેને બાહાર કાહાડવો. એ અપરાધ કાંઈ એવો નથી કે જેનો હીઆંની પરજામાં કાંઇ ઘણો ફેલાવો થયો હોય. મારી યાદદાસત મુજબતો આવી કીસમનો મુકદમો મુંબઈમાં આજ તેર વરશની મુદતે હમણાજ બનયોછે, અને તેમાં કાંઇ મોટી શીખ સાની અગત નથી. જે જુદા જુદા ગરહસથો તમારી સનમુખ બો લયાછે તેઓએ એ મુકદમાને આપયુંછે તેવું ભયંકાર અને ગંભીર રૂપ તેનું કાંઈજ નથી. હવે ગરહસથો, હીઆં પડેલી શાખસી સં બંધી હું થોડાક વીચારો આપશ, શબબ કે એમ કરવાને, મી૦ અર સકીનના કેહેવા મુજબ, જાંહાં સમાધાની ભરેલી રીતે ઈનસાફ થતો હોય તાંહાં મને હક છે. મી૦ બરાઉનને ઘણી શખતાઈથી ઉલટ પા લટ તપાસવામાં આવયોછે, પણ શું તમે ખરેખર એવું ધારોછો કે એ શખસની ચાલચલણ સાંમે અથવા તેણે આપેલી જુબાંનીના મુ ખીઅ ભાગ સાંમે તમારી આગળ કાંઈ પણ સાબેત થયુંછે ? તેની શાખશી સાંભળવા ઉપરાંત મેં સંભાલથી વાંચીછે અને પોલી સમા તથા હીઆં તે જે કાંઈ બોલયો, તેના વચે પુરતું ધેઆન આ પવા છતાં કાંઈ પણ ઉલટ પાલટ જુબાની મને કાંઈ જડતી નથી, અને તેમજ એ શખસની ચાલ તથા આબરૂ ઉપર કાંઈ પણ ટીકા કરવાને લાએક શબબ મને જણાતો નથી. તે ખરેખર એક વી સવાસુ શાખશી અને આબરૂદાર માણસ મને દીસેછે, અને એના ક રતાં વધારે મારા માનવામા અથવા ધેઆન આપવામા આવે એ વી રીતે શાખશી આપનાર કોઈબી પોલીસમેન અથવા બીજાને આ દેશમા મેં કદાચજ જોયો હશે. મી૦ માકડરમાટ વીશે હું એ જ પરમાણે કહી શકતો નથી. તે ઘણો જવાન છે; તેણે તમોને કહયું તેમ પોલીસમા તેને માતર ચાર કે પાંચ મહીના થયાછે. તે એક હુલર જવાન છે, અને તેની યાદદાસતની સચાઈ ઉપર તમે ઘણો વીસવાસ મેળી નહી શકો એમ હું ખચીત માનું છઉં. એથી વધારે વાત કાંઈ છે કે નહો, તેણે કહેલો વાત ખોટી માનીને કહીછે કે નહી, તે વીશે હું મત આપી શકતો નથી. હું એટલીજ હદ શુધી કહી શકું છઉ, નહી તો કે મારૂં કેહેવું ઉલટું સમજવામા આવે કે—તેણે ખોટા સોગંદ ખાધાછે એવું હું ધારતો નથી. તે કેહેછે તેમ દેવાલની અંદર પારસીઓને ભેગા મળેલા તેણે જે જ ગા ઉપરથી દીઠા તે જગા બાબે એ શખસ તદન ફાંફાં મારવા પડયો હતો. મી૦ બરાંઉન કંપાંઉંડની ઉતર અથવા વાવીઅ દ સા બતાવેછે, અને તમે પોતે નજરે જોયુંછે કે દરવાજા આગળ કંપાંઉંડની બીજી બોરડુએ જારે તમે ગયા તારે દેવાલની અંદર નો કંપાંઉંડનો મોટો ભાગ તે જગા ઉપરથી દીસતો હતો. મી૦

બરાંઉન કેહેછે કે તાંહાંથી તેણે અંદર ભેગાં મલેલાં આદમીઓને દીઠાં. મી૦ માકડરમાટને જારે પેહેલ વેહેલો તપાસવામા આવયો તારે તે બોલયો કે તેણે પારસીઓના આ જથાને કચરો બાલવાની જગા ઉપરથી જોયો હતો. ફરીથી તપાસયો તારે તેણે કંપાંઉંડની તદન ઉલટીજ બાજુ બતાવી. કચરો બાલવાની જગા આગળ થીતો તેને દેખાઈ શકેજ નહી, અને સાચું બોલવાની ધારણા છતાં આવી ભુલ કેટલે દરજે થાય ઇઆ નહી થાય તે કેહેવાનું તમારૂં કામ છે. ઘણાક બનાવો જુદી જુદી જગોએથી જુદાં જુદાં માણશો જુવેછે, અને સઘળા જણ તે વેળા ઉસકેરાયલા હોયછે, અને તેવા દેખાવના હેવાલ હેરફેર આવેતો તે ખામખા જુઠાજ હોવા જોઇએ કે ? એનો વીચાર હું તમોને સોપું છઉં. અલબતાં જે શાખશીઓ હેરફેર કેહે તેઓના કેહેવાના ખરાપણા વીશે સવાલ ઉઠાવાની જગા રેહેછે. મી૦ માકડરમાટ વીશે મારૂં મત એ છે કે તે બારીકીથી તપાસ કરનાર માંણુસ નથી, પોલીસમેન તરીકે તેને કાંઇ અનુભવ નથી, પણ જુઠું કેહેવાની તેણે ધારણા રાખેલી નથી. તોપણ ખરેખરો બનાવ બરાબર યાદ રાખવા તથા બરાબર કેહેવાને તે શકતીવાન નથી, એ બીનાથી તેની જુબાનીનો વજન ઘણો ઘટી જાયછે. જમાદાર અને હવાલદાર બેહુની ઉપર ટીકા થયાછે, તે બેહુનો કાંઇ ગુનાહ દેખાડવામા આવયો નથી, અને કાંઈ અપરાધના તકસીરવાર નહી ઠરે તાંહાં સુધી બંધવાઓને નીરદોશ ગણવાનો જેટલો હક છે, તેટલોજ હક શાખસી તરીકે નીરદોશ ગણાવાને એઓને પણ છે. જમાદાર કબુલ નથી કરતો કે તે રોમાલ ચોરવાનો ગુનેહગાર હતો, ઇઆ નહી હવાલદાર કેહેતો કે તેણે ચોખા ચોરયા હતા. જો તેઓ ગુનેહગાર થયા હતેતો તેઓ બાબે શાખશી લાવવી પુરતી ઘટારત હતી. તેઓ બેહુને વીશે મી૦ સુટરને પુછવામા આવયું અને તે કેહેછે કે તેઓ ગુનેહગાર ઠરયા નહી હતા. તેઓએ તેમજ મી૦ માકડરમાટે પોલીસ કોરટમાં અને હીઆં જુદા જુદા શખસોને ઓળખાવયાછે, તે બાબેના તેમના નીરદોશપણા ઉપર પણ એજ વીચાર લાગુ પડેછે. અગરજો તમોને એવું લાગે કે તેઓની શાખશી બરાબર નથી, તો પછે તે જુઠું બોલવાની ધારણાથી કે યાદ નહી હોવાથી તેઓએ બરાબર નહી આપી તેમાં કાંઈ જીવ નથી. અગરજો એક જણ ઉપર વીસવાસજ નહી હોંયતો, જે ધણી શાખશીના પીંજરાંમાં જીહુરાબંધ જુઠું બોલવા જતો હોય, તેના જેટલોજ બેવીસવાસ એને વીશે પણ તમોને ઉપજશે. આ બંને શખસોએ પોલીસમાં નહી ઓળખાવેલા એવા બંધવાઓને હીઆં ઓળખાવયા. હવે હીઆં બંધવાઓને અદલ બદલ બેસાડયા હતા, તે બાબે એકજ વીચાર

હું આપું છઉં. બંધવાઓને પોલીસના કરતાં હીઆં જુદાંજ અનુ ક્રમે ઉભા રાખયા હતા. હીઆં માતર પચાસ બંધવા હતા. તેઓમાના પેહેલા છ જણનાં નંબર બેહુ કોરટોમાં એકજ હતા અને તે માંથી મી૦ બરાઉને બેને ઓલખયા. બંધવાઓને ઓળખાવાના આ સવાલની બાબતમાં કદાચ તમો વીચારશો કે જોકે શાખશી સઘળી એવા સાહેદોની છે કે જેઓએ ભુલો કીધીછે, તોપણ આ બંધવાઓ ઉપર જે વાંક મેળયાછે તે વાંકમા તેઓ મશગુલ હતા એવો શક તમારા મનમાંથી દુર કરવા માટે એ શાખશી પુરતી નથી. જમાદારની સામે એક અનેઆએ મેળવામાં આવયોછે, જેને ખોટો પાડવાની તેને તક હતી. હું જાણું છઉં તાંહાંસુધી એ કાંઈ ઘણી અગતની બીના નથી, કેમકે લખશમણ વીસરામ જમાદારના જુલમાતથી સદાનશાહ સુલતાનશાહને શાખશી આપવાની ફરજ પડી એવું સાબેત કરવાને કાંઈ શાખશી રજુ થઈ નથી. આ દેશમાં ટુક વખતની અજમાશ તમોને કેહેશે કે પોલીસના નોકરો ઉપર જુલમાતના આવા વાંક વારેઘડીએ મેળવામાં આવેછે. એ વાંક એટલા વારેઘડીએ મેળાયછે કે તેથી કોઇ એમજ માને કેં એ જુલમાત ખરેખર બનતો હશે, પણ હું ધારૂં છઉં કે એ ફરીઆદ ઘણીવાર કાંઈ પણ આધાર વગર કરવામા આવેછે અને ખુદ આ કોરટની અજમાશ કેહેછે કે જારે કાંઈ પણ અગતનો મુકદમો હોયછે તારે "અરે ! હા સાહેબ, મને કોઇ પોલીસવાલાએ આ શાખસી આપતાં શીખાડયુંછે" એવો રીત કેહેવાને શાખશીના પીંજરાંમાં કોઈને કોઈ આવેછે. અલબતાં જુલમ કોઈવાર ગુજારવામા આવેછે, પણ તેના કરતાં વધારેવાર તેની ફરીઆદ થાય છે. છેલો શાખશી જે બોલાવામા આવયો, તે મી૦ સુટર હતો. તેની ઉલટ પાલટ તપાસમા ખચીત એવું કાંઈ નહી હતું, કે જેની સામે કોઇથી વાંધો લેવાઈ શકાય, પણ બંધવાઓનો બચાવ કરનારા કાબેલ હીમાએતીએ તે(મી૦ સુટર)ના ઉપર કરેલો હોમલો સઉથી નાલેશી ભરેલો અને હીનપસતી ભરેલો છે. એ કસા મોભા વગરનો અને દરએક રીતે હીનપસતી ભરેલો હોમલો હતો. મી૦ સુટરની શાખશીમા એવું કાંઈજ નહી હતું, કે જેથો તેના ઉપર જુઠું બોલવાનું ઈઆ એવું બીજું કશું તોહોમત મેળી સકાય. મી૦ સુટર બોલયો અને તે હું પુરેપુરૂં માનું છઉં કે, ઘણાં વરશ ઉપર બનેલી બીનાઓ, જુના કાગજ પતરો તથા ચાર માસ ઉપર થયલી એક વાતચીતની વીગતો તેને યાદ નથી. મી૦ સુટર એક એવો માણશ છે, કે હું જાણું છઉં કે દરરોજ તરેહવાર લોકો સાથે કામના સંબંધમા નાનાપરકારની બાબતો ઉપર વાતો કરેછે. મી૦ સુટર એ

ક અતોઅંત કીમતી સરકારી અમલદાર છે, અને આ શેહેરની પ રજા ઉપર તેનો ઘણો ઉપકાર થયોછે. તેને જુઠો કેહેવાના તથા બીજી તેને ગાલો આપવાના હોમલા વીશે હું એટલુંજ કહું છઉં કે મી૦ સુટર તરફ વાપરેલી એ ભાશા નાપાએદાર, નાલેશી ભરેલી અને હીનપસતી ભરેલી છે. કેટલાક શાખશીઓની આ બરૂ વીશે હું મારૂં મત તમોને આપી ચુકયો છઉં; અને તેમની શાખશોની ભુલભાલો વીશે તમે ગમે તે વીચારો તો પણ, તેમની સાચું બોલવાની ધારણા ઉપર હું બેવીસવાસ બતાવી શકતો નથી. હવે દરએક બંધવા ઉપર લાગુ પડતી શાખશી હું તમોને દેખાડવાનું શરૂ કરૂં છઉં. તમે બંધવાઓ ઉપર શું અભી પરાએ આપશો તે હું આગમથી અટકલવા માગતો નથી, પણ જે વેળા દરએક બંધવાને લગતી શાખશી તમોને દેખાડું તે વેળા તે દરએકના હાથમા સઘલા બંધવાના નામ તમો દરએક સાહેબને લખી આપવાં એ મેં જરૂરનું વીચારયુંછે.

મી૦ આનસટી—હમણા જે કાંઈ કેહેવામા આવયુંછે તે બાબે હું તમો નામદારને અરજ કરૂં છઉં કે જમાદાર વીશે જે તોહોમત આવયુંછે, તે ખોટું પાડવા માટે તેને હીઆં પાછો તપાસવામા આવયો નથી એમ જુરીને કહી સંભળાવો. વળી તમો નામદાર જુરીને એમ પણ કહો કે જમાદારને બોલાવીને એ બાબે સવાલ કરવાનું કાંઈ બંધવાઓનું કામ નહી હતું. જુરીને એ બાબે ખોલાસો નહી થશે તો જુરી કદાચ ખોટું સમજશે.

જડજ—આ કાબેલ ગરહસથની માગણીની મતલબ હું સમજતો નથી, તોપણ હું એટલુંજ કહું છઉં કે જમાદારને કોઈએ ફરીથી બોલાવીને પુછયું નથી. હવે હું જુબાની ઉપર આઉં છઉં. તારીખ ૩ જી એપરેલને દીને મી૦ માણેકજી દોરાબજી જેને હીઆં પેહેલો બંધવો કેહેછે, તે મી૦ બરાઉનને ઢંઢેરો ફેરવતી વેળા મળયો. તે દોખમા આગળ મળયો પણ તે જગા સર કાવસજી જાંહાંગીરના બંગલા આગળ દેખાડવામા આવીછે. એ વખતે મી૦ બરાઉને બંધવાને સારીપઠે જોઈ લીધો અને તેને ઓળખયો, કે જેથી તા૦ ૪ થી એપરેલના ઘભરાટમા જારે તેને પાછો જોયો તારે તેને પીછાણી શકયો હતો. તાર બાદ મી૦ ડફી કેહેછે કે મનાડી ફેરવવાને દીને તેણે પણ માણેકજીને દીઠો હતો. જમાદાર પણ તેમજ કેહેછે. એ રીતે તરણ શાખશીઓએ તેને દીઠેલો હતો અને તમે ધારશો કે આ જગા ઉપર તેને કાંઈ હક છે, એવું તે વખતે તેઓ જાણતા હતા. એક શાખશીના કેહેવા મુજબતો ચાલી અથવા તંબુને કાહાડી નાખવા ઈઆ નાશ કરવાની ધારણા વટીક

માણેકજી દોરાબજીએ દેખાડી હતી. તા૦ ૪ થીના બનાવમાં માંણેકજી દોરાબજીએ લીધેલા ભાગ વીશે મી૦ બરાઉન શાખશી છે, કે જે ણે તે જગા ઉપર હાજર તથા ભાંજફોડમાં ભાગ લેનારા દાખલ કેટલાક બંધવાઓને ઓળખાવયા અને તેઓમાં બંધવો નાo ૧ લો હતો. તેને લખશમણ જમાદારે પણ ઓળખાવયોછે અને જોકે એ શાખશીની સચાઈ વીશે હંમેશ શક રેહેછે, તોપણ તેને માટે એટલું કેહેવું જોઈએ કે આ બંધવાઓને તેના સવાધીનમાં આપેલા હતા, અને તેથી બંધવાઓને ઓળખાવા માટે બીજા શાખશીઓ કરતાં તેને વધારે તક હતી. વળી આટલું પણ યાદ રાખવાનું છે કે બંધવો નાo ૧ અને ૨ જો ચાલીની આગળ હતા, તેવામાં તેમને જમાદારના હાથમાં કેદ આપવાની મી૦ બરાઉને શાખશી આપીછે, અને મી૦ માકડરમાટે હીઆં પેહેલે ઓળખાવેલા બંધવાઓમાં પણ તે એક છે. મી૦ બરાઉનની શાખશીને જો માનીએતો આ વાત ખોલી ઠીક છે કે બંધવા નાo ૧ લાને ખુદ તે જગા ઉપરજ પકડેલો હતો. તે તાંહાં હાજર હતો તે બાબેતો જમાદારની, ભવાંની કેસવજીની, પોલીસના સીપાઈઓની અને છેલે મી૦ સુટરની પણ શાખશી છે, જે સરવે મળીને સાત સાહેદી થાયછે. કેટલાક શાખસીઓ કેહે છે કે તે પોતે ભાંજફોડ કરતો નહી હતો, પણ મી૦ ડફી અને બીજાઓનું કહેલું તમોને યાદ હશે કે તે લોકોને ઉસકેરતો હતો. હું તમોને યાદ આપુંછું કે આ મુકદમો એવો નથી કે જેમાં મુખીઅ કેફીએત ઉપર કાંઈ મોટી તકરાર હોય; અને જે બીનાઓ તમોને સાબેત થયલી લાગે અથવા જે બીનાઓ સામે વાંધોજ નહીજ હોય, તે બાબે થોડાજ પુરાવાથી તમે રાજી રેહેવું જોઇએ. નાo ૨ જા કાવસજી સોહોરાબજીને નાo ૧ લાની સાથે મી૦ બરાઉને કેદમા આપયો. આ જગાની નજદીકમા તેની મીલકત છે, એવી શાખશી પડીછે, પણ તા૦ ૪ થીને દીને તેને એ જગા ઉપર કાંઈ પણ કામ હતું એવી કાંઈ શાખશી મળી નથી. અગરજો તમોને એવું લાગે કે તે દાહાડાના કામકાજમાં તે હાજર થઈ ભાગ લેતો હતો, તો પછે મીલકતનો નાશ પોતાને હાથે કરવામા તે શામેલ હતો કે નહી તેમાં કાંઈ દમ નથી કેમકે બેકાયદે મંડળીમાં શામેલગીરી પુરવાર કરવા માટે ખુદ ભાગ દેખાડવાની કાંઈ જરૂર નથી. મી૦ મેકડરમાટે હીઆં એવું કહયુંછે કે બંધવા નાo ૨ જાને તેણે કંપાંઉંડની અંદરની પેલી નાહાની ઈમારત (સગરી) મા જોયો હતો, પણ માજીસટરેટ આગળ તેણે એ પરમાણે કહેલું નથી. મી૦ ડફી એ બંધવા વીશે કેહેછે કે " તે ઘણો ઉસકેરાયલો દીસતો હતો અને તોફાંની ટોલીમા હંઇથી તહી ફરતો હતો. મેં તેને કોઈ ચીજ ઉપર હાથ લગાડતાં જોયો નથી. જારે મેં તેને

છેલો જોયો તારે તે તંબુની અડોઅડ પાસે ઉભેલો હતો." લખશમન વીસરામ કેહેછે કે મારા સવાધીનમા પેહેલ વેહેલા આપેલાં આર બંધવાઓમાં ના૦ ૨ જો પણ હતો. આ બંધવાને પણ ઓલખાવાને તેને સારી તકો હતી, કેમકે કંપાઉંડની અંદરનો બાંધકામનો તે કનટરાકટર છે તથા ગોવાલાતલાવ આગલ તેની વાડી છે, એવું તે આગમચથી જાણતો હતો. હવાલદાર ભવાંનીએ પણ બંધવા ના૦ ૨ જાને પેહેલાંજ દેખાડેલામા મેળયોછે. પાંડુરંગ વીઠલ કેહેછે કે ચાલી અને તંબુને તોડી પાડવામા રોકાયલા ૪૦૦ થી ૫૦૦ માણસોમાથી તે બંધવા ના૦ ૨ જાને ઓલખી શકેછે; પણ તે વળી કેહેછે કે તેના હાથમા લાકડી નહી હતી. બંધવા ના૦ ૩ જા, ડોસાભાઈ માણકજીને મી૦ માકડરમાટ, લખશમણ અને મી૦ સુટરે ઓલખાવયોછે. મી૦ બરાઉન કેહેછે કે માજીસટરેટ આગલ તેના વીશે જરા શક હોવાથી તેને તાંહાં ઓળખાવયો નહી હતો. કાવસજી હોરમજજી અને આદરજી ફરામજીને મી૦ સુટરે ઓલખાવયાછે; શાપુરજી ભીખાજીને મી૦ બરાઉને, ઓળખાવયાછે; (અને બીજા જુદા જુદા બંધવાઓને જુદા જુદા શાખશીઓએ ઓળખાવેલા તે સઘલાના નામ જડજે હીઆં લંબાણથી વાંચી સંભળાવયાં તથા પછે કહયું કે) જે બંધવાઓ ઉપર તમારૂં ધેઆન ખુખી અતવે પોંહોંચાડવું જોઈએ, તે ના૦ ૧, ૨, ૩, ૬, ૧૨, અને ૧૬ વાલા છે. કાવસજી સોહોરાબજી વીશે હું ધારૂં છઉં કે તેને બરાબર ઓલખાવામા આવયો નથી; તેને ઓળખાવનાર એકલો લખશમણ છે, પણ એણે જે પુશકલ ભુલો કરેલીછે, તેથી એની એકલાની શાખશી તમોએ માનવી કે નહી તે એક સવાલ છે. બંધવા ના૦ ૧૯ મા (બેહેરામ જમશેદ)·વીશે જાણવાજોગ એ છે કે લખશમણ તેને વીશે એવું કેહેછેકે ડુંગરની જગા ઉપરજ તેને કેદ પકડયો હતો, પણ એ વાતને ટેકો મળયો નથી. ખશરૂ હોરમજ (ના૦ ૨૨) ને માટે બરાઉન, માકડરમાટ, લખશમણ, ભવાંની, અને મી૦ સુટર જેણે તેને ફુલ વીણતાં દીઠો તેઓની શાખશી છે. તેના દેખાવમાં કાંઈ નવાઈ જેવું હતું, તે ઉલટ પાલટ તપાસમાં પુછવામાં આવયું હતું; પણ હું ધારૂં છઉં કે તેના ચેહેરાનો ઘાટમ સેહેલથી ઓળખાઈ આવે એવો છે. લખશમણે પેહેલાં પોલીસમાં કહયું કે તેને આ બખેડાની જગા ઉપરજ પકડયો હતો, પણ હીઆં તેણે આપેલી શાખશીમાં તેને કંપાઉંડમાં પકડેલો જણાવયો. રૂસતમ ખોદાદાદ વીશે પાંડુરંગ વીઠલ અને જાનુ કરશાણાની શાખશીછે. જાનુને જખમ કરનાર દાખલ એ બંધવાને આણયોછે. જાનુએ તમોને જે જખમ દેખાડયા તે હું જોઈ શકયો નથી, પણ જો તમોને એવું લાગે કે લાકડીના જખમ એ

નહી હોયતો આ શાખશીનું કેહેવું ઘણું ખોટું પડેછે. હીઆં એક વાત ધેઆંનમાં રાખવાની છે. મી૦ બરાઉને એવું કહયુંછે કે બે શખસોએ તેજ વખતે પોતા ઉપર માર પડવા બાબે તેની (બરાઉન) આગળ ફરીઆદ કરી હતી. જાનુને કોરટમાં હાજર કીધો તારે એક ફરીઆદ કરનાર તરીકે બરાઉને તેને ઓળખ્યો—એ ઉપરથી દેખાયછે કે આ મારામારીની ફરીઆદ પછવાડેથી ઉભો કરેલો નથી. બંધવાઓ નાં૦ ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ માંને વીશે લખશમણ તથા ભવાંનીએ શાખશી આપીછે, પણ એ બંને જણે એટલી ભુલો કીધીછે કે તેમની શાખશી ઉપર કદાચજ વીસવાસ રાખી શકાય. પેસતનજી નસરવાંનજી (નાં૦ ૩૫) એવો બંધવો છે કે જેને ઓળખાવા માટે સારી જોગવાઈઓ હતી. મી૦ ડફી કેહેછે કે તે જગા ઉપર તા૦ ૩ જી એપરેલે એ બંધવો દેખાયો હતો, અને તા૦ ૪ થીનું ટોલું આ જગા ઉપર શું કરતું હતું, તેના સંબંધમાં આ બંધવાનું તાંહાં જવાનું તા૦ ૩ જીનું કાંમ અગત વગરનું નથી. આ બંધવાએ મીં૦ ડફીને એવું કહેલું બોલાયછે કે "જોયું, ગઈ કાલે મને આ જગા ઉપરથી કાહાડી મેળવાનો શું બદલો મળયો?" એ બીના ધેઆનમા રાખો અને વળી માણકજી દોરાબજી બોલયો કે હું ચાલી તથા તંબુનો નાશ કરશ તે પણ યાદ રાખો, એટલુંજ નહી પણ તેમ કરવાની તેને સલાહ વટીકં મળી હતી તે પણ વીચારો અને પછે આપણા માનવામા ઘણો વધારો થાયછે કે આ બખેડાની મુખીઅ બાબદો વીશે તથા તેમાના સામેલ માણશો વીશે ઘણાખરા શાખસીઓ જે કાંઈ બોલયા છે, તે ખરૂં છે. પોલાદ અસપંદીઆરને મી૦ બરાઉને ઓળખાવયોછે કે એક સીપાઈને મારવા સારૂં તેણે બે હાથે વાંસો ઉંચે પકડેલો હતો તેવામા તેને પરહેજ કરયો. મી૦ બરાઉન કેહેછે કે બંધવાના હાથ માહેલો વાંસો લઈને તે વાંસા સુધાં તેને તેજ સીપાઈના હવાલામા આપયો. તે સીપાઈ પાંડુરંગ વીઠલ છે. (બંધવાઓને કોણુ કોણે ઓળખાવયાછે, તેમનાં જુદાં જુદાં નામો વાંચી સંભળાવયા પછે) હવે બંધવાઓને લગતી કેફીએતની આ ટુક તપાસ કીધાથી મને એવું લાગેછે કે તેઓમાના ચોકસ શખસો શાખસી ગવાહીથી તેમના ઉપર મુકેલા વાંક સાથ જોડાયલા મનમાનતી રીતે માલમ પડેછે. એવા કોઆ બંધવાઓ છે તે તમે શોધી કાહાડવું જોઈએ. મારે તમને કેહેવું જોઈએ કે ઉપલી જગા આગળ પોલીસે ચલાવેલી ચાલ આ મુકદમાંની તપાસમાં તમોને ધેઆનમા લેવાજોગ કાંઈ જાજી અગત ધરાવતી હોય એવું નથી. બંધવાઓને હાથે બેડી ચોકી તે તમોને વાજબી દીસે કે નહી, તોપણુ તેની એક કલાક આગમચ બેકાયદે મંડળી ઇઆ હુલડ થયું હતું કે

નહી એ સવાલ શાથ તેને કાંઈજ લાગતું વલગતું નથી. પોલીસે બંધવાઓ સાથ જેવી રીતે ચાલ ચલાવી તેથી પાછળથી તેમના ઉપર ફરીઆદી ચાલે એવું બનયું હોય ઈઆ નહીબી હોય; પણ તમારી આગળ મુકેલી બાબત સાથ તેને કાંઈજ સંબંધ નથી. તેમજ મી૦ સુટર સગરીની સીહીડી ઉપર ઘોડો ચલાવી લઈ ગયો, જે કામના ઘટારતપણા ઇઆ અણઘટારતપણા વીશે હું હીઆં કાંઈ મત આપવા માગતો નથી, તે વાત સાથ પણ તમારી આગળના સવાલને કાંઈ લાગતું વલગતું નથી. તમોને વીચારવાનું એટલુંજ છે કે આ બંધવાઓ બેકાયદે રીતે મળવાના ઈઆ હુલડના ગુનેહગાર છે કે નહી. એમ ધારીએ કે પોલીસે સઘલા બંધવાઓના પગ કાપી નાખયા હતે; પણ પગ કાપી નાખવા અગાઉ આ લોકો શું કરતા હતા તેની સાથ પોલીસનાં એ કામને કશું લાગતું વલગતું નથી. હીઆં કાંઈ તમારી આગળ પોલીસ પોતાની તપાસને માટે આવી નથી અને બંધવાઓને પકડવા પછેની પોલીસની ચાલને માટે જે કાંઈ બોલાયુંછે, તે સઘલું તમોએ ભુલી જવાની કોશેશ કરવી, તો જોકે ઘડીભર પોલીસનું એ કામ તમોને ખોટું અથવા શખત લાગતું હોય. દરએક બંધવા વીશે જે શાખશી પડીછે તે સઘલી વધારે વીગતથી તમોને મેં કહી સંભળાવા ધારી હતી, પણ હવે હું નહી ધારતો કે તેની જરૂર હોય, માટે તેમ કરવાથી હાલ હું પરહેજ રહું છઉં, અને હવે આ સામાનીઅ વીચારો સાથ મુકદમો તમારા હાથમાં સોંપવાનુ વધારે પસંદ કરૂં છઉં.

મી૦ લીઠ—હું તમો નામંદારને અરજ કરૂં છઉં કે જીુરીને એવી ફરમાશ કરવી કે ફકત તે જગા ઉપર હાજર રેહેવાનુ જો સાબેત થયું હોયતો તે કાંઈ બેકાયદે મંડળીમા ભાગ લેવા ઈઆ સામેલ રેહેવાની સાબેતી નથી.

જડજ—ખરેખર. (જીુરીને) તમો સાહેબોને યાદ આપવાની મી૦ લીઠ મને ફરમાશ કરેછે કે તે જગા ઉપર ફકત હાજર રેહેવું એ ખુદ કાંઈ અપરાધ નથી. તે જગા ઉપર બેકાયદે ટોલી અથવા હુલડ થયું હોય, પણ કોઈ પણ બંધવો ફકત તાંહાં હાજર રેહયો હોયતો તેને ગુનેહગાર ઠરાવા માટે એટલુંજ બસ નથી. તે બેકાયદે મંડલીનો મેંમબર હતો એવી તમે તમારી ખાતરી કરવી જોઈએ. પણ તેમ વળી તમોને ફરીથી યાદ આપવાની અગત નથી કે બેકાયદે મંડળીમા સામેલ રેહેવા માટે એકુબી બંધવાએ કોઈ ચીજને હાથ લગાડવો ઈઆ પોતે કાંઈ જાસતી વાપરેવી એમ જરૂરતું નથી.

જુરીનો ફેસલો.

આ ભાશણ પુરૂં થવા પછે બપોરના ૧૨ કલાકમા ૧૦ મીનીટ ઓછી હતી તેમ જુરી પોતાના ઓરડામા ગઈ. આ વખત સરવેની ઈનતેજારીનો હતો, અને અતીશય અટકલો અપસઅપસમા ચાલયા કોધી હતી. અંતે "જુરીને રસતો આપવા" નો પોકાર આખો કોરટમાં ગાજી રહયો અને કલાક ૧ ની ઉપર ૧૦ મીનીટ થવા પછે જુરી આવીને પોતાના પીંજરાંમાં પાછી બેઠી.

કરાઉનના કલારક મી૦ માકફરસને સરેસતા મુજબ સવાલ પુછયો—"કેમ, જુરીના ગરહસથો, બંધવો માંણેકજી દોરાબજી ગુનેહગાર છે કે બેગુનાહ ?" ફોરમાને જવાબ દીધો કે "બેગુનાહ." આ પરમાંણે દરએક બંધવા વીશે પુછવામાં આવયું અને દરએક વીશે એકસરખો જવાબ મળયો.

એ પછે જડજ આ પરમાંણે બોલયો—

જુરીના ગરહસથો—આ મુકદમાની તપાસમાં લાંબો વખત સુધી તમોને ખોટી થવું પડયુંછે અને ખોટી થઈને તમે ઘણું ધેઆંન પોંહોંચાડયુંછે. બંધવાઓની પોતાની તરફથી જોતાં મને હરખ ઉપજેછે કે તેમને બેગુનાહ ઠરાવાને તમે સકતીવાંન થવાછો. એજ વખતે મારે કેહેવું જોઈએછે કે એમાના ચોકસ બંધવાઓ વીશે તમારા ચુકાદા સાથ હું એકમત થઈ શકતો નથી. પણ અલબતાં એ તમારો ચુકાદો છે, અને તે ફેરવી શકાતો નથી, પણ મને કાંઈજ સક નથી કે તમે ઈમાનદારીથી એ ચુકાદો કરયોછે.

એ પછે જુરીને આ આખી શેશનમાંથી તદન છોડી મેળવામાં આવી.

જડજ—બારમાના બંધવાઓને છોડી મેળવા આગમચ હું તેમને થોડાક બોલો કેહેવા માંગું છઉં. તમો સરવેને માટે જુરીએ "નાટ ગીલટી" નો ચુકાદો આપવાથી, તમોને છોડી મેળતાં અલબતાં મારાથી તમોને એમ નહી કેહેવાઈ શકાશે કે "તમે ફરીથી એવી ચાલ ના ચલાવતા." પણ તેજ વખતે હું ધારૂં છઉં કે આ વાત સારીપઠે જાહેર થવી જોઈએ કે જે શખશો પોતાના ખરા ઈચ્આ અમસથા ધારેલા હક મજબુત હાથની જાસતીથી બજાવા જાયછે તેઓ ધારાની ચુંગાલમાં સપડાઈ જવાનો મોટો જોખમ માથેખેંચેછે.

બંધવાઓનો છુટકારો.

એ પછે સઘલા બંધવાઓના આખા જથાને એમનેએમ છોડી મેળપો. તરતજ તેમની આસપાસ તેમના સગાં વાહાલાં અને દોસત આશનાવો ફરી વલયા અને તેમના છુટકારાને માટે અરસપરસ જે ખુશાલી ભરેલી મુબારકબાદીઓ તાંહાં અપાવા લાગી તે એક જોવા લાએક દેખાવ થઇ પડયો. દાદર ઉપર તથા રસતામા તેમની આસપાસ ભીડ ફરી વળી તથા એકેકને ગલે વલગવા તથા ગરદન ઉપર અને બગલમા હાથ નાખીને સઘલા ચાલવા લાગા. ખુશાલીનો આ દોર એટલો ચાલુ રહયો કે બંધવાઓ બેગુનાહ ઠરવાથી ઇનસાફની ફતેહ કેટલો હરખ પેદા કરેછે તે તરત જણાઈ આવયું હતું.

મી૦ આનસટી, જેની બાહાદુરી ભરેલી હીમાએતે આ મુકદમામધે તેનું નામ અમર કરયુંછે, તેની આસપાસ કોરટમાં લોકોનુ એક કુંડાલું થયું, જેઓની વચે એ નામાંકીત બારીસટર ઘણાક ખુશાલીના વીચારો આપતો માલમ પડયો હતો. પણ આ વખતે કોરટની બાહેર પારસીઓએ પોતાના હેશાનના જોસમા તેને માટે જે ભારી મોટું માન તઇઆર રાખયું હતું તેની એ હીમતવાન પુરૂશને ખબરબી નહી હતી. બંધવાઓનો છુટકારો થતાં વારજ, તેમને માટે મી૦ આનસટીએ લીધેલી અથાગ મેહેનત તથા બંધવાઓને ખાતર તેણે પોતે ખેંચેલી દુશમની પારસીઓને તતકાલ યાદ આવી, અને તેને માટે પોતાનો ઉપકાર જાહેર કરવા સારૂં તેઓએ તાંહાંને તાંહાંજ હેઠલ એવો ઠરાવ કરયો કે એ નામીચો નર ગાડીમાં બેશવા પછે તેના ઘોડા છોડી નાખી તેની ગાડીને પારસીઓએ ઘસડી લઈ જવી. આ ધારણામા અલબતાં જોશ ઘણું હતું, પણ તેને પોતાને ખબર આપવા વના તેમ કરવામાં વીવેક લગાર ઓછો હતો, અને તેથી આ ધારણા રાખનારા હેશાનમંદ પારસીઓએ એવું ઠરાવયું કે આ ધારણા બાબે મી૦ આનસટીને પેહેલાં વાકેફ કરવો. તરતજ હેઠલ ભેગી મલેલી ખલકતની ખાહેશ તેને જાહેર કરવામાં આવી. પણ મી૦ આનસટીએ મોટા ઉપકાર સાથ તે નાકબુલ રાખી. તેણે કહયું કે "હું મેહેરબાન પારસીઓનો મોટો ઉપકાર માનું છઉં. તેઓ મારા તરફ આ મા

ન જાહેર કરેછે, એટલેજ હું પોતાને માન મલેલું સમજું છઉં અને એટલી તેમની ખાએશજ બસ છે." અલબતાં ભેગા મલેલા પારસીઓ એટલાથીજ હટયા નહી; પણ આવી રીતે ગાડીમાં બેસીને ગાડી ઘસડાવાને મી૦ આનસટીબી વધારે મકમ થયો તથાં હુજતથી ના પાડવા લાગો. બેહુ તરફની આ હુજતનું શેવટ કેમ આવશે તે એ કવાર લગાર વીચાર જેવી વાત થઈ પડી. મી૦ આનસટીએ આ કામની વીરૂધ કાંઈ દલીલ બાકી નહી રાખી, અને શેવટે એમ પણ કહયું કે "તમો સાહેબો જાણોછો કે મારા દુશમનો ઘણાં છે. ચોક્સ સતાવાલાઓ તમારે વીશે હલકું ધારેછે અને મારા પણ દુશમન થયાછે, અને તમે એવી રીતે ચાલવું જોઈએ કે ધારાથી વીરૂધ કાંઈ થાય નહી અને તેમના હાથમાં તમારી સાંમે કાંઈ બાંહાંનું જડે નહી, મી૦ આનસટીની આ અને બીજી ઘણીક શીખામણે અંતે પારસીઓ ઉપર અસર કીધી, અને આટલાંજ માનથી શંતોશ પાંમીને સધલાઓ વીખરાઈ ગયા.

વધારો.

દોખમાને લગતી મીલકત સંબંધી અગત જોગ નોધો.

મી૦ આનસટીએ પોતાના ભાસણમાં તથા શાખસીઓની
ઊલટ પાલટ તપાસમાં હેઠલ ટાંકેલી નોધો વીશે
એસારા કરયા હતા—

૧

ટરસટી સાહેબોએ મી૦ ફ્રારજેટ ઉપર લખેલી ફરીઆદ.

મુંબઇની તા૦ ૨૪ મી મારચ ૧૮૬૪.

સી. ફ્રારજેટ એસકુવાએર,

પોલીસના કમીશનર જોગ,

સાહેબ, મુંબઇ.

હેઠલ ટાંકેલી બીના તમારા ધેઆન ઉપર લાવવાને મને માન છે.

ચાલતા મહીનાની તા૦ ૧૩ મી અને રવીવારને દીને ચોપાટીના ડુંગર પર પારસી દોખમાઓની પડોસની પારસી પંચાએતની જમીન ઉપર મંગેશ પરશોતમ નામના એક હીંદુની શીખવણી ઉપરથી આસરે ૨૦ શખસોએ આવીને એક તંબુ મારયો હતો. આ તંબુને તેજ દીને પંચાએતનેં લગતાં માણસોએ કાહાડી નાખયો હતો.

વળી ચાલતા મહીનાની તા૦ ૨૦ મી અને રવીવારને દીને ઉપલાજ હીંદુની શીખવણી મુજબ ૫૦ સીધીઓ અને મહમદીઆંનો સોટા અને લાકડીઓથી અછી રીતે હથીઆરબંધ થઇને ઉપલા ડુંગર ઉપર એકઠા મળયા અને એજ જગા ઉપર તેઓએ ફરીથી એક તંબુ મારયો. પંચાએતના માણસોએ તેજ વખતે તંબુને તોડી પાડવો દુરસત ધારયો નહી, કેમકે તેવી કાંઇ પણ કોશેશ જો તેજ વેળા કરી હતેતો તેનું શેવટ સુલેહના બગાડમા આવતે અને તેથી ઘણુંકરીને માઠાં પરીનામ નીપજતે. તોએપણ બીજે દીને પંચાએતના માણસોએ તે તંબુને કાહાડી નાખયો હતો.

ચાલતા મહીનાની તા૦ ૧૩ મી પછે પંચાએતની જમીનની પ

ડોશમા એક જગા ઉપર મજકુર હીંદુના હુકમથી આસરે ૧૫ માણસો રાત અને દાહાડો રહેલાંછે, અને પાછો તંબુ મારવા તથા બખેડો કરવાની તેમની દેખીતી ધારણાછે.

એ કારણો ઉપરથી હું અરજ કરૂં છઉં કે સુલેહનો કાંઈ પણ બગાડ અટકાવા માટે તમે તસદી લઈને સાહુચેતીના ઉપાયો કરશો, એજઅરજ.

મને માન છે સાહેબ, ઈતીઆદી.

નસરવાનજી બેહેરાંમજી,

પારસી પંચાએતનો સેકરેટરી.

૨

ઊપલાંનો જવાબ.

મારા પીયારા સાહેબ,

મેહેરબાની કરીને આવતી કાલે સહવારના ૮ કલાકે તમારી જમીનના ખત સાથે હીઆં તસદી લેજેજી. સાંમી બોરદુના ખત સાથ મી૦ પીલ વકીલ હીઆં આવી ગયોછે અને ઠરાવેલે વખતે તમે મેહેરબાની કરી હાજર થશો તો એકજ મુલાકાતમા સઘલી બીના સમજુતીથી નકી કરી શકાશે. હું ધારૂં છઉં કે તમારા વકીલને પણ સાથે લેતા આવો તો ઘણું સારૂં. જરૂર હાજર થવાને ભુલશોનાજી, એજઅરજ.

તમારો (ઈતીઆદી,)

સી. પ્રારજેટ.

એવું કેહેછે કે આ છેલાં કાગજ મુજબ ઉપલે દીને ટરસટી સાહેબો અને મંગેશ પરશોતમ એબેહુ તરફવાલા વકીલો સાથ પોલીસ કમીશનરને તાંહાં હાજર થયા હતા અને પોલીસ સતાવાલાની ખાતરી થઈ હતી કે આ જમીનનાં ધણી મંગેશ પરશોતમ નહી પણ પારસીની અનજુમન છે.

૩

ટરસટી સાહેબોએ મી૦ સુટર જોગ કરેલી માગણી.

મુંબઈની તા૦ ૫ મી આગસ્ટ ૧૮૬૪.

એફ. એચ. સુટર એસકુવાએર,

પોલીસના ડેપયુટી કમીશનર અને સુપરીનટેનડંટ જોગ,

સાહેબ, મુંબઈ.

તમોને ખબર હોવી જોઈએ કે પારસીની પંચાએતના ટરસટીઓએ દોખમાંઆેની આસપાસની પોતાની જગા ઉપર તકેદારી રાખ

વા માટે ચાર રાંમોસીઓને નોકરીએ રાખેલાછે. પણ હવે વાલકે શવરના ડુંગર ઉપર એજ દોખમાઓની પહોસની જગાની તકેદા રીને માટે તેઓ બીજા બે રાંમોશીઓને રાખવા ચાહેછે.

એટલા વાસતે હું અરજ કરૂં છઉં કે આ ચીઠી લાવનાર સાથ તમે મેહેરબાંની કરી બીજા બે રામોશીઓને મોકલજોજી.

મને માનછે ઈતીઆદી,

નસરવાંનજી બેહેરાંમજી,

સેકરેટેરી.

કેહેછે કે આં માંગણી મુજબ બે વધારે રામોશીઓને મોકલવામાં આવ્યા હતા.

૪

મી૦ લાકલી જોગ લખેલો કાગજ.

મુંબઈ, તા૦ ૫ મી ડીજેમબર ૧૮૬૫.

જે. લાકલી એસકુવાએર.

પોલીસના સુપરીનટેનડંટ—D ડીવીજન.

સાહેબ,

મને એવી ખબર મળીછે કે ચોપાટીના ડુંગર ઉપર દોખમાની નજદીકમાં બખેડો ઉઠાવાની મતલબથી મંગેશ પરશોતમ નામના એક હીંદુની શીખવણી તલે આવતી કાલે આસરે ૫૦ માણસો આવનાર છે. એટલા વાસતે હું તમોને અરજ કરૂં છઉં કે સુલેહનો કાંઈ પણ બગાડ થતો અટકાવા માટે તમો તસદી લઈ સાહુચેતીના ઉપાયો કરશો. વળી તમે મેહેરબાની કરી એ ડીવીજનના જમાદારને ફરમાવશો કે આ ડુંગર ઉપર એટલાંબધાં માણસોની શંખયાને ભેગી થવા નહી દીએ. આમ કરવાથી તમે પારસીની પંચાએતના ટરસટીઓ ઉપર ઉપકાર કરશો, કે જેઓના સવાધીનમા આ દોખમાઓ તથા તેની આસપાસની જગા આવેલીછે.

હું છઉં, ઈતીઆદી.

નસરવાનજી બેહેરામજી,

પારસી પંચાએતનો સેકરેટરી.

૫.

ટરસટી સાહેબોએ ડાકટર આરબકલ જોગ લખેલો પતર.

મુંબઈ, તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૬૭.

ડાકટર ડબલયુ આરબકલ, એમ. ડી, જોગ.

જેમસ સ્ટ્રીટ, લંડન.

પેઆરા સાહેબ—અમે હેઠલ સહી કરનારા પારસી પંચાએત ના ફંડોના ટરસટીઓ, મુંબઈમા વાલકેશવરના ડુંગર ઉપરના પારસી દોખમાઓ તેની આસપાસના રેહેવાસીઓની શુખાકારીમા હરકત કરનારાં છે કે નહી તે બાબે તમારૂં મત જાણવાની ખાએશ રાખીએ છઈએ. તમે આ દોખમાઓની નજદીકમા લાંબી મુદત સુધી રેહેતા હતા, તે બીના ઉપરથી આ બાબે તમારાં મતને અમે ઘણું કીમતી સમજીએ છઈએ.

વલતા મેલ સાથ આ બાબેનો તમારો જવાબ મોકલવાથી અમારી ઉપર તમારો મોટો ઉપકાર થશે. તસદી માફ કરજો, એનઆરજ.

હમો છઈએ ઈતીઆદી,

રૂસતમજી જમશેદજી જીજીભાઈ,
ખરશેદજી ફરદુનજી,
મેહેરવાનજી ફરામજી,
દીનશાહ માંણેકજી,
પારસી પંચાએતના ફંડોના ટરસટીઓ.

૬.

ડાકટર આરબકલનો જવાબ.

લંડન, તા૦ ૧૭ મી મારચ ૧૮૬૭.

પારસીની પંચાએતના ફંડોના ટરસટીઓ જોગ,

પેઆરા સાહેબો, મુંબઈ.

દોખમાઓ બાબે તા૦ ૨૭ મી જાનેવારીના તમારા લખેલાં કાગજના જવાબમાં મારે એટલુંજ કેહેવું છે કે મુંબઈમાં હું જેટલો વખત રહયો તેટલા વખતમાં એ લતાની આસપાસ રેહેનારાં લોકોની સુખાકારીમાં દોખમાંઓથી કોઈ પણ પરકારે ખલલ થતો હોય એવું મેં જોયું નહી હતું. ઈતીઆદી, ઈતીઆદી.

૭

મુંબઈની સરકારનો તા૦ ૧૮ મી સપટેમબર સને ૧૮૫૫ નો ઠરાવ.

(મુડદાંઓને ઠેકાંણે પાડવાના ધારાના એક ખરડા ઊપર.)

બાલવાના મસાંનો બાબે સરકારનું એવું મત છે કે જે મસાંનો હાલ વપરાયછે તેમને બંધ કરવા બાબેના બંદોબસતોને એ ધારાના ખરડા મયેથી કાહાડી નાખવા.

૨—એજ પરમાંણે મુડદાંઓને ઉંઘાડાં નાખવાની પારસીઓની હાલની જગાઓ બાબે પણ કરવું. એ કીસમની હાલની વપરાતી જગાઓ પરજાની સુખાકરીને નુકસાન કરનારી ધારવામાં આવતો નથી, અને મુંબઇનો વધારો હવે પછે એટલોબધો થાય કે દોખમાઓની ધાસતી ભરેલી નજદીકીમાં વસતીને જઈ વસવું પડે, એ બનાવ એટલો દુર છે કે હાલ તેને માટે ધારો બાંધવાની કાંઈ જરૂર નથી.

૩—એટલા માટે મીઉનીસીપલ કમીશનરની આગમચથી રજા લેવા સીવાએ, બાલવાની ઇઆ રવાંનોને નાખવાની **નવી** જગાઓ બાબેજ બંદોબસત કરેલો હાલ બસ થશે.

૮

ઈસટ ઈનડીયા કંપનીના નામદાર કોરટ આફ ડરેકટરોના ૧૪ મી જુલાઈ ૧૮૫૭ ની તારીખના ડીસપાચમાંનો ઊતારો.

૮૩—મુડદાંઓને બાલવા તથા દાટવાની જુદી જુદી ગોઠવણો કે જે દુરગંધી ભરેલી અથવા પરજાની શુખાકારીમા ખલલ કરનારી સાબેત થઈ હોય, તે, ગોઠવણોને બંધ કરવા માટે તમે લીધેલા ઉપાયોને અમે પસંદ કરીએ છઈએ. અમોને ખબર થઇછે કે એ બાબે શેહેર સુધરાઈ ખાતાંની સતા વધારી આપવા બાબે ઘડેલો ધારો પસાર થયો નથી, કેમકે પોલીસ અને શેહેર સુધરાઈને લગતો એક સરવેને લાગુ પડતો સાધારણ ધારાનો ખરડો હીંદુસતાનની લેજીસલેટીવ કાઉનસીલે ધેઆન ઉપર લીધો હતો, જે તાર પછે ૧૮૫૬ ના આકટ ૧૪ મા દાખલ અમલમા આણયોછે.

૮૪—અમે ઇછીએ છઈએ કે એ બાબે ધારાની કલમોને અમલમા આણતાં, દેશીઓના ધરમ સંબંધી હક ઈલાકા તેમને થકી બરાબર જલવાઇ રેહ અને તેમાના કોઇ પણ હકને બીનજરૂર તોડવામા નહી આવે તે બાબે તપાસ રાખવાને તમે તમારો બનતો હોશીઆરી વાપરશો.

૯.

પોણુંસો વરશનો એક જુનો ઢંઢેરો.

પારસીઓની કોમ તરફથી સરકારને એવું જણાવવામા આવયું છે કે હીંદુસતાનના દેશીઓની ધરમ સંબંધી કીરીઆમારગો તરફ સુધરેલાં લોકો જે મલાહેજો જાલવેછે તેની તપાસ રાખવા વના, આ ટાપુનો એક યુરોપીઅન રેહેવાસી થોડુંક ઉપર પારસીઓના મુડદાંઓ ને મુકવાની જગામા દાખલ થયો અને તેથી એ કોમને ઘણી અગ લડ, શંકટ તથા ખરચ ખમવો પડયો; એ ઉપરથી કાઉનસીલના કામ ચલાઉ પરમુખ સાહેબે ઉપર કહેલા શખસને તેની નાલાએક ચાલને માટે ઠપકો આપવાનું ઘટતું વીચારયુંછે; અને એવાં વગર સતાના કામ બાબે પોતાની નાખુશી સઉથી સખત આકારમા જાહેર કરવા ત થા હવે પછે બીજાઓ એવીજ કીસમની બેમલાહેજે ચાલ ચલાવે તેમને અટકાવા માટે પરમુખ સાહેબે આ લખવાથી જાહેર કરવાને ફરમાવયુંછે કે સરકારના આસરા તલે વસનારી દેશી પરજા ના મંદીરો, કબરસતાંનો ઇઆ ધરમ સંબંધી કીરીઆના મ કાનોમાં જે શખસ વગર રજાએ દાખલ થશે તેને નામદાર કંપની સરકારની નોકરીમાંથી સસપેંડ કરવામા આવશે, અથ વા જો તે ધણી સવતંતર વેપારી, ખલાસી, ઇઆ બીજો હશે તો તેનો ધંધો ચલાવાનો પરવાનો જપત કરેલો કેહેવાશે તથા તેને યુરોપ ખાતે મોકલવામા આવશે.

આકટીંગ પરેસીડંટ ઇન કાઉનસીલના હુકમથી,

વીલીઅમ પેજ—સેકરેટરી.

મુંબઇ કાસટલ—તા૰ ૨૯ મી ફેબરવારી ૧૭૯૭.

કેહેછે કે ઉપલો ઢંઢેરો હજી અમલમાં રહેલોછે, કેમકે કોઈ પણ બીજો હુકમ કાહાડી સરકારે તેને રદ કરયો નથી.

દોખમાને લગતા મુકદમા ઉપર વરતમાન પુતરોના મત.

(ટાઇમસ આફ ઈંડયા—તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૭૩).

જુરીના જે ચુકાદાથી ગઈ કાલે અપરાધીઓની છાંડણુ કરનારી શેશનનું શેવટ આવયુંછે, તે ચુકાદો અમે ધારીએ છઈએ કે લોકોની સાધારણુ વકીથી ઉલટો નીવડયોછે. જારે એક ચીજમા અંતેરૂં કરવાની ભુલ થાય, તારે તેનું કેવું પરીનામ નીપજે તેના એક દાખલા લેખે આ ચુકાદો ટાંકવામા આવશે. જો બેહુ બેરફુ વાલાઓને માજીસટરેટનીજ કોરટમા આ મુકદમો લડવા દીધો હતે—અને તેમા આપણી ઉલટમંદ પોલીસ તરફથી ફરીઆદી કરનારાઓને જે મદદ મળેલી ધારવામાં આવેછે તે સઘલી મદદ મળી હતે—તોપણુ પરીનામ એ નીપજતે કે જે દજણુ અડધા દજન બંધવાઓને "તોહોમત વાલાઓમાના કેટલાકો" તરીકે જડજે ગઈ કાલે દેખાડયાછે, તેઓ તકસીરવાર ઠરી કાંઈ માફકસર અને તરનેફર શીખસા મેળવતે. મીલકત ઉપર ઘુસી જવાના તથા મીલકત ઉપર ઘુસનારાઓને બાહેર કાહાડવાના ધણીના હકને લગતા ધારાની બારીકીમાં પડવા વગર આપણુ કહીશું કે જે લોકો "પરજાની સુલેહ નહી જલવાઈ શકાય" એવી રીતે "પોતાના હક રજુ કરે ઈઆ બજાવે" તેમને તરતજ અને પુરતી "ધડો આપનારી" શીખસા કરવાને માજીસટરેટો હંમેશાં ખુશી હોયછે, એમાતો કશો શક નથી. અગરજો આ મુકદમાને તેનેઃ ઘટતો ખુદરતી મારગ લેવા દીધો હતેતો, જે બેકાયદે ભીડ કેહેવાયછે અને જે જડજે ગઈ કાલે ખોલાસેવાર સમજાવીછે, તેને માટે પોતાના હાથમા પીનલકોડ આઇતો જોઈને માજીસટરેટને ધારો લાગુ પાડતાં કાંઈ વાર નહી લાગતે.

ચુકાદા ઉપર પાછા આવતાં અમે જોઈએ છઈએ કે હાંનરએબલ મી૦ જસટીસ ગરીન અમારા વીચારોને ટેકો આપેછે કે આ રાખશી મુકદમો માજીસટરેટની કોરટની બાહાર જવો નહી હતો. પણુ એ મુકદમા મધે "આસપાસની બીજી બાબતો" શું છે ? બચાવ તરફના હીમાએતીઓ—મી૦ મેહયુ અને મી૦ આનસટી—ના ભાશણો ઉપરથી તેવું ઘણુંક મળી આવેછે; પણ તેમાની એકજ એવી બીના વીશે હીઆં એસારો થઈ શકશે કે જે બીનાથી આ પચાસ જણુ

ને સેશન ઉપર મોકલી આપવાને માજીસટરેટને કારણ મળયું હોય. એ બીના આખા મુકદમા ઉપરથી ઉભાઈ જાય એવી મોઠી છે અને તે એ છે કે આ મુકદમાના બે લડનારાઓમાં સરકાર વચે પડી અને પોલીસે પરગટપણાથી તથા હદથી જીઆદે ઉલટથી જે ભાગ લીધો તેટલાં ઉપર વટીક નાસબર થઈને સરકારે આ મુકદમો ઉઠાવી લેવાને પબલીક પરાસીકીઉટરને ફરમાવયું. તેમાં સરકારની મતલબ જેમ સરવે લોકોએ તેમજ માજીસટરેટે એમ વીચારી હશે કે આ જંગલી પારસીઓને "દાખલો મળે" એવી સજા કરાવવી. એ એકજ "આસપાસની બીજી બીના" છે કે ફકત તેનાથીજ આ મુકદમો જાહેર અંગતનો થઈ પડયો છે.

અમે ધારીએ છઈએ કે અસલથીજ આ ઘણા નજીવા બખેડાં બાબે પોલીસે જે અજાએબ જેવો ભપકો કરી મેળયોછે તે બાબે જડજ વાજબી રીતે ટીકા કરી શકતે. સરકારના જે વડા અમલદારે આ ખોટું પગલું ભરાવાને ઉસકેરણી કીધેલી ધારવામાં આવેછે તે અમલદાર હાલ મુંબઈમાં નથી, તેથી તેના ઉપર આપણ એટલીજ હદ સુધી બોલી શકશું કે એ ભાંજગડમાં તેણે માથું ઘાલવાથી રાજનો અમલ ચલાવતા અમલદારોનામાં એક અશુખાકારી ભરેલા ફાંટાએ ઘર કરેલું માલમ પડેછે—થોડાક સાંકડા સુતર વરે પરજાના લોકો સાથ સેજમાં ચટકો લાગે એવો સંબંધ રાખેલો માલમ પડેછે, તો જોકે પરજા સાથના સંબંધના બીજા સઘલાં સાંધણોમાંતો અડધા લકવા જેવી મુરદાલ હાલત થઈ પડીછે. આ મુકદમાની "આસપાસની બીજી બીનાઓ" માહેલી આ એક મુખીઅ બીના વીશે, એકજ બોરદુની તરફ ખાશ વલણ પકડવા વીશે, જડજે પોતાનો જુમલો ખેંચવાના ભાશણમાં ટીકા કરવા એ તેની હદમાં હતું, પણ તેમ કરવાને જડજે વટીક દરૂસત ધારયું નથી; તો જોકે દઈવયોગે તેનાથી એક એવો વીચાર અપાઈ ગયોછે કે પેલા પનોતા કુવરજી પરાગજી અને પરખેઆત જેકબ જમાલ જેવાં નાંમીચાં માંણસો સાથ મીતરાચારીના સંબંધમાં મુંબઈની સરકારને લાવી મેલવાના કાંમનો જેબી ઘણી બચાવ કરવા માંગતો હોય તેના પગ હેડલની જમીન જડજના એ ભોગજોગે નીકલેલા વીચારથી ખણાઈ ગઈછે. આ વેહેમાયલા જરતોશતી "રેબેકેઈટ" ઉપર ફરીઆદી ચલાવાના ટેકામાં સરકારી ટીજોરીને ઉંઘાડી મેળવાના અજાએબ જેવાં કાંમનો એકજ સબબ હોવો જોઈએ અને તે એ કે મજુરોની ચાલીઓ તોડી પાડવી તથા કનટરાકટરોના તંબુઓ ઉખેડી નાખવા એ આ ટાપુ ખાતે ઘણો વધા ગયલો અપરાધ હશે. પણ નામદાર જડજ પોતેજ એ બીના ના પાડેછે. તે પોતે કેહેછે કે "આવો એક મુકદમો તેર વરશની મુદત પછે પેહેલ વેહેલો બ

નપોછે". હાઈ કોરટના જડજની બુલંદ અને અપખશપાત ખુરશી ઉપરથી આવા વીચાર બાહાર પડવા પછે કોઇથી નાખુકેર નહી જવાશે કે આ મુકદમા મધે પબલીક પરાસીકોઉટરને રાખયોછે તે એક અતેરૂં થયુંછે; તેમજ હવે થોડાંજ જણુ કેહેશે કે તે જગા ઉપર દરએક જણુને પકડવાનો પોલીસ કમીશનરનો હુકમ એક અતેરૂંછે; સીહીડી ઉપરથી ઘોડો ચહુડાવી લઈ જવાની બાહાદુરી ઘોડેસવારીના હોનરમાં વખાણવા જોગ હશે, પણુ તેમાબી અતેરૂં કામ થયુછે; સીતેર માણસોને પરહેજ કરવા તથા તેમાના મોટા ભાગને હાથે બેડી સાથ મોહોલાઓમા કુચ કરાવાનુ કામ પણુ અતેરૂં થયુંછે. કેટલાક શાખશીઓએ આપેલી જુબાનીમા પણુ અતેરૂં થયુંછે; અને જો કે કાબેલ નેઆએષીસનું મત છે કે ઉલટ પાલટ તપાસમાં અતેરૂં ઘણું ચાલયુછે, તો પણુ જુરીએ બેમાની પેહેલી બાબતને વધારે ધેઆનમા રાખીછે.

એતો ફરીઆદીવાલાઓના રસતા તથા કારોબાર વીશે થયું; પણુ આ મુકદમાના સંબંધમા એક બીજો જાણવા જોગ બનાવ બનયો છે તે પણુ એક અતેરૂંજ માલમ પડેછે. નામદાર જડજે બચાવની તરફનાં વડા બારીસટરની સામે પોતે સરોબર થવા માટે વયાખયાંણુ ચલાવાનો જે માતર અજાએબ જેવોજ નહી પણુ સરેસતાથી ઉલટો મારગ નામદાર જડજે પકડયો તે વીશે અમે બોલીએ છઈએ. ખરૂં છે કે જડજે જેમ યાદ રાખીને સમજાવયુંછે તેમ એ રીતે ચાલવાનો જડજને હક હતો. આપણા શેહેરના "બેલગરેવીઆ" (ઈશકી લોકોના મંડલ) ના ખાનાની ટેબળો ઉપર અને મંડળીઓમા જડજની એ ચાલ ઘણી વખણાશે; પણ (મી૦ આનસટીને) આગમચથી ધારી રાખેલો જે તોર આપયોછે તે ઉપરથી મરીઆદા અને દરજાની રૂચી વીશે ખચીત સવાલ ઉભા થશે. નેઆએની ખુરશી અપખશપાતપણા બાબેની પોતાની આબરૂના બચાવમાં જરૂર જોગ સઘલું કહી સંભલાવે એ ઘણું અગતનુંછે; પણુ એવી રીતે નેઆએનો બચાવ કરવાની એક કદી નહી તોડાય એવી શરત એ છે કે ઈનસાફની બેઠકનો દરજો તથા સદાની ગંભીરાઈ જરા પણુ ખોલાઈ જવી નહી જોઈએ. સાધારણુ જીંદગીમાં જે સેરના સવાસેર જેવું લાગેછે, તેનો નેઆએની ખુરસી ઉપરથી દેખાવ દીધા પછે એ ખુરશીનો દરજો જાલવવાની ઉપલી શરત કેમ રહી શકે એ એક સવાલ છે. એ રમુજી વારતા હીઆંજ આપણુ પડતી મેલીશું, કેમકે એ વારતા શેહેરને ભારી ગમત આપશે તથા હીંદના દુરદરાજ શેહેરોમા પણુ તે નવાઈ પેદા કરશે.

પણુ એ કાબેલ જડજે પોતાના ભાશણુમા કરેલા ઉતારાથી જે ભાં

જગડ અને ચુંથાચુંથનો વખત ગુમ થતા ભુતકાળમાથી આપણી યાદદાસતમા તાજો કરયોછે, તે દાહાડા આપણુ ભુલી જઇ શકતા નથી. વખતના ચકરની દોડ પોતાના કીનાને કેમ ફેરવી નાખેછે તે કેહેવતની સચાઈ આ બનાવથી શાબેત થાયછે. તે વખત ઉપર મી૦ જસટીસ આનસટી ખુદ તે મંડળોની મુરતી જેવો હતો કે જે મંડળોમાં હાલ તેને વીશે મી૦ જસટીસ ગરીને ઉતારી લીવેલો ફકરો મોટા હરખ સાથ મુબારકબાદી મેળવશે. તે વખતે મી૦ આનસટી ઉપર વરસેલી શાબાસીમાં મી૦ જસટીસ ગરીને પોતાનો ભાગ આપયો હતો કે નહી તે જાણવાના અમારી પાસે ઉપાય નથી. પણ તે વખતે મી૦ આનસટીને જડજ દાખલ ઠરાવાની સાંમે અમારી મજબુત અને એકસરખી કોશેશથી અમોને બદનામી ખમવી પડી હતી, તે અમોને સારીપઠે યાદ છે. તે વખતે વધેલા આંધલા જોશની સામે અમારી ટકી રહેલી લડતને માટે અમે માંથે હોરેલી ગાલ તથા અપજશનું બેઆંન કરતી વેળા ગયા મંગલવારે મી૦ આનસટીએ જીુરીને પોતા તરફથી કરેલી અરજને મળતીજ લઢણ અમે પણ વાપરી શકીશું. જે હીલચાલમાંથી મી૦ જસટીસ ગરીને ટાંકી બતાવેલી અરજી જનમ પાંમી હતી, તે હીલચાલમાં મુખીઅ આગેવાંનીનું માન અમોને આપવામાં આવયું હતું. અમારા મોટા સ્લીટવાલા ભાઇબંધ (મુંબઈ ગેજેટે) તે વખત ઉપર ૧૮૬૫ ના ડીજેમબર મહીનામા એક વીશય લખયો હતો, કે જેની એબારત તથા આંખ વીચીને કરેલાં તુછકારી લખાંણનો જોડો ગાલગલોચીની તવારીખમાંથી મળવો મુશકેલ છે, તે વીશયની શેવટે અમારો ભાઈબંધ આ રવેશે બોલયો હતો—

"મી૦ આનસટી નેઆએચીસ તરીકે જે કામચલાઉ હોદો ધરાવેછે તેની મુદત પુરી થવા આવવાને વખતે આ અરજી કરવામા આવીછે તે ઉપરથી તેનો ધીકારવા જોગ હેતુ માલમ પડેછે. એ ઈઆ તરણ અઠવાડયામાં એ હોધાની મુદત પુરી થશે; અને જે સંપીલાઓ ("કનસપીરેટરો") એ આ સભા ઉભી કરીછે તથા જેઓએ તેમા ભાગ લીધોછે તેઓની સાદી સમજ તથા હેતુ પીછાણવામાં મુશકેલી કાંઈ નથી. આ અરજીનું દેવાનાપણું એટલીજ બીનાથી માલમ પડેછે કે એક જડજ જેની ધારા સંબંધી કાબેલીઅત વીશે તો કસો સવાલજ નથી, અને જેને કઠાર કામ કરવું પડયુંછે, તે જડજની કાંમચલાઉ પદવી પોતેજ ખતમ થાય તેની થોડાકજ દીવસ આગમચ તેને બરતરફ કરી તેના ઉપર હીનપસતીનો દાઘ લગાડવાની આ અરજી મવે માગણી કરવામા આવીછે. એ જડજે મુંબઈમા કરેલાં સઘલાં ભલાંને શું આ સરફ હેમકાતથી નરસ લગાડવાને અરજી કરનારાઓ સરકાર જોડે વકી રાખેછે? કાંઈજ નહી પણ દેશીઓની બુધી, તથા ટાઈમિસ આફ ઇંડયા જેવું ઈંગરેજો તરફની તમામ લાગણીઓ સુહુન મારી ગયલું પતરજ આવી હીલચાલનો સવપનામા પણ ખેઆલ કરી શકે."

મી૦ આનસટીએ અમોને માફ કરીછે કે નહી તે અમે જાણતા નથી અને તે જાણવાની અમે સંભાલ પણ રાખી નથી; પણ અજાએબ જેવું છે કે જાહેર ફરજ બજાવાના જે અધીકારથી તે વખતે અમે બોલયા હતા, તેજ ફરજને ખાતર અમે આવેળા નેઆએની ખુરશી ઉપરથી વગર જરૂરે (મી૦ જસટીસ ગરીને) કરેલાં આ અતેરાં બાબે અમારો પરોટેસટ કરવા માગીએ છઈએ. અને આ પરખેઆત દોખમાના મુકદમા મધે સતાવાલાઓએ માથું ઘાલવા સામે વાંધો ઉઠાવતાં, રાજ બંધણના જે મુલ નીઅમો દરએક ઈંગરેજને વાહાલા છે, તેના તરફ અમારી "લાગણીઓ સુહુણ મારી ગયલી" જણાશે, એવું અમે ધારતા નથી.

(ટાઇમસ આફ ઈંડયા—તા૦ ૧૯ મી જુલાઈ ૧૮૭૩.)

* * * * * * * * *

ડુગરની આ જગા ઉપર લોકોનું ટોલું શા માટે આવયું, અને તાંહાં પેલું જુપડું તથા તંબુ બંધાયો કેમ, કે જેને કાહાડી નાખવાની એ આખાં ટોલાની અથવા તેના એક ભાગની ધારણા હતી? આ સવાલનો ખોલેખોલલો જવાબ મુકદમાના હેવાલના એકેએક સફા ઉપરથી મળી આવેછે. ચોકસ શખસોએ હેરત ઉપંજાવનારી ઝડપથી આ ચાલી અને તંબુ ઉભો કરયો, કે જે શખસો મી૦ જસટીસ ગરીનના અચુક ચુકાદા મુજબ મીલકત ઉપર ધુસી આવનારાઓ હતા. તેઓએ તેમ કરયું તેબી વળી મુખીઅ કરાને પોલીસ તરફથી તેમને મળેલા ભરોસાને લીધે બનયું કે સુલેહનો બગાડ અટકાવાના બાંહાંના તલે તેમના બેકાયદે ધસારામાં પોલીસથી તેમને મદદ મલશે. આ ભરોસા ઉપર વીસવાસ રાખીને; ચાલીના બંધાવનારાઓ "મજુરો"ની લગાર મજબુત ફોજ સાથે આ જમીનમાં દાખલ થયા. તે ધસારો જાસતી ભરેલો નહીં હતો, તે એટલાજ માટે કે છુપી રીતે તે કરવામા આવયો અને તે ધસારો કરતી વેળા તાંહાંનો વડો ભાડુત નામે માણેકજી દોરાબજી તાંહાં હાજર નહી હતો; પણ તેના પેટા માહેલાં ભાડુતો, ખેડુતો અને તરવારાઓ તે જમીન ઉપર તે વખતે રહેલા હતા; અને જડજે ખોલલી રીતે દેખાડી આપયું તેમ આ લોકોના તાંહાંના રેહેઠાણથી કુંવરજી અને જેકબ જમાલના બેગારીઓનું તે ઉપર જવું એ "ટરેસપાસ" (ધુસી જવું) થયું, કે જેને માટે કોરટ એકદમ નુકસાની ભરી અપાવતે, તો જોકે ધુસી જનારાઓનો હક તથા ખત હાલના કરતાં વીસઘણો મજબુત હતે.

આ કાયદાથી ઉલટી અને છુપી રીતે મીલકત ઉપર ધામો નાખતાં કુંવરજીનો ટોલીવાલાઓએ અલબતાં સુલેહમા બગાડ થવાની વ

કી રાખી; અને તેથીજ એ પેહેલા તકસીરવારોના વકીલે પોતાની એ ધાસતી પોલીસ કમીશનરને ખોલલી રીતે જાહેર કરી હતી. આ ધાસતીના સંધેસા ઉપરથી એ નજીવા પણ ઘણા હીમતવાલા સટોલીઆઓની નોકરીમા મુંબઇની પોલીસની મદદ આપવામા આવી. એક હવાલદાર અને એક દજણુ પોલીસના સીપાઈઓને તે જગા ઉપર મોકલવામા આવયા કે જાંહાં તરણ દાહાડા આગમચથી આ ધુસી જનારાઓ જઈ પડયા હતા. તાંહાં થોડોકવાર થોભવા પછે આ હવાલદારે તે જગાની ઉપર ઇઆ આગળ પારસીઓની એક મોટી ભીડ જોઈ: તરતજ તેના વડાઓને ખબર પોંહોંચાડવામા આવી તથા પોલીસની ફોજને વધારવામા આવી, મગર પેલાં ભાગાં તુટાં ઝુંપડાંનો નાશ થતો અટકે એટલા વખતમાં નહી પણ ચાર કુડી માણસોને કેદ પકડી શકાય એટલાજ વખતમા તે ફોજ આવી પુગી, જે સરવે માણસોને બેડીમા નાખી મોટા ચોરો અથવા ખુનીઓની મીશાલે માઈલના માઈલ રસતાઓ ઉપરથી ચલાવી લઈ જવામા આવયા. ઉપલી વીગતો ઉપરથી આગમચથી વીચાર કરી રાખેલી ગોઠવણુ માલમ પડી આવેછે, પોલીસ અને ચોકસ શખસો વચે આગમચથી કરી રાખેલો બંદોબસત દેખાઈ આવેછે, કે જેમ જો નહી થયું હતેતો આ જથાબંધ માણુસો કેદ પણ પકડાતે નહી. એ બંદોબસત વળી પોલીસ અને એવાં માણસો વચે થયલો લાગેછે કે જેમના હક ઇઆ ખત શેવટે ગમે એવા સાબેત થાય તોપણ જેઓ કાયદાથી ઉલટી રીતે તથા તેમના વકીલે પોતે પોલીસના કમીશનર આગળ કબુલ કીધું તે મુજબ સુલેહનો બગાડ થાય એવી રીતે જેઓ કબજો લેવા ઉપર મંડેલા હતા.

હવે પુણા, અલાહાબાદ અથવા કલકતાની પોલીસના કસાયલા અમલદારો આ બનાવો તરફે કેવી નજરે જુવે, તેવીજ નજરે આ બનાવોની તપાસ કરવા દેઓ. આવી કીસમની મુકદમાંઓ મધે શું કરવું તે બાબેના કાનુનનો એક સીધો અને ખોલલો મારગ છે, જેની ખરી બાજુએ ચાલવાનું કોઈ પણ અમલદારને મુશકેલ નથી. સરકારી વકીલ અને પબલીક પરાસીકયુટરનીજ પેહેડી ખાતે માઠાં ભાએગે ધુસી જનારાઓનો વકીલ પણ ભાગીઓ છે. તેણે જારે પોલીસના કમીશનર સાથ સંધેસો ચલાવયો તથા ચોકસ બાબતમાં તેનો આસરો માંગયો તારે એ અમલદારને તેણે જાંણુ કરી હશે કે તેના કુલ જે ગેરસરેસતાની રીતે આ જમીન લેવા જવાના હતા, તાંહાં બીજાઓ રેહેઠાંણુ કરીને કબજામાં રહેલા હતા. અગર પોલીસ કમીશનર તે વખતે મુંબઈમાં નવોજ આવયો હતે; તોપણુ એટલુંતો તે આ માંગણી ઉપરથી સમજી શકતે. તારે હવે એવે વખતે પોલીસ

ના એક વડા અમલદારની, અગત કરીને જેના હાથમાં માજીસટરેટ ની સતા હોય, તેની ખોલલી ફરજ શું હતી ! અમે ધારીએ છઈએ કે તેણે આ અરજ કરનારા વકીલને આવી કીસમનો કાંઇ જવાબ દેવો હતો—"તમે જે કાંઈ માંગોછો તે ઉપરથી હું એવો સાર કાહાડું છઉં કે તે જમીન હાલ બીજાઓના કબજામા છે; તે ટલા વાસતે વચે પડવાને હું ના પાડું છઉં, કેમકે સુલેહના બગાડની ધાસતી રાખવા છતાં તમે કબજો લેવાની કોશેશ કરોછો તે સુલેહનો બગાડ થાય એવી કોશેશ છે, અને તેને મારી તરફથી હું કદી ટેકો આપશ નહી. તમારો કબજો લેવા બાબે કાયદા પરમાણે કોરટનું હુકમનામું મેળવો અને પછે હું તમોને મદદ આપશ." સરકારી ખાતાંઓથી વેગલા માણસો આવોજ વીચાર બાંધશે અને પોલીસનો એક અપખશપાત અમલદાર એથી બીજો કોઈ પણ મારગ કેમ એખતીઆર કરી શકે તે અમે સમજતા નથી. આપણો પોલીસ કમીશનર પોતાની ફરજ એથી કેવી તદન જુદીજ સમજયોછે તે આ મુકદમાનો હેવાલ કહી આપેછે.

સુલેહની જાલવણી કરવાની ફરજ બાબે તથા બખેડાઓને બેસાડી દેવાની પોલીસની મોટી જરૂરીઆત બાબે ઘણું બોલાયુંછે. પણ એ સઘલું વીચારમા લેવાનો વખત તા૦ ૪ થી એપરેલને દીને નહી પણ તા૦ ૨૭ મી મારચને દીને હતો, અથવા જે દીને કુવરજી અને જેકબે—નામદાર જડજે ઠરાવયુંછે તે મુજબ—કાયદાથી ઉલટી રીતે પોતાની વાંધા ભરેલી જમીનને માટે પોલીસનો આસરો માગયો, તે દાહાડે એ સઘલો વીચાર કરવાની પોલીસની ફરજ હતી. એ ઉપરથી અને વળી આ મીલકત બાબેની પોતાની આગલી વાકેફગારીથી પોલીસના કમીશનરની ઉપલી ચાલ વધારે ઠપકા યોગીય છે. કાગજ પતરોના આગલા સંધેસા સઘલા એક બાજુએ મેલતાં પણ પોલીસ કમીશનરને આટલી તો ખબર હોવી જોઈએ કે આ જમીન ઉપર ભાડુતો રેહેતાં હતાં એટલુંજ નહી પણ મુખીઅ ભાડુત તરીકે પારસી પંચાએતનો તે ઉપર દાવો હતો. એટલા માટે આ નવા દાવાદાર અથવા ધુસી જવા નીકલેલા શખસોને પોલીસ ફોજનો આસરો મળશે એવો ભરોસો આપતી વેળા સુલેહનો બગાડ થવાની ધાસતી રાખવાને પુરતું કારણ હતું. મો૦ સુટર સામેની ફરીઆદને એક ઈંચ આગળ વધારવા અમે ચાહાતા નથી—કે જે અમલદારે આ શેહેરને બજાવીં આપેલી મોટી સેવાઓને અમે સદા બાહાલ રાખીએ છઈએ—અને વાંધા ભરેલા કબજા અથવા ચોરી છુપોથી ઇચ્છા જાસતીથી ધુસી જવાના ટંટામાં પોલીસના અમલદારોની શું ફરજ છે, તેટલીજ તકરારને વલગી રહીએ છઈએ. ૧૮૫૫ ના આકટ ૧૪ માંની જે સ

મજ. મી૦ જસટીસ ગરીને આપીછે, તેથી બીજા ઘણા જણુની સાથે મી૦ સુટરને વધારે અજવાલું માલમ પડયું હશે, કે ધારાનો નીઅમ એજ છે કે જે લોકો—આ મુકદમાં મધે પંચાએત તથા તેમના ભાડુતો—કબજે ધરાવી બેઠા હોયતો બીજા સઘલા દાવાદારો સામે તેટલાંથીજ તેમને દેખીતો હક ગણાયછે, અને તે ઉપર ધસારો કરનારાઓ—આ મુકદમાં મધે કુંવરજી અને જેકબ—તેવા હક ઉપર જો ઘુસી જાયતો તેનો જોખમ તેમને સર છે.

(ઈંડીઅન સ્ટેટસમાન—તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૭૩.)

અંતે દોખમાને લગતા મુકદમાનું શેવટ આવયુંછે અને ફરીઆદીના કામને માટે એકજ અભીપરાએ આપી શકાશે કે તે વગર વીચારેં માથે લીધું, વગર સમજે ચલાવયું અને લાએકજ રીતે ભાગી પડયું. શાખશી પુરી થવા પછે સરવેને દેખીતું હતું કે બંધવાઓના છુટકારા સીવાએ બીજો કોઈ ચુકાદો જુરીથી અપાવાનો નથી. હુલડ થયું ખરૂં, પણ આ બંધવાઓએ હુલડ કરયું એવું કોઈ રીતે સાબેત થયું નથી. પણ વળી એક બાબતમા ખાતરી પામવા વગર એ મુકદમાની શાખશી વાંચવાનું કેવળ અશકીઅ છે; તે બાબત એ કે—આ બખેડાનો જોખમ પોલીસના કમીશનરને માથે છે. આ વાંધામા પડેલી મીલકતના રેહેનારાઓની તરફથી જારે મી૦ સુટરની દાદ માગવામા આવી તારે એ અમલદાર કેટલીક બીનાઓ સારી રીતે જાણુતો હતો, કે જેથી તેણે પોતાનું કામકાજ સઘળી સંભાલ તથા તપાસ રાખીને ચલાવવું હતું. તે જાણતો હતો કે આખા પારસી ટોલાનું ધરમ સંબંધી જોસ ઉસકેરાયું હતું; તેઓ પોતાના શેવટના આરામઘા સંબંધી હકોને અપવીતર થયલા સમજતા હતા; અને તેઓમા એક ભયભરેલું હુલડ ઉભું કરવા માટે કાંઈજ નહી પણ એક ઉસકેરણીનીજ ખોટી હતી. જો મી૦ સુટર દાહાપણવાળો અમલદાર હતેતો આ વાંધો દેવાંની અદાલતમા પટે તાંહાં તલક સમાધાની જાલવી રાખવા સારૂં પારસીઓને તેમના આગેવાનોની મારફતે સમજાવાને તેણે (મી૦ સુટરે) પોતાનો પુરતો વગ લગાડયો હતે. પણ પોતે દાહાપણવાળો અમલદાર નહી હોવાથી, પારસી ટોળાની સાંમે એક દુશમની ભરેલું પગલું ભરવામાં પોતાની પોલીસની મદદ આપીને બખેડો ઉભો કરવાનો ચોકસ ઉપાય મી૦ સુટરે હાથ ધરયો. પોલીના આ ધસારાની આગમચ તે જગા ઉપર હુલડ કરવાની પારસીઓની ગમે એવીબી ધારણા હતે, પણ મી૦ સુટરના હુકમથી પોલીસે પકડેલી સઘલી ભપકીતો પારસીઓને બાહેર પડવા

માટે ખાશ "ચાલેંજ" (નોતરૂં) હતું. દોખમાને લગતા મુકદમાનો ઠપકો મી૦ સુટરને બારણે મેલતાં અમોને ઘણી દલગીરી ઉપજેછે. તે ઘણો ચાલાક અમલદાર છે અને મુંબઈની પોલીસને નવા પાયા ઉપર સથાપવાને તેણે ઘણી મેહેનત લીધીછે. પણ મી૦ સુટરની આ લાકી પોલાંડના એક શેહેર માહેલા રૂશીઆન કોટવાલને મળતી આવેછે, કે જે પોતાની સરહદ તલેના સરવે લોકોને પોતાના દુશમન ગણેછે, અને જેની ચાલને કાયદાસર રાખનારો ઉંચામા ઉંચો ધારો તે તેની મરજી છે. મી૦ સુટરે મુંબઈની પોલીસને કાયદો આપયોછે, પણ તે લશકરી કાયદો છે, કે જે કાયદો બેદીલ લોકોથી ભરેલાં એક શેહેરમા ગમે એટલો જરૂરનો હોય, પણ મુંબઈ જેવાં એક વફાદાર અને સમાધાની ભરેલાં શેહેરમા તે સઘલું વીઅરથ છે. મી૦ સુટરે પોતાની પોલીસને એવી કવાએદ આપી છે, કે જેથી તેનું કબજો લેવાનું લશકર બનયુંછે, અને દેશી પરજાને મોટું માન ઘટેછે કે મુંબઈમાં દોખમા આગલના સરખા ઝપાટા વધારેવાર બનતા નથી. અને મી૦ સુટરે મુંબઈની પોલીસને માટે જે કાંઇ કીધુંછે તે એટલુંજ છે; કેમકે અપરાધો શોધી કાહાડવાની શકતીમા મુંબઈની પોલીસની ખામી સારીપઠે પરખેઆત છે; અપરાધને અપરાધમા એ પોલીસ કોઈ રીતે ફતેહમંદ નથી; અને હીંદુસતાંનની બાકીની પોલીસ ફોજને લાંચ રૂશવત અને જુલમાતનો જે દોશ ચોંહોંટેલો છે તેના શકમાથી એ મુંબઈની પોલીસ બકાત નથી. મી૦ સુટર આ મુકદમાને પોતાના એક મુકદમા જેવો ગણવાને તઈઆર થયો, તથા જેને સાધારણ મરીઆદાને ખાતર ખાંનગી લડનારાઓ ઉપરજ નાખવો ઘટારત હતો, તેવા મુકદમાને મી૦ સુટરે સરકારની મારફતે ફરીઆદી ચલાવા યોગીય રૂપ આપી દીધું, એ સઘલું કામ મી૦ સુટરની ઉલટને છાજતુંજ છે, કે, જે "ઉલટ" બોલ ગુજરાતી "જુલમ" બોલથી વધારે સારી રીતે સમજાયછે. મી૦ સુટર હવે પોતાની ભુલ પુરતી રીતે સમજતો હશે, કેમકે જો આ મુકદમાની ફરીઆદી ચલાવાનું કામ માજીસટરેટની કોરટમાં મી૦ સુટરે પોતાના જોડીઆઓ કુવરજી પરાગજી અને જેકબ જમાલ ઉપર નાખયું હતેતો પારસીઓને આટલી સેહેલાઈથી છુટી જવાની થોડીજ જોગવાઇ મળતે. પણ જેબી ઠપકો મી૦ સુટરને ઘટેછે, તેમા તેના વડાઓનો પણ ભાગ છે. આ મુકદમા મધે એક પરજાના ધરમ સંબંધી જુસાઓની વચે આવવા સરખું હોવાથી એ ટંટો એવો બારીક થઈ પડયો હતો કે પરજાની સલામતીને લગતા કોઇ મોટા સબબો સીવા સરકારે તેથી અલગ રેહવું હતું. પણ સરકારે પોતાની એ ભુલ ઘણી મોડેથી જોયલી લાગેછે, કેમકે ફરીઆદીનું કામ સરકારે એવાં અડધાં દીલે ચલાવીઉંછે કે કેવી

કઢંગી હાલતમા સરકારે પોતાને આવી પડેલી જોઈ તે એ ઉપરથી દેખાઈ આવેછે. આડવોકેટ જેનરલ મુકદમો ચલાવા હાજર થયો નહી અને બંધવાઓ ઉપર તકસીર સાબેત કરવાને કાંઈ ઉલટ બતાવામા આવી નહી. અગરજો "નોલી પરોસેકુવી" (કામ ચલાવાને નાખુશ) ની દલીલ આંણી હતેતો તે મારગ સરકારને વધારે સોભા આપનારો થઈ પડતે, અને ઉલટ પાલટ તપાશથી પોલીસના અમલદારોની જે આબરૂ ગઈછે તેનો ઉગાલો થતે. આ ઠેકાણે અમે મી૦ જસટીસ ગરીનનો ચારજ ચુપકોદી સાથ પસાર કરી શકતા નથી. અમે એક પણ મુકદમાના હેવાલમા એના કરતાં વધારે ગેરસરેશતેનો અને નેઆએની ખુરશીને નહી છાજતો ચારજ કદી વાંચયો નથી; અને અમે જડજને મુબારકબાદી આપીએ છઈએ કે તેનો એ ચારજ વધારે મોટી અદાલતમા ફરીથી તપાસને માટે આવતાં જુરીના ચુકાદાથી અટકયોછે. જુરીને ચારજ આપવા સાથ મુકદમા મધેના એક ધારાના હીમાએતો ઉપરના હુમલાને ભેલી નાખી ને હીંદુસતાનના ઈંગરેજી નેઆએ આસન ઉપર મી૦ જસટીસ ગરીને એક નવો સુધારો દાખલ કરયોછે, પણ વીચાર કરતાં અમોને ખુશી ઉપજેછે કે એ દાખલાની જાજી નકલ કરવામા આવશે નહી. અગર પોતાનાં કુલ તરફની ભારે ઉલટમા મી૦ આનસટીએ નેઆએની ખુરશી તરફના પોતાના માન ઉપર પોતાની તકરારોને વધારે ચઢાવી હોય—અને તેણે તે ભુલ નથી કીધી એમ અમે કેહેતા નથી—તો જડજે પોતાના દરજાને ઘટતાં માનની તેજ વેળા તેને ફરજ પાડવી હતી; અને જુરીના વીચારને માટે કેફીએતો રજુ કરતાં તે તકસીરવાર તરફ પોતાનો તીરસકાર તેમા ભેળી નાખવો નહી હતો. મુફસીલની કોરટોમા નવામા નવા શીખાઉ નેઆએધીસમા વટીક એ ભુલ માફ થઈ શકે એવી નથી, અને મી૦ જસટીસ ગરીન જેવા કસાયલા નેઆએ શાસ્ત્રીથી એ ભુલ થઈ તેનો ખોલાસો અમનેતો માતર એટલોજ સુજ પડેછે, કે નેઆધીસ તરીકેના પોતાને વીશેના માન ઉપર મી૦ આનસટી તરફની પોતાની નાપસંદગીને તેણે (જડજે) વધારે ફાવવા દીધીછે. અગરજો આ ચુકાદો ફરીથી તપાસ ઉપર આવેતો એકલી એજ ભુલ તે આખા ચુકાદાને ઉધો વાલવા માટે બસ છે; પણ એ ભુલને પડતી મેળતાં વળી મી૦ જસટીસ ગરીને જુરીને ફરમાવા કીજે રજુ કરેલાં કાનુનો અમોને તદન ખોટાં અને ભુલાવો ખવાડનારાં દીસેછે. બેકાયદે મંડળીને લગતો ધારો સમજાવતી વખતે, મી૦ સુટર તથા કુંવરજી પરાગજી અને જેકબ જમાલની ભેગી ફોજે પકડેલી દુશમની ભરેલી વલાંણનો જડજે કાંઈ ખેઆલ કરયો નહી. બંધવાઓનું ધરમ સંબંધી દીલ કેવું જખમી થયું હતું તે તેણે (જડજે) જુરીને સમજાવયું નહી. અણજાના માણસોએ એવો ખેઆલ પક

ડયો—અને પોલીસે પકડેલા મારગ ઉપરથી તેઓ તેવો ખેઆલ પકડે
એ તદન ખુદરતી હતું—કે સતાવાળાઓ આપણા દુશમનના કામમા
આગેવાની કરેછે તે ખેઆલની કાંઇ પણ છુટ મેળવાને જડજે જુરીને
કહયું નહી. એમ કરવાને જડજ બંધાયલોતો નથીજ, પણ એક બો
રદુના વાંકનો ખોલાસો મળે એવી બીનાઓ જાહેર કરવાને જારે તે
સંભાળથી પરહેજ રહયો, તારે બીજી બોરદુની તે બીનાઓ કેહેવા બા
બે પણ તેણે એકસરખી દુરી પકડવી હતી. અને કેફીએત તથા ધારાની
સહરાગાત વગરની તફસીલ કેહેવા ઉપરજ તેણે શંતોશ પકડવો હતો.
પણ મી૦ જસટીસ ગરીને ઇંગરેજી અદાલતોની પુરાતન વખતથી માન
પામેલી ગોઠવણીઓ કરતાં પોતાને ચહડતો ધારીને તેણે બંધવાઓને
ગુનેહગાર ઠરાવાની તરફેણમાં મજબુત ચારજ આપયો. અગત કરી
ને તે નામદારના હેઠલ ટાંકેલા વીચારો મુકદમાના ધારા તથા કેફીઅત
એ બનેથી ઉલટા હોવા લેખે અમે તેમની સામે વાંધો ઉઠાવીએ છઇએ—

"મારે તમને કેહેવું જોઇએ કે ઉપલી જગા આગળ પોલીસે ચલાવેલી
ચાલ આ મુકદમાંની તપાસમાં તમોને ધેઆનમા લેવા જોગ કાંઇ જાજી અ
ગત ધરાવતી હોય એવું નથી. બંધવાઓને હાથે બેડી થોકી તે તમોને વા
જબી દીસે કે નહી, તોપણ તેની એક કલાક આગમચ બેકાયદે મંડળી ઇઆ
હુલડ થયું હતું કે નહી એ સવાલ સાથ તેને કાંઇજ લાગતું વલગતું નથી.
પોલીસે બંધવાઓ સાથ જેવી રીતે ચાલ ચલાવી તેથી પાછળથી તેમના ઉપર
ફરીઆદી ચાલે એવું બનયું હોય ઇઆ નહીંબી હોય; પણ તમારી આગલ
મુકેલી બાબત સાથ તેને કાંઇજ સંબંધ નથી. તેમજ મી૦ સુટર સગરીની
સીહીડી ઉપર ઘોડો ચલાવી લઇ ગયો, જે કામના ધટારતપણા ઇઆ અણધ
ટારતપણા વીશે હું હીઆં કાંઇ મત આપવા માગતો નથી, તે વાત સાથ પણ
તમારી આગળના સવાલને કાંઇ લાગતું વલગતું નથી. તમોને વીચારવાનું
એટલુંજ છે કે આ બંધવાઓ બેકાયદે રીતે મળવાના ઇઆ હુલડના ગુનેહગા
રછે કે નહી. એમ ધારીએ કે પોલીસે સઘલા બંધવાઓના પગ કાપી નાખયા
હતે; પણ પગ કાપી નાખવા અગાઉ આ લોકો શું કરતા હતા તેની સાથ પો
લીસનાં એ કામને કશું લાગતું વલગતું નથી. હીઆં કાંઇ તમારી આગલ
પોલીસ પોતાની તપાસને માટે આવી નથી અને બંધવાઓને પકડવા પછેની
પોલીસની ચાલને માટે જે કાંઇ બોલાયુંછે, તે સઘલું તમોએ ભુલી જવાની
કોશેશ કરવી, તો જોકે ઘડીભર પોલીસનું એ કામ તમોને ખોટું અથવા શ
ખત લાગતું હોય."

આ વીચારોને અમે તદનજ બીનજરૂર તથા બંધવાઓને નુક
સાન કરનારા સમજીએ છઇએ અને વળી ધારા બાબે જુરીને ખોટી
સમજ આપવાની એ વીચારોની વલાણ છે એમ કહીએ છઇએ. ના
મદાર જડજ તરફ નમનતાઇ ધરાવી અમે કહીએ છઇએ—અને અ
મારા કેહેવાને જુરીના ચુકાદાથી ટેકો મળેછે, કે આ મુકદમા સાથ

લાગતું વલગતું સરવે પોલીસની ચાલ છે. અગર પારસીઓ તે જગા ઉપર સમાધાની ભરેલી રીતે ભેગા મળયા તો, પોલીસે પોતાની હરીફાઈને સામી તેમના મોહુમા મારીને તેમને હુલડ કરવાની ફરજ પાડી; માટે અમે કહીએ છઈએ કે પોલીસની ચાલ જુરીએ ધેઆનમા લેવા જોગ સઉથી અગતની બીના હતી. વળી હુલડ થવાની આગમચ પોલીસની ચાલ કેવી હશે તેનો અછો સાર હુલડ પછેની પોલીસની વરતણુક ઉપરથી મળી આવેછે. અમોને કાંઈજ શક નથી કે નામદાર જડજના ટીકાઓ છતાં, જુરીએ પોલીસની ચાલ ઉપર ખસુસ વીચાર કરયોછે અને તે વીચારથી તેમને ચુકાદો આણતાં અગતની મદદ મળીછે. હાઈ કોરટના એક જડજ ઉપર આ ટીકા કરતાં અમોને કાંઈ ખુશી ઉપજતી નથી, પણ મી૦ જસટીસ ગરીનના આ ચારજ જેવા ચારજો આપણ વચે સાધારણ થઇ પડે, તેની સાંમે અમારો જાહેર અધીકાર બજાવાની મજબુત ફરજને ખાતર તથા આપણા ને આએખાતાંના કારોબારની પવીતરાઈ જોખમમા પડવાની મોટી ફીકરને ખાતર અમોને આ લખવું પડયુંછે.

(ઇંડીઅન સટેટસમાન—તા૦ ૨૦ મી જુલાઈ ૧૮૭૩).

જો કે દોખમાને લગતો મુકદમો ખલાસ થયોછે અને જો કે એક ગેરઈનસાફનો સારાં ભાગ્યેજે અટકાવ થયોછે, તોપણ એ તપાસથી અગતના સવાલો ઉભા થયાછે, જેમનો ફડચો થવો ઘટેછે. એમાનો મુખીઅ સવાલ અલબતાં પોલીસના જોખમ સંબંધી છે. અગરજો પરજાના એક ભાગ તરફ હરીફાઇ અને દુશમની ભરેલી વલાણ પકડીને પોલીસ બખેડાને સાંમો ઉભો કરવામા ફતેહ પામેતો શું સરકાર અને ધારાના સઘલા સાંચાને તેમની સતાના તે ગેર ઉપયોગના ટેકામા આડે આણવો જોઈએ ? દોખમાને લગતા મુકદમા મધે બરાબર એમજ બનયુંછે અને અમે અચરત થઈએ છઈએ કે એ બીનાને પરજામા હજી વધારે ખોલલી રીતે સમજવામા આવી નથી. મી૦ સુટરની મદદ પેહેલવેહેલી માગવામા આવી તે વખતથી તેની સઘળી ચાલચલણ એવી છે કે જેથી સુલેહના બીગાડ સીવાએ બીજું કાંઇ પરીનામ નીવડે નહી. ડુંગર ઉપર મી૦ સુટરે પેહેલવેહેલાં પોલીસને ઉભી રાખી તે વખતથી જેટલી એક બરફના તોફાનની તેટલી એક હુલડની વકી રાખવાને કારણ હતું. તા૦ ૨૭ મી મારચને દીને મી૦ સુટરને મળેલી ચોકસ ખબર શું હતી અને પારસી ટોલાંની સાંમે લડાઈ ઉઠાવા સરખું આ પગલું ભરવાને પુરતું કારણ મળે એવી સતા સાથની તે ખબર મળી હતી કે નહી તે જાણવું અગતનું

છે. પોલીસવાળા બરાઉન અને તેના માણસોનું સઘળું કામકાજ એ વી કીસમનું હતું કે તેથી પારસીઓને અડઠી પડવાની ફરજ પડવા વના રેહે નહી. ડુંગરની આ જગાને પારસીઓ કેટલી પવીતર ગણે છે તથા મી૦ સુટરના કુલોએ તે જગાનો આડો કબજો લેવાથી પારસી ઓની લાગણીને કેવો ચટકો લાગેછે તેનો જારે વીચાર કરીએ છઈએ તારે પોલીસે ફેરવેલી મનાડી બેશક પારસીઓને સામા તુછકારવાના ઢંઢેરા જેવી લાગેછે. વળી શાખસી ઉપરથી પુરતું દેખાયછે કે પોલી સે દોખમાઓ ઉપર ઘેરો ઘાલયો હતો અને તેજ વેળા પોતે એવી જગા એખતીઆર કીધી કે જેને હરીફાઈ બતાવનારી સમજવાને પારસીઓ મુખતીઆર હતા. હવે જેમના "બાપ દાદાઓની મટી અને ખોદા ના મંદીર" ઉપર ધાર પડવાની બીહીકથી જેમનું જહનુન ધકધકતી હદ સુધી ઉસકેરાયલું, જેમના જુસા સાંમી બેરદુ વાળાઓ ની દુશમની ભરેલી છુપી દપછપથી ઉભરાઈ આવેલા અને જેઓએ પોતાના દુશમનોની સંગાથે સતાવાલા અમલદારોને મળી ગીઆ એમ જોઈને ઈનસાફ મેળવવાની આશા મુકી દેવાની જેમને ફરજ પડેલી, તેવા લોકોની એક ભીડના જોસાનો જારે આપણ ખેઆલ કરીએ છ ઈએ, તારે શું આપણથી એવું કેહેવાઈ શકાશે કે સુલેહનો બગાડ ક રવાના પારસીઓ ખરેખર ગુનેહગાર હતા ? પારશીઓને સુલેહનો ભંગ કરવાના અનીઆય માહેથી જુરીએ બીનતકસીરવાર ઠેડવયા, અને તેઓના અભીપરાય સાથ હમો તદન એકમલતા છયે. પણ જો આ બીનાને ઉલટું રૂપ અપાયું હતઃ—ઈનડીયન પીનલકોડના ૨૫ મા પરકરણની ૨૯૭ મી કલમમાં વીસતારેલો અનીઆય "કે કોઈ પણ શખસ કોઈ બીજા પુરૂશના ધરમને અપમાન થશે એમ જાણવા છતાં, દોખમા અથવા રૂવાંનોને અવલમંજલ પોંહુચાડવાના હર કો ઈ મકાંન મધે જબરીથી દાખલ થાયતો તેહને" ફલાણી ફલાણી શી ખશા કરવામાં આવશે—એ કલમની રૂહે અગર પોલીસને ગુનેહગા રોના પાંજરાંમાં ઉભી કરી હત તો હમો માનીએ છઈએ કે એથી ઉ લટોજ, યાને ગુનેહગાર ઠડયા એવો, અભીપરાય આપવા જેહવી શા ખશી જુરી આગળ પુરતી રીતે પડી હતી. હમોને એકવાર ફરીથી કે હવાને જરાએ આંચકો નથી કે આ ફેસાદનો સઘલો જોખમ પોલીસ ના કમીશનરને માથે છે. હમારી ખાતરીછે કે વાજબી ઉપાય લઈને જો સુલેહ સાચવવાને તેની મરજી હતેતો માતર પારશી પંચાયતને તે ણે એ વીશેની અરજ કરવાથી એ ભલાં કાંમમાં તેઓ પોતાની પુરતી મદદ તેહને આપતે, પણ દીલગીરી સાથ હમારે આ મત બાંધવાની ફ રજ પડેછે કે મી૦ સુટરના મનમાં મુખય વીચાર સુલેહ જાલવવાનોજ આ વખતે નોહતો. એની શકતીનો ઉપયોગ થઈ શકે એવા કોઈ

ઓધા ઉપર જો એને રાખપો હોયતો બેશક એ સરકારની ઘણી સા
રી સેવા બજાવી શકે, મગર મુંબઈ જેવાં એક શેહરમાં સુલેહ જાલ
વવાના કાંમ માટે એ તદન નાલાયકછે એ પુરતી રીતે સાબીત થઈ
ચુકુંછે. કોઈ ભયંકાર ચંડાલોથી ભરપુર ગાંમ તરફ મી૦ સુટરની
ચાલાકી અને હીંમત ઘણી કાંમ આવે ખરી; પણ વાજબીપણા અને
સાંત સવભાવની અખતયારી તલે રાખયા વના આ તેહુના ગુણો મું
બાઈ જેહવાં શેહરમાં બેહદ ધાસતી ભરેલા થઈ પડયાછે. મી૦ સુટર
અને પોલીસનો મુંબાઈ ગેજેટે કરેલો બચાવ હમોને જરાય મન
માનતો નથી લાગતો. એક અમલદાર પોતાના મનમાં આવે એવો
રીપોરટ કરે અને તે ઉપરથી સરકાર એક ઠેડાવમાં તે અમલદાર વી
શે સેહુજસાજ લખેતો તે કાંઈ પેલા અમલદાર વીશે સરકારના ખરેખ
રા અભીપરાય દાખલ ગણાઈ શકાય નહી. એ ઉપરાંત વળી આપ
ણે એકબારગી કબુલ કરીયે કે પોલીસ ખાતાં વીશે કરેલા છેલા ઠેડાવ
માં સરકારે પોતાનો એ ખાતાં વીશેનો ખુદ અભીપરાય જણાવપોછે,
તોય તારપછી એ ખાતાંના સંબંધમાં બનેલા બનાવોથી એ અભીપ
રાયમાં ઘણો ફેરફાર કરવાને સબબ મલેછે. હાઈ કોરટ માહેથી પો
લીસને આ મુકદમાના સંબંધમાં શીકસત થઈછે તેવી જો વારેઘડી
એ મલીયા ન કરેતો આટલુંતો દેખીતુંછે કે આંહીના લોકોના હક
ઉપર પાણી ફેરવવાને તેઓમા જે ઈરશાછે તે એટલે દરજજે ભયંકાર
રૂપ પકડી બેશે કે માતર કમીશનરના ઢંગને આસરે આખાં શેહરને
રેહવું પડે. માતર સુલેહ વધારે અને ગુનાનો અટકાવ કરે એવી
એક પોલીસની ફોજ આપણનેતો જોઈએ છઈએ;—નહી કે આંહી
ના રેહવાશીઓને દબરાવે અને દમ ભરાવે એવી. જો આપણી હીં
દુસથાંનની પોલીસની બાબદ પારલામેંટમાં તપાસવામાં આવે—અને
એમ થાય એ સંભવીકછે, તો હમારી ખાતરીછે કે મુંબાઈ માહેલો
દોખમાને લગતો મુકદમો તે વેલાએ તેઓની સામે કાંઈ નાહના જે
વા તોહમત દાખલ રજુ કરવામાં નહી આવે. હમો જોઈને દીલગીર
છઈએ કે કેટલાંક ઠેકાંણાંઓમા જુરીને માટે નાલાયક ભાશામા કે
ટલુંક ઓચરવામાં આવેછે, અને પોતાના મોભાની જાળવણીને મા
ટે હાઈ કોરટ એવા ટીકાઓ સામે પોતાની નાખુશી નથી બતલાવી
એવું જાણી હમો ખેદ પાંમશું. જુરીનો અભીપરાય વાજબી કે ગેર
વાજબીછે તે બાબે ચુનોચરા કરવામાં કાંઈ હરકત નથી, મગર તેમ ક
રતાં જુરરોના બદન અને તેમની હોરમત જલવાવાં જોઈએ, અને
તેમની દયાનતદારી સામે જો સુખન ઓચરવામાં આવેતો તે ખુદ ઈ
નસાફની અદાલત સામે ઓચરાયલો વીચારી તેનો ઘટતો બદલો લે
વો જોઈએ. જુરરો કાંઈ પોતાની રાજીખુશીથી જુરીમા બેસતા ન

થી; તેઓનેતો વારંવાર ન ગમે એવી જાહેર ફરજો અદા કરવાની ફરજ પાડવામાં આવેછે, અને એ ફરજ અદા કરવાના કાંમમાં કાયદાની પુરેપુરી મદદ તેઓને આપવી જોઈએ. મુંબઇ ગેજેટના વીચાર પરમાંણે ઈનસાફની આ હારને માટે જો જુરી જવાબદારછે, તો ખુદ જુરીના બંધંણ માટે આપણે કોણને ઠપકો આપવો જોઇએ તે તપાસીએ. જુરરોને ફેરબદલ કરવા, તથા 'સપેશીયલ જુરી' આગળ આ મુકદમો ચલાવવાનું મી૦ ફરગુસનના હાથમાં હતું. પણ આટલુંતો પેહલાંથી સાફ દેખાતું હતું કે ફરીઆદીવાલા અપરાધની સાબેતી પુરવાર કરવાની ઈચછા રાખતા નોહતા, અને જુરીએ બીન અપરાધનો અભીપરાય આપયો એ બીનાતો સરકારને મુબારકબાદી આપવા જેવી બનીછે. એટલા ઉપરથી જે બદનામી સરકારી ધારાના અમલદારોને સર ચોંહટેછે તે જુરીને લાગુ પાડવા સામે હમો હરકત જોઈએ છઈએ. હમો નથી માનતા કે એ બાબદનો જે અંત આવયોછે તે સામે આપણે બોલી શકીયે. ખુદ એ બાબદજ દુઃખદાયક બનીછે, તોય હમને આશાછે કે તેમાંથી કાંઇ સારૂંજ ફલ નીકલશે. હાઇ કોરટ આગલ રૂજુ થાયલી જુબાંની ઉપરથી સરકારનું ધીયાંન આપણી પોલીસની હાલની હાલત તરફ ખેંચાવું જોઈએ, અને તે ઉપરથી આવી તરાંહની જાસતી હવે પછી ચલાવવાને પોલીસ અશકત થાય અથવા તેમ કરવામાં તેહને હરકત આવે એવા ઉપાય જો સરકાર લીએતો, પારશીઓને પડેલી મેહનત અને તેઓને ઉપજેલા તરાસને માંટે દીલગીર થવું નહી પડશે. હમારીતો ખાતરીછે કે જે દુખઃદાયક હાલતમાં મી૦ સુટર આવી પડાંયોછે તે હાલતમાં મુંબાઈ સરખાં શેહરનો એક મુખય અમલદાર રેહ તે કેટલે દરજજે બેહાઈ ભરેલુંછે તે સરકારે જોઈ લીધું હશે. કાંઈ તેહના સામે અલાપં લેવા જેહવી હીલચાલની તરફેણમાં હમારો વીચાર હમો આપવા નથી માગતા, મગર આ મુકદમાની શીરૂઆતમાં પોલીસે જે આકાર પકડયો હતો તેવો આકાર પકડવાને કેટલે દરજજે વાજબી, તથા કાયદા અને સુલેહ સંપજની જાલવણીને અનુસરતું હતું તેનો ઘટતો વીચાર કરવો જોઈએ. હવે કાંઇ પારશી તથા પોલીસ વચચેના તકરારનો વીચાર રહયો નથી; સવાલ હવે માતર એટલો રહયો કે મી૦ સુટરના 'ભામટા' ઓ આપણો બચાવ કરવા માટે છે કે આપણા ઉપર જાસતી ચલાવવા માટે, આપણા હકોનો સંભાલ કાયદાની રૂએ થનારછે કે 'પોલીસની પરશનોતલાવલી' મોહેલા ફરમાસુ નીયમોની રૂએ,— ટુકામા, મુંબઈ એક છુટાપણું ભોગવતું શેહર ગણાય કે સઘલી તરફથી ઘેરાઇ ગયલું; અને આ વીચારના ખોલાસામા સરવે વરણના લોકને લાગતું વલગતું રહેલુંછે. ગેજેટને એકજ શબદ હવે કેહવા

નો બાકી રહેલોછે. "મી૦ સુટરની આબરૂ નીચી પાડવાનું કામ લઈ બેઠેલી ટોલીમા ઈનડીયન સટેટસમેનને સામીલ થયલો જોઈને" તે પોતાની દીલગીરી બતલાવેછે, અને વળી પુછેછે કે:—"ટાઈમસ આવ ઈનડીયામા અવતરેલી, અને તાંહાં જેહમત લઈ ઉધારેલી, પોલીસના સામેની હરીફાઈને સાધારણ રીતે લાગુ પાડવામા આવેછે એવાં લખાણ, બીજે રૂપે કરવાથી- હમારા ભાઈબંધને શું વાજબી લાગે છે?" કેથે પણ હમો કોઈબી "ટોલી" મા સામીલ થયા નથી. જે કાંઈ હમોએ લખયુંછે તે માતર હમારી જાહેર ફરજની પુખ્ત સહમજ ધીઆનમા રાખીને, અને મી૦ સુટરના જેવી હાલતમા આવી પડેલા એક માણશ સામે જોશ ભરીયો ઠપકો લાગુ પાડવાને આ બાબદની ખરી કેફીયતથી હમોને ફરજ પડેછે તે માટે દલગીર થઈને લખયુંછે.

(આરગસ—તા૰ ૧૯ મી જુલાઈ ૧૮૭૩.)

પારસીઓની તપાસની બાબત સીવાય કોઈ બીજી બાબત ઉપર પોતાનું ધીઆન ખેંચાવાને લોકો ઘણુંકરીને હવે ખુશી થશે, પણ હાલમાં મી૦ એનસટીનાં મોડાંમાંથી જે ટીકાઓ નીકલતા જાયછે તે એવા છે કે જાણે શાખસીઓની ઉપર લાલ તપેલા ગોલાઓ આવી પડતા હોય, અને તે ટીકાઓ વાંચનારાઓને જણાવવા વગર ચાલતું નથી. મી૦ એનસટીએ મી૦ સુટરને જે બોલો વાપરીઆછે, તેમાં અગત કરીને તે જે એવું બોલીઓછે કે, કેટલાક શાહેદીઓ કેટલીક વાતો જાણવા છતાં, તે યાદ નથી એવું બોલીઆછે, તેઓ બરોબર રીતે ખોટી સાખશી આપવાના વાંકમાં આવેછે, તેથી તેના મીતરોને ઘણી રીસ લાગીછે. દરેક શાહેદી એકુ બે વાતને વાસતે એમ બોલે કે તેને તેની યાદ નથી, તો તે જુદી વાતછે, પણ જીઆરે એક સાહેદી બધીજ વાતને માટે એમ કેહકે તે તેને યાદ નથી, અને વલી જીઆરે જે વાત તેને યાદ હોવી જોઈએ તેને માટે પણ તે એમ કેહકે તેને યાદ નથી, તીઆરે જે બારીસટરની તપાસ તલે તેવો શાહેધી હોય તેનાપર તે સકત ટીકા કરે તેમાં નવાઈ નહી. પણ તેવા ટીકાઓથી તેવા શાહેધીની આબરૂને હીણું લાગતું નથી. મી૦ સુટરની શાહેધી હમોએ સાંભલીછે તે સાંભલતાં તેને માટે કોઈ રીતનું ઉંચું મત હમો બાંધી શકીઆ નથી, અને તેમજ તેના મીતરો પણ બાંધી નહી શકીઆ હશે. હમોએ બીજી બાજુએ જણાવીઉંછે કે, મી૦ સુટરે ઘણી કઢંગી ભુલ કીધીછે, તેને માટે તેને ખમવું પડશે. હરેક મીલકતના વાંધાની વચે પડીને એક બોરકુ પકડવાના પોલીસના હક બાબે ન

કી ચુકાદો થયોછે, અને તે એવો થયોછે કે, એવી રીતે કરવાને પોલીસને હક નથી. એવી બાબતોની વચ્ચે પડવાની આગમચ દરેક માણસે દાહાપણ વાપરવું જોઈએ, અને આ બાબતમાં, મુંબઈની પોલીસને માંથે જો કોઈ દાહાપણ ભરેલો અને વીચારવંત વડો હતે તો, તે એવી રીતે વચ્ચે પડતેજ નહી.

આ બાબતને હવે વધારે ટીકા કરીઆ વગર આપણે પસાર થવા દઈએ, પણ જુરીને ચારજ આપતી વખતે જડજે જે ટીકા કરીઆછે, તેથી બંધવાઓની તરફના કાબેલ બારીસટરને ઘણું માઠું લાગુંછે. તે ટીકા, હમારાં નાકિસ મત પરમાંણે, અણઘટતા, બેજરૂર અને નહી છાજતાછે, જેથી કરીને લોકોની ઉપર માઠી અસર થયા વીના રેહ નહી. હમારા વીચાર પરમાંણે જડજનું સર્મીંગ વાદીઓની તરફનાં ભાશણ તરીકે સારૂં ગણીને, પણ તેમાં જે મીο એનસટીની ઉપર ટીકા કરવામાં આવોઆછે તે જો સરકારની તરફનો એક બારીસટર કરતેતો તેમાં પણ તે ખરાબ ખવાસની નીશાની દેખાતે, પણ જીઆરે તે જડજનાં મોડાંમાંથી નીકલીઆછે, તીઆરે તેમાં, એક કાબેલ બારીસટરને હલકો પાડવાની મતલબ સીવાય બીજું કશું જણાતું નથી. ૧૮૬૫ માં થયલી પારસીઓની અરજીના દાવામાંથી કોરટમાં કોઈની ઉપર કશી અસર થઈ નથી. તેમજ તેની કશી અસર કોરટની બાહાર પણ થઈ નથી. આ તપાસની અંદર જડજે જે બારીસટરની ઉપર ટીકા કીધાછે તથા જુરીને ચારજ આપતી વેલાએ જે જાતના બોલો વાપરીઆછે, તેની માઠી અસર લોકોની ઉપર લાંબા વખતવેર રહી જશે, અને તેથી કરીને ઘણા વખત સુધી હાઈ કોરટના જડજોનો ટેક લોકોની આંખમાં ઉતરતો લાગશે.

સરવેથી પેહેલી ચુક મીο સુટરે કરી, અને તે એકે, દુખમાં આગલની જગા ઉપર જેઓ ધુસી આવાઆ, તેઓને તેણે મદદ આપી, અને તે ચુકમાંથી પછે બધી ચુકો નીકલી પણ તેમાંની કેટલીક ચુકો જુરીએ પોતાના ચુકાદાથી સુધારીછે અને મીο એનસટી બોલીઓછે તેમ પોલીસના સઘલી પરકારના જુલમ જાસતીની સામે જુરીએ આ પેલા ઈનસાફથી જુરીની મારફતે ઈનસાફ કરવાની રીતની મોહોટાઈનો અને વાજબીપણાનો એક સરસ દાખલો નોધાયોછે.

પચાસ પારસીઓની તપાસ જે ચાલતા મહીનાની તારીખ ૭ મી અને સોમવારને દીને શરૂ થઈ હતી, તે ગયા' બુધવારને દીને પુરી થઈ હતી, અને તેમાં જુરીએ સઘલાઓનાં એકમતે, બધા બંધવાઓને નીરઅપરાધી ઠરાવીઆછે. * * * * * * * * *

મી૦ સુટરે પારસીઓની સામાવાલાઓને પોલીસની મદદ આપી એ કામ તેણે જાણી જોઇને કરીઉં હતું, અને તેમાં પારસીઓને ગોયા એવી ધમકી હતી કે, તમારી તે જગાછે, અને તે તમારા અસ તકમાંછે, અને તેની ઉપર કેટલાકોએ દાવો ઉઠાવી તમારા હાથમાંથી તે મેલાવી લેવાની કોશેશ કરી હતી પણ તેઓ કોઈ આજવેર ફાવી આ નથી, પણ હવે તે પોતે તે જગા તમારા હાથમાંથી મેલાવશે. વકીલ મી૦ પીલ મારી પાસે આવીને મને કહી ગયોછે કે, મારા બે કુલો તે જગા ઉપર અમલો બાંધવા માગેછે માટે તેમને મદદ આપવી, એટલા માટે હું તેઓને મદદ આપીશ, અને જો તમો તીઆં બખેડો કરશોતો હું તમોને ચોકીમાં ધરી લઈ જઈશ. એમાં મી૦ સુટરે જે માહાભારત ભુલ કીધીછે તે શું મી૦ સુટરને કે સઘલા લોકોને ખોલી જણાતી નથી ? અને જે પારસીઓને એવી ભુલમાં પકડંવામાં અને તપાસવામાં આવીઆ તેઓને જુરીએ નીરઅપરાધી ઠરાવીને છોડી મેલીઆ તેમાં તેઓએ કેવો ઈનસાફ આપીઓ તે શું સઘલાં લોકોને ખુલી રીતે જણાતું નથી ? અગરજો જુરીએ તે પારસીઓને અપરાધી ઠરાવીઆ હતેતો તેમાં ઘણુંજ ખોટું થતે, અને તેમાંથી એ વીતો ખરાબ સોશણા પેદા થતે, અને તે વખત જતે એટલીતો વધી જતે કે, આ વાલકેશવરના ડુંગર ઉપરતો ખોટો બખેડો થયો પણ તેમાંથીતો ખરો બખેડો થતે.

મી૦ સુટરે એમ ધારીઉં હશે કે, મી૦ પીલનાં કુલોને તેણે પોલીસની મદદ આપી, અને તે પોલીસની સામા જેઓ થયા તેઓને પકડી લઈ જવામાં તેણે વાજબી કીધું, તો તેમાં તેની ભુલ છે, કારણ કે, જે કામ પોલીસે કીધું તે કરવાની કોઇને સતા હતી નહી. પોલીસ જે છે તે જાહેર પરજાની નોકરછે, કંઈ તેઓના ધણી તરીકે નથી, અને કોઈ તેવી સારી વધતીનાં રાજમાં પોલીસને જાહેર પરજાની નોકર સીવાય બીજી રીતે ગણવામાં આવતી નથી." કુવરજી અને જેકબે તે જમીનનો કબજો પોતાના હાથમાં લીધો તેમાં પોલીસે તેઓને મદદ આપી એ કામ તદન કાયદા વીરૂધ કરવામાં આવીઉંછે અને પારસીઓને સામે થવાનું કારણ તે કામજછે. પોલીસે મદદ આપી અને પોલીસે પોતાના હાથમાં બચાવ લીધો તે છતાં પારસીઓએ આવીને બાંધેલું જુંપડું તોડી પાડીઉં અને બીજી ભાંજફોડ કીધી, તેથી તેઓને પકડી લઈ જવા એ કોઈ રીતે કાયદાપુરવક ન હતું. પોલીસે શરૂઆતમાંજ ભુલ કીધી, અને પાછલથી ચલાવેલી ચાલથી તે ભુલનાં માઠાં પરીણામમાં ઘણો વધારો થતો ગયો.

એ તપાસની અંદર જે શાહેદીઓ બોલાવવામાં આવીઆ હતા તે માતરે વાદીઓની તરફનાજ હતા; પરતીવાદીઓની તરફના કોઇ

શાહેધીને બોલાવવામાં આવીઓ હતા નહી. હમો વડા કમીશનરને સાથે લેતા નથી, પણ બીજા શાહેધીઓની જબાનીને માટે સારો વીચાર આપી શકતા નથી. તેઓની જબાની ગુચવાડા ભરેલી, અને કેટલીકવાર જે પોલીસમાં આપેલી તેનાથી તદન ઉલટીજ હતી. એ જબાની ઉપરથી લોકોની ઉપર એવી અસર થઈ હતી કે, પોલીસે સઘલું કાચું કાપીઉંછે, અને હવે જે ખાડામાં તેઓ પડીઆછે તેમાંથી નીકલવાને તેઓ આકલવકલની કોશેશ કરેછે. મી૦ સુટરની જબાનીની ઉપર, વાજબી લાગા તેવા ટીકા મી૦ એનસટીએ કરીઆ, અને તે ટીકાને જડજે પોતાથી બનીઆ તે રીતે ધીકારી કાહાડીઆ. એક બાર.સટર જુરાની આગલ બોલતી વેલાએ વીવેકની રીતે સકતમાં સકત ટીકા કરવાને મુખતીઆરછે, જેને માટે તેને કોઈ રીતને ઠપકો ઘટતો નથી. જડજેનું સમીંગતો અવુંછે કે, તેવું નબલું અને નરસું હમોએ કોઇવાર સાંભલીઉં નથી.

હવે દુખમાંને લગતો મુકદમો સમાપત થયોછે, અથવા પેહેલી અને ઘણી અગતની પગતીપરથી પસાર થયોછે. આપણા નોકરો જે પોલીસ તેઓમો એવો વીચાર બેઠેલો લાગેછે કે, તેઓ જે ચાહે તે કરી શકે. કુવરજી પોલીસને કહેછે કે, "પેલી જમીનનો કબજો લેવાને હમોને મદદ કરો" પોલીસ તેનો જવાબ દેછે કે—"ખચીત મારા પીઆરા મીતર મારી સાથે તમે આવો અને જો કાંઇ પોલીસના સામે થશેતો ખચીત હમો તેઓને ચોકીમાં લઈ જશું." તીઆરે કુવરજી કહેછે—"ખચીત પોલીસ કેવી કામનીછે." એ પરમાણે પોલીસ આપણા ધણી હોય તેમ છાપરે ચહડી ગઈ, પણ જેવો જુરીએ નીરઅપરાધીનો બોલ કાહાડીઓ કે, તે તુરત પાછી નીચે ઉતરીને પોતાના નોકરના દરવાજા પર આવી ગઈ. એ ઉપરથી, આવતા વખતને વાસતે તેઓને ઘણો ઉપયોગી ધડો મલીઓછે, કે મીલકતની બાબતમાં ગમે એવો વાંધો હોય, તેમાં વચે પડવાને પોલીસને કશી સતા નથી. જીઆરે બે જણ એક મીલકતને માટે દાવો કરવા નીકલીઆ હોય, તીઆરે બેમાંથી એકુની તરફેણ કરવાનું પોલીસનું કામ નથી, અને તે ધણી ધારા પરમાણે તેવી મીલકતની માલેકી ધરાવતો હોય તે તે મીલકતનો કબજો લેવા જાય તેમાં પોલીસે વચે આવવાનું કામ નથી. કુવરજીનો જો કાયદા પરમાણે વાજબી હક તે જગા ઉપર હતેતો તેનો કબજો લેવાને તેને પોલીસની મદદ માગવાની કશી જરૂર હતી નહી. આ દુખમાંની બાબતના મુકદમાની સઘલી કેફીઅત ધીઆનમાં લેતાં, જુરીએ જે નાટગીલટીનો અભીપરાય આપીઓછે, તે ઠગાઈ કરનારા અને જાસતીથી અખતીઆર હાથમાં લેનારાઓની સામે ઈનસાફ અને બચાવ મેલવવાની એક મોટી જામી

નગીરીછે. એવા ચુકાદાથી કાયદાનું માન જલવાઇ રહીઉંછે, સુલેહ ભરેલી રાજનીતીનો બચાવ થયોછે, અને નામદાર રાણીની હીંદુસતાનમાંની પરજાના હક અને છુટાપણાના બચાવની જામીનગીરી મલી છે. પણ એ સઘલું સારૂં જુરીના અપકશપાટ ચુકાદાથી થયુંછે; સરકારની તરફથી કે કોરટની તરફથી એવાં ભલાં કાંમને એક બોલની પણ મદદ થઇ નથી. માતરે એખલી જુરીજ આ મોટી લડાઈ લડી છે, અને તેમાં સંપુરણ રીતે ફતેહ પાંમીછે.

(આરગસ—તા૦ ૨૬ મી જુલાઇ ૧૮૭૩.)

આ ઈલાકાની સરકાર, અને ખરેખર હીંદુસથાનમાં જુદા જુદા ઈલાકાઓની સઘલી સરકારોમા એક ખાંમી આ છે—અને તેમાંથી વડી સરકાર પણ ખાલી નથી, કે તેઓ ગમે તે વખતે જાલમ અને ફાંટામાં આવે એવી ચાલ ચલાવી શકેછે. દોખમાના મુકદમાના સંબંધમા પોલીસે ચલાવેલી વરતણુક આ ખાંમીની શાહેદ આપેછે. એવા મુકદમાં વીશે અભીપરાય આપવાનું જુરી ઉપર રહેલુંછે, અને સરકારનું કાંમ ગેરવાંજબી અને જાસતી ભરયું હોય એવું જુરી વીચારેછે એ તેઓના અભીપરાય ઉપરથી જાણી લેવાનું સરકારને સરછે. "પકકો અને ફેરવાઈ ન શકે એવો અભીપરાય" આપવાનો અખતયાર જુરીઓનેછે તેની તરફેણમા મી૦ એનસટીએ બાથ લીધી, અને તેના ટેકામાં એ અખતયાર વેલાતમા ચાલેલા બે મોહટા મોહટા કજીઆઓમાં કબુલ કરવામાં આવેલો તે કજીઆ તેણે ટાંકી બતાવીયા; પણ જો આ અખતયાર ઉપર વીલાયતમાં અમલ કરવા દીધામાં આવેછે તો હીંદુસથાનમાં અને મુંબાઈ જેહવાં શેહરમાં એ હક આપવાની પુરતી અગતયછે. આ તોલ ઉપરથી જુરીઓનો મોહટો મોભો આપણે જો પીછાની શકીયે, તો આ મુકદમાની અંદર જુરીએ આંપેલા અભીપરાયની મોહટાઇ વીશે આપણને સહુમજ પડશે. આ મુકદમાની અંદર મુખય શાખશી પોલીસની હતી, પણ તેઓનોતો ફરીઆદીની ફતેહ ઈછવામાં લાભ જડવાયલો હતો એટલે તેઓની શાખશીનો ઘણી સંભાલથી તોલ કરવો જરૂરનો હતો. પોલીસે આ બાબદમાં ચલાવેલી ચાલનો ખરો વીચાર કરવાને આ વાત ખુબ ધયાનમાં રાખવાની જરૂરછે કે સુલેહનો ભંગ થતો અટકાવવાની કોશીસ કરવા ઉપરાંત તેઓએ એ ખટપટમાં વધુ ભાગ લીધો હતો. વાંધાવાલી જમીન ઉપર તરાપ મારનારાઓને તેઓએ ધોરે દીવશે મદદ કરવા ઉપરાંત તેઓએતો વલી જે કોઇ તાંહ બાંધેલો ચાલી તોડી પાડે તેઓને પહરેજ લઇ જવાની ધમકી આપી હતી. માટે કુંવરજી પ

રાગજી અને જેકબ જમાલ જેવા પારકે બારણે નાહક ધુસી જનારા એઓએ કરેલાં બેકાયદે કાંમમાં પોલીસેતો સામીલગોરી કરી, અને તેમ કરીઆથી પોતાની ફરજની બાહર જતા રહયા, તે જમીન ઉપર રેહનારા પારશીઓના હક ઉપર પેલા ધુસી આવનાર અને પોલીસ એ બંનેએ સરખો રીતે તરાપ મારી. પારશીઓની બાજુવાલાઓએ ચાલી અને તંબુ ભાંજી નાખવામા માતર કાંઈજ નહી પણ જમીનના માલેકનો ખુદ હક બજાવીયો. એક જમીનનો તુકડો કોઈ ધણી રોકી તેના ઉપર રાતોરાત ચાલી ઉઠાડી મુકેતો તે ઉપર તે ધણીનો હક કાંઈ પોંહચે નહી. સન ૧૮૬૪ માં કલકતાની હાઈ કોરટે કરેલા એક ચુકાદા પરમાંણે, તેમજ દેવાની કાયદાની રૂએ, કોઈ ધણીની જમીન તેના પાસથી બીજો શખસ જબરીથી લઈ લોએ, તો જબરીજ ચલાવીને પોતાની જમીનનો કબજો પાછો મેળવવાને તેના ધણીને હકછે. વળી દીવાની કાયદાની રૂએ આ પણ સીધ થયલુંછે કે જાજો વખત જવા આગમચ એક શખસ પોતા પાસથી જબરીથી લઈ લીધેલી જમીન પાછો જો સુલેહને મારગે મેલવવાને અશક્ત હોય તો જબરીથી મેલવી શકે. આપણ જે બોના વીશે લખીયે છઈએ તેમાં તો પારશીઓએ પોતાની મીલકત મેળવવાને જરાય વખત જવા દીધો નોહતો. વલી ધારાના કાનુન પરમાંણે જબરીથી એક જમીન તેનો ધણી પાછો મેલવવા ચાહેતો તે ઉપર તેનો તરણ વરશનો ભોગવટો આગમચ થયલો હોવો જોઈએ, પણ આ બાબદમાં તો પોલીસ કમીશનરના પોતાના કેહવા પરમાંણે પારશીઓનો નવ વરશનો ભોગવટો થયલો હતો. કુંવરજી તથા જેકબે દખમાંવાલી જમીનનો કબજો ધણીજ છુપી રીતે લીધેલો હતો, અને પોલીસ સારી રવેસે જાણતી હતી કે પારશી પંચાયત તરફથી એ ગુનેહગારો સામે સકત ઉપાયો લેવામાં આવશે, તથા એમ જાણયાથી તે જમીન ઉપર હાજર રેહવાને તેઓએ ચોકસ વખત ઠેડવયો હતો. એ પરમાંણે પોલીસ બરાબર ૧ કલાકને અમલે હાજર રહી, અને તે છતાં એવું કેહવું કે પોલીસ તો માતર સુલેહનો ભંગ ન થાય તેની ચોકાશી કરવા રહી હતી તો તે પુરી ગાંડાઈછે. પેલી બેકાયદે કબજો લેનારી ટોલી સામે પારશીઓએ કાંઈ એવા ઉપાયતો લીધા નોહતા કે તેહને જોશનું નામ છાજે, મગર બીજા હાથ ઉપર આટલુંતો ખાતરી પુરવક ચોકસ જણાયુંછે કે પોલીસે તે ટોલીને મદદ કીધી અને તેમ કરવાના કારણ માટેજ માતર તે તે જગાયે હાજર રહી હતી.

પેલા થોડા વખતને થકીબી સારાં ભાયગે આપણાથી દુર થયલા નામાંકીત ગરહસથ (મી૦ ટકર) ની સલાહથી ગરીબ બીચારી સરકાર ઘણાજ નાદર વમલમાં આવી પડેલીછે. જોકે મુંબાઈમાં રાજપરકરણી

સારૂં બંધણ નથી, તોય જુરીનો લાભ આપણને મલેછે; અને એ ઉમદા મારગે સરકાર તથા પોલીસને આપણે ઠપકો આપી શકયા છીએ, તથા તેઓને આપણે ખોલી રીતે કહુંછે કે પોલીસે એક મોહટી ભુલ કરીછે અને તે ભુલ એકદમ શુધારવાની જરૂરછે. આ મુકદમાનું શેવટ એવું સરસ થયુંછે કે તેથી એક મોહટો દાખલો હવે પછી એવી કીસમની તકરારના ધોરણ દાખલ સીધ થયોછે. એ દાખલો એવો ઉતમ છે કે સરકારથી તેના સામે હવે થવાવાનું નથી, મગર કદાચ કોઈ કોઈવાર સેહજ જુલમાત કરી શકે એવી સરકારની હાલની સતામા વધારો કરીને તેને જંગલી જાસતોનું નામ છાજે એવી હદ ઉપર લઈ જવામાં આવેતો સામે થવાય, મગર એ સતાનો એવો વધારો કરવાનો હાલ કાંઇ વીચાર ચાલતો નથી તે વીશે આપણી ખાતરીછે. પોલીસની આ બાબદમા ચાલ વીશેતો ટુકમાં મી૦ એનસટીના બોલજ માતર આપણે યાદ રાખશું તો બશ થસે કે "ચોકીબાન દાખલ નહી પણ જુલમગાર તરીકે તેઓએ ચાલ ચલાવીછે, અને તેમનાં સઘલાં કાંમ પારશીઓની વીરૂધ તથા જંગલી જોશ અને ખોટારાંથી ભરપુર હતાં."

(આરગસ—તા૦ ૨ જી આગસટ ૧૮૭૩.)

મુંબઈની સરકાર એક અઠવાડીઆંની વાતપર જાહેર પરજાની આંખમાં જેવી દેખાતી હતી તેનાં કરતાંને હાલમાં તે જુદીજ દેખાયછે. જે પારસીઓને બંધવા કરવામાં આવીઆ હતા તેઓમાના એકે મી૦ સુટરની ઉપર ફરીઆદી માંડવાને માટે નોટીસ આપવાથી તેણે એટલે મી૦ સુટરે તેની બાબતમાં સરકાર જોગ લખેલાં પતરનો જે જવાબ સરકાર કાંમચલાઉ અંડર સેકરેટેરીની તુરફથી તેને મલીઓછે તે ઉપરથી ખુલું દેખાઇ આવેછે કે, પોલીસ કમીશનરે પારસીઓને પકડીઆ અને તેઓના હાથમાં બેડીઓ ઠોકીને રસતામાંથી ચલાવતા મનગાંમ પોલીસ આફીસ સુધી લઈ જવામાં આવીઆ, તે સઘલાં કાંમને સરકારે સારી રીતે અને પુરેપુરૂં પસંદ કરીઉંછે, અને તેવી વાત લોકોમાં બતાવવાને એવી પરકારનો જવાબ લખી મોકલીઓછે કે દુખમાં આગલ જે બખેડો થયો તેમાં પોલીસ કમીશનરે જે ચાલ ચલાવીછે, તેને માટે સરકારે પોતાની ઘણીજ પસંદગી બતાવવાની એ તક લેવામાં આવીછે. એવો મી૦ નજેનટનાં તે પતરનો સાદો અરથ થાયછે. એ ઉપરથી માલમ પડેછે કે, જુરીના ચુકાદાની દરકાર સરકારે કીધી નથી, અને પોલીસનાં નરસાં કાંમોનો વીચાર કરીઓ નથી, પણ પોલીસ ખાતે પોતાથી બને એવાં ગમે એટલાં કાયદા વીરૂધ કાંમ કરે તેને

ટેકો આપવાનો ઠરાવ કરીઓછે. આવો નરસો ટેક સરકારે પોતે જાણીં જોઇને પકડીઓછે, જે હાલના વખતમાં લોકોની આંખમાંથી તે જતો રેહવો મુશકેલછે. આ કાંમથી કરીને સર ફીલીપ વોડહાઉસની કારકીરદાને નબલાપણાનો અને બેવકુફીપણાનો ડાઘ લાગોછે, જે એકાએક જવો મુશકેલ પડશે, અને તેની નરસી અસર હવે પછે તે જે તે કાંમો કરશે તે સઘલાંને નડતી રેહશે. એ સઘલાં ઉપરથી પારસીઓની હસી છે કે એવા સરકારી અમલદારોની ઉપર કાયદાની રૂહે જેટલી હદવેરની ફરીઆદીઓ ચાલી શકે તેટલી ચલાવર્વા અને તેમ કરવામાં એકબી ઉપાયને અને એકબી તકને જતી મેલવી નહી; અને મીо એનસટીએ જે ખાતરોથી અને અસરકારક રીતે જણાવીઉંછે તેમ એવા અવીચારી પોલીસ કમીશનરને અથવા બીજા તેવા અમલદારોને ધારા પરમાંણે સકત સજાએ પોંહાંચાડી એ બાબતનો દાખલો બેસાડવો. સરકારે જુરીના અભીપરાયને તુછકારી કાહાડવાની અને જાહેર મતને એક કોરે મેલવાની જે અવીચારી કોશેશ કરીછે તેની તરફ આપણે તીરસકારથી જોઇને પસાર કરીએ, પણ જીઆરે ઇનસાફ કરનાર જડ જે ઇનસાફની ખુરસી ઉપર બેસીને મીо આનસટી ઉપર તદન અણઘટતા અને ન છાજતા ટીકા કરીઆ તે સરકારે પસંદ રાખેલા આપણે જોઈએછે તીઆરે માલમ પડેછે કે બંધવાઓની તરફના બારીસટરે તદન આપઅખતીઆરોથી અને ઘણી મોટી હીમત અને વાજબીપણાથી બાથ ભીડી, તેનો કીનો ઇનસાફ કરતા જડજે ઇનસાફની ખુરસી ઉપર બેસીને બતાવવાને સેસનમાં ચાલતા એક ફોજદારી મુકદમામાં સારી તક છે, એવું ગોયા સરકારે લોકોને શીખવીઉંછે, અને તેમ કરીને લોકોની આંખમાં કોરટનો દરજજો હલકો કરીઓછે.

ઇનસાફ કરવા બેઠેલા જડજે જુરીને ઘણી ઝડપથી જણાવીઉં કે, એજ મીо એનસટીની સામે જે અરજી થઇ હતી તે એવી હતી કે, તેને માટે તેને શરમનો મારીઓ આ દેશ પણ છોડી જવો જોઈતો હતો, તે અરજી કરવામાં આગેવાની એજ પારસીઓએ કરી હતી. પણ તે અરજીની ઉપર તે વખતની સરકારનો ઠરાવ શું થયલોછે તે, તે જડજ પોતાની તેવી ઝડપમાં તદન ભુલી ગયો હતો. વલી એજ અરજીની બાબતમાં જડજે તેવીજ ઝડપથી જણાવીઉં હતું કે, તે અરજી કરવાને માટે મલેલી સભામાં ઘણા વગવાલા અને સઘલા વરગના લોકો હાજર થયા હતા, પણ તે વખતે, એ બાબતસર, એજ અરજીના જવાબમાં સરકારે જે આવા બોલો જણાવીઆ હતા કે, "એ અરજી કરવાને માટે, જાહેર ને જોઈતી ચેતવણી આપીઆ વગર એક ખાનગી ઘરમાં એક ખાનગી સરખી સભા મલી હતી, અને તેમાં તઇઆર ઘડી કાહાડેલી અરજી રજુ કરીને તે એકદમ બાહાલ રાખવામાં આ

વી હતી, અને તેના પર જોઈતી તકરાર થયા વગર એકદમ સહીઓ થઈ હતી." તે વાત પણ તે જડજ ભુલી ગયો હતો. મી૦ સુટરની ચાલ ઉપર મી૦ એનસટીએ કરેલા ટીકાને જડજે "ગીબત ભરેલા અને બેઆબરૂ ભરેલા" જણાવીઆ હતા, પણ બંધવાઓની તરફના એક આગેવાન બારીસટરની ઉપર આવી ગુસાની ગરજના કરવા જતાં કેટલીક જુરીને જણાવવાજોગ બાબતો તે વીસરી ગયો હતો, જે તેના કરતાં વધારે "ગીબત ભરેલું અને બેઆબરૂ ભરેલું" હતું. જડજે જે બાબતો ખરી તરીકે જુરીને જણાવી હતી, અને તેની ઉપર લંબાણ ટીકાઓ કરીઆ હતા અને વીચારો આપીઆ હતા, તે ખરેખર તેવા નહી હતા, અને તેથી જુરીને જે ખરૂં નહી તે સમજાવવાના વાંકમાં જડજ પોતેજ આવેછે. મી૦ એનસટીની સામે થયલી અરજીનો દાખલો લઈને જે વાત જુરીને બતાવવાની જડજે કોશેશ કીધી તે વાત તે અરજી ઉપરથી કોઈ રીતે તેવી ઠરતી નથી, અને તેથી કરીને મી૦ એનસટીને આ દેશ તજી જવા જોગ જરૂર કોઈ રીતે દેખાતી નથી. જીઆરે એવી અરજીની વાત ભાગા ટુટા આકારમાં જુરીની સામે મેલયામાં આવે, તીઆરે જુરીને જડજે રસતો બતાવવાનો જે કાયદોછે, તે કાયદાનું વજન શું રહીઉં! એ સઘલું છતાં પારસીઓએ પોતાનો કાયદાસરનો હક જાલવવાને જે કોશેશ કીધી, તે કોશેશને "દખમાં આગલનો બખેડો" એવું જે નામ સરકારના જવાબમાં આપવામાં આવીઉંછે, તે બખેડાની અંદર અથવા તેના સંબંધમાં જેજે એમાં ગેરવાજબી અને ભુલ ભરીઆં કામો થયાં છે તે સઘલાંને સરકારે બાહાલ રાખીઆં છે.

આ બાબતની અંદર જડજે અને સરકારે જે ચાલ ચલાવીછે, તેને માટે ટીકા કરવાને ઘણા ભારી બોલોની જરૂર નથી. એ ઉપરથી તેઓએ દેખાડી આપીઉંછે કે, તેઓ એવી આપખુદી ચલાવવાને, અને જેમ આ બાબતમાં બનીઉં તેમ બીજી વખતે કોઈ બીજી બાબતમાં પણ બને, અને પોલીસ ખાતું પોતાનો દોર ગમે એવો બજાવે તેને બાહાલ રાખવાનેજ બેઠાછે. હાલમાં સરકાર પોતાની રયતનો એક હરીફ થઈ પડીછે, અને તેઓ વચે સુલેહ રખાવવાને બદલે તેઓને સામા ઉસંકેરેછે અને ગુસે કરેછે, અને જે તેમના હકો જાલવવાની ફરજ એક શીઆણી અને ભલી સરકારનીછે તે ફરજ તેઓને પોતાને બજાવવાની જરૂર તેમને પાડેછે. પચાસ ઉપર આબરૂદાર પારસીઓને પકડી હાથમાં બેડીઓ નાખીને ધોરી રસતાઓ ઉપરથી હરરતા ચોરોની માફક લઈ ગયા, અને તેઓને જેટલું થાય તેટલું અપમાન કીધું, તથા તેઓને લોકોની અને તેઓના મીતરોની આંખમાં હલકા પાડીઆ, અને એવી રીતની જે સઘલી જાસતી તેઓની

ઉપર ગુજારયામાં આવી, તેને માટે હવે સરકારની સામે, ફરીઆદી એોના આકારમાં, લડવા સીવાય પારસીઓના હાથમાં બીજો કશો ઉપાય રહેઓ નથી. જેઓને પકડાંઆ હતા તેઓમાના કેટલાકોની ઉપર કશો વાંક સાબેત ન થયાથી તેઓને પોલીસમાંથી છોડી મેલીઆ હતા, અને બાકીનાઓને સેસનમાં નોધવા પછે, અને સેસનનું કામ ચાલયા પછે તેઓમાના કેટલાકો પર કશો વાંક સાબેત ન થવાથી ઉતાવલેથી છોડી મેલયામાં આવીઆ હતા. એમ કરતાં જે બાકી રહી ગયા હતા, તેઓના બચાવ કરનાર બારીસટરની ઉપર જડજે સકત ટીકાઓ કરીને, અને તેને કોરટમાં તથા આ દેશમાં રહેવાને નાલાયકનો જણાવીને જુરીને રસતો બતાવાની કોશેશ કરી હતી, પણ તે સઘલું છતાં જુરીએ તેઓને નીરઅપરાધી ઠરાવીઆ, અને તેમ થવાથી નામદાર રાણીની પરજાનાં જે માણસો સકત અપમાનોનો ભોગ થઈને વલી વધારે હેરાનગતીમાં જતા, તેઓનાજ ભાઈબંધોને હાથે બચી ગયાછે. પણ એમ થવાની આગમચ તે પારસીઓને પોતાનો બચાવ કરતાં ઘણા પઈસા ખરચવા પડીઆછે, અને ફીકરો રાખવી પડીછે, તથા પુસકલ જંજાલી વેઠવી પડીછે. એ સઘલું મુંબઈની સરકારે બાહાર આવીને પસંદ રાખીઉંછે. નામદાર રાણીના અખતીઆરને ઈનસાફથી કરીને સરકારે રયતને ચઢતો દેખાડવો જોઈએ, પણુ તેને બદલે તેવું કામ હાલમાં રયતનેજ કરવું પડેછે, અને એવું માહાભારત કામ પાર પાડવાની તક હાલમાં પારસીઓના હાથમાં આવી છે, તેટલા માટે તેઓએ હીમતથી બાહાર આવવું અને વગર દેહેસતે તે કામ બજાવવાને આગલ ચાલવું.

(હીંદુ પેટરીઅટ—તા૰ ૨૮ મી જુલાઈ ૧૮૭૩.)

પારસીઓના દુખમાંને લગતા મુકદમાએ મુંબઈમાં ઘણી અસર પેદા કરીછે. હમોએ ગયાં અઠવાડીઆંમાં જણાવીઉં હતું કે, બંધવાઓને નીરઅપરાધી ઠરાવીને છોડી મેલવામાં આવીઆછે, પણ હમોને ભય લાગેછે કે, એ બાબદનો છેડો એટલાંમાંજ આવે એવું દેખાતું નથી. મી૰ જસટીસ ગરીને જુરીને જે ચારજ આપીઓ હતો તે ઘણો નરસુ લગાડનારો અને હમો કહી શકીએછે કે, અપમાન ભરેલો હતો. મી૰ એનસટીની સામેં થયલી અરજીની બાબત ઈનસાફની ખુરસીપર બેસીને વચે લાવવાથી અને તેમ કરીને મી૰ એનસટીની ઉપર જડજની ખુરસીપરથી હુમલો કરવાથી તેમાં ઘણોજ ખરાબ ખવાસ દેખાયોછે, અને તેમાં કાંઇ વેર લેવા સરખું જણાયુંછે, જે એક જડજને કરવું તદન ન છાજતું હતું. અગર મી૰ એનસટી કોરટની આગ

લ બોલતાં પોતાની બારીસટર તરીકેની હદથી જો બાંહાર ગયો હતેતો કોરટનો દરજજો આવી રીતે હલકો કરવા કરતાં, તે બાબતસર તેને સારી રીતે ઠપકો આપી શકાતે. હમારાં મત પરમાંણે, પરથમમાં એ મુકદમો ઈનસાફની અદાલતમાં આવવોજ જોઈતો ન હતો; બીજું એ કે એ બાબતમાં પોલીસ કમીશનરે જે ચાલ ચલાવીછે, તે તદન અણઘટતીછે; અને તરીજું એકે જુરીને ચારજ આપતી વખતે જડજ પોતાનો દરજજો તદન ભુલી ગયોછે. આ સઘલો બનાવ માઠો બની ઓછે, અને કોઇબી બોરફુની વાત સાંભલવા વગર દુરની નજરથી જોતાં એ સઘલો બનાવ હમોને મોટી દલગીરી ઉપજાવનારો લાગોછે.

(એકો પોરચુગીસ.)

* * * * * પરીનામ એ નીપજીઉં કે એક માહાભારત "બખેડો" થયો જેની તપાસને તલીએ જવાને જડજને અને જુરીને તથા ધારા જાંણનાંરાઓ તો હદ વગરનાને અઢાર દીવસ લાગા, અને બારીસટરોને અથાગ મેહેનત પડી તપાસને તલીએ જારે પોંહતા તારે તે તલીઆંએ આવો આકાર પકડયો કે, પોલીસ એકદમ આકલી તથા પોતાની ફરજ બજાવાને હદથી જીઆદે ઈનતેજાર થઈ જઈને એક બખેડો બેસાડી દેવાની મતલબ દેખાડી એકદમ પારસીઓની પવીતર અને અતીઆરવેર એમાં કોઈ માણુસ નહી દાખલ થયલી જગામાં ગયા. તેવી પવીતર જગામાં નહી આવવાને પારસાઓએ તેઓને કહીઉં, અને સાથે દેખાડીઉં કે તીઆં બખેડા સરખું કાંઈ થયું નથી, પણ તે સઘલું ફોકટ ગયું; સાધારણ માણસો એટલા ભરૂસાથી રાજી રેહેતે, પણ ચાલાક પોલીસ કાંઈ સેહેલમાં ઠગાય એવી નથી. માટે ફરજ, પદવી અને વધતા પગારનો ઉમેદ અને દાજને માટે કાનસટેબલ તરીકેની જોશ ભરી અગણ દીલમાં રાખીને પોલીસના બલવંત અને જબરદસત દેખાવના માણસો તેઓપર ટુટી પડીઆ અને બંધવા કરવા મંડીઆ. પારસીઓને માટે સરવે કોઈ જાણેછે કે, તેઓ મારામારી કરનારા લોક નથી, તે પરમાંણે તેઓ કશી ગડબડ કે હુજત કરીઆ વગર તાબે થયા, અને તેઓપર જે થયું તે મુંગે મોહોડે અને અજાયબી સાથે જોયા કીધું. માટે પારસીઓ સાથની આ માહાભારત કીરતીવાન લડાઈમાં કેવી ખુનાખરકી થઈ હતી ? તે આ પરમાંણે હતી—

મારયા ગયા....................	કોઈ નહી.
અડધા મારયા ગયા................	એક જણ.
કેદ પકડયા.....................	ચાર કૈડી.

એવા મોટા બખેડામાં સામેલગીરી રાખનારા સો પોણાસો પારસીઓ ને પોલીસે પકડીઆ, હાથમાં બેડીઓ નાખી, અને ગીરગાંમ પોલીસમાં લઇ ચાલીઆ. પણ એ જગાએ લાવવા પછે તેઓને વીચાર આવીઓ કે, એ બધાને તીઆં રાખવાની જગા નથી, તેથી તેઓને બીજી બીજી જગાઓએ લઇ ગયા. હવે, એજ પોલીસ આફીસમાં, બીજે દાહાડે, માજીસટરેટે તેઓને સમજણ પાડીને છોડી મેલીઆ હતેતો ભલું થતે, પણ તેને બદલે તેમને મોટી કોરટમાં મોકલીઆ, અહીઆં પોલીસે જે દેખાવ કીધો, તેને તેની ચાલ જે ઉંઘાડી પડી તે ઘણીજ કઢંગી દેખાઇ આવી. પોલીસે પોતાની ઘણી બાહાદુરી બતાવવાની કોશેશ કીધી, બે જન ભાયગે એકસરખી વાત કોરટમાં બોલીઆ. એવી રીતે સઘલું થવા પછે સેવટે જુરીએ તેઓને નીરઅપરાધી ઠરાવીઆ, અને સઘલા પારસીઓ છુટી ગયા. આથી કરીને પરજાનાં સરવે માણસોને ખુશાલી ઉપજી, અને સઘલા બોલવા લાગા કે, જુરીએ ઘણી ચાલાકી બતાવી, યાને ઘણો વાજબી ઇનસાફ આપીઓ.

દુખમાંઓનો હેવાલ.

(ટાઇમસ આપ ઇનડીઆ—તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૭૩.)

વાલકેશવરના ડુંગરની ઇસાન ખુણાએ આવેલી ટેકડીની ઉપર પરખીઆત દુખમાંઓ આવેલાંછે. જે વીશાલ જમીનની ઉપર તે બાંધવામાં આવેલાંછે, તે પર જવાના બે રસતાછે. તેમાંનો એક રસતો ગોવાલીઆ તલાવના રસતાપરથીછે, જે હમણા તરતનોજ બાંધેલોછે, અને તે ઝાડપાનોથી રલીઆમણો થઇ રહેલોછે. એ રસતે જતાં બરોબર દુખમાં વાલી જગાના દરવાજા આગલ જવાયછે, જીઆં એક પાટીઉં મારેલુંછે, અને તે પર એવું લખેલુંછે કે તે જગામાં પારસીઓ સવાય બીજા કોઇએ દાખલ થવું નહી. કેટલાક અવી ચારી પુરૂશો આગલ એ જગામાં વગર પુછવે દાખલ થયા હતા, જેથી એવી રીતનું પાટીઉં મુકવાની જરૂર પડેલીછે. બીજો મારગ ગામદેવાના રશતા પરથીછે, જે ડુંગરની ઉપર અરધા માઇલવેરની જબરી સીહીડીઓ કોતરી કાહાડીને બનાવેલોછે. એ બંને રસતા ઘણા રલીઆમણા છે. એ બંને રસતાઓ એજ ડુંગરના સુંદર કાલા પથરાઓથી બનાવેલાછે, અને તેઓના આસપાસ સારી જાતનાં ઝાડપાન કરવામાં આવેલાંછે. સીહીડીનો જે રસતોછે, તેની બંને બાજુએ ખજુરીનાં અને બીજાં ઝાડો એવી રીતે આવેલાંછે કે, આખે રસતે છાંયડો થઇ રહેછે. સઘલાં રવાનોને આજ રસતે લઇ જવામાં આવે

છે, જેથી એ રસતાની ગંભીરાઈમાં ઘણો વધારો થાયછે. મોટા દરવાજામાંથી અંદર દાખલ થતાં એક મોટો ચોક નજર આવેછે, જે પર થોડીક સીહીડીઓ ચહડવા પછે જવાયછે. જમણી બાજુએ સધરીછે જે બધી બાજુએથી ખુલી, અને બેઠી બાંધણીની એક ઈમારત છે, જેમાં રવાનોની પાછલ બંદગી કરવામાં આવેછે. આ સધરી આખા ચોકના કરતાં ઉંચી જગાપર બાંધેલીછે, અને તેની મતલબ એછે કે, તેમાં બંદગી કરનારાઓની ઉપર દુરવંદોની નજર પડે નહી. પાયદસતે ગયલા લોકોની સંખીઆ જીઆરે મોટી હોયછે તીઆરે તેઓમાના કેટલાક તે સધડીની આસપાસ બેસેછે, અને તે બધી બાજુએથી ઉઘાડી હોવાથી અંદરના અને બાહારના સાથે મલી જાયછે, અને તેમ એકઠા મલીને બંદગી કરેછે. અતરે જણાવવાની જરૂરછે કે, રવાંનોને એ સધડીની અંદર લઈ જવામાં આવતાં નથી. એ સધરી અને બાગની વચે એક નવી મેહેરાપદાર ઈમારત જોવામાં આવેછે, જે જુની સધરી નાહાની પડવાથી, તેને બદલે નવી સધરી તરીકે વાપરવાને બાંધવામાં આવીછે. એ નવી ઈમારત મુકીને આગલ ગયા કે એક ઘણોજ સુંદર બાગ આવેછે, જે તરેહવાર જાતનાં ફુલોથી ભરપુરછે, જેમાં ગુલાબનાં ફુલો ઘણાં વધારે દેખાયછે. એ બાગમાં આસપાસ ફરતા સુંદર દેખાવનાં અને યુરોપના બનાવેલા બેસવાના બાંકો મેળવામાં આવેલાછે. પાયદસતે આવનારાઓ ડુંગરપર ચઢવાથી થાકી ગયલા એ જગામાં બેસીને આસાએશ લીએછે તથા બંદગીની વખતે તે પણ કરેછે. એ બાગની સામી બાજુએ ઘાસથી ભરેલી જગામાં છુટાં છુટાં દુખમાંઓછે જેઓમાં રવાંનોને મેલવામાં આવેછે, એ દુખમાંઓ ગોલઆકારનાંછે અને આશરે તીશથી ચાલીસ ફુટ ઉંચાં અને આશરે તેટલાંજ પોહોલાંછે. એક બે એ કરતાં વધારે ઉંચાં હોય એમ માલમ પડેછે. તેઓ પથરથી મકમ બાંધેલાંછે અને ભીતની જાડાઈ તરણ ફુટ વેરનીછે. એ બધાંને ચુનાનો સફેદ રંગ આપેલોછે. દુખમાંને બારી હોતી નથી, પણ જમીનથી થોડીક ઉંચાઈએ બારી જેવું એક નાહનું બારણુંજ હોયછે. એ બારણાવેર પોંહોંચયા તે પથરનો ઢોલાવદાર પુસતો બાંધેલોછે, જે પર માતરે નસેસાલારોજ રવાંનને લઈને જઈ શકેછે, એ દુખમાં એટલાંતો પવીતરછે કે, માતરે નસેસાલારો, જેઓ એ કામને માટે અલાહેદાજ હોયછે, તેઓ સીવાય બીજા કોઈથી તોશ ડગલાંના તફાવતથી વધારે અંદર જવાતું નથી. દુખમાંની અંદર રવાનોને મેલવાની પાહેરીઓ કરવામાં આવેલીછે, અને નસેસાલારને ચાલવાને જુદી પગતીછે, જેથી રવાનને મેલવાની પાહેરીપર તેઓનો પગ પડે નહી. આ પાહેરીની ઉપર નસસાલારો રવાનને મેળેછે.

જીઆરે એક પારસી ગુજરેછે, તીઆરે તેનો જીવ આકાશી દુની આંમાં જાયછે, અને શરીર આ દુનીઆંમાં રહેછે જે કોઈબી રીતે ખ રાબ થવું નહી જોઈએ તેટલા માટે તેને ધોઈ સાફ અને પવીતર કરી સુરજ આથમવાની આગમચ દુખમાં આગલ લઈ જાયછે. જો એવે વખતે રવાન થાય, કે તેને અવલમંજલ પોંહોંચાડતાં સુરજ અસત પામી જાય અને અંધારૂં થાય, તો પછે તેને બીજા દીવસની સહવાર વેર ઘરમાંજ રહેવા દેછે. ઘરની અંદર, રવાનને સાફ કરી સફેદ કપડાં પેહેરાવી એક અલાહેદી જગાપર મેલેછે, અને પછે તેનાં સગાં વાહાલાં તથા મીતરો તેની આગલ બેસી બંદગી કરેછે. એ રવાન તદન પવીતર ગણાયછે, અને તેથી તેને બીજાં માણસો અડકતાં નથી. રવાનને લઈ જતી વખતે ઘરમાંની ઓરતો તેને છેલું ઘેરમાંજ જોઈ લેછે, અને પછે તેને ઘેઆન પર મેલી ઉપર સફેદ ચાદર ઓઢાડી ડુંગર પર લઈ જાયછે. રવાનને લઈ જવાને કોઈ જાતની ગાડી વાપરવામાં આવતી નથી, તેમજ પાયદસતે જનારાઓ પણ કોઈ ગાડીમાં બેસતા નથી. ગમે એટલું દુર જવું હોય તોપણ સઘલાઓને પગે ચાલીનેજ જવું પડેછે. પાયદસતે જનારા સઘલા નાહી ધોઈ સફેદ કપડાં પેહેરીને જાયછે, અને રસતામાં કોઈને અડકતા નથી. ઓરતો કેટલીકવાર શોકમાં કાલાં કપડાં પેહેરેછે, પણ મરદો તેમ કરતા નથી. ઓરતો કદી પાયદસતે જતી નથી, પણ બીજે વખતે દુખમાંઓ આગલ જવાને તેઓને કોઈ રીતનો અટકાવ નથી.

જેઓ પાયદસતે જાયછે, તેઓ બબેની જોડ થઈને હાથમાં રૂમાલ પકડીને ધીમે ધીમે ચાલતા ડુંગર વેર જાયછે. તીઆંથી તેઓ પાએક કલાકે ડુંગરનો ઉપર ચઢી રહેછે, અને ઉપર ગયા પછે સઘરીની અંદર મોબેદ ભણવા માહેછે. રવાનને છેક દુખમાંની આગલ લઈ જઈને મેલેછે, અને પાયદસતે આવનારાઓને મોહોડું દેખાડવાને રવાનનાં મોડાંપરની ચાદર ખસેડી તે ખુલું મેલેછે. બધા સેજદો કરી રહેઆ પછે રવાનને દુખમાંની અંદર મેલેછે.

કેટલાક લોકોમાં રવાનોની કીરીઆની બાબતમાં ઘણા ખોટા ખોટા વીચારોછે, જે દુર કરવાની મતલબથી હમોને આ સઘલી વીગત લખવી પડીછે. કેટલાકો, જેઓને એ વીશેની કશી ખબર નથી, તેઓ ઘણીજ કઢંગી અને ખોટી વાતો બીજાઓની આગલ કરેછે, તેઓએ વગર સમજવે અને વગર જાણવે તેમ કરવું જોઈતું નથી. દુખમાંઓ બાગના સરખી ખોહોલી જમીન પર આવેલાંછે, અને તેઓની ઉંચાઈ એટલીછે કે, કોઈબી માણસ નીચે ઉભો રહીને તેમાં જોઈ શકે નહી. એ દુખમાંઓની આસપાસ સેંકડો વીઘાં જમીનછે, જેની ઉપર ખેતીવાડી થાયછે. એ જમીન પારસીઓનીછે, અને દુખ

માંની નજીકમાં કોઇના બંગલા નહી આવે તેટલા માટે તે ખાલી રાખેલી છે, તેથી કરીને નજીકમાં નજીક આવેલા બંગલાઓ એટલા દુર પડેલાછે કે, તેમાં રહેનારાઓને દુખમાંની અંદરનું, કે તે જગાની અંદરનું કશું દેખાઇ શકે નહી, અને તેથી કોઇને પણ તે જગાને માટે વાંધો લેવાની જરૂર નથી. એ દુખમાંઓથી જેઓને કંટાલો ઉપજે તે કંઇ તેવું જોવાથી નહી, પણ માતરે પોતાના તેવા ખેઆલથીજ કરીને ઉપજે, અને તે ખેઆલબી ખરેખર તીઆં શું બનેછે તે વગર જાણવે જ પેદા થાયછે. દુખમાંની અંદર જે થાયછે તે માતરે આએજછે— આશરે પચાસેક ગીધ તે જગાની ખજુરીઓપર બેસી રેહછે અને જે વું રવાન દુખમાંમાં મેલી નસેસાલારો બાહાર ગયા કે તેઓ અંદર જઇને ખાવા માંડેછે, તે સઘલું ખવાઇ રહે તીઆરેજ પાછા બાહાર આવેછે; તીઆંવેર કદી આવતા નથી. થોડા કલાકમાં આખું શરીર ખવાઇને માતરે હાડકાં રહી જાયછે. જેઓ એવી ગપ મારેછે કે ગીધો મારાના કકડાઓ ચાંચમાં લઇને આસપાસ ઉડેછે, અને રસતાઓપર નાખેછે, તેઓ એ જાનવરના કુદરતી ખવાસથી તદન અંજાણાછે. એ જાનવરો અમેરીકાનાં જંગલોમાં જીઆરે કોઇ જાનવરને ખાવા પડેછે તીઆરે ખાઇને તેઓ એવાંતો સુસતી થઇ જાયછે કે, ઘોડસવારો તેમને ચાબકો મારેછે તોપણ તેઓ તીઆંથી ઉડતાં નથી. દુખમાંની અંદર તેઓને કોઇ છેડતું નથી અને તેથી તેઓ તીઆં નીરાંતે બેસીને ખાયછે. જેઓ તે જગાએ ધીઆન રાખીને જોશે, તેઓને કદી પણ એ જાનવરો મોડાંમાં કંઇ લઇને બાહાર નીકલતાં નહી દેખાશે. જીઆરે અંદર સઘલું ખવાઇ રહેછે તીઆરેજ તેઓ બાહાર આવેછે, અને ભીતપર સુસત થઇને બેસી રહેછે. પછે ઘણે વારે તેઓ તીઆંથી ઉડીને કમપાઉનડની અંદરનાં ખજુરીનાં ઝાડો પર બેસેછે. તેઓ કમપાઉનડની બાહાર કવચીતજ જાયછે. આ ઉપયોગી પણ કંટાલા ભરેલાં જાનવરોને પારસીઓ કોઇ રીતનો પવીત રાઇનો દરજજો આપતા નથી. રવાંનોનાં શરીર કોહોતી હાલતમાં આવતાં અટકાવવાને એ જાનવરો ઉપયોગછે, અને તેટલાજ ઉપયોગનાં તેઓને પારસીઓ ગણેછે. એથી કરીને એ દુખમાંવાલી જગાએ કશી પણ રીતની અડચણ જેવું નથી. તનદરોસતીને નુકશાન થાય તેવું તીઆં કશું નથી, અને તીઆં ગુલાબ અને બીજાં ફુલોના વાસ સીવાય દુખમાંનો કોઇ જાતનો વાસ નથી.

આ ગંભીર હેવાલને હવે સંપુરણ કરી, સઘરી આગલ ઉભા રેહતાં આસપાસ મુંબઇ શેહેરનો અને તેને ફરતા દરીઆનો જે અતી મનોરંજક દેખાવ દેખાયછે તે ઉપર બે બોલ બોલીએ. એ જગાએથી એવો તરેહવાર અને રલીઆમણો દેખાવ દેખાયછે તેવો બીજી

કોઈ જગાએથી જોવામાં આવતો નહી હશે. નાલીએરીનાં ઝાડોની ઉપરથી જે અગણીત ઘરો દેખાયછે, અને તેમની ઉપર જાહેર અને મોટી ઈમારતો નીકલી આવેલી જણાયછે, તેનો દેખાવ અને તેની સાથે સામી બોરડુએથી મુંબઈનાં બંદરનો દેખાવ એ જોનારની આંખને છક કરી નાખેછે. તેની છેક પેલીમેર ઘારાપુરી અને બીજા ડુંગરો અને બેટો નજરે પડેછે. દકશીણ તરફ નજર ફેરવતાં કોટની ઈમારતો, અને તીઆંની સરકારી હવેલીઓ મોટા ભપકાદાર દેખાવમાં દેખાયછે, અને તેમાં જીઆરે કોલાબાના દેખાવને સાથે આંખમાં લઈએછે તીઆરે વલી તેની સોભા જુદીજ દેખાયછે. એ જગાએથી જીઆરે આવો નહી સરખાવ થઈ શકે એવો બેહેસતનો દેખાવ દેખાયછે, તીઆરે તીઆં માણસના સરવેથી પવીતર જીવને આકશમાં જવાની અને તેનાં શરીરને ગાધોનાં રેહઠાંણમાં મેલવાની જગાછે, એવી વાત આપણે તદન ભુલી જઈએછે.

(બાંબે ગારડીઅન—તા૦ ૨૬ મી જુલાઈ ૧૮૭૩.)

મી૦ સુટરે ધારા જાણનારાઓને "તડાકા પડવા" બાબે કરેલો એસારો જે મોળા ભરેલો નથી, તે ઉપરથી એવો સાર નીકલેછે કે લોકોને ખોટી રીતે કેદ કરવાની તથા બીજા દુખો અને શીખસાઓ આપવાની જે ફરીઆદીઓ પોલીસ કમીશનરે કરેલી ભુલના પરીનામ તરીકે ચાલુ થાય તે ફરીઆદીઓની સાંમે થવાની પોલીસની કોશેશમાં સરકાર તેને મદદ કરશે. પોલીસના કાયદાથી ઉલટાં કામકાજોની અગરજો સરકાર આવી તોછડી અને ઠઠાબાજ રીતે ખબર લેવા ધારતી હોય, તો અમે આગાહીં આપીએ છઈએ કે જુરીના અભીપરાએથી સરકારને જે મોટી શીકસત મળીછે તે કરતાં વધારે મોટી સીકસત હજી પછે તેમને ખમવી પડશે. સુલેહ ભરેલા શેહેરીઓના હાથમાં જારે નજરમાં આવે તારે બેડીઓ ઠોકવી એ પોલીસને મનસે માતર મજાખ શરીખું લાગતું હોય, પણ તેઓએ પુરતી ખાતરી રાખવી કે એવી ચાલે તેઓને બેહાઈ ભરેલી રીતે ચલાવા દેવામાં નહી આવશે—પછે તેઓને હીંદુસતાંનની સરકારનો વટીક ટેકો કાંએ નહી હોય, કે જેમ બનવું ઘણું મુશકેલ છે. આ (આ૦ કાવસજી સોહોરાબજી ભેદવારના વકીલે મી૦ સુટરને આપેલી નોટીસના જવાબ) ની બાબત મી૦ સુટર હાલ ધારેછે તે કરતાં વધારે ગંભીરાઈ ભરેલીછે; તેવી બાબતમાં ઠઠાબાજીના તથા અપમાંન ભરેલા શબદોમાં પોલીસના કમીશનરે જવાબ આપયોછે એ તેનું એક બીજું અવીચારી કામછે.

(રાસત ગોફ્તાર—તા○ ૨○ મી જુલાંઇ ૧૮૭૩.)

"ઓ ! અમરગ ઈનસાફ, પાછો બખંશ જખમી થયલાં નીરદો શપણાને તેનો દરજો, કચડી નાખ લોભી સતાના અવીચારી અપ માનો." આવા શબદોમાં હાવરડ નામનો કવી પવીતર ઈનસાફને આજીજી કરેછે, તે ગોયા દુનીઆ તરફની અરજ છે અને પારસીઓ તરફથી ગોયા ઈનસાફે એ અરજ સાંભળીને દાદ લીધીછે. ડુંગરવાડીને લગતા મુકદમાનું હાઈ કોરટમાં એવું શેવટ આવયુંછે કે જેને બીજું કાંઈ નહી પણ ફતેહનુંજ નામ છાજેછે. ફતેહ ઈનસાફની થઈછે અને ઈનસાફ પારશી ટોળાની તરફેણછે, એટલે ફતેહ એ ટોલાની થઈછે. આ મુકદમાના સઘલા પચાસે પચાસ બંધવાઓ છુટી જવાથી પારસીઓના લગાર પડતા વખતમાં એવી ચહડતી થઈ છે, કે ચહડતા વખતમાં એવી રીતે તેઓ કદાચજ ફાવયા હશે. પણ તેઓ ફાવયાછે એટલે શું ? તેઓ ફાવયાછે એટલે આપખુદી અને જુલમાતની ઉપર ફાવી નીકલયાછે. તેઓ ફાવયા એટલે તેઓએ દેખાડયુંછે કે સુલેહ સંપજ અને એકમારગીપણામા તેઓ નામદાર રાંણીની સઘલી રઈએત વચે પેહેલા હતા, અને તેજ પેહેલી પદવી આ મોટી તપાસમાં તેઓને અર્નામત એનાએત મળીછે. તેઓએ દેખાડયુંછે કે તેઓના આખા ટોલાને તોફાની અને ફીતુરીનો દાઘ લગાડવાની કોશેશ થઈ હતી, પણ તે સઘલી ખોટી અને સહરાગાત ભરેલી કોશેશ હતી. અને તોપણ તેઓ દેખાડી શકયાછે કે સુલેહ અને સંપજને જહનુનથી વલગી રેહેવા છતાં, પોતાના ધરમ સંબંધી હકની જાલવણીને માટે, પોતાના વડવાઓના અને પોતાના બચાંનાં બચાંના રવાંનોના શેવટના આરામ અને સુખને માટે, અગત પડવે, ઘટતા પણ સખત ઉપાયો લેવાને તેઓ હટી જાય એવા નથી. ઈરાનનો શાહ જે "દારા અને કેખુશરોનો વારસ" કેહેવાયછે તે યુરોપમાં મોટી ઈજતે પોંહોંચયોછે, પણ તેજ દારા અને કેખુશરોની આ ઓલાદે મુંબઈમાં એક બીજાજ પરકારની ઈજત મેલવીછે, અને તે પોતાના ટોલા ઉપરના પેઆર તથા પોતાના હકની સંભાલની ઈજત છે. ખરેખર પારસીઓએ જે આ ફતેહ મેલવીછે, તે તેમના આ બારીક વખતમાં માલમ પડેલા તારીફ લાએક એકસંપ, ઉલટ અને લાએકીને પુરેપુર છાજતી ફતેહ છે.

હવે શું રહયું ? ઉપલી સઘલી ખુશાલી વચે પારસી ભાઈઓને બે બોલ કેહેવા માગીએ છઈએ. ડુંગરવાડીના મુકદમાં મધે બંધવાઓ છુટી જવાથી અને પારસીના નામને ખેજાલત લગાડવાને ચોકસ

પખશની કોશેશ ઉંધી વલવાથી શોકરગુજારી કરવી એ એક વાત છે,
પણ તેને માટે હરખાઈ જઈ રોશની કરીને ઇઆ બીજી રીતે જોશ
બતાવવું એ જુદી વાત છે. અને તેટલાજ માટે મુકદમો ચુકયો તે
દીને માણેકજી શેઠવાલી દરેમેહેર ઉપર રોશની થઈ, અથવા ઈસકુલો
લોમાં છુટી થઇ, એવાં કામોને અમે નાપસંદ કરીએ છઈએ. આખા
મુકદમા વચે પારસીઓએ ઘણી ધીરજ અને સમાધાની બતાવી તો શે
વટે કાંઈ પણ જોશ બતાવીને જરાને માટે કાંઇ પણ બાહાનું કરી
આપવું નહી જોઈએ. આવી રીતે જોસ બતાવાને બદલે વધારે વા
જબીતો એછે કે હવે બાકી કામ શું રહયું તેનો ધીરજથી ઘટતો વી
ચાર કરવો જોઈએ. પોતા ઉપર થયલા ધસારા સાંમે પોતાનો પુરતો
બચાવ કરીનેજ સબુરી પકડવી કે તે બચાવ કરી રેહેવા પછે તે ધસા
રો કરનારાઓ, ગમે તે હોય, તેઓ ઉપર સામો કાયદાનો ધસારો લઈ
જવો, એ સવાલ નકી કરવો જોઈએ. સતાવાલાઓએ પારસીઓ
સાથ એવી વરતણુક ચલાવીછે અને ચોકસ ઈંગરેજોએ તેને એવો સ
હરાવેલો આકાર આપયોછે કે ગોયા પારસીઓ પારસી નહી પણ કોઈ
બીજી જહનુની કોમ હોય. તેવા વખતમાં પારસીઓને છાજેછે કે
જરાબી જહનુન બતાવવું નહી પણ એજ ઈંગરેજોના સુલેહ ભરેલા
છુટાપણાના કાનુનોની મદદ લઈને પોતાને સતાવનારા સતાવાલા અ
થવા બીજાઓ સામે ધારાની રૂહે લડવું. નામાકીત ગોલડસમીઠ કેહે
તો હતો કે આપણો ઈંગરેજી કાયદો માતર નઠારાં માણસોને સજા
કરવાનો છે, પણ ચીનાઓનો કાયદો તે સારાં માણસોને બદલો આ
પવાનો પણ છે અને પારસી ટોલા ઉપર હાલ એવું આવી પડયુંછે
કે તેમને સજા નહી પણ ઓર બદલો મલવો જોઈએછે. પારસીઓ
સજામાંથી છુટી ગયાછે, તેમાં જેટલી ફતેહ થઇછે, તે કરતાં વળી તેમ
ને સજા કરાવા નીકલનારાઓને જો તેઓ સામી સજા કરાવી શકેતો
તેઓની ફતેહ પુરી ગણાય.

મુંબઈ ગેજેટ મુંબઈની એક પીડાછે અને પરજાને લગતા અગત
ના સવાલોની વેળા એ પતર "ભાંજે નહી તેટલાં ખોખરાં કરે" તેના
કરતાં મેજર હેનડરસને હાલ માડયુંછે તેવાં લાઇબલોમાં તેના હાથ
રોકાયલા રેહે એ પરજાના ભલાંને માટે અમે બેહેતર સમજીએ છઈ
એ. ૧૮૫૭ ના બલવા પછે હીંદુસતાંનમાં રાજની સામે રઈએતને
બેદીલ કરનાર, ઈંગરેજો અને દેશીઓ વચે વેર વસાવનાર, ટુકમાં
બલવાની ઉસકેરણી કરનારૂં કોઇબી પતર રહયું હોયતો તે આ મું
બઈ ગેજેટ છે, અને અમે ખાતરીથી માનીએ છઈએ કે ૧૮૫૭ ના
જેવા એક પરેસ ગાગીંગ આકટની જો ફરી અગત હોયતો તેની સ

તાથી સઉથી પેહેલાં મુંબઈ ગેજેટને બંધ કરવું જોઈએછે. જારેબી ઈંગરેજો અને દેશીઓ વચે, રાજા અને પરજા વચે અથવા સતાવા લાઓ અને રઈએત વચેના હક ઈલાકાનો કાંઈ પણ સવાલ ઉઠેછે, તારે એ પતર સદા તે ઈંગરેજ પખશની હીમાએતે જાયછે અને તેવો જ ફીતુરની ઉસકેરણી કરનારો તથા લોકોના દીલ દુખવનારો દેખાવ પોતાના ગયા ભરેસપતવારના અંકમાં ડુંગરવાડીના મુકદમાના સંબંધમાં તેણે કરયોછે. આ મુકદમો પેહેલો ઉભો થયો તારથીજ એ પતરે પારસી ટોલા તરફ ધીકારવાજોગ વલાણ ધારણ કરીછે. તેણે પેહેલા બખેડાનો એવો ખોટો અને સહરાવેલો હેવાલ આપયો કે જેને માટે પાછલથી તેને માફ માંગવી પડી હતી, અને તોપણ પોતાને લાગેલી ખેજાલત ઉપરથી હટે પડીને ઈઆ કોઈ બીજી મતલબથી એ એકતર ફી પતરે પારસીઓને સતાવાનું જારી રાખ્યું છે. ભરેસપતવારના અંકમાં તે કેહેછે કે ડુંગરવાડીના મુકદમાવાલી જુરી મીο આનસટીના કેહેવા મુજબ ઘણી ચાલાક નથી, પણ તેથી ઉલટીજ છે; અને તેઓએ જે ચુકાદો આપયોછે તે પણ લોકોની વકીથી ઉલટો છે. આ બંને બીનાઓ તદન ગલત છે. અમે કહીએ છઈએ કે આ મુકદમાવાલી જુરી બીજી કોઈ પણ આબરૂદાર જુરી સાથ મુકાબલો કરી શકે એવી હતી અને સરવે લોકોની વકી મુજબનો ચુકાદો આપી જુરીએ પોતાની તે ચાલાકી વધારે દેખાડી આપીછે. જુરીએ આ મુકદમા મધે આપેલી "વરડીકટ" પવીતર કેહેવાઈ શકાશે. આરીસટાટલ પુછેછે કે "ઈનસાફ તે શુંછે?" તે પોતેજ જવાબ આપેછે કે "દરએક માણશને તેનું પોતાનું આપવું એ ઈનસાફ છે" અને આ બાર ગરહસથોની જુરીએ ધીરજથી તપાસ કરીને આ પચાસે જણને તેમનો રાજના ધારાથી સાચવેલો હક આપયોછે અને તે હક છુટાપણાના પેલા જુના કાનુનમાં સમાયલોછે કે "દરએક માણશનું ઘર તે તેનો કીલલોછે." ખાનગી મીલકત ઉપર જાસતી ભરેલો ઘસારો કરનારાઓને જબરીથી કાહાડવાના ઈંગરેજની રઈએતના જનમ હક સામે પીનલકોડનો ઈઆ બીજા પાછલા ધારાઓનો આંકોશ ગમે એવો વધયો હોય, અને એક જડજ પોતાના ધારાના ગાનથી તેને ગમે તેમ અમલમા આણે, પણ પુરાતન જુરીનો ઈનસાફ ઉપલા પુરાતન કાનુનને પડતો મેળે એમ મનાતું નથી. એક વીદવાન નેઆએશાસ્ત્રીનાજ આ શબદો છે કે "ધારાને ભેદ ભરેલો કરવા અને તેમાથી ધંધો ઉભો કરવા સારૂં તેને હોનરના ગમે એટલાં નામોમાં લપેટયો હોય, તોપણ તેનો પાયો અકલ છે, અને તે સાદી સમજને દેખીતો છે." એજ પરમાણે આ જુરીનો ચુકાદો અકલ અને સાદી સમજ મુજબનો છે, અને તેજ ધારો છે.

ડુંગરવાડીને લગતા મુકદમાનું જે શેવટ આવયુંછે, તેને માટે અમે આગલા સફા ઉપર ખુશી બતાવી છે, પણ અમે કબુલ કરીએ છઈએ કે કોઈ ફેરવાયલી હાલત વચે અથવા કોઈ જુદાં સાંટક વચે, અથવા સાધારણ સરેસતાની હદમાં જો આ મુકદમો ઉભો થયો હતેતો કદાચ તે એટલી સેહેલાઈથી ઉડી નહી જતે, પણ કોઈક બંધવાઓને થોડીઘણી સજા લાગુ પડતે. ડુંગરવાડી ઉપર ચોકસ પારસીઓએ ચોકસ દરજે ધસારો કરીઓ એ ખરૂં છે, ચોકસ ધણીઓની મીલકતને ભાંજી તોડીને ચોકસ નુકસાન કરયું એ ખરૂં છે, અને અગર જો સામેવાલાઓ તેમને આડે આવતેતો કદાચ બખેડો વધી પડતે એ પણ ખરૂં છે. ઈંગરેજી ધારા પરમાંણે આ સઘલું કાંમ તકસીરમાં ગણાતું હશે એ માનવા જોગછે, અને તેમ માનાંને, તે તકસીર થવા પછેજ માતર વચે પડીને, બેહુ બોરદુવાલાઓ તરફ એકસરખી નજરથી તકસીર કરનારાઓનેજ માતર પકડીને, તે તકસીર જેવી સાધારણ તથા નજીવીછે તેટલોજ માતર તેને વજન આપીને, વધારે ગડબડ ઈઆ વધારે સહરાગાત વગર, એક સરેસતાની સેજ મારામારીના કજીઆ દાખલ જો આ મુકદમો માજીસટરેટ આગળ રજુ કરયો હતે અને માજીસટરેટ જોડેજ તેને કાહાડી નખાવયો હતેતો કદાચ તકસીર સાબેત થવા પછે બેહુ બોરદુવાલા કોઈને કાંઈ સેજસાજ દંડ ફંડની ઘટતી સજા થવા સાથે આ મુકદમાનું શેવટ આવી ગયું હતે.

પણ તેમ બનયું નથી અને છેક હાઈ કોરટની દેવરીએથી બાર માણસોની અને તેબી ઘણાખરાં ઈંગરેજોની જુરીએ સઘલા બંધવાઓને છોડી મેળયાછે તથા સાંમી પોલીસ ખાતાં ઉપર તવાઈ આવી છે, તેમા સઘલો વાંક એ ખાતાંનો પોતાનો છે અને તેને માટે એ ખાતાંએ પોતે પોતાનો ઉપકાર માનવો જોઈએછે. આ મુકદમા મધે પેહેલેથી છેલે સુધી પારસીઓને જેવી રીતે સતાવામા આવયા, જેવી રીતે મુકદમા મધે કાગનો વાઘ બનાવી દીધો, જેવી મોટી જાસતી તથા ડોલ દમામ અને વડાઈથી બીનતકસીરવારોને શેશન સુધી હડસેલવામાં આવયા, અને જેવા એક તરફીપણાથી શેવટ સુધી પારસી ટોળાની સામી પખશવાલાઓને મદદ આપવામાં આવી, તે ઉપરથી બંધવાઓ તરફ આખી પરજાની દયા ઉસકેરાઈ, આખા પારસી ટોળામાં ઘભરાટ અને ફરીઆદનો પોકારો ઉડા રહયો, અને તેવી સહરાવેલી સથીતીમાં એ મુકદમો જુરી ઉપર કાંઈબી અસર કરી શકે, કોઈબી પરમાણીક ઈઆ સવતંતર જુરી આવી જાસતી ખમનારાઓનેજ સામા તકસીરવાર ઠરાવે એવી એક અંસભારબી આશા રહી નહી હતી. તેમજ બનયુંછે. પોલીસની તરફના શાખસીઓની તપાસમાજ સઘલો મુકદમો ભાગી પડયો અને બંધવાઓના બચાવની

સાહેદીઓ સાંભલવા વગર, જડજે ઘણાખરા લોકો ધારેછે તેમ એક તરફી "ચારજ" આપવા છતાં, જુરીએ આ પચાસમાના એકની પણ તકસીર માંનવાને ના પાડયુંછે. જુરીએ સાદી સમજથી વીચાર્યુ છે કે જે માણસોનો ગુનાહ શું અથવા કોણે ગુનાહ કરયો તે ખોલલી રીતે કોઈએ દેખાડયું નથી, તે માણસોને ઓર સતાવાને સતાવાલાઓએ એક ઉપાય બાકી રાખયો નથી, અને વળી તેજ માણસોને તકસીરવાર ઠરાવવા એ તેમને નાહેક વધારે સતાવા સીવાએ બીજું કાંઈ નથી.

હવે આ મુકદમો પુરો થવાથી, તે સંબંધી પારસીઓ સાથ સતાવાલાઓએ એવી શું ચાલ ચલાવીછે, તે તપાસવા તથા તે બાબે ફરી આદ કરવાનો વખત આવયોછે. સતાવાલાઓની આ સઘલી ચાલ આ મુકદમાં મધે રોશન અજવાલાંની મીશાલે માલમ પડી આવીછે અને તે અતીઘણી શખત, શીખશા નહીં તો શખત ઠપકાને લાએક અને નહી માફ થાય એવી ચાલછે. ઘડીભર એ ઉપરથી કાંઈ ફરી આદ ઉઠાવા, અથવા કાંઈ બદલો મેળવવા, અથવા હવે પછેની એવી કોઈ જાસતી સામે જામીનગીરી મેળવવા પારસી ભાઈઓ કોશેશ નહી કરે; ઘડીભર તેઓ ઇનસાફની વડામા વડી કોરટ મધે પોતાને મળેલી જીહીત ઉપર શંતોશ પકડી પોતા ઉપરના જુલમાત સામે અરજી કરવાના અથવા દાદ ચાહાવાના ઉપાયો તેઓ નહી લીએ; તોપણ જરૂરનું છે કે સતાવાલાઓની એ આપખુદી કેવી પરકારની માલમ પડીછે, તે સપશટ અને ખોલલા આકારમાં આપણી આંખ આગલ રજુ કરવું. કેહેવાની કાંઈ જરૂર નથી કે સતાવાલા બોલ જે અમે વાપરીએ છઈએ તે મુખીઅ કરી પોલીસ ઉપર લાગુ પડેછે, અને એ જાસતીનો ઘણો જોખમ પોલીસ કમીશનર મી૦ સુટરના સર ઉપર મેળવામાં આવેછે. અને આટલું પણ કેહેવું જોઈએ કે આ પરમાંણે પોલીસની વીરૂધ નોધ લેતાં આપણને અતીશય દલગીરી પેદા થાયછે. મી૦ સુટરને એક લાએકીવાલા અમલદાર તરીકે આપણ પીછાંનીએ છઈએ. મી૦ સુટરની આગમચ થઈ ગયલા કમીશનર મી૦ ફારજેટને રવાના થતી વખતે માન પતર અને કીમતી ટેસટીમોનીઅલ આપવામાં મુખીઅ આગેવાની પારસીઓની હતી, અને મી૦ ફારજેટની છેલી જાહેર મુલાકાતની સભા વટીક એ ટોલાના વડા અકાબર સર જમશેદજીએ પોતાના મકાંનમાં બોલાવી હતી. બીજા હાથ ઉપર વળી પોલીસને પારસીઓએ આજ સુધી કસી મેહેનત આપી નથી. અપરાધીઓની શેશનમાં તેમજ પોલીસના પીંજરામાં પારસી ગુનેહગારોની શંખયા સઉથી નાહની માલમ પડીછે. એ રીતે પોલીસ સાથ પારસીઓના અરસ પરસ મીતરાચારીના સંબંધ વગેરેને યા

દ કરતાં, તેજ પોલીસની સાંમે ફરીઆદ ઉઠાવતાં અફસોસ પેદા થાય છે, પણ ફરજ આગળ સરવે દલગીરીને એક કોરે મેળવી પડેછે.

પોલીસની એ સઘલી જાસતીનું અતરે અમે વરણન કરવા માંગતા નથી, આજના અમારા પતરમા મી૦ આનસટીના અને બીજાં ભાશણો જે અમે પરગટ કીધાંછે તે-ઉપરથી એ જાસતીની વીગતો પુરતી મળી આવશે. અતરેતો માતર એ જાસતીનું ભય ભરેલું રૂપ સપશટ આકારમાં ખોલું કરવા માંગાએ છઇએ અને તે બે તરણ બોલમાં કેહેવાનુંછે. પોલીસની પોતાની નજરે જોતાં—મુકદમો ઉભો થવા પછેની તેમની ચાલ એવી માલમ પડીછે કે જેથી પોલીસે પોતે મોટી ઉલટથી ઉઠાવેલો મુકદમો ઉડી ગયોછે અને અગર પોલીસ તેમાં ગેરઇનસાફની ફરીઆદ કરેતો અમે કહીએ છઇએ કે પોલીસે આપખુદ અને અણઘટતી શખતાઈ વાપરીને તે ગેરઇનસાફને સાચું કારણ આપયુંછે. મુકદમો ઉભો થવા આગમચ અને ઉભો થવા પછે પોલીસ સતાવાલાઓએ એકજ તરફી અને વીરૂધની વલાણ પકડીને પરજાના લોકોને પોતાની સાંમે લાવી મેળયાછે અને એવો બનાવ આવી બનયોછે કે પરજાના જાંન માલની સલામતોના જાલવનાર તરીકે તેઓ પરજાને મનગમતા થવાને બદલે અણગમતા થયાછે; પોલીસ સતાવાલાઓ પરજાના ગોયા કોઈ શતરૂ હોય, તેમના હાથમાં પરજા ગોયા પોતાને સલામત વીચારતી નહી હોય એવી રીતે પોલીસે પરજાને પોતાથી વેગલી પાડીછે. ડુંગરવાડીની જગાના વાંધામાં અગરજો પોલીસ સતાવાલા પેહેલેથી વચે પડવાને બદલે તોફાન થવા પછે અગતને વખતે વચે પડયા હતે, અને બંધવાઓને પેહેલા ગુનેહગાર ધારીને પછે તેમનો ગુનાહ સાબેત કરવાને બનતાં ફાંફાં મારવાને બદલે તેમને કાંઇજ નહી પણ ઇનસાફ મળે એવી નેમથી મધીઅમ વરતણુક રાખી હતેતો પરજામાં કાંઈજ કચવાટ થતે નહી. પણ પેહેલેથરથી એક બોરકુ પકડી લઇને તથા બંધવાઓને ગુનેહગારજ ઠરાવવા એવી નેમ રાખીને કાંમ કરવાથી પોલીસ ગોયા પરજાની વીરૂધનું કોઈ ખાતું હોય એવું રૂપ તેઓએ પોતાને આપી દાધુંછે અને તેથી લોકોમાં જાહેર સલાંમતી વીશે ભય પેસાડયોછે.

પણ એટલીજ અમારી જીકર નથી. આ મુકદમાં તરફ અમે પોલીસની નજરેજ જોતા નથી અને જોવાને બંધાયલા પણ નથી. પરજાની નજરે જોતાં પોલીસનો વાંક વધારે મોટો, પોલીસની ચાલ વધારે કરડી અને મતલબ વધારે નાલાએક માલમ પડેછે. એ ચાલ એવી છે કે પોલીસે ડુંગરવાડી ઉપરના તોફાંનને બેસાડવાને બદલે ગોયા તેને ઉઠાવાનું કારણ આપયુંછે. કુંવરજી પરાગજી અને જેકબ જમાલ તરફથી મી૦ ડફી જગાનો કબજો લેવા ગયો તે વેલા પોલીસે આગ

ળી રહીને મદદ આપવાથી ખોલલું પરીનામ એજ નીપજયુંછે. પોલીસે મદદ આપવાથીજ પારસીઓની જગા ઉપર ધુસનારા ઉપલા ધાઈખોરાઓ કબજો લઈ શકયાછે અને પોલીસનાં બાંએધરી હેઠલ તેઓ કબજો લેવામાં ફાવવાથીજ આ દલગીરી ઉપજાવનારૂં હુલડ થયુંછે. વલી એ રીતે કુંવરજી પરાગજી તથા જેકબ જમાલને મદદ આપવા પછે, ડુંગરવાડીના ટરસટીઓને મદદ આપવાને ના પાડી મી૦ શુટરે પારસીઓને વધારે લાઈલાજ કરેલા આપણ જોઈએ છઈએ. જો બરાબર બોલીએતો જબરીથી સઘલું ભાજી નાખી ધુસનારાઓને હાંકો કાટવાના છેલા અંત ઉપર જવાની પોલીસે ગોયા પારસીઓને ફરજ પાડી છે. પણ વળી પોલીસની તારપછેની વરતણુક એથી પણ વધારે જુલમાત ભરેલી છે. ટાઈમસ આફ ઈંડયાતો હીઆંશુધી શક બતાવે છે કે પેહેલે આ હુલડ થયું અને છેલે ૭૫ પારસીઓને એ કદમ પકડીને તથા બેડી નાખીને પરહેજ લઈ ગયા તાંહાં શુધીમા ઘણું કામ એવું બનયુંછે કે જેને મારે આગમચથી એક સંપી ગોઠવણ થઈ હોય. તેવો એકસંપ આપણ કેહેતા નથી અને માનતા પણ નથી. તોબી પોલીશ ઉપર આવા એકસંપનું ખોટું બદગુમાન લઈ જવામા આવે તેની કાંઈ નવાઈ નથી. એકસંપની વાત એકકોરે મેળી, આટલુંતો કોરટમાં પડેલી અને પોલીસની પોતાની મુખજુબાની ઉપરથી સાબેત થાયછે કે પોલીસે પારસીઓ તરફ વગર વાંકે શખત ધાટકીપણું અને ભારે જુલમાત ચલાવયોછે, પોલીસે પારસીઓ જેવા દીનદાર અને ચુસત લોકોના ધરમ સંબંધી દીલ દુખવયાંછે, પોલીસે ઈંગરેજ સરકારની ઘણીજ વફાદાર રઈએતને હીનપસતી અને બદનામીનો ખાલી દાઘ લગાડવાની કોશેશ કીધીછે.

હવે ઉપાય શું ? ટાઈમસ ભલામણ કરેછે કે હુવે સરવે કોઈએ ચુપકીદી પકડવી. પણ અમે એ ભલામણને એકમત થતા નથી. મી૦ સુટરે આ સઘલી ચાલ જાણીબુજીને ઈઆં કપટથી ચલાવીછે એમ અમે કેહેતા નથી. તોપણ અમે ધારીએ છઈએ કે અણજાણપણામાં તેની તકસીર એવી મોંટી થઈછે કે જે માફ થઈ શકે નહી. તેની ખામી અને નબલાઈ એટલી માલમ પડીછે કે પોલીસ કમીશનરના હોધાને તે લાએક માલમ પડતો નથી. પરજામાં અને અગત કરીને પારસીઓમાં તે એટલો અકારો થયોછે કે તેને તેના એ હોધા ઉપર વધારે વખત રેહેવા દેવો નહી જોઈએ. ભર કોરટમા પુરવાર થયલી ગફલત, જુલમાત અને આપખુદીનાં આધાર ઉપરથી અમે સરકારને ભલામણ કરીએ છઇએ કે મી૦ સુટરનું તેના હાલના હોધા ઉપરથી રાજીનામું માગવું, ઈઆતો તેની બીજી ગમ બંદલી કરવી. અગર સરકારને ખબર નહી હોય તો અમે ખબર

આપીએ છઈએ કે પોલીસે કરેલા આ હીનપસતી ભરેલા દેખાવથી મુંબઈની આખી વસતીમા ઘભરાટ અને બેદીલી ચાલેછે, અને પોલીસ ઉપરથી લોકોનો વીસવાસ ઉઠી જવા લાગોછે. માટે જો સરકાર મી૦ સુટરને તેના હોધા ઉપરથી નહી ખસેડશે તો તેમ કરવા બાબે પરજાના લોકો અરજી કરવા વના રેહેશે નહી એવું અમે ખાતરીથી માનીએ છઈએ. અગત કરીને પારસીઓએ આવી એક અરજી કરવાને વીલમ લગાડવો નહી જોઈએ. પારસીઓએ ખુબ યાદ રાખવું કે તેઓ ઉપર, તેઓની સુલેહ ભરેલી આબરૂ ઉપર, તેઓના પવીતર દોખમાં ઉપર, અને તેઓના પાક ધરમ ઉપર એવી જાસતી ચલાવામાં આવીછે કે જેના ઉપર જો તેઓ અખાડા કરશે તો કોઈ બીજી વખત તેઓને ઘણું વધારે ખમવું પડશે.

(રાસ્ત ગોફતાર—તા૦ ૨૭ મી જુલાઈ ૧૮૭૩.)

પોલીસે શું કીધું ? ડુંગરવાડીને લગતા છેલા મોટા મુકદમા ઉપરથી ઉઠેલી મોટી ચરચામાં પેહેલે તપાસવા જોગ સવાલ એ છે કે મુંબઈની પોલીસે એવું શું કીધું, તેનો એટલો શું વાંક થયો કે જેના સાંમે પારસીઓ આટલોબધો ઘભરાટ બતાવેછે ? ગોયા પોતે પોતાની સલામતી વીશે કાંઈ મોટી ધાસતીમા હોય, તેમ પારસીઓ અકલાટ અને આતુરતા બતાવેછે તેનું કારણ શું ? એકલા પારસીઓજ નહી, પણ હીંદુ, વોહોરા, મેમન વગેરે ઘણી ગ્નાતના લોકો પારસીઓની એ ઇનતેજારીમાં ભાગ લેયછે, તે હીઆં સુધી કે અગરજો પોલીસ ખાતાંની માઠી હાલ ચાલ બાબે કાંઈ અરજી થતી હોયતો એ પરગ્નાતવાળાઓ તેમાં સહી કરવાની પણ મરજી દેખાડેછે. આવી રીતની લોકોની ઉદાસી ઉપરથી જરૂરનુંછે કે પોલીસની સામે પારસીઓની શું ફરીઆદ છે તે ટુકમા અને ખોલલી રીતે એકઠી કરવી તથા સમજાવવી જોઈએછે. એટલા માટે દોખમા આગલ પોલીસે જે ચાલ ચલાવી, જે કોરટમાં જાહેર થઈ અને પોલીસે પોતે અંગીકાર કીધીછે, તે દરએક ફરીઆદની બાબતની ટુક યાદી અથવા નોધ હેઠલ ઉતારીએ છઈએ.

પેહેલી ફરીઆદ એ છે કે કુંવરજી પરાગજી અને જેકબ જમાલ જારે ડુંગરવાડીની જગાનો કબજો લેવા ગયા તારે પોલીસ કમીશનર મી૦ સુટરે તેઓને પોલીસની મદદ આપી અને એ રીતે પારસીઓની જે મીલકત તેને પોલીસે આગલ રહીને જપત કરવા દીધી.

૨—પોલીસે આ મદદ આપવામાં બતાવેલી ગફલત ધારવા કરતાં વધારેછે. કેમકે મી૦ સુટર, મી૦ એડજીંગટન અને મી૦ ફાર

જેટ એ દરએક અમલદારના વખતમાં પારસીઓની આ જગા ઉપર દુરવંદો ધસી આવયા હતા તારે તેઓને હાંકી કાહાડવામા પોલીસે સદા મદદ આપેલી હતી. એ બાબે ડુંગરવાડીના ટરસટીઓ અને પોલીસ વચ્ચે આગલ ઘણો સંધેસો ચાલેલો હતો.

૩—આ જમીનનો કબજો લેવામા મદદ આપીને પોલીસવાલાઓ સામા નામુકર જાયછે કે અમે કાંઈ મદદ આપવા ગયા નહી, પણ સુલેહનો બગાડ અટકાવા ગયા. એ એક જુદીજ કસુર છે. તેમના એજ શબદો તેમની કસુર દેખાડેછે. ખાનગી મીલકતોનો કબજો લેતી વેળા બખેડાની ધાસતીનુ કારણ શું હોય ? શીવાએ કે તે મીલકતના કોઈ બીજા દાવાદાર હોય, કે જેઓ કુવરજી અને જેકબને હરકત કરવાના હોય. આવા વાંધા વચ્ચે એક બોરદુને પોલીસે આસરો આપી ખરા દાવાદાર પારસીઓને બખેડાનું સાચું કારણ કરી આપયું.

૪—આ મદદ આપીને પોલીસે પોતાની સતા અને ફરજની ઉપરાંત હદ બાહેર કામ કીધું, ખાનગી મીલકતોના હક તથા દાવાની વચ્ચે પડવાનો પોલીસને મુદલ અધીકાર અને એખતીઆર નથી. એક દાવાદારને બીજા ઉપર ફાવવા દેવો એ પોલીસનું કામજ નથી. મીલકતોના કબજા લેવાના ખાનગી ટંટા મુંબઈમાં ઘણા થાયછે, પણ પોલીસે આવી રીતે વચ્ચે પડવાનો ધારોજ નથી. તે સરેસતો કુવરજી અને જેકબના લાભમા પોલીસે તોડી નાખયો.

૫—તા૦ ૨૭ મી મારચને દીને આ મદદ આપવા પછે બખેડો થયો તે દીન સુધી પોલીસે ઉપલીજ બોરદુવાલાને મદદ જારી રાખી. તાંહાં પોલીસના સીપાઈની ચોકી રાખી મેળી અને તેનું પરીણામ એવું દીસીઉં કે ગોયા પારસીઓને દુરથીજ દમ ભરાવયો કે આ જગા ઉપર તમારે આવવું નહી.

૬—આ એકતરફી મદદની ફરીઆદ કરવા સારૂં ધરમના ફંડોના સેકરેટરી મી૦ સુટર પાસ ગયા અને આ ઘુસનારાઓને બાહેર કાહાડવામા પારસીઓ તરફથી તેની મદદ માગી, તે મદદ આપવાને મી૦ સુટરે સાફ ના પાડયું. આ વખતે મી૦ નસરવાંનજી હાંનરએબલ સર જમશેદજીની ચીઠી લઈ ગયા હતા, પણ તે ચીઠીને મી૦ સુટરે જાજો વજન આપયો નહી.

૭—આટલું છતાં પણ મી૦ સુટરે મી૦ નસરવાંનજીને કાંઈ એવું નહી કહયું કે આ ઘુસનારા દુરવંદોને તેઓએ જગા ઉપરથી હાંકી કાઢવા નહી. મી૦ નસરવાંનજીએ ધારાની સલાહાના આધાર ઉપર તેમ કરવાની ધારણા જણાવી, તો મી૦ સુટરે એવી ઢપથી વાત કીધી કે જાણે તે દુરવંદોને હાંકી કાઢવાની મરજી હોયતો તેમ

કરવું, પણ કાંઈ બખેડો કરવો નહી. મી૦ સુટરના બોલો એજ મત લખના હતા.

૮—પોલીસને આ પરમાણે ખાશ ચેતવણી આપીને તે દુરવંદોને જગા ઉપરથી હાંકી કાઢવાનુ કામ તેજ સલાહ મુજબ પારસીઓ તરફથી બજાવામા આવયું. પારસીઓ સમજતા હતા કે બખેડો કરશું તો આપણને પકડવામા આવશે. માટે કોઈએ બખેડો કીધો નહી, પણ માતર ઉપલા દુરવંદોને હાંકી કાઢયા અને ખામખા રાતોરાત કામ કરી બાંધેલી તેઓની ચાલી માતર ભાંજી નાખી અને તોપણ પોલીસે તેઓને પકડયા.

૯—આ વખતેબી પોલીસે ઘણી અજાએબ જેવી નાખતી રાખીને સઘલી ભાંજફોડ ઓર થવા દીધી. જારેં ચાલી ભાંજવાનું કાંમ ચાલયું તારે પોલીસ સુદલ વચે પડી નહી. તેઓને તે ભાંજફોડ કરતાં કોઈએ અટકાવયા નહી. તે વખતે બરાઉન સાહેબ સુટર સાહેબને બોલાવા ગયા, મેકડરમાટ સાહેબ ડફી સાહેબની સાથે તંબુમાં જઈ બેઠા, હવાલદાર, જમાદાર મુગા મુગા તમાશો જોતા ઉભા અને કુવરજી તથા જેકબના પરદેશી અને કાબુલીઓ સઘલા દાએબાએ થઈ ગયા. એ રીતે જેને પોલીસ "હુલડ" કેહેછે તે હુલડ પારસીઓને કરવા દીધું.

૧૦—આ બખેડાની પોલીસને આગમચથી ખબર હતી, અને તેને અટકાવી શકતે એવું હતું, તેને અટકાવે એટલી ફોજ પોલીશ લાવી શકતે એવું હતું, મી૦ બરાઉનને ખામખા સુટર પાસે જવાની જરૂર નહી હતી, કોઈ ઉતરતા અમલદારને મોકલીને તેણે બખેડો અટકાવા માટે તાંહાંજ થોબવું હતું, પણ પોલીસે એટલીબી સાહુચેતી લીધી નહી.

૧૧—થોડા વખતમાં પારસીઓએ આખી ચાલી ભાંજી નાખવા પછે અને તેઓએ સઘલું કાંમ કરીને પોતાની જગા પાછી પોતાના કબજામાં લીધા પછે મી૦ સુટર અને પોલીસની ફોજ આવી. જાંહાં હુલડ જેવું હુલડ થાય તાંહાં પોલીસ પછવાડે મોડેથી આવે એ ઘણું અંધેર હતું.

૧૨—પછવાડેથી પોલીસ આવી તારે સઘલું સમાધાન હતું. કોઈને માર મારેલો નહી હતો, કોઈને લોહી નીકલેલું ઇઆ વાગેલું નહી હતું, તોપણ મી૦ સુટરે આ જગા ઉપરથી સઘલાઓને પકડવાનો હુકમ આપયો અને તે મુજબ ઘણા જણને ખુદ તે જગા ઉપરથી કેદ પકડયા. મી૦ સુટરના આવવાની ધાકથીજ ઘણાક પારસીઓ તે જગા ઉપરથી નીકલી ગયલા હતા.

૧૩—હીઆં કુંવરજી પરાગજી અને જેકબ જમાલને બીજી એક

મોટી મદદ થઈ પડી અને તે એકે જગા ઉપરથી સઘલા પારસીઓને પકડવાથી તે જગા **બીજીવાર પારસીઓના કબજામાથી ગઈ.** કુંવરજી અને જેકબ તરફ પોલીસની મદદને લીધે પેહેલીવાર પારસી ઓ પોતાનો કબજો ખોહી બેઠાથી જબરી ("ફોરસ") થી તેઓએ કબજો પાછો લીધો, પણ તે કબજો લઈને બેઠેલા શખસોને પોલીસે પ કડવાથી તેમના હાથમાંથી તે **કબજો પૂરીથી જતો રહયો.**

૧૪—આવું થવા પછે કુંવરજી પરાગજી અને જેકબ જમાલના માણસોએ ફરીથી આવીને તે જગા **પાછી પોતાને સવાધીન લી ધી.** એ રીતે જોતાં પોલીસના વચે પડવાથી પારસીઓએ **બે વાર** મીલકતનો કબજો ખોહ્યો તથા ઉપલા ધણીઓ તે મીલકતને **બે વાર** લુટી બેઠા.

૧૫—મી૦ સુટર પોતાની પોલીસ સાથે દોખમાની દેવાલનું પા છલું બારણું ભાંજીને અંદર આવયો. તે બારણું ભાંજવાની તેને કાં ઈ જરૂર નહી હતી. આગલી ગમનો મોટો દરવાજો તદન ખોલલો અને ઉંઘાડો હતો. અગર મી૦ સુટરને કંપાઉંડમાં દાખલ થવું વા જબી હોય તોપણ તે ઉંઘાડો દરવાજો મુકીને ખામખા બીજું બારણું ભાંજવામાં આપખુદી હતી.

૧૬—કંપાઉંડની અંદર મી૦ સુટર ઘોડા ઉપર બેસીને તેજ ઘો ડાને સગડીવેર ચલાવી લાવયો. આ પરમાંણે આજ સુધી કદી પણ તે પવીતર જગામાં આવું બનયું નહી હશે. ઘોડાના પગલાં અને તેબી એક જાસતી ભરેલી સતા વાપરતાં, તે જગા ઉપર આ પેહેલાંજ આવયા હશે.

૧૭—ઉપલી ચાલના બચાવમાં ઉંચા ઘોડા ઉપરથી ઘડીએ ઘડી ઉતર ચહડ કરવાની મેહેનત મી૦ સુટર બતાવેછે, પણ એ બચાવ એ ક બાહાના જેવો લાગેછે અને પોલીસ કમીશનર જેવો અમલદાર પો તાના હોધાનેસર કાંમ કરતાં મેહેનતની વાંણ બતાવે એ ઠપકાને લા એક છે. જાંહાં તે "ડુટી" ઉપર હોવાનો ફાકો રાખેછે, તાંહાં જે બી મેહેનત કરવી ઘટે તે ખમવાની તેની ફરજ હતી અને તે મેહેન ત બચાવાની સગવડને ખાતર ધરમની પવીતર જગામાં ઘોડા સાથ ધસી જઈ એક આખા ટોળાના દીલ દુખવવાં નહી હતાં, કેમકે તે સાંમુ બખેડો વધારનારૂં કાંમ હતું.

૧૮—પોલીસના કાનસટેબલો સગરીની અંદર પણ જઈ નજર કરી આવયા હતા. એ જો ખરૂં હોયતો સઉથી જાસતી ભરેલું કાં મ લાગેછે. કેહેછે કે તે સગરી ઉપર પારસીઓનો પવીતર આતશ હ તો અને આ કાનસટેબલો આવયા તેટલો વખત મોબેદોને તે આત શ છુપાવવાની ફરજ પડી હતી.

૧૯—મી૦ સુટરે આ પારસીઓને સમજાવા સારૂં બે તરાહેત પારસીઓને વચે નાખ્યા, પણ તેની આગમચ સેકરેટરી મી૦ નસર વાંનજીએ તેને મલીને ખોલાસો કરવા માગયો તે તેણે કબુલ કીધું નહી. મી૦ સુટર સઘલાઓને પકડવાનેજ બજીદ અને હટીલો થયો.

૨૦—જારે પોતાની પોલીસના રીપોરટ ઉપર મુસતાક રહી તેણે સઘલો ખોલાસો ના પાડયો તારે છેલે સઘલા પારસીઓ પોતાની મેલે તાબે થયા અને થોડાકોને જતા મેલી ૭૫ જણને પોલીસે કેદ પકડયા. એ સઘલા જણ નીરદોશ તરીકે છુટી ગયાછે એટલે સાબેત થાયછે કે પોલીસે તેમને ભુલથી પકડયા હતા. શેશનમાં ઘણાકોનેતો ઓલખવાને પણ પોલીસ અશકત માલમ પડી, તેવા તકલીદી આધાર ઉપર પોણાસો જણને પકડવામા આવયા, એ મોટો જુલમાત ગુજરયોછે.

૨૧—આ સઘલા કેદીઓને બેડી ઠોકીને લઈ જવામા આવયા એ કાંઈ નાહનો જુલમાત નથી. કાંઈ મારામારી નહી થયલી, કોઈ પણ શરીરને જાસતી નહી ગુજરેલી, આ કેદીઓ પોતે બાહેર આવયા, અને મુદલ સામે નહી થયલા, પણ બકરાંની મીશાલે તાબે થયલા, તે છતાં પણ તેઓને બેડી ઠોકીને ખામખા હીનપસતી લગાડવામા આવી.

૨૨—આ હીનપસતી લગાડવાનો બચાવ મી૦ સુટરે એવો કરયો છે કે જેને મારે તે ખાશ ઠપકામા આવેછે. આ ૭૫ પારસીઓને બેડી નાખવા વનાં તેઓ પોલીસના હાથમાથી નાહાસી જવાની ધાસતી હતી એટલે શું ? એ ઉપરથી પોલીસ એટલી અશકત અને દુબલી કરેછે કે પોલીસના કમીશનર, આસીસટંટ કમીશનર, સુપરીનટેનડંટ અને કાનસટેબલ પોતે ૩૦ સીપાઈઓની ફોજ સાથ હાજર હોવા છતાં ૭૫ પારસીઓને બેડી વગર લઈ જતાં તેઓ બીધા હતા ! અગરજો પોલીસની ફોજ ઓછી મંગાવી તો તેમા વાંક કોણનો ? બંધવાઓનોતો નહીજ. વળી ફોજ ઓછી પડી તો વધારે મંગાવી કાંએ નહી ? તે મંગાવાની પોતાની આલશને થકી શું બંધવાઓને નાહેક બેડી ઠોકવી વાજબી હતી ? બેડી ઠોકવાથી પોલીસ જેટલી બદનામીમાં આવીછે તે ઉપરાંત આવું બાહાનું કાહાડીને તે વધારે બદનામ થાયછે.

૨૩—એ બંધવાઓને ખામખા લાંબે રસતે લઈ જવામા આવયા અને એ રીતે તેમની હલાકીમા વધારો કીધો.

૨૪—ઉપલા બંધવાઓ ઉપરાંત પોલીસે બીજા ૬૧ જણને નાહેક પકડયા, કે જેઓ ઉપર કસો શક ખરો નહી પડવાથી તે સઘલાઓને શેવટે છોડી દીધા.

૨૫—આ ૬૧ જણને મી૦ સુટરે બે દીવસ સુધી કેદ રાખયા, જેમ કરવાને મી૦ સુટરને ધારાથી સતા નહી હતી. ધારા પરમાણે

તેઓને ૨૪ કલાકથી વધારે વખત માજીસતરેટ આગળ ઉભા કરી પર વાનગી લેવા વના તેમને કેદ રાખવા નહી હતા.

૨૬—આ સઘલા બંધવાઓને મી૦ સુટરે મનગામમાં ઉભા કીધા તારે કુવરજી તથા જેકબનાં વકીલ મી૦ પીલને પોતાની આગલ બેસાડી રાખયો અને બંધવાઓ તરફનું કોઈ નહી હતું એ અનઘટતું હતું.

૨૭—પારસી બંધવાઓના છુટકારાને માટે ટરસટીઓમાથી તરણ શેઠીયાઓ પોલીસમા ગયા તારે તેઓના દરજાને ઘટતું માન આપવાને બદલે ડેપયુટી કમીશનરે તેઓ સાથ તોછડાઈ ભરેલી રીતે વાતો કીધી અને તેઓ પાસ ઘણાક કાલાવાલા કરાવયા.

૨૮—પોલીસ તરફના તરણ શાખશોઓ કોરટમા તદન જુઠા પડયા. તેઓ ઘણી બાબતોમાં લથરીને બનાવટો બોલયા તે હીઆંવેર કે મી૦ જસટીસ ગરીને વટીક તેઓ ઉપર વીસવાસ નહી રાખીને જુરીને ભલામણ કીધી.

૨૯—તેઓમાના એક શાખસી સદાનશાહાએ તો પોલીસના જમાદાર ઉપર જુલમથી શીખવવાનો બટો મેળયો તે કોરટમાં તરતજ ઈઆ આજસુધી ખોટો પાડવામા આવયો નથી.

૩૦—મી૦ સુટરે વટીક પોતાની શાખસી તદન ખાતરી ભરેલી રીતે આપી નહી. પોતાની વીરૂધની જે કાંઈ બાબત તેને પુછવામા આવી તે ઘણીખરી મને યાદ નથી એવી રીતે તેણે કાનપર હાથ મેળયા કીધા.

એ રીતે પેહેલેથી છેલે સુધી પોલીસે એકતરફેણ પખશ રાખીને એવી ચાલ ચલાવીછે કે તેનો આખો સરવાલો રાખશી અને જુલમાત ભરેલો માલમ પડેછે. એવી રીતે પારસીઓના હરીફ દાવાદારોની તરફેણ કરી પોલીસે પારસી ટોળાને એવો સતાવયોછે કે જેને માટે એ ટોળાને પુરતો બદલો મળવો જોઈએછે.

(રાસત ગોફતાર—તા૦ ૧૦ મી આગસટ ૧૮૭૩.)

ડુંગરવાડીને લગતા શેશનના મુકદમા ઉપરથી ઉઠેલી જીકર બંધ પડી નથી, પણ ઘણા જોસથી ચાલુ રહીછે. તે સઘલી જીકર પાછલથી આવીને એક હાથ ઉપર મી૦ આનસટી, અને બીજા હાથ ઉપર સરકાર, પોલીસ કમીશનર અને જડજના કાંમકાજ ઉપર અટકીછે. આ જીકરમાં સઘલા ભાઈબંધોએ પુરતો ભાગ લીધોછે, જેમાં “આરગસ” અને “ગુજરાત મીતર” વાલા ભાઈબંધોએતો અતીઘણી શખતાઈથી સતાવાલાઓના ગેરઈનસાફ સામે ફરીઆદ ઉઠાવીછે. આ જીકર પારસીઓ ઉપરથી લગાર ખીસીને ઉપલા જુદા જુદા ધણીઓ ઉપર ગઈછે તે જોવાનું રમુજી છે. ડુંગરવાડીને લગતા મુકદમાની પે

હેલી જીકરમા પારશીઓ ફરીઆદ કરનારા હતા. હવે મી૦ આનસ ટી ફરીઆદ કરનાર થયોછે. પણ તેની ફરીઆદની સચાઇમા પારસી ઓની ફરીઆદ સમાવેલીછે. મી૦ સુટર ઉપર તેણે કરેલો હોમલો જો તે વાજબી ઠરાવી આપે, મી૦ જસટીસ ગરોનના ટીકાને જો તેનો રદીઓ આપેતો પારસીઓ ઉપર ગુજરેલો જુલમાત ફરીથી ખરો ઠરેછે. એવું હોવાથી હાલની જીકરમા પારસી ટોળાનું સઘલું ધેઆંન લાગુંછે.

પણ એ જીકરમા મી૦ આનસટી પોતે પડયોછે એ ઘણું ફાએદા ભરેલું છે. પારસીઓ સતાવાલાઓ સાંમે પોતાના હક અને ખરા પણાને માટે ઉભા રેહેવાને શકતીવાનછે, અને તેમના છેલાં રેકુવી જીશનની હીલચાલ દેખાડેછે કે સરકારની શાંમી વલાણથી તેઓ દબી ગયા નથી, પણ જારે જોયું કે સરકારબી જુલમાત ચલાવનારની તર ફેણ થઇછે, તારે પોતાની દાદ લેવાને તેમને બમણું સુર છુટુંછે અને રાખશી રેકુવીજીશનથી તેઓ રાંખશી સભા ભરવા માગેછે. એ સઘ લું ઘટતું છે. પણ એ સંઘલી હીલચાલ કરતાં મી૦ આનસટીની હી લચાલ ઓર અગત ધરાવેછે. તેના સરખો દુનીઆમા માન પામેલો એક બારીસટર, જેને એજ સરકારે એકવાર હાઈ કોરટનો જડજ ઠ રાવેલો તે જારે સરકાર સામે માથું ઉંચકે તારે ગોયા સરખે સરખા મળવા સરખો શંતોશ ઉપજેછે અને ધીરજ લાગેછે કે ગેરઇનસાફ ચ લાવનારાઓને માથેના પણ મળી આવેછે, જેઓ અરસપરસ એકેક ને પુરા પડશે તારેજ નીરદોશ પારસી ટોળાને કેટલો સતાવામા આ વયોછે તે માલમ પડશે.

મી૦ આનસટીની એ હીલચાલ હાલતો સરકાર જોગ એક કાગ જમાંજ અટકીછે. તેણે સરકારને યાદ આપીછે કે જારે તે હાઈ કોર ટનો જડજ હતો તે વખતની તેની સામેની લોકોની એક અરજીનો લાભ લઈ મી૦ જસટીસ ગરોને તેના ઉપર શખત હોમલો કરયોછે અ ને તે સરકારે પસંદ કરયોછે, તો તેજ આગલા વખત ઉપર સરકારે પોતે મી૦ આનસટી વીશે કેવું મત આપયું હતું અને ગવરનર સર બારટલ ફરીઅરે કેવી મીનીટ કીધી હતી તે ઉપર હાલની સરકારે ધે આન પોહોંચાડવું. કેહેછે કે તે મીનીટ અગર સરકારને જોઈતી હો યતો પોતે મોકલી આપવાને મી૦ આનસટીએ માગણી કરીછે, એટલું જ નહી પણ તે મીનીટ છાપી જાહેર કરવાની સરકારને અરજ કરીછે અને જો સરકાર તેમ નહી કરેતો પોતાના બચાવને માટે પોતે તે મી નીટ છપાવાનો પોતાનો ઠરાવ તેણે લખી જણાવયોછે. ઈંડીઅન સ ટેટસમાન કેહેછે તેમ સરકાર આ કાગજનો શું જવાબ મોકલેછે તેની ઈનતેજારી સાથે રાહા જોવામાં અવેછે. પણ આટલુંતો ચોકસછે કે એ બાબત હીઆંજ અટકવાની નથી.' મી૦ આનસટી પોતાના

ઠરાવને અમલમા આણે એવો ગરહુસથ છે. તેણે હાંગકાંગના ગવર નર સાથના પોતાના ટંટાની ગડબડ ઈંગલંડ સુધી પોંહોંચાડી હતી અને અગર જો હાલ પણ તેમ થશેતો પારસીઓ તરફની હવેપછેની હીલચાલને તેથી ટેકો થઈ પડશે.

પણ ભવીશના કામને ભવીશકાળ ઉપર રાખી મી૦ આનસટીની ફરીઆદ શું છે તે જરા યાદ કરીએ. સેશનના છેલા મોટા મુકદમા મધે પોતાના પારસી કુલોનો બચાવ કરતી વેળા મી૦ આનસટીએ બે બાબત ઉપર ટીકા કીધા હતા. એકતો જુરીને તેમની ફરજનો જોખમ સમજાવતાં હાઈ કોરટમાં હરએક ફોજદારી બંધવાનો જડજ ઉપર કેટલોબધો આધારછે અને જડજની ભુલ ઈઆ ખાંમી સામે બંધ વાઓને આસરો મળવાની જોગવાઇ કેટલી થોડી છે, તે સમજાવયું; અને બીજુંતો આ ચોકસ બંધવાઓ ઉપર પોલીસે ગુજારેલી જાસતી સમજાવતાં પોલીસ કમીશનરની ચાલ ઉપર મી૦ આનસટીએ શખત હોમલો કીધો. તેનું ભાશણ પુરૂં થવા પછે મી૦ જસટીસ ગરીનના ચારજની વારણ આવી અને તે નામદારે પોતાના ભાશણમાં એ બેહુ બાબતોને સામી બોરફુએથી ઉંચકી લીધી. પેહેલી ઈઆને જડજની ભુલબાલ સાંમે બંધવાને જુરી શીવા બીજો કાંઇ પુરતો આસરો નહી હોવાની બાબત મી૦ ગરોને પોતા ઉપર લાગુ પાડી અને તેથી પોતાનો ચારજ આપતાં પેહેલેથીજ એ કાબેલ નેઆએધીસે પોતાનો લંબાણ બચાવ કીધો, જેમાં પોતાની આપએખતીઆરી, ઈમાનદારી અને પરજાની શેવા બજાવી પરજાનો પેઆર મેળવવાની પોતાની ઉલટ સારીપઠે જાહેર કીધી અને તેમ કરતાં તે નામદારે મી૦ આનસટીને તાણો મારયો કે જારે તે (મી૦ આનસટી) હાઈ કોરટનો જડજ હતો તારે તેની સામે સર જમશેદજીએ અને બીજાઓએ એવી ખરાબ અરજી કીધી હતી કે તેવી અરજી જો મારી સામે થઈ હતેતો હું શરમીંદગી અને હીનપસતી સાથે મુંબઈ છોડી જતે. એજ પરમાણે ઉપલી બીજી ઈઆને પોલીસ કમીશનર મી૦ સુટરની ચાલવાલી બાબત પણ નામદાર જડજ ગરીને ઉંચકી લઈ પોલીસના એ વડાનો બચાવ તથા તારીફ કરતાં તેના ઉપર મી૦ આનસટીએ કરેલા ટીકાને "નાપાએદાર, નીંદાખોર અને હીનપસતી ભરેલા" કહયા.

હવે આ વાતમાંતો કાંઇ શક નથી કે ડુંગરવાડીના ઉપલા મુકદમા મધે નામદાર જડજ ગરીને પોતાના ચારજથી પોતાનો બચાવ કરવા જતાં ઓર પોતાને માઠું લગાડયુંછે અને પોતાની ઉલટ તથા પરજાની ઉમેદ બંનેને તેણે તોડી નાખીછે. તેની ઉલટ પરજામાં પેઆર અને માન મેલવવાની દેખાડી હતી, પરજાની ઉમેદ તેની કાબેલી અત અને સમજ વીશે બાંધી હતી—પણ મી૦ જસટીસ ગરીને બે

હુમાં નીશફળતા નીપજાવીછે. તેના ચારજમાં ઘણો ભાગ એકતરફી છે અને ધારાની તથા શાખસીઓની બારીકી ધીરજથી સમજાવાના કરતાં, તેમા પોલીસની બેરફ તરફ એટલી પખશ ખેંચેલી માલમ પડેછે કે અપખશપાત નેઆએધીસની ખુરશી ઉપરથી બેહુ બાજુનો તોલ કરનારા એક ગંભીર ચારજના કરતાં પોલીસની પખશવાલાના બારીસટરના ભાશણ સરીખું તે વધારે લાગેછે. તેમાં બંધવાઓ સાંમેની એક એક બીના રજુ કરીછે, પણ પોલીસની સામેની બીનાઓ પછાત રાખી પોલીસની તરફની કાંઈ બીના બાકી રાખી નથી. તેમાં પોલીસ તરફના શાખસીઓનો બનતાં સુધી બચાવ કરયોછે, અને બચાવ નહી થઈ શકે એવી પોલીસની જાસતી વીશે મત આપવાને ના પાડયુંછે. તેમાં સઘલી બીના રજુ કરી જુરીને પોતાનું મત બાંધવાને મુખતીઆર રાખવાને બદલે, ચોકસ બંધવાઓને ગુનેહગાર ઠરાવાનું જુરીને ખોલું ફરમાવયુંછે. ટુકમાં આ ગંભીર અને લાએકીવાલા જડજનો ચારજ એવોછે કે જુરીએ સઘલા બંધવાઓને છોડી દીધા એ માતર તેમના સારાં ભાએગનીજ નીશાણ દીસેછે. આ બંધવાઓ છુટી ગયા તે જડજના કરતાં પણ જુરીએ વધારે દુરઅંદેશી બતાવાથી, મીલકત ધરાવનારાઓના હકો સંબંધી જડજના કરતાં જુરીએ ખરો વીચાર બાંધવાથી, સતાવાલાઓની જાસતી સાંમે રઈએતને ઈનસાફ આપવાની અગત જડજનાં કરતાં જુરીએ વધારે સમજવાથીજ આ બંધવાઓ છુટી ગયાછે. એવી સમજુ જુરી કાંઈ સદા મળતી નથી, અને તેથી ઈનસાફ કોઈવાર ઉંધો વલે તેમાં નવાઈ નથી.

એજ પરમાણે મી૦ ગરીનના ચારજમા મી૦ આનસટીને લગતો ભાગ એકસરખો વાંધા ભરેલો છે. પેહેલાંતો ફોજદારી બંધવાઓની તપાસના ઓછી સલામતી ભરેલા ધારા અને કોરટના બાંધા સંબંધી મી૦ આનસટીનાૠ ટીકા પોતા ઉપર લઈ લેવા અને પોતાનો બચાવ કરવાની જડજ ગરીનને કશી જરૂર નહી હતી. હાઈ કોરટના નેઆએધીસની ઉંચા દરજાની ખુરશી ઉપરથી પોતાના બચાવ અને પોતાની તારીફ કરવાનું આવું "હુંપણુ" કદાચજ સાંભળવામા આવેછે, જે તે પવીતર ખુરશીને જેબ આપનારૂં નથી. પણ વળી પોતાનો ગમે એટલો બચાવ કરવા સાથ મી૦ આનસટી ઉપર ધસારો કરવાને મી૦ જસટીસ ગરીનને કસો શબબ નહી હતો. મી૦ આનસટી જારે જડજ હતો તારની તેની સાંમેની અરજી સાથ પોતાની હજુરના આ મુકદમાને શું સંબંધ હતો કે એ મુકદમો ચુકવતી વેળા મી૦ ગરીને તે અરજી ઉપર ધેઆન પોંહોંચાડયું અને તેબી કોઈ ફકત એસારાથી નહી પણ તે અરજીમાથી મોટા ઉતારા કરી દેખાડયા

હતા ? અમે ફરીથી પુછીએ છઈએ કે મીo આનસટીના જબરદસત ગગડાટ સરોખા ભાશણ ઉપરથી તેને તાનો મારવા સીવાએ ડુંગરવાડીના આ મુકદમા સાથ ઉપલી અરજીને શું સંબંધ હતો ? પણ આવી રીતે એક વડા જડજની ખુરશી ઉપરથી એક બેજોરગ બારીસટર સાથ તાનાજાની કરવી એ જડજની પદવીને મુદલ છાજતું નહી હતું. પણ વળી મીo ગરીને લીધેલી આ છુટ વધારે ગેરવાજબી એમ હતી કે જે અરજીના પાયા ઉપર એ નામદાર જડજે પોતાના ટીકા રચયા છે તે અરજી પોતે સરકારને અને શેહેરના ઈંગરેજો તથા બીજા લોકોને ઘણી અણગમતી હતી. જો કે તે અરજીને મોટી દલગીરી સાથ અમે ટેકો આપયો હતો, તોપણ અમે તેમજ તેને ટેકો આપનારા બીજા ઘણા જણ કબુલ કરશે કે મીo આનસટીમા એક જડજ તરીકે તારીફ લાએક ગુણ ઘણા હતા. તેણે પોતાના અપખશપાતપણાથી તે વખતના વધી પડેલા લુચાઓમાં મજબુત તરાસ બેસાડયો હતો. તેની વીરૂધ માતર તેના આકલા સવભાવના શુખનો તથા ધાટકી સવભાવની કઠણ શીખસાજ હતી, જેથી તે બીજા સઘલા સારા ગુણ છતાં તે જડજના હોધાને યોગીય દીસતો નહી હતો, પણ જડજ તરીકે નહી તોબી બારીસટર તરીકે તેની પીછાણ અને પસંદગી લોકોમાં તે વખતેબી થોડી નહી હતી. વળી તે અરજીને નામદાર સરકારે પોતે નાકબુલ રાખી હતી. ગેજેટ પતરે અને ઘણાક ઈંગરેજોએ એ અરજીને ધીકારી કાહાડી હતી તે સઘલું ભુલી જઈને, ગોયા તે અરજી ખરેખર ઘણો વજન પામી હોય તેમ મીo આનસટી ઉપર હાલ ઉતરી પડવાને તે અરજીને એક હાડકું બનાવાનું ગેજેટ જેવા નાલાએક પતરને છાજેછે, પણ મીo ગરીન જેવા લાએક જડજને તે ઘટારત નથી.

(રાસત ગોફતાર—તાo ૧૭ મી આગસ્ટ ૧૮૭૩.)

મરનાર મીo આનસટી ઇનસાફનો મોટો મદદગાર હતો, પણ તેના મરણથી તેને પોતાને જોઈતો ઇનસાફ અધુરો રહી ગયોછે. ડુંગરવાડીને લગતા સેસનના મોટા મુકદમા મધે મીo જસટીસ ગરીને મીo આનસટી ઉપર જે હોમલો કીધો હતો—એ મરનાર વીશેની એક આગલી અરજીને સરકારે તુછકારી કાઢવા છતાં, તે વાત દાબી નાખીને એ જડજે તે અરજીના આધાર ઉપરથી મીo આનસટીને સતાવયો હતો, અને તે મરનારના પોલીસ કમીશનર મીo સુટર ઉપરના ટીકાઓને એ જડજે શખત શબદોમા ધીકારી કાહાડયા હતા; તે સઘલું ઘણી શાબાસી સાથ પસંદ કરનારો જે પતર સરકારે મીo સુટર ઉપર લખયોછે, તેના સંબંધમા મીo આનસટીને જોઈતો ઇન

સાફ તેના કમોતથી અધુરો રહી ગયોછે. મી૦ સુટર જોગાં સરકાર
ના પખશપાતી અને અણઘટતાં શાબાશી પતર ઉપરથી મી૦ આનસ
ટીએ લખેલો કાગજ અને તેનો સરકારથી આવેલો જવાબ અમે પા
છલા ભાગ ઉપર પરગટ કરીએ છઈએ, જે ઉપરથી માલમ પડશે કે
મી૦ સુટરના કાગજમાં મી૦ આનસટી તરફ પોતાનો ધીકાર બતાવયા
પછે, તેને ઘટતો ઠરાવી આપવા અથવા તે સંબંધી મનમાનતો ખો
લાસો ઇઆ જવાબ વાલવાને અખાડા કરી, સરકારે તકરારના મેદા
નમાથી મી૦ આનસટીથી ગોયા નાહાસતી પીઠ કીધીછે. જો મી૦
આનસટી જીવવા પામયો હતેતો તે આવા જવાબથી સબુરી પકડે
એવો માણુશ તે નહી હતો. તે પોતાની ફરીઆદને આગળ વધાર
તે અને પોતે ઈંગલંડ સુધી જઈને હાંગકાંગના ગવરનર બાઉરીંગ
ના વખત સરખી એક નવી ચરચાના બાજારને તેજી બનાવી દેતે.
પારસીઓના હાલના મોટા મુકદમા ઉપરથી સરકાર અને મી૦ આ
નસટીમા લાકડે માકડું ઠીક અને કેઠવેરનું મળયું હતું, પણ અફસો
સ કે તે બાબે અમે ગયાજ અંકમાં બતાવેલી ખુશાલી એક અઠવા
ડયાંમાં સઘલી ભંગ થઈછે અને મી૦ આનસટીએ ઉઠાવેલી તકરાર
અસમપુરણ રહીછે.

અલબતાં અમે કબુલ કરીએ છઈએ કે પોલીસ કમીશનર મી૦
સુટરની બાબતમાં નામદાર જડજે મી૦ આનસટી વીશે જે શખત
શબદો વાપરયાછે, તેમાંથી બારીસટરોના એ ધુનધી સરદારનો ઘણો
મજબુત બચાવ થઈ શકશે નહી. હીઆં મી૦ આનસટી પોતાના
મીજાજનો ભોગ થયલો માલમ પડેછે. અલબતાં તેની ભુલ થઇછે કે
મી૦ સુટરને તેણે જુઠો કહયો તથા બીજાં કરડાં વીશેશણો લગાડયાં,
પણ તેનો વાંક માતર એટલોજ છે. ખોલાસાથી બોલીએતો તેનો વાં
ક એ થયો કે મી૦ સુટરને ઠપકો આપતી વેળા પોતાના શબદો વાપ
રવામા મી૦ આનસટીએ સંભાલ નહી રાખી. પોતાના ફસી પહેલા
કુલનો બચાવ કરતાં તે એટલો જહનુનમાં આવી ગયો કે મોહડાંમા
જે બોલ આવયા તે તેણે ઓચરયા અને તેમ કરતાં મરીઆદાથી એ
ક ગરહસથ બીજાને નહી ઓચરે એવું તે કમીશનર વીશે બોલયો.
મી૦ સુટરની ચાલ ઉપર તે બીજા બોલોમાં, કસી બદનામી માથે ખેં
ચી લેવા વના, ટીકા કરી શકતે, તેટલી સંભાલ તેણે નહી રાખી, એ
થી વધારે કસો વાજબી ઠપકો મી૦ આનસટીને કોઈથી આપી શકાશે
નહી. પણ જડજ ગરીને અને સરકારે એટલા ઉપરથી મી૦ આન
સટીને ઘણો વખોડયો અને એવું બતાવયુંછે કે જાને મી૦ સુટરની
ચાલમાં ઠપકા લાએક ઇઆ ટીકા લાએક કાંઇજ નહી હોય, એ વા
જબી નથી. દેખમાં આગળની જે જાસતી મી૦ સુટરે પોતાને મો

હડે કબુલ કીધી તે જાસતી તથા શાખસી આપતાં પોતાની વીરૂધની અઘલાં બીના વીશે કાંનપર હાથ મુકવાની જે વરતણુક વાપરી તે બા બતો ગમે એવી સલુકાઇ ભરેલી પણ શખ્ત ફરીઆદને લાએક હ તી. મી૦ આનસટી માતર પોતાની બેજેબાન લુલીથી લગાર ફસ પો, પણ મી૦ સુટરના હીમાએતીઓ તેનો લાભ લઈ એ અમલદાર ની ઉપલી વરતણુકમો કાંઇ પણ બચાંવ કરી શકવાના નથી. તેને ગેર સલુક ભાશા વાપરનારતો એકલો મી૦ આંનસટી હતો. પણ બં ધવાઓના બીજા બારીસટરો મીશીઅરસ મેહ્યુ, બરાનસન, વગેરેએ પણ મી૦ સુટર સામે જે ટીકા કરયાછે તે કાંઈ ઓછા શખ્ત નથી. તે ટીકા પુરતી સલુકાઇ અને સભીઅતા સાથે કરયાછે, અને તેઓની ફરીઆદ મી૦ આનસટીની ફરીઆદને મળતીજ છે. તારે એકલા મી૦ આનસટીના આકલાપણાને લાભ લઈ મી૦ સુટરને બચાવ ક રવામાં તેના હીમાએતીઓ ફાયદો શું જુવેછે તે સમજાતું નથી.

હવે આ બાબતમાં સરકારે જે વલાણ પકડી હતી તે વીશે જાજું કેહેવાનું કાંઈ રહયું નથી. મી૦ આનસટી સાથ ટંટામાં ઉતરવાને સરકારને કાંઈ કારણ નહી હતું, કેમકે પેહેલાંતો મી૦ સુટર પોતે મી૦ આનસટી સાંમે સરકારમાં ફરીઆદ જવામાં ગેરકાયદે હતો. દોખમાના મુકદમા મધે બંધવાના બારીસટરો મી૦ સુટર ઉપર ગમે એટલી શખતાઈથી ઉતરી પડયા હોય, તોપણ એ ગરહસથ પોલીસ કમીશનરને મોટો હોદો ધરાવયા પછે એટલો અણુજાનો તો નહી હો ય કે એ પરમાંણે એક બારીસટરે બજાવેલી જાહેર ફરજમાં માતર અ ણુજાનપણાથીજ તે સરકારને વચે પાડવા માગે. પોતાને મળેલી સ ઘલી ખબરો ઉપરથી પોતાના કુલના બચાવને મારે સામી પખશ વા લાને ગમે એટલું શખ્ત કેહેવા તથા તેને લગતું જે કાંઈ હોય તે ઉં ઘાડવાનો બારીસટરોને હક અને છુટ છે અને પોતાના હોધા ઉપરથી લાગતા વલગતાઓને મારે એક બારીસટર જે કાંઇ બોલે તેને મારે ધારાએ તેને પોતાના બચાવનો આસરો આપેલોછે. એ સાધારણ બી ના વટીક મી૦ સુટર "જાણતો નથી" ઈઆ તેને "યાદ નથી" એમતો તે કહી શકશે નહી અને તોપણ બંધવાઓના બારીસટરોએ કરેલા ટીકા સાંમે મી૦ સુટરે સરકારને કાગજ લખી ઉપાયો લેવા મા ગયા એટલે શું ! સરકારે તેને વાજબી જવાબ આપયો હતો કે બારી સટરો તેને મારે બોલયા હોયતો તેનાથી કાંઈ સામા ઉપાય લેવાય ન હી. પણ એ જવાબમાં વલી સરકારબી પોતાની હદ બાહેર ગઈ હ તી. એટલો જવાબ આપી બેસી રેહવાને બદલે સરકારે મી૦ સુટ ર તરફ પોતાનું ઉંચું મત અને પસંદગી બતાવી, જેમ કરવાની કાંઈ જ રૂર નહી હતી. મી૦ સુટરની વાંધા ભરલી ચાલ કોરટમાં સાબેત થવા પછે

સરકારથી તેને ઠપકો મલવાની સરવે કોઈ આશા રાખતા હતા, પણ સર કારે ઓર તેને સાબાંશી આપી, તો જો કે સરકારને રોશન હોવું જોઈ એ કે મી૦ સુટરની વરતણુકથી ઘોંગાટ ઉઠી રહયોછે અને તેને માટે એક ઇઆ બીજા આકારમાં સરકાર આગલ ફરીઆદ આવવાની છે. પણ તેની આગમચથીજ મી૦ સુટરના કામને પસંદ કરી સ રકારે લોકોની વીરૂધની પોતાની વલાણ દેખાડીછે. તેમા મી૦ સુ ટરને વાંશે ઉંચું મત જણાવયુંછે એટલુંજ નહી પણ મી૦ આનસ ટી ઉપર મી૦ જસટીસ ગરીને કરેલા ધસારાને પણ ખુશાલી સાથ પસંદ કરયોછે. આમ કરતાં મી૦ આનસટી વીશે સરકારેજ આગ ળ શું કહયું હતું તે તેઓ ભુલી ગયાછે અને તે ભુલી જઇને જડ જે ખામખા અણઘટતો ધસારો કીધો તે વાત ઉપર અખાડા કરયાંછે.

મી૦ સુટરે વગર જરૂરે કાગજ લખયો, સરકારે વગર જરૂરે ઉ તાવલ કરી તેને શાબાસી આપી, જેથી અગર પરજાના પોકારને બં ધ પાડવાની ધારણા રાખી હોયતો તેમા ભુલ છે. સરકાર એક સઉ થી વફાદાર પરજાની વફાદારીને વીસારી મેળી તે પરજા ઉપર ચા લેલા જુલમાતને ટેકાવા માગેછે એવું સરકાર અગર દેખાડવા મા ગે, તોપણ લોકો તેથી હટવાના નથી. જુલમાત ઉપર ગેરઇનસાફ વધયો તારે તો ફરીઆદનો બમનો પોકાર ઉઠાવાની ફરજ થઇછે અ ને ઇંગલંડ સુધી તે ફરીઆદ ઉઠાવાથી પારસીઓ હટશે નહીં.

(મુંબઇ સમાચાર—તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૭૩.)

પારસીઓનાં દોખમાંની પડોસની જગા ઉપર એકાએક ચેહેલી બાં ધી બેસનાર પેલા કુંવરજી પરાગજી અને જેકબ જમાલ નામના બે મા ણસો તથા પોલીસનાં લગતા વલગતા અમલદારો જોઈને ઘણા દલગીર થયા હશે કે, જે પારસીઓ ઉપર દોખમાની જગો ઉપર તોફાન કર વાનો અપરાધ મેલીને, તેમને બેડીઓ સાથે ચોકીઓ ઉપર લઈ જ વામાં આવીઆ હતા, તે પારસીઓને જુરીના બાર ગરહસથોએ ની રપરાધી સમજીને તેમને છોડી મેલીઆછે, અને તેથી આખા પારસી ટોલાને સંતોશ થયોછે. આ મુકદમો હાઈ કોરટમાં ચાલીઓ તે વ ખતે, પોલીસ તરફના શાહેદીઓએ આપેલી મુખજુબાંની ઉપર, પર તીવાદીઓ તરફના સરવે બારીસટરોએ ટીકા કરીઆ હતા, અને તે માં કેટલીક વાતો, સાધારણ રીતે અને કાયદાની રીતે તેમની વીરૂધ કેવી રીતે જાયછે તે દેખાડીઉં હતું. તે માંહેલી તથા ખુદ શાહેદી ઓની મુખજબાનીમાંથી જાણવા લાયક બાબતો ઉપર હમો હવે પછી

ધીઆન પોંહોંચાડતા જઈશું. પણ ટુકામાં હાલ જણાવીએછે કે, આમાં પોલીસની ચાલચલણ સખત ટીકા કરવા જોગ માલમ પડીછે.

જુરીએ જડજનો અભીપરાય સાંભલીઆ પછી નનદીક એક કલાક વીચાર કરવા ઉપર લીધો હતો, તે ઉપરથી જણાયછે કે, જુરીએ આકલેપણે કામ કીધું નથી, પણ પારસીઓની ઉપર ગુજરેલી ગેરઈનસાફી ધીઆનમાં લઈને તેમને નીરપરાધી ઠરાવીઆછે. નામદાર જડજની તરફથી વીચાર આપીઆમાં આવીઆ, તે ઉપરજ જો જુરીએ અમલ કરીઓ હોત, તો સરવે પરતીવાદીઓને છુટેલા જોવામાં કદાચ આપણે પછાત પડતે; પણ જુરીએ બીજી સરવે બાબતો ઉપર બહુ ધીઆન પોંહોંચાડેલું જોવામાં આવેછે, અને તેથી પરજાના મોટા ભાગને કબુલ થતું પરીણામ તેઓ લાવીઆછે. એક વાર આ મુકદમો જો પરતીવાદીઓની વીરૂધમાં જતે, તો તે ગઈ કાલેજ પુરો થયલો ગણાતે નહી. તેની સામે વાંધા તઈઆર હતા, અને તે વાંધા કેટલા કાયદાસર અને મુસતકીમ હતા, તે હવે પછી જેટલું આગલ જવાની ફરજ પડતે તેટલા આગલ જઈને દેખાડીઆમાં આવતે. પણ તેટલી ફરજ પડી નથી, માટે પારસીઓ પરમેશવરનો પાડ માનેછે.

સરવે પરતીવાદીઓને નીરપરાધી ઠરાવીને છોડી મેલીઆ પછી, કોરટમાં એકઠા થયલા પારસીઓમાં, અલબતે, બહુ ખુશહાલી ઉપજી હતી, પણ તેઓએ ભારે ડાહાપણ ખરચીને કાંઈબી જુસો દેખાડીઓ ન હતો. તેઓએ કોરટમાં અને બાહેર બહુ ગંભીરાઈ દેખાંડી હતી. મી૦ આનસટી આ પરીણામ જોઈને થોડો ખુશી થયો ન હતો; અને પારસીઓને છોડી મેલીઆ પછી તે નામીચા બારીસટરે પારસી શેઠીઆઓને શીખામણ જેવા બે વાતો, પોતાની આસપાસ ભેગા થયલાઓમાં કહી સંભલાવી હતી. તે પછી ખુશીમાં આવેલા પારસીઓએ મી૦ આનસટીની ગાડી, ઘોડા છોડી નાખીને હાથે ઘસડી જવાનો ઈરાદો જણાવીઓ હતો, જે તેને પસંદ આવીઉં નહી, અથવા જેવું તેણે પોતાના સંબંધમા થયલું જોવાને નારાજપણું બતાવીઉં. તોપણ તે વાતથી પારસીઓ હટેલા દેખાયા નહી. આથી મી૦ આનસટી ઘણો વખત સુધી હેઠલ ઉતરીઓ નહી; અને જીઆરે તેનો એવોજ ઈરાદો જોયો તીઆરે પારસીઓએ તેની ગાડી ઘસડી જવાથી હાથ ઉઠાવીઓ હતો. મી૦ આનસટીની સાથના બીજા બારીસટરો મીસીઅરસ મેહીઉ, સટારલીંગ, પીરોજશાહ મેહેતા, બરાનસન, લીઠ અને જાકસન, એમના, પારસીઓ થોડા ઉપકારી થયા નથી.

સરવે પારસી પરતીવાદીઓને છુટી જવાની વાત, મુંબઈમાં વીજલીની ઝડપે ફેલઈ ગઈ હતી. બપોરના એક કલાકે તેઓ છુટા, અને થોડી મીનીટમાં શેર બજારના સરવે પારસી અને હીંદુ ભાઈઓએ

છુટી લીધી હતી ! તેઓએ પોતાનો હાલ બંધ કરીઓ, અને હીંદુઓ એ ખરાં દીલથી તેમાં શામેલગીરી કીધી હતી. ઘણી આફીસો અને દુકાનોમાં ખુશહાલી ફેલઈ હતી, અને ઘણે ઠેકાણે એમપેનની બાટ લીઓ ઉખેડઈ હતી. ઘણા પારસીઓ તુરત જશન કરવાની તઈ આરી કરવા લાગીઆ હતા, અને શેર બજારમાના પારસી ભાઈઓ એતો ગઇ કાલેજ જશન કરીઉં હતું. જશન સરવે પારસીઓ કરશે, તેની ઘણુંકરીને ખાતરી દેખાયછે. જુદી જુદી કમપનીવાલા કરશે, પણ એક સામટું જશન કરવાને હીલચાલ પણ શુરૂ થઈ છે. લગભ ગ સરવે પારસીઓએ આગમનથી જશન કરવાને માથે લીધું હતું, અને કોરટમાં નીપજેલું પરીણામ સાંભલતાં તેમને બમણી ખુશાલી ઉપજી હતી.

પારસીઓ ઉપર ચાલેલા આ મુકદમાથી ફકત પારસીઓજ દલ ગીર હતા એમ નથી; પણ ઘણાખરા હીંદુ ભાઈઓ તથા ઘણા મુસલ માન ભાઈઓ પણ દલગીર હતા. તેઓને ગઇ કાલે સરવે પારસી પરતીવાદીઓ છુટવાની ખબર મલતાંજ ખુશહાલી લાગી હતી.

(મુંબઇ સમાચાર—તા૦ ૧૯ મી જુલાઇ ૧૮૭૩.)

દોખમાની જગોને લગતો મોટો મુકદમો પુરો થયોછે, અને હવે તેની ઉપર ચો તરફથી મતો અપાવાનું શુરૂ થયુંછે. જે મુદત આ મુકદમાએ હાઈ કોરટમાં લીધી તે મુદતમાં, તેની સંબંધની થોડી જાણવા લાયક વાતો બાહેર આવી નથી. તેના સંબંધમાં બારીસ ટરોનાં ભાશણ અને જડજના વીચાર થોડા ધીઆન પોંહોંચાડવા જોગ નથી. તે સરવે વાતોને એકદમ અને એકાએક ઇનસાફ આ પી શકાય નહી. તેને લગતી જુદી જુદી બાબતો હમો વખતે વ ખત હાથ ધરવાનો ઇરાદો રાખીએછે. પણ તેની અગાઉ તેના ઉપર ટુકમાં કાંઈ વીચાર આપીઆ હોય, તે નકામા ગણાશે નહી. પો લીસે પારસીઓની સામે જે ઉપાયો લીધા તે પેહેલેથી તે છેલે સુધી ટીકા કરવા જોગ દેખાયાછે. જો પારસીઓનું દીલ દુખાવાને તેવા ઉપાયો લીધેલા નહી કેહવાય, તો પોલીસની આપખુદી બતાવનારા તો તેઓ દેખાયછે. પારસીઓની સામે મુકદમો ચલાવવાનું સરકારે માંથે લીધું તે કાંમ અઘટીત થયુંછે, અને એક આવાજે સરવે તરફ થી તે કબુલ કરીઆમાં આવીઉંછે. તે પછી પોલીસે મુકદમો ચલાવ વામાં જે વરતણુક દેખાડી, તે સખત ટીકા કરવાજોગ છે. પોલીસમાં આપેલી જબાની નામુકેર જવામાં આવી, અને તે ઉપરાંત ઘણી તરફ એક વાતને માટે બે જાતની જબાંની આપીઆમાં આવીછે. નામ

દાર નોયાયાધીસે પોતાની તરફથી જુરીને વીચાર આપતાં પરતીવાદી ઓ તરફ જે વલણ બતાવી તે મેહેરબાંનીથી દુર હતી, પણ તેવા વલણ પોલીસ તરફ બતાવાથી તેણે પરહેજ કીધેલો જોવામાં આવેછે. મી૦ સુટરનો ને તેનાં માણસોનો બંચાવ અને મી૦ આનસટીનો સામે થયલી અરજી ઉપર ટીકા કરવાનું કાંમ, તે નામદારે માંથે લેવું જોઈતું ન હતું. પણ જુરીએ પોતાનું કાંમ, આ સુરવે વાતોના વચે જે રીતે બજાવી દેખાડીઉં તે વખાન કરવા અને બીજી જુરીઓને નકલ કરવા જોગ છે. પારસીઓના આ મોટા મુકદમાની આ સઘલી વાતો લેતાં અને તેના ઉપરથી દેશી મંડલીઓમાં થતી ચરચા અને બંધાતાં મતો, તથા તે ઉપરથી ઉભી થતી લાગણીઓ જોતાં, આ મુકદમો જીઆં પુરો થયોછે તીઆંજ તદન બંધ પડશે નહી. પારસીઓ અને તેમની સાથે હીંદુઓ અને મુસલમાન પરજા, તેના ઉપરથી કાંઈક હીલચાલ કરવા માંગેછે, અને તે હીલચાલ થોડા વખતમાં આપણા જાણીઆમાં આવશે.

(મુંબઈ સમાચાર—તા૦ ૨૨ મી જુલાઈ ૧૮૭૩.)

પારસીઓની સામેના મુકદમાનું સેવટ આવીઆ પછી, પારસીઓમાં, હીંદુઓમાં અને મુંબઈની બીજી કોમોમાં જે ચરચા થવા લાગીછે, તે બે મુખીઅ વાતોની છે; મુકદમો ચાલતાં પોલીસની તરફની જબાની ઉપરથી જે બીના જાહેર પડીછે, તે ઉપર તેઓ વીચાર કરવા અને મતો આપવા લાગીઆછે, અને તે ઉપરથી હવે પછી શું પગલું ભરવું તેને માટે અનેક દરખાસત કરવા લાગીઆછે. ગમે તે મકસદથી કે કોઈબી કારણસર, પોલીસે ભરેલું પગલું પારસીઓની સામે લેવાયું હોય; પણ તેમાં જે થયું તે પારસીઓનાં દીલ દુખવવાને પુરતું હતું, એ કોઈબી ના પાડી શકશે નહી. જાહેરમાં જે કાંઈ બનીઉંછે અને જાહેરમાં જે કાંઈ જાણવાને બની આવીઉંછે, તેને માટે ગેજેટ જેવું એકાદ પતર અથવા તેના સંબંધના કોઈ લગતા વલગતા શખસો, ગમે તેવું મત આપે, પણ તેના ઉપરથી આટલું તો જણાયા વગર રેહેતુંજ નથી કે, પારસીઓની ઉપર જે જાસતી ગુજારીઆમાં આવીઉં, તેને તેઓ લાયક હતા નહી. તેમની તે વખતની વરતણુકમાં એકવાર ગુસો ભરેલો કબુલ કરીએ, પણ પોલીસ તરફ કે બીજા કોઈબી શખસ તરફ તેઓ કઠણ થયા ન હતા, અને નહી થવાને તેઓ ઠરાવ કરી આવીઆ હતા, એવું તેમની સામેની જબાંનીમાંથી માલમ પડીઉંછે. તેની આગમનની તેમની વરતણુકથી પોલીસ અને પરજા અનજાણા નથી. પોલીસને જો કોઈબી થોડી ત

સદી આપતું હોય તો તે પારસીઓ છે, અને નાની નાની વાતોમાં તો પારસીઓને વાસતે ઉંચું મત છે. પારસીઓ સામટી રીતે લેતાં જેટલા પોતાની આબરૂને માટે દરકારવાલા રેહેછે તેવા બીજા થોડા રેહેતા હશે, અને તેથી તેઓ જાહેરમાં કંટાલો આપનાર થોડા થઈ પડે છે. પારસીઓ રાજના સંબંધમાં લેતાં પુરતા વફાદાર જણાયાછે; અને રાજકરતી કોમના સંબંધમાં લેતાં પારસીઓ તેમના તરફ જેટલા મોહોબત ભરેલા માલમ પડીઆછે, તેટલા બીજા થોડા પડીઆ હશે. યુરોપીઅનો સાથે જોડઈ જવામાં, પારસીઓ પોતાની ચાલચલણ, વીચાર અને મનની વલણને લીધે, વધારે લાયકના થયલા દેખાયાછે.' એવી તેમની તરફની સરવે વાતો લેતાં, જે રીતે તેમને ઉતારી પાડવા જેવી તજવીજ થઈ હતી; તે ફકત દલગીરી ભરેલીજ નહીં, પણ કાંઈ વધારે કરવા જોગ હતી.

તીઆરે હવે પારસીઓ શું કરવા માંગેછે, તે સવાલ પારસીઓ તેમજ હીંદુ ભાઈઓ અને બીજી કોમવાલાઓ કરેછે. ટાઈમસ આવ ઈંડીઆ હવે કાંઈજ નહી કરવાની દરખાસત કરેછે, પણ તેનો સબબ તે ભાઈબંધ જણાવતો નથી. એમાં તે ભાઈબંધ આગલ વધતી જુદઈ બંધ પડેલી જોવા માંગતો હોય, અને તેમ કોઈ બીજા સાહેબો બી ઈછતા હોય. પણ ઘણા સાહેબોનો એવો વીચાર છે કે, તે આરે વધુ જુદઈ નહી થાય, માટે કાંઈ આગલ પગલુ ભરવું નહી એમ લઈને મુંગા બેસીએ તો, તેનો અરથ એજ કે તમોને સતાવવા સતાવાલા પગલું લેતાં ફાવે તીઆરે તો ઠીક, પણ નહી ફાવે તો તમોએ તમારી ફરીઆદ જુદઈની બીહીકથી આગલ ધરવી નહી ? આ બાબત ધીઆંન પોંહોંચાડવા જોગ છે. પારસીઓની સામે પગલું ભરતાં પોલીસ સતાવાલાઓએ કોઈ જાતનો તેમની લાગણીનો વીચાર કરીઓ નહી; પણ જીઆરે તેઓ નહી ફાવીઆ તીઆરે તેમની અને તેમને કોઈ ટેકો આપનારા હોય તેમની લાગણીનો વીચાર કરવાને પારસીઓને કેહેવું, એ હમોને વાજબી દીસતું નહી. પોલીસનાં છેલાં કાંમથી પારસીઓમાંજ નહી પણ પરજાના લગભગ આખા ભાગમાં, જે લાગણી ફેલઈછે તે પોલીસને માટે બેવીસવાશપણાંને લગતી છે. તેને એકવાર બીહીક આપીને કે કોઈ બીજા ઉપાયથી બાહેર નીકલતી અટકાવો, પણ તે પોતાની અસર ફેલાવીઆ વગર રેહેશે નહી. તેને બાહેર નીકલવા દીધાથી અને તેના ઉપર સરકારે ધીઆંન પોંહોંચાડીઆથી, ફાયદાની વકી રાખીએછે.

પોલીસની જે ખુબીઓ હોય તેને આ તેની ખાંમીને લીધે નાબુદ કરી દેવા હમો માંગતા નથી. જે ખુબીઓ હોય તેને પરકાશવા દો, પણ આ ખાંમી તેટલા માટે એક બાજુ નાખવાની વાત હમો

કબુલ કરતા નથી. તેને પુરતાં બલથી સરકારનાં ધીઆંનમાં ઉતરેલી હમો જોવા માંગીએછે. પરજાના મોટા કે નાના ભાગનાં મન ઉપર, સરકારનાં કાંમ માટે ખરાબ અસર થયલી, અને થઈ હોય તો, તે રહેલી હમો જોવા માંગતા નથી; અને હમો ધારીએછે કે, શીઆનાં સરકારી કારોબારીઓબી તેવુંજ ઇછશે. પણ જો દેશના લાભની આગલ પોતાનો લાભ જાલવવાની નેમ રાખનારા કોઈબી અમલદાર જણાય, તો તેવાઓની ખબર ચહડતે ઠેકાંણેથી લેવાવી જોઈએછે. રાજના જુદા જુદા કારોબારની અંદર, અને પરજાના મોટા ભાગની સાથે કાંમ પડતાં, જો એક બે અમલદારો ફકત પોતાની લાગણીનીજ દરકાર કરવા માંગે, અથવા તેમની લાગણીની દરકાર કરવાને સરકાર માથે લે, તો તે ડાહાપણ ભરેલો રસતો હમો સમજતા નથી. આ વાતો ધીઆંનમાં લઈને, હાલમાં પોલીસના સંબંધમાં બનેલા બનાવ ઉપરથી પારસીઓ અને હીંદુ ભાઈઓ તથા બીજી કોમવાલાઓએ, કોઈ પગલું ભરવું જોઈએછે. અને તેઓ પગલું ભરે કે નહી તે માટે ખોટી ન થતાં, મુંબઈની સરકારે, અને મુંબઈની નહી લેતો હીંદુસથાંનની વડી સરકારે અને તેબી નહી લે તો, તેથી વડી સરકારે, પોલીસની ચાલ બાબે પુછપરછ કરનારાં પગલાં ભરવાં જોઈએછે.

(મુંબઈના જામે જમશેદ—તા૰ ૧૮ મી જુલાઈ ૧૮૭૭.)

આએ મુકદમાંનું શેવટ ગઈ પરમ દીને આવીઉંછે, અને તેમાં રાપડાએલા પારશીઓ નીરઅપરાધી ઠડેઆછે, અને તેઓનો છુટકો થએઓછે. નવ દાહાડા વેર આ મુકદમો લમબાંણથી ચાલેઓ અને તે દરમીઆંનમાં એના ઉપર જુરીએ શારૂં ધીઆંન આપીઉં અને તેઓએ પુખ્ત વીચાર કરીને પારશીઓને બીનતકશીર ઠેડવીઆછે. જુરી મધે મોટો ભાગ ઈંગરેજોનો હતો, જેઓ ઘણા શીઆના અને શમજુ હતા અને તે ઉપરથી પુરાવો મલેછે કે તેઓએ બંધે તરફના મુકદમાંનો શારો તોલ કરી આ દુખીઆરા પારશીઓને ઇનશાફ આપીઓછે અને તેમ કરતાં જરાએ રાખરખાવત કે મુરવત રાખેઆમાં નથી આવી.

ઉપલા મુકરદમાંના પરતીવાદીઓનો છુટકારો થવાથી તમાંમ પારશી આલમમાં ખુશી અને ખુશાલી પેદા થઈછે, અને તેઓની ખુશી ખુશાલીમાં પરકોમના લોકોએ પણ ભાગ લીધોછે. આ પરમાંણે ખુશી થવાનો શબબ કાંઇ હેવો નથી કે પકડાએલા પારશીઓના ઉપર કાંઈ મોટામા મોટો ગુનાહા આવીઓ હતો, તેઓએ કોઈના ગળાં ફાંશીઆં હતાં, અથવા તેઓએ કોઈની દોલત લુટી હતી અથવા શુ

લેહનો ભંગ કીધો હતો, અથવા કોઈના શરીરને ઈજા આપી હતી. ના, ના, તેઓએ હેવો એક પણ અપરાધ નથી કીધો. તેઓ વીશે હેવી શાખશી પડીછે કે તેઓનાં દોખમાં શરખાં પવીતર મકાંનને લગતી એક જગાએ ઘુશી આવનારાઓના માંણશોને હાંકી કાહડીઆં હતાં અને તાંહાં બાંધેલી ચાલી અને તમબુ તેઓએ ઉખેડી કાહડીઓ હતો અને વલી જેઓને પકડવામાં આવીઆ તેઓના મોટા ભાગ વીશે એમ બોલાએછે કે કાંમમાં શાંમેલ હતા નહી—તેઓ તો દોખમાં ઉપર રૂવાંન ચહડાવવાને તથા મેહરગાંનનું જશન એ દીને હોવાથી શરેશતા પરમાંણે બંદગી કરવા ગીઆ હતા. વલી ટરેશપાશ કરનારાઓને હાંકી કાહડતાં તેઓએ કાંઈ પણ મારામારી કરી હતી નહી—કે નહી કોઈના શરીરને ઈજા કીધી હતી, અને જેવારે તેઓને પકડવામાં આવેઆ તેવારે ઉપલી ભાંજફોડનું કાંમ ચાલીઉં હતું નહી, તેમ થવાને તો ઘણો વખત ગુજરી ગએઓ હતો તથા શુલેહ અને શમાંધાંનીને ખલલ થાએ હેવી કાંઈ પણ ધાશતી હતી નહી. આટલું છતાં મી૦ શુટરે બલજોરી વાપડી અને દોખમાના કમપાંઉનડમાં ઘુશી ગએઓ અને તાંહાં બેઠેલા, એબાદત કરનારા તથા શગરીમાં ગએલા પારશીઓને બીનતકશીર અને વીના કારણે પકડેઆ, તેઓનાં હાથમાં બેડી નાંખી અને તેઓને જાહેર રશતા ઉપરથી આ શરમીંદગી ભરેલી હાલતમાં ચલાવી લઈ ગએઓ. આ સઘલું જોતાં તો પારશીઓ પોતે તકશીરવાર નહી પણ ઓર જુલમમાં આવેલા હતા, તે છતાં તેઓ શાંમના અપરાધી ઠડે અને શજા પાંમે એ તેઓના જાતભાઈઓને તથા બીજા લોકોને ગમીઉં નહી હતું અને તેઓ આ રાખશી ફોજદારીમાંથી બચીઆ તે માટે તેઓ શંતોશ બતાવે એતો દીશતુંછે.

ઉપર જણાવીઆ પરમાંણે પારશીઓ બીનતકશીર તથા દુખીઆરા હતા, એટલું છતાં તેઓના દુખની ઉપર ડાંમ આપવાને શરકારે તેની તરફની ફરીઆદી ચલાવાને હોકમ આપીઓ હતો અને પારશીઓનાં ઉપર તે ગોએઆ રૂઠી હોએ, એમ શમજાએઉં હતું. જોકે પારશીઓએ મોટો ગુનાહ કે તકશીર કીધી હતી નહી તોએ તેઓની વીરોધ પેનલ કોડની એકાદ બે કલમની બારીકી આવીઆથી તેઓને હેવા દાવમાં લીધા હતા કે તેઓ બેકાએદે એકઠા થએઆ હતા અને તેઓએ રાએટ કીધો હતો. પણ પારશીઓએ તેઓની તરફનો જોઈતો શંભાલ લીધો હતો, પુલીશને જણાવીઉં હતું કે તેઓ કાંઈ બખેડો કે તંટો કરવા નથી માંગતા, તેઓ તો પોતાની જગા ઉપર ઘુશી આવેલાઓને હાંકી કાહડીઆ શવાએ બીજું કાંઈ કરવા નથી માંગતા. એમ કરવામાં તેઓ એકવાર ભુલીઆ પણ હોએ પણ

તેમાં તેઓએ હેવું કીઉં માહા પાપી કાંમ કીધું કે તેઓમાં દાખલો અને દેહશત પેવશ કરવાને તેઓનાં ઉપર એક રાખશી ફરીઆદી લાવવા અને છાપો આપનારાઓના હજારો રૂપીઆ નાહેકના ખરચવાને શરકારને જરૂર પડે તથા પરતીવાદીઓને પણ નાહેકનો મોટો ખરચ કરાવે. વલી જો પારશીઓ તેઓના હકની જાલવની કરવામાં કાએદાની રૂહે ભુલીઆ હોએ અથવા તેઓને બરાબર શલાહા નહી મલીતો શાંમની બોરકુવાલાઓ જેઓ તેઓની જગાએ ઘુશી આવીને ખોટતો કબજો કીધો, તેમ કરતાં તેઓ પોતાની શંભાલને અને પોતાના તરફથી મારામારી કરવા માટે માણુશો લાવવાં જોઈએ, તેઓને બે કાએદે એકઠા થવા માટે કાંએ નહી પકડીઆ. પેલા ૬૧ જણાઓ જેઓને પુલીશે પકડીઆ પછે છોડી મુકેઆ જેઓ કુંવરજી પરાગજી અને જેકબ જમાલની તરફના હતા એમ બોલવામાં આવેછે તેઓને કાંએ છોડી મુકીઆ, જે માટેનો મનમાનતો ખોલાશો હજુર થએઓ નથી. જો એક તરફનાઓ બેકાએદે જમાવ થએઆ તો બીજી તરફનાઓ પણ હેવાજ અપરાધી કાંએ નહી ગણાએ અને હેવા મુકરદમામધે જો શરકારની તરફની ફરીઆદીની જરૂર હતી તો બંધે તરફનાઓને એકશરખા ગણીને અને બંધે તરફનાઓને પકડી અને તેઓ ઉપર કાંએ નહી એકશરખી ફરીઆદી લાવીઆ. એ વીશેનો કાંઈ પણ ભેદ મલતો નથી અને તેની ઘેરહાજરીમાં પારશીઓને અને બીજાઓને મજબુત શંભવ જાએછે કે પુલીશનો કમીશનર મી૦ શુટર જેને પારશીઓને પકડવા તથા તેઓને હાથે બેડી નખાવામાં ઘણી આપખુદી વાપડેલી બોલાએછે તેના ઉપર આવતી ફરીઆદીઓમાંથી તેને બચાવાને ખાતર શરકારે તેના તરફની ફરીઆદી પારશીઓ ઉપર આપી હતી. જો આ શખ ખરો હોએ તો હમો કેહઈજીએછ કે શરકારે ઈનશાફથી ઉલટું કાંમ કરીઉંછે અને તેના એક અમલદારને બચાવા ખાતર એક શુલેહ ભરી આલમનાં કેટલાએકો ઉપર એકતરફી અને બીનજરૂરીઆતની ફરીઆદી લાવી તેઓનાં દુખીઆરાં દીલ ઉપર દાંમ મુકીઓછે. હેવી શરકારની ચાલને માટે તો પરજાએ તેની નાખુશી અને દલગીરી બતાવાને માટે જાહેરમાં મલવું જોઈએછે, એમ હમો માનીએછ.

વલી આ ફરીઆદી જેનો નીવેરો પુલીશમાં આવવો જોઈતો હતો તે શેશનમાં કાંએ કમીટ કરવામાં આવીઓ, એ એક અગતનો શવાલ છે. જશટીશ મી૦ ગરીન જેની હજુરમાં પારશીઓની તપાશ થઈ અને જેને જુરીને ચારજ આપતાં કેટલાએક પરતીવાદીઓ તરફ મુકરદમો પુરવાર થાએ હેવા ટીકા કીધા અને જુરી જેવારે શઘલાઓને નીરઅપરાધી ઠેડવી આવી તેવારે તેઓના મતને મલતો નહી

થએઓ તેણે પણ ચારજ આપતી વેલાએ કબુલ કરવું પડીઉં કે કદાચ આ મુકરદમાનો ચુકાદો પુલીશમાંજ થઈ શખતે. આટલું છતાં તે શેશનમા નોધીઓ તે વીશે નામદાર નીઆધીશે તેની નાખુશી જણાવવી હતી તેને બદલે ઉલટો માજીશટરેટનો બચાવ કીધોછે—કે તેણે તે ચુકવીઓ નહી તેનો શબબ હેવો કે કાંઈએક બાહારના શંજોગ શાથ તેને નીશબત હતી. એ બાહારના શંજોગ કીઆ તેનો ખોલાશો એ નામદારે કાંઈ પણ કીધો નથી પણ ભરમમાં વાત રાખી. મી૦ આનશટી અને મી૦ મેહીઉ એ બંધે ચાલાક બારીશટરોએ એ બાહારના શંજોગની નીશબત બાબતમાં વારેવાર ટીકા કીધાછે તે ખરા તો નહી હોએ ? બાકી હાલના મુકરદમાં મધે દાખલો બતાવા શરખી કાંઈ પણ અગત જણાઈ નથી. હાવી કીશમના ઇઆને જમીનના કબજાનના મુકરદમાં કાંઈ કોરટમાં વારેવાર નથી આવતા—કાંઈ મોટી મારામારી કે ખુનરેજી હેવા મુકરદમા મધે આવી નથી પણ જશટીશ મી૦ ગરીનના જણાવીઆ પરમાંણે તેર વરશમાં હાવો એક મુકરદમો આવીઓછે અને તે જોતાં તેનો નીકાલ બાહારોબારથી પુલીશમાં આવવો જોઈતો હતો અને તેમ માજીશટરેટે નહી કીધો તે ઉપરથી તેણે નબલાઈ બતાવી એમ કદાચને કેહઈ શખાએ.

(મુંબઈનાં જાંમેજંમશેદ—તા૦ ૧૯ મી જુલાઇ ૧૮૭૩.)

પારશીઓએ કાંઇ પણ મોટી તકશીર નહી કરીઆ છતાં તેઓને ધારાની બારીકીનાં શપાટામાં લીધા હતા, તેઓના ઉપર શરકારે બીન કારણ અને જરૂરીઆતે તેના તરફની ફરીઆદી ચલાવી હતી, તેઓનો નીકાલ પુલીશમાં લાવીઆને બદલે તેઓના નાંમ શેશનમાં નોધીઆં હતાં, અને તેઓને પોતાનો બચાવ કરવાને હજારો રૂપીઆનો ખરચ કરવો પડીઓ હતો. એક વીચાર વાલી અને દાનેશમંદ જુરી જેનો મોટો ભાગ શમજુ અને અપકશપાત ઈંગરેજોનો હતો, તેઓએ નવ દાહાડા વેર તેઓની તપાશ ધીરંજથી શાંભલીને તેઓને નીરઅપરાધી ઠેડવીઆછે. આ પરીનામ ફકત પારશીઓનીજ નહી પણ અતરેની આલંમનાં શમજુ અને શીઆના ભાગે રાખેલી વકી પરમાણે ઉતરીઉંછે, અને શંઘલી તરફથી એમજ બોલવામાં આવેછે કે આખેરશ ઈનશાફ તો મલીઓ.

પારશીઓને ઈનશાફ તો મલીઓ પણ તેઓને જે મોટી ખીજાલત પોંહોચાડવામાં આવી અને તેઓને હાથે બેડી ઠોકીને હીનપશતી લગાડનારી હાલતમાં મુંબઈનાં રશતા ઉપર રખડાવીઆ, તેનો બદલો તેઓને કાંઈ મલીઓ નથી, અને તે મેલવવાને માટે તે

ઓ જો કોશેશ કરે તો, અતરેની પરજાના છુટાપણા અને હોરમતની જાલવનીને માટે તેઓએ અગતનું એક પગલું ભરેલું કેહેવાએ. જેમ હમોએ ગઇ કાલનાં હમારાં પતર મધે જણાવીઉંછે તેમ પાર શીઓ બીનતકશીર હતા અને તેઓએ, કાંઇ પણ મોટું હુલડ કીધું હતું નહી, કોઇને ઇજા આપી હતી નહી, કોઇને મારોઆ અથવા જખમી કીધા હતા નહી, અથવા તેઓ કોઇ પણ મારામારી કરવા ઇંઆ હુલડ ઉઠાવાને ભેગા થએઆ હતા નહી. તેઓ પોતાના પાખીજે મકાન ઉપર હતા, કેટલાએકો તો બંદગી કરવા તથા કેટલાએકો તો રૂવાનને અવલમનજલ પોંહોચાડવાને આવીઆ હતા, એમ બોલાએછે. તેઓના ઉપર પુલીશનો કમીશનર મી૦ શુટર ધશારો લઇ ગએઓ અને તેઓને તાબે થવા કેહઉં, તેની આપખુદીને તેઓ શરન થએઆ, તેની શાંમને તેઓ જરાએ થએઆ નહી બલકે એક હરફ પણું કાહાડીઓ નહી અને તે જાંહાં લઇજાએ તાંહાં જવાને તેઓ તંઇઆર થએઆ. આટલું છતાં તેઓ જાંને કોઈ મોટામાં મોટા ગુનેહગાર હોએ અને પુલીશની શતાની શાંમને થવા માંગતા હોએ તેમ તેઓને હાથે બેડી ઠોકી, તેઓને રૂશવા કીધા, તેઓની આબરૂને ખીજાલત પોંહોચાડી, અને તેઓને હેવી હાલતમાં મુંબાઈના રશતાએ ઉપર રખડાવીઆ. આ પરમાણે એક રાંક અને આબરૂવાલા ટોલાના લોકોના ઉપર મી૦ શુટરે આપખુદી ગુજારી અને તે ચાલવા જો દીધી હોએ તો મુંબાઈની પરજાનું છુટાપણ અને હોરમત ધાશતીમાં આવી પડશે અને એટલા માટે હેવી આપખુદીનો અટકાવ કરવાને જો કાંઈ ઈલાજ લેવાઈ શખાતા હોએ તો તે પેહલા લેવા અને તેમાં મુંબાઈની પરજાએ મદદ કરવી, કેમકે એ કાંમ એક બે જંનનુ કે એક ટોલા અથવા ગણીઆતનુ નહી પણ ઘણા જના અને ઘણા ટોલા અને ગનીઆતનુછે.

પુલીશનાં કમીશનર મી૦ શુટરે પારશીઓનાં શાથ જે ચાલ ચલાવીછે તે માટે નાપશંદગી બતાવાને શારૂ અતરેની પરજાએ જાહેરમાં મેલાવરો કરવો, એમ ઘણી તરફથી શુચનાં તથા ભલાંમણ કરવામાં આવેછે. કેટલાએક લોકો તો હઇઆંવેર કેહેછે કે, આ આપખુદ અને તાતા મીજાજનાં કમીશનરનાં હશતકમાં અતરેનાં પરજાનુ છુટાપણ અને હોરમત શોંફવી શલાંમત નથી, માટે તેના વીશે નારાજીપણુ બતાવતાં તેને અતરેથી કાહડવાને શરકારને અરજ કરવી જોઈએછે. હાવી અરજ.શર ફીલીપ ઉડહાઉશની શરકાર શાંભલસે એમતો જરાએ આશા નથી કેમકે, એ શરકાર અથવા તેનાં વડા મેમબર હાનરએબલ મી૦ ટકરે આગલ રેહઇને મી૦ શુ

ટરની આપખુદીને ટેકો આપીઓ હતો બલકે તેનાં ઉપર ઢાંક પીછો ડો કરવાને શારૂ પારશીઓનાં ઉપર શરકારની તરફની ફરીઆદી આપી હતી એમ બોલાએછે. આ બીનાં ધીઆંનમાં લેતાંતો મી૦ શુટરનાં કરતાંને વધારે માંઠી ચાલ ગરીબરા પારશીઓનાં તરફ અતરેની શરકારે ચલાવેલી કેહવાએ. તોએ મી૦ શુટરનાં બાબતમાં અરજી, રીતી અને કાએદાશર શરકારનાં ઉપર જવી જોઈએછે અને તે મોકલવામાં ફાએદોજ થવાનો અને તે એ કે, જો અતરેની પરજાની માંગની કબુલ નહી રેહે તોએ પરજા મત કેહેવુંછે, અને પારશીઓ ઉપર ગુજરેલા શેતંમ અને આપખુદીથી પરજાને કેટલો કરોધ ઉપજીઓછે, તે શતાવાલાઓને જાનવાને બને, અને પુલીશની આપખુદીનાં દાખલાઓ ફરી ફરી નહી બને તે શારૂ તે મનશુજીઆ ઉપાએ લીએ.

શઉથી મોટી દલગીરીની વાત એછે કે અતરે પરજા મત પોશાતુ નથી. ઘણીવાર એમ બોલવાંમાં આવેછે કે, પરજા મત નથી પણ હમો કેહઈજીએછ કે પરજા મતછે પણ તે કોઇ શાંભલતુ નથી. અતરેની પરજા હરએક જાહેર બાબતશર ફરીઆદ ગુજારે અને તે ગમે હેવી શાંભલવા જોગ હોએ તોએ તેનાં ઉપર જો શરકાર ધીઆંન નહી આપે તો, ફરીઆદ બીજી જગાએ લઈ જવાનો દીરગ નથી રેહેતો. ઈંગલંડમાં એમ નથી બનતું—તાંહાં હરએક ફરીઆદનાં ઉપર શતાવાલાઓએ લખશ નહી આપીઉંતો પારલેમેંટની શભા છેજ અને તેથી કરીને બનેછે એમ કે, તાંહાંના શતાવાલાઓ રઈએતની ફરીઆદનાં ઉપર તુરતજ ધીઆંન આપેછે, અને આ દેશમાં કોઈકદાચજ આપેછે. આ ઉપરથી હીંદુશથાંનને માટે શઉથી મોટામાં મોટી જરૂરીઆત તેનાં તરફનાં મેમબરોની પારલેમેંટ મધે બીરાજવા શંબંધી જનાએછે અને જેમ જેમ પરજા ઉપરની ઘરઈનશાફી ઉપર શતાવાલાઓ આડા કાંન કરતા જાએછે તેમ તેમ હાવી જરૂરીઆત વધારે દીશેછે. આ માટેની માંગની જો આ દેશનાં લોકો ઉપરાશાપરી કરેતો ઈંગલંડનાં શતાવાલાઓ તેનાં ઉપર લખશ આપે ખરા.

(અખબારે સોદાગર—તા૦ ૨૨ મી જુલાઇ ૧૮૭૭.)

ડુંગરવાડીવાલા મુકરદમાનું શેવટ આવીઉંચ અને હવે તે ઉપર વીચાર આપવાની પરજાની નોબત આવીછે. ડુંગરવાડીવાલા મુકરદમા મધે પારશી ટોલાને વધારે લાગતું વલગતું હતું તોએ શઘલી ગણીઆતના લોકોએ આ મુકરદમાં શંબંધી ઈનતેજારી બતલાવીછે અને તે બતલાવામાં કેટલાંક મજબુત કારણોછે. પારશીઓની ધરમ

ના જગીઆએ જુદદીનવાલાઓએ ધશારો કરીઓ અને જે જગીઆ આજ કેટલાં વરશ થાએઆં પારશીઓના ધરમખાતાંના ટરશટીઓના શવાધીનમાં રાખીઆમાં આવેલી તે જગીઆએ બીજા આશામીઓએ દાવો ઉઠાવી ધુશવા માંડીઉં અને તેમ કરતાં કાંઈ બખેડો થાશે એવું ધારીને પોલીશની મદદ મેલવવાની અરજ કરી તથા પાછલથી આ મુકરદમાંને રાએટનું નામ આપી શરકારે આ મુકરદમો ચલાવીઓ. એ શધલું ધીઆંનમાં લેતાં આખી પરજાને આ મુકરદમો અગતનો થાઈ પડીઓ હતો જેનું પરીનામ શરવેને શંતોશ ઉપજાવનારૂ તથા બરીટીશ રાજના ઈનસાફને જેબ આપનારૂં નીપજીઉંછે.

ડુંગરવાડીવાલો મુકરદમો નવ દીવશ શુધી બરીટીશ રાજમાં ઈનશાફ આપનારી ઉંચામાં ઉંચી અદાલતમાં એક કાબેલ નીઆએધીશ અને પંચના બાર ચાલાક મેમબરોની હજુર ચાલીઆ પછી પુરો થાએઓચ જેનું શેવટ એ આવીઉંચ કે આ મુકરદમાં મધે જેટલા આશામીઓ ઉપર રાએટ કરવાના છ અપરાધો મેલીઆ હતા તે છ એ અપરાધોમાંથી તેવોને બરીટીશ ઈનશાફે નીરદોશ ઠેડવી છોડી મેલીઆછે. જુરીએ જે નાટગીલટીની વરડીક આપી તે તુરત મુંબઈ શેહેરમાં વીજલીની પેઠે તેજ ઘડી વશતીના લોકોને જાહેર થાઈ અને શરવે કોઈએ આ વાજબી ઈનશાફ થાએલો જોઈ શંતોશ બતલાવીઓ. શરવે કોઈને મોહોથી એકજ અવાજ નીકલતો હતો અને તે એકે ઈનશાફે શચાઈને ફતે આપીછે, ઈનશાફે દુખીઓની દાદ લીધીછે, ઈનશાફે શખતાઈનો દશત તોડીઓછે, ઈનશાફે પરજાની ધરમ શંબંધી લાગનીને માન આપીઉંછે અને શેવટે ઈનશાફે શવતનતર પણાના પરજા હકનો બચાવ કરીઓછે. ડુંગરવાડીવાલા મુકદમામાં ઈનશાફ અને શચાઈની ફતે થાવાથી શરવે કોઈના જીગર શંતોશથી તાજગી પાંમીઆંછે. આ બનાવની ખુશાલીમાં શેર બજાર તથા ખાં નગી દુકાંનો અને આફીશો બંધ કરીઆમાં આવી. શરવે કોઈ પોતપોતાને મુકાંમે જાઈ તથા દોશત બીરાદરો શાથ મીલાપ કરી આ ફતેની ખુશાલી બતલાવી તથા જરથોશતીઓએ જશનો ઉભાં કરીઆં અને ધરમનાં કાંમો બજાવીઆં. ડુંગરવાડીવાલા મુકરદમાનું શેવટ મુંબઈ શીવાએ જેઆરે શુરત, ભરૂચ, બીલીમોરા, વલશાર, ગનદેવી, પુણા વગરે બીજા શેહેરોમાં જાહેર થાઈઉં તેઆરે શરવેને ખુશી ખુરમી ઉપજી હતી તથા જશનો કરીઆં હતાં અને તે કીરતારની ઈઆરી માટે બંદગીઓ થાઈ હતી.

આ ડુંગરવાડીવાલા મુકરદમા બાબે પરજા મત એવુંછે કે જે આરે જેકબ જમાલ તથા કુવરજી પરાગજી તરફથી મી૦ આરઠર પીલે પોલીશ કમીશનર પાશ પોલીશની મદદ માહી તે વખતે મી૦ શા

ઉટરે તે જગીઆના કબજાન બાબે પુછપરછ કરવી હતી. મી૦ શા ઉટરે જબાંની આપતાં જણાવીઉં કે આ રાએત થાએઆ શુધી તેને ખબર નહી હતી કે આ જગીઆ પારશી પંચાએતના કબજાનમાં છે. મી૦ શાઉટરની આ ગફલતી તેને વધારે ઠપકામાં લાવી ના ખેછે. પરજાની શુલેહની જાલવણી કરનાર દાખલ તેને આ પુછ પરછ કરવી હતી અને જે બીજાઓ તે જગીઆ કબજે લેવા આ વીઆ હતા તેઓને ઈનશાફની રાહે કબજો લેવાની ભલાંમણ કીધી હતે તો આ શીંગમાંથી શરો પેદા થાતે નહી. પરજા મત એવુંછે કે આ મુકરદમાનો જોખમ પરથમ પોલીશ અને પાછલથી શરકારે બીન નાહેક પોતાને માથે ખેંચી લીધો તેને બદલે જેઓને લા ગતું વલગતું હતું તેઓને હાતે ચાલવા દીધો હતે તો રાહાના પાંણી રાહે જાતે અને તેમાં કોઇને ફરીઆદ કરવાનું કારણ રેહેતે નહી તથા ટુકમાં પતી જાતે. પરજા મત એવુંછે કે શરૂઆતથી પોલીશની વરત તુક એવી બતલાવીઆમાં આવી કે ગોએઆ એકની તરફથી બીજા ની વીરૂધ તેઓ આવવા માંગેછે અને એવું બતલાવી બીજાઓને ઉશકેરીઆછે જેનો દોશ તેઓનેજ શર લાગેછે અને આ મુકરદમો જે ફેજે પુગો તેનું કારણબી તેઓનછે. પરજા મત એવુંછે કે એક ખાનગી મુકરદમામાં જો પોલીશે તથા શરકારે માંથું ઘાલીઉં તેમ ન હી કરતે તો આ મુકદમાંનું શેવટ શેજમાં આવી જાતે તથા પારશી જેવા એકમારગી વફાદાર અને શાલેશ ટોલાને બીન નાહેક વેદના શોશવી પડીચ અને આખી કોમના દીલ આજોરદે કરીઆંચ તથા તેઓને માટે નાહેક હજારો રૂપીઆના ખરચનો બોજો નાખીઓચ તે બનતે નહી. પરજામત એવુંછે કે જો પોલીશ કમીશનરે પોતાની શદાની ચંચલાઈ વાપડી શરૂઆતથીજ બંધે તરફની શમાધાંની રાખ તે તો પારશીઓની પવીતર જગીઆએ તે ઘોડેશવાર થઈ ફરી વલી ઓ અને શધરી જેવી પાક જગીઆએ ચહડી ગીઓ અને તેમ ક રીને પારશીઓના આખા ટોલાને દુખ ઉપજાવીઉં અને તે પોતે પ રજાની ગેરમરજીમાં આવી પડીઓ તેવો નાખુશ બનાવ બનતે નહી. પરજા મત એવુંછે કે ડુંગરવાડીવાલા મુકરદમામાં પોલીસે તથા શરકા રે આગેવાંની લેવામાં ખોટતું પગલું ભરીઉંછે, તેઓને ખોટી મશલ ત મલીછે અને એક નજીવા જેવા બનાવને ડુંગર શરીખું રૂપ આ પીઉંછે અને તે ડુંગર શરીખા મુકરદમાને ઈનશાફે એક દમડીનો પ ણ વજન આપીઓ નથી, એ શઘલો ફારશ જો શતાવાલાઓ તરફથી ડાહાપણ ખરચીઆમાં આવતેતો હરગેજ થાઈ બનતે નહી. પરજા મત એવુંછે કે હાઈ કોરટ મધે આ મુકરદમો ચાલતી વખતે શરકાર તરફના જે શાખશીઓ લાવીઆમાં આવીઆ હતા તેમાના ઘણાખ

શઓ ઉલટ પાલટ તપાશમાં લઠરીઆછે અને બંધે પોલીશ કોરટ તથા હાઈ કોરટમાં ફેર જબાંની આપીછે જે ઉપરથી શીધ થાએચ કે જેવું રૂપ આ મુકરદમાને આપીઉં હતું તેવું રૂપ લેવા જોગ આ મુકરદમો હતો નહી. પરજા મત એવુંછે કે બંધવાઓનો બચાવ કરતાં મી૦ આનેશટીએ જે ટીકાઓ કરીઆ હતા તેનો રદીઓ નામદાર નીઆએધીશે જુરીને ચારજ આપતી વખતે કરીઓ હતો અને જેઆરે મી૦ આનેશટી એક જડજ દાખલ હાઈ કોરટમાં બીરાજીઓ હતો તીઆરે તેને ઉથાડી મેલવાને દેશીઓ તરફથી એક અરજી થાઈ હતી તે અરજી મધેનો એક ફકરો વાંચી તેને તાંણો મારીઓ હતો જેમ કરવું એ પરશંગે નીઆએધીશને છાજતું હતું નહી, જો મી૦ આનેશટીએ બેંચને અપમાન આપીઉં હતું તો તેનો જવાબ તથા બેંચનો બચાવ બીજી જોગવાઈએ કરવો હતો પણ જુરીને ચારજ આપવાનાં કાંમને આ બીના શાથ ભેલી નાખવી જોઈતી હતી નહી. પરજા મત હેવુંછે કે ફોજદારી અદાલતમાં મુકરદમાનો વજન કરનાર પંચના મેમબરોની મદદ લીધામાં આવેછે જેઓની હજુર શાખશીઓ લેવાએછે તથા હીમાએતીઓ પોતપોતાના કુલોના બચાવમાં ભાશાનો અને બીજા મુકરદમાઓની શાહાદતો કેહી જણાવેછે. આ મુજબ બંધે તરફની બોના શાંભલીને નીઆએધીશ તે મુકરદમાની બીના અને તેને લગતા ધારાની બારીકીઓ જુરીને શમજાવેછે અને પછી બંધવો ગીલટી ઈઆ નાટ ગીલટીછે તે તપાશવાનું કાંમ જુરીને શોપીઆમાં આવેછે. આ મુકરદમામાં નીઆએધીશે એક પગલું આગલ ભરીઉં હતું અને તે એકે બીના અને કાએદાનો ખુલાશો કરતાં ફલાંનો બંધવો તકશીરવાર થાવો જોઈએ એવી લગાર મજબુતી જુરી ઉપર ઉઠાવી હતી. એક નીઆએધીશને આવી અશર કરવાને કાએદો ગમે તેવી છુટ આપતો હોએ અને તે એ કાંમ ગમે તેવા પવીતર વીચારથી કરીઉં હોએ તોએ જેઆરે નેઆએધીશ બંધવાઓ બાબે આ મુજબ ઈશારો કરે તીઆરે જુરીનું કશું કાંમ રેહે જ નહી. બંધવાઓ નીરદોશછે ઈઆ તકશીરવારછે એવું ઠેડાવવાનો જેઆરે જોખમ જુરી ઉપરજ નાખીઆમાં આવીઓચ તો નીઆએધીશને એવા ઈશારાઓથી જેમ બને તેમ પહરેજ રેહેવું જોઈએ એવું પરજા મતછે. પરજા વીચાર એવોછે કે ડુંગરવાડીવાલા મુકરદમા મધે નવ દીવશ શુધી મુકરદમાની કેફીઅતો, શાખશીઓના જવાબો, હીમાએતીઓની તકરારો તથા નીઆએધીશના વીચારો શાંભલીને ચંચલ જુરીએ પોતાનો અભીપરાએ આપીઓચ તે શાંભલીને બેરદુના લાગતા વલગતા શીવાએ શરવેને પશંદ પડતો અને ઈનશાફને છાજતો આપીઓછે. આ શઘલી વીગતો ધીઆંનમાં લેતાં શેવટે

પરજા મત એવુંછે કે ડુંગરવાડીનો ડુંગર શરીખો મુકરદમો ઈનશાફ ના પવીતર એલમથી ઘશી પડીઓછે.

મુંબઈમાં પરગટ થાતાં શઘલાં દેશી પતરોએ આ મુકદમાને તુછ કારી કાહાડીઓછે. આ મુકદમાં શાથ પોલીશ અને શરકારના શંબંધને નાપશંદ રાખીઓછે, એક વફાદાર ટોલાને નાહેક શતાવીઆમાં આવેઓય તે વોશે નામરજી જણાવીછે અને શઘલી પરકારની દીલશોજી વાજબીની રાહે પારશીઓ તરફ બતલાવીછે. દેશી પતરો શીવાએ મુંબઈ શેહેરમાં તરણ રોજીંદાં ઈંગરેજી પતરો ટાઇમસ આફ ઇનડીઆ, ઈનડીઅન શટેટશમેન તથા મુંબઈ ગેજેટ પરગટ થાએછે તે મધે ટાઈમશ આફ ઈંડીઆએ આ મુકદમામા જે વીચારો આપીઆ એ તેનો શાર હેઠલ આપીએય.

"જેઆરે હરેક કાંમ તેની હધની બાહેર લેઈ જવામાં આવેય તીઆરે જે ભુલથાપ ખાવી પડેય તેનો આ મુકદમો એક અછો દાખલો આપેછે. અગર આ મુકદમાને તેના રાહાશર ચાલવા દીધો હુતેતો તેનો માજીશટરેટની કોરટમાંજ ટુકમાં નીવેડો આવી જાતે. નીઆએધીશે પોતે જણાવેઉંય કે આ મુકદમો દમ શરખો નહી હુતો અને તે માજીશટરેટની અદાલતમાં ચુકી શકતે. આ મુકદમો પબલીક પરાશીકીઉટરને અશતક શોપીઆમાં આવીઓ એ હધથી બાહેર જાવા શરીખું થાએઉંછે, જે જગીઆએ બખેડો થાએઓ તે જગીઆ પરના દરએક માંણશને પકડવાનો હોકમ પોલીશ કમીશનરે આપીઓ એ પણ હધથી બાહેર જાવા શરીખું થાએઉંછે, ઘોડેશવાર થાઈ ધરમની જગીઆએ તે (પોલીશ કમીશનર) ચહડી ગએઓ એ પણ હધથી બાહેર જાવા શરીખું થાઈઉંછે, તથા શીતેર માણશોને બેરીઓ ડોકી મોટી શરમીંદગી શાથ રશતેથી ચલાવી લેઈ ગએઆ એ પણ હધથી બાહેર જાવા શરીખું કાંમ થાએઉંછે. બંધવાઓ તરફના મુખીઅ હીમાએતી (મીo આનેશટી) ઉપર પોતાનો બચાવ કરવાના અવેજમાં જે નીઆએધીશે તાનાજાની કરીય તે વખતને અનુશરે પશંદ કરવા જોગ નથી. પારશીનું ટોલું ઉપલી જગીઆએ કેમ આવેઉં એવા શવાલના ઉતરમાં ખુલો જવાબ મલેય કે કેટલાક માંણશો એ ઘણી જહડફ બતલાવી એ જગીઆએ એક ચેહેલી અને તંબુ ઉભો કરીઓ કે જે લોકો મીo જશટીશ ગરીનના વીચાર મુજબ બીજાના કબજાનવાલી જગીઆએ ઘુશનારા હતા અને તેઓને ખાતરી મલી હતી કે શુલેહનો બચાવ કરવાના નાંમથી તેઓને આ કાંમમાં મદદ આપીઆમાં આવશે. આ મુજબ ઘુશતાં બખેડો થાશે એવું ધારીને કુંવરજી પરાગજી અને જેકબ જમાલના સોલીશીટરે પોલીશ કમીશનરને આ બાબેની ખબર આપી અને તે મુજબ તેને પોલીશ

ની મદદ થાઈ જેઆરે આ શોલીશીટરે આ બાબેની મદદ માંગી તે આરે તેને પોલીશ કમીશનરને ખબર આપેલી હોવી જોઈએ કે જે જગીઆએ તેઓ ઇશારો કરેચ તે જગીઆ બીજાના કબજાનમાંછે. એકબારગી કમીશનર મુંબઈથી અનજાણ હતે અને નવોશવો આવેલો હતે તોએ તે ઉપલી અરજ ઉપરથી શમજી શકતે કે આ જમીન કોઈ બીજાની હોવી જોઈએ. કમીશનરે તેને આ મુજબનો જવાબ વાલવો જોઇતો હતો કે—"તમારા બોલવા મુજબ આ જગીઆ બીજાના કબજાનની હોવી જોઈએ માટે હું વચે પડવા ના પાડુછું કારણ કે એથી શુલેહનો બીગાડ થાશે. કાએદાશર તમો હોકમનામું મેલવો અને તેઆરે હું તમોને મદદ કરશ." શઘલી બાબદ ધેઆંનમાં લેતાં પોલીશ કમીશનરે ઘણી ઠપકા લાએક ભુલ કરીછે."

(અખબારે સોદાગર—તા૦ ૨૭ મી જુલાઇ ૧૮૭૩.)

ડુંગરવાડીને લગતા મુકરેદમાના શંબંધમાં હાલ પોલીશની વરતનુક ઉપર પરજાનુ ધીઆંન ખેંચાઈઉંછે, જે બાબે શનાવાલાઓને વાકેફ કરવાની ઘણી જરૂરછે. પરજા મત એવુછે કે જો પોલીશ કમીશનર શુલેહની જાલવણી કરનાર એક અમલદાર દાખલ શારૂ દાહાપણ ખરચીઉં હતેતો ડુંગરવાડીના મુકરદમા શરીખો કેશ હશતીમાં આવતેજ નહી. જેઆરે કુવરજી પરાગજી તથા જેકબ જમાલ તરફથી પોલીસ કમીશનરને અરજ કરીઆમાં આવી કે તેઓ ડુંગરવાડી તરફની કેટલીક જગીઆ પોતાને કબજે લેવા જાએચ તીઆરે પોલીશ કમીશનરે તે બાબેની પુછપરછ કરી ચોકાશી કરવી હતી કે એ જમીનતુ માલેકપણું તે વખત કોણ ધરાવેછે ઈઆને તે જમીન કોણૂના કબજાનમાંછે. જેઆરે એક આશામી અરજ કરે કે ફલાની જગીઆ હમો કબજાનમાં લેઈજીએચ તો તે ઉપરથી શવાલ કરીઆ વીના શીધ થાએચ કે તે જગીઆ બીજાના કબજાનમાં હોવી જોઈએ. આ પરમાંણે બીજાના કબજાનની જગીઆ એક તરફ વાલાઓ લેવા આવીઆ અને તેબી ઈનશાફની કાંઈબી મદદ વીના તો પોલીશે આ બાબદ વચે પડવું હતું નહી પણ ઓર કુવરજી પરાગજી તથા જેકબ જમાલની ટોલી વાલાઓને ચેતાવવું હતું કે લાંબી મુદતના કબજાનવાલી જગીઆ તમો કોઈબી પરકારના આધાર વીના લેવા આવીઆચ એ ખોટુંછે. એથી શુલેહનો બીગાડ થાશે અને તેના પરીનામના જવાબદાર તમોને રાખીઆમાં આવશે. આ મુજબ બંધે પખશથી અલગ રેહેવાથી શુલેહનો બીગાડ થાવો ઘણો મુશકેલ હતો.

મુંબઈની પોલીશ બાબે પરજા મત એવુછે કે તેમાં શુધારો કરવા ની જરૂરછે. પોલીશ કમીશનર મી૦ શાઉટર એક ચાલાક અને ધુંધી અમલદારછે, હાબલની વખતે તથા જાંહાં ખરેખર બખેડો થાએઓ હોએ તીઆં અને તેવે શમે તે એક અછો અમલદાર ની વડી આવે. જે શેહેરમાં બેદીલ અને નારાજ થાએલા લોકોની વશતીનો શુમાર મોટો હોએ તાંઆં મી૦ શાઉટરની અછી શેવા બજાવનાર અમલદાર થાઈ પડે. એવા બેદીલ શેહેરમાં હેવા ધર પકડીઆ અને તીખા શવભાવના અમલદારની ઘણી જરૂરછે. એવા શેહેરમાં દાબદબાવ અને પોલીશનો તહરાશ ફેલાવવાની અગતછે પણ મુંબઈ જેવાં શેહેરમાં એવી પોલીશની તથા એવા પોલીશ અમલદારોની અગત નથી. એક નવાં તાબા કરેલાં શેહેરમાં કે જાંહાં રાજ કરતાની શતા ઓશતવાર કરવી હોએ તથા બેદાલ આશામીઓને કબજાનમાં રાખવાં હોએ તીઆં આવી તહરાશવાલી પોલીશ કશા ઉપીઓગમાં આવી શકતી નથી પણ ઓર એથી કોઈ વખત માઠાં પરીણાંમ નીપજાવાની ધાશતી આપેછે. મુંબઈ શેહેરમાં રાંક લોકોની વશતીછે, હીંદુશથાંનનુ પશચીમ તરફનુ તે પાએતખત શેહેર કેહેવાએછે, હીંદુશથાનમાં મુંબઈ હાલ પેહેલા વરગનુ બંદર અને વેપારનુ સથલ ગણાએછે જાંહાં પારશી, હીંદુ, મુશલમાંન, ખોજા, ભાઠીઆ, વાંણીઆ, વગેરે ઘણીક ગણીઆતનાં લોકો શુલેહ શંપજ અને શબુરીથી રેહેછે તથા ધંધા રોજગાર વેપાર વનજના કામમાં મશગુલ રેહેછે તેવાં શુલેહ ભરેલાં શેહેરમાં રેહેનારાઓને તહરાશ અને ધાશતી ઉપજાવે એવી પોલીશ રાખવાનુ કશુ કારણ નથી. આવા શાલેશ, એકમારગી અને શંતોશી રેહેવાશીઓથી ભરેલા શેહેરમાં પોલીશ ખાતું એવા ઢપથી રાખવું કે જેથી શુલેહનો બચાવ થાએ, જાન માલની શલામતી રેહે તથા અપરાધોનો ઘટાડો થાએ. મુબઈ જેવાં શેહેરમાં પોલીશને માથે એવો દાહેઓ અને ચાતુર હાકેમ હોવો જોઈએ કે આવા બારીક શમેમાં શંઘલા શંજોગો ધીઆનમાં રાખીને શુલેહની જાલવણી કરે તથા કોઈમી અવીચારી મારગ પકડીને રાંક રેહેવાશીઓને શતાવે નહી. મી૦ શાઉટરે આ બાબદમાં જે ભુલ ભરેલો મારગ લીધોચ તે માફ થાઈ શકે એવો નથી અને ફરીને આવી ભુલથાપ કરીઆમા આવે નહી તે માટે બંદોબશત થાવો જોઈએછે.

શરકાર અને રઈએત વચે મીતરાચારીનો ગાંઠ ઓશતવાર થાએ તથા દેશની આબાદી માટે પરજા અને શરકાર એકબીજાની મદદથી ઘટતા ઉપાએઓ લીએ એવું જોવાને શરવે દાનેશમંદ લોકો આતુરછે. આ વીચાર ફતેમંદી શાથ પાર ઉતારવાને તથા

શરકાર અને પરજાના શંબંધ વચેના એખલાશમાં જરાએ ફુટ પડે નહી તે માટે દરએક સરકારી અમલદારે શાવધ રેહેવું જોઇએ છે, માટે જે અમલદારો અવીચારીપણાથી તથા ભુલથાપથી વફાદાર અને રાંક રઇએતના દીલ દુખાવે તથા તેઓના ધરમ શંબંધી લાગતીને ખેજાલત પુગાડે તેવા અમલદારોની જરૂર ખબર લેવી જોઇએછે. આવા અમલદારોને હાથે રઇએતના લોકો શરકારના કામને જુલમી ગણે તથા તેઓની વાજબી દાદ નહી લેનારી ઠેડવેતો તેવા અમલદારોના હાતમાંથી જોખમ ભરેલા હોધા છીનવી લેવા શજાવારછે.

મી૦ શાઉટર એક ધુંધી અમલદારછે પણ તેણે આ બનાવની જબરી ભુલ ખાધીછે તથા દાહાપણ ભરેલા વીચારોની ખામી બતલાવીછે. દર શાલ તાબુતને ટાંકને હલકા વરગના મુશલમાન, શીધી, કામાટી વગરે લોકો ફીશાદ મચાવેછે અને પોલીશને મેહેનત આપેછે. બીજા વરશની વાત ઉપર મુશલમાન, હોરા અને મોગલોની વચે મોટી મારામારી થાઇ હતી તથા કેટલાકોના માથાં ફુટાં હતાં તેવે શમે મી૦ શાઉટરે એ ગણીઆતના આગેવાન ધરશથોને બોલાવી તેઓને પોતપોતાની ગણીઆતમાં બંદોબશત રાખવાને શમજાવીઆ હતા તથા શુલેહથી કામ લીધું હતું તો આ વખતે મી૦ શાઉટરે આવો શુલેહ ભરેલો મારગ લેતાં કેમ અટકી પડીઓ એ પરજાના લોકોને અજબ શરીખુ લાગેછે. મી૦ શાઉટર કાંઇ મુંબઈની પોલીશને માથે નવોશવો આવીઓ નથી. તેને પોલીશના કમીશનર દાખલ મુંબઈની રાંક વશતીમાં રેહેઆને આજ ઘણા વરશ થાએઆંછે. અલબત તે મુંબઈની પરજાથી તથા તેઓના કામથી તથા તેઓના શંબંધથી વાકેફ હોવો જોઇએ માટે એવો કસાએલો અમલદાર આવી મોટી ભુલ કરે અને રાંક તથા વફાદાર ટોલાના લોકોને નાહેક શતાવે તથા તેવોની ધરમ શંબંધી લાગણીને દુખ દીએ એ ઘણું દલગીરી ભરેલુંછે, અને આશા રાખીએચ કે જો અતરેથી દુખી થાએલા લોકોને દાદ નહી મલશેતો એથી ઉંચા દરજાના અમલદારોને હાથે ઇનશાફ મલીઆ વીના રેહેનાર નથી. શરવે ગણીઆતના લોકો છેલી ધરીનો આશાએશની જગીઆને શઉથી પવીતર તથા વાહાલી ગણેછે. આવી જગીઆને કોઇબી રીતે અપવીતર થાએલી જોવાથી તેઓને મોટો ખેદ તથા શંતાપ ઉપજેછે. આવી એક પવીતર જગીઆએ ધશારો થાએઓ તથા પાક જગીઆને અપવીતર કરીઆમાં આવી એથી પારશી ટોલાને મોટી ગમગીની ઉપજીછે માટે આવી એક બારીક બાબદમાં ગફલતી બતલાવીઆમા આવશેતો તે માફ થાવા જોગ નથી.

નામદાર નીઆએધીશે જુરીને ચારજ આપતી વખતે જણાવીઉ હતું કે આ મુકરદમા શાથ જે પોલીશની બાબદછે તે ઉપર ધીઆંન આપવું નહી. પોલીશે જાશતી ભરેલા ઈલાજો વાપડીઆ હોએ તે શવાલને આ બાબદશર લાગતું વલગતું નથી. હાલ પોલીશની તપાશ કરીઆમાં આવતી નથી પણ પીજરાં મધેના બંધવાઓ ડંગો કરવાના અનેઆએશર તકશીરવારછે કે નહી તે બાબે વીચાર પુગાડવોછે. નામદાર જડજે બેંચ ઉપરથી આવા વીચારો આપીઆછે જેને હમો પુરતુ માન આપી જણાવીએચ કે તે વીચાર પરજામતને બંદબેશતા આવીઆ નથી. જુરી વટીકે પોલીશની વરતનુકને ધીઆન ઉપરથી ખીશાડી નથી જે બીના પરજામતને મલતી આવીછે. નામદાર નીઆએધીશે જણાવીઉચ કે અતરે કાંઈ પોલીશની વરતનુકની તપાશ કરવી નથી તેમ એ પરશંગે પોલીશને કાંઈ પીજરામાં ઉભી કરી હતી નહી એ ખરી વાત તથા નામદાર નીઆએધીશના વીચાર મુજબ એકબારગી ઈનશાફે પણ તેઓની વરતનુકની ખબર લીધી નથા તો એ પરજામતે તેઓની અછી ખબર લીધીછે. પોલીશે નીઆએના પીજરામાં દેખાવ કરીઓ નથી તોએ પરજામતના કાટલામાં તેઓની વરતનુકનું તોલ થાઈઉછે તથા તે વરતનુકની લાએકી મુજબનુ દામ પરજામતથી અપાઈઉછે.

સેવટે હમો શતાવાલાઓને ભલામણ કરીએચ કે મી૦ શાઉટરને હાલના હોધા ઉપરથી દુર કરી બીજા શેહેરની પોલીશની ઈઆ કોઈ બીજા હોધાની અમલદારી આપવી. અગર શતાવાલાઓ તેમ કરવાને નારાજી હોએતો મુંબઈ શેહેરના રેહેવાશીઓની એક જાહેર શભા બોલાવી એક અરજી શતાવાલાઓને કરવી અને તે મધે પોલીશખાતાં બાબેનુ પરજામત જાહેર કરવું. હમો ધારીએચ કે શરવે ગણીઆતના લોકો પોતાના ધરમના મુકામોની પવીતરાઈ જાલવવા ખાતર તથા પોતાનું શવતનતરપણું શંભાલવા માટે આ કામમાં મોટી ખુશી શાથ શામેલ થાશે. એકજ અમલદારને પોલીશ કમીશનરના હોધા ઉપર ઘણા વરશ શુધી રાખીઆને બદલે થોડે થોડે વરશે ફેરબદલી કરીઆમાં આવેતો બેહેતર પડે. શતાવાલાઓને બીજી ભલામણ એ કરીએચ કે ચોપાટી, વાલકેશર તથા માલખશમી લતાના પોલીશના શુપરીનટેનડેંટ ઈનશપેકટર તથા પોલીશના જમાદાર, હવાલદાર અને શીપાઈઓ કે જેઓને ડુંગરવાડી વાલા મુકરદમા શાથ શંબંધ હતો તેવોને તેજ હધ ઉપર રાખવા વાંધા ભરેલુછે, માટે સુલેહની જાલવણી ખાતર હમો શતાવાલાઓને ભલામણ કરીએચ કે તેવોને બીજા ડીવાજનમાં ફેરબદલી કરવી.

(ગુજરાત મીતર—તા૦ ૩ જી આગસટ ૧૮૭૩.)

હાંલ પારશીઓના દોખમાને લગતા કેશનો જરાએ શંદેહ વગર
વાજબા અને અદલ ઈનસાફનો નીવેડો આવયોછે. એવું ચોમેરથી
થું વરતમાન પતરોમાં કે-પરજામાં બોલાય છે. જેઓના મનને ટેકો
આપવામાં તે કેશનો હેવાલ સારીપેઠે વાંચી જોતાં મુંબઈ ગેજેટની મીશાલે
એ હેમક બનવાનું કામ નથી, એ કેશ પારશીઓના તરફેણમાં ઉતરવાનો
ખરો સબબ એટલોજ છે કે, તેઓ એકતો ખરા "નાટ ગીલટી" હતા,
તથા તેઓના એકસંપને લીધે, તથા પેલા પરખયાત બારીસટર મી૦
એનેશટી અને કેટલાક બીજાઓ હતા, તેથી તેમને જોઈતો ઈનસાફ
મલી ચુકયો છે. અને હાલ એ કેશ પુરો થવાથી જગો સંબંધી બા
બદનું કામ દીવાની કોરટમાં સરૂં થયું છે. જેને વીશે નીવેડો આ
વયા આગમચ મુંબઈ ગેજેટની મીશાલે બેસમજ બનવાનું કામ અ
મારી પાશે નથી—વળી પરજાની બતરીશી હેઠલ પોલીશના ઘણાખરા
આદમીઓની ઘણીએક અણગમતી ચાલચલણોથી એક સઉથી હલકા
માં હલકું ખાતું ગણાઈ જશે! અને તે જે સઘળી બીનાઓ પોલીશનું
નામ સાંભળતાંજ મનમાં વશવશો ઉતપન થાય છે તે હાલ મુંબઈની
પોલીશે આ કેશમાં પોતાને છાજતા ભપકામાં (!) કેવો દેખાવ કરી બ
તલાવયો છે તે આ સાબેતી બશછે. એવી તેમની બેવકુફી ભરેલી વ
રતણુંકથી મુંબઈના તેમજ બીજા કેટલાક દેશાવરોના વરતમાન પત
રોમાં ઉપરાસાપરી ફરીઆદો ચાલી રહી છે. જયાંસુધી કે મી૦ સા
ઉટર જેવા કમીશનરને બીજી જગાએ ખશડવા વરતમાન પતરોની તે
મજ તેની ચાલને માટે થતી અરજીઓપરનો ભલામણ ગવરમેંટ કાંન
પર નહીં લે તયાં સુધી વરતમાન પતરોનો બકારો નરમ પડવો મુશકે
લ જણાય છે. તેમજ પરજાનો બકારોબી નરમ જણાવાનો નથી.
પરજાના તેમજ મુંબઈ ગેજેટ જેવા એકથી વધારેવાર માંફ માગીને
હલકાં પડેલાં અને એ ખુશામતીયાં પતરને મરણમાં ગણીને બીજા
સઘલા રાસતી સખુનના બોલનારાઓને મલતા આવી નામદાર સર
કારને ભલામણ કરીએ છીએ કે, મી૦ સાઉટરને એ જગો ઉપરથી ખ
સેડવો જોઈએ. એ જગો અંતે આટલું બોલી અમો ખુલી રીતે ગ
વરમેંટને કાંને વાત નાંખીએ છીએ કે, કદાચ તેની એવી સજડ ખા
ધેલી ગફલતીને માટે માંફીબી મંગાવા ઈછીઉ હોયતો, તે અતરેના એક
અમલદારની મીશાલે પારશીઓનો કટો શતરૂ થઈ પડવાનો! અને
એથી વધારે વશવશા ઉતપન થશે એમાં કશો શંદેહ નથી, માટે સ
સઘલા વરતમાન પતરોના અને પરજાના અવાજને મલતા થઈ અ
મારી આ અશરકારક બીના કાનપર લેવી જોઈએ છે—પછીતો ગવર
મેંટની જેમ મરજી.